નમો જિણાણં ।

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈનગ્રંથમાળા

પુષ્પ ૩૯ મું

આત્મતત્ત્વવિચાર

[બીજો-ભાગ]

વ્યાખ્યાતા :

દક્ષિણદીપક દક્ષિણદેશોદ્ધારક જૈનાચાર્ય

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

*

સંગ્રાહક :

કવકુલતિલક શતાવધાની પૂજ્ય પંન્યાસ

શ્રી કીર્તિવિજયજી ગણિ

સંપાદક :

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

સા. ક.

પ્રકાશક :
બી. બી. મહેતા
શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર, ૬ એસ લેન,
દાદર (વેસ્ટર્ન), મુંબઈ નં. ૨૮

Serving JinShasan
039861
gyanmandir@kobatirth.org

બીજી આવૃત્તિ ૨૦૦૦
વિ. સં. ૨૦૧૮ : ઈ. સ. ૧૯૬૨

મૂલ્ય :

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર (કોબાતીર્થ) જૈન આરાધના કેન્દ્ર કોબા

મંગલ પાથેય

લેખક : વિદ્વદ્વર્ય શાંતમૂર્તિ
પૂ. પંન્યાસ શ્રીકનકવિજયજી ગણિવર

પ્રખર પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણ-સૂરીજી મહારાજશ્રીનાં આત્મા પરનાં પ્રવચનોનાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનો "**આત્મતત્ત્વવિચાર**" ભાગ-૧ તથા-૨ આત્માર્થી જીવોને જરૂર વાંચવા જેવા છે. ક્રાઉન ૧૬ પેજી ૪૯૪ પેજનો પ્રથમ વિભાગ તથા ક્રાઉન ૧૬ પેજી ૪૯૪ પેજનો બીજો વિભાગ એવા દળદાર ગ્રંથને હાથમાં લેતા જ બાહ્ય દૃષ્ટિએ અવશ્ય ગમી જાય તેમ છે. ને અંદર-અભ્યંતર વિષયો તરફ દૃષ્ટિપાત કરતાં બન્ને ભાગોમાં આલેખાયેલ વિષય ખૂબ જ મૌલિક, તાત્ત્વિક તથા રસપ્રચુર છે. આત્માને અંગે તો આમ ઘણું ઘણું લખાયું છે, બોલાયું છે. ભારતના આસ્તિક દર્શન-કારોએ આત્માને જ મધ્યગત રાખીને, કેન્દ્રસ્થ રાખીને, અનેક તાત્ત્વિક ચર્ચાઓ કરી છે. ખરી રીતે આત્મતત્ત્વ સિવાય કોઈ પણ તત્ત્વની વિચારણા સુસંવાદી તથા સંગીન બની શકતી નથી, માટે જ વેદ-પુરાણો-ઉપનિષદોનો એ જ સૂર છે કે આત્માને જોવો, સાંભળવો, માનવો ને સમજવો. "જે એગં જાણઇ સે સવ્વં જાણઇ" જે એકને જાણે છે-આત્માને જાણે છે, આત્માના યથાર્થ સ્વરૂપને જાણે છે, તે જ સર્વને જાણે છે, આ જૈન દર્શનનો આદર્શ છે. આ આત્મ-તત્ત્વની યથાર્થ વિચારણા ઝીણવટભરી હોવા છતાં સળવી શૈલીમાં, સરળભાષામાં, સર્વ કોઈને ગ્રાહ્ય થઈ શકે તેવી રીતે આ ગ્રંથોમાં

ખૂબ જ હૃદયંગમ પદ્ધતિથી દલીલો, દૃષ્ટાંતો તેમ જ વિસ્તારથી સૂક્ષ્મેક્ષિકાપૂર્વક રજૂ થઈ છે.

પ્રથમ ભાગમાં ૨૩ પ્રવચનો પ્રસિદ્ધ થયાં છે ને બીજા ભાગમાં પણ ૨૩ પ્રવચનો પ્રગટ કરાયાં છે. આવા અલ્પસંખ્યક પ્રવચનોમાં થયેલ સંગ્રહ સૌને મનન-ચિંતનપૂર્વક વાંચવા જેવો છે. એનાં વાંચનથી આત્માનાં અસ્તિત્વની વિચારણાથી માંડી આત્માનું સ્વરૂપ અને તેની અખંડિતતા, તેની સંખ્યા, તેની મહત્તા, તેની સર્વજ્ઞતા, તેની શક્તિ ને તેનામાં રહેલું સુખ, તેની સૂક્ષ્મ–તાત્ત્વિક હોવા છતાં સાત્વિક વિચારણા ગંભીર છતાં હળવી ભાષામાં અહીં પ્રથમખંડમાં પ્રસિદ્ધ થયેલી છે. પાને પાને દલીલો, દૃષ્ટાંતો અને ઝીણવટભર્યું ઊંડાણ આપણને અહીં મળી રહે છે. પુસ્તક વાંચતાં જાણે આપણે પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનાં સ્વમુખે જ વ્યાખ્યાન સાંભળતા હોઈએ તે શૈલીએ પુસ્તકના વિષયોને સંકલિત કરીને સંપાદિત કરાયા છે. આ માટે **સંગ્રાહક** શતાવધાની પંન્યાસજી મહારાજશ્રીનો પરિશ્રમ પ્રશંસા માંગી લે છે. તદુપરાંત **સંપાદકનો** પરિશ્રમ પણ અવશ્ય ઉપકારક છે. આત્મતત્ત્વની વિચારણા આજે સર્વત્ર ભૂલાઈ ગઈ છે. તેનાં જ કારણે આજે જગતમાં અનેક પ્રકારના વૈર, વિખવાદ, કલહ, કલેશો, અનીતિ, અત્યાચારો તથા હિંસા, ક્રૂરતા અને અશાંતિનાં નિમિત્તો વધતાં જ ચાલ્યાં છે. આ જ કારણે પ્રથમ ખંડમાં રજૂ થયેલી આત્મતત્ત્વની વિચારણાની સાથોસાથ પુનર્જન્મ અને જૈન દર્શનનાં ૬ દ્રવ્યો, જીવાદિ નવતત્ત્વોનું સ્વરૂપ ટૂંકમાં પણ સારગ્રાહી પદ્ધતિએ જે સંકલિત થયેલ છે, તે એક વખત અવશ્ય વાંચવું જરૂરી છે. ને એમાંથી સૌ કોઈને સુંદર બોધ ને સદ્વિચારનું **મંગલ પાથેય** પ્રાપ્ત થશે. જીવનોપયોગી ઘણી ઘણી વાતો આ પુસ્તકોનાં વાંચનમાંથી અવશ્ય મળી રહે તેમ છે. બાલ કે યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ દરેકને, વિદ્વાન કે અજ્ઞાન પ્રત્યેકને, આમાંથી સમજવા જેવું, જાણવા જેવું ને ગ્રહણ કરવા જેવું ઘણું ઘણું છે. વિષયોનું પ્રતિપાદન દુર્બોધ્ય થાય તેવી શૈલી નથી, પણ સરલ શૈલી છે. દૃષ્ટાંતો પ્રસિદ્ધ–

અપ્રસિદ્ધ અનેક છે. દ્રવ્યાનુયોગથી માંડીને ચારે અનુયોગનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

બીજા ખંડમાં જૈન દર્શનના કર્મવાદનું વાસ્તવિક સ્વરૂપ સંકળાયું છે. જેમ પ્રથમ ખંડમાં આત્મા જેવા ગહન પદાર્થને સરલ કરીને પ્રવચનકાર જાણે આપણી સામે તેઓ વાત કરતા હોય તેમ સમજાવ્યું છે, તેવી જ રીતે આત્માનાં સ્વરૂપને સમજવામાં જેનો મહત્ત્વનો હિસ્સો છે, તે કર્મવાદનું તત્ત્વજ્ઞાન આ બીજા ખંડમાં ખૂબ વિશદ શૈલીમાં નિરૂપિત કરવામાં આવેલ છે. કર્મનું સ્વરૂપ, કર્મની શક્તિ, કર્મબંધનાં કારણો અને કર્મના પ્રકારો ઇત્યાદિ તાત્ત્વિક હકીકત અહીં ઘણી રસમય ભાષામાં હળવી શૈલીએ રજૂ થઈ છે. જૈન દર્શનનું કર્મ વિષેનું તત્ત્વજ્ઞાન આ રીતે પ્રવચનોમાં મૂકવું એ પણ પૂ૦ વ્યાખ્યાનકાર આચાર્ય મહારાજશ્રીની વકતૃત્વશક્તિની વિશિષ્ટતા તથા તેઓશ્રીની નિરૂપણપદ્ધતિનું અપૂર્વ કૌશલ્ય દર્શાવે છે. ત્રીજા ખંડમાં ધર્મતત્ત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ રીતે આત્મા, કર્મ તથા ધર્મતત્ત્વની વિચારણાના આ સર્વજનોપયોગી ગ્રંથો સર્વ રીતે લોકોપકારક જૈન–જૈનેતર પ્રજાસમક્ષ જૈનદર્શનને વિશદ શૈલીએ સમજવા માટે અનુપમ અદ્વિતીય ગ્રંથરત્નો છે. તેઓશ્રીની વિદ્વતા અગાધ હોવા છતાં અહિં તેઓ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ–કરણાનુયોગ તથા ધર્મકથાનુયોગ એમ જૈન શાસનના ચારેય અનુયોગોને જે રીતે સરલ, સ્વચ્છ, બાલ તથા લોકભોગ્ય શૈલીએ રજૂ કરે છે, તે તેઓશ્રીનાં હૃદયમાં રહેલી સર્વજન હિતાવહની મંગલ ભાવનાનું મૂર્તિમંત પ્રતીક છે. સમગ્ર રીતે જોતાં અહિં બે ભાગમાં જે જે વિષયોનું નિરૂપણ થયું છે, તે તાત્ત્વિક હોવા છતાં કેવું હળવું, અને કેવું સરસ, સરલ અને મનનીય રીતે થયું છે, તે ખૂબીની વાત છે. આ બન્ને ભાગો આ દૃષ્ટિએ સાહિત્યજગતમાં રત્નસમા છે, જૈનશાસનને તેમ જ જગતને જાણવા માટે માર્ગદર્શક ભોમિયા છે ને ગાગરમાં સાગરરૂપે સમસ્ત વિશ્વનાં તત્ત્વજ્ઞાનનો ખજાનો છે. દૃષ્ટાંતોથી પુસ્તક સભર છે. પ્રાચીન તથા અર્વાચીન દૃષ્ટાંતો વાંચતાં

પ્રવચનકારશ્રી વર્તમાન દુનિયાના પ્રવાહથી–વિશ્વના વર્તમાન રાજકારણથી માંડી દરેક વિષયો વિષે તલસ્પર્શી જ્ઞાનમાહિતી ધરાવે છે, તે સમજી શકાય છે. એકંદરે આવા સર્વસંગ્રહ–આકરરૂપ આ ગ્રંથરત્નોમાં પ્રસિદ્ધ થયેલાં આ પ્રવચનો એટલે પૂ૦ પ્રવચનકારશ્રીનો અતુલ બુદ્ધિવૈભવ, અગાધ જ્ઞાનગાંભીર્ય તથા અનન્ય જનહિતકરવૃત્તિ એ ત્રણેયનો સુભગ છતાં વિરલ સંયોગ જ કહી શકાય. તે સંયોગને આ રીતે સહજ બનાવી સદા જનકલ્યાણની ભાવના જેઓમાં ઓતપ્રોત રહી છે, તે સંગ્રાહક શતાવધાની કવિકુલતિલક પંન્યાસજી મહારાજે ભારે પરિશ્રમ લઈને જે પોતાની શક્તિઓનો સદુપયોગ કર્યો છે, તે માટે સમાજ તેમનો ઉપકાર કદી ભૂલશે નહિ; તે જ રીતે સંપાદક મહાશયે સંપાદનકાર્યમાં જે ચીવટ, ધૈર્ય અને ખંત રાખી કાર્યને સાંગોપાંગ પાર પાડ્યું છે, તે પણ અવશ્ય લોકોપકારક છે.

અંતમાં આ પ્રસિદ્ધ થયેલ બે ભાગો જે સાહિત્યક દુનિયાનાં ઉત્તમ ગ્રંથરત્નો ગણાય એવાં છે, તેને આત્માર્થી જીવો વાંચે, વંચાવે ને વિચારે અને સર્વ કોઈને આત્મતત્ત્વવિચારમાં રસ લેતા કરી આત્મ-તત્ત્વના યથાર્થ જાણકાર બની, પરમાત્મપદને પ્રાપ્ત કરે, એ જ..... મંગલ ભાવના.

વિ. સં. ૨૦૧૭,
માગશર વદિ ૧૦ (પોષદશમી).

વિષયાનુક્રમ

બીજો કર્મખંડ

(ચાલુ)

વ્યાખ્યાન	વિષય	પાનું
ચોવીશમું	**કર્મનો ઉદય**...	૩
	કર્મો બંધાતાં જ રહે છે.	૩
	કર્મ તરત ઉદયમાં ન આવે, ...	૩
	આત્માને આઠે કર્મનો ઉદય હોય છે.	૪
	અબાધાકાળ	૬
	સત્તામાં પડેલાં કર્મમાં ફેરફારો થાય છે. ...	૭
	ઉદયમાં આવતું કર્મ શી રીતે ભોગવાય છે ? ...	૮
	દ્રવ્યાદિ પાંચ નિમિત્તો	૧૦
	કર્મને કોઈની શેહ અડતી નથી.	૧૧
	કર્મની અસર અનાદિ કાળથી છે.	૧૧
	ઉદયકાળની અસરો...	૧૩
	સનાતન નિયમ	૧૫
	પ્રબળ પુણ્યોદય પર શેઠની વાત	૧૬
	જો પુણ્ય પરવાર્યું હોય તો	૧૯
	પાપના ઉદય વખતે...	૧૯
	હિતશિક્ષા..	૨૨
પચીશમું	**કર્મની શુભાશુભતા**	૨૪
	આત્મા પર કર્મની અસર થાય છે.	૨૪
	અને આત્માની અસર કર્મ પર થાય છે. ...	૨૫

વ્યાખ્યાન	વિષય	પાનું
	કર્મપ્રકૃતિમાં શુભાશુભનો વ્યવહાર	૨૫
	શુભ કેટલી? અશુભ કેટલી?	૨૬
	ચાર ઘાતીકર્મની ૪૫ અશુભ પ્રકૃતિઓ ...	૨૭
	કુબેર શેઠની વાત...	૨૮
	અઘાતી કર્મની ૪૨ શુભ અને ૩૭ અશુભ ...	
	પ્રકૃતિઓ	૩૨
	સોનાની પાટે મચાવેલો ઉત્પાત	૩૩
છવ્વીશમું	**કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા (૧)**	૪૩
	મીઠાના થોડા સ્વાદ ખાતર પ્રાણ ગુમાવનાર શ્રીમંતપુત્ર	૪૭
	કર્મબંધનાં કારણો અનાદિકાલનાં છે.	૫૦
	કારણોનો ક્રમ સહેતુક છે.	૫૦
	પહેલું કારણ મિથ્યાત્વ	૫૧
	અંગારમર્દકસૂરિનો પ્રબંધ	૫૨
	મિથ્યાત્વ અને સમ્યક્ત્વ	૫૫
	સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાત્વની કરણીમાં ફેર શું? ...	૫૬
	બે પ્રકારનું સમ્યક્ત્વ	૫૭
	બંધન અને મુક્તિનું કારણ મન છે.	૫૮
	યુક્તિથી ચોરને પકડનાર શેઠની વાત	૬૦
	મિથ્યાત્વને દૂર કરો.	૬૧
સત્તાવીશમું	**કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા (૨)**	૬૩
	વિરતિનો અર્થ	૬૩
	અવિરતિને છોડવાનું કારણ...	૬૪

વ્યાખ્યાન	વિષય	પાનું
	પાપ કરવાની છૂટ એ પણ ગુનો	૬૬
	ત્રણ પ્રકારના પુરુષો	૬૭
	પાપથી દુઃખ અને પુણ્યથી સુખ	૬૮
	વિરતિના બે પ્રકારો	૬૮
	પાપવૃત્તિ પર ભીખારીનું દૃષ્ટાંત	૭૨
	અઢાર પાપસ્થાનકો.	૭૩
	સુબંધુની કથા	૭૪
	કષાય	૭૬
	યોગ	૮૨
અઠ્ઠાવીશમું	**કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા (૩)**	૮૪
	જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાવાનાં વિશેષ કારણો	૮૬
	મોહનીયકર્મ બંધાવાનાં વિશેષ કારણો ...	૮૯
	સાગરશેઠની કથા...	૯૧
	અંતરાયકર્મ બંધાવાનાં વિશેષ કારણો... ...	૯૬
	વેદનીયકર્મ બંધાવાનાં વિશેષ કારણો... ...	૯૬
	આયુષ્યકર્મ બંધાવાનાં વિશેષ કારણો... ...	૧૦૨
	નામકર્મ બંધાવાનાં વિશેષ કારણો	૧૦૬
	ગોત્રકર્મ બંધાવાનાં વિશેષ કારણો	૧૦૬
ઓગણત્રીસમું	**આઠ કરણો**	૧૦૮
	અઢાર નાતરાંનો પ્રબંધ	૧૧૦
	આઠ કર્મનાં નામો.	૧૧૭
ત્રીશમું	**ગુણસ્થાન (૧)**	૧૨૪
	ગુણસ્થાનનો અર્થ...	૧૨૫

વ્યાખ્યાન	વિષય	પાનું
	ગુણસ્થાનોની સંખ્યા	૧૨૬
	ગુણસ્થાનનાં નામો...	૧૨૬
	ગુણસ્થાનનો ક્રમ	૧૨૭
	(૧) મિથ્યાત્વગુણસ્થાન	૧૨૮
	(૨) સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિગુણસ્થાન	૧૩૧
	(૩) સમ્યગ્મિથ્યાદૃષ્ટિગુણસ્થાન	૧૩૪
	(૪) અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાન	૧૩૬
	શ્રેણિક રાજાને સમ્યક્ત્વની પ્રાપ્તિ	૧૪૧
એકત્રીશમું	**ગુણસ્થાન (૨)**...	૧૫૩
	આધુનિક વિકાસવાદ	૧૫૩
	જૈનધર્મનો વિકાસવાદ	૧૫૪
	(૫) દેશવિરતિગુણસ્થાન	૧૫૫
	(૬) પ્રમત્તસંયતગુણસ્થાન	૧૫૯
	અમાત્ય તેતલીપુત્રની કથા	૧૬૨
	(૭) અપ્રમત્તસંયતગુણસ્થાન...	૧૬૯
	(૮) નિવૃત્તિબાદરગુણસ્થાન	૧૭૨
	શુકલધ્યાનના ચાર પ્રકારો	૧૭૪
બત્રીશમું	**ગુણસ્થાન (૩)**...	૧૭૮
	(૯) અનિવૃત્તિબાદરગુણસ્થાન	૧૭૯
	(૧૦) સૂક્ષ્મસંપરાયગુણસ્થાન	૧૮૦
	મહર્ષિ કપિલની કથા...	૧૮૧
	(૧૦) સૂક્ષ્મસંપરાયગુણસ્થાન..	૧૮૮
	(૧૧) ઉપશાંતમોહગુણસ્થાન...	૧૮૮
	(૧૨) ક્ષીણમોહગુણસ્થાન	૧૮૯
	(૧૩) સયોગિકેવલિગુણસ્થાન	૧૯૦
	(૧૪) અયોગિકેવલિગુણસ્થાન..	૧૯૨

વ્યાખ્યાન	વિષય	પાનું
તેત્રીશમું	**કર્મની નિર્જરા**	૧૯૫
	અદૃશ્ય રહેતો ચોર કેવી રીતે પકડાયો ? ...	૧૯૬
	કર્મને કાઢવાનો ઉપાય	૧૯૮
	બાર પ્રકારનું તપ	૨૦૩
	કેટલીક સૂચનાઓ	૨૦૯

ખંડ ત્રીજો

ધર્મ

ચોત્રીશમું	**ધર્મની આવશ્યકતા**	૨૧૩
	ધર્મની આવશ્યકતા વિશે એક સંવાદ ...	૨૧૫
	નંદિષેણ મુનિની કથા	૨૨૧
	દુષ્ટને આશ્રય આપવા અંગે જૂની વાત ...	૨૩૪
પાંત્રીશમું	**ધર્મની શક્તિ**	૨૩૯
	બહુમતી અંગે વાનરોની વાત	૨૪૨
	અશરણોનું શરણ ધર્મ છે.	૨૪૬
	ધર્મથી થતા અનેક પ્રકારના લાભો ...	૨૪૮
	ધન જોઈએ કે ધર્મ ?	૨૫૦
	ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિની વાત	૨૫૨
	ધર્મની શક્તિ અચિંત્ય છે.	૨૫૯
છત્રીશમું	**ધર્મની ઓળખાણ શી ?**	૨૬૧
	ધર્મનો અર્થ	૨૬૭
	ધર્મનાં લક્ષણો	૨૬૮
	સંત દૃઢપ્રહારીની કથા	૨૭૧
	ધર્મની પરીક્ષા	૨૭૮

વ્યાખ્યાન	વિષય	પાનું
સાડત્રીશમું	**ધર્મનું આરાધન (૧)**	૨૮૯
	ગોમતી ડોશીનું દૃષ્ટાંત	૨૯૦
	ધર્મારાધન માટે ચાર અયોગ્ય પુરુષો ...	૨૯૨
	દુષ્ટતા ઉપર લુબ્ધકનું દૃષ્ટાંત	૨૯૩
	મૂઢતા ઉપર ભૂતમતિનું દૃષ્ટાંત	૨૯૭
આડત્રીશમું	**ધર્મનું આરાધન (૨)**	૩૦૦
	જીવનનું સરવૈયું	૩૦૫
	સંસાર ઘટાડનારી ચાર વસ્તુઓ	૩૦૭
	અંધપંગુન્યાય	૩૧૦
	પાંચ પ્રકારનાં અનુષ્ઠાનો	૩૧૨
	કદાગ્રહ ઉપર અંધ રાજકુમારનું દૃષ્ટાંત ...	૩૧૬
	પક્ષપાત ઉપર સુભટનું દૃષ્ટાંત	૩૧૯
ઓગણચાલીસમું	**ધર્મના પ્રકારો**	૩૨૭
	અનેક જાતના ધર્મો	૩૨૮
	ધર્મની શ્રેષ્ઠતા	૩૨૮
	જગતમાં એકજ ધર્મની શકયતા છે? ...	૩૩૦
	બધા ધર્મને સારા કેમ મનાય? ...	૩૩૧
	નવકારમંત્રમાં ધર્મને વંદના છે? ...	૩૩૨
	ધર્મના પ્રકારો	૩૩૪
	ધર્મનો એક પ્રકાર	૩૩૫
	ધર્મના બે પ્રકારો	૩૩૫
	ધર્મના ત્રણ પ્રકારો	૩૩૭
	ધર્મના ચાર પ્રકારો	૩૩૮
	ધર્મના પાંચ પ્રકારો	૩૩૯
	ધર્મના છ પ્રકારો	૩૪૦

વ્યાખ્યાન	વિષય	પાનું
	ધર્મના વિશેષ પ્રકારો	૩૪૨
	કુંભારની ટાલ જોવાનો નિયમ!	૩૪૨
	ચાર વિચિત્ર નિયમો	૩૪૬
ચાલીસમું	**પાપત્યાગ**	૩૫૪
	પાપની વ્યાખ્યા	૩૫૫
	અઢાર પાપસ્થાનક	૩૫૬
	બધા ધર્મો પાપનો નિષેધ કરે છે	૩૫૮
	પ્રત્યાખ્યાન એટલે પાપનો ત્યાગ	૩૫૯
	જ્ઞાનનું ફળ વિરતિ	૩૬૦
	પાપ પુણ્ય સરભર થાય છે ખરાં? ...	૩૬૧
	પાપત્યાગનો ઉપદેશ પ્રથમ કેમ?	૩૬૨
	લાલીનાં લક્ષણ જાય નહિ	૩૬૩
	આત્મા ભારે કયારે બને, હલકો કયારે બને? ...	૩૬૪
	કર્મની ભારે પરાધીનતા	૩૬૬
	પચ્ચક્ખાણની કોટિ	૩૬૯
એકતાલીસમું	**સમ્યકત્વ (૧)**	૩૭૧
	સમ્યકત્વ–રત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી. ...	૩૭૨
	સમ્યકત્વ–મિત્રથી કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી. ...	૩૭૩
	ચાર મિત્રોની વાત	૩૭૪
	સમ્યકત્વ–બંધુથી કોઈ શ્રેષ્ઠ બંધુ નથી. ...	૩૮૧
	સમ્યકત્વના લાભથી વધારે કોઈ લાભ નથી ...	૩૮૨
	ધાર્મિક ક્રિયાઓના મૂળમાં સમ્યકત્વ હોવું જોઇએ	૩૮૨
	ધન સાર્થવાહની કથા	૩૮૪
બેંતાલીસમું	**સમ્યકત્વ (૨)**	૩૯૩
	સમ્યકત્વનો અર્થ	૩૯૪

વ્યાખ્યાન	વિષય	પાનું
	સમ્યકત્વના પ્રકારો	૩૯૪
	સમ્યકત્વના સડસઠ બોલ	૩૯૯
	ચાર સદ્દહણા	૪૦૦
	ત્રણ લિંગો	૪૦૪
	દશ પ્રકારનો વિનય	૪૦૮
	જિનમંદિરમાં વર્તવાના નિયમો	૪૦૯
	ત્રણ પ્રકારની શુદ્ધિ	૪૧૩
	પાંચ પ્રકારનાં દૂષણો	૪૧૫
તેંતાલીસમું	**સમ્યકત્વ (૩)**	૪૧૮
	આઠ પ્રભાવકો	૪૧૮
	પાંચ ભૂષણો	૪૨૪
	પાંચ લક્ષણો	૪૨૮
	૬ યતના	૪૩૦
	૬ આગાર	૪૩૧
	૬ ભાવના	૪૩૨
	૬ સ્થાનો	૪૩૪
ચુંમાલીસમું	**સમ્યગ્જ્ઞાન**	૪૩૫
	ચિત્તની એકાગ્રતા–શાંતિનો અનુભવ ...	૪૩૬
	જ્ઞાનનું મહત્ત્વ	૪૩૭
	શ્રદ્ધા સાથે જ્ઞાનની પણ જરૂર છે.	૪૩૮
	અપેક્ષા અંગે બે પ્રવાસીઓનું દૃષ્ટાંત ...	૪૩૯
	અજ્ઞાની રહેવું એ મોટો દોષ છે. ...	૪૪૨
	વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ આપો. ...	૪૪૪

વ્યાખ્યાન	વિષય	પાનું
	જ્ઞાનનું મહત્ત્વ (ચાલુ)	૪૪૫
	આઠ પ્રકારનો જ્ઞાનાચાર	૪૪૮
પીસ્તાલીસમું	**સમ્યક્ચારિત્ર** (૧)	૪૫૮
	ચારિત્રનો મહિમા	૪૫૮
	ભવભ્રમણનો મહારોગ	૪૫૯
	મોહ તમારો કટ્ટો શત્રુ છે.	૪૬૦
	ચારિત્રના બે પ્રકારો	૪૬૧
	દેશવિરતિ ચારિત્ર કેવા ગૃહસ્થને હોય છે? ...	૪૬૨
	માર્ગાનુસારીના પાંત્રીશ નિયમો	૪૬૨
	મધ્યમ અને ઉત્તમ કોટિના ગૃહસ્થો ...	૪૬૬
	સમ્યકત્વની ધારણા	૪૬૭
	બાર વ્રતોનાં નામ	૪૬૭
	વ્રતોના વિભાગો	૪૬૮
	પહેલું સ્થૂલ–પ્રાણાતિપાત–વિરમણ–વ્રત ...	૪૬૯
	બીજું સ્થૂલ–મૃષાવાદ–વિરમણ–વ્રત ...	૪૬૯
	ત્રીજું સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત ...	૪૭૦
	ચોથું સ્થૂલ–મૈથુન–વિરમણ–વ્રત ...	૪૭૦
	પાંચમું પરિગ્રહ–પરિમાણ–વ્રત	૪૭૧
	છઠ્ઠું દિક્–પરિમાણ–વ્રત	૪૭૧
	સાતમું ભોગોપભોગ–પરિમાણ–વ્રત ...	૪૭૨
	આઠમું અનર્થદંડ–વિરમણ–વ્રત	૪૭૪
	નવમું સામાયિક–વ્રત	૪૭૪
	દશમું દેશાવકાશિક–વ્રત	૪૭૫
	અગિયારમું પૌષધ–વ્રત	૪૭૫
	બારમું અતિથિસંવિભાગ–વ્રત	૪૭૫
	શ્રાવકની દિનચર્યા	૪૭૫

વ્યાખ્યાન	વિષય			પાનું
છેંતાલીસમું	**સમ્યક્ ચારિત્ર (૨)**	...	...	૪૭૮
	સર્વવિરતિ ચારિત્રનો અધિકારી	...	...	૪૭૮
	પહેલું મહાવ્રત	...	...	૪૮૦
	બીજું મહાવ્રત	...	...	૪૮૧
	ત્રીજું મહાવ્રત	...	...	૪૮૨
	ચોથું મહાવ્રત	...	...	૪૮૨
	પાંચમું મહાવ્રત	...	...	૪૮૪
	છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત	...	...	૪૮૪
	અષ્ટપ્રવચનમાતા	...	...	૪૮૫
	દશ પ્રકારનો યતિધર્મ	...	...	૪૮૮
	ષડાવશ્યક	...	...	૪૮૯
	મૃગાપુત્રની કથા	...	...	૪૯૦
	ઉપસંહાર	...	...	૪૯૪

નમસ્કાર–મહિમા

એટલે નમસ્કાર મંત્ર પર પૂજ્યપાદ
આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે
આપેલાં
નમસ્કાર પરનાં અપૂર્વ વ્યાખ્યાનો.
તેમાં નીચેનાં

નવ વ્યાખ્યાનો છે :

પહેલું : નમસ્કારનું મહામંત્રત્વ
બીજું : નમસ્કારનો અચિંત્ય પ્રભાવ
ત્રીજું : ,, (ચાલુ)
ચોથું : નમસ્કાર અનાદિકાળનો છે.
પાંચમું : નમસ્કાર નિત્ય છે
છઠ્ઠું : ,, (ચાલુ)
સાતમું : નમસ્કારનું બાહ્ય સ્વરૂપ
આઠમું : નમસ્કારનું અભ્યંતર સ્વરૂપ
નવમું : નમસ્કારની આરાધના

મૂલ્ય માત્ર ૦–૭૫ નયા પૈસા
આજેજ નકલ મેળવીને વાંચો
પ્રાપ્તિસ્થાન :
સેવંતીલાલ વી. જૈન
પાંજરાપોળ, ભૂલેશ્વર
મોતીશા જૈન મંદિર, મુંબઈ-૪

નમસ્કાર અનાદિ કાલનો છે.

'જો જૈન ધર્મ અનાદિ છે, તો અરિહંતો અનાદિ ખરા કે નહિ? જો અરિહંતો ન હોય તો ધર્મનું પ્રવર્તન ન થાય, માટે તેમને પણ અનાદિ જ માનવા પડે. હવે અરિહંતો નિર્વાણ પામ્યા પછી અવશ્ય સિદ્ધ થાય છે, તેમ જ જે જીવો પોતાનાં સકલ કર્મ ખપાવે છે, તે પણ સિદ્ધ થાય છે, એટલે સિદ્ધોને પણ અનાદિ જ માનવા પડે. આ વાત તમારાં અંતરમાં લખી રાખો કે સિદ્ધશિલાની ઓપનીંગ સેરીમની એટલે ઉદ્ઘાટન ક્રિયા કોઈના હાથે થઈ નથી. એ સ્થાન તો અનાદિ કાળથી ત્યાં જ છે અને મુક્ત જીવોને પોતાના અગ્રભાગે સ્થાન આપી રહેલ છે. ત્યાં ગમે તેટલા જીવો ભેગા થાય તો પણ સંકડાશ પડે એમ નથી, કારણ કે જીવ સ્વભાવે અરૂપી છે, એટલે એક સ્થાનમાં ગમે તેટલી સંખ્યામાં રહી શકે છે.

અરિહંતો નિયમા ધર્મતીર્થને સ્થાપનારા હોય છે, એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરેને પણ અનાદિ કાળના જ માનવા પડે. હવે વિચાર કરો કે જ્યાં સાધુ-સાધ્વીનો વિશાળ સમુદાય હોય ત્યાં આચાર્ય અને ઉપાધ્યાય હોય કે નહિ? જો આચાર્ય ન હોય તો ગચ્છને સાચવે કોણ અને સાધુઓની સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરે કોણ? વળી ઉપાધ્યાય ન હોય તો સાધુઓને દ્વાદશાંગીનું જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક સ્વરૂપ સમજાવે કોણ? તાત્પર્ય કે સાધુઓને અનાદિ માનીએ તેની સાથે આચાર્ય તથા ઉપાધ્યાયને પણ અનાદિ જ માનવા પડે. હવે પંચપરમેષ્ઠિ હોય ત્યાં તેમને નમસ્કાર કરવાની ક્રિયા હોય કે નહિ? તેનો વિચાર કરો.'

[નમસ્કાર-મહિમામાંથી]

આત્મતત્ત્વવિચાર

બીજો ખંડ

[ચાલુ]





વ્યાખ્યાન ચોવીશમું

કર્મનો ઉદય

મહાનુભાવો !

આત્મવિકાસ માટે જેમ આત્મજ્ઞાનની જરૂર છે, તેમ આત્મવિકાસ માટે કર્મજ્ઞાનની પણ જરૂર છે. કર્મનું વિશદ જ્ઞાન થયા વિના આત્મા કર્મબંધનમાંથી બચી શકે નહિ તથા વિકાસની વાટે ઝડપથી સંચરી શકે નહિ. તેથી જ આપણે કર્મનો વિષય ચર્ચીને તેનાં વિધવિધ અંગોને સ્પર્શી રહ્યા છીએ.

કર્મો બંધાતાં જ રહે છે.

આપણે આંખ મીંચીને ખોલીએ એટલી વારમાં અસંખ્યાતા સમય વ્યતીત થઈ જાય છે. તેમાં એક પણ સમય એવો જતો નથી કે જ્યારે આત્મા કર્મ બાંધતો ન હોય. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, ઊંઘતાં, અરે બેહોશ હોઈએ ત્યારે પણ પાપકર્મો બંધાતાં જ રહે છે અને તેમાં પ્રકૃતિ, સ્થિતિ તથા રસનું નિર્માણ થતું જ રહે છે, કારણ કે તે વખતે પણ આત્માના યોગ અને અધ્યવસાય તો ચાલુ જ હોય છે.

અહીં એક મહાનુભાવ પ્રશ્ન કરે છે કે 'આત્માનો ઉપયોગ એક સમયે એક પ્રકારનો હોય છે, તો એ ઉપયોગથી

એક પ્રકારનું કર્મ બંધાય, પણ જુદાં જુદાં કર્મો કેવી રીતે બંધાય ?' આ પ્રશ્ન ઠીક છે. સમજવા જેવો છે. અહીં આત્માનો જે ઉપયોગ છે, અધ્યવસાય છે, તે વિવિધ કર્મોની અસરવાળો છે, માટે તેનાથી જુદાં જુદાં કર્મો બંધાય. જ્યારે એ ઉપયોગ તદ્દન શુદ્ધ થઈ જાય, ત્યારે માત્ર એક જ કર્મનો બંધ થાય અને તે શાતાવેદનીયનો.

કર્મ તરત ઉદયમાં ન આવે

આત્માએ કર્મબંધ વખતે જે સ્થિતિ બાંધી, તે સ્થિતિવાળું કર્મ તરત ઉદયમાં ન આવે, પણ તેનો અવસર આવે ત્યારે ઉદયમાં આવે અને તેનો વિપાક એટલે તેનું ફળ આપે. અવસર ન આવે ત્યાં સુધી તે કર્મ સત્તામાં પડયું રહે, એટલે કે આત્માને ચોંટીને રહે. જ્યારે તે કર્મ ભોગવાય ત્યારે જ તે આત્માથી છૂટું પડે.

આત્માને આઠે કર્મનો ઉદય હોય છે.

એટલું યાદ રાખો કે આત્મા સમયે સમયે સાત કર્મો બાંધે છે, આઠ કર્મો સત્તામાં હોય છે અને આઠ કર્મોનો ઉદય હોય છે. અહીં તમને પ્રશ્ન થશે કે 'એકી સાથે આઠ કર્મો ઉદયમાં આવી પોતાનું ફળ કેવી રીતે આપી શકે ?' એટલે તેનું સમાધાન કરીશું.

દરેક સમયે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ચાલુ છે, જો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ચાલુ ન હોય તો આપણને કેવળજ્ઞાન હોય, પણ આપણને કેવળજ્ઞાન નથી, એટલે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે, એ નક્કી. જ્ઞાનાવરણીય કર્મનો

ક્ષયોપશમભાવ પણ ચાલુ છે, તેથી જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન સંભવે છે. અવધિજ્ઞાન તથા મનઃપર્યવજ્ઞાન પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવને લીધે જ હોય છે.

દરેક સમયે દર્શનાવરણીય કર્મનો ઉદય પણ ચાલુ છે, કારણ કે આપણને કેવળદર્શન નથી. દર્શનાવરણીય કર્મમાં પણ ક્ષયોપશમભાવ ચાલુ હોય છે, તેથી ચક્ષુદર્શન, અચક્ષુદર્શન આદિ હોય છે.

દરેક સમયે વેદનીય કર્મનો ઉદય પણ ચાલુ છે, કારણ કે આત્મા શાતા–અશાતાનો નિરંતર અનુભવ કરે છે.

દરેક સમયે મોહનીય કર્મનો ઉદય પણ ચાલુ છે, કારણ કે આપણો આત્મા વીતરાગ દશાને પામેલો નથી. મોહનીય કર્મમાં પણ ક્ષયોપશમભાવ હોય છે, કારણ કે કષાયો કયારેક વધે છે અને કયારેક ઘટે છે. મોહનીય કર્મના ઉદયને લીધે આત્મા રાગી, દ્વેષી, ક્રોધી, માની, કપટી, લોભી વગેરે બને છે અને હાસ્ય, રતિ, અરતિ એ બધું ચાલુ હોય છે.

આયુષ્ય કર્મનો ઉદય પણ દરેક સમયે ચાલુ છે, કારણ કે દેવ, મનુષ્ય, તિર્યંચ કે નરકમાંથી એક આયુષ્ય અવશ્ય ઉદયમાં હોય છે.

નામકર્મનો ઉદય પણ દરેક સમયે ચાલુ છે, કારણ કે શરીર, જાતિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સ્વર, ઉપઘાત, પરાઘાત એ બધું આપણને હોય છે.

ગોત્રકર્મનો ઉદય પણ ચાલુ છે, કારણ કે આપણે ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્રમાંથી એક ગોત્રમાં તો અવશ્ય હોઈએ છીએ.

અને અંતરાયકર્મનો ઉદય પણ ચાલુ હોય છે, કારણકે આત્માના ગુણો અનંત દાન, અનંત લાભ, અનંત વીર્ય આપણને હોતા નથી. આપણને દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્યનો જે અનુભવ થાય છે, તે અંતરાયકર્મના ક્ષયોપશમ-ભાવને લઈને છે.

આ રીતે આઠે કર્મનો ઉદય ચાલુ હોય છે.

અબાધાકાળ

જ્યાં સુધી કર્મ ઉદયમાં આવી ફળ ન આપે, ત્યાં સુધીનો સમય અબાધાકાળ કહેવાય છે. અબાધાકાળ એટલે કર્મની બાધા–પીડા ન ઉપજાવનારો કાળ. સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હોય, તે અત્યારે તમને કશી હરકત કરી ન શકે. જ્યારે ઉદયમાં આવે ત્યારે જ કરી શકે.

અહીં પ્રશ્ન થશે કે અમુક મુદત પછી કર્મનો ઉદય કેમ? વચ્ચે અબાધાકાળ શાથી? નશાની વાત ધ્યાનમાં રાખશો તો આ વસ્તુ બરાબર સમજાશે. જેમ કોઈએ ભાંગ પીધી, તો એ ભાંગનો નશો તરત નહિ ચડે, અમુક મુદત પછી ચડશે. એવી જ રીતે ગાંજા, ચડસ અને દારૂ માટે પણ સમજવું. અફીણ પણ તરત અસર નથી કરતું. અફીણનો કકડો લાવી ખાધો હોય કે તેનો કસુંબો કાઢીને પીધો હોય પણ તેનો નશો તો અમુક મુદત પછી જ ચડે છે

આ જ રીતે જ્ઞાનાવરણીયાદિ કર્મનાં પુદ્ગલોની અસર પણ અમુક મુદત પછી જ થાય છે.

અબાધાકાળ એટલે મુદતિયા હુંડી. શુભ કે અશુભ કર્મ કાળ પાકે ત્યારે ઉદયમાં આવે. ઉત્કૃષ્ટ અબાધાકાળ જેમ ૭૦૦૦ વર્ષનો હોય,× તેમ જઘન્ય અબાધાકાળ અંતર્મુહૂર્તનો હોય. અગિયારમા, બારમા, તેરમા ગુણ-સ્થાનકે એ પણ નહિ, કેમ કે ત્યાં એક સાતાવેદનીય કર્મનો બંધ છે અને કષાયો નથી, માટે કર્મની સ્થિતિ પણ નથી. ત્યાં પહેલા સમયે બંધ, બીજા સમયે ઉદય (ભોગ) અને ત્રીજા સમયે ક્ષય હોય છે.

સત્તામાં પડેલાં કર્મમાં ફેરફારો થાય છે.

એટલું યાદ રાખો કે જે કર્મ સત્તામાં પડયું હોય, તેની અંદર ફેરફારો થાય છે અને તે પરિપક્વ થયા પછી જ ઉદયમાં આવે છે. કર્મ એક વખત ફળ આપે, એટલે ખરી જાય. ખરી ગયેલાં કર્મ આત્માને લાગે નહિ કે હેરાન કરે નહિ. આમ અબાધાકાળ દરમિયાન તેમાં ફેરફાર થયા જ કરે, પણ જે કર્મ નિકાચિત બાંધ્યું હોય, તેમાં કશો ફેરફાર ન થાય. તે સિવાય બીજા પ્રકારોમાં ફેરફાર થાય. જે કર્મ બદ્ધ હોય તે સ્પૃષ્ટ કે નિધત્ત બને, નિધત્ત હોય

× સામાન્ય નિયમ એવો છે કે કોઈ પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા કોડાકોડી સાગરોપમ વર્ષની હોય, તેટલા સો વર્ષનો અબાધા કાળ હોય. દાખલા તરીકે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ વર્ષની છે, તો તેનો અબાધાકાળ ૭૦૦૦ વર્ષનો હોય

તે નિકાચિત બને, અથવા સ્પૃષ્ટ કે બદ્ધ બને વગેરે, આ પરથી એ સમજવાનું કે કર્મ જે સ્થિતિમાં બાંધ્યું હોય તેની તે સ્થિતિ ઉદય વખતે રહેતી નથી.

ઉદયમાં આવતું કર્મ શી રીતે ભોગવાય છે?

કર્મની ૧૦૦ વર્ષની સ્થિતિ બાંધી હોય તો તેટલા વર્ષ કર્મનો ભોગ નક્કી થઈ જાય. કર્મનાં જેટલાં દળિયાં હોય તેટલાં એ ૧૦૦ વર્ષ સુધી ભોગવવા પડે.

પહેલી આવલિકાનાં દળિયાં ઉદયમાં આવ્યા પછી બીજીના ઉદયમાં આવે, એમ પરંપરાથી એક પછી એક આવલિકાનાં દળિયાં ઉદયમાં આવતા જાય અને ભોગવાઈને ઝરતા જાય.

જ્યારે પહેલી આવલિકામાં ભોગવવા લાયક કર્મનો ઉદય હોય, ત્યારે બીજી બધી આવલિકામાં ભોગવવા લાયક દળિયાં સત્તામાં હોય. જ્યારે એ દળિયાં ભોગવાતા હોય ત્યારે આવલિકાપ્રમાણ કાલને ઉદયાવલિકા કહેવામાં આવે છે. ઉદયાવલિકાપ્રવિષ્ટ કર્મનાં દલિયાંને કરણ * લાગતું નથી. તે કરણમુક્ત હોય છે. પણ ત્યાર પછીની જે આવલિકાઓમાં કર્મનાં દલિયાં ઉદયમાં આવવાના છે અને અત્યારે સત્તામાં છે, તેને કરણનો ઝપાટો લાગે છે.

અને જ્ઞાનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમ વર્ષની છે, તો તેનો અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો હોય.

* ઓગણત્રીશમા વ્યાખ્યાનમાં કરણનો વિષય ચર્ચવામાં આવ્યો છે.

પહેલી આવલિકામાં કર્મનાં પુદ્ગલોનો જેટલો જથ્થો ભોગવવાનો હોય, તે ફળ આપે ને ખરી જાય, તેને કર્મની નિર્જરા કહેવાય. સુખદુઃખ કર્મનાં કારણે છે અને તે ઉદયમાં આવીને ખતમ થાય છે, તેથી સુજ્ઞ મનુષ્યે સુખમાં ઉન્મત્ત બનવું નહિ અને દુઃખમાં જરા પણ ગભરાવું નહિ.

આવલિકા એટલે શું? સિદ્ધાન્તની ભાષામાં વાત કરીએ તો અસંખ્યાત સમયની એક આવલિકા થાય, પણ વ્યવહારની અંદર અસંખ્યાત સમયની ગણતરી થઈ શકે નહિ, માટે શાસ્ત્રકારોએ માપ બતાવીને કહ્યું છે કે બે ઘડીમાં એટલે ૪૮ મીનીટની અંદર ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા થાય. આથી મીનીટની સેકન્ડ, સેકન્ડની પ્રતિ સેકન્ડ અને પ્રતિ સેકન્ડની પણ પ્રતિ પ્રતિ સેકન્ડ અને તેની પણ પ્રતિ પ્રતિ પ્રતિ સેકન્ડ બનાવો તો જેટલી આવલિકાઓ થાય, તે ઉપરથી આવલિકાનું માપ કાઢી શકાય. તેવી એક આવલિકામાં જેટલો સમય થાય, એટલા સમયમાં જેટલાં કર્મ (ઉદય-પ્રવિષ્ટ કર્મદલિયાં) ભોગવાય તેને કરણ ન લાગે.

જો એક કર્મ ૧૦૦ વર્ષ ભોગવવાનું હોય તો તેના આવલિકા જેટલા ભાગ પડી જાય. તેમાં પહેલી કઈ આવે અને બીજી કઈ આવે તે કોઈ બીજાએ નક્કી કરવાનું હોતું નથી. તે આપમેળે એટલે આત્માનાં બળ વગેરેને લીધે નક્કી થાય છે.

જે જે કર્મનો કાળ પાકયો હોય, એટલે કે જે જે કર્મનો અબાધાકાળ પૂરો થાય તે બધાં એક સાથે ઉદયમાં આવે, સાથે ભોગવાય અને તે પ્રમાણે ફળ આપી ખરી જાય.

કર્મના ઉદયથી આ બધી દુનિયાની ધમાલ પ્રવર્તે છે. માનવી પોતાનાં આત્મબળથી આ કર્મને ફેરવી નાખી શકે છે અને કર્મની નિર્જરા કરીને મોક્ષે જઈ શકે છે.

કર્મ જ્યારે ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે, ત્યારે તેનું જોર ઘણું હોય છે, તેથી પ્રથમ ઉદયાવલિકામાં ઘણા કર્મ-પ્રદેશો આવી પડે છે, બીજી ઉદયાવલિકામાં કર્મપ્રદેશોની સંખ્યા તેથી કંઈક ઓછી હોય છે, ત્રીજી ઉદયાવલિકામાં તેથી પણ ઓછી હોય છે, એમ સ્થિતિબંધનાં છેલ્લા સમય સુધી કર્મપ્રદેશોની સંખ્યા ઓછી થતી રહે છે. અનાજની કોઠીનું છિદ્ર ખોલીએ તો પ્રથમ ઘણું અનાજ બહાર આવી જાય છે અને પછી થોડું થોડું બહાર આવે છે, અથવા બંદુકમાંથી છૂટેલી ગોળીનો વેગ પ્રથમ વધારે હોય છે અને પછી ક્રમશઃ ઘટતો જાય છે, તેમ અહીં પણ સમજવું.

દ્રવ્યાદિ પાંચ નિમિત્તો

બાંધેલાં કર્મો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ એ પાંચ નિમિત્તથી ઉદયમાં આવે છે. એક ઉદાહરણથી આ વસ્તુ સ્પષ્ટ સમજાશે. એક આત્માએ અશાતાવેદનીયકર્મ બાંધ્યું છે અને તેને તાવ આવવાનો છે. હવે લાડુ વગેરે વસ્તુઓ વિશેષ ખાવાથી એ તાવ આવે તો લાડુ વગેરે દ્રવ્યનિમિત્ત; મુંબઈ, અમદાવાદ કે સુરતમાં તાવ આવે એ ક્ષેત્રનિમિત્ત; સવારે, બપોરે, સાંજે કે રાત્રે અમુક વખતે તાવ આવે એ કાલનિમિત્ત; ઠંડી હવા, ઉજાગરો, અકળામણ વગેરેથી તાવ આવે એ ભાવનિમિત્ત અને આ ભવમાં કે અમુક ભવમાં તાવ આવે એ ભવનિમિત્ત.

કર્મને કોઈની શેહ અડતી નથી.

જે કર્મો ઉદયમાં આવે એ પોતાનું ફળ અવશ્ય બતાવે છે અને તે આત્માને ભોગવવું પડે છે. એટલી વાત યાદ રાખજો કે કર્મને કોઈની લાગવગ, શરમ કે શેહ અડતી નથી. એ પોતાનું કામ પોતાના કાયદા મુજબ કર્યે જ જાય છે અને તેથી રંક હોય કે રાજા, ભીખારી હોય કે શ્રીમંત, મૂર્ખ હોય કે પંડિત, નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરુષ, સહુને પોતાનાં કર્મો ભોગવવા પડે છે. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર જેવા મહાબલી આત્માઓને પણ કર્મે છોડ્યા નથી, તો એ બીજાને કેમ છોડે?

જેવું કર્મ ઉદયમાં આવ્યું કે તેનો પ્રદેશોદય ચાલુ થાય. તેને જો નિમિત્ત ન મળે તો તેનો વિપાકોદય ન થાય, એટલે કે તેનાં સુખ-દુઃખનો અનુભવ ન થાય.

પ્રશ્ન–એક સ્ત્રીએ પુરુષને બળદ બનાવ્યો, તે આયુષ્ય મનુષ્યનું ભોગવે કે બળદનું?

ઉત્તર–આયુષ્ય મનુષ્યનું ભોગવે. બળદનો દેહ નામ-કર્મના વિપાકથી હોય.

કર્મની અસર અનાદિ કાળથી છે.

આત્માને સમયે સમયે આઠે કર્મનો ઉદય છે, માટે આત્મા ઉપર બધાં કર્મોની અસર છે. તે કર્મોની અસર-વાળાં પરિણામ અને પ્રવૃત્તિથી આત્મા સમયે સમયે સાતે કર્મોને બાંધે છે. એ કર્મોની અસર આત્મા પર નવી થઈ છે, એમ નથી. એ અસર પરંપરાની છે, અનાદિની છે, કેમકે વર્તમાનકાળમાં જે કર્મનો ઉદય છે, તે પ્રથમના બંધને

કારણે છે અને તે પ્રથમનો કર્મબંધ પૂર્વે બાંધેલાં કર્મના ઉદયને કારણે છે. આ રીતે આગળ સમજી લેવું.

કોઈ પણ કર્મ વ્યક્તિગત સાદિ-સાંત છે,* પણ પરંપરાએ અનાદિનું છે. જેમ બાળકની વ્યક્તિગત આદિ છે, પણ બાળકનો બાપ, તેનો બાપ અને તેનો બાપ વગેરેની પરંપરા જોતાં બાપપણું અને તેની અપેક્ષાએ પુત્રપણું અનાદિનું છે, તેમ કર્મની પરંપરા પણ અનાદિની છે.

અનાદિની પરંપરા અટકી પણ શકે છે, જો એ પેઢીની પરંપરામાં છેલ્લી વ્યક્તિને પુત્ર ન થાય, અથવા તે બ્રહ્મચર્ય પાળે અને લગ્ન ન કરે તો. એવી રીતે આત્મા મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમ કુળ અને સદ્‌ગુરુનો સંસર્ગ પામી, પરમાત્માનો ઉપદેશ સાંભળી, એવું જીવન જીવે કે પાપ ઓછું બંધાય અને જૂનાં પાપ વધારે ખપે. તીજોરીમાં લાખ રૂપિયા પડ્યા હોય, તેમાં હજાર રૂપિયા મૂકવામાં આવે અને પાંચ હજાર કાઢવામાં આવે તો થોડા દિવસમાં જ એનું તળિયું દેખાય કે નહિ ?

આ આત્મા પરમાત્માનાં ઉપદેશને શ્રવણ કરી જીવનમાં ઉતારે અને શુદ્ધ સ્વરૂપવાળા સાધ્યની સાધના-આરાધના કરે તો ઉત્તરોત્તર ગુણમાં વિકાસ પામી છેવટે પાંચ હ્રસ્વ અ-ઈ-ઉ-ઋ-લૃ નાં ઉચ્ચારણ જેટલા કાળમાં શલેશીકરણે યોગનિરોધ કરીને, અનંત કર્મની વર્ગણાનો જડમૂળથી નાશ કરીને, તે કર્મોથી ચાલતી જન્મ-મરણની પેઢીનો અંત લાવી શકે.

* જે આદિ-અંતથી સહિત હોય તે સાદિ-શાંત.

ઉદયકાળની અસરો

જેમ દારૂ વગેરે પીધા પછી તેનો નશો અમુક સમય બાદ ચડે ત્યારે માનવીનાં સાનભાનને ભૂલાવી દે છે, તેમ કર્મનાં પુદ્‌ગલોનો હલ્લો પણ આત્માને ઉદયકાળે તેવી અસર કરે છે. એ વખતે સારી અને નરસી બંને પ્રકારની ફેરફારી થઈ જાય છે અને ભીખારી લાખોનો માલીક બની જાય છે. જો અશુભ કર્મનો ઉદય હોય તો વેપારમાં સરખાઈ આવતી નથી. તેજીનો ધંધો કરે ત્યાં મોટી મંદી આવે છે અને મંદીમાં દાખલ થાય ત્યાં રોજ બજાર ચડવા લાગે છે. શાણા શાણા માણસો સલાહ આપે તો પણ એ ગળે ઉતરતી નથી. જે કંઈ કરવામાં આવે તે ઊંધું પડે છે. રાતે સૂતા હોય છે ખુશમિજાજમાં, પણ ઉઠતાંની સાથે કંઈ નવું જ સાંભળે છે. એ સાંભળીને તેઓ રડવા લાગે છે અને 'હાય ! પાયમાલ થઈ ગયા !' 'અરે ! સત્યાનાશ વળી ગયું !' વગેરે ઉદ્‌ગારો કાઢે છે, પરંતુ એ ઉદયમાં આવેલાં કર્મોની જોરદાર અસર છે.

શું રુષ્ટ થયેલું દૈવ-ભાગ્ય આવીને કોઈને તમાચો મારે છે ખરૂં ? ના, એ તમાચો મારતું નથી, પણ એવી દુર્બુદ્ધિ આપે છે કે જેનાથી મનુષ્ય ભીખારીની જેમ ભટકતો થઈ જાય છે. મુંજ જેવા રાજાને ભીખારીની જેમ ચપણિયું લઈ ભીખ માગવી પડી, સનત્‌કુમાર જેવા ચક્રવર્તીને સેંકડો રોગો વેઠવા પડ્યા, વર્તમાનકાળે હિટલરની હાક જબરી પડી, પણ આખરે કેવી દશા ? એક વાર ચર્ચિ-

લને સાંભળવા લાખો લોકો આતુર રહેતા, આજે એમાંનું કાંઈ નથી. આ બધી કર્મના ઉદયની અસર છે.

એક જ માતાનાં ઉદરે જન્મેલા ભાઈઓ મિલકત માટે લડે છે, ઝઘડે છે, ક્રોધાંધ બનીને કોર્ટે ચડે છે અને એક બીજા પર ટાંચ લાવે છે કે હુમલા કરે છે. આને તમે શું કહેશો ? નિયમિત ધંધો કરનાર સટ્ટાના પાટિયે જાય છે, ત્યાં પાયમાલ થાય છે અને આબરૂ બચાવવા ઝેર પીએ છે ! એમાં અશુભ કર્મના ઉદય સિવાય બીજું કારણ નથી.

શાસ્ત્રમાં મૃગાપુત્રની હકીકત આવે છે. તે રાજરાણીની કુક્ષિએ જન્મ્યો હતો, પણ નહિ હાથ, નહિ પગ. આંખનાં ઠેકાણે માત્ર કાણાં અને કાનનાં ઠેકાણે માત્ર ચિહ્નો. તે ન હાલી શકે, ન ચાલી શકે. ન કોઈ વસ્તુને જોઈ શકે. માટીનો મોટો પીંડો હોય તેવું શરીર ! આવાને ખવડાવાય પણ શી રીતે ? પરંતુ એની માતા દયાળુ હતી. તે રોજ એવા પ્રકારનો પ્રવાહી ખોરાક તૈયાર કરતી કે તે પીંડ પર રેડી શકાતો. પરંતુ એ ખોરાક એવી રીતે રેડવા છતાં તે અંદર જઈ પડ અને રસીરૂપે બહાર આવતો. મૃગાપુત્ર શરીરદ્વારા એ પડ અને રસીને ચૂસી લેતો !

તેનાં શરીરમાંથી એવી દુર્ગંધ છૂટે કે નાકે કપડું દીધા વિના તેની નજીક જવાય નહિ. આંખે જોયો હોય તો ચીતરી ચડે અને ભારે બેચેની થાય. એની વાત સાંભળતાં પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા કંપી ઉઠે ! આ હતું પાપકર્મના ઉદયનું પરિણામ !

પૂર્વભવમ તે અક્ષાદિ રાઠોડ નામનો રાજા હતો, ત્યારે મદાંધ બનીને તીવ્ર પાપો કરેલાં, અનેક પ્રકારે હિંસા કરેલી, લોકોને ખોટી રીતે દંડેલા, કરવેરા વધારેલા અને અનાચારો સેવેલા. વળી દેવ–ગુરુની નિંદા કરેલી અને તેનો પ્રત્યનીક બનેલો. પરિણામે મરીને નરકમાં ગયેલો અને ત્યાં અનેક પ્રકારનાં ભયંકર દુઃખો ભોગવેલાં. ત્યાંથી નીકળીને તે મનુષ્ય ભવમાં આવ્યો, રાજરાણીની કુક્ષિએ જન્મ્યો, પણ શરીરની આવી દશા !

સનાતન નિયમ

જે શરીરાદિ માટે હિંસાદિ પાપકર્મો કરવામાં આવે છે, તે શરીરાદિ અહીં જ રહે છે અને પાપકર્મો જીવની સાથે જાય છે. તે બીજા ભવમાં, ત્રીજા ભવમાં કે ગમે તે ભવમાં ઉદયમાં આવ્યા વિના રહેતા નથી. આ જગતમાં આપણે એવું જોઈએ છીએ કે પાપ કરનારા સુખી હોય અને પુણ્ય–ધર્મ કરનારા દુઃખી હોય. આ પરથી કેટલાક એવું તારણ કાઢે છે કે પુણ્ય–પાપનો વિવેક કરવો નકામો છે. પરંતુ મહાનુભાવો ! એ તારણ સાચું નથી. જેઓ આજે સુખ ભોગવે છે, તે ગત જન્મોમાં બાંધેલાં કર્મનો ઉદય છે. જેમ ગત જન્મમાં બાંધેલાં શુભ કર્મના ઉદયે આજે તેઓ સુખ ભોગવે છે, તેમ આ જન્મમાં બાંધેલાં અશુભ કર્મના ઉદયે તેઓ દુઃખ ભોગવવાના અને જેઓ ગત જન્મમાં બાંધેલા અશુભ કર્મના ઉદયે આજે દુઃખ ભોગવે છે, તેઓ આ જન્મમાં બાંધેલા શુભ કર્મના ઉદયે સુખ ભોગવવાના.

સારાનું ફળ સારું અને ખરાબનું ફળ ખરાબ એ નિયમ સનાતન છે. તેમાં કોઈ કાળે કંઈ ફેરફાર થતો નથી.

પ્રબળ પુણ્યોદય પર શેઠની વાત

જો જોરદાર શુભ કર્મનો ઉદય હોય તો કોઈની તાકાત નથી કે માણસને હરકત કરી શકે. એક શેઠ હતો. તેને પોતાનું ભવિષ્ય જાણવાનું મન થયું. એ જોશી પાસે ગયો. જોશીએ કુંડળી જોઈને કહ્યું: 'શેઠજી! તમારા ગ્રહો ઘણા સારા છે, અવળા નાખો તો પણ સવળા પડે તેમ છે.' ગ્રહો કંઈ કરતા નથી, પણ સૂચક છે. કરનાર તો પૂર્વનાં કર્મો છે.

શેઠ સમજી ગયો કે મારા ભાગ્યનો ઉદય છે, એટલે પરીક્ષા કરવા રાજાની સભામાં ગયો. વધારેમાં વધારે જોખમ-પીડા વહોરી લેવાનું સ્થાન તો રાજકચેરી જ ને! એ રાજ-સભામાં પહોંચ્યો અને રાજા કે જે સિંહાસન પર બેઠો હતો, તેની નજીક જઈ તેને એક થપ્પડ લગાવી અને તેનો મુગટ પાડી નાખ્યો. બોલો, તમને તમારાં ભાગ્ય પર આવો ભરોસો છે? અને જો હોય તો ધર્મનાં કાર્યોમાં કૃપણ બનો ખરા? સુપાત્રમાં સોને બદલે હજાર કેમ ન ખર્ચો? જેવા ખર્ચો તેવા તીજોરીમાં આવવાના છે, પણ વિશ્વાસ કયાં છે?

પેલા શેઠે રાજાને થપ્પડ મારી અને મુગટ પાડી નાખ્યો, એટલે સિપાઈઓ દોડી આવ્યા અને તેમણે મ્યાનમાંથી તરવાર કાઢી, પરંતુ એ તરવાર શેઠની ગરદન પર પડે તે પહેલાં પુણ્યનાં જોરે બધો મામલો પલટાઈ ગયો. થપ્પડથી નીચે પડેલા મુગટ પર રાજાની દૃષ્ટિ પડી,

તો તેમાં એક નાનો પણ ભયંકર ઝેરી નાગ જોવામાં આવ્યો. રાજાને થયું: 'અહો! આ ઉપકારી ન આવ્યો હોત તો શું થાત?' રાજાએ સિપાઈઓને આગળ વધતાં રોકી દીધા અને મંત્રીઓને હુકમ કર્યો કે 'આ શેઠને ઈનામમાં પાંચ ગામ આપો.'

પુણ્ય પર ભરોસો હોય તો આવો લાભ થાય.

પ્રશ્ન–ભાગ્ય વધે કે પુરુષાર્થ?

ઉત્તર–ભાગ્યને ઘડનાર પુરુષાર્થ છે. દુન્યવી પદાર્થ આદિમાં બાંધેલ કર્મનાં ફળ ભોગવવામાં ભાગ્યની પ્રાધાન્યતા, પણ કર્મને તોડવામાં, પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરવામાં પુરુષાર્થનું પ્રાધાન્ય છે. ધર્મપ્રવૃત્તિમાં પુરુષાર્થને છોડવો નહિ. દરેક વિચાર કે પ્રવૃત્તિમાં જોવાનું માત્ર એટલું કે તે તીર્થંકર ભગવંતે કહ્યા મુજબ છે કે નહિ?

પેલો શેઠ ભાગ્યની પરીક્ષા કરવા ગયો હતો. તેના અવળા પ્રયત્નનું પરિણામ સવળું આવ્યું. તો તમે સવળો-સારો પ્રયત્ન ભાગ્યના ભરોસે કેમ ન કરો?

કર્મની સત્તા તો ફળદ્વારા પ્રત્યક્ષ છે. કોઈ એને પ્રારબ્ધ કહે, કોઈ સંસ્કાર કહે, કોઈ અદૃષ્ટ કહે.

થોડા વખત પછી પેલો શેઠ પાછો જોશી પાસે ગયો અને તેને પૂછવા લાગ્યો કે 'જોશી મહારાજ! હવે મારા ગ્રહો કેવા છે?' જોશી મહારાજે કુંડળી મૂકીને કહ્યું કે 'તમારા ગ્રહો બળવાન છે. તમને કોઈ રીતે હરકત આવશે નહિ.'

પેલો શેઠ ફરી પાછો રાજસભામાં ગયો. રાજાએ તેનું સન્માન કર્યું, ત્યાં તો તેણે રાજાના પગ પકડીને તેને જોરથી નીચે નાખ્યો. સર્વ સભાજનો હાહાકાર કરવા લાગ્યા. સુભટો મારવા દોડ્યા. એવામાં સિંહાસન પાછળથી ભીંતનો કકરો તૂટી પડ્યો. આ જોઈ રાજા ખુશ થયો. 'અહો! આ ઉપકારી ન આવ્યો હોત તો આજ જરૂર દબાઈ જાત અને મારા પ્રાણ ચાલ્યા જાત.' તેણે શેઠને દશ હજાર રૂપિયા ઇનામમાં અપાવ્યા.

વસ્તુપાળ-તેજપાળ સોનાનો ચરૂ દાટવા જંગલમાં ગયા, ત્યાં સામેથી સોનાનો બીજો ચરૂ નીકળ્યો. આ બધું પુણ્યનું ફળ છે. પુણ્ય હોય તો ધન મલે અને પાપના ઉદયે અનેક પ્રકારે પીડા થાય, ભયંકર રોગો થાય. આજે યંત્રો, હથિયારો, અણુબોંબો કેવા કેવા નીકળે છે? ક્ષણમાત્રમાં હજારો જીવોનો નાશ થાય! જેવું ભાગ્ય હોય તેવાં નિમિત્તો તરફ મનુષ્યો ખેંચાય છે અને દુર્ભાગ્યયોગે બરબાદ થાય છે.

છ માસ પછી પાછો એ શેઠ જોશીને ત્યાં ગયો અને પોતાના ગ્રહો કેવા છે, તે પૂછવા લાગ્યો. જોશીએ કહ્યું: 'હજી તમારા ગ્રહો બળવાન છે. તમને કંઈ આંચ આવે તેમ નથી.'

હવે એ શેઠ ગામના દરવાજા બહારથી ગામમાં પેસવાની તૈયારીમાં હતો. ત્યાં રાજાને જોયો. સદા હાથી-ઘોડા પર ફરનારને પગે ચાલવાનું મન ન થાય, પણ આજે તે પગે ફરવા નીકળ્યો હતો. સાથે થોડા માણસો હતા.

રાજા દરવાજામાં પેઠો કે તેણે શેઠને જોયા. તે ખુશ થઈને મળવા આગળ વધ્યો કે શેઠે એને જોરથી ધક્કો માર્યો, એટલે તે દૂર ફંગોળાઈ ગયો અને તેનાં દાંતમાંથી લોહી નીકળવા લાગ્યું. સાથેના માણસો શેઠ તરફ ધસ્યા. ત્યાં તો નગરનો દરવાજો જે જીર્ણ હતો તે તૂટી પડ્યો, રાજા અને તેના માણસો બચી ગયા.

રાજાને થયું કે 'આ શેઠ કેટલો ઉપકારી? એણે મને ત્રણ ત્રણ વખત બચાવ્યો. માટે આ વખતે તો તેને સારામાં સારું ઇનામ આપવું.' અને તેણે શેઠને પોતાનું અર્ધું રાજ્ય આપી દીધું. ઊંધાં કામ પણ સીધાં પડે, એ પ્રબળ પુણ્યની નીશાની છે.

જો પુણ્ય પરવાર્યું હોય તો—

જો પુણ્ય પરવાર્યું હોય તો હોય એ પણ જાય. એક શેઠ પાસે છાસઠ કોડ સોનામહોરો હતી. તેણે એ સોનામહોરોના ત્રણ સરખા ભાગો પાડ્યા હતા. તેમાંથી એક ભાગ જમીનમાં દાટ્યો હતો, બીજો ભાગ વહાણવટાના ધંધામાં રોકયો હતો અને ત્રીજો ભાગ ધીરધારમાં રોકયો હતો. એક દિવસ ખબર આવી કે બધાં વહાણ ડૂબી ગયાં છે. જમીન ખોદી તો તેમાંથી કોલસા નીકળ્યા અને દુકાનમાં તે જ વખતે આગ લાગી, એટલે ધીરધારના બધા ચોપડા બળી ગયા! પાપના ઉદયમાં બધું પાયમાલ થાય છે.

પાપના ઉદય વખતે

પાપનો ઉદય થાય અને એક પછી એક દુઃખો, મુશ્કે-

લીએ કે મુંઝવણો આવી પડે ત્યારે તમે ગભરાઓ છો, હાયવોય કરો છો, રડવા લાગો છો અને આ સ્થિતિ માટે બીજાને દોષપાત્ર ગણી તેમને અનેક પ્રકારના ઓળંભા આપો છો, પણ હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, એ કેમ વિચારતા નથી? તમે પૂર્વભવમાં જે પાપો કર્યાં, અશુભ કર્મો બાંધ્યા, તે ઉદયમાં આવ્યા છે અને તેના લીધે જ તમારી આ હાલત થઈ છે. તેમાં વ્યક્તિઓ તો નિમિત્ત-માત્ર છે. તેમને દોષિત ઠરાવવાથી કે ઓળંભા આપવાથી શો લાભ? રસ્તે જતાં થાંભલા જોડે અથડાઈ પડો તો 'અરે! થાંભલા! તું મને કેમ વાગ્યો?' એમ કહીને તેની જોડે શું લડવા બેસો છો? તમે દરકાર-સાવચેતી ન રાખી એથી તમને વાગ્યો, તેમ તમે પૂર્વકાળે કર્મ બાંધતી વખતે દરકાર-સાવચેતી ન રાખી, એથી આજે વ્યક્તિઓની સાથે અથડામણ થઈ.

એક વાર અણસમજમાં પાપ કર્યું અને તે ઉદયમાં આવ્યું તો તેને શાંતિથી-સમતાથી ભોગવી લ્યો. જો એ વખતે ગભરાયા, હાયવોય કરી, આર્ત્તધ્યાનના સપાટે ચડી ગયા, તો વળી થોકબંધ કર્મ બંધાશે અને ભવિષ્યની સલામતી પણ જોખમાશે. 'ભોગવાયું તેટલું ઓછું' એ સૂત્રને યાદ રાખો અને નવીન કર્મબંધન ન થાય તેની સંભાળ રાખો. આપણા એક મહાત્માએ કહ્યું છે કે 'બંધ સમય ચિત્ત ચેતિયે, ઉદયે શો સંતાપ?' જો કર્મ બાંધતી વખતે જ તમે ચેતીને ચાલો તો ઢીલા બંધાય અને શુભ પરિણામ આપનારાં પણ થઈ જાય. કદાચ તે શુભ પરિણામવાળાં ન થાય અને

અશુભ ફળ આપે તો પણ ઢીલું આપે. તે માટે જાગ્રત રહી, અભ્યાસ કરી, ધર્મધ્યાન, આરાધના, પરમાત્માની ભક્તિ અને રાગદ્વેષ કે કષાયોથી અને તેટલા દૂર રહી પ્રયત્ન કરો તો પછી કર્મના ઉદય વખતે તમારે સંતાપ કરવાની-ડરવાની જરૂર ન રહે.

એટલું યાદ રાખો કે અશુભને શુભ કરવાની અને શુભને અશુભ કરવાની તાકાત આત્મામાં છે, કાર્મણ વર્ગણામાં નથી.

જ્યોતિષશાસ્ત્રમાં સર્વ નિમિત્તોમાં શુકનને વિશેષ માનવામાં આવ્યું છે, તે સુખ-દુઃખ આપનારાં નહિ, પણ સુખ-દુઃખ સૂચવનારાં છે. 'निमित्तानां सर्वेषां शकुनो दण्ड-नायकः-સર્વ નિમિત્તોમાં શુકન નાયક છે, મુખ્ય છે. ગમે તેવાં શુભ ચોઘડિયામાં તમે મંગળ કામ કરવા તૈયાર થાવ, પરંતુ જો શુકન બરાબ થાય તો તમે અટકી જાઓ છો. શાસ્ત્રકારો કહે છે કે-પહેલાં અપશુકન વખતે અટકીને આઠ શ્વાસ ઠેરવું. વળી પાછું ચાલવું. જો બીજી વખત અપશુકન થાય તો થોભીને સોળ શ્વાસ ઠેરવું અને પછી આગળ વધવું. પરંતુ જો ત્રીજી વાર પણ અપશુકન થાય તો ગમે તેવું અગત્યનું કામ હોય-લગ્ન કરવાનું, લાખોનો સોદો કરવાનું, મકાનનું, મુહૂર્ત કરવાનું વગેરે, તો પણ તે દિવસ પૂરતું તો માંડી જ વાળવું.

કેટલાક લોકો અપશુકન કરનાર વસ્તુ કે પ્રાણીનો તિરસ્કાર કરે છે. બીલાડી આડી ઉતરે તો તેને લાકડી પણ

મારી દે છે. પરંતુ ખરું જોતાં તો તેનો તમારે ઉપકાર માનવો જોઈએ, કારણ કે એ તો તમને ભાવી બનાવની સૂચના આપે છે.

આ નિમિત્ત શુકન કરતાં શ્વાસ વધારે બળવાન છે, કારણ કે તેની માત્રા ઘણી બારીક છે. દાખલા તરીકે જમણી ગાય મળી એ નિમિત્તશુકન, પરંતુ જો એ વખતે તમારો શ્વાસ ડાબો ચાલે તો ફળ ન આપે અને જમણો ચાલે તો ઘણું ફળ આપે. ધારો કે બે વ્યક્તિને જમણી બાજુ સ્વર ચાલે છે અને શુકન થાય છે, તો પણ સરખું ફળ ન મળે, કારણ કે તેમાંના એકને શ્વાસ ખેંચતી વખતનો સ્વર હોય જે પૂરક કહેવાય અને બીજાને શ્વાસ કાઢતી વખતનો સ્વર હોય જે રેચક કહેવાય. પૂરકવાળાને વધારે ફળ મળે, રેચકવાળાને ઓછું ફળ મળે.

અહીં એ પણ જાણવાની જરૂર છે કે બંનેને જમણો સ્વર હોય, પૂરક હોય છતાં (પૃથ્વી આદિ) તત્ત્વો જુદાં હોય તો જુદાં ફળ આપે. આ બધી બહુ બારીક વાતો છે, તેમાં સામાન્ય માણસને સમજ ન પડે, તેથી શાસ્ત્રકારોએ કહ્યું છે કે ચિત્તનો ઉત્સાહ બધા કરતાં ચઢી જાય છે. તે દિલની સાક્ષી પૂરે છે. શુભ–અશુભ કરનાર કર્મ છે અને કર્મને લઈને અહીં સારાં કે નરસાં નિમિત્તો મળે છે.

હિતશિક્ષા

હવે મૂળ વિષય પર આવીએ. કર્મના ઉદય અને વિપાકથી જ આપણને સુખ કે દુઃખનો અનુભવ છે. આપણે

સુખમાં નથી રાજી થવાનું કે દુઃખમાં નથી ખેદ પામવાનું, કારણ કે તે બન્ને વસ્તુ કર્મજન્ય છે. જો સુખી પોતાનાથી વધારે સુખી તરફ નજર રાખે તો તેને ગર્વ થાય નહિ, અને દુઃખી પોતાનાથી વધારે દુઃખી તરફ નજર રાખે તો તેને દુઃખ લાગે નહિ. અહીં જ્ઞાનદશાની જરૂર છે.

હર્ષ અને શોક બંનેમાં આર્ત્તધ્યાન છે અને તે દુર્ગતિમાં લઈ જનાર છે. જ્યારે હર્ષ અને શોક બંનેમાં સમભાવ આવે, ત્યારે જ આત્મા પોતાના સ્વભાવમાં છે, એમ સમજવું.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન પચીશમું

કર્મની શુભાશુભતા

મહાનુભાવો !

આ લોક, વિશ્વ, જગત કે દુનિયા છ દ્રવ્યોનો સમૂહ છે. તેમાં એક દ્રવ્ય પલટાઈને બીજું દ્રવ્ય થાય નહિ. જો એક દ્રવ્ય પલટાઈને બીજું દ્રવ્ય થતું હોય તો છનાં પાંચ થાય, પાંચના ચાર થાય, ચારનાં ત્રણ થાય, ત્રણનાં બે રહે અને બેમાંથી એક બની જાય. એ રીતે તો જીવ અને અજીવની કે ચેતન અને જડની જૂદાઈ પણ ન રહે ! પરંતુ એ દ્રવ્યો પલટાતાં નથી, તેથી છનાં છ જ રહે છે.

આત્મા પર કર્મની અસર થાય છે.

આત્મા કોઈપણ સ્થિતિ–સંયોગમાં પુદ્‌ગલનું રૂપ ધારણ કરતો નથી અને પુદ્‌ગલો કોઈ પણ સ્થિતિ–સંયોગમાં આત્માનું રૂપ ધારણ કરતાં નથી, પણ પુદ્‌ગલરૂપ કાર્મણ-વર્ગણાની–કર્મની અસર આત્માના સ્વભાવ પર થાય છે, તેથી જ આ લોકમાં આત્માની ભિન્ન ભિન્ન સ્થિતિ–અવસ્થા–ભૂમિકાઓ સંભવે છે.

ઘોડો અને ગધેડો સાથે રહેતા હોય તો ઘોડો પલ-ટાઇને ગધેડો થતો નથી કે ગધેડો પલટાઇને ઘોડો થતો નથી, પણ એક બીજાના સ્વભાવની અસર એક બીજા પર

પડે છે. બેડૂતોમાં એક કહેવત છે કે 'ધોળિયાની સાથે કાળિયાને બાંધીએ તો વાન ન આવે, પણ સાન જરૂર આવે.' કહેવાની મતલબ એ છે કે જો ધોળા–સારા ગુણ-વાળા બળદની સાથે કાળા–નઠારા સ્વભાવવાળા બળદને રાખ્યો હોય તો એ બળદનો રંગ પલટાઈને કાળો ન થઈ જાય, પણ કાળા બળદની ખોટી ટેવો તો જરૂર આવે.

અને આત્માની અસર કર્મ પર થાય છે.

અહીં તમને પ્રશ્ન થશે કે " કર્મોની અસર આત્મા પર થાય છે, તેમ આત્માની અસર કર્મ પર થાય છે કે નહિ ?' એનો ઉત્તર એ છે કે આત્માની અસર કર્મ ઉપર પણ થાય છે જ. જ્યારે આત્મા કાર્મણવર્ગણાને ગ્રહણ કરી તેને કર્મરૂપે પરિણમાવે છે, ત્યારે તેના ભાગલા પડે છે અને તેમાં સ્વભાવનું નિર્માણ થાય છે, તે આત્માની અસરને લીધે જ થાય છે. આત્મા ધારે તો કર્મની સ્થિતિ અને રસમાં પણ મોટા ફેરફારો કરી શકે છે. આને કર્મ ઉપર થતી આત્માની અસર નહિ તો બીજું શું કહેશો ?

કર્મપ્રકૃતિમાં શુભાશુભનો વ્યવહાર

નિશ્ચયથી જોઈએ તો બધાં કર્મો અશુભ છે, કારણ કે તે મોક્ષપ્રાપ્તિમાં અંતરાય ઊભો કરે છે, પણ વ્યવહારથી જે વસ્તુ ઘણાને ગમે, મોટા ભાગને ગમે, તે શુભ ગણાય છે અને ઘણાને ન ગમે, મોટા ભાગને ન ગમે, તે અશુભ ગણાય છે, એટલે કર્મની પ્રકૃતિમાં શુભ અને અશુભનો વ્યવહાર થાય છે.

શુભ કેટલી ? અશુભ કેટલી ?

કર્મની ઉત્તરપ્રકૃતિ ૧૫૮, પણ બાંધવાની ૧૨૦, સત્તામાં ૧૫૮ અને ઉદયમાં ૧૨૨. અહીં તર્ક થાય કે આમ કેમ ? જો ૧૨૦ નો બંધ હોય તો ઉદયમાં ૧૨૨ શી રીતે ? પણ ૧૨૦ ના બંધમાં દર્શનમોહનીય કર્મની એક મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિ જ બંધાય છે. પછી તેના ત્રણ ભાગ પડી જાય છે. સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય. આમ ઉદયમાં ૧૨૨ પ્રકૃતિ આવે છે.

'બંધમાં ૧૨૦ પ્રકૃતિ શી રીતે ગણાય છે ?' તેનો ખુલાસો પણ કરી દઈએ. જ્ઞાનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિ પાંચ છે, દર્શનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિ નવ છે અને વેદનીય કર્મની ઉત્તરપ્રકૃતિ બે છે, તે બધી બંધમાં ગણાય છે, એટલે ૫ + ૯ + ૨ = ૧૬ પ્રકૃતિ એ થઈ. મોહનીયની ૨૮ ઉત્તર પ્રકૃતિઓમાં સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય ગણાતી નથી, એટલે ૨૬ પ્રકૃતિ એ થઈ. ૧૬ + ૨૬ = ૪૨. આયુષ્યકર્મની ચારે ચાર ઉત્તરપ્રકૃતિની ગણના બંધમાં થાય છે, એટલે ૪૨ + ૪ = ૪૬ થઈ.

નામકર્મની ઉત્તરપ્રકૃતિ ૧૦૩ છે. તેમાં બંધનાં પ્રસંગમાં ૬૭ પ્રકૃતિની જ ગણના થાય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની બધી મળીને ૨૦ પ્રકૃતિઓ છે, પણ અહીં તેની મૂળ પ્રકૃતિની એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની એક એક જ પ્રકૃતિ ગણવામાં આવે છે, એટલે ૧૬ ઓછી થઈ. ઉપરાંત પંદર બંધન અને પાંચ સંઘાતની

પ્રકૃતિ ગણવામાં આવતી નથી, એટલે કુલ ૩૬ ઓછી થઈ. ૧૦૩ – ૩૬ = ૬૭. હવે ૪૬ માં ૬૭ ઉમેરાય તો ૧૧૩ થાય. તેમાં ગોત્રની ૨ અને અંતરાયની ૫ ઉત્તરપ્રકૃતિઓ મળતાં કુલ સંખ્યા ૧૨૦ ની થાય.

શુભાશુભની ગણનામાં ૧૨૪ પ્રકૃતિઓ લેવાય છે, તેનું કારણ એ છે કે ઉપર વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની જે એક એક પ્રકૃતિ ગણવામાં આવી, તેના શુભાશુભની દૃષ્ટિએ બે બે વિભાગો થાય છે, એટલે તેમાં ચાર પ્રકૃતિઓ ઉમેરાય છે. આ રીતે શુભાશુભની ગણનામાં ૧૨૪ પ્રકૃતિનો હિસાબ છે.

'૧૨૪ માં શુભ કેટલી અને અશુભ કેટલી ?' એનો ઉત્તર એ છે કે ૪૨ શુભ અને ૮૨ અશુભ. તે શી રીતે ? એ આજે તમને સમજાવવું છે.

ચાર ઘાતીકર્મની ૪૫ અશુભ પ્રકૃતિઓ

આત્મા સ્વભાવે અનંત જ્ઞાની છે, પણ જ્ઞાનાવરણીય કર્મ તેનાં જ્ઞાનને દબાવે છે, એટલું બધું દબાવે છે કે તેનો અનંતમો ભાગ જ ખુલ્લો રહે છે. જો કર્મનું ચાલે તો આત્માને સાવ જડ બનાવી દે, પણ એટલી હદ સુધી તેનું ચાલતું નથી. અમે પ્રારંભમાં જ કહ્યું છે કે એક દ્રવ્ય પલટાઈને બીજું થતું નથી, એટલે એમ બનવું શક્ય નથી. જ્ઞાનાવરણીય કર્મની પાંચે પ્રકૃતિઓ જ્ઞાનને દબાવે છે, એટલે તે અશુભ ગણાય છે.

આત્મામાં આખી દુનિયા એટલે લોક-અલોક, રૂપી

અરૂપી બધું જોવાની તાકાત છે. તેને રોકનાર દર્શનાવરણીય કર્મ છે. તે પણ જ્ઞાનાવરણીય કર્મની જેમ દર્શનનો અનંતમો ભાગ ખુલ્લો રહેવા દે છે. આત્માના દર્શન સ્વભાવને રોકનારી હોવાથી દર્શનાવરણીય કર્મની નવે ઉત્તરપ્રકૃતિઓ અશુભ ગણાય છે.

મોહનીય કર્મ આત્માના વીતરાગ સ્વભાવને રોકે છે. તેની ઉત્તરપ્રકૃતિઓ અઠ્ઠાવીસ છે. તેમાં દર્શનમોહનીયની એક જ પ્રકૃતિ ગણતાં છવીસ પ્રકૃતિઓ રહે છે. આ છવીસે છવીસ પ્રકૃતિઓ અશુભ છે.

અંતરાય કર્મ આત્માની શક્તિને રોકનારું છે, આત્માને કમજોર બનાવનારું છે. તેની પાંચ પ્રકૃતિઓ અનુક્રમે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યને રોકે છે, તેથી અશુભ છે. આ પાંચે અંતરાય કર્મમાં લાભાંતરાય વધારે નડે છે. દરેક કર્મને તોડનારાં જુદાં જુદાં સાધનો છે, એ રીતે લાભાંતરાયને તોડનારું દાન છે. તમે દાન કરો, એટલે લાભાંતરાય તૂટે. 'લક્ષ્મી પુણ્યને આધીન છે' એમ કહેવાય છે, તેનો અર્થ પણ એજ છે કે તમે દાન કરો, એટલે પુણ્ય વધે અને પુણ્ય વધે એટલે લક્ષ્મી અવશ્ય આવે. કદાચ તે જતી હોય તો પણ રોકાઇ રહે. તમે કુબેર શેઠની વાત સાંભળો. એટલે તમને આ વસ્તુની ખાતરી થશે.

કુબેર શેઠની વાત

એક નગરમાં કુબેર નામનો શેઠ રહેતો હતો. તેની

પાસે સાત પેઢીથી અઢળક ધન ચાલ્યું આવતું હતું. તે રોજ સવારે નાહી–ધોઇને સુંદર તાજાં રંગબેરંગી પુષ્પો વડે લક્ષ્મીદેવીની પૂજા કરતો અને તેને કહેતો કે 'હે માતા! તું છે તો બધું છે, તારા વિના અમારું કશું ન રહે. માટે અમારા પર કૃપા કરજે.'

હવે એક દિવસ રાત્રિના સમયે લક્ષ્મીદેવીએ કુબેરને ઉઠાડ્યો અને કહ્યું કે 'હે શેઠ! હું સાત પેઢીથી તમારી સાથે રહી છું, પણ હવે જવાની છું, માટે તમારી રજા લેવા આવી છું.'

આ શબ્દો સાંભળતાં જ શેઠ ગભરાયા. હવે મારું શું થશે? મારાં કુટુંબીઓનું શું થશે? આ મોજમજાહ અને એશઆરામ શી રીતે કરી શકાશે? તેની આંખમાં આંસુ આવી ગયાં.

લક્ષ્મીએ કહ્યું: 'શેઠ! મને તમારા માટે લાગણી છે. પણ શું કરું? હું પુણ્યને આધીન છું. એ પૂરું થાય એટલે મારે જવું જ પડે.'

કુબેર સમજ્યો કે હવે લક્ષ્મી રોકી રોકાય તેમ નથી, માટે તે ચાલી જાય તે પહેલાં કંઇક કરવું જોઇએ. તેણે ખૂબ નમ્રતાપૂર્વક લક્ષ્મીને કહ્યું: 'તમે જાઓ તો ભલે જાઓ, પણ મારી એક માગણી પૂરી કરતા જાઓ.'

લક્ષ્મીએ કહ્યું: 'તમારી માગણી શી છે?'

કુબેરે કહ્યું: 'તમે માત્ર ત્રણ દિવસ વધારે થોભી જાઓ.'

લક્ષ્મીએ અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકીને જોયું કે આ શેઠનું પુણ્ય હજી ત્રણ દિવસ ચાલે એટલું છે, એટલે તે તથાસ્તુ કહીને અંતર્ધાન થઈ ગઈ.

સવાર થતાં કુબેરે આખાં કુટુંબને જે વાત બની હતી, તે કહી સંભળાવી. તે સાંભળીને બધા ઢીલા થઈ ગયા અને કહેવા લાગ્યા : 'હાય હાય! હવે આપણું શું થશે? હવે તો બધું ચાલ્યું જશે, અમને તો કંઈ સૂઝતું નથી, તમે કહો તેમ કરીએ.'

શેઠ વિચારમાં પડ્યા : 'લક્ષ્મીની આટઆટલી પૂજા કરી છતાં તે જવાને તૈયાર થઈ! જો આટલી પૂજા ભગવાનની કરી હોત તથા દાન-પુણ્ય કર્યું હોય તો તે જાત ખરી? ના, ના, તે ન જ જાત. ત્યારે હું જોઉં છું કે તે કેમ જાય છે?' અને તેણે બધાને ઉદ્દેશીને કહ્યું : 'તમારી પાસે જે કંઈ દરદાગીના કે રોકડ હોય તેનો હમણાં ને હમણાં અહીં મારી સામે ઢગલો કરો.'

'પણ આમ ઘોળે દહાડે? કોઈ જોઈ જશે તો?' સામેથી પ્રશ્ન આવ્યો.

શેઠે કહ્યું: 'તે જાય તેના કરતાં આપણે કાઢીએ તે વધારે સારું. પોતે ત્યાગ કર્યો તેમ કહેવાશે અને વળી મદદ ગણાઈશું.'

થોડી વારમાં દરદાગીના તથા રોકડનો મોટો ઢગલો થયો, એટલે શેઠે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે 'જેને જેટલું જોઈએ તેટલું ધન કુબેર શેઠને ત્યાં આવીને લઈ જાઓ.'

ઢંઢેરો પીટાયો કે કુબેર શેઠને ત્યાં સેંકડો મનુષ્યો આવી પહોંચ્યા અને તેની પાસે જે કંઈ હતું તે બધું એક જ દિવસમાં ખલાસ થઈ ગયું. છેવટે તેની પાસે ભાંગીતૂટી સૂવાની ખાટ અને એક દિવસ ચાલે તેટલી ખોરાકની સામગ્રી રહી. તે ખૂબ નિરાંતથી સૂતો. હવે તેને લક્ષ્મી જાય, એની ચિંતા ન હતી.

ચોથી રાત્રિએ લક્ષ્મી આવી. તેણે કુબેરને જગાડવા ખૂબ પ્રયત્ન કર્યો, ત્યારે તે માંડમાંડ જાગ્યો અને બોલી ઉઠ્યો કે 'કેમ દેવીજી! જવાનું કહેવા આવ્યાં છો ને? તમારે જવું હોય તો ખુશીથી જાઓ.' પરંતુ લક્ષ્મીએ કહ્યું: 'હે શેઠ! હું જવા નથી આવી, પાછી રહેવા આવી છું.'

કુબેરે કહ્યું: 'પણ દેવીજી! હવે તો મારી પાસે કશું નથી. તમે અહીં કેવી રીતે રહેશો?'

લક્ષ્મીએ કહ્યું: 'તમે મને ફરીને બાંધી છે. આ ત્રણ દિવસમાં એટલું બધું પુણ્ય કર્યું છે કે હવે મારે તમારી પાસે રહેવું જ પડશે.'

ઉગ્ર પુણ્ય કે ઉગ્ર પાપનું ફળ તરત દેખાય છે. જો કુબેર શેઠ લક્ષ્મી જવાની છે એમ જાણી રડ્યા હોત, તો લક્ષ્મી રહેત ખરી? તેણે પ્રયત્ન કરીને પ્રબળ પુણ્ય મેળવ્યું, તો ત્રણ જ દિવસમાં તે લક્ષ્મીને જતા રોકી શકયો.

શેઠે કહ્યું: 'પણ તમે અહીં રહેશો શી રીતે?

ઉત્તરમાં લક્ષ્મીએ જણાવ્યું કે 'કાલે સવારે મારાં મંદિરમાં જજો. ત્યાં તને એક અવધૂત-જોગી મળશે. તેને

ઘરે લાવજે અને સારી રીતે જમાડજે. પછી જ્યારે એ જવા લાગે ત્યારે લાકડી મારી પાડી નાખજે. તે સુવર્ણ-પુરુષ એટલે સોનાનો પુરુષ થઈ જશે. તેને ઘરમાં રાખજે. જ્યારે જરૂર પડે ત્યારે તેના હાથપગ કાપી લેજે અને એ નક્કર સોનાનો ઉપયોગ કરજે. એ સોનાના પુરુષને હાથપગ પાછા આવી જશે.' આટલું કહી દેવી અંતર્ધાન થઈ.

બીજા દિવસે શેઠે દેવીનાં કહ્યા પ્રમાણે કર્યું, તો તેને સુવર્ણપુરુષની પ્રાપ્તિ થઈ.

આથી સમજી શકાશે કે **લક્ષ્મી પુણ્યને આધીન છે** અને એ પુણ્ય દાન કરવાથી ઉપાર્જન થાય છે.

કર્મો આઠ છે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયની ગણના પહેલી કરી, કારણ કે તે ચાર ઘાતી કર્મો છે અને તેમની બધી પ્રકૃતિઓ ૫+૯+૨૬+૫=૪૫ અશુભ છે. અઘાતી કર્મમાં એવું નથી. તેમની કેટલીક પ્રકૃતિઓ શુભ છે અને કેટલીક પ્રકૃતિઓ અશુભ છે. ખરું પૂછો તો કર્મની પ્રકૃતિઓમાં શુભાશુભનો વ્યવહાર આ કર્મોને લીધે જ થાય છે.

અઘાતી કર્મની ૪૨ શુભ અને ૩૭ અશુભ પ્રકૃતિઓ

વેદનીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ બે છે: (૧) શાતાવેદનીય અને અશાતાવેદનીય. તેમાં શાતાવેદનીય શુભ છે, અશાતાવેદનીય અશુભ છે. શાતાવેદનીય કર્મના ઉદયથી શાતા જણાય છે, શાંતિનો અનુભવ થાય છે અને આનંદ

આનંદ લાગે છે, જ્યારે અશાતાવેદનીય કર્મના ઉદયમાં સ્થિતિ તેથી વિપરીત હોય છે. જીવ દુઃખીદુઃખી થઈ જાય છે અને એમ માને છે કે અમારી પાસે નોટોનાં બંડલ આવી જાય કે સોનાની પાટો આવી જાય તો અમે સુખી-સુખી થઈ જઈએ, પણ એ એક પ્રકારનો ભ્રમ છે. એથી સુખ જ મળે એવું નથી. સંભવ છે કે એ નોટોનાં બંડલ કે સોનાની પાટ ભારે ઉત્પાત મચાવે અને તમને હેરાન-હેરાન કરી મૂકે. એક વાર સોનાની પાટે કેવો ઉત્પાત મચાવ્યો હતો, તે સાંભળો.

સોનાની પાટે મચાવેલો ઉત્પાત

લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે વાદવિવાદ થયો. તેમાં લક્ષ્મીએ પોતાનું પાણી બતાવવા, ૧૦૮ વાર લાંબી, ૫૪ વાર પહોળી અને ૨૭ વાર જાડી એક સોનાની પાટ જંગલમાં રસ્તાની એક બાજુએ મૂકી અને તેઓ અંતરીક્ષમાં રહીને જોવા લાગ્યા કે હવે શું બને છે?

થોડી વારે ત્યાં બે રજપૂતો આવ્યા. તેમાંના એકે કહ્યું: 'આ સોનાની પાટ પહેલાં મેં જોઈ, માટે મારી.' બીજાએ કહ્યું: 'આપણે બંને સાથે નીકળ્યા, માટે આપણો બંનેનો અરધો અરધ ભાગ.' તેમાંથી રકઝક થઈ, ઉગ્ર બોલાચાલી થઈ, તરવારો ખેંચાઈ, અને બંને ખૂબ લડીને ત્યાંજ કપાઈ મૂઆ.

આ પાટથી થોડે દૂર એક ઝુંપડી હતી. તેમાં બાવાજી રહેતા હતા. સાંજટાણે ગામમાંથી ભિક્ષા માગીને

તે પોતાની ઝુંપડી પર પાછા ફર્યા, ત્યારે આ પાટ તેમનાં જોવામાં આવી. એ તો આ પાટ જોતાં જ આશ્ચર્ય અને આનંદનો અનુભવ કરવા લાગ્યા. ખાવાનું ખાવાનાં ઠેકાણે રહ્યું અને વિચાર કરવા લાગ્યા કે 'હવે શું કરવું?' આ પાટ ઉપડી ઉપડે તેમ ન હતી કે તેને ઉપાડીને ઝુંપડીમાં મૂકી દે, એટલે તેના ટૂકડા કરી ઝુંપડીમાં ભરી દેવાનો વિચાર કર્યો. મનુષ્યને સુવર્ણનો કેટલો મોહ છે? તે જુઓ. જેણે ઘરબાર છોડ્યાં, ભગવાનની ભક્તિ કરવાનો માર્ગ સ્વીકાર્યો, તેનું મન પણ સુવર્ણની પાટ જોઈને ચળી ગયું!

આમ વિચાર કરતાં રાત પડવા આવી, અંધારું થવા લાગ્યું. ત્યાં છ ચોરો એ રસ્તે થઈને ચોરી કરવા નીકળ્યા. એ દરેકના હાથમાં તરવાર હતી. સોનાની પાટનો ઝળહળાટ જોઈ તેઓ એ તરફ વળ્યા અને પાટની નજીક આવ્યા. ત્યાં બાવાજીને બેઠેલા જોયા. ચોરોએ પૂછ્યું: 'બાવાજી! અહીં કેમ બેઠા છો?' બાવાજીએ કહ્યું: 'આ મારી ઝુંપડી છે અને આ મારી શિલા છે, એટલે બેઠો છું.'

'તમારી પાસે આ સોનાની શિલા ક્યાંથી આવી?' એક ચોરે પૂછ્યું.

'ઘણી ભક્તિ કરવાથી ભગવાને મને ભેટ આપી.' બાવાજીએ જવાબ આપ્યો.

'અરે ઢોંગી! તું તો સાધુ છે. તારે સોનાની પાટ શું કરવી છે? એ તો અમે જ લઈ લઈશું.' બીજા ચોરે પડકારીને કહ્યું.

'તમે શેના લઈ જાઓ? એ તો મારી માલીકીની છે.' હજી આ શબ્દો બાવાજીનાં મુખમાંથી પૂરા નીકળ્યા પણ નહિ, ત્યાં તો એનાં મસ્તક પર તરવારો તોળાણી અને તેનું મસ્તક ધડથી છૂટું થઈ ગયું.

આ રીતે સોનાની પાટે ત્રણ માણસોનો ભોગ લીધો, પણ તેમાંનું કોઈ આ પાટનો ટુકડો સરખો પામી શક્યું નહિ.

પોતાના માર્ગમાંથી કાંટો દૂર થયેલો જોઈ ચોરો રાજી થયા અને હવે જીંદગીભર ચોરી કરવાની જરૂર નહિ રહે, એ વિચારે ખુશખુશાલ થઈ ગયા. પણ આ પાટને લઈ જવી શી રીતે? એ પ્રશ્ન મોખરે આવ્યો અને બધા વિચારમાં પડી ગયા. આ પાટને ટુકડા કર્યા સિવાય તો લઈ જવાય તેમ ન હતું, એટલે તેના ટુકડા કરવા નિશ્ચય કર્યો, પણ તેમની પાસે એવું કોઈ સાધન ન હતું કે જેનાથી તેઓ એ પાટના ટુકડા કરી શકે. આ વખતે તેમને નજીકનાં ગામમાં રહેતો એક સોની યાદ આવ્યો. તે સોની આ ચોરોએ ચોરી આણેલી વસ્તુઓ સસ્તા ભાવે ખરીદી લેતો અને એ રીતે તેની સાથે સંબંધ થયેલો.

ચાર ચોરો સોનાની પાટ સાચવવા રહ્યા અને બે ચોરો સોનીને બોલાવવા ગયા. તેમણે સોનીને ઊંઘમાંથી ઉઠાડ્યો, એટલે સોની સમજ્યો કે તે ચોરીનો માલ લાવ્યા હશે. પણ ચોરોએ કહ્યું: 'તમારી પાસે છીણી, હથોડો વગેરે જે સાધન હોય તે લઈને ચાલો. સોનાની પાટના ટુકડા કરવા છે.' પછી તેમણે સોનાની પાટનું વર્ણન કર્યું.

પરંતુ સોનાની આવડી મોટી પાટ હોય, એ વાત સોનીનાં મગજમાં બેઠી નહિ. આથી ચોરોએ તેને પાકી ખાતરી આપી, ત્યારે એ વાત તેણે સ્વીકારી લીધી.

'આમાં મને શું મળશે?' સોનીએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો. ચોરોએ કહ્યું: 'છ જણ અમે છીએ અને સાતમો તું. બધા સરખા ભાગે એ પાટ વહેંચી લઈશું.'

આ સાંભળી સોનીને વિચાર થયો કે 'આવડી મોટી સોનાની પાટનો એક પણ ભાગ આ ચોરો શા માટે લઈ જાય?' તેનાં મનમાં કપટ જાગ્યું અને તેમને એક પણ ટુકડો ન આપવાનું મનથી નક્કી કરીને કહ્યું: 'તમારી વાત સાચી, પણ પેટ ભર્યા વિના આવું મહેનતનું કામ થઈ શકશે નહિ. માટે હું સાથે થોડું ભાતું પણ લઈ લઉં. તમે પણ ખાજો અને હું પણ ખાઈશ.' એમ કહી સોનીએ સાથે લઈ જવા માટે સાત લાડવા તૈયાર કર્યા. તેમાં એક લાડવો કંઈક નાનો રાખ્યો. એ નાના લાડવા સિવાય બાકીના છયે લાડવામાં તેણે ઝેર ભેળવી દીધું. ધન પરની મૂર્ચ્છા માણસની પાસે કેવાં કેવાં કામો કરાવે છે!

સોની બે ચોરો સાથે જંગલમાં આવ્યો અને પેલી પાટ જોઈ ખૂબ ખુશ થયો. પછી તેણે કહ્યું: 'આ કામ બહુ મોટું છે, માટે પ્રથમ આપણે થોડું ખાઈ લઈએ. પછી કામ શરૂ કરીશું.' ચોરો તેમાં સંમત થયા.

સોનીએ પોતાની પાસેનો ભાતાનો દાબડો ઉઘાડ્યો અને તેમાંથી સાત લાડુ કાઢ્યા. બધાને મોટા લાડુ પીરસ્યા

અને પોતે નાનો લીધો. આ વખતે ચોરોને શંકા આવી, એટલે તેમણે પૂછ્યું: 'બધાને મોટા અને તમારે નાનો કેમ?' સોનીએ કહ્યું: 'મને સંગ્રહણીનો રોગ છે, એટલે થોડું જ ખાઉં છું.' આથી ચોરોનાં મનની શંકા ટળી અને તેમણે એ લાડવા પ્રેમથી ખાધા.

સોનીએ વિચાર્યું કે ઝેર ચડતાં થોડી વાર લાગશે, એટલે તેટલો સમય દૂર રહેવું સારું. આથી સહુની રજા લઈ તે હાજતે ગયો અને થોડે દૂર ઝાડીમાં લપાઈ બેઠો.

આ બાજુ પાટને તોડવાનાં સર્વ સાધનો મોજૂદ જોઈ ચોરોની દાનત બગડી, એટલે સોનીને સાતમો ભાગ ન આપવાના નિર્ણય પર આવી ગયા અને તે માટે તેનું કાસળ કાઢી નાખવાનો વિચાર કર્યો.

બીજી બાજુ પેલો સોની છ ચોરોને મરવાની રાહ જોઈને બેઠો છે. આમ એકબીજા એકબીજાનું બૂરું ઇચ્છે છે, મરણ વાંછે છે. તેમને એમ કરાવનારી પેલી સોનાની પાટ છે!

જ્યારે સોનીએ જોયું કે એ ચોરોને બેહોશી આવવા લાગી છે, ત્યારે તે ઝાડીમાંથી નીકળી નજીક આવી ગયો. ચોરોએ કહ્યું: 'આટલી બધી વાર કેમ લગાડી? ચાલ, હવે અમને પાણી પા. પછી આપણે ઝટ ઝટ કામે લાગીએ.' સોની મનમાં ખુશ થયો. તેનાં મનને એમ કે આ લોકો પાણી પીશે કે તરત જ ઢળી પડશે.

સોની પોતાની પાસે દોરી–લોટો લાવ્યો હતો. તે લઈને કૂવા પર ગયો અને વાંકો વળીને પાણી કાઢવા લાગ્યો. ત્યાં ચોરોએ તેને ધક્કો મારીને કૂવામાં ફેંકી દીધો અને સોનીના રામ રમી ગયા. પછી ચોરો પાટ પાસે આવ્યા, ત્યાં ઝેરની પૂરી અસર થવાથી બધા ધરણી પર ઢળી પડ્યા.

આમ સોનાની પાટે બે રજપૂત, એક બાવાજી, એક સોની અને છ ચોર એમ દશનો પ્રાણ લીધો, છતાં એ તો ત્યાંની ત્યાં પડી હતી અને કોઈ તેનો ટુકડો પણ લઈ શકયું ન હતું.

લક્ષ્મીએ કહ્યું: 'જોયું સરસ્વતી? લોકો મારી પાછળ કેટલા પાગલ થાય છે તે? હું તેમની દરકાર ન કરું, તેમને હડધૂત કરું, છતાં તેઓ મારી પાછળ પડે છે અને ખુવાર થાય છે.'

સરસ્વતીએ કહ્યું: 'એનો અર્થ એ કે જે અજ્ઞાની છે, મૂર્ખ છે, તે તારી પાછળ ભમે છે અને દુઃખી થાય છે. અને જે જ્ઞાની છે, સમજુ છે, તે મારી આરાધના–ઉપાસનામાં મસ્ત બની આનંદ કરે છે. હવે તારી આ લીલા સંહરી લે, નહિ તો બીજા પણ અનેક લોભિયા માર્યા જશે.'

પછી લક્ષ્મીએ એ પાટ ત્યાંથી અદૃશ્ય કરી દીધી.

હવે આપણા મૂળ વિષય પર આવીએ.

આયુષ્યકર્મની ચાર પ્રકૃતિ : દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય, તિર્યંચનું આયુષ્ય અને નરકનું આયુષ્ય. તેમાં પહેલી ત્રણ પ્રકૃતિ શુભ અને ચોથી અશુભ. દેવ, મનુષ્ય તથા તિર્યંચને પોતાનું જીવન પ્રિય હોય છે, જ્યારે નારકીનાં જીવોને પોતાનું જીવન પ્રિય હોતું નથી. તેઓ એમાંથી વહેલી તકે છૂટવા ઇચ્છે છે.

શુભાશુભની ગણનામાં નામકર્મની ૭૧ પ્રકૃતિઓ લેવાય છે, એ ખુલાસો હમણાં જ કરી ગયા છીએ. તેમાં ૩૭ શુભ છે અને ૩૪ અશુભ છે. તે આ પ્રમાણે :

ગતિ ચાર છે : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક. તેમાં પહેલી બે શુભ છે અને પછીની બે અશુભ છે. તિર્યંચની ગતિમાં અનેક પ્રકારનાં દુઃખો સહન કરવા પડે છે અને નરક ગતિમાં વેદનાનો પાર હોતો નથી. તમે નારકીનાં ચિત્રો જોયાં હશે. તેમાં પરમાધામીઓ નારકીના જીવોને કેટકેટલા પ્રકારે પીડા ઉપજાવે છે, તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે. એ પીડાઓ આગળ તમારી વર્તમાન જીવનની પીડાઓ તો કંઈ જ હિસાબમાં નથી!

જાતિ પાંચ : એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય, તેમાં પહેલી ચાર અશુભ છે અને છેલ્લી શુભ છે. સારી વસ્તુઓની ગણનામાં પંચેન્દ્રિયની પૂર્ણતાનો ઉલ્લેખ થાય છે, તે તમારાં લક્ષમાં હશે જ.

શરીર પાંચ અને અંગોપાંગ ત્રણ. એ બધાની ગણના

શુભ પ્રકૃતિમાં થાય છે. સંહનન એટલે સંઘયણ છ પ્રકારનાં છે, તેમાં પ્રથમ વજ્રઋષભનારાચસંઘયણ શુભ ગણાય છે અને બાકીનાં પાંચ અશુભ ગણાય છે. સંસ્થાનમાં પણ તેવું જ છે. તેમાં પ્રથમ સમચતુરસ્ર સંસ્થાન શુભ ગણાય છે અને બાકીનાં પાંચ અશુભ ગણાય છે.

વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ શુભ પણ હોય છે અને અશુભ પણ હોય છે: દાખલા તરીકે વર્ણ પાંચ પ્રકારના છે, તેમાં શુકલ, પીત અને રક્ત શુભ છે અને નીલ તથા કૃષ્ણ અશુભ છે. રસ પાંચ પ્રકારના છે, તેમાં મધુર, અમ્લ (ખટમીઠો) અને કષાય (તૂરો) શુભ છે અને તીખો તથા કડવો અશુભ છે. ગંધ બે પ્રકારના છે: તેમાં સુગંધ શુભ છે અને દુર્ગંધ અશુભ છે. સુગંધથી સહુ કોઈ આકર્ષાય છે. અરે! દેવોનું પણ તે આકર્ષણ કરે છે, તેથી જ તેમની સાધના–આરાધના કરતાં ઉત્તમ પ્રકારનાં પુષ્પો, અત્તર તથા ધૂપનો ઉપયોગ થાય છે. દુર્ગંધ કોઈને ગમતી નથી. જરા દુર્ગંધ આવી કે નાકે કપડું દેવાનું મન થાય છે. સ્પર્શ આઠ પ્રકારના છે, તેમાં લઘુ, મૃદુ, સ્નિગ્ધ અને ઉષ્ણ શુભ છે અને ગુરુ, કઠિન, લૂખો તથા શીત અશુભ છે.

આનુપૂર્વી ચાર પ્રકારની છે, તેમાં દેવાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વી શુભ છે અને તિર્યંચાનુપૂર્વી તથા નારકાનુપૂર્વી અશુભ છે.

વિહાયોગતિના તો શુભ અને અશુભ એવા બે પ્રકારો સ્પષ્ટ માનવામાં આવ્યા છે.

ત્રસદશક શુભ ગણાય છે અને સ્થાવરદશક અશુભ ગણાય છે.

આઠ પ્રત્યેક પ્રકૃતિમાં ઉપઘાત સિવાયની સાતે પ્રકૃતિ શુભ છે.*

* નામ કર્મની શુભાશુભ પ્રકૃતિની તાલિકા નીચે મુજબ થાય:

શુભ	અશુભ
૨ ગતિ (દેવ–મનુષ્ય)	૨ ગતિ (તિર્યંચ–નરક)
૧ જાતિ (પંચેન્દ્રિય)	૪ જાતિ (એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય)
૫ શરીર (ઔદારિકાદિ)	
૩ અંગોપાંગ (ઔદારિકાદિ)	
૧ સંહનન (વજ્રઋષભનારાચ)	૫ સંઘયણ (ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા અને સેવાર્ત)
૧ સંસ્થાન (સમચતુરસ્ર)	૫ સંસ્થાન (ન્યગ્રોધપરિમંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક)
૪ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ	૪ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ
૨ આનુપૂર્વી (દેવાનુપૂર્વી તથા મનુષ્યાનુપૂર્વી)	૨ આનુપૂર્વી (તિર્યંચાનુપૂર્વી તથા નારકાનુપૂર્વી)
૧ વિહાયોગતિ	૧ વિહાયોગતિ
૧૦ ત્રસદશક	૧૦ સ્થાવરદશક
૭ પ્રત્યેક પ્રકૃતિ (અગુરુલઘુ, પરાઘાત, આતપ, ઉદ્યોત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ અને તીર્થંકર)	૧ પ્રત્યેક પ્રકૃતિ (ઉપઘાત)
૩૭	૩૪

આ પરથી તમે કર્મની શુભ પ્રકૃતિ કોને કહેવાય અને અશુભ પ્રકૃતિ કોને કહેવાય, તે બરાબર સમજી શકયા હશો. જેઓ પુણ્ય કરે છે, તેને શુભ પ્રકૃતિ બંધાય છે; અને જેઓ પાપ કરે છે, તેને અશુભ પ્રકૃતિ બંધાય છે. આથી જે મનુષ્યો જીવનમાં સુખ, શાંતિ અને આબાદીની ઇચ્છા રાખતા હોય તેમણે પાપનો પરિહાર કરવો. આ વિષયમાં ઘણું વક્તવ્ય છે, તે અવસરે કહેવાશે.

વ્યાખ્યાન છવીસમું

કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા

[૧]

મહાનુભાવો !

ગઈ કાલે વ્યાખ્યાન બાદ એક મહાશય અમને મળવા આવ્યા અને તેમણે પ્રશ્ન કર્યો કે ' કર્મો આત્માને જ શા માટે ચોંટે ? શરીરને કેમ નહિ ?' અમે કહ્યું : ' તમારો પ્રશ્ન ઠીક છે. પણ લોકો દેવ–ગુરુને જ શા માટે પંચાંગ પ્રણિપાત કરે છે અને તમને કરતા નથી ? એનો વિચાર કરો તો તમારા પ્રશ્નનો જવાબ તમને મળી જશે. '

થોડી વાર વિચાર કરીને એ મહાશયે કહ્યું કે ' મારી તે પ્રકારની યોગ્યતા નથી, એટલે લોકો મને પંચાંગપ્રણિપાત કરતા નથી. ' અમે કહ્યું : ' એ જ ન્યાય અહીં લાગુ કરો. શરીરની તે પ્રકારની યોગ્યતા નથી, માટે કર્મો તેને ચોંટતા નથી.' વિશેષમાં અમે કહ્યું કે ' લોહચુંબક તો તમે જોયું છે. તેને ટેબલ પર ધરો કે લોખંડની ટાંકણીઓ તેને બરાબર ચોંટી જાય છે, પણ કુટપટી કે રબર ધરો તો એ ટાંકણીઓમાં કંઈ ક્રિયા થતી નથી, એ પોતાને સ્થાને

હતી તેમને તેમ જ પડી રહે છે. આ પરથી એમ સમજવું જોઈએ કે જેવો સ્વભાવ હોય તેવી ક્રિયા થાય છે.'

એ મહાશયે કહ્યું : 'જો ચોંટવું એ કર્મનો સ્વભાવ છે, તો એ આત્માને પણ ચોંટે અને શરીરને પણ ચોંટે. આત્માને ચોંટાય અને શરીરને ન ચોંટાય એવો વિવેક તો એ કરી શકે નહિ, કારણ કે પોતે જડ છે.'

અમે પૂછ્યું : 'કર્મ શું છે, એ તો તમે જાણો છો ને?' તેમણે કહ્યું : 'હા. કર્મ એ જડ છે, પુદ્ગલ છે. એ હું સારી રીતે જાણું છું.'

અમે કહ્યું : બધાં પુદ્ગલો કર્મ કહેવાય?'

તેમણે કહ્યું : 'બધાં પુદ્ગલો કર્મ ન કહેવાય, પણ તેમાંથી જેટલાની કાર્મણવર્ગણા બનેલી હોય તેને કર્મ કહેવાય.'

અમે કહ્યું : 'તમારી આ સમજમાં ફરક છે. આપણી ઊંચે, નીચે અને ચારે બાજુ સકલ લોકમાં કાર્મણવર્ગણાઓ ઠાંસીઠાંસીને ભરેલી છે, પણ તે બધી કર્મ કહેવાતી નથી. આત્મા જેટલી કાર્મણવર્ગણાને ગ્રહણ કરે અને પોતાના પ્રદેશો સાથે મેળવી દે તેને જ કર્મ કહેવાય. એ વાત તો તમે પણ કબૂલ કરશો કે એક તાસ (પરાત)માં ઘણો આટો પડ્યો હોય, તેમાંથી જેટલાની કણક બંધાય અને રોટલી તૈયાર થાય, તેને રોટલી કહેવાય અને બાકીનો બધો આટો જ કહેવાય.'

આ વાત તેમણે કબૂલ કરી, એટલે અમે આગળ કહ્યું

કે 'આત્મા જેટલી કાર્મણવર્ગણાને ગ્રહણ કરે અને પોતાના પ્રદેશો સાથે મેળવી દે તેને જ કર્મ કહેવાય છે, એનો અર્થ એ છે કે કર્મો પોતાની મેળે આત્માને ચોંટતા નથી, પણ આત્મા પોતાની ક્રિયા વડે તેને પોતાના ભણી ખેંચે છે અને તેનાં પુદ્ગલો પોતાના પ્રદેશમાં મેળવી દે છે. આને આપણે વ્યાવહારિક ભાષામાં 'કર્મ આત્માને ચોંટ્યા' એમ કહીએ છીએ. તમે રેલ્વેમાં મુસાફરી કરતા હો ત્યારે 'અમુક સ્ટેશન આવ્યું' એમ કહો છો, પરંતુ વાસ્તવિક રીતે એ ચાલીને તમારી સામે આવ્યું નથી. તમે પોતે ગાડીમાં બેસીને એની સામે ગયા છો. અહીં પણ એમ જ સમજવાનું છે.

અમારો આ ખુલાસો સાંભળી એ મહાશયે પ્રશ્ન કર્યો કે 'કર્મ તો આત્માના કટ્ટર શત્રુ છે, તેને એ જાણી-બુઝીને પોતાની ક્રિયા વડે શા માટે ગ્રહણ કરે? 'પડ પાણા પગ ઉપર' એવું તો કોઈ અજ્ઞાની કે મૂરખ જ કરે.'

અમે કહ્યું: 'કર્મ આત્માના કટ્ટર શત્રુ છે, એ વાત સાચી, પણ અજ્ઞાનાદિ દોષોમાં સબડી રહેલો આત્મા એ વાત સમજતો નથી, એટલે તે પોતાની ક્રિયા વડે કર્મને ગ્રહણ કર્યા કરે છે અને તેનું ફળ ભોગવીને દુઃખી થાય છે.'

આ સાંભળીને એ મહાશયે કહ્યું કે 'જ્ઞાન લક્ષણવાળો આત્મા એટલું પણ ન સમજી શકે કે કર્મ મારા કટ્ટર શત્રુ છે, માટે મારાથી તેને ગ્રહણ થાય નહિ?'

પ્રારંભનો પ્રશ્ન સામાન્ય હતો, પણ તેમાંથી ઠીક ઠીક

ચર્ચા જાગી. આવી રીતે ચર્ચા જામતી રહે અને પ્રશ્નો પૂછાતા જાય, ત્યારે જ અનેકવિધ ભ્રમોનું નિવારણ થાય અને સત્યનો પ્રકાશ સાંપડે. પરંતુ ગુરુ પાસે આવતા રહો અને તેમનાં પડખાં સેવતા રહો, તો જ આ પ્રકારનો લાભ મળે. લોકલાજે ગુરુનાં દર્શને આવો અને જલ્દી જલ્દી વંદન કરીને ચાલતા થાઓ, એમાં આવો લાભ શી રીતે મળે? આગળના શ્રાવકો તત્ત્વની વાતમાં ખૂબ રસ લેતા અને ગુરુને ઝીણવટભર્યા પ્રશ્નો પૂછતા. ગુરુને એ પ્રશ્નોનો ઉત્તર આપતાં આનંદ થતો. શ્રાવકો જ્ઞાનપીપાસુ હોય, તત્ત્વના રસિયા હોય, તો ગુરુને આનંદ કેમ ન થાય?

અમે પેલા મહાશયને કહ્યું: 'આત્મા જ્ઞાનલક્ષણવાળો છે અને તેથી વસ્તુને જાણી શકે છે, એ વાત સાચી, પણ પ્રારંભમાં તે નિગોદમાં હોય છે, ત્યારે ઘોર અજ્ઞાનથી છવાયેલો હોય છે. તેને અક્ષરના અનંતમાં ભાગ જેટલું જ જ્ઞાન ખુલ્લું હોય છે, તેથી તે કોઈ પણ પ્રકારનો વિચાર કરી શકે એવી સ્થિતિમાં હોતો નથી. પછી અકામનિર્જરાના યોગે કર્મનો ભાર જેમ જેમ હળવો થતો જાય છે, તેમ તેમ તેનાં જ્ઞાનની માત્રા વધતી જાય છે અને જ્યારે તે મનુષ્યભવને પામે છે, ત્યારે તેને સંપ્રધારણ સંજ્ઞા પ્રાપ્ત થયેલી હોવાથી સારા-ખોટાનો વિવેક કરી શકે છે. પરંતુ મહાનુભાવ! તમે જુઓ છો કે આવી સુંદર સંજ્ઞા પ્રાપ્ત થયેલી હોવા છતાં ઘણા મનુષ્યો પોતાનું હિતાહિત સમજતા નથી અને યદૃચ્છા પ્રવૃત્તિ કર્યા કરે છે. જો મનુષ્યો એટલું સમજી જાય કે કર્મ અમારી પોતાની મિલકત કે મૂડી નથી,

પણ અમારા કટ્ટર શત્રુની ફોજ છે અને તે અમને હાલ-હવાલ કરી નાખશે, તો તેઓ કર્મ બાંધવાથી દૂર રહે અને છેવટે દૂર ન રહે તો પણ જે કર્મ બાંધે તે ખૂબ ઢીલા બાંધે, જેથી તેમને આગળ પર અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી ન પડે.

એક વસ્તુ નિતાન્ત અહિતકારી છે, એમ જાણવા છતાં મનુષ્યો તેનો સર્વથા ત્યાગ કરી શકતા નથી, એ કેટલી શોચનીય સ્થિતિ છે?

મીઠાના થોડા સ્વાદ ખાતર પ્રાણ ગુમાવનાર શ્રીમંતપુત્ર

એક શ્રીમંત ગૃહસ્થનો પુત્ર એકાએક બીમાર પડ્યો અને હવે બચી શકશે નહિ, એમ લાગ્યું. સગાંવહાલાં કાળો કલ્પાંત કરવા લાગ્યાં. એવામાં કોઈકે કહ્યું કે 'અહીંથી થોડે દૂર એક સંન્યાસી રહે છે અને તે બહુ જાણકાર છે, માટે તેમને બોલાવો. જો ટેકી લાગવી હશે તો લાગી જશે.'

માણસો દોડીને સંન્યાસી પાસે ગયા અને ખૂબ વિનંતિ કરીને તેને ઘરે લઈ આવ્યા. તેણે આ છોકરાની તબિયત તપાસીને કહ્યું કે 'એક વાત તમારે કબૂલ હોય તો આ છોકરાને દવા આપું.' માતાપિતાએ પૂછ્યું કે 'એ વાત શું છે?' સંન્યાસીએ કહ્યું: 'હું જે દવા આપીશ તેનાથી તમારો છોકરો જીવી જશે ખરો, પણ એને લવણનો-મીઠાનો સ્વાદનો માટે ત્યાગ કરવો પડશે.'

'છોકરો જીવતો હોય તો ભલે જીંદગીભર મોણું ખાય' એવો વિચાર કરી તેમણે એ શરત કબૂલ કરી, સંન્યાસીએ દવા આપી અને એ છોકરો બચી ગયો.

હવે એ છોકરો મીઠા વિનાની રસોઈ જમે છે અને કોઈ પણ વસ્તુમાં મીઠું વાપરતો નથી. તેની તબિયત દરેક રીતે સારી છે. એવામાં એક દિવસ માતાપિતા વગેરે વ્યાવહારિક કામપ્રસંગે બહાર ગયા અને પોતે તથા નોકર એમ બે જણ ઘરમાં રહ્યા. એ વખતે બદામ અને પીસ્તા જોઈ છોકરાનું મન લલચાયું. તેનાં મનને એમ કે બદામ અને પીસ્તામાં મીઠું આવીને કેટલું આવે? એ કંઈ હરકત કરે નહિ. તેણે નોકરને કાચની બરણીમાંથી થોડા બદામ–પીસ્તા આપવાનું કહ્યું. એ તો નોકર, એટલે તેને હુકમ માન્યા વિના છૂટકો નહિ.

છોકરાએ એ બદામ–પીસ્તા હોંશથી આધા. પણ થોડી વાર થઈ, ત્યાં બેચેની જણાવા લાગી અને તે ધીમે ધીમે વધતી ગઈ. જ્યારે માતાપિતા ઘરમાં પાછા ફર્યા, ત્યારે તેની હાલત ઘણી બગડી ચૂકી હતી. તેમણે નોકરને પૂછ્યું કે 'અમે ગયા ત્યારે આને નખમાં યે રોગ ન હતો અને એકાએક આ શું થયું? શું તેણે કોઈ વસ્તુ ખાધી છે?' નોકરે જેવી હતી, તેવી વાત કહી સંભળાવી. આથી તેઓ સમજી ગયા કે આ તો મહા અનર્થ થયો. હવે શું કરવું?

તેઓ દોડીને પેલા સંન્યાસી પાસે ગયા અને પોતાનાં ઘરે બોલાવી લાવ્યા. સંન્યાસીએ આ છોકરાની હાલત જોતાં

જ કહ્યું કે 'આનાં પેટમાં મીઠું ગયું છે. હું લાચાર છું કે હવે તેને માટે કોઈ ઉપાય થઈ શકે એમ નથી. મેં સિદ્ધ રસાયણ બનાવીને એનો જીવ બચાવ્યો હતો. એ રસાયણની પહેલી શરત એ હતી કે તેનો ઉપયોગ કર્યા પછી મીઠું ન ખવાય. તેથી મેં તમારી સાથે એ પ્રકારની શરત રજૂ કરી હતી, પણ આજે કોઈ ને કોઈ કારણે એ શરતનો ભંગ થયો છે, એટલે હાલત આ પ્રકારની બની ગઈ છે. હવે તમારે એને રામનામ સંભળાવવું હોય તો સંભળાવી દો, કારણ કે તે માત્ર અર્ધા કલાકનો જ આ દુનિયાનો મહેમાન છે.'

આ શબ્દો સાંભળતાં જ ઘરમાં ભયંકર રોકકળ થઈ રહી અને અર્ધા કલાકમાં તે છોકરો મરણ પામ્યો.

આ થોડા વર્ષ પહેલાં બનેલી સાચી હકીકત છે. તેના પરથી તમને મનુષ્યનો સ્વભાવ કેવો છે, તેનો ખ્યાલ આવી શકશે. જ્યારે અશાતાવેદનીયનો ઉદય હોય ત્યારે મનુષ્ય ફરી કર્મ ન બાંધવાનો નિર્ણય કરે છે, પણ જ્યાં શાતાવેદનીયનો ઉદય થયો, ત્યાં નિર્ણય નિર્ણયનાં ઠેકાણે રહે છે અને તે પોતાની પુરાણી ચાલે ચાલ્યા કરે છે. આ વખતે કેટલો કર્મબંધ થાય છે અને તેનું શું પરિણામ આવશે, તેનો વિચાર તે કરતો નથી.

એ મહાશયને અમારા આ ખુલાસાથી સંતોષ થયો અને તેઓ કર્મસંબંધી વિશેષ જ્ઞાન મેળવવા માટે આજનાં વ્યાખ્યાનમાં હાજર છે.

કર્મબંધનાં કારણો અનાદિ કાલનાં છે.

આત્મા અનાદિ કાલનો, તેમ કર્મ પણ અનાદિ કાલનાં. કર્મ અનાદિ કાલનાં, તેમ કર્મબંધ પણ અનાદિ કાલનો. કર્મબંધ અનાદિ કાલનો, તેમ કર્મબંધનાં કારણો પણ અનાદિ કાલનાં. કારણ વિના કાર્ય હોય નહિ.

કારણોનો ક્રમ સહેતુક છે.

કર્મબંધનાં સામાન્ય કારણો ચાર છે : મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. અહીં મિથ્યાત્વ પહેલું કેમ ? અવિરતિને બીજું સ્થાન શા માટે ? કષાયને ત્યાર પછી મૂકવાનું કારણ શું ? યોગ છેવટે શાથી ? આ પ્રશ્નો તમારાં મનમાં ઉઠશે, એટલે તેનું સમાધાન જરૂરી છે.

જ્યાં સુધી મિથ્યાત્વ હોય, ત્યાં સુધી અવિરતિ જતી નથી; જ્યાં સુધી અવિરતિ હોય, ત્યાં સુધી કષાયો જતા નથી; અને જ્યાં સુધી કષાયો જતા નથી, ત્યાં સુધી યોગનિરોધ થતો નથી; એટલે પ્રથમ મિથ્યાત્વ, પછી અવિરતિ, પછી કષાય અને છેવટે યોગને મૂકવામાં આવેલ છે. તમે ગુણસ્થાનકોનો ક્રમ જોશો, એટલે આ વસ્તુનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવશે. ચોથા ગુણસ્થાનકે મિથ્યાત્વનો નાશ થાય, છઠ્ઠા ગુણસ્થાનકે અવિરતિનો નાશ થાય, બારમા ગુણસ્થાનકે કષાયનો નાશ થાય અને ચૌદમા ગુણસ્થાનકે યોગનિરોધ થાય. તાત્પર્ય કે આત્માએ વિકાસના જે ક્રમને અનુસરવાનો છે, તેને અનુલક્ષીને જ અહીં બંધનાં કારણો બતાવ્યાં છે, એટલે તે સહેતુક છે.

પહેલું કારણ મિથ્યાત્વ

મિથ્યાત્વને મહાશત્રુની, મહારોગની, મહાવિષની અને મહા અંધકારની ઉપમા આપવામાં આવી છે, કારણ કે તે બધાં કર્મોની જડ છે અને તેની વિદ્યમાનતામાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જ્યાં સમ્યક્ત્વ ન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન ક્યાંથી હોય ? અને સમ્યગ્જ્ઞાન ન હોય ત્યાં સમ્યક્ચારિત્ર ક્યાંથી હોય ? સમ્યક્ ચારિત્ર વિના મુક્તિ મળે નહિ, એ જ્ઞાનીઓએ પોકારીને કહેલું છે; આથી આત્માને સંસારમાં રખડાવવાનો મુખ્ય દોષ મિથ્યાત્વ પર આવે છે. શાસ્ત્રકાર ભગવંતોએ ' **मिच्छत्तं भवबुड्ढिकारणं** ' એ શબ્દો વડે આ વસ્તુ પ્રકટ કરી છે.

જો મિથ્યાત્વ જાય તો કર્મને ક્ષય રોગ લાગુ પડે, એટલે તેને ગયા વિના છૂટકો જ નહિ. અર્ધપુદ્ગલપરાવર્તન જેટલા સમયમાં તે અવશ્ય નાશ પામે અને આત્મા મુક્તિનાં શાશ્વત સુખનો અધિકારી થાય.

અભવ્ય આત્માઓ તો અનંતકાલ સુધી સંસારમાં રખડતા જ રહે છે, કારણ કે તેમનું મિથ્યાત્વ કદી દૂર થતું નથી. તેઓ બધો વખત મિથ્યાત્વમાં જ રાચતા હોય છે.

પ્રશ્ન—અભવ્ય આત્માઓને જ્ઞાન હોય કે નહિ ?

ઉત્તર—જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, એટલે બધા આત્માઓની જેમ અભવ્ય આત્માઓને પણ જ્ઞાન હોય છે, પરંતુ અહીં જ્ઞાન શબ્દથી સમ્યગ્જ્ઞાન પૂછવામાં આવતું

હોય તો તેવું જ્ઞાન અભવ્ય આત્માઓને હોતું નથી. સમ્યક્ત્વ સહિત જે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને અભવ્ય આત્માઓને સમ્યક્ત્વ હોતું નથી.

પ્રશ્ન—અભવ્ય આત્માઓને શાસ્ત્ર-સિદ્ધાંતનું જ્ઞાન હોય કે નહિ ?

ઉત્તર—હોઈ શકે, પણ સમ્યગ્જ્ઞાન હોય નહિ.

પ્રશ્ન—શાસ્ત્ર-સિદ્ધાંતનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી ?

ઉત્તર—શાસ્ત્રસિદ્ધાંતનું જ્ઞાન જો સમ્યક્ત્વપૂર્વક હોય તો જ એ સમ્યગ્જ્ઞાન, અન્યથા મિથ્યાજ્ઞાન. જેમ સાપને પાયેલું દૂધ વિષરૂપે પરિણમે છે, તેમ મિથ્યાત્વીએ કરેલું શાસ્ત્ર-સિદ્ધાંતનું જ્ઞાન પણ તેને મિથ્યાત્વરૂપે પરિણમે છે. એક આત્માએ ચારિત્ર લીધું હોય, શાસ્ત્ર-સિદ્ધાંતનો અભ્યાસ કર્યો હોય અને આચાર્યપદની પ્રાપ્તિ કરી હોય, છતાં અભવ્ય હોઈ શકે છે. અંગારમર્દકસૂરિનો પ્રબંધ આ વસ્તુ પર વધારે અજવાળું પાડશે.

અંગારમર્દકસૂરિનો પ્રબંધ

શ્રી વિજયસેનસૂરિ પોતાના વિશાળ શિષ્યસમુદાય સાથે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં વિરાજતા હતા. તે વખતે એક રાત્રે એક શિષ્યને સ્વપ્ન આવ્યું કે ' પાંચસો સુંદર હાથી ચાલ્યા આવે છે અને તેમનો નાયક ભૂંડ છે. '

કેટલાંક સ્વપ્નો ભાવી બનાવનાં સૂચક હોય છે, અને તેમાંથી ચોક્કસ અર્થ નીકળે છે. આવાં સ્વપ્નો દેવ કે ગુરુની સન્મુખ અથવા ગાયના કાનમાં કહેવા જોઈએ.

સવાર થયું, એટલે શિષ્યે વિનયપૂર્વક એ સ્વપ્ન ગુરુને જણાવ્યું અને તેનો અર્થ પૂછ્યો. ગુરુ અષ્ટાંગનિમિત્તના સારા જાણકાર હતા. તેમણે બધા શિષ્યો સાંભળે એ રીતે કહ્યું કે ' આજે અહીં પાંચસો સુવિહિત સાધુઓ સાથે એક અભવ્ય આચાર્ય આવશે. '

ગુરુ જ્ઞાની હતા, એટલે તેમનાં વચનમાં શંકા કરવા જેવું ન હતું, પણ તે જ દિવસે પાંચસો શિષ્યોથી પરિવરેલા રુદ્રાચાર્ય એ નગરમાં આવ્યા અને તેમની જ્ઞાનગર્ભિત મધુર દેશના સાંભળવા હજારો નગરજનો ઉમટી પડ્યા. ત્યારે આ શિષ્યોને વિચાર આવ્યો કે ' આ સાધુઓ સુવિહિત છે અને આચાર્ય અભવ્ય છે, એમ શાથી જાણવું ? ' તેમણે એ પ્રશ્ન ગુરુ આગળ રજૂ કર્યો, એટલે ગુરુએ કહ્યું કે ' હું તમારી શંકાનું નિવારણ કરીશ. ' પછી રુદ્રાચાર્ય અને તેમના શિષ્યોને રાત્રિના સમયે લઘુશંકા (પેશાબ) કરવાનું જે સ્થાન હતું, ત્યાં નાના નાના કોયલા (અંગારા) પથરાવી દીધા અને હવે શું બને છે, તે પર દેખરેખ રાખવાનું કહ્યું.

રાત્રિના બે પ્રહર વ્યતીત થઈ ગયા અને ત્રીજો પ્રહર શરૂ થયો, ત્યારે રુદ્રાચાર્યના કેટલાક શિષ્યો લઘુનીતિ× કરવા ઉઠ્યા. તે વખતે પગ નીચે કોયલા (અંગાર) દબાવાથી ચૂં ચૂં અવાજ થવા લાગ્યો. તેઓ સમજ્યા કે ' નક્કી અમારા પગ નીચે કોઈ ત્રસજીવો ચંપાયા. ' એટલે બોલી ઉઠ્યા કે

× મૂત્રવિસર્જનની ક્રિયાને લઘુનીતિ કહેવામાં આવે છે.

હા ! હા ! ધિક્કાર હો અમારાં આ દુષ્કૃત્યને.' અને તેઓ એનું પ્રતિક્રમણ કરવા તૈયાર થયા. આ જોઈ સૂરિજીના શિષ્યોને ખાતરી થઈ કે આ સાધુઓ ભવભીરુ અને સુવિહિત છે.

થોડી વાર પછી રુદ્રાચાર્ય પોતે લઘુનીતિ કરવા ઉઠ્યા, ત્યારે તેમના પગ નીચે કોયલા દબાયા અને ચૂં ચૂં અવાજ થવા લાગ્યો. આથી તેઓ સમજ્યા કે કોઈ ત્રસજીવો મારા પગ નીચે ચંપાય છે, પરંતુ એ દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરવાને બદલે તેઓ વધારે જોરથી પગ મૂકીને બોલ્યા કે, 'આ કોઈ અરિહંતના જીવો પોકારતા લાગે છે.'

સૂરિજીના શિષ્યોએ આ શબ્દો કાનોકાન સાંભળ્યા, એટલે તેમને ખાતરી થઈ કે આ આચાર્ય અભવ્ય છે, નહિ તો તેમનું વર્તન આવું નિષ્ઠુર હોય નહિ. જે આત્માઓને અરિહંત દેવમાં શ્રદ્ધા નથી, તેમનાં પ્રવચનમાં શ્રદ્ધા નથી અને તેમાં પ્રરૂપાયેલાં અહિંસા, સંયમ અને તપની મંગલમયતામાં શ્રદ્ધા નથી, તેનામાં સમ્યક્ત્વ શી રીતે હોઈ શકે ?

સવારે શ્રી વિજયસેનસૂરિએ રુદ્રાચાર્યના શિષ્યોને કહ્યું કે 'હે શ્રમણો ! તમારે આ ગુરુ સેવવા યોગ્ય નથી, કારણ કે તે કુગુરુ છે. આ વસ્તુ મારે તમને એટલા માટે કહેવી પડે છે કે 'આચારથી ભ્રષ્ટ થયેલો આચાર્ય, ભ્રષ્ટ આચારવાળાને ન રોકનારો આચાર્ય અને ઉન્માર્ગની પ્રરૂપણા કરનારો આચાર્ય, એ ત્રણે ધર્મનો નાશ કરે છે.'

આ હિતશિક્ષા સાંભળી સાપ કાંચળીનો ત્યાગ કરે

તેમ આ શિષ્યોએ પોતાના ગુરુનો ત્યાગ કર્યો અને શુદ્ધ ચારિત્રનું પાલન કરી અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ કરી. અંગારમર્દક રુદ્રાચાર્યનો જીવ સમ્યક્ત્વના અભાવે–અંતરની ઊંડાણમાં ભરાઈ રહેલા મિથ્યાત્વના યોગે અપાર સંસારસાગરમાં રખડતો જ રહ્યો અને જુદી જુદી યોનિઓમાં જન્મધારણ કરીને દુઃખ પામતો જ રહ્યો. આજે પણ તે સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનંતકાળ સુધી પરિભ્રમણ કર્યા કરશે.

મિથ્યાત્વ અને સમ્યક્ત્વ

મિથ્યાત્વ એટલે જૂઠી માન્યતા અને સમ્યકત્વ એટલે સાચી માન્યતા. વસ્તુ હોય એક પ્રકારની અને માને બીજા પ્રકારની ત્યાં મિથ્યાત્વ જાણવું. એક મનુષ્ય પરમાત્માને માને છે, પણ તેને અવતાર લેનારો માને છે, તો ત્યાં મિથ્યાત્વ જાણવું, કેમકે પરમાત્માએ તો સર્વ કર્મનો ક્ષય કરેલો છે, એટલે તે ફરીને સંસારમાં પડતા નથી. એજ રીતે એક મનુષ્ય આત્માને માને પણ તેને ક્ષણભંગુર માને કે પરમાત્મામાં તેનો લય થઈ જાય છે એમ માને, તો ત્યાં પણ મિથ્યાત્વ જાણવું, કેમકે આત્મા નાશવંત નથી, અમર છે.

દુનિયાની વસ્તુને યથાર્થરૂપે સમજનાર સર્વજ્ઞ છે. આપણે છદ્મસ્થ હોઈ તેને યથાર્થરૂપે સમજી શકતા નથી. માટે સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું છે તે સાચું માનવું, તેમાં જ સમ્યક્ત્વ છે. મિથ્યાદૃષ્ટિની માન્યતા આથી વિપરીત હોય છે, એટલે તે પોતાની ઇચ્છામાં આવે એ રીતે વસ્તુને માને છે, પરંતુ તેમાં લાભ નથી, નિતાન્ત નુકશાન જ છે.

સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યાત્વની કરણીમાં ફેર શું ?

એક જીવને મારવાની જરૂર પડે તો સમ્યગ્‌દૃષ્ટિ પણ મારે અને મિથ્યાદૃષ્ટિ પણ મારે, પરંતુ એ બંનેનાં મારવામાં ફરક છે. સમ્યગ્‌દૃષ્ટિ જીવને મારવો પડે તો તે ક્રિયા રસવિના, ફરજને કારણે, માથે આવી પડેલી ક્રિયા ગણીને, તે પાપ છે તેમ સમજીને કરે, તેથી કર્મનો જે બંધ બંધાય તે ઢીલો બંધાય. જ્યારે મિથ્યાદૃષ્ટિ, જીવને મારવો પડે તો તે ક્રિયા જાણીબુઝીને, રસપૂર્વક, તેને પાપ સમજ્યા વિના કરે, એથી તેને કર્મનો બંધ મજબૂત પડે.

મિથ્યાદૃષ્ટિને કર્મની નિર્જરા ઓછી અને સમ્યગ્‌દૃષ્ટિને કર્મની નિર્જરા વધારે. મિથ્યાદૃષ્ટિને કર્મની નિર્જરા અકામ એટલે સમજણ વિનાની અને સમ્યગ્‌દૃષ્ટિને કર્મની નિર્જરા સકામ એટલે સમજપૂર્વકની. મિથ્યાદૃષ્ટિ કોઈ પણ પાપનો ઉદય આવ્યો તો ગભરાય, આ દુઃખ કયાંથી આવ્યું ? એમ બૂમ મારે અને હાયવોય કરીને ભોગવે, ત્યારે સમ્યગ્‌દૃષ્ટિ પાપનો ઉદય આવતાં ગભરાય નહિ, તે એને શાંતિથી ભોગવે, તે એમ સમજીને કે 'મેં પૂર્વભવમાં આ દુઃખને નોતરું દીધું છે, માટે તે આવેલ છે, તેથી તેને શાંતિથી ભોગવી લેવું.'

સમ્યગ્‌દૃષ્ટિને આર્તધ્યાન ઓછું હોય છે, તેનાં ચિત્તને શાંતિ હોય છે અને કંઈક સમભાવ હોય છે, તેથી ઉદયમાં આવેલાં અને સત્તામાં રહેલાં કર્મોની નિર્જરા થાય છે. ત્યારે મિથ્યાદૃષ્ટિને આર્તધ્યાન ઘણું હોય છે, ચિત્તને શાંતિ હોતી

નથી અને રાગ–દ્વેષની પ્રબલતા હોય છે, તેથી નવાં કર્મો વધારે ચીકણાં બંધાય છે.

સમ્યગ્‌દૃષ્ટિ થોડાં દુઃખમાં વધારે કર્મ કાપે છે, ત્યારે મિથ્યાદૃષ્ટિ વધારે દુઃખમાં થોડાં કર્મ કાપે છે.

બે પ્રકારનું સમ્યક્‌ત્વ

સમ્યકત્વ બે પ્રકારનું છે : એક સ્થિર અને બીજું અસ્થિર. ક્ષાયિક સમ્યકત્વ સ્થિર છે, આવ્યા પછી કદી પણ જતું નથી અને બીજાં સમ્યકત્વો અસ્થિર છે. ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યકત્વ આવે અને જાય. કયારેક વિચારો મલિન આવે અને દેવ–ગુરુ–ધર્મમાંથી શ્રદ્ધા ઉઠી જાય, ત્યારે સમ્યકત્વ ગયું કહેવાય અને મિથ્યાત્વ આવ્યું કહેવાય.

મનુષ્ય સમ્યકત્વની ભાવનામાં આયુષ્ય બાંધે તો દેવનું જ બાંધે અને તેમાંયે મહર્દ્ધિક સૌમ્ય પ્રકૃતિવાળા દેવનું બાંધે. જ્યારે દેવ સમ્યકત્વમાં આયુષ્ય બાંધે તો મનુષ્યગતિનું બાંધે, તે પણ ઘણાં ઊંચાં કુળમાં, સંસ્કારી કુટુંબમાં, ધાર્મિક વાતાવરણમાં સારા મનુષ્યનું બાંધે. આમ સમ્યકત્વથી આગળ વધતાં વધતાં આત્મા મોક્ષે જાય.

શાસ્ત્રકારો કહે છે કે 'સમ્યગ્‌દૃષ્ટિ જીવો નારક કે તિર્યંચ થતા નથી,' પણ સમ્યકત્વ કાયમ રહે તો. જો તે સમકિતી મટીને મિથ્યાદૃષ્ટિ થઈ જાય, તો તેનું પરિણામ ભોગવવું પડે. મિથ્યાદૃષ્ટિ તો ચાર ગતિમાંથી ગમે તે ગતિમાં ઉત્પન્ન થાય અને નીચે નરકનું આયુષ્ય પણ બાંધે.'

સમકિત ટકે તો આત્મા સાત–આઠ ભવમાં મોક્ષે જાય. કદી સમકિત સ્થિર ન હોય, આવીને ચાલ્યું જાય, તો તેને વધારે ભવો કરવા પડે. તે જ રીતે સમકિતની વિરાધના કરે તો પણ સંસાર વધી જાય, પણ તે વધી વધીને અર્ધ પુદ્ગલપરાવર્તનથી તો ન જ વધે.

બંધન અને મુક્તિનું કારણ મન છે.

'સંસારનાં બંધનનું અને મુક્તિનું કારણ મન છે.' એક જ મન આ રીતે બે વિરુદ્ધ પરિણામ લાવનારું શી રીતે બને? એ તમારે બરાબર સમજવાનું છે. મન જો પાપક્રિયામાં પરોવાય તો એ કર્મબંધનનું કારણ બને અને ધર્મની શુદ્ધ આરાધનામાં જોડાય તો મુક્તિનું કારણ બને. શુદ્ધ આરાધના કોને કહેવાય? તે પણ તમને જણાવી દઈએ. જે આરાધના શ્રદ્ધાપૂર્વક થાય, સમ્યકત્વપૂર્વક થાય, જિનેશ્વર ભગવંતનાં વચન મુજબ થાય, સિદ્ધાંત મુજબ થાય, તેને શુદ્ધ આરાધના સમજવી.

કેટલાક કહે છે કે 'જ્ઞાનપૂર્વક ક્રિયા થાય તે જ શુદ્ધ આરાધના સમજવી.' અહીં પ્રશ્ન થાય છે કે 'કેટલું જ્ઞાન મેળવ્યા પછી ક્રિયા કરવી? જો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી રાહ જોવાની હોય તો ત્યાં સુધી ક્રિયા કરવી જ નહિ? અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ક્રિયાની જરૂર શી? આ રીતે તો ક્રિયાનો સંપૂર્ણ ઉચ્છેદ જ થાય, તેથી આત્મા જેમ જેમ સમજતો થાય તેમ તેમ ક્રિયા કરતો જાય એ બરાબર છે. જે ક્રિયા સમ્યકત્વપૂર્વકની હોય, શુદ્ધ બુદ્ધિએ

કરેલી હોય તેને જ શુદ્ધ સમજવી. શ્રદ્ધાપૂર્વકની ક્રિયા એ સમજપૂર્વકની ક્રિયા છે.

ભાવના પ્રમાણે કર્મના બંધમાં ફરક પડે છે. આ જ વસ્તુ શાસ્ત્રમાં બતાવી છે. તમે ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણની ક્રિયા વખતે 'વંદિત્તુ' સૂત્ર બોલો છો, તેમાં નીચેની ગાથા આવે છે:

સમદિટ્ઠી જીવો, જઇવિ હુ પાવં સમાયરઇ કિંચિ।
અપ્પો સિ હોઇ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥ ૩૬ ॥

'સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વકૃત પાપોનું પ્રતિક્રમણ કર્યા પછી પણ સંયોગવશાત્ અમુક પાપ કરે છે, પણ તેને કર્મનો બંધ અલ્પ થાય છે, કારણ કે એ પાપ તે નિર્દયતાના તીવ્ર અધ્યવસાયથી કરતો નથી.'

કયારેક મિથ્યાદૃષ્ટિ આત્મા પાપને પાપ માની ક્રિયા કરે છે, ત્યારે તેને કર્મનો બંધ જરૂર ઢીલો પડે છે, પણ તે સમ્યગ્દૃષ્ટિ જેટલો ઢીલો નહિ. પૂરેપૂરા મિથ્યાદૃષ્ટિવાળા કરતાં ઢીલો પડે છે.

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચે અનુક્રમે પાપસ્થાનકો છે, છતાં આપણે તેનું સેવન કરીને રાજી થઈએ છીએ, કારણ કે એ પાપ છે, એવો દૃઢ નિર્ધાર મન સાથે કર્યો નથી. જો એવો નિર્ધાર મન સાથે કર્યો હોય, તો પાપને કોઈ પણ પ્રકારે અંતરમાંથી કાઢવા જોઈએ, ભગાડવા જોઈએ. એક શેઠે યુક્તિથી ચોરોને કેવી રીતે ભગાડ્યા, તે સાંભળો.

યુક્તિથી ચોરને પકડાવનાર શેઠની વાત

એક વેપારી ખૂબ ધનવાન હતો, તેણે પોતાની મિલકતનું રક્ષણ કરવા બે મીયાણા નોકર રાખ્યા હતા. તેમાં એકનું નામ મુલ્લા હતું અને બીજાનું નામ કાજી હતું. બંને ખૂબ જોરાવર હતા. શેઠ ઘર બંધ કરીને અંદર સૂતા હતા અને આ મીયાણા ઘરની બહાર સૂતા હતા.

એક રાત્રિએ બે ચોર આવ્યા અને ઘરની પાછલી દિવાલમાં ખાતર પાડવા લાગ્યા. શેઠ-શેઠાણી જાગી ગયા, પણ બોલે તો ચોર મારી નાખે. આમ છતાં શેઠને ધન બચાવવું હતું, એટલે તેણે યુક્તિ કરી અને મોટેથી સ્ત્રીને પૂછ્યું 'કેમ જાગે છે ને?' સ્ત્રીએ જવાબ આપ્યો કે 'હા, જાગું છું.'

શેઠે કહ્યું 'હમણાં મને સ્વપ્નું આવ્યું. આમ તો આપણને એકે છોકરો નથી, તે તું જાણે છે, પણ સ્વપ્નમાં છોકરો થયો અને તેનું નામ આપણે મુલ્લાં રાખ્યું. વળી સમય જતાં બીજો છોકરો થયો, તેનું નામ કાજી રાખ્યું. અને છેવટે ત્રીજા છોકરો થયો, તેનું નામ ચોર રાખ્યું. આ ત્રણે છોકરા તોફાની છે, ઘરમાં રહેતા નથી અને વારંવાર તેઓને બોલાવવા માટે બૂમો મારવી પડે છે કે 'મુલ્લાં, કાજી, ચોર.' 'મુલ્લાં, કાજી, ચોર.' આમ ઘણી બૂમો મારીએ ત્યારે છોકરાઓ માંડ ઘરમાં આવે છે.

શેઠે વાત કરતાં અનેક વાર જોરથી 'મુલ્લાં, કાજી, ચોર' એ પ્રમાણે બૂમો મારી. ચોરો એમ સમજતા હતા

કે શેઠ સ્વપ્નાની વાત કરે છે, પણ શેઠે પોતાની ચતુરાઈ પૂરેપૂરી વાપરી હતી અને મુલ્લાં તથા કાજી જાગી ઉઠયા હતા. તેમણે આવીને આ ચોરોને પકડી લીધા અને ખૂબ માર મારીને નસાડી મૂક્યા.

આપણે આત્મામાં ઘુસેલા ચોરોને આ રીતે પકડી લઈ નસાડી મૂકીએ તો જ આપણો આત્મા સર્વ દુઃખોમાંથી મુક્ત થાય અને અનંત અક્ષય સુખ ભોગવી શકે.

મિથ્યાત્વને દૂર કરો

મિથ્યાત્વને દૂર કરવા માટે આપણા મહાપુરુષો શું કહે છે? તે બરાબર સાંભળો :

કષ્ટ કરો પરે પરે દમો અપ્પા,
ધર્મ અર્થે ધન ખરચોજી;
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું,
તિણે તેહથી તુમ વિરમોજી.

'ધર્મ કરવાનાં નિમિત્તે તમે ગમે તેટલું કષ્ટ ઉઠાવો, ગમે તેટલું આત્મદમન કરો અને ગમે તેટલું ધન ખરચો, પણ મિથ્યાત્વ હશે તો એ બધું નિરર્થક છે, માટે હે મુમુક્ષુઓ! તમે મિથ્યાત્વથી અટકો, મિથ્યાત્વને દૂર કરો.'

કિરિયા કરતો ત્યજતો પરિજન,
દુઃખ સહતો મન રીઝેજી;
અંધ ન જીપે પરની સેના,
તિમ મિથ્યાદૃષ્ટિ ન સીઝેજી.

મિથ્યાદૃષ્ટિ મનુષ્ય વિવિધ પ્રકારની ક્રિયાઓ કરીને, સ્વજન-સંબંધીઓનો ત્યાગ કરીને તથા નાનાં પ્રકારનાં કષ્ટો સહન કરીને ધર્મ કર્યાનો સંતોષ અનુભવે છે. મનમાં રાજી થાય છે, પણ આંધળો નાયક જેમ પારકી સેનાને જિતી શકતો નથી, તેમ મિથ્યાત્વથી અંધ થયેલો મનુષ્ય સંસાર-સાગરનો પાર પામી શકતો નથી.'

માટે મહાનુભાવો! તમે મિથ્યાત્વને દૂર કરો અને કર્મબંધનનાં એક કારણથી બચો. જો એમાંથી બચશો તો ક્રમે ક્રમે બધાથી બચી શકશો અને આ દુસ્તર સંસારનો પાર પામી શકશો.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન સત્તાવીશમું

કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા

[૨]

મહાનુભાવો!

કર્મનો પલંગ ચાર પાયાનો છે. એક પાયો મિથ્યાત્વ, બીજો પાયો અવિરતિ, ત્રીજો પાયો કષાય અને ચોથો પાયો યોગ. તેમાંથી મિથ્યાત્વરૂપી પહેલો પાયો જાય, એટલે એ પલંગ લંગડો થઈ જાય. મિથ્યાત્વ જવાથી અને સમકિત આવવાથી સાચી માન્યતા મજબૂત બને, તેથી અવિરતિને જતાં વાર લાગે નહિ. પેટમાંનો મલ દૂર થાય એટલે તાવ એની મેળે હઠે. તેથી જ જૂના વૈદ્યો વિષમ જ્વરોને ઉતારવા માટે લાંઘણો કરાવતા. આજે પ્રાકૃતિક ચિકિત્સા કરનારા પણ એ જ વસ્તુને અનુસરી રહ્યા છે.

વિરતિનો અર્થ

વિરતિ એટલે પાપનો ત્યાગ, પાપનાં પચ્ચકખાણ. અવિરતિ એટલે પાપનો અત્યાગ, પાપની છૂટ. વિરતિને વ્રત, નિયમ કે ચારિત્ર પણ કહેવાય છે.*

* શ્રી યશોદેવસૂરિએ પ્રત્યાખ્યાનસ્વરૂપમાં કહ્યું છે કે—
પચ્ચક્ખાણં નિયમો, અભિગ્ગહો વિરમણં વયં વિરઈ।
આસવદ્વારનિરોહો, નિવિત્તિ એગટ્ઠિયા સદ્દા ॥

ચારિત્ર વિના કોઈ આત્મા મોક્ષમાં ગયો નથી, જતો નથી અને જશે પણ નહિ. ચારિત્ર એ મોક્ષમંદિરમાં પહોંચવાનું સહુથી નજીકનું પગથિયું છે. તમે પ્રભુ પાસે માગણી કરો છો કે 'ત્રણ રતન મુજ આપો તાતજી!' એ ત્રણ રત્નો કયાં? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કે બીજાં કોઈ?

શ્રદ્ધા હોય, જ્ઞાન હોય, પણ ચારિત્ર ન હોય તો ભવસાગરનું ભ્રમણ અટકે નહિ. શ્રદ્ધા સાથે જ્ઞાન જોઈએ, જ્ઞાન સાથે ચારિત્ર જોઈએ. જેમણે એકલી શ્રદ્ધા પકડી કે એકલું જ્ઞાન પકડ્યું અને ચારિત્રને જતું કર્યું, તે સંસારમાં રખડી ગયા! એવા રખડી ગયા કે તેનો પત્તો જ નહિ!

જ્ઞાન એ ચક્ષુ છે, તો ચારિત્ર એ હાથપગ છે. મનુષ્યને માત્ર ચક્ષુ હોય અને હાથ-પગ ન હોય તો જીવનનો વ્યવહાર ચાલે ખરો? તાત્પર્ય કે આત્માનો ઉદ્ધાર કરવા માટે ચારિત્ર અતિ જરૂરની વસ્તુ છે અને તે અવિરતિનો ત્યાગ કરવાથી જ પ્રકટે છે.

અવિરતિને છોડવાનું કારણ

તમે રાત્રે સૂઈ જાઓ છો, ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો રાખો છો કે બંધ? ચંદ્રગુપ્તના સમયમાં રાત્રે ઘરનાં

' પ્રત્યાખ્યાન, નિયમ, અભિગ્રહ, વિરમણ, વ્રત, વિરતિ, આશ્રવ-નિરોધ અને નિવૃત્તિ એ એક અર્થને બતાવનારા શબ્દો છે. '

શ્રી હરિભદ્રસૂરિએ પાંચમા પ્રત્યાખ્યાન-પંચાશકમાં કહ્યું છે કે—

पच्चक्खाणं नियमो, चरित्तधम्मो य होंति एगट्ठा ।

પ્રત્યાખ્યાન, નિયમ અને ચારિત્રધર્મ આ ત્રણે શબ્દો એકાર્થી છે.

બારણાં ખુલ્લાં રહેતાં હતાં, કારણ કે તે વખતે ચોરીનું નામ ન હતું. અને આજે? આજે તો સૂતાં પહેલાં બારણાંને છ, સાત, કે આઠ લીવરનાં મજબૂત લોખંડી તાળાં લગાવો છો. જો એ તાળાં ન લગાડો તો સવારે ઓરડીનાં ચારે ખૂણા સરખા થઈ જાય. તેમાં કોઈ પણ પેટી, ટ્રંક કે બીજો નજરે પડે નહિ. પૈસાટકા, ઘરેણાંગાંઠું બધું ઉપડી જાય. અવિરતિ એટલે ઉઘાડાં બારણે સૂવું. તેમાં પાપરૂપી ગમે તે ચોરો દાખલ થઈ જાય અને તમારી સદ્ગુણરૂપી બધી સંપત્તિને લૂંટી જાય.

જે ખેતરોને ફરતી વાડ હોતી નથી અને તદ્દન ખુલ્લા પડ્યાં હોય છે, તેમાં રસ્તે જતાઆવતાં બધાં ઢોર દાખલ થાય છે અને ઉગેલો પાક ખાઈ જાય છે. પરિણામે માલીકને કપાળ કૂટવું પડે છે અને તેની પરેશાનીનો પાર રહેતો નથી. તેથી વિરુદ્ધ જે ખેતરોને કાંટાળી મજબૂત વાડ હોય છે, તેમાં કોઈ ઢોર દાખલ થઈ શકતું નથી, એટલે ઉગેલો પાક સલામત રહે છે અને તેના માલીકને ઘણો લાભ થાય છે. અવિરતિ એટલે વાડ વિનાનું ઉઘાડું ખેતર. તેમાં પાપરૂપી ગમે તે ઢોર દાખલ થઈ જાય અને જીવનની બરબાદી કરે.

કેટલાંક ઘરોમાં એવાં પાટિયાં માર્યાં હોય છે કે 'રજા સિવાય દાખલ થવું નહિ.' એથી ગમે તે માણસ એ ઘરમાં દાખલ થઈ શકતો નથી. દાખલ થનારને રીતસર રજા લેવી પડે છે અને રજા મળે તો જ તે આવી શકે છે. વિરતિને તમે આ જાતનું પાટિયું સમજો. એ લાગ્યું કે તમારાં જીવનમાં પાપનો પ્રવેશ થઈ શકે નહિ.

પાપ કરવાની છૂટ એ પણ ગુનો

પાપકર્મ કરવું એ પણ ગુન્હો અને પાપકર્મ કરવાની છૂટ રાખી આત્મા પ્રત્યેની પોતાની ફરજ ન બજાવવી એ પણ ગુન્હો. કાયદો તોડનારને શિક્ષા થાય છે, તેમ પોતાની ફરજ ન બજાવનારને પણ શિક્ષા થાય છે. રાજ્ય તરફથી હુકમ બહાર પડ્યો હોય કે ઉમરલાયક માણસે અમુક કામમાં આઠ કલાક સેવા આપવી અને એ સેવા ન આપવામાં આવે તો એના પર કાયદેસર કામ ચલાવી શિક્ષા કરવામાં આવે છે કે નહિ?

કેટલાક કહે છે કે પાપની છૂટમાં ગુનો ન કહેવાય. તો પછી તેમને પૂછીએ કે પાપ કરવામાં ગુનો શી રીતે કહેવાય? જો હિંસા કરવાની છૂટ એ ગુનો ન કહેવાય, તો હિંસા કરવી એ પણ ગુનો ન જ કહેવાય. આ પરથી એમ સમજવાનું કે પાપ કરનારને કર્મબંધ થાય અને પાપની છૂટવાળાને પણ કર્મબંધ થાય, માત્ર જેણે પાપનાં પચ્ચક્ખાણ કર્યાં છે, પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કર્યો છે, તેને કર્મબંધ ન થાય.

પાપની છૂટ હોય અને પાપકર્મ કરે તેને બેવડું પાપ લાગે છે. એક તો પાપની છૂટનું અને બીજું પાપ કર્યાનું. પાપની છૂટ હોય પણ પાપકર્મ કરે નહિ, તો તેને માત્ર પાપની છૂટનું જ પાપ લાગે. પણ એ પાપની છૂટવાળો પાપનાં પચ્ચક્ખાણ કરે કે 'આજથી પાપનો ત્યાગ કરું છું.' તો ત્યારથી તેને પાપ લાગતું બંધ થઈ જાય અને તેની આધ્યાત્મિક પ્રગતિનાં દ્વાર ખુલ્લી જાય.

ત્રણ પ્રકારના પુરુષો

પાપને કેટલાક પોતાના અનુભવથી કે બીજાના અનુભવથી છોડે છે અને કેટલાક ગુરુજનો આદિના ઉપદેશથી છોડે છે; જ્યારે કેટલાક તો તેને બિલકુલ છોડતા જ નથી. અહીં અમને પેલો પ્રસિદ્ધ શ્લોક યાદ આવે છે:

पापं समाचरति वीतघृणो जघन्यः
प्राप्यापदं सघृण एव विमध्यबुद्धिः ।
प्राणात्ययेऽपि न हि साधुजनः स्ववृत्तं,
वेलां समुद्र इव लङ्घयितुं समर्थः ॥

'જે મનુષ્યો જઘન્ય એટલે કનિષ્ઠ કે અધમ કોટિના છે, તેઓ પાપનું આચરણ કાંઈ પણ સૂગ વિના બેધડક કરે છે. જે મનુષ્યો મધ્યમ કોટિના છે, તેઓ કાંઈ આફત આવી પડે અને બીજો ઉપાય ન હોય તો જ પાપનું આચરણ કરે છે અને જે પુરુષો સાધુજન એટલે ઉત્તમ કોટિના છે, તેઓ પ્રાણત્યાગનો પ્રસંગ આવે તો પણ પોતાનું ઉત્તમપણું છોડતા નથી કે જેમ સાગર પોતાની ભરતી અંગેની મર્યાદા છોડતો નથી.'

નીતિકારોએ ઉત્તમ, મધ્યમ અને અધમ પુરુષની વ્યાખ્યા બીજી રીતે પણ કરી છે, તે અહીં વિચારવા યોગ્ય છે. તેઓ કહે છે:

उत्तमा सुखिनो बोध्याः, दुःखिनो मध्यमाः पुनः ।
सुखिनो दुःखिनो वाऽपि, बोधमर्हन्ति नाधमाः ॥

'ઉત્તમ પુરુષો સુખી થવાથી બોધ પામે છે, મધ્યમ

પુરુષો દુઃખી થવાથી બોધ પામે છે અને અધમ પુરુષો તો સુખી થવાથી પણ બોધ પામતા નથી કે દુઃખી થવાથી પણ બોધ પામતા નથી. તાત્પર્ય કે તેમને બોધ થવો અતિ દુર્લભ છે.'

પાપથી દુઃખ અને પુણ્યથી સુખ

'પાપથી દુઃખ અને પુણ્યથી સુખ' એ સર્વ મહાપુરુષોએ સ્વીકારેલો સિદ્ધાંત છે. તેમાં કોઈ કાળે કંઈ ફેર પડતો નથી, એટલે જે મનુષ્યો પાપ કરીને સુખી થવા ચાહે છે, તે પોતાનાં ગળામાં પત્થરની શિલા બાંધીને તરવાનો પ્રયત્ન કરે છે. 'હું જે પાપ કરું છું, તેનું ફળ મારે અવશ્ય ભોગવવું પડશે' એટલો ખ્યાલ મનુષ્યનાં મનમાં જાગતો રહે, તો તેને પાપ કરવાનું મન થાય નહિ. એમ છતાં કદાચ તે પાપ કરી બેસે તો પણ દુભાતાં દિલે કરે, ન છૂટકે કરે, તેથી તેને કર્મબંધ ઘણો અલ્પ પડે.

વિરતિના બે પ્રકારો

વિરતિ બે પ્રકારની છેઃ સર્વવિરતિ અને દેશવિરતિ. જેમાં પાપનું પ્રત્યાખ્યાન સર્વથી એટલે સર્વ પ્રકારે થાય, તે સર્વવિરતિ, અને જેમાં પાપનું પ્રત્યાખ્યાન દેશથી એટલે અમુક અંશે થાય, તે દેશવિરતિ. સર્વવિરતિમાં પાંચ મહાવ્રતો આવે અને દેશવિરતિમાં શ્રાવકનાં બાર વ્રતો આવે.

દેશવિરતિના એક ભાગમાં પાપનો ત્યાગ હોય અને બીજા ભાગમાં પાપની છૂટ હોય. છૂટ એટલા માટે કે તે સિવાય તેનો નિર્વાહ થઈ શકે નહિ. પરંતુ આ છૂટ ઉપર

તેણે અંકુશ રાખવાનો હોય છે, જેને યતના અર્થાત્ જયણા કહેવામાં આવે છે. જયણા એટલે ઓછામાં ઓછી હિંસા કરવાનો પ્રયત્ન.

એક ગૃહસ્થ દેશવિરતિ છે અને તેણે શ્રાવકનું સ્થૂલપ્રાણાતિપાતવિરમણ નામે પ્રથમ વ્રત ઉચ્ચરેલું છે, તો તેને કોઈપણ નિરપરાધી ત્રસ જીવની સંકલ્પપૂર્વક નિરપેક્ષ હિંસા ન કરવી એવી પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞામાં અમુક અંશે ત્યાગ છે અને અમુક અંશે છૂટ છે. જ્યાં છૂટ છે ત્યાં તેણે જયણા કરવાની છે. આપણે આ પ્રતિજ્ઞાનો અર્થ બરાબર સમજીએ, તો વસ્તુ ઘણી સ્પષ્ટ થઈ જશે.

આ જગતમાં ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારના જીવો છે, તેમાં ત્રસજીવની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા છે, એટલે સ્થાવરની છૂટ રહે છે. જો ગૃહસ્થ સ્થાવરની છૂટ ન રાખે તો તેનો જીવનવ્યવહાર ચાલે નહિ, પણ એ છૂટનો તે કયવાતા મને સ્વીકાર કરે અને તેનો લાભ જેમ બને તેમ ઓછો લે. તાત્પર્ય કે તે સ્થાવરની જયણા કરે.

ત્રસ જીવોની હિંસા બે પ્રકારે થાય છેઃ એક સંકલ્પથી અને બીજી આરંભથી. તેમાં સંકલ્પપૂર્વક હિંસા ન કરવાની પ્રતિજ્ઞા છે, એટલે આરંભથી જે હિંસા થાય તે કરવાની છૂટ રહે છે. કોઈ પ્રાણીને ઇરાદાપૂર્વક મારતાં જે હિંસા થાય, એ સંકલ્પહિંસા કહેવાય અને આજીવિકાનિમિત્તે ખેતી વગેરે કરતાં જે હિંસા થાય, તે આરંભહિંસા કહેવાય. આરંભહિંસાની વ્રતધારી જયણા કરે.

સંકલ્પહિંસા બે પ્રકારની છે : સાપરાધીની અને નિરપરાધીની. તેમાં નિરપરાધીની હિંસાનો ત્યાગ છે, એટલે સાપરાધીની હિંસાની છૂટ રહે છે. જેણે કંઈ પણ અપરાધ કર્યો હોય તે સાપરાધી અને જેણે કંઈ પણ અપરાધ ન કર્યો હોય તે નિરપરાધી. આક્રમણખોર સામે લડવું પડે અને તેની હિંસા કરવી પડે, તો તે સાપરાધીને દંડ દીધો કહેવાય, પરંતુ વ્રતધારી તેની જયણા કરે.

ગૃહસ્થને આજીવિકાની ખાતર હાથી, ઘોડા, ઊંટ, ગાય, બળદ, ભેંસ, બકરાં, ઘેટાં વગેરે જનાવરો પાળવાં પડે છે અને તેને બાંધવા કે મારવા પડે છે. વળી પુત્ર–પુત્રી–પરિવારને પણ સુશિક્ષા માટે તાડન–તર્જન કરવું પડે છે. આ નિરપરાધી ત્રસજીવોની સાપેક્ષ હિંસા છે અને તેની ગૃહસ્થને છૂટ હોય છે. જ્યારે નિર્દોષ માર મારીને કે બીજી કોઈ પણ રીતે નિર્દોષ પ્રાણીને પીડવું તે નિરપેક્ષ હિંસા છે અને તેનો આ પ્રતિજ્ઞાવડે ત્યાગ થાય છે.

સાધુની અહિંસાને વીશ વસા ગણીએ તો આ અહિંસા સવા વસા જેટલી છે, છતાં તેનાથી પણ ઘણો લાભ થાય છે. આમાં હિંસાની છૂટ ફક્ત ગુનેગારને મારવા જેટલી છે. આ છૂટનો ઉપયોગ કરતાં વ્રતભંગ નથી, પણ પાપ તો લાગે જ, એટલે છૂટનો ઉપયોગ કરવો જ એમ નહિ, પણ ન છૂટકે–નિરુપાયે કરવો. હવે આ પ્રતિજ્ઞાથી શો લાભ થાય, તે બતાવીશું. નિરપરાધીની હિંસાનો ત્યાગ કરવાથી જે બીન ગુનેગાર છે, તે બધાને અભયદાન મળે છે. હવે વિચાર કરો કે આ જગતમાં તમારા ગુનેગાર પ્રાણીઓ કેટલાં ? અને બીન-

ગુનેગાર કેટલાં ? જે તમારા પ્રસંગમાં આવે અને તમને હેરાન કરે તે તમારા ગુનેગાર, પણ તેઓની જ જાતિનાં બીજાં અસંખ્યાત જીવો જે તમારા પ્રસંગમાં આવ્યાં નથી અને આવતાં નથી, તે બીનગુનેગાર, એટલે ગુનેગાર કરતાં બીનગુનેગાર અસંખ્યાત ગણા છે. આ વ્રત લેવાથી તમે એ બધાની હિંસામાંથી બચી જાઓ છો.

ચોથું વ્રત પરસ્ત્રીનો ત્યાગ. એ વ્રત જેણે લીધું તેને પોતાની સ્ત્રીના સમાગમ પૂરતી છૂટ. ધારો કે એક માણસ પોતાનાં સમગ્ર જીવનમાં ચાર કે પાંચ પત્ની કરે તો તેટલા પૂરતી તેને છૂટ અને બાકીની બધી સ્ત્રીઓનો ત્યાગ. જો તે આવું વ્રત ન લે તો તેને બધી સ્ત્રીઓની છૂટનું પાપ લાગે અને તેથી ઘણું નુકશાન થાય. જો તમે નાનાં સરખાં નુકશાનમાંથી બચવાનો પ્રયત્ન કરો છો, તો આવાં મોટાં નુકશાનથી બચવાનો પ્રયત્ન કેમ ન કરો ?

વ્રત લેવાથી માણસ મેરુ પર્વત જેટલાં પાપથી બચે અને વ્રત ન લેવાથી મેરુ પર્વત જેટલાં પાપ બાંધે. ભલે તમે એક વ્રત લીધું હોય, તો પણ, તેનાથી કર્મ તોડવાની શરૂઆત થઈ જાય.

જેને એક વાર દેશવિરતિ આવે તેને સર્વવિરતિ આવતા વાર લાગતી નથી અને આત્મા સર્વવિરતિમાં આવ્યો કે તે મોક્ષની નીસરણીનાં પગથિયાં ઝપાટાબંધ ચડવા લાગે છે.

મૂળ વાત એ છે કે પાપની વૃત્તિ છોડવી. પાપની વૃત્તિ છૂટે તો પાપ છૂટે અને પાપ છૂટે તો કર્મ છૂટે. જેનાં કર્મ છૂટે તેને અનંત અનંત સુખનો ઉપભોગ હોય.

પાપવૃત્તિ પર ભીખારીનું દૃષ્ટાંત

અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. તે વખતે મગધ-દેશમાં રાજગૃહી નામે નગરી હતી અને તેની બાજુમાં વૈભારગિરિ નામનો પહાડ હતો. ×

એક ભીખારી આ નગરીમાં આખો દિવસ રખડ્યો, પણ તેને કંઈ ખાવાનું મળ્યું નહિ. આથી તે ખૂબ રોષે ભરાયો અને આ નગરીનો કોઈ પણ પ્રકારે નાશ કરી નાખું, એવા વિચાર પર આવી ગયો. આ વિચાર પાર પાડવા માટે તે વૈભારગિરિ પર ચડ્યો. ત્યાં એક મોટી શિલા તોળાઈને રહી હતી. જો એ શિલા તૂટી પડે તો હજારો માણસો માર્યા જાય અને તેમનાં ઘરબાર નાશ પામે, એટલે એ ભીખારીએ કોઈ પણ પ્રકારે એક મોટું દોરડું મેળવ્યું અને તેનો ગાળિયો નાખી શિલાને ખેંચવા લાગ્યો.

હજારો વર્ષથી એમ જ હાલતમાં રહેલી શિલા એમ ત્રાડી જ પડે? અને તે પણ એક દુબળા-પાતળા ભીખારીથી? પણ ક્રોધના આવેશમાં મનુષ્ય આગળપાછળનો લાંબો વિચાર કરતો નથી.

એ ભીખારીએ ખૂબ જોર અજમાવ્યું, પણ શિલા ચસકી નહિ, એટલે તે વધારે જુસ્સામાં આવી દોરડું ખેંચવા લાગ્યો. એમ કરતાં તેનો પગ લપસ્યો, એટલે નીચે ગબડી પડ્યો અને તેની ખોપરી ફાટી જતાં મરણ પામ્યો.

× આજે રાજગૃહી નગરીનાં ખંડેરો વિદ્યમાન છે અને તેની બાજુમાં વૈભારગિરિ ઊભેલો છે.

આ ભીખારીએ ખરેખર કોઈને માર્યો ન હતો, પરંતુ તેની ભાવના-વૃત્તિ બધાને મારી નાખવાની હતી, એટલે તેણે ઘોર કર્મબંધન કર્યું અને તેથી સાતમી નરકે ઉત્પન્ન થયો. સાતમી નરક એટલે સહુથી નિકૃષ્ટ ગતિ. એનાથી વધારે નિકૃષ્ટ-વધારે ખરાબ ગતિ કોઈ નથી. પાપવૃત્તિમાં આવી ભયંકરતા રહેલી છે, તેથી જ તેને છોડવાનો ઉપદેશ છે.

અઢાર પાપસ્થાનકો

પાપવૃત્તિમાંથી પાપક્રિયા ઉદ્ભવે છે અને તે અસંખ્ય પ્રકારની હોય છે, પણ વ્યવહારની સરલતા ખાતર શાસ્ત્રકારોએ તેના અઢાર પ્રકારો પાડ્યા છે. એટલે અઢાર પાપસ્થાનકોમાં તેનો સમાવેશ થાય છે, તે આ પ્રમાણે :-

(૧) **પ્રાણાતિપાત**—હિંસા કરવી તે.
(૨) **મૃષાવાદ**—જૂઠું બોલવું તે.
(૩) **અદત્તાદાન**—ચોરી કરવી તે.
(૪) **મૈથુન**—અબ્રહ્મ સેવવું તે.
(૫) **પરિગ્રહ**-મમત્વ બુદ્ધિથી વસ્તુનો સંગ્રહ કરવો તે.
(૬) **ક્રોધ**—ગુસ્સો કરવો તે.
(૭) **માન**—અભિમાન કરવું તે.
(૮) **માયા**—કપટ કરવું તે.
(૯) **લોભ**—તૃષ્ણા રાખવી તે.
(૧૦) **રાગ**—પ્રીતિ કરવી તે.
(૧૧) **દ્વેષ**—અપ્રીતિ કરવી તે.

(૧૨) **કલહ**—કંકાસ કરવો તે.

(૧૩) **અભ્યાખ્યાન**—આળ ચઢાવવું તે.

(૧૪) **પૈશુન્ય**—ચાડી ખાવી તે.

(૧૫) **રતિ-અરતિ**—હર્ષ અને શોક કરવો તે.

(૧૬) **પરપરિવાદ**—અન્યનો અવર્ણવાદ બોલવો તે.

(૧૭) **માયામૃષાવાદ**—પ્રપંચ કરવો તે.

(૧૮) **મિથ્યાત્વશલ્ય**—વિપરીત શ્રદ્ધા કરવી તે.

અપેક્ષાવિશેષથી કાર્યકારણભાવનો વિચાર કરતાં આ અઢારે પાપસ્થાનકનો સમાવેશ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપસ્થાનકોમાં થઈ જાય છે. પાપનો મુખ્ય પ્રવાહ આ પાંચ પાપસ્થાનકોમાંથી વહે છે.

વિરતિનો અર્થ પાપનો ત્યાગ છે. અહીં ત્યાગથી શું સમજવું ? તે પણ સ્પષ્ટ કરી દઈએ. જે વસ્તુને પોતાની ઇચ્છાથી છોડી દેવી, એ ત્યાગ કહેવાય. જે વસ્તુ પોતાની ઇચ્છા વિના છોડવી પડે, એને ત્યાગ ન કહેવાય. સુબંધુની કથા તમને આ વસ્તુની ખાતરી કરાવશે.

સુબંધુની કથા

ભારતના ઇતિહાસની આ એક સત્ય ઘટના છે. સમ્રાટ ચંદ્રગુપ્તનાં મરણ પછી તેની ગાદીએ બિંદુસાર આવ્યો. તે વખતે નંદ રાજાનો સંબંધી સુબંધુ તેનો પ્રધાન થયો. આ સુબંધુને ચાણાક્ય ઉપર દ્વેષ હતો, એટલે તેણે અનેક પ્રકારની યુક્તિઓ કરી, અને તેથી બિંદુસારનું મન ચાણાક્ય પરથી ઉઠી ગયું. ચાણાક્ય બધી વસ્તુસ્થિતિ સમજી ગયો

અને પોતાનો આખર સમય ન બગડે તે માટે પોતાની મિલકતની બધી વ્યવસ્થા કરીને તેણે અણસણનો રસ્તો લીધો. પરંતુ એ રીતે જીવનનો અંત આણતાં પહેલાં તેણે એક ડબ્બી તૈયાર કરી અને તેને પોતાના પટારામાં રાખી મૂકી.

ચાણાક્ય મરણ પામ્યો, એટલે સુબંધુએ તેનું ઘર રહેવા માટે રાજા પાસેથી માગી લીધું. રાજાના તેના પર ચારે હાથ હતા, એટલે તેની માગણી મંજૂર થઈ અને તે ચાણાક્યનાં ઘરમાં રહેવા લાગ્યો. ત્યાં તેની બધી વસ્તુઓ એક પછી એક તપાસવા માંડી. તે વેળા પેલો પટારો પણ તપાસ્યો, તો તેમાંથી બંધ પેટી નીકળી. સુબંધુએ એ પેટી ઉઘાડી નાખી, તો તેમાંથી બીજી એક પેટી નીકળી. એમ પેટીની અંદર પેટી નીકળતાં છેવટે પેલી ડબ્બી નીકળી અને તેને ઉઘાડતાં જ તેમાંથી એક પ્રકારની સુગંધ આવવા લાગી. તેણે એ બરાબર સૂંઘી લીધી. હવે એ ડબ્બીમાં એક કાગળ લખેલો હતો, તે સુબંધુનાં વાંચવામાં આવ્યો. તેમાં લખ્યું હતું કે 'જે મનુષ્ય આ ડબ્બીને સૂંઘે તેણે ત્યારથી માંડીને જીવનપર્યંત સ્ત્રી, પલંગ, આભૂષણ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરવો તથા કઠોર જીવન ગાળવું, અન્યથા તેનો નાશ થશે.'

સુબંધુએ આ વાતની ખાતરી કરવા એક બીજા પુરુષને એ ડબ્બી સૂંઘાડી અને પછી તેને સ્વાદિષ્ટ ભોજન કરાવીને તથા સુંદર વસ્ત્રાભૂષણ પહેરાવીને પલંગ પર સુવાડ્યો કે તરત મૃત્યુ પામ્યો. આથી તેને ખાતરી થઈ કે ચાણાક્યે કાગળમાં જે લખ્યું હતું, તે સાચું હતું.

હવે જીવન ટકાવવા માટે તેણે તે જ વખતથી સ્ત્રી, પલંગ, વસ્ત્રાભૂષણ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કર્યો, અને મનમાં સમજી ગયો કે ચાણાકયે ઠીક બદલો લીધો.

આવો અનિચ્છાએ કરેલો ત્યાગ એ વાસ્તવિક ત્યાગ નથી. જે ત્યાગ સમજણપૂર્વક–ઇચ્છાપૂર્વક કર્યો હોય, તે જ વાસ્તવિક ત્યાગ છે.

કષાય

ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર કષાયો છે. આ કષાયયુક્ત આત્મપરિણતિને જ આપણે કષાય તરીકે ઓળખીએ છીએ. કષાયનો અર્થ શો? **कष** એટલે સંસાર, તેનો જેનાથી आय એટલે લાભ થાય, તે કષાય. તાત્પર્ય કે જેને લીધે સંસાર વધી જાય, ભવભ્રમણ વધી જાય, તેનું નામ કષાય. પરંતુ કષાયનો બીજો અર્થ પણ થાય છે કે જે જીવને કલુષિત કરે તે કષાય.* એટલે કષાયો તમારા આત્માને કલંકિત કરનારા છે, મલિન કરનારા છે.

તમે સ્વચ્છ સુંદર કપડાં પહેરીને કોઈ ઉત્સવમાં ભાગ લેવાને બહાર નીકળ્યા હો અને કોઈ તેના પર કાદવ કે એઠવાડ નાખે તો તમને કેવું થાય છે? તમે એની સાથે લડો છો, ઝઘડો છો અને તમારું ચાલતું હોય તો

* શ્રી પ્રજ્ઞાપનાસૂત્રનાં તેરમા પદે કહ્યું છે કે—

सुहदुहबहुसहियं, कम्मखेतं कसंति जं च जम्हा ।
कलुसंति जं च जीवं, तेण कसाइत्ति वुच्चंति ॥

'જે ઘણાં સુખ-દુઃખથી સહિત એવાં કર્મરૂપી ખેતરને ખેડે છે અને જે જીવને કલુષિત કરે છે, તેથી તે કષાય કહેવાય છે.'

એને બે–ચાર થપ્પડ પણ ચોડી દો છો. જો તમે પચીશ–કે સો–બસોનાં વસ્ત્રો માટે આટલી બધી કાળજી બતાવો છો, તો આત્મા માટે કેટલી કાળજી બતાવવી જોઈએ?

તમને આત્મા માટે ખરેખર કાળજી હોય, લાગણી હોય તો તમારે ક્રોધને કહી દેવું જોઈએ કે તારું મોઢું કાળું કર. તું શું સમજીને મારી પાસે આવી રહ્યો છે? જો મારી નજીક આવ્યો તો ક્ષમા રૂપી તલવાર વડે તને પૂરો કરી નાખીશ. તમારે માનને પણ કહી દેવું જોઈએ કે તારી રીતભાતથી હું વાકેફ છું, એટલે તારો પડછાયો લેવા ઇચ્છતો નથી. તું મારાથી દૂર રહે એમાં જ તારું શ્રેય છે, નહિ તો મૃદુતા રૂપી મોગરી વડે તારું શિર ફોડી નાખીશ. તમારે માયાને પણ સાફ શબ્દોમાં સંભળાવી દેવું જોઈએ કે એ ધૂતારી! તેં અનેક વાર મને છેતર્યો છે, પણ હવે હું તારાથી છેતરાઉં એમ નથી. હું પૂરેપૂરો સાવધ છું. જો તું મારી હદમાં આવી તો આ સરલતા રૂપી છરી વડે તારું નાક કાપી નાખીશ. અને લોભને સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દેવું જોઈએ કે તારા જેવો અધમ મેં કોઈને જોયો નહિ. જો તેં મારા આંગણામાં પગ મૂક્યો તો સંતોષરૂપી લાકડીનો છૂટો ઘા કરીશ અને તારો પગ ભાંગી નાખીશ.

જ્યાં લડવાનું છે, ત્યાં તમે લડતા નથી; અને જ્યાં લડવાનું નથી, ત્યાં તમે લડો છો, એ તમારી મોટી ભૂલ છે. જો લડવું હોય તો કષાયો સાથે લડો અને તેનો નાશ કરો. એમાં જ સાચી બહાદુરી છે.

અહીં કોઈ એમ કહે કે 'અમારે લડવું નથી, અમારે તો શાંતિ જોઈએ છે.' આ મહાશયને અમારે શું કહેવું? તમે બધા કાન સરવા કરીને સાંભળો કે જૈન ધર્મ એ ક્ષત્રિયનો ધર્મ છે અને તે તમને લડવાનો આદેશ કરે છે. આ લડાઈ તમારે જમીનનો ટુકડો લઈ જનાર, ધનસંપત્તિ લઈ જનાર કે ગાળગલોચ કરનાર સાથે કરવાની નથી, કારણ કે તેઓ દયાપાત્ર છે. તમારે જે લડાઈ કરવાની છે, તે આંતરશત્રુઓ સાથે કરવાની છે અને તે બરાબર કરવાની છે. આંતરશત્રુઓનું આક્રમણ ગમે તેવું આકરું હોય તો પણ તમારે પીછેહઠ કરવાની નથી. સામી છાતીએ ઘા ઝીલવાના છે અને તેમાં અવશ્ય જય મેળવવાનો છે. જે આંતરશત્રુઓ સાથે લડીને જય મેળવવાની ભાવના રાખતો નથી, તે સાચા અર્થમાં જૈન નથી. ×

× સરખાવો શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં નવમા અધ્યયનની નીચેની પંક્તિઓ :

જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિણે ।
એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ ॥ ૩૪ ॥

'એક પુરુષ દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટ ઉપર વિજય મેળવે છે અને એક પુરુષ પોતાના આત્માને જિતે છે, તો એ બેમાંથી પોતાના આત્માને જિતનારાનો જય પરમ છે–શ્રેષ્ઠ છે.'

અપ્પાણમેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ ।
અપ્પાણમેવમપ્પાણં, જિણિત્તા સુહમેહએ ॥ ૩૫ ॥

'આત્માની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. હે પુરુષ! તું બહારના સાથે યુદ્ધ કેમ કરે છે? આત્માવડે આત્માને જિતવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે.'

શાંતિ શાંતિ શું કરો છો? તે કંઈ ઉપરથી ટપકી પડવાની નથી. યુદ્ધનું ધમસાણ મચી ગયા પછી જ શાંતિ હોય છે. તમે કષાયરૂપી શત્રુઓને જિતો એટલે તમને સતાવનારું કોઈ નહિ રહે. પછી શાંતિ જ શાંતિ હશે. તમે એમ સમજતા હો કે સુંદર મકાનમાં રહેવાથી, અપ-ટુ-ડેઇટ ફર્નીચર વાપરવાથી, સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરવાથી અને ખૂબ ધન કમાવાથી શાંતિ રહેશે, તો ભીંત ભૂલો છો. એ કોઈ વસ્તુમાં શાંતિ આપવાની તાકાત નથી. જો એ વસ્તુમાં શાંતિ આપવાની તાકાત હોત તો ધનિકો અશાંતિની બૂમ શા માટે મારત? આજે તો ધનિકોને સહુથી વધારે અશાંતિ છે. સુંદર ઓરડામાં, છપ્પર પલંગમાં, રેશમની તળાઈઓમાં સૂવા છતાં તેઓને ઊંઘ આવતી નથી. બ્લડપ્રેશર, ડાયાબીટીસ, હૃદયની બિમારી તેમને સહુથી વધારે પ્રમાણમાં સતાવી રહી છે. છે તે કેમ સાચવવું અને વધુ કેમ મેળવવું? એ બંનેની તેમને ચિંતા છે.

થોડા વખત પહેલાં એક અમેરિકન શ્રીમંત આ દેશમાં આવ્યો હતો. તે કહેતો હતો કે અમારે ત્યાં ધનની ખોટ નથી, આવક બહુ સારી છે અને દર ત્રણ માણસ દીઠ મોટર છે, પણ અમારાં ચિત્તને શાંતિનો અનુભવ થતો નથી. હવે અમે એ શોધીએ છીએ કે શાંતિ શી રીતે મળે?

આપણા મહાપુરુષોએ કહ્યું છે કે 'શાંતિની શોધમાં બહાર જવાની જરૂર નથી; તે તમારા આત્મામાં છૂપાયેલી છે અને ત્યાંથી જ તમારે મેળવી લેવાની છે. જો કષાયો દૂર કરશો તો તરત એનો અનુભવ થશે.'

કષાયોને દૂર કરવાનું કામ કઠિન છે, પણ અસંભવિત નથી. પ્રયત્ન કરો તો કઠિન કામ પણ સરળ બની જાય છે. તમે છેક નાના હતા, ત્યારે ચાલવાનું કામ કેટલું કઠિન લાગતું ? પણ તમે ધીમે ધીમે પગલાં માંડવા લાગ્યા અને તેનો અભ્યાસ વધારતા રહ્યા, તો ચાલતા શીખી ગયા અને આજે તો ઝડપથી દોડવું હોય તો પણ દોડી શકો છો.

કષાયોને દૂર કરવાના બે ત્રણ કીમિયા તમને બતાવી દઈએ. ત્રિદોષનું જોર બહુ વધે એટલે માણસને સંનિપાત થાય છે અને તે ગમે તેવું તોફાન કરવા લાગી જાય છે, પણ આપણે એ સંનિપાતવાળાને મારતા નથી, તેની દવા કરીએ છીએ, તે જ પ્રમાણે જેઓ ગાળગલોચ, મારામારી, છળકપટ વગેરે કરે છે, તેમને કર્મનો સંનિપાત થયેલો સમજવો અને તેથી તેમને મારવાને બદલે તેમની દવા કરવી જોઈએ. એ દવા નમ્ર અને મધુર શબ્દો છે. જો તમે જરા પણ ગુસ્સામાં આવ્યા વિના સહેજ હસતાં મુખડે તેમને શાંત પાડો તો તેની ચમત્કારિક અસર થાય અને તેઓ જરૂર શાંત પડી જાય. આથી તમે અને એ ઉભય કર્મબંધનમાંથી બચી જાઓ. તેના બદલે તમે ક્રોધની સામે ક્રોધ કરો અને માનની સામે વધારે અક્કડાઈ બતાવો તો તમને પણ કર્મનો સંનિપાત થયો ગણાય. સંનિપાતનું પરિણામ તો તમે જાણો જ છો.

હવે બીજો કિમિયો. દુનિયાનાં બધાં પ્રાણીઓ કર્મને આધીન છે. તેઓથી અપરાધ થઈ જાય. જેમ મારા અપરાધને હું નભાવું છું, તેમ તેમના અપરાધને પણ મારે

નભાવી લેવો જોઈએ, કારણ કે તે મારા ભાઈઓ છે. વિશ્વનાં તમામ પ્રાણીઓને પોતાના ભાઈ માનવા, બંધુ માનવા, એ વિશ્વબંધુત્વની ભાવના કહેવાય. મૈત્રી ભાવની સાધના માટે તે બહુ ઉપયોગી છે. મારા ભાઈઓને દુશ્મન ગણી તેમનો સામનો કરવાને તયાર થાઉં છું, એ મારી મોટી ભૂલ છે. ખરાં દુશ્મનો તો કર્મો છે. સામનો તો તેમનો કરવો જોઈએ.

એક ત્રીજો કીમિયો પણ છે. તેમાં એમ માનવું કે કોઈ કોઈનું બગાડી શકતું નથી. જો આપણું બગડતું હોય તો તેનું કારણ આપણે પોતે જ છીએ. બીજા બધા તો તેનાં નિમિત્તમાત્ર છે, માટે તેમના પર કોઈ જાતનો રોષ શા માટે કરવો ? તેઓ ખોટું કરતા હશે, તો તેનું ફળ તેઓ ભોગવશે, પણ મારે તેમને દંડ દઈને વિશેષ કર્મબંધન કરવું નહિ. આવા આવા શુદ્ધ વિચારોથી આત્માને કેળવો તો ગમે તેવા ભયંકર અને જોરદાર કષાયો પણ સહેલાઈથી જીતી શકાશે.

કષાયની ભયંકરતા તો જુઓ ! અણુબૉંબ અને અણુશસ્ત્રો કરતાં પણ તે વધારે નુકશાન કરે છે.

जं अज्जिअं चरित्तं, देसूणाए अ पुव्वकोडीए।
तं पि कसाइयचित्तो, हारेई नरो मुहुत्तेणं॥

'કંઈક ન્યૂન એવા કોડ પૂર્વ સુધી ચારિત્રનું પાલન કરીને જે કમાણી કરી હોય તે કષાયનો ઉદય થવાથી મનુષ્ય માત્ર બે ઘડીમાં જ હારી જાય છે.'

કષાયવાળા અધ્યવસાયોને લીધે સ્થિતિ અને રસનો બંધ પડે છે અને યોગને લઈને પ્રદેશ અને પ્રકૃતિબંધ પડે છે. કષાય નીકળી જાય તો સ્થિતિ અને રસનો બંધ નીકળી જાય. જો કે શુદ્ધ અધ્યવસાય હોય તો શુદ્ધ રસ પડે છે, પરંતુ સ્થિતિ તો કષાય વિના પડતી જ નથી. કષાયની અસર વિચારો પર પડે છે અને તેને લીધે આત્મા ધમાધમ કરે છે. કષાયની અસર જેટલી ઓછી, તેટલી આત્માની મલિનતા ઓછી.

યોગને રોકી શકો તો કર્મનો બંધ થાય જ નહિ, પણ એ શક્ય નથી. કષાયને બંધ કર્યા વિના યોગનિરોધ થઈ શકતો નથી.

શાતાવેદનીયનો બંધ સુંદર છે, કારણ કે તે ખૂબ આનંદ આપે છે. તેનો બંધ તો કેવળજ્ઞાની પણ સમયે સમયે બાંધે છે અને તેનું ફળ ભોગવે છે. યોગ ભલે ચાલુ રહે, પણ તમારા કષાયો ઓછા થઈ જાય તો અશુભ પ્રવૃત્તિ ઓછી થાય અને શુભ પ્રવૃત્તિમાં વધારો થાય. એટલું યાદ રાખો કે ગમે તેવી શુભ પ્રવૃત્તિ હોય પણ કષાયને કારણે અશુભનો બંધ પડે છે, માટે કષાયો જેટલા ઓછા કરશો તેટલો અશુભનો બંધ ઓછો પડશે.

જેટલાં પ્રમાણમાં કષાય જાય, તેટલા પ્રમાણમાં ચારિત્ર શુદ્ધ થાય. જ્યારે તે સંપૂર્ણ જાય, ત્યારે આત્મા વીતરાગ બને.


યોગ

યોગ એટલે ફરકવું–કંપવું, (આત્માની એક જાતની

પ્રવૃત્તિ) તે આત્માને હંમેશા ચાલુ છે. તે તમને દેખાતું નથી, પણ ચાલ્યા કરે છે. જ્યાં સુધી આત્મા કંપે છે, ત્યાં સુધી તેને કર્મનો બંધ છે. જ્યારે એ કંપતો બંધ થાય, ત્યારે કર્મ બંધાતાં બંધ થાય, તેથી કર્મને લીધે દુઃખ, પીડા, કે અશાંતિનો જે અનુભવ થાય છે, તે થવા પામે નહિ.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જોઈએ કે તેરમા ગુણસ્થાને કંપવાનું ચાલુ હોવા છતાં ત્યાં શાંતિ હોય છે, કારણ કે અશાંતિનું મૂળ કષાય છે અને તેનો ત્યાં અભાવ હોય છે. તેરમા ગુણસ્થાનનું નામ સયોગીકેવલી, એટલે ત્યાં વીતરાગ દશા હોય, કેવલજ્ઞાન હોય, પણ ત્યાં યોગની પ્રવૃત્તિ બંધ ન હોય. એ તો ચૌદમા ગુણસ્થાને જ બંધ પડે અને ત્યાર પછી કદી સજીવન થાય નહિ. ચૌદમું ગુણસ્થાન એ આત્મવિકાસની ચરમ સીમા છે અને તેને પ્રાપ્ત થયેલ જીવો ઊર્ધ્વગતિ વડે સિદ્ધશિલામાં પહોંચી સદાકાળ ત્યાં જ વિરાજે છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન અઠ્ઠાવીશમું

કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા

[૩]

મહાનુભાવો !

કર્મબંધ અને તેનાં કારણો અંગે વિશેષ વિચારણા ચાલી રહી છે. કર્મબંધ અંગે કેટલીક વિચારણા પૂર્વે થઈ હતી, તે કરતાં આ વિચારણા જુદા પ્રકારની છે, એટલે તેને અંગે વિશેષ કહેવાનું યોગ્ય છે. પ્રથમ સામાન્ય અને પછી વિશેષ, એ શિક્ષણનો સુવિહિત ક્રમ છે અને આપણે તેને બરાબર અનુસરી રહ્યા છીએ.

આ વિચારણા પ્રમાણમાં કંઈક લાંબી બની છે, પણ એ લાંબી બનવાની જરૂર હતી, અન્યથા તમને કર્મબંધનાં કારણો વિષે આટલી સ્પષ્ટ સમજૂતી આપી શકાઈ ન જ હોત. આપણે કર્મનો વિષય હાથ ધર્યો, તેનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે તમે કર્મનું સ્વરૂપ સમજો, તેનાં બંધનું સ્વરૂપ સમજો અને તેનાં કારણો જાણી તેનાથી દૂર રહો. 'કર્મો ઓછાં બાંધો' એમ તો અનેક વાર કહેવાય છે, પણ કઈ કઈ ક્રિયાથી કેવા પ્રકારનાં કર્મો બંધાય છે, એ ન જાણવાને

લીધે કર્મો બાંધવાનું પ્રમાણ જરાય ઓછું થતું નથી. એક વસ્તુને બરાબર જાણી હોય તો જ તેના હેય અંશને છોડી શકાય અને ઉપાદેય અંશને આચરી શકાય. 'पढमं नाणं तओ दया' એ પ્રસિદ્ધ સૂત્રનું રહસ્ય આ જ છે.

કર્મબંધનાં સામાન્ય કારણો ચાર છે : મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. તેના વિષે આપણે કેટલીક હકીકતો જાણી ગયા. હવે તેનાં જે વિશેષ કારણો છે, તે અંગે પણ કેટલીક હકીકત જાણી લઈએ.

એકંદર આઠે કર્મ આત્માના શત્રુ, પણ તેમાં ચાર કર્મોની શત્રુવટ પાકી. તે આત્માના સ્વભાવ પર સીધી અસર કરે અને તેથી આત્મામાં અજ્ઞાન, મોહ (રાગદ્વેષ–કષાય), વીર્યની ઊણપ વગેરે દોષો દેખાય. આ કર્મોનું જેવું કામ છે, તેવું નામ છે. એમને કહેવામાં આવે છે ઘાતી. ઘાતી એટલે ઘાતકી, ઘાત કરનારા. વ્યવહારમાં આપણે કોઈને ઘાતકી કહીએ તો એ મોટી ગાળ ગણાય છે. પ્રાણીનો સંહાર કરનારા–કરાવનારા પણ પોતાને ઘાતકી તરીકે ઓળખાવવા રાજી નથી. એક વાર એક મીલમાલિકે ઝેરી લાડવા બનાવી કેટલાંક કૂતરાઓને મારી નંખાવ્યા. તે સંબંધમાં એક પત્રે ટીકા કરતાં લખ્યું કે આ કરપીણ કૃત્ય છે. કરપીણ એટલે ઘાતકી. મીલમાલીકને આથી ખૂબ ખોટું લાગ્યું અને તેણે પોતાની બદનક્ષી થયાનો કોર્ટમાં કેસ કર્યો. કોર્ટે ફેંસલો આપ્યો કે લાડવામાં ઝેર ભેળવીને કૂતરાને મારી નાખવા એ કરપીણ કૃત્ય નથી, કારણ કે તેથી કૂતરા જલ્દી મરી જાય છે ! જો તેને રીબાવી રીબાવીને માર્યા હોત તો એ

કરપીણ કૃત્ય કહેવાત, માટે પત્રકારે વાપરેલો કરપીણ શબ્દ બદનક્ષી કરનારો છે અને તે માટે તેને અમુક દંડ કરવામાં આવે છે. કહેવાની મતલબ એ છે કે સેંકડો કૂતરાને મારી નંખાવનાર પણ પોતાને ઘાતકી કહેવડાવવા રાજી હોતા નથી.

ચાર કર્મોને આપણે ઘાતકી કહીએ છીએ, એટલે તે આપણી સામે બદનક્ષીનો કેસ માંડશે, એમ માની લેવાની જરૂર નથી. કદાચ આ કર્મો પોતાને ઘાતી કહેવા બદલ ધર્મરાજાની કોર્ટમાં બદનક્ષીનો દાવો કરે તો આપણે પુરવાર કરી શકીએ તેમ છીએ કે તેમનું કાર્ય ખરેખર ઘાતકી છે, કારણ કે તે નિરંતર આપણા ગુણોનો ઘાત કરે છે અને થોડી વાર પણ આપણા આત્માને છૂટો મૂકતા નથી.

જો આપણો આત્મા આ ચાર કર્મોના પંજામાંથી ક્ષણ વાર જ છૂટો થાય તો એમના પંજામાં ફરી આવે ખરો? ન જ આવે. ઔરંગજેબે બિછાવેલી જાળમાંથી છત્રપતિ શિવાજી છૂટી ગયા પછી હાથમાં આવ્યા ખરા? એટલે લાંબે ન જવું હોય તો સુભાષ બાબુનો જ કિસ્સો જુઓ. તે અંગ્રેજોને હાથતાળી આપીને છટકી ગયા, પછી હાથમાં ન આવ્યા, તે ન જ આવ્યા.

ચાર ઘાતીકર્મ તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. તેના બંધ થવાનાં વિશેષ કારણો તપાસીએ.

જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાવાનાં વિશેષ કારણો

પાપકાર્યોમાંથી નિવૃત્તિ, કુશલપક્ષમાં પ્રવૃત્તિ અને

વિનયની પ્રાપ્તિ, આ ત્રણ કાર્યો જ્ઞાનથી જ થાય છે, એટલે આપણે તેને એક પવિત્ર વસ્તુ માનીએ છીએ. બીજાઓ પણ 'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते' વગેરે શબ્દોથી જ્ઞાનની પવિત્રતા કબૂલ રાખે છે. હવે કોઈ માણસ એમ કહે કે 'જ્ઞાનથી શો લાભ? એનાથી આપણું કંઈ ભલું થતું નથી. જ્ઞાની પણ મરે છે અને અજ્ઞાની પણ મરે છે, માટે આપણે જ્ઞાન મેળવવાની માથાકૂટમાં ઉતરવું નહિ.' તો તેણે જ્ઞાનની આશાતના કરી કહેવાય અને તેથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાય.

એક માણસ ખરેખર જ્ઞાની–સમ્યગ્જ્ઞાની હોય, છતાં કહેવામાં આવે કે 'એનામાં કંઈ જ્ઞાન નથી, એ શું સમજે? આવા તો ઘણાને જોયા' વગેરે, તો એ જ્ઞાનીની આશાતના કરી કહેવાય. તે જ રીતે જ્ઞાની પુરુષનો યોગ્ય વિનય કરવામાં ન આવે તો પણ તેની આશાતના કરી કહેવાય. તેનાથી પણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાય.

જે આત્મા ગુરુ, સૂત્ર અને અર્થ કે બન્નેનાં નિહ્નવપણામાં પડે તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ વિશેષ પ્રમાણમાં બાંધે. જે જ્ઞાની કે ગુરુની ઈર્ષ્યા કરે, નિંદા કરે, તેમનું અપમાન કરે અને તેમના વિરોધી તરીકેનું વર્તન રાખે તે પણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ વિશેષ પ્રમાણમાં બાંધે.

કોઈ જ્ઞાન ઉપાર્જન કરતું હોય, સ્વાધ્યાય કરતું હોય તેને અંતરાય કરવામાં આવે તો પણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ ઘણું બાંધે. આજે તો બાજુમાં પાઠશાળા

ચાલતી હોય કે કોઈ સામાયિક લઈને બેઠું હોય તો પણ મોટેથી વાત કરતા કે હા–હા–હી–હી કરતા લોકો જરાયે અચકાતા નથી. આ ઘણા ખોટા સંસ્કાર છે અને તે કર્મનું બંધન કરાવનાર છે.

પુસ્તક, પાટી, ઠવણી વગેરે જ્ઞાનનાં સાધનોને પછાડવા, ઠોકરે મારવા, ગમે ત્યાં રખડતા મૂકવા, તેમને થુંક લગાડવું, ગમે તે અશુચિમય પદાર્થ લગાડવો, એ બધી જ્ઞાનનાં સાધનોની આશાતના છે, અને તે તમારે વર્જવી જોઈએ, અન્યથા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ ઉપાર્જન કરશો અને પરભવમાં મૂઢતા, જડતા, મૂકત્વ વગેરેનો ભારે દંડ ભોગવશો. આવી રીતે જ્ઞાન તથા જ્ઞાનીનો ઉપઘાત –દ્વેષ કરવાથી અને જ્ઞાન ભણનારને અંતરાય કરવાથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મો બંધાય છે અને તેનું ફળ આત્માને કઠોર રીતિએ ભોગવવું પડે છે.

મોહનીય કર્મ બંધાવાનાં વિશેષ કારણો

કર્મગ્રંથમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનાં વિશેષ કારણોની એક ગાથા છે, ત્યારે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનાં વિશેષ કારણોની બે ગાથા છે, કારણ કે આ કર્મ સહુથી વધારે ભયંકર છે અને રાગદ્વેષ, લડાઈ, ઝઘડા, વિરોધ, દુશ્મનાવટ વગેરે જે નરક ગતિમાં લઈ જનારાં તત્ત્વો છે, તેનાં જનક છે.

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બેમાં દર્શનમોહનીય વધારે ભયંકર છે, કારણ કે તેનાથી મિથ્યાત્વ આવે

છે અને સમકિતનો રોધ થાય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય છે, ત્યાં સુધી આત્માનું ઠેકાણું પડતું નથી. તે સંસારમાં રખડયા જ કરે છે અને વિવિધ દુઃખોનો ભાગી થાય છે. જ્યારે સમકિત આવે, ત્યારે તેનું ભવભ્રમણ મર્યાદિત બને છે અને તે અર્ધપુદ્ગલપરાવર્તનમાં જરૂર મોક્ષે જાય છે.

જે ઉન્માર્ગની દેશના આપે, તે વિશેષ પ્રકારે દર્શનમોહનીય કર્મ બાંધે. ઉન્માર્ગ કોને કહેવાય, તે જાણો છો? માર્ગ સમજવાથી ઉન્માર્ગ આપોઆપ સમજાશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ સન્માર્ગ છે, મોક્ષ માટેનો માર્ગ છે. તેની વિરુદ્ધનો માર્ગ તે ખોટો માર્ગ, ઉન્માર્ગ. તાત્પર્ય કે જેનાથી મિથ્યાત્વનું પોષણ થતું હોય તે ઉન્માર્ગ કહેવાય. તે જ રીતે જે કેળવણી કે શિક્ષણમાં પુણ્યપાપનો, કર્મનો, આત્મભાવનો કે પરમાત્માનાં જ્ઞાનનો વિચાર નથી, તે કેળવણી કે શિક્ષણ મિથ્યાજ્ઞાન છે અને તેનું ફળ રાગદ્વેષ, મારામારી, અહંકારાદિ દુર્ગુણો વધારવામાં જ આવે છે. આવાં મિથ્યા શિક્ષણને પોષવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે અને સંસાર વધે છે.

કોઈ કહેશે કે મિથ્યાજ્ઞાન વિના દુનિયાનો વ્યવહાર ચાલતો નથી, પણ તેથી કંઈ એ ધર્મ ન કહેવાય. માણસને પત્ની વિના ન ચાલે એટલે પરણે, પૈસા વગર ન ચાલે એટલે કમાય, પણ તેથી તેણે ધર્મ કર્યો ન કહેવાય.

વ્યવહારનું પોષણ એ સંસારનું કારણ છે. એક માણસ દુઃખી છે, તેને દયાભાવથી તમે ધંધો કરાવો, દયાની ભાવનાથી તેને મદદગાર બનો, તો એ વ્યવહારનું કારણ હોવાથી

તમારો સંસાર વધારનાર બને કે નહિ? એ પ્રશ્ન તમારાં મનમાં ઉઠશે. તેનો ઉત્તર એ છે કે 'એ સંસાર વધારનારું કારણ બની શકે નહિ, કારણ કે તેમાં તમારી અનુકંપાની દૃષ્ટિ છે. અનુકંપા કરવી એ ભગવાનની આજ્ઞા છે, તેમ જ શાસનની પ્રભાવના છે, તેથી આત્માની ઉન્નતિનું કારણ બને છે. વેપારમાં જોડવાથી વ્યવહાર વધાર્યો એમ નથી, પણ તે માણસને ધર્માભિમુખ કર્યો, અને તે એના મોટા લાભની વાત છે. એ માણસે ધંધો કર્યો કે નહિ તે મદદ કરનારે જોવું જોઈએ. વળી તેમાં મુખ્યત્વે વર્તમાનકાળને લક્ષમાં રાખવાનો છે. તમે જે મદદ કરો તે કારણ પાપપ્રવૃત્તિનું ન હોય, હિંસાનું ન હોય તો તે ધર્મનું કારણ બને. આમાં ભવિષ્યકાળને જોવાનો નથી. અત્યારે તે સારાં કામને માટે પૈસા લે છે, પણ ભવિષ્યમાં પૈસા કમાયા પછી બરાબ સોબતે ચડી પાપકર્મ કરે તેને માટે તમે જવાબદાર નથી, કારણ તમે જ્યારે પૈસા આપ્યા, ત્યારે સારી ભાવનાથી સારાં કામ માટે આપ્યાં હતાં. જો ભવિષ્યનો વિચાર કરો તો કોઈને કોઈ પણ કારણે મદદ કરવાનું રહેશે જ નહિ. એ રીતે તો 'બળતાં વાડામાંથી ગાયને બહાર કાઢીએ અને તે જીવે તો કાચું પાણી પીએ તથા ઘાસ ખાય એનો દોષ આપણને આવે' એવી માન્યતા સુધી પહોંચવું પડશે અને દયાધર્મનો જ લોપ થઈ જશે.

સન્માર્ગનો નાશ કરવાથી દર્શન મોહનીય કર્મ બંધાય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો નાશ કરવાની દેશના એ સન્માર્ગનો નાશ કહેવાય. તેમ કરનારો દર્શન-

મોહનીય કર્મ બાંધે. આથી ધર્મવિરુદ્ધ કોઈ પ્રવૃત્તિમાં ભાગ ન લેવો, એટલો નિશ્ચય તમારે કરવો જોઈએ.

દેવદ્રવ્યનું હરણ કરનારો પણ દર્શનમોહનીય કર્મ બાંધે. દેવ એટલે અરિહંતદેવ, વીતરાગ પરમાત્મા. તેમની ભક્તિ નિમિત્તે જે કંઈ દ્રવ્ય અર્પણ કરવામાં આવે તે દેવદ્રવ્ય. દેવદ્રવ્ય શ્રાવકથી ન લેવાય, કારણ કે તે ચોરીનો ગુનો કહેવાય અને તેથી આ જીવનમાં તથા પછીનાં જન્મોમાં પાયમાલી થાય. આમ છતાં આજે કેટલાક એમ કહેનાર નીકળ્યા છે કે દેવદ્રવ્યનો સમાજની ઉન્નતિ માટે ઉપયોગ કરો. એનો અર્થ તો એ જ કે તમારા હાથે તમારા સાધર્મિક ભાઈઓને દેવદ્રવ્ય ખવડાવો. સાગરશેઠની કથા સાંભળો, એટલે તમને આ વસ્તુની ભયંકરતા બરાબર સમજાશે.

દેવદ્રવ્ય અંગે સાગરશેઠની કથા

સાકેતપુર નામનું નગર હતું. તેમાં સાગર નામે એક શ્રાવક હતો. તે અરિહંત પરમાત્માની સારી રીતે ભક્તિ કરતો હતો. તેને સુશ્રાવક જાણી નગરના બીજા શ્રાવકોએ કેટલુંક દેવદ્રવ્ય સોંપ્યું અને કહ્યું કે 'મંદિરનું કામ કરનાર સુતાર વગેરેને આ દ્રવ્ય આપતા રહેજો.'

હાથમાં દ્રવ્ય આવ્યું, એટલે સાગરશેઠને લોભ થયો. તેણે એ દ્રવ્યમાંથી ધાન્ય, ગોળ, ઘી, તેલ, કપડાં આદિ ઘણી ચીજો વેચાતી લીધી અને સુથાર વગેરેને રોકડ નાણું ન આપતાં આ વસ્તુઓ મોંઘા ભાવે આપી. તેમાં જે લાભ થયો તે પોતે રાખ્યો. આ રીતે તેણે એક હજાર કાંકણીનો

લાભ મેળવ્યો (કાંકણી એટલે રૂપિયાના એંશીમા ભાગનો સિક્કો) અને ઘોર કર્મ બાંધ્યું. તેની આલોચના કર્યા વિના તે મરણ પામ્યો, એટલે સમુદ્રની અંદર જળમનુષ્ય થયો. ત્યાં દરિયામાંથી રત્ન કાઢનારાઓએ તેને પકડ્યો અને તેની અંડગોલિકા મેળવવા માટે તેને લોખંડની ચક્કીમાં પીસ્યો. આ ગોલિકા પાસે રાખી હોય તો જળચરો ઉપદ્રવ કરતા નથી, એટલે રત્ન કાઢનારાઓ તેને મેળવવા મથે છે.

તે મહાવ્યથાથી મરણ પામી ત્રીજી નરકે ગયો અને ત્યાં ભયંકર દુઃખો ભોગવ્યા પછી પાંચસે ધનુષ્ય લાંબો મત્સ્ય થયો. એ વખતે કેટલાક માછીમારીઓએ તેનાં અંગો છેદી મહાકદર્થના કરી. ત્યાંથી તે ચોથી નરકે ગયો. આમ વચ્ચે એક કે બે ભવ કરીને તે સાતે નરકમાં બબ્બે વાર ઉત્પન્ન થયો. ત્યાર પછી શ્વાન, ભુંડ, ગધેડા વગેરેના તથા એકેન્દ્રિયાદિના હજારો ભવ કર્યા અને ઘણું દુઃખ ભોગવ્યું. જ્યારે તેનું ઘણું ખરું પાપ ક્ષીણ થયું, ત્યારે વસંતપુર નગરમાં વસુદત્ત શેઠની પત્ની વસુમતિની કૂખે ઉત્પન્ન થયો. વસુદત્ત શેઠ ક્રોડપતિ હતા, પણ આ પુત્ર ગર્ભમાં આવતાં તેનું બધું ધન નાશ પામ્યું અને તેનો જન્મ થયો, ત્યારે પોતે મરણ પામ્યા. તે પાંચ વર્ષનો થયો ત્યારે માતા પણ ગુજરી ગઈ, આથી લોકોએ તેનું નામ નિષ્પુણ્યક પાડ્યું. તે ખૂબ દુઃખ જોઈને મોટો થયો.

એક દિવસ તેનો મામો તેને સ્નેહથી પોતાનાં ઘરે લઈ ગયો, તો તે જ રાત્રિએ ચોરોએ તેનું ઘર લૂંટ્યું. આ

રીતે જ્યાં જ્યાં તે ગયો, ત્યાં ત્યાં બધે કંઈ ને કંઈ ઉપદ્રવ થયો. આખરે તે સમુદ્રકિનારે ગયો અને ત્યાં ધનાવહ શેઠની નોકરી સ્વીકારી, તેમની સાથે વહાણમાં ચડ્યો. એ વહાણ સહીસલામત એક દ્વીપમાં પહોંચ્યું, એટલે નિષ્પુણ્યકને લાગ્યું કે 'મારું દુર્દૈવ આ વખતે પોતાનું કામ ભૂલી ગયું લાગે છે.' પણ પાછાં ફરતાં એ વહાણ ભાંગ્યું અને તેનું એક પાટિયું હાથમાં આવી જતાં નિષ્પુણ્યક તરીને સમુદ્રકાંઠે પહોંચ્યો. પછી એક ઠાકોરને ત્યાં નોકરીએ રહ્યો, તો ઠાકોરની દુર્દશા થઈ, એટલે તેણે એને હાંકી કાઢ્યો. ત્યાંથી રખડતાં રખડતાં જંગલમાં સેલક યક્ષનાં મંદિર પહોંચ્યો અને તેને પોતાનું સર્વ દુઃખ કહી તેની એક ચિત્તે આરાધના કરવા લાગ્યો.

એકવીસ ઉપવાસે યક્ષ પ્રસન્ન થયો. તેણે કહ્યું: 'હે ભદ્ર! અહીં એક મોર આવીને રોજ નૃત્ય કરશે, તેની સુવર્ણમય ચંદ્રકળામાં એક હજાર પીંછા હશે, તે તું લઈ લેજે.' બીજા દિવસથી મોર આવવા લાગ્યો અને નિષ્પુણ્યક તેનાં પડી ગયેલાં પીંછાં લેવા લાગ્યો. એમ કરતાં જ્યારે નવસો પીંછાં એકઠાં થયાં, ત્યારે તેને વિચાર આવ્યો કે 'રોજ થોડાં થોડાં પીંછાં ખરે છે, તેથી ઘણો વખત જાય છે. હવે સો પીંછાં બાકી રહ્યાં છે, તેને ખરતાં કોણ જાણે કેટલો વખત લાગશે? માટે હવે તો એ મોર નૃત્ય કરવા આવે ત્યારે મૂઠી ભરીને બધાં પીંછાં ઉખાડી લેવાં!' બુદ્ધિને કર્માનુસારિણી કહી છે, તે ખોટું નથી. કર્માવશાત્ જેવું ફળ મળવાનું હોય તે પ્રમાણે જ પ્રથમ બુદ્ધિ થાય છે.

મોર નૃત્ય કરવા આવ્યો અને તેનાં પીંછાં ઉખાડી લેવા નિષ્પુણ્યકે મૂઠી ભરી કે એ મોર અદૃશ્ય થઈ ગયો! અને તેણે જે નવસો પીંછાં એકઠા કર્યા હતાં, તે પણ અદૃશ્ય થઈ ગયાં!! તેના પસ્તાવાનો પાર રહ્યો નહિ, પણ હવે શું બને? એ જ મુફલિસ હાલતમાં તે અહીંતહીં રખડવા લાગ્યો.

એવામાં એક જ્ઞાની મુનિરાજને જોયા, એટલે નિષ્પુણ્યક તેમની પાસે ગયો અને વિધિપૂર્વક વંદન કરીને તેમની સામે બેઠો. પછી પોતાનાં દુર્ભાગ્યનું વર્ણન કર્યું અને તેનું કારણ પૂછ્યું. મુનિરાજે તેના પાછલા ભવોની બધી હકીકત કહી અને છેવટે જણાવ્યું કે 'તારે દુર્ભાગ્યને દૂર કરવું હોય તો લીધેલાં દ્રવ્ય કરતાં વિશેષ દ્રવ્ય પાછું આપવાનો સંકલ્પ કર.' તેજ વખતે નિષ્પુણ્યકે મુનિરાજ સમક્ષ પ્રતિજ્ઞા લીધી કે 'મેં પૂર્વભવમાં જેટલું દેવદ્રવ્ય લીધું છે, તે કરતાં એક હજારગણું દ્રવ્ય દેવદ્રવ્યમાં જમા કરાવીશ અને જ્યાં સુધી આ રીતે રકમ પૂરી ન કરું ત્યાં સુધી મારે અન્નવસ્ત્ર ઉપરાંત કંઈ પણ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ.' આ નિયમ સાથે તેણે શ્રાવકનાં વ્રતોનો પણ સ્વીકાર કર્યો.

તે દિવસથી તેનો દિનમાન સુધર્યો. જે જે કામ હાથ ધર્યાં તે પાર પડવા લાગ્યાં અને તેમાં લાભ થવા લાગ્યો. તેમાંથી તેણે દેવદ્રવ્ય ભરપાઈ કરવા માંડ્યું અને એ રીતે એક હજાર કાંકણીના બદલામાં દશ લાખ કાંકણી આપી. પછી ઘણું દ્રવ્ય કમાઈને તે ઘરે આવ્યો અને શ્રીમંતોમાં અગ્રણી થયો. રાજા-પ્રજા ઉભયે તેનું બહુમાન કર્યું.

પછી તેણે જિનમંદિરો બંધાવ્યાં, તેની તથા બીજાએ કરાવેલાં મંદિરોની તે સારસંભાળ કરવા લાગ્યો અને દેવદ્રવ્યની વૃદ્ધિ કેમ થાય? તેના ઉપાયો કરવા લાગ્યો, આવી રીતે લાંબા સમય સુધી સત્કાર્ય કરતાં તેણે જિનનામકર્મ બાંધ્યું. પછી અવસરે ગીતાર્થ ગુરુ પાસે દીક્ષા લીધી અને જિનભક્તિરૂપ પ્રથમ સ્થાનકની આરાધના કરીને એ કર્મને નિકાચિત કર્યું.

અનુક્રમે કાલધર્મ પામી તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, અરિહંતની ઋદ્ધિ ભોગવી, મોક્ષમાં જશે.

દેવદ્રવ્યનું ભક્ષણ કરનારની હાલત કેવી થાય છે? તેનો આ પરથી ખ્યાલ કરજો. અહીં દેવદ્રવ્ય સાથે ઉપલક્ષણથી જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય વગેરે પણ સમજી લેવાં.

જિન, મુનિ, ચૈત્ય અને સંઘાદિની પ્રત્યનીકતા-આશાતના કરતાં પણ દર્શનમોહનીય કર્મ બંધાય છે, માટે તેનાથી બચજો.

જે આત્મા ક્રોધ, માન, માયા અને લોભને વશ પડે તથા હાસ્યાદિક નવ નોકષાયોમાં લીન બને, તે ચારિત્રમોહનીય કર્મ બાંધે. કષાયની દુષ્ટતાનું વર્ણન તો હમણાં જ કરી ગયા. નોકષાયો કષાયને ત્તજન આપનારા છે, એટલે તે પણ એટલા જ દુષ્ટ છે. ચોરીને ઉત્તેજન આપનાર ચોર કહેવાય, તેમ દુષ્ટને ઉત્તેજન આપનાર દુષ્ટ કહેવાય.

કામમાંથી ક્રોધ જાગે છે, તેનાથી આત્મા ભાન ભૂલે છે અને ન કરવાનાં કામો કરી બેસે છે. હાસ્યાદિનું પરિણામ પણ એવું જ ભયંકર આવે છે. પાંડવોએ કાચનો મહેલ બનાવ્યો, કૌરવો જોવા આવ્યા, તેમણે પાણી સમજી કપડાં ઊંચાં લીધાં અને દ્રૌપદી હસી પડી. તે હસતાં હસતાં બોલી કે 'આંધળાના તો આંધળા જ હોય ને?' કૌરવના પિતા ધૃતરાષ્ટ્ર આંધળા હતા. આથી કૌરવને હડહડતું અપમાન લાગ્યું અને તેનો બદલો લેવા માટે તેમણે અનેક પ્રકારના દાવ અજમાવ્યા. છેવટે મહાભારત યુદ્ધ મંડાણું અને તેમાં લાખો માણસોનો સંહાર થયો.

પૌદ્ગલિક પદાર્થો પર રતિ–પ્રીતિ થાય તેનું પરિણામ કેવું ભયંકર આવે છે, તે અમે આગળ રૂપસેનની કથામાં જણાવી ગયા છીએ. ન ગમતાં પદાર્થો પર અપ્રીતિ કરનાર, દ્વેષ કરનારની હાલત પણ એવી જ બૂરી થાય છે.

ભયથી મનનાં પરિણામો ચંચળ થઈ જાય છે અને તેથી કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ થઈ શકતો નથી. આજના મનોવિજ્ઞાને તો મનુષ્યની બધી નબળાઈઓનું મૂળ ભયમાં રહેલું જાહેર કર્યું છે. ભયને જિત્યા વિના અભિભવ કાયોત્સર્ગ થઈ શકતો નથી, તેમજ ચારિત્રનું વિશુદ્ધ પાલન કરી શકાતું નથી. જે બધા ભયોને જિતે તે જ જિન થઈ શકે. તમે જિનેશ્વરોને જિતભય કહીને તેમની સ્તુતિ કરો છો ને? કયાં સૂત્ર વડે, તે યાદ કરો.

ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થતાં મનુષ્યો

શોક કરવા લાગે છે અને એ રીતે ઊંડાં આર્ત્તધ્યાનમાં ઉતરી જાય છે. આ વખતે તેમણે પૌદ્ગલિક પદાર્થોની નિઃસારતા ચિંતવવી જોઇએ અને મારું કંઈ ગયું નથી, એમ માનવું જોઈએ. મિથિલા જેવી મહાનગરી સળગી ઊઠી, તેના ભડકા આકાશમાં ઊંચે ને ઊંચે જવા લાગ્યા, એ બતાવીને એક વૃદ્ધ વિપ્ર કહે છે કે 'હે નમિરાજ! આ મિથિલા નગરી બળી રહી છે, તેને બુઝાવીને પછી તમે સંયમના માર્ગે સંચરો.' પરંતુ નમિરાજ સંસારને અસાર જાણી સંયમ ગ્રહણ કરવા તત્પર થયેલા છે. તેઓ શું કહે છે? 'હે વિપ્ર! મિથિલા બળતાં મારું કંઈ બળતું નથી, હું તો મારા આત્મામાં જે આગ ઊઠી છે, તેને જ બુઝવવા માગું છું!' કેવી સુંદર સમજણ! કેવું ધૈર્ય!

ગમે તેટલો શોક કરો–ઝુરો તો પણ મૃત્યુ પામેલા સ્વજનો જીવતા થતા નથી, તો પછી શોક કરી વ્યર્થ કર્મબંધન શા માટે કરવું? સમજુએ તો એ વખતે શાંતિ ધારણ કરવી અને મનને ધર્મધ્યાનમાં લગાડવું. મૃત્યુ અંગેના રીતરિવાજોમાં પહેલાં કરતાં સુધારો થયો છે, પણ હજી વિશેષ સુધારો થવાની જરૂર છે અને આર્ત્તધ્યાનનાં પરિણામો કેમ ઓછા થાય? તે પર વધારે લક્ષ આપવાની આવશ્યકતા છે. કેટલાક ધંધામાં નુકશાન જતાં શોક કરે છે, તો કેટલાક ધાર્યું કામ પાર ન પડતાં શોક કરે છે. પણ શોક કર્યે શું થવાનું? ઉલટું કર્મબંધન વધવાનું.

દુગંછા એ અપ્રીતિ કે તિરસ્કારમાંથી જ જન્મે છે,

એટલે તેનો પણ ત્યાગ કરવો જોઈએ. જેઓ કોઈને લૂલાં, લંગડા, કાણા, કૂબડા, ગંધાતા જોઈને તેમની દુગંછા કરે છે, તેઓ આવી રીતે કષાય અને નોકષાયનું સેવન કરનારા ચારિત્રમોહનીય કર્મ બાંધે છે. સાધુ-સાધ્વીનાં મલિન વસ્ત્ર-ગાત્ર દેખીને દુગંછા કરનારા વિશેષ પ્રકારે ચારિત્ર-મોહનીય કર્મ બાંધે છે.

અંતરાયકર્મ બાંધવાનાં વિશેષ કારણો

કોઈનાં સુખમાં અંતરાય નાખીએ તો અંતરાયકર્મ બંધાય. કોઈને ભૂખ્યા રાખીએ તો આપણે ભૂખ્યા રહેવું પડે, કોઈને તરસ્યાં રાખીએ તો આપણે તરસ્યા રહેવું પડે. કોઈને ધનલાભ થતો હોય તેમાં પથરા રેડવીએ, ધનલાભ અટકાવી દઈએ, તો ધનપ્રાપ્તિમાં અંતરાય થાય અને ગમે તેવા પ્રયત્નો કરીએ તો પણ ટેકી લાગે નહિ. જેઓ ખટ-પટ કરીને કોઈનાં ઘર ભંગાવે છે, બચ્ચાંઓનો તથા માતાપિતાનો વિયોગ કરાવે છે, ઇંડાં વગેરે ફોડે છે, પશુ-પક્ષી વગેરેનાં રહેઠાણો તથા માળાઓ તોડી નાખે છે, તે બધા અંતરાયકર્મ બાંધે છે.

જેઓ જિનપૂજા, ગુરુસેવા કે ધર્મની આરાધનામાં અંતરાય નાખે છે, અને હિંસા, જૂઠ, ચોરી આદિ નીચ કામો કરે છે, તેઓ વધુ અંતરાયકર્મ બાંધે છે અને તેનાં અતિ કડવાં ફળો ભોગવે છે.

ઘાતીકર્મોનો વિચાર અહીં પૂરો થયો. હવે અઘાતી-કર્મ ઉપર આવીએ.

વેદનીયકર્મ બંધાવાનાં વિશેષ કારણો

વેદનીયકર્મમાં શાતાવેદનીય પણ હોય અને અશાતા-વેદનીય પણ હોય. શાતાવેદનીયવાળો સુખનો અનુભવ કરે, અશાતાવેદનીયવાળો દુઃખનો અનુભવ કરે.

પાપનો વિજય કરનાર, આવતા કષાયોને રોકનાર, તેનું દમન કરનાર શાતાવેદનીય કર્મ બાંધે છે. જે અનુ-કંપાદાન, સુપાત્રદાન ભાવથી આપે તે પણ શાતાવેદનીય કર્મ બાંધે છે. સંગમક નામના ગોવાલપુત્રે સુપાત્ર મુનિને ભાવથી ક્ષીર વહોરાવી તો બીજા ભવે તે ગોભદ્ર શેઠને ત્યાં શાલિભદ્રરૂપે જન્મ્યો અને અતુલ રિદ્ધિસિદ્ધિનો સ્વામી થયો.

ઢીલા પરિણામવાળો ધર્મી અશાતાવેદનીય કર્મ બાંધે અને વ્રતમાં દૃઢતા રાખનારો ધર્મી શાતાવેદનીય કર્મ બાંધે. વંકચૂલે ચાર સાદાં વ્રતોનું દૃઢતાપૂર્વક પાલન કર્યું તો બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું.× જેની શ્રદ્ધા દૃઢ હોય તે જ વ્રતપાલનમાં દૃઢતા રાખી શકે, માટે શ્રદ્ધાને દૃઢ રાખવી અને શ્રી જિનેશ્વર ભગવંતે જે કહ્યું છે, તે જ સાચું છે, એમ માનવું, તો શાતાવેદનીય કર્મનો બંધ પડે.

જે મનુષ્ય ગુરુની નિંદા કરનારો છે, લોભી છે, હિંસક ભાવનાવાળો છે, વ્રત વિનાનો છે, અકુશલ અનુષ્ઠાન કર-નારો છે, કષાયથી હારી ગયેલો છે તથા કૃપણ છે, તે અશાતાવેદનીય કર્મ બાંધે.

× આ કથા પ્રસિદ્ધ છે. જે ન જાણતું હોય તે જૈન શિક્ષાવલીની પ્રથમ શ્રેણીનો સાતમો નિબંધ જુએ. તેમાં આ કથા સવિસ્તર આપેલી છે.

દેવ અને મનુષ્યમાં પ્રાયઃ શાતાનો ઉદય હોય છે અને તિર્યંચ અને નારકીમાં પ્રાયઃ અશાતાનો ઉદય હોય છે. તો પછી આપણને પ્રશ્ન થાય કે ' મનુષ્યમાં અશાતાનો ઉદય શી રીતે જોવામાં આવે છે ? ' તેનો ઉત્તર—કર્મભૂમિ પંદર અને અકર્મભૂમિ ત્રીશ. અકર્મભૂમિના યુગલિયા સુખી, કારણ કે તેમને જે જોઈએ તે કલ્પવૃક્ષ પાસેથી મળી જાય અને અકર્મભૂમિના માણસો દુઃખી, કારણ કે તેમને જે જોઈએ તે પરિશ્રમ કરવાથી મળે. ભરત અને ઐરવત ક્ષેત્રમાં અઢાર કોડાકોડી સાગરોપમ જેટલો સમય સુખનો અને ફક્ત બે કોડાકોડી સાગરોપમ જેટલો સમય દુઃખનો, તેમાં એકલાં દુઃખની સ્થિતિ તો માત્ર ચોરાશી હજાર જ વર્ષની. × તેથી મનુષ્યમાં પ્રાયઃ શાતાનો ઉદય કહ્યો છે.

× જૈન દર્શનને પોતાની વિશિષ્ટ કાલગણના છે. તે અનુસાર એક કાલચક્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી નામના બે વિભાગ હોય છે. આ દરેક વિભાગ દશ કોડાકોડી સાગરોપમનો હોય છે, એટલે એક કાલચક્ર કુલ વીશ કોડાકોડી સાગરોપમનું બનેલું હોય છે.

અવસર્પિણી કાલમાં છ આરા હોય છે. તેનું કાલમાન નીચે પ્રમાણે સમજવું :

૧.	એકાન્ત સુષમા	૪ કોડાકોડી સાગરોપમ વર્ષ	
૨.	સુષમા	૩ ,, ,, ,,	
૩.	સુષમ–દુઃષમા	૨ ,, ,, ,,	
૪.	દુઃષમ–સુષમા	૧ ,, ,, ,,	–૪૨૦૦૦ વર્ષે
૫.	દુઃષમા	૨૧૦૦૦ વર્ષ.	
૬.	દુઃષમ–દુઃષમા	૨૧૦૦૦ વર્ષ.	

યુગલિયાનો કાળ હોય ત્યારે પંચેન્દ્રિય જનાવરો સુખી, પણ એકેન્દ્રિય વગેરે બાકીના બધા દુઃખી. તીર્થંકર ભગવાનનો જન્મ આદિ થાય ત્યારે નારકીના જીવો પણ સુખનો અનુભવ કરે છે.

અહીં એટલું યાદ રાખવું કે આ શાતાવેદનીયનું સુખ સાંસારિક સુખ છે અને કર્મજન્ય હોવાથી ખતરાવાળું છે. આ સુખ આપણી સાથે ઠગાઈ કરે છે. જો એ સુખ ભોગવતાં ધર્મ ભૂલ્યા, તો સામે સંસારસાગર ઘુઘવી રહ્યો છે. પુણ્યાનુબંધી પુણ્યનાં કારણે સાંસારિક સુખો મળે અને તે ધર્મ આરાધનામાં સહાયક થાય, તથા મુક્તિની નજીક લઈ જાય.

મયણાસુંદરીએ ધર્મની ટેક રાખી તો તેનો વિજય

અવસર્પિણી કાલ પૂરો થાય કે તરત જ ઉત્સર્પિણી કાલ શરૂ થાય છે. તેનો ક્રમ આથી બિલકુલ ઉલટો હોય છે. એટલે કે તેનો પહેલો આરો દુઃષમ–દુઃષમા, બીજો દુઃષમા એ પ્રમાણે હોય છે. તેનું કાલમાન પણ તેટલું જ હોય છે.

અવસર્પિણીનો પહેલો, બીજો અને ત્રીજો આરો તથા ઉત્સર્પિણીનો ચોથો, પાંચમો અને છઠ્ઠો આરો મળી અઢાર કોડાકોડી સાગરોપમ વર્ષ થાય, એ સમય સુખનો ગણાય છે. અને અવસર્પિણીનો ચોથો, પાંચમો અને છઠ્ઠો તથા ઉત્સર્પિણીનો પહેલો, બીજો અને ત્રીજો આરો મળી બે કોડાકોડી સાગરોપમ વર્ષ થાય. એ સમય દુઃખનો ગણાય છે. તેમાં અવ૦ના પાંચમા અને છઠ્ઠા આરાનાં તથા ઉત્સ૦ના પહેલા બીજા આરાનાં મળી ૮૪૦૦૦ વર્ષ થાય. તે એકલાં દુઃખનાં ગણાય છે.

થયેા, શ્રીપાળ રાજાનેા કેાઢ મટયેા અને સિદ્ધચક્રની આરાધનાનેા દુનિયામાં પ્રભાવ વધ્યેા. શ્રીપાળે પૂર્વજન્મમાં ગુરુની આશાતના કરી કેાઢ ભેાગવવાનું કર્મ બાંધ્યું હતું, તે કર્મ ઢીલું હેાવાને કારણે એક જન્મમાં ભેાગવાઈ ગયું અને તેમનેા કેાઢ ગયેા. તે જ રીતે પૂર્વભવમાં ધર્મની આરાધના હતી, તેા આ ભવમાં સિદ્ધચક્રની આરાધના થઈ અને તેમને સર્વ પ્રકારે શાતાનેા અનુભવ થયેા.

આયુષ્યકર્મ બંધાવાનાં વિશેષ કારણેા

ક્રેાધ અને અહંકાર કડવા કષાય છે, માયા અને લેાભ મીઠા કષાય છે. જ્યારે કષાયેા બહુ તીવ્ર હેાય અને આત્મા રૌદ્ર પરિણામી હેાય ત્યારે આત્મા આયુષ્ય બાંધે તેા નારકીનું બાંધે અને પરિગ્રહમાં મહારાગી હેાય ત્યારે પણ આયુષ્ય બાંધે તેા નારકીનું બાંધે. આ નારકી એક નથી, સાત પ્રકારની છે. નારકીનું આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું છે, તેમાં એક પણ દિવસનેા ઘટાડેા ન થાય.

માનવજીવન દરમિયાન કયારેક માથું દુઃખે, તાવ આવે, પેટ ચૂંકાય કે બીજી કંઈ પીડા થાય, ત્યારે આપણાથી સહન થતું નથી અને અસ્વસ્થતા દૂર કરવા માટે આપણે અનેકાનેક ઉપાયેા કરીએ છીએ. અહીં જે દુઃખ એક દિવસ પણ સહન થતું નથી, તે દુઃખ ત્યાં ક્રેાડેા દિવસ સુધી ભેાગવવાનું હેાય છે.

નારકીમાં બધા જ પ્રકારના રેાગેા છે અને તે આત્માએ હંમેશ માટે ભેાગવવાના હેાય છે. તેમાંથી એક રેાગ

ઘટે નહિ કે એક મટે નહિ. નારકીમાં સદા ઘેાર અંધકાર હેાય છે. એ અંધકારની આપણને કલ્પના પણ આવી શકે નહિ. આપણે એક ઊંડા ભેાંયરામાં ઉતરીએ, તેમાં બીજું ભેાંયરું હેાય તેમાં ઉતરીએ, એ રીતે ઠેઠ સાતમા ભેાંયરે પહેાંચીએ, ત્યાં જે અંધકાર હેાય તેના કરતાં અનેક ગણેા વધારે અંધકાર આ નારકીમાં હેાય છે. ત્યાંની જમીન કરૂ કે ચરબી પાથરેલી હેાય તેવી ચીકણી છે, એટલે તેના પર ચાલનાર વારંવાર પડે–આખડે છે. વળી ત્યાંની જમીન ઘણી તીક્ષ્ણ હેાય છે, તેથી ત્યાં ચાલતાં જાણે સેાયેા ભેાંકાતી હેાય, એવેા ત્રાસ થાય છે. વળી દુર્ગંધનેા પણ પાર નહિ, ચમારના કુંડ કરતાં અને ઢેારનાં કેાહેલાં મુડદાં કરતાં પણ ત્યાં અનેક ગણી વધારે દુર્ગંધ હેાય છે.

અહીં રહેતા નારકીના જીવેા પરમાધામીને જુએ, ત્યાં ભાગંભાગ કરવા માંડે છે, કારણ કે તેઓ એને પકડે છે, બાંધે છે, ભાલામાં પરેાવે છે, તેમનાં શરીરનાં કકડા કરે છે અ તેમનાં શરીરનેા ચૂરેા પણ કરી નાખે છે. પરંતુ નારકીન શરીર એવાં છે કે પાછાં સરખાં થઈ જાય છે. જ્યાં જુઓ ત્યાં 'મને આમાંથી છેાડાવેા'ની દુઃખભરી ચીસેા–કીકિયારીઓ સાંભળવા મળે છે.

આ મહાદુઃખ ભેાગવવાનું કારણ શું? કારણ એ જ કે જીવે પૂર્વભવમાં પાપ કરતાં પાછું વાળીને જોયું નહિ. અનેક પ્રકારની હિંસા કરી, કષાયેા પેાષ્યા અને રાગદ્વેષમાં ફસાયેા. ભેાગના કીડા બનેલા આત્માઓ નારકીમાં ઘેાર દુઃખેા ભેાગવે

છે, માટે જેને એ દુઃખો ભોગવવા ન હોય, તેણે ભોગની આસક્તિ છોડવી અને પાપકર્મોથી દૂર રહી ધર્મારાધન કરવું.

મનુષ્યજન્મમાં જ સદ્‌ગુરુનો ઉપદેશ મળે છે અને દેવ–ગુરુ–ધર્મની યથાર્થ આરાધના કરી શકાય છે, તેથી તમારાં તન–મન–ધન તેમાં સમર્પણ કરો તો નરકનાં દુઃખો ભોગવવાનો વખત કદી આવે નહિ.

જે કપટી, ઢંભી અને ગૂઢ હૃદયવાળો હોય તે તિર્યંચનું આયુષ્ય બાંધે. ગૂઢ હૃદયવાળો એટલે જે બીજાને છેતરવાની બુદ્ધિથી પોતાનાં મનની વાત પ્રકટ થવા ન દે તેવો. ગંભીરતા એ ગુણ છે, કપટ એ અવગુણ છે.

જેને કોઇના ઉપદેશની અસર ન પડે તે શઠ કે ધીઠો કહેવાય. એ ધીઠાઇમાં આયુષ્ય બાંધે તો તિર્યંચનું બાંધે. જે દિલમાં આંટી રાખે અને વખત આવ્યે સામાનો કાંટો કાઢી નાખે, એ પણ તિર્યંચનું આયુષ્ય બાંધવાનાં મુખ્ય કારણો છે; તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે ‘ વ્યાપારીઓ પ્રાયઃ તિર્યંચનું આયુષ્ય બાંધે. ’ અહીં પ્રાયઃ શબ્દ એટલા માટે યોજવામાં આવ્યો છે કે જે ધર્મ કરતા હોય અને સુપાત્ર દાન કરતા હોય, તે સદ્‌ગતિમાં જાય છે.

જેના કષાયો પાતળા હોય, બહુ ટકનારા અને બહુ તીવ્ર ન હોય, જે દાનની સ્વાભાવિક રુચિવાળો હોય, જે કૃપણ અને કપટી ન હોય, જે ઉદાર દિલનો હોય, (ધર્મસ્થાનમાં ખરચે તે ઉદાર અને દુનિયાનાં કામોમાં ખર્ચે તે ઉડાઉ) અને મધ્યમ ગુણોવાળો હોય, તે મનુષ્યનું આયુષ્ય

બાંધે. આવા ગુણવાળા જીવો ઓછા, તેથી મનુષ્યનું આયુષ્ય ઓછા જીવો બાંધે.

તિર્યંચ અને મનુષ્યો મળીને દેવગતિમાં જનારા જીવો અસંખ્યાત હોય છે, પણ મહર્દ્ધિક દેવ થનારા ઊંચી ગતિએ જનારા જીવો થોડા હોય છે. દેવોમાં પણ સારા અને ખરાબ એવા ભેદો હોય છે. સારા દેવો બને ત્યાં સુધી કોઇનું બૂરું ન કરે, કારણ કે તેઓ શાંત અને સૌમ્ય હોય છે, અને ખરાબ જીવો ગમે તેનું બૂરું પણ કરે, કારણ કે તેઓ આસુરી પ્રકૃતિના હોય છે.

ચોથા ગુણસ્થાનમાં એટલે સમ્યગ્દર્શનમાં વર્તી રહેલો જીવ જો આયુષ્ય બાંધે તો દેવગતિનું બાંધે. આયુષ્ય જીવનમાં એક વાર બંધાય છે. તે કયારે બંધાય એનો કોઈ નિશ્ચિત સમય નથી, આપણને એની ખબર પડતી નથી. આપણે પરમાત્માનાં વચનોમાં શ્રદ્ધા રાખવી, શુદ્ધ સમકિતી થવું, જેથી વૈમાનિક દેવનું આયુષ્ય બંધાય. જો સમકિતમાં કંઈ મલિનતા હોય તો નીચી કોટિના દેવ, જ્યોતિષી દેવ, ભુવનપતિદેવ વગેરે દેવોનું આયુષ્ય બંધાય. જે તડપતા તડપતા કે આપઘાત કરીને મરે તે વ્યંતર જાતિના દેવ થાય.

મિથ્યાદૃષ્ટિ આત્મા પણ શુભ પરિણામવાળો હોય તો દેવલોક સુધી પહોંચી શકે છે અને શ્રાવકની કરણી આત્માને બારમા દેવલોક સુધી પહોંચાડે છે, જ્યારે સાધુની દ્રવ્યક્રિયા આત્માને નવ ગ્રૈવેયક સુધી પહોંચાડે છે. શ્રાવક કરતાં સાધુની ક્રિયા ઉચ્ચ ગણાય છે, તેથી ઉપર જવું હોય તો ભાવચારિત્ર હોવું જોઈએ.

સાધુની ભાવનાવાળો સંસારી વેશમાં પણ કેવળજ્ઞાન પામે, ત્યારે સંસારી ભાવનાવાળો સાધુના વેશમાં પણ કેવળજ્ઞાન ન પામે. એ તો નિશ્ચિત છે કે ધર્મક્રિયા કરનારો, ધર્મની ભાવના રાખનારો આયુષ્ય બાંધે તો દેવગતિનું જ બાંધે. આયુષ્ય બાંધતી વખતે શુભ પરિણામ હોવા જોઈએ.

નામકર્મ બંધાવાનાં વિશેષ કારણો

આત્મા જ્યારે સરલતામાં હોય, નિષ્કપટ હોય, ગર્વિષ્ટ ન હોય, નમ્રભાવવાળો હોય, ત્યારે શુભ નામકર્મ બાંધે અને તેથી શુભ સંઘયણ, શુભ સંસ્થાન, શુભ વર્ણ–રસ–ગંધ–સ્પર્શ, સારો સ્વર વગેરે પામે અને લોકોનું માનપાન મેળવે. તેથી વિરુદ્ધ કપટી, ગર્વિષ્ટ, નિષ્ઠુર વગેરે હોય તો અશુભ નામકર્મ બાંધે અને તેથી અશુભ સંઘયણ, અશુભ સંસ્થાન, અશુભ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ, અશુભ સ્વર વગેરે પામે તથા અપકીર્તિ મેળવે.

ગોત્રકર્મ બંધાવાનાં વિશેષ કારણો

બીજાના ગુણોને જોનારો, બીજાના ગુણોની અનુમોદના કરનારો તથા નિરભિમાનપણે રહેનારો ઉચ્ચ ગોત્ર બાંધે અને બીજાના દોષો જોનારો, બીજાના દોષો ઉઘાડનારો તથા મદ–અહંકાર કરનારો નીચ ગોત્ર બાંધે. ભગવાન મહાવીરે મરિચિના ભવમાં કુલમદ કર્યો, તેથી નીચ ગોત્ર બંધાયું અને તે ક્રોડો વર્ષ પછી પણ ઉદયમાં આવ્યું. તેમનો જીવ છેલ્લા ભવમાં પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં અવતર્યો. પછીથી એ ગર્ભનું પરાવર્તન થયું અને

તેઓ ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખે અવતર્યા, પણ પ્રથમ નીચ ગોત્રમાં એટલે ભિક્ષુકના કુળમાં અવતરવું તો પડ્યું જ.

ભણવા–ભણાવવાની ભાવનાવાળો તથા શ્રી જિનેશ્વર દેવ આદિની ભક્તિ કરનારો ઉચ્ચ ગોત્ર બાંધે અને તેથી વિરુદ્ધ વર્તનારો નીચ ગોત્ર બાંધે.

કર્મબંધનાં આ વિશેષ કારણો છે અને તે મનુષ્યે કઈ રીતે વર્તવું તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપે છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ઓગણત્રીસમું

આઠ કરણો

મહાનુભાવો !

કર્મ શું છે? તેની શક્તિ કેટલી છે? તેનો બંધ કેવી રીતે પડે છે? કેટલા પ્રકારે પડે છે? તેમાં સામાન્ય-વિશેષ કારણો શું છે? વગેરે બાબતો તમને અનેક દાખલા-દલીલો પૂર્વક સમજાવવામાં આવી છે અને તમે કર્મનાં સ્વરૂપ સંબંધી ઠીક ઠીક માહિતગાર થયા છો. પરંતુ કર્મનો વિષય ઘણો વિશાળ છે અને હજી તેમાં કેટલીક બાબતો સમજવા જેવી છે, તેથી એ વિષય આગળ લંબાવીએ છીએ.

કાર્મણ વર્ગણાનો આત્મા સાથે બંધ થાય, ત્યારે તે 'કર્મ'ની સંજ્ઞા પામે છે. આને આપણે 'કર્મ બંધાયાં,' 'કર્મનો બંધ થયો,' એમ કહીએ છીએ. આ કર્મબંધ થતી વખતે જ એ વસ્તુ નિશ્ચિત થાય છે કે આ કર્મ કેવા સ્વભાવે, કેટલા સમય પૂરતું, કેવા રસપૂર્વક અને કેટલા દલિક પ્રમાણમાં ઉદયમાં આવશે. જો કર્મ નિકાચિત બંધાયું હોય× તો તેની આ બાબતોમાં કંઈ પણ પરિવર્તન કે કંઈ પણ ફેરફાર થઈ શકતો નથી, એટલે ઉદયકાળે બરાબર એ જ રીતે ઉદયમાં આવીને તે પોતાનું ફળ બતાવે

× યોગદર્શનમાં જેને નિયતવિપાકી કર્મ કહેવામાં આવ્યું છે, તે આ જાતનું સમજવું.

છે. પરંતુ જે કર્મો નિકાચિત નથી, અનિકાચિત છે, તે ઉદયમાં આવે તે પહેલાં તેમાં કેટલાક ફેરફારો થાય છે, થઈ શકે છે અને તે બાબત તમારા સમજવામાં બરાબર આવે, તે માટે જ આપણે કરણનો વિષય હાથ ધર્યો છે.

અહીં પ્રશ્ન થશે કે 'કર્યાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, એમ કહેવાય છે, તેનું કેમ?' પરંતુ આ કથન મુખ્યત્વે નિકાચિત બંધવાળા કર્મને અંગે અને અંશતઃ નિધત્ત બંધવાળા કર્મને અંગે સમજવાનું છે. બદ્ધ અને સ્પૃષ્ટ બંધવાળાં કર્મોમાં અધ્યવસાયનાં બળથી અવશ્ય ફેરફારો કરી શકાય છે અને નિધત્ત બંધવાળા કર્મમાં પણ અધ્યવસાયોનાં બળથી સ્થિતિ અને રસની ન્યૂનાધિકતા ઉપજાવી શકાય છે.

જો પૂર્વબદ્ધ કર્મમાં કંઈ પણ ફેરફાર થઈ શકતો ન હોય તો બધા આત્માઓ કર્મની શેતરંજના પ્યાદા જ બની જાય અને તે જેમ ચલાવે તેમ જ ચાલવું પડે. તેમાં પુરુષાર્થને કોઈ જાતનો અવકાશ રહે નહિ, કારણ કે તમે ગમે તેવો પ્રયાસ કરો તો પણ જે ફળ મળવાનું હોય તે જ મળે અને તે જ્યારે મળવું હોય ત્યારે જ મળે; તો પછી વ્રત, નિયમ, જપ, તપ, ધ્યાન કરવાનો અર્થ શો? એ પ્રશ્ન પણ ઊભો થાય, પરંતુ હકીકત એવી નથી. આત્મા પુરુષાર્થ કરે અને શુભ અધ્યવસાયોનું બળ વધારે, તો પૂર્વબદ્ધ કર્મના કિલ્લામાં મોટા ગાબડા પાડી શકે છે અને તેને જમીનદોસ્ત પણ કરી શકે છે. તેથી મનુષ્યે વ્રત, નિયમ, જપ, તપ, ધ્યાનના માર્ગે આગળ વધવાનું છે.

જેના વડે ક્રિયાની સિદ્ધિ થાય, તે કરણ કહેવાય. એક માણાવળી બાણ મારીને વૃક્ષ પરથી ફળ તોડી પાડે છે. તેમાં બાણ વડે ફળ તોડવાની ક્રિયા સિદ્ધ થાય છે, એટલે બાણને કરણ કહેવાય. અથવા એક સોની હથોડા વડે સોનું ટીપે છે. તેમાં હથોડા વડે સોનું ટીપવાની ક્રિયા સધાય છે, એટલે હથોડાને કરણ કહેવાય. ઇંદ્રિયો વડે જ્ઞાન મેળવી શકાય છે, તેથી વ્યવહારમાં તેને પણ કરણ કહેવામાં આવે છે. અહીં કર્મને લગતી જુદી જુદી ક્રિયાઓ યોગ અને અધ્યવસાયનાં બળ વડે સધાય છે, એટલે યોગ અને અધ્યવસાયનાં બળને કરણ કહેવામાં આવે છે.

'જો યોગ અને અધ્યવસાયનું બળ એ જ કરણ હોય તો તેના આઠ પ્રકારો શા માટે?' એ પ્રશ્ન તમારાં મનમાં ઉઠશે. તેનું સમાધાન એ છે કે યોગ અને અધ્યવસાયનું બળ એ જ કરણ છે અને તે એક જ પ્રકારનું હોય છે, પણ તેના દ્વારા જુદી જુદી આઠ ક્રિયાઓ સિદ્ધ થાય છે, એટલે તેને જુદાં જુદાં આઠ નામોથી ઓળખવામાં આવે છે. ઘઉંનો લોટ એક જ પ્રકારનો હોય, પણ તેની જુદી જુદી વાનીઓ બને, એટલે તેને તે તે નામથી ઓળખવામાં આવે. અથવા મનુષ્ય એક જ હોય, પણ તેના સગપણો બદલાય એટલે તેને જુદાં જુદાં નામથી બોલાવવામાં આવે. અઢાર નાતરાનો પ્રબંધ સાંભળો, એટલે આ વાતની ખાતરી થશે.

અઢાર નાતરાંનો પ્રબંધ

મહાનગરી મથુરામાં અનેક પ્રકારના લોકો વસતા

હતા અને અનેક પ્રકારનો વ્યવસાય કરીને પોતાની આજીવિકા ચલાવતા હતા. તેમાં દુર્ભાગ્યના યોગે કેટલીક સ્ત્રીઓ પોતાના દેહ વેચીને આજીવિકા ચલાવતી હતી. તેમાં કુબેરસેના પોતાનાં રૂપ-લાવણ્યને લીધે ખૂબ પ્રશંસા પામેલી હતી.

એક વાર તેના પેટમાં પીડ ઉપડી. તેની રખેવાળી કરનારી કુટ્ટિની માતાએ એક કુશળ વૈદ્યને બોલાવ્યો. વૈદ્યે કુબેરસેનાનું શરીર તપાસીને કહ્યું કે 'આનાં શરીરમાં કોઈ રોગ નથી, પણ પુત્ર-પુત્રીનું જોડલું ઉત્પન્ન થાય છે, તેથી જ આ સ્થિતિ છે.'

વૈદ્ય વિદાય થયા પછી કુટ્ટિની માતાએ કહ્યું કે 'હે પુત્રી! આ ગર્ભ તારા પ્રાણનો નાશ કરશે, માટે તારે રાખવા યોગ્ય નથી. પણ કુબેરસેનાનાં દિલમાં અપત્યપ્રેમની ઊર્મિ આવી અને તેણે જણાવ્યું કે 'હે માતા! ભવિતવ્યતાના યોગે મારા ઉદરમાં ગર્ભ ઉત્પન્ન થયો છે, તો તે કુશલ રહો. તેના માટે હું ગમે તેવું કષ્ટ સહન કરીશ, પણ તેને પાડીશ તો નહિ જ.'

કાલાંતરે કુબેરસેનાએ પુત્રપુત્રીનાં જોડલાંને જન્મ આપ્યો, તે વખતે કુટ્ટિની માતાએ કહ્યું કે 'આ જોડલાંને ઉછેરવા જતાં તારી આજીવિકાના મુખ્ય આધારરૂપ યૌવનનો નાશ થશે, માટે તેનો ત્યાગ કરી દે.'

કુબેરસેનાએ કહ્યું: 'માતા! મને આ પુત્ર-પુત્રી પર પ્રેમ છે, માટે થોડા દિવસ સ્તનપાન કરાવવા દો, પછી હું તેમનો ત્યાગ કરી દઈશ.' દશ દિવસ સુધી સ્તનપાન

કરાવ્યા પછી કુબેરસેનાએ એ પુત્ર-પુત્રીનાં નામ પાડ્યાં. પુત્રનું નામ કુબેરદત્ત અને પુત્રીનું નામ કુબેરદત્તા. પછી તે પ્રમાણે અક્ષરો કોતરાવી તે તે નામવાળી સોનાની મુદ્રિકા તેમનાં અંગ પર બાંધી અને બંનેને લાકડાંની એક પેટીમાં મૂકીને સંધ્યાસમયે તે પેટી જમના નદીનાં જળમાં વહેતી મૂકી દીધી.

પ્રભાત થયું ત્યાં પેટી શૌર્યપુર નગરે આવી અને ત્યાં સ્નાન કરવા આવેલા બે શેઠિયાની નજરે ચડી. તેમણે એ પેટીને બહાર કાઢી. તેમાં જેને પુત્ર જોઈતો હતો, તેણે પુત્ર લઈ લીધો અને પુત્રી જોઈતી હતી, તેણે પુત્રી લઈ લીધી. તે બંનેએ એ બાળકોને લઈ જઈ પોતાની પત્નીને સોંપ્યા અને મુદ્રિકા અનુસાર જ તેમનાં નામો રાખ્યાં. સુખચેનપૂર્વક ઉછરતાં જ્યારે તેઓ ઉમર લાયક થયાં, ત્યારે તેમને પેલી મુદ્રિકાઓ પહેરાવવામાં આવી.

હવે કુબેરદત્તને યુવાન થયેલો જાણી એનો પાલક પિતા યોગ્ય કન્યાની શોધ કરવા લાગ્યો અને કુબેરદત્તાને યુવાનીમાં આવેલી જોઈ તેનો પાલક પિતા યોગ્ય વરને શોધવા લાગ્યો. પરંતુ તેમને જોઈતી કન્યા કે જોઈતો વર મળ્યો નહિ, તેથી બંને પાલક પિતાઓએ તે બંનેના ધામ-ધૂમથી લગ્ન કર્યાં અને પોતાનાં માથાપરની જવાબદારીનો ભાર હળવો કર્યો.

સરખે સરખી જોડ હતી, એટલે બંનેને આનંદ થયો. રાત્રિએ સોગઠાબાજી રમવા બેઠા. તે વખતે એક સોગઠી

જોરથી મારતાં કુબેરદત્તાની આંગળીમાંથી વીંટી સરકી ગઈ અને કુબેરદત્તાના ખોળામાં જઈ પડી. કુબેરદત્તાએ તે વીંટી ઉઠાવીને પોતાની આંગળીમાં પહેરી લીધી તો બંને વીંટીઓ સરખી જણાઈ. પછી તેમાંના અક્ષરો જોયા તો બંનેનો મરોડ સરખો લાગ્યો. કુબેરદત્તા મનમાં સમજી ગઈ કે ગમે તે હો, પણ આ કુબેરદત્ત મારો સગો ભાઈ છે અને તેની સાથે મારું લગ્ન થયું, તે ઘણું જ ખોટું થયું છે.'

પછી તે બંને મુદ્રિકાઓને તેણે કુબેરદત્ત આગળ મૂકી, એટલે તેને પણ એ મુદ્રિકાઓ સરખી લાગી. આથી તે પણ સમજી ગયો કે કુબેરદત્તા મારી સગી બહેન છે અને તેની સાથે મારાં લગ્ન થયાં, એ ઘણું અનુચિત થયું છે.'

પછી તેમણે પોતાનાં પાલક માતાપિતાઓને સોગન દઈને પૂછ્યું કે 'અમારી ઉત્પત્તિ શી રીતે થઈ છે?' ત્યારે તેમણે બધી હકીકત હતી તેવી કહી સંભળાવી. વધારામાં કુબેરદત્તના પાલક પિતાએ કહ્યું કે અમે નિરુપાયે આમ કર્યું છે, પણ હજી કંઈ બગડી ગયું નથી, તમારો ફક્ત હસ્તમેલાપ જ થયો છે. માટે આ વિવાહ ફોક કરીને તને બીજી કન્યા પરણાવીશું. ત્યારે કુબેરદત્તે કહ્યું કે 'આપનો વિચાર યોગ્ય છે, પણ હાલ તો હું પરદેશ જઈને ધન કમાવા ઇચ્છું છું. ત્યાંથી પાછો ફર્યા પછી બીજાં લગ્ન કરીશ.'

કુબેરદત્તના આ વિચારને માતાપિતાએ વધાવી લીધો અને કુબેરદત્તે એક શુભ દિવસે ઘણાં કરિયાણાં લઈને પરદેશ ભણી પ્રયાણ કર્યું. ત્યાં માલની લે-વેચ કરતાં તે સારું ધન કમાયો અને ફરતો ફરતો મથુરા નગરીમાં આવ્યો.

ત્યાં અનેક લોકો ચતુર સ્ત્રીઓ સાથે વિલાસ કરતા જોઈને તેને પણ વિલાસ કરવાનું મન થયું. જુવાની અને દીવાની સરખી કહી છે, તે ખોટું નથી. કુબેરદત્ત મથુરાનાં રૂપબજારમાં નીકળી પડ્યો અને ફરતો ફરતો કુબેરસેના વેશ્યાને ત્યાં આવ્યો. હવે કુબેરસેના આધેડ ઉમરની થઈ હતી, પણ તેણે પોતાની જુવાની બરાબર જાળવી રાખી હતી, એટલે તેનાં રૂપથી આકર્ષાઈને અનેક યુવાનો ત્યાં આવતા હતા.

મહોં માગ્યું ધન આપીને કુબેરદત્ત કુબેરસેનાને ત્યાં રહેવા લાગ્યો, એટલે કુબેરસેના અન્ય પુરુષોને છોડી તેની સાથે પ્રેમ–મહોબ્બત કરવા લાગી. એમ કરતાં તે એક પુત્રની માતા થઈ.

આ બાજુ કુબેરદત્તા સંસારને અસાર જાણી પ્રવ્રજિત થઈ અને આકરાં સંયમતપને પરિણામે અવધિજ્ઞાન પામી. એ અવધિજ્ઞાનના યોગે તેણે મથુરા નગરી જોઈ, પોતાની માતા કુબેરસેનાને જોઈ અને તેને કુબેરદત્તથી ઉત્પન્ન થયેલા પુત્રને પણ જોયો. આથી તે અત્યંત વિષાદ પામી અને પોતાની માતા તથા ભાઈનો ઉદ્ધાર કરવા માટે કેટલીક સાધ્વીઓ સાથે મથુરાનગરીમાં કુબેરસેનાનાં આંગણે આવીને ઊભી.

પોતાનાં અપવિત્ર આંગણામાં એક યુવાન આર્યાને કેટલીક સાધ્વીઓ સાથે ઊભેલી જોઈને પ્રથમ તો કુબેરસેના ક્ષુબ્ધ સંકોચ પામી, પણ પછી હાથ જોડીને બોલી કે ‘હે મહાસતી! મારી કોઈ પણ વસ્તુ સ્વીકારીને મારા પર

અનુગ્રહ કરો.’ કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે ‘અમારે વસ્તીનો બાધ છે’ એટલે કુબેરસેનાએ કહ્યું કે ‘હું વેશ્યા છું. પણ હાલ એક ભર્તારના યોગે કુલસ્ત્રીનું જીવન ગાળું છું. તો આપ મારાં ઘરનો એક ભાગ સુખેથી વાપરો અને અમને સારા આચારમાં પ્રવર્તાવો.’

કુબેરસેનાએ તેમને જગા કાઢી આપી અને કુબેરદત્તા સાધ્વી વગેરે તેમાં રહીને ધર્મધ્યાન–ધર્મોપદેશ કરવા લાગી. એમ કરતાં બંનેનાં મન સારી રીતે મળી ગયાં. હવે એક બખત કુબેરસેના પોતાના પુત્રને પારણામાં પોઢાડીને પોતાનાં બરકામમાં લાગી, પરંતુ માતા દૂર જતાં પુત્ર રડવા લાગ્યો, એટલે કુબેરદત્તા સાધ્વી તેને છાનો રાખવા માટે હાલરડું ગાઈને કહેવા લાગી કે ‘હે ભાઈ! તું રડ મા! હે પુત્ર! તું રડ મા. હે દિયર! તું રડ મા! હે ભત્રીજા! તું રડ મા! હે કાકા! તું રડ મા! હે પૌત્ર! તું રડ મા.’

આ શબ્દો બાજુના ઓરડામાં બેઠેલા કુબેરદત્તે સાંભળ્યા, એટલે તે બહાર આવ્યો અને કહેવા લાગ્યો કે ‘આપને આવું અયોગ્ય બોલવું શોભતું નથી.’ ત્યારે કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે ‘હે મહાનુભાવ! હું અયોગ્ય બોલતી નથી, પણ જે છે તે બોલું છું. મારે અસત્ય બોલવાનો ત્યાગ છે.’

કુબેરદત્તે કહ્યું: ‘તમે જે સગપણો કહ્યાં, તે આ પુત્રમાં સંભવે ખરાં?’

કુબેરદત્તાએ કહ્યું: ‘હા, તે સંભવે છે, તેથી જ હું કહું છું. સાંભળો એ સગપણો: (૧) આ બાળકની અને

મારી માતા એક જ છે, એટલે તે મારો **ભાઈ** છે. (૨) તે મારા ભર્તારનો પુત્ર છે, એટલે મારો **પુત્ર** છે. (૩) તે મારા ભર્તારનો નાનો ભાઈ છે, એટલે મારો **દિયર** છે. (૪) તે મારા ભાઈનો પુત્ર છે, એટલે મારો **ભત્રીજો** છે. (૫) તે મારી માતાના પતિનો ભાઈ છે, માટે મારો **કાકો** છે અને (૬) મારી શોકચના પુત્રનો પુત્ર છે, એટલે મારો **પૌત્ર** છે.'

વધારામાં તેમણે કહ્યું કે : 'આ બાલકના પિતાની સાથે પણ મારે સગપણ છે, તે સાંભળો : (૭) આ બાલકનો પિતા અને હું એકજ ઉદરે જન્મેલા છીએ, એટલે તે મારો **ભાઈ** છે. (૮) અને તે મારી માતાનો ભર્તાર થયો, એટલે મારો **પિતા** છે. (૯) અને તે મારા કાકાનો પિતા થયો, તેથી મારો **વડદાદો** છે. (૧૦) અને તે પ્રથમ મને પરણેલો છે, તેથી મારો **ભર્તાર** છે. (૧૧) અને તે મારી શોકચનો પુત્ર છે, તેથી મારો પણ **પુત્ર** છે. તથા (૧૨) મારા દિયરનો પિતા થાય છે, તેથી મારો **સસરો** છે.

હજી બીજું. આ બાલકની માતા સાથેનું સગપણ પણ સાંભળી લ્યો : (૧૩) આ બાલકની માતા છે, તે મને જન્મ આપનારી છે, માટે મારી **માતા** છે. (૧૪) અને મારા કાકાની માતા છે, તેથી મારી **દાદી** છે. (૧૫) અને મારા ભાઈની સ્ત્રી છે, તેથી મારી **ભોજાઈ** છે. (૧૬) અને મારી શોકચના પુત્રની સ્ત્રી થઈ તેથી મારી **પુત્રવધૂ** છે. (૧૭) અને મારા ભર્તારની માતા છે, તેથી મારી **સાસુ** છે. તથા (૧૮) મારા ભાઈની બીજી સ્ત્રી થઈ, તેથી મારી **શોકચ** છે.

આ રીતે કુબેરદત્તા સાધ્વીએ અઢાર નાતરાં–અઢાર સંબંધો કહી સંભળાવ્યાં. તે સાંભળી કુબેરદત્ત અત્યંત ખેદ પામ્યો અને સંસાર પરથી તેનું મન ઊઠી ગયું. કુબેરસેના દૂર ઊભી ઊભી આ બધું સાંભળતી હતી, એટલે તે પણ અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગી. પરિણામે કુબેરદત્તે મથુરામાં બિરાજતા એક પંચમહાવ્રતધારી મુનિવર આગળ દીક્ષા લીધી અને કુબેરસેનાએ કુબેરદત્તા સાધ્વી આગળ સમ્યક્ત્વ-સહિત શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં.

આ પ્રમાણે કુબેરદત્તા સાધ્વી માતા તથા બંધુનો ઉદ્ધાર કરી અન્યત્ર વિહાર કરી ગયાં અને ગ્રામાનુગ્રામ વિચરતાં આત્મકલ્યાણ કરવા લાગ્યાં.

આઠ કરણનાં નામો

આઠ કરણનાં નામો આ પ્રમાણે સમજવાં : (૧) બંધન-કરણ, (૨) નિધત્તકરણ, (૩) નિકાચનાકરણ, (૪) ઉદ્વર્તના-કરણ, (૫) અપવર્તનાકરણ, (૬) સંક્રમણકરણ, (૭) ઉદીર-ણાકરણ અને (૮) ઉપશમનાકરણ.

જેના વડે કાર્મણ વર્ગણાનું આત્મપ્રદેશો સાથે જોડાણ થાય, બંધન થાય, તે **બંધનકરણ.**

પ્રથમ ગાંઠ ઢીલી બાંધી હોય પણ પછી તેને ખેંચ-વામાં આવે તો મજબૂત બને છે, તે જ રીતે પ્રથમ નીરસ-ભાવે બાંધતાં કર્મ ઢીલાં બંધાયાં હોય, પણ પછી તેની પ્રશંસા કરવામાં આવે, બડાઈ હાંકવામાં આવે તો એ કર્મ મજબૂત થાય અને નિધત્ત અવસ્થાને પામે. આ રીતે સ્પૃષ્ટ કે બદ્ધકર્મને નિધત્ત કરનારું જે કરણ તે **નિધત્તકરણ.**

જે કર્મ નિધત્ત અવસ્થાને પામ્યું તેની સ્થિતિ અને રસ અધ્યવસાયો દ્વારા ઘટાડી શકાય, પણ તેની ઉદ્દીરણા કે તેનું સંક્રમણ થઈ શકે નહિ. આ પરથી સમજવાનું એ કે કોઈ પણ અશુભ કર્મ બાંધ્યા પછી તેની પ્રશંસા કરવી નહિ કે તે અંગે કોઈ પ્રકારની બડાશ મારવી નહિ. 'જોયું ? મેં પેલાને કેવો આબાદ છેતર્યો !' 'એને મેં પૂરેપૂરો બનાવ્યો છે ! એ મને બરાબર યાદ કરશે !' 'આપણી આગળ કોઈની હોંશિયારી ચાલે નહિ,' બધાને ઠીક કરી દઈએ !' 'એ તો એ જ લાગના છે ! એમને માર્યે જ છૂટકો !' વગેરે વચનોમાં પાપની પ્રશંસા અને પોતાની બડાઈ છે, માટે એવાં વચનો કદી ઉચ્ચારવાં નહિ. જો પાપ થઈ ગયું તો તેને માટે પશ્ચાત્તાપ કરવો, દિલગીર થવું, પણ તેની પુષ્ટિ તો ન જ કરવી.

એક કર્મ બાંધ્યા પછી અત્યંત ઉલ્લાસ આવે, રાજી રાજી થાય, તેની વારંવાર પુષ્ટિ કરે, તો એ કર્મ નિકાચિત બની જાય. પછી તેનાં પર કોઈ કરણની અસર થાય નહિ. આ રીતે સ્પૃષ્ટ, બદ્ધ કે નિધત્ત કર્મને નિકાચિત કરનારું જે કરણ તે **નિકાચનાકરણ.**

જેણે જિનનામકર્મ ×ઉપાર્જન કર્યું હોય છે, તે જિન–અર્હંત–તીર્થંકર થવા અગાઉ ત્રીજા ભવે વીશ સ્થાનકો * પૈકી

× તીર્થંકરનામકર્મને જ જિનનામકર્મ કહેવામાં આવે છે.

* જે વીશ સ્થાનકનું આરાધન કરતાં જિનનામકર્મ બંધાય છે, તેનાં નામો આ પ્રમાણે સમજવાં : (૧) અરિહંતપદ, (૨) સિદ્ધપદ

એક, બે કે વધારે સ્થાનકોને ઉત્કૃષ્ટ ભાવે સ્પર્શીને જિનનામકર્મને નિકાચિત કરે છે, એટલે તે અવશ્ય તીર્થંકર થાય છે. એમાં કંઈ ફેર પડતો નથી.

જેના લીધે કર્મની સ્થિતિ અને રસ વધી જાય તે **ઉદ્વર્તનાકરણ** કહેવાય અને જેના લીધે કર્મની સ્થિતિ અને રસ ઘટી જાય તે **અપવર્તનાકરણ** કહેવાય. આત્મવિકાસનો માર્ગ સુલભ–સરલ બનાવવા માટે અશુભ કર્મની સ્થિતિ અને રસની અપવર્તના જ જરૂરી છે.

જૈન મહાત્માઓ કહે છે કે અશુભ કર્મફળ ભોગવવાના કાળનું પ્રમાણ તથા અનુભવની તીવ્રતા નિર્ણીત થયેલી હોવા છતાં પણ આત્માના ઉચ્ચ કોટિના અધ્યવસાયોરૂપ કરણ દ્વારા તેમાં ન્યૂનતા કરી શકાય છે. એક માણસને ગુના બદલ બાર વર્ષની કેદ મળી હોય, પણ તે જેલમાં સારું વર્તન બતાવે તો તેના અમુક દિવસો કપાય છે, એટલે તે બાર વર્ષને બદલે નવ કે દશ વર્ષે છૂટી જાય છે. અહીં પણ સદ્વિચાર અને સદ્વર્તનનો જ સવાલ છે. જેને કર્મરાજા સાથે થયેલા સ્થિતિના કરાર તોડતાં ન આવડે, તે આધ્યાત્મિક વિકાસમાં આગળ વધી શકે જ નહિ.

(૩) પ્રવચનપદ, (૪) આચાર્યપદ, (૫) સ્થવિરપદ, (૬) ઉપાધ્યાયપદ (૭) સાધુપદ, (૮) જ્ઞાનપદ, (૯) દર્શનપદ, (૧૦) વિનયપદ, (૧૧) ચારિત્રપદ, (૧૨) બ્રહ્મચર્યપદ, (૧૩) ક્રિયાપદ, (૧૪) તપપદ, (૧૫) ગૌતમપદ, (૧૬) જિનપદ, (૧૭) સંયમપદ, (૧૮) અભિનવ જ્ઞાનપદ, (૧૯) શ્રુતપદ અને (૨૦) તીર્થપદ.

આત્મવિકાસના માર્ગમાં કાળને કેમ તોડવો ? એ મુખ્ય બાબત છે. આત્મા જ્યારે મોહનીય કર્મની સ્થિતિ ૬૯ કોડા કોડી સાગરોપમથી કંઈક વધારે ઘટાડે, ત્યારે ગ્રંથિભેદ કરીને સમ્યકત્વ પામે. તેથી વધુ સ્થિતિ તોડે, ત્યારે દેશવિરતિપણું પામે અને તેથી વધુ સ્થિતિ તોડે, ત્યારે સર્વવિરતિપણું પામે. આ રીતે આત્માના ગુણો પ્રકટ કરવા માટે કર્મની સ્થિતિ તોડી નાખવી પડે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જોઈએ કે કર્મની સ્થિતિ તૂટવા છતાં કર્મના પ્રદેશોનો સમૂહ તો એમનો એમ જ રહે છે. પરંતુ તે દીર્ઘકાળને બદલે ટુંક કાળમાં ભોગવાઇ જાય છે.

જેના વડે કર્મની પ્રકૃતિમાં પરિવર્તન થઈ જાય તેને **સંક્રમણકરણ** કહેવાય. સંક્રમણ સજાતીય પ્રકૃતિમાં થાય છે, વિજાતીય પ્રકૃતિઓમાં થતું નથી. અહીં તમને પ્રશ્ન થશે કે ' સજાતીય પ્રકૃતિ એટલે શું ? ' તેથી ખુલાસો કરવાનો કે કર્મની મૂળ પ્રકૃતિઓ આઠ છે અને ઉત્તરપ્રકૃતિઓ ૧૫૮ છે. તેમાં એક જ કર્મની ઉત્તરપ્રકૃતિઓ સજાતીય પ્રકૃતિ કહેવાય અને બીજા કર્મની ઉત્તરપ્રકૃતિઓ વિજાતીય પ્રકૃતિ કહેવાય. એટલે અશાતાવેદનીયનું શાતાવેદનીય અને શાતા-વેદનીયનું અશાતાવેદનીય કર્મ બને, પણ મોહનીય કે અંતરાય વગેરે ન બને.

કર્મના ઉદયને માટે જે કાળ નિયત થયેલો હોય તે પહેલાં જ કર્મ ઉદયમાં આવે તો તેને કર્મની ઉદીરણા થઈ

કહેવાય. આ રીતે કર્મની ઉદીરણા કરનારું જે કરણ, તે **ઉદીરણાકરણ.**

અહીં પ્રશ્ન થશે કે ' કર્મ વહેલું ઉદયમાં શી રીતે આવે ? ' તેનો ઉત્તર એ છે કે કેળો અમુક દિવસે પાકવાના હોય છે, પણ પ્રયત્ન કરવામાં આવે તો એ વહેલાં પણ પકવી શકાય છે. કાચા પપૈયાને મીઠાની કોઠીમાં રાખવાથી કે કેરીને ઘાસમાં રાખવાથી તે જલ્દી પાકે છે. તે રીતે પ્રયત્ન કરવામાં આવે તો કર્મને પણ ઉદય માટે નિયત થયેલાં સમય પહેલાં ઉદયમાં લાવી શકાય છે. સામાન્ય નિયમ એવો છે કે જે કર્મનો ઉદય ચાલતો હોય તેના **સજાતીયકર્મની**–પ્રકૃતિની ઉદીરણા થઈ શકે.

ઉદયમાં આવેલું કર્મ પૂર્ણકાળે ઉદયમાં આવ્યું છે કે ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું છે, તે તો જ્ઞાનીઓ જ કહી શકે. પરંતુ કર્મ ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું હોય તો સમ્યગ્દૃષ્ટિ આત્મા ભવિતવ્યતાનો પાડ માને. એ તો એમ જ સમજે કે દેવું ગમે તે સ્થિતિમાં ભરપાઈ કરવું પડશે, તો સારી હાલતમાં ભરપાઈ કરી દેવું ખોટું શું ? હાલ વીતરાગ દેવ મળ્યા છે, નિર્ગ્રંથ ગુરુ મળ્યા છે અને સર્વજ્ઞપ્રણીત ધર્મ મળ્યો છે. આવા વખતે કર્મને ભોગવીને પરિણામ નહિ ટકાવીએ તો જ્યારે શ્રી જિનેશ્વરદેવના ધર્મનું શ્રવણ વગેરે નહિ હોય, ત્યારે પરિણામ શી રીતે ટકાવીશું !

અનુક્રમે ઉદયમાં આવેલા કર્મો તો ચારે ગતિના જીવો ભોગવે છે, પણ મનુષ્યભવ મળ્યો, ધર્મ પામ્યા, ધર્મનું

આચરણ કરવાની શક્તિમાં આવ્યા, ત્યારે જે કર્મો ઉદયમાં ન આવ્યા હોય, તેમને ઉદયમાં લાવીને તોડી નાખવાનો પ્રયાસ કરવામાં આવે તો જ મળેલા મનુષ્યભવની સાર્થકતા કહેવાય. મહાપુરુષો કર્મની ઉદીરણા કરીને તેને ભોગવી લે છે અને મોક્ષમાર્ગ નિષ્કંટક બનાવે છે.

યોગ અને અધ્યવસાયનાં જે બળને લીધે કર્મો શાંત પડયા રહે, એટલે કે તેમાં ઉદય-ઉદીરણા ન થાય તેને **ઉપશમનાકરણ** કહેવાય. અંગારા જલી રહ્યા હોય, તેના પર રાખ નાખી દઇએ તો તે ઠંડા પડી જાય છે, તેના જેવી આ સ્થિતિ છે. આ હાલતમાં કર્મની ઉદ્વર્તના-અપવર્તના, તેમજ કર્મનું સંક્રમણ થઈ શકે છે.

જે કર્મો ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થઈ ચૂકયા હોય તેને કરણ ન લાગે, બીજાં બધાંને લાગે. જેમ એક યંત્રના બધા ભાગો સાથે કામ કરે છે, તેમ બધાં કરણો સાથે કામ કરે છે. આત્મા સમયે સમયે કર્મ ગ્રહણ કરે છે, એટલે બંધન કરણચાલુ જ હોય છે. તે વખતે ઢીલાં કર્મો મજબૂત બનતા હોય છે, મજબૂત વધારે મજબૂત બનતા હોય છે, એટલે નિધત્તકરણ અને નિકાચનાકરણ પણ ચાલુ જ છે. આ જ વખતે કેટલાંક કર્મોના સ્થિતિ અને રસમાં વધારો ઘટાડો પણ થતો હોય છે, એટલે ઉદ્વર્તના અને અપવર્તના-કરણ પણ ચાલુ હોય છે. તે જ વખતે કર્મની સજાતીય પ્રકૃતિઓ પલટાતી હોય છે, એટલે સંક્રમણકરણ પણ પોતાનું કામ કરતું હોય છે. એ વખતે કર્મનો ઉદય કે ઉદીરણા

ચાલુ હોય છે અને કેટલાક કર્મો શાંત થતા હોય છે, એટલે ઉદીરણાકરણ અને ઉપશમનાકરણ પણ કાર્યશીલ હોય છે.

જ્યાં સુધી આત્મા વીતરાગ ન બને ત્યાં સુધી તેમાં શુભાશુભ પ્રવૃત્તિ ચાલુ હોય છે. શુભ પ્રવૃત્તિ વધારવી અને અશુભ પ્રવૃત્તિ ઘટાડવી, એ આગળ વધવાનો માર્ગ છે, પરંતુ આપણી હાલત બૂરી છે. આપણે કમાણીને ખોટ કહીએ છીએ અને ખોટને કમાણી કહીએ છીએ. શી રીતે? તે સમજાવીશું. તમે ધર્મનાં કામમાં પૈસા ખર્ચો છો, તેમાં ખરેખર તમને કમાણી થાય છે, છતાં તમે કહો છો કે આટલા વપરાઈ ગયા, ઓછા થયા. તે જ રીતે તમને પૈસા મળે તેને કમાણી ગણો છો, પણ પુણ્ય ઉદયમાં આવ્યું, ખર્ચાયું, ત્યારે તમને એ પૈસા મળ્યા, એટલે પુણ્યનો જથ્થો એટલો ઓછો થયો, તમને ઘાટો પડયો. આ સમજણ સુધરી જાય તો આગળ વધવું મુશ્કેલ નથી.

સત્સંગતિ રાખો, સદ્વિચારોનું સેવન કરો અને સદાચારમાં સ્થિર થાઓ, એટલે કર્મનું બળ આપોઆપ ઘટી જશે અને તમારી શક્તિઓનો વિકાસ થશે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ત્રીશમું

ગુણસ્થાન

[૧]

મહાનુભાવો !

હમણાં હમણાં હિમાલયનાં શિખરો પર આરોહણ કરવાને લગતી વાતો છાપામાં–વર્તમાનપત્રોમાં ખૂબ આવી રહી છે. સને ૧૯૫૩ માં હિમાલયનાં ૨૯૧૪૧ ફુટ ઊંચાઈવાળા એવરેસ્ટ શિખર પર પગ મૂકવા માટે શેરપા તેનસિંગનું આ દેશમાં તથા પરદેશમાં ખૂબ સન્માન થયું. અને તે થોડા જ વખતમાં પૈસાદાર થઈ ગયો. તેનો સાથી એડમંડ હિલેરી પણ દુનિયામાં ઘણું માન સન્માન પામી પ્રસિદ્ધ થયો.

આ સમાચારો સાંભળી તમારું હૃદય થનગની ઊઠે છે અને તમે પર્વતારોહકોની સાહસિકવૃત્તિ તથા વીરતાનાં મુક્ત કંઠે વખાણ કરવા મંડી પડો છો, પરંતુ ગુણસ્થાનનું આરોહણ આના કરતાં ઘણું અઘરું છે અને મહા સાહસિક તથા ધૈર્યવાન આત્માઓ જ તે કરી શકે છે. તેમને તમે કયા શબ્દોમાં નવાજશો ? કઈ વાણીથી અભિનંદન આપશો ?

ગુણસ્થાન એ કોઈ પર્વત નથી, ભૌગોલિક સ્થાન

નથી, પણ આત્મા સાથે સંબંધ ધરાવતી બાબત છે, એટલું તો તમે અત્યાર સુધીનાં અમારાં વ્યાખ્યાનોથી સમજી શકયા હશો. તેમાં અમે ઘણી વાર ગુણસ્થાન શબ્દનો પ્રયોગ કરેલો છે.

વ્યાપારને જેમ અર્થશાસ્ત્રના વિષય સાથે ગાઢ સંબંધ છે, ઔષધને જેમ વૈદકશાસ્ત્રના વિષય સાથે ગાઢ સંબંધ છે, અને ધ્યાનને જેમ યોગના વિષય સાથે ગાઢ સંબંધ છે, તેમ ગુણસ્થાનને કર્મના વિષય સાથે ગાઢ સંબંધ છે. તેથી જ અમે કર્મવિષયક આ વ્યાખ્યાનમાળામાં ગુણસ્થાનનો વિષય પસંદ કર્યો છે. તેમાં પ્રથમ, ગુણસ્થાનનો અર્થ કહીશું, પછી તેની સંખ્યા બતાવીશું અને પછી તેનાં સ્વરૂપનું વર્ણન કરીશું.

ગુણસ્થાનનો અર્થ

જેમ પાપનું સ્થાન એ પાપસ્થાન કે પાપસ્થાનક કહેવાય, તેમ ગુણનું સ્થાન એ **ગુણસ્થાન** કે **ગુણસ્થાનક** કહેવાય. પ્રાકૃત કે અર્ધમાગધી ભાષામાં તેનો સંસ્કાર **ગુણઠાણ** થાય અને અપભ્રંશ ભાષાનાં ધોરણે તેને **ગુણઠાણું** કહેવાય. આ પરથી તમે એટલું સમજી શકયા હશો કે આપણે ગુણઠાણ કહીએ, ગુણઠાણું કહીએ, ગુણસ્થાન કહીએ કે ગુણસ્થાનક કહીએ, એ બધું એકનું એક છે. તેમાં અર્થનો કોઈ ફેર નથી, તફાવત નથી.

હવે ગુણ અને સ્થાન એ શબ્દનો અર્થ સમજીએ. ગુણ એટલે આત્માના ગુણ, તે જ્ઞાન, દર્શન, ચારિત્ર સમજવા. તેનું સ્થાન એટલે તેની અવસ્થા. મતલબ કે જેમાં

આત્માના ગુણોની વિવિધ અવસ્થાઓ–વિવિધ ભૂમિકાઓ બતાવી હોય તે ગુણસ્થાન કહેવાય.

ગુણસ્થાનોની સંખ્યા

તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો આત્માના વિકાસની અવસ્થાઓ અસંખ્ય છે, તેથી ગુણસ્થાનોની સંખ્યા પણ અસંખ્ય થાય, પરંતુ એ રીતે તેનો વ્યવહાર થઈ શકે નહિ, તેથી શાસ્ત્રકારોએ તેનું વર્ગીકરણ ચૌદ વિભાગમાં કર્યું છે; આ ચૌદ વિભાગને જ આપણે ચૌદ ગુણસ્થાન સમજવાનાં છે. તમે અત્યાર સુધીમાં સાતમું ગુણસ્થાન, બારમું ગુણસ્થાન, ચૌદમું ગુણસ્થાન એમ સાંભળ્યું હશે, પણ પંદરમું ગુણસ્થાન, અઢારમું ગુણસ્થાન, વીશમું ગુણસ્થાન એમ સાંભળ્યું નહિ હોય. વાર સાત હોવાથી આઠમો વાર કહેવાતો નથી, તિથિ પંદર હોવાથી સોળમી તિથિ કહેવાતી નથી, તેમ ગુણસ્થાન ચૌદ હોવાથી પંદરમું ગુણસ્થાન વગેરે કહેવાતાં નથી.

ગુણસ્થાનનાં નામો

હવે ગુણસ્થાનનાં નામો પર આવીએ. આમ તો ચૌદ ગુણસ્થાનનાં નામ યાદ રાખવાં મુશ્કેલ પડે, પણ શાસ્ત્રકાર ભગવંતોએ આપણા પર કૃપા કરીને એ નામોનો સંગ્રહ માત્ર એક ગાથામાં જ કર્યો છે અને તે ગાથા સહેલાઈથી યાદ રહી જાય તેવી છે.

मिच्छे सासण-मीसे, अविरय-देसे पमत्त-अपमत्ते ।
निअट्टि अनिअट्टि सुहूमुवसमखीणसजोगिअजोगि गुणा ॥

मिच्छे એટલે પહેલું મિથ્યાત્વગુણસ્થાન. **सासण** એટલે બીજું સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિગુણસ્થાન. **मीसे** એટલે ત્રીજું સમ્યગ્મિથ્યાદૃષ્ટિગુણસ્થાન. **अविरय** એટલે ચોથું અવિરતિસમ્યગ્દૃષ્ટિગુણસ્થાન. **देसे** એટલે પાંચમું દેશવિરતિગુણસ્થાન. **पमत्त** એટલે છઠ્ઠું પ્રમત્તસંયતગુણસ્થાન. **अपमत्ते** એટલે સાતમું અપ્રમત્તસંયતગુણસ્થાન. **निअट्टि** એટલે આઠમું નિવૃત્તિબાદરગુણસ્થાન. **अनिअट्टि** એટલે નવમું અનિવૃત્તિબાદરગુણસ્થાન. **सुहूम** એટલે દશમું સૂક્ષ્મસંપરાયગુણસ્થાન. **उवसम** એટલે અગિયારમું ઉપશાંતમોહગુણસ્થાન. **खीण** એટલે બારમું ક્ષીણમોહગુણસ્થાન. **सजोगि** એટલે તેરમું સયોગિકેવલિગુણસ્થાન અને **अजोगि** એટલે ચૌદમું અયોગિકેવલિગુણસ્થાન. ગુણા આ પ્રમાણે ગુણસ્થાનકો છે.

ગુણસ્થાનનો ક્રમ

જે સંખ્યા બેથી મોટી હોય છે, તેમાં આદિ, મધ્ય અને અંત હોય છે. એ દૃષ્ટિએ પહેલું ગુણસ્થાન આદિ છે, બીજાથી તેરમા ગુણસ્થાનો મધ્ય છે અને ચૌદમું ગુણસ્થાન અંત છે.

ક્રમ બે પ્રકારનો હોય છે: એક ચડતો અને બીજો ઉતરતો. અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ અને વર્ષ એ ચડતો ક્રમ છે, કારણ કે તેમાં કાલમાન ઉત્તરોત્તર વિસ્તાર પામતું જાય છે અને દુનિયા, દેશ, પ્રાંત, જિલ્લો અને ગામ એ ઉતરતો ક્રમ છે, કારણ કે તેમાં ક્ષેત્રનો વિસ્તાર ઉત્તરોત્તર ઘટતો જાય છે. આ બે પ્રકારના ક્રમમાંથી ગુણસ્થાનોનો ક્રમ ચડતો છે, કારણ કે તેમાં આત્માની ઉત્તરોત્તર વિકાસ પામતી અવસ્થાઓ બતાવવામાં આવી છે.

(૧) મિથ્યાત્વગુણસ્થાન

મિથ્યાત્વમાં રહેલા આત્માની અવસ્થાવિશેષ તે મિથ્યાત્વગુણસ્થાન. અહીં મિથ્યાત્વ શબ્દથી વ્યક્ત મિથ્યાત્વ સમજવું. આ ગુણસ્થાનમાં રહેલા આત્માઓ રાગદ્વેષના ગાઢ પરિણામવાળા હોય છે અને ભૌતિક ઉન્નતિમાં જ રાચનારા હોય છે, એટલે તેમની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્ય સાંસારિક સુખોનો ઉપભોગ અને તે માટે જરૂરી સાધનોનો સંગ્રહ હોય છે. આધ્યાત્મિક વિકાસથી તેઓ વિમુખ હોય છે, એટલે તેમને મોક્ષની વાત ગમતી નથી અને તેનાં સાધનો પ્રત્યે એક પ્રકારનો તિરસ્કાર કે અનાદર હોય છે.

અહીં પ્રશ્ન થશે કે 'જ્યાં મિથ્યાત્વ એટલે શ્રદ્ધાનું વિપરીતપણું હોય છે, ત્યાં ગુણસ્થાન કેમ હોય?' એટલે તેનો ખુલાસો કરીએ છીએ કે વ્યક્ત મિથ્યાત્વીને શ્રદ્ધાનું વિપરીતપણું હોય છે એ વાત સાચી, પણ તેનામાં આત્માના જ્ઞાનાદિ ગુણનો અમુક વિકાસ હોય છે, એટલે ત્યાં ગુણસ્થાન માનવામાં આવ્યું છે. એકડો–બગડો ઘૂંટનારમાં વિદ્વાના સંસ્કારો શું હોય છે? છતાં આપણે તેને વિદ્યાર્થી કહીએ છીએ. અહીં ગુણસ્થાન શબ્દનો પ્રયોગ પણ એવી જ રીતે સમજવો. આગમોમાં કહ્યું છે કે 'સવ્વજીયાણં પિ અક્ખરસ્સ અણંતમો ભાગો નિચ્ચં ઉઘાડિઓ ચિટ્ઠઈ, જઇ પુણ સોવિ આવિરજ્જા તેણં જીવો અજીવત્તાણં પાઉણિજ્જા.' સર્વ જીવને અક્ષરનો એટલે જ્ઞાનનો અનંતમો ભાગ નિરંતર ઉઘાડો રહે છે. જો તે પણ આવરાઈ જાય તો તેથી જીવ અજીવપણાને પામે.'

મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે, એ વસ્તુ પૂર્વ વ્યાખ્યાનોમાં કહેવાઈ ગઈ છે, છતાં તેનાં નામો અહીં યાદ કરી લઈએ. પહેલું આભિગ્રહિક મિથ્યાત્વ, બીજું અનભિગ્રહિક મિથ્યાત્વ, ત્રીજું આભિનિવેશિક મિથ્યાત્વ, ચોથું સાંશયિક મિથ્યાત્વ અને પાંચમું અનાભોગિક મિથ્યાત્વ.

મિથ્યાદર્શનની પકડ રાખનાર અને પૌદ્ગલિક સુખોમાં અધિક રતિ ધરાવનાર જીવને આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે. બધા ધર્મો સારા–બધાં દર્શનો રૂડાં એવું માનનારને અનભિગ્રહિક મિથ્યાત્વ હોય છે. બધા ધર્મોને–બધાં દર્શનને સારા કહીએ તો આપણે ઉદાર હૃદયવાળા ગણાઈએ અને મોટામાં ખપીએ એવી કોઈની ગણતરી હોય તો તે ખોટી છે. સારા–ખોટાનો વિવેક ન હોવો એ મૂઢતા છે. તેને ઉદારતા શી રીતે કહી શકાય? અને મોટા ગણાતાં માણસોનું આંધળું અનુકરણ કરવાથી આપણે મોટા થઈ જતા નથી. આજે કેટલાક મોટા ગણાતા માણસો બધા ધર્મોને સારા ગણી તેમાંથી થોડું થોડું ગ્રહણ કરવાની સલાહ આપે છે, પણ લોઢું, જસત, સીસું, કલાઈ, તાંબુ, રૂપું વગેરે થોડા થોડા ભેગા કરવાથી સુવર્ણની ઉત્પત્તિ થતી નથી. તે માટે તો સુવર્ણના અંશોને જ ગ્રહણ કરવા જોઈએ. આ યુગમાં આ મિથ્યાત્વથી ખાસ બચવા જેવું છે. જે જીવો ભારેકર્મી હોય કે નિહ્નવ હોય, તેમનામાં આ મિથ્યાત્વની બહુલતા હોય છે.

જેઓને તત્ત્વના સૂક્ષ્મ કે અતીન્દ્રિય વિષયમાં સંશય

હોય અને તે સંશય નિવારવાને માટે કોઈ સદ્‌ગુરુનો સંગ કરવાની ઇચ્છા પણ ન હોય, તેમને સાંશયિક મિથ્યાત્વ હોય છે.

સૂક્ષ્મ અને બાદર નિગોદ, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય (મનુષ્ય અને તિર્યંચ) એ દરેક જાતિના જીવોને સંજ્ઞી પંચેન્દ્રિય (મનુષ્ય-તિર્યંચ) માંના જે જીવોએ એક પણ વખત સમ્યગ્‌દર્શન પ્રાપ્ત કર્યું નથી, તેવા દરેક જીવને અનાભોગિક મિથ્યાત્વ હોય છે. અહીં એટલી સ્પષ્ટતા કરી લઈએ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાંના જે જીવોને એક પણ વખત સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થયું છે અને જેણે ફરી મિથ્યાત્વ પ્રાપ્ત કયુ છે, તેમને આ મિથ્યાત્વ સિવાયનું કોઈ પણ એક મિથ્યાત્વ હોય છે.

કાલની અપેક્ષાએ મિથ્યાત્વ ત્રણ પ્રકારનું છે : (૧) અનાદિ-અનન્ત, (૨) અનાદિ-સાંત અને (૩) સાદિ-સાંત. તેનાથી પણ આપણે પરિચિત થઈએ.

અભવ્ય આત્માને મિથ્યાત્વ અનાદિ કાળનું હોય છે અને તે કદી દૂર થતું નથી, એટલે તે **અનાદિ-અનન્ત** છે. જાતિભવ્ય સિવાયના ભવ્ય આત્માને મિથ્યાત્વ અનાદિ કાળનું હોય છે, પણ તેનો અંત આવે છે, એટલે તે **અનાદિ-સાંત** છે અને જે ભવ્ય સમ્યકત્વ વમીને મિથ્યાત્વ પામેલા છે, તેમના મિથ્યાત્વનો અંત આવનારો છે, એટલે તેમનું મિથ્યાત્વ **સાદિ-સાંત** છે.

બધા જીવો પ્રથમ આ ગુણસ્થાને હોય છે.

(૨) સાસ્વાદન-સમ્યગ્‌દૃષ્ટિ-ગુણસ્થાન

જ્યારે જીવને મિથ્યાત્વ હોતું નથી અને સમ્યકત્વ પણ હોતું નથી, પરંતુ સમ્યકત્વનો કંઈક સ્વાદ હોય છે, ત્યારે તે સાસ્વાદન-સમ્યગ્‌દૃષ્ટિ નામનાં બીજા ગુણસ્થાને રહેલો મનાય છે. સાસ્વાદન એટલે કંઈક સ્વાદસહિત. સાસ્વાદનમાં ત્રણ પદો છે : **સ** + **આ** + **સ્વાદન** તેમાં **સ** નો અર્થ સહિત છે, **આ** નો અર્થ કિંચિત્ છે અને **સ્વાદન** નો અર્થ સ્વાદ છે. આ રીતે સાસ્વાદનનો અર્થ કંઈક સ્વાદ સહિત થાય છે.

આત્માની આવી અવસ્થા કયારે હોય છે? તે તમને સમજાવીશું. સંસારી જીવ અનંત પુદ્‌ગલપરાવર્તનકાળ સુધી મિથ્યાત્વનો અનુભવ કરતો સંસારમાં રખડે છે. નદીનો પત્થર અહીં તહીં કૂટાતો-રગડાતો છેવટે ગોળ બની જાય છે, તેમ આ જીવ અનાભોગપણે પ્રવૃત્તિ કરતો જ્યારે આયુષ્ય સિવાયના સાતે કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ઓછી એવી એક કોડાકોડી સાગરોપમની કરે છે, ત્યારે તે રાગદ્વેષના અતિ નિબિડ પરિણામરૂપ ગ્રંથિપ્રદેશ સમીપે આવે છે. અભવ્ય જીવો પણ આ રીતે કર્મસ્થિતિ હળવી કરીને અનંતી વાર ગ્રંથિસમીપે આવે છે, પણ તેઓ એ ગ્રંથિનો ભેદ કરી શકતા નથી, જ્યારે ભવ્ય જીવો વિશુદ્ધ પરિણામ રૂપ કૂહાડી વડે એ ગ્રંથિનો ભેદ કરી નાખે છે અને સમ્યકત્વની સન્મુખ થાય છે.

જીવની ઉન્નતિના આ ઇતિહાસને શાસ્ત્રકારોએ ત્રણ

કરણોમાં વહેંચ્યો છે: પહેલું યથાપ્રવૃત્તિકરણ. બીજું અપૂર્વ-કરણ અને ત્રીજું અનિવૃત્તિકરણ. તે માટે તમને એક ગાથા સંભળાવીશું.

जा गंठि ता पढमं, गंठि समइच्छआ भवे बीयं।
अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे॥

'ગ્રંથિસમીપ આવે ત્યાં સુધીની ક્રિયાને પ્રથમ યથા-પ્રવૃત્તિકરણ સમજવું. ગ્રંથિનો ભેદ કરે ત્યારે બીજું અપૂર્વ-કરણ સમજવું અને સમ્યક્ત્વની સન્મુખ થાય ત્યારે ત્રીજું અનિવૃત્તિકરણ સમજવું.'

પછી તે અંતઃકરણની ક્રિયા કરે છે. તેમાં પહેલી સ્થિતિએ જીવ મિથ્યાત્વનાં દળિયાં વેદે છે, એટલે તે મિથ્યાત્વી હોય છે, પણ અંતર્મુહૂર્ત પછી તેને મિથ્યાત્વનાં દળિયાં વેદ-વાનાં હોયાં નથી, એટલે તે ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. આ ક્રિયાને શાસ્ત્રકારોએ દાવાનળ સાથે સરખાવી છે. જેમ કોઈ દાવાનળ પ્રકટ્યો હોય અને તે ક્રમશઃ આગળ વધતો જાય, પણ પૂર્વે બળી ગયેલો પ્રદેશ આવે કે ઝાડપાન તથા ઘાસ વિનાની ઉખર ભૂમિ આવે ત્યારે તે ઓલવાઈ જાય છે, તેમ મિથ્યાત્વરૂપી દાવાનળ પણ અંતઃકરણની બીજી સ્થિતિ પ્રાપ્ત થતાં મિથ્યાત્વનાં દળિયાં વેદવાના અભાવે ઓલવાઈ જાય છે.

આ સમ્યક્ત્વનું કાલમાન અંતર્મુહૂર્તનું છે. તેમાં જઘન્ય એક સમય પછી અને ઉત્કૃષ્ટ છ આવલિકા પછી કોઈક જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય, એટલે સમ્ય

ક્ત્વને વમી નાખે અને મિથ્યાત્વ ભણી જાય. તે વખતે તેને સમ્યક્ત્વનો કંઈક સ્વાદ હોય છે. એક માણસે દૂધપાકનું આકંઠ ભોજન કર્યું હોય, પછી તેને વમન થાય, ત્યારે ખાધેલો બધો દૂધપાક નીકળી જાય, પણ તેનો કંઈક સ્વાદ જીભને આવે, તેના જેવી આ સ્થિતિ છે.

ચોથા અવિરત-સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાનથી માંડીને અગિ-યારમાં ઉપશાંતમોહ-ગુણસ્થાન સુધીમાં જે જીવો મોહના ઉદયથી લથડે છે, તે આ ગુણસ્થાને આવે છે અને જઘન્ય એક સમય પછી તથા ઉત્કૃષ્ટ છ આવલિકા પછી તેઓ અવશ્ય મિથ્યાત્વને પામે છે.

આ ગુણસ્થાન ઊંચે ચડતા જીવોને હોતું નથી, પણ નીચે પડતા જીવોને હોય છે, એટલે તેને અવનતિસ્થાન માનવું જોઈએ. છતાં આ ગુણસ્થાને આવેલા જીવો જરૂર મોક્ષે જનારા હોય છે અને પહેલાં ગુણસ્થાન કરતાં આ ચઢિયાતું છે, માટે આ પણ ગુણસ્થાન જ છે. અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે પહેલું, બીજું તથા ત્રીજું ગુણસ્થાન જીવની અવિકસિત દશા સૂચવે છે અને ત્યાર પછીના ગુણ-સ્થાનો વિકસિત દશા સૂચવે છે. ચોથાં ગુણસ્થાને જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, એ તેના સાચા વિકાસનો એટલે આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ છે.

તીર્થંકર ભગવંતોનાં જીવનમાં પૂર્વભવોનું વર્ણન આવે છે, તેમાં પૂર્વભવની શરૂઆત ત્યાંથી જ થાય છે કે જ્યાંથી તેમના આત્માએ સમ્યક્ત્વને સ્પર્શ્યું હોય.

આ ગુણસ્થાન સાદિ-સાંત છે અને તે અભવ્યને હોતું નથી.

(૩) સમ્યગ્-મિથ્યાદૃષ્ટિ-ગુણસ્થાન

દર્શનમોહનીય કર્મની બીજી પ્રકૃતિ મિશ્રમોહનીય છે. તેના ઉદયથી જીવને સમકાળે સરખા પ્રમાણમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે મિશ્ર થવાથી એક પ્રકારનો મિશ્રિત ભાવ હોય છે, તેને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કે મિશ્ર-ગુણસ્થાન કહેવામાં આવે છે.

જે જીવ સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ એ બેમાંના કોઈ પણ એક જ ભાવમાં વર્તતો હોય તો તે જીવ મિશ્રગુણ-સ્થાનવાળો ન કહેવાય, કારણ કે અહીં મિશ્રપણું તે બે ભાવ એકત્ર મળીને એક નવીન જાતિનો ત્રીજો ભાવ ઉત્પન્ન થવારૂપ છે.

ઘોડી અને ગધેડાનો સંયોગ થાય તો તેમાંથી ન ઉત્પન્ન થાય ઘોડું કે ન ઉત્પન્ન થાય ગધેડું, પરંતુ અચ્ચર રૂપ એક નવીન જાતિ ઉત્પન્ન થાય. તેજ રીતે ગોળ અને દહીંનો સંયોગ થાય તો તેમાં ન આવે પૂરો ગોળનો સ્વાદ કે ન આવે પૂરા દહીંનો સ્વાદ, પણ એક નવીન જાતનો જ સ્વાદ આવે. આ રીતે જે જીવની બુદ્ધિ સર્વજ્ઞભાષિત અને અસર્વજ્ઞભાષિત એ બંનેમાં સમાન શ્રદ્ધાવાળી થઈ જાય, તે જીવને એક નવીન જાતનો મિશ્ર પરિણામ ઉત્પન્ન થાય.

અહીં એટલું ખ્યાલમાં રાખજો કે મિશ્રગુણસ્થાનમાં રહેલો જીવ પરભવમાં ભોગવવા યોગ્ય આયુષ્યનો બંધ

કરતો નથી કે એ અવસ્થામાં મરણ પામતો નથી. પરંતુ ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન ઉપર ચડીને મરણ પામે છે અથવા કુદૃષ્ટિ થઈને એટલે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં આવીને મરણ પામે છે.

પ્રશ્ન-ચૌદ ગુણસ્થાનોમાં એવા ગુણસ્થાનો કયાં છે કે જેમાં જીવ મરણ પામતો નથી?

ઉત્તર-ત્રીજું મિશ્રગુણસ્થાન, બારમું ક્ષીણમોહગુણસ્થાન અને તેરમું સયોગીગુણસ્થાન. એ ત્રણ ગુણસ્થાનો એવાં છે કે જેમાં જીવનું મરણ થતું નથી. બાકીના અગિયાર ગુણ-સ્થાનોમાં મરણ થાય છે.

પ્રશ્ન-મરણ વખતે જીવને કોઈ ગુણસ્થાન સાથે જાય કે કેમ?

ઉત્તર-પહેલું મિથ્યાત્વ, બીજું સાસ્વાદન અને ચોથું અવિરતિગુણસ્થાન મરણ વખતે જીવની સાથે જાય છે, પણ બાકીનાં અગિયાર ગુણસ્થાનો મરણ વખતે જીવની સાથે જતા નથી.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઇએ કે મિશ્રગુણસ્થાનની પ્રાપ્તિ પહેલાં જીવે સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ એ બે ભાવમાંથી જે કોઈ એક ભાવે વર્તીને આયુષ્ય બાંધ્યું હોય તે ભાવસહિત જીવ મરણ પામે છે અને તે ભાવને અનુસારે સદ્ગતિ કે દુર્ગતિમાં જાય છે.

આ ગુણસ્થાન સાદિ-સાંત છે અને તેની સ્થિતિ અંત-ર્મુહૂર્તની છે. જેને સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો મિશ્ર ભાવ હોય, તેનાં મનની સ્થિતિ ડામાડોળ હોય, એ સ્વાભાવિક છે.

(૪) અવિરત-સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાન

આધ્યાત્મિક વિકાસનાં ખરાં મંડાણ આ ગુણસ્થાનથી થાય છે, એટલે તેનું સ્વરૂપ બરાબર સમજી લઈએ. આને ટૂંકમાં સમ્યક્ત્વગુણસ્થાન કે સમકિત ગુણઠાણું પણ કહે છે. 'સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા.' એ પંક્તિઓ તમે સાંભળી હશે. સાંભળી શા માટે? યાદ પણ હશે, કારણ કે શ્રી વીરવિજયજી મહારાજકૃત સ્નાત્રપૂજામાં એ પંક્તિઓ આવે છે અને એ સ્નાત્ર ચાલુ ભણાવાતું હોય છે. કેટલાક ભાગ્યશાળીઓ રોજ સ્નાત્ર ભણાવે છે અને પોતાનું સમ્યક્ત્વ દૃઢ કરે છે; કેટલાક વારે-પર્વે સ્નાત્ર ભણાવી અર્હદ્ભક્તિનો લ્હાવો લે છે. તે માટે આ શહેરમાં અને બીજા સ્થળે કેટલાંક સ્નાત્રમંડળો સ્થપાયેલાં છે. આ પ્રવૃત્તિ અનુમોદનીય છે.

આ ગુણસ્થાનમાં આગળ અવિરત શબ્દ કેમ લગાડ્યો? તેનો ખુલાસો કરી દઈએ. આ ગુણસ્થાને આવનારના અનંતાનુબંધી કષાયો ઉદયમાં હોતા નથી, પણ પ્રત્યાખ્યાની વગેરે કષાયો ઉદયમાં હોય છે, તેથી ચારિત્ર અર્થાત્ વિરતિ હોતી નથી. એટલે તેની આગળ અવિરત શબ્દ લગાડેલો છે.

પૂર્વ વ્યાખ્યાનોમાં સમ્યક્ત્વ વિષે જુદી જુદી અપેક્ષાએ કેટલુંક કહેવાયું છે, પણ અહીં સમ્યક્ત્વનો ખાસ પ્રસંગ છે, એટલે તે વિષે કેટલીક જાણવા યોગ્ય બાબતો રજૂ કરીશું.

સમ્યક્ત્વના ભેદોની ગણના અનેક પ્રકારે થાય છે,* તેમાંથી ત્રણ ભેદો અહીં વિશેષ પ્રકારે વિચારવા યોગ્ય છે: (૧) ઔપશમિક, (૨) ક્ષાયોપશમિક અને (૩) ક્ષાયિક.

* સમ્યક્ત્વના પ્રકારો વિષે નીચેની બે ગાથાઓ પ્રચલિત છે:

જે જીવને અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ મોહનીય સત્તામાં હોય, પણ પ્રદેશ અને રસથી તેનો ઉદય ન હોય, તેને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે. અમે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ વિષે, તેમજ કર્મની સત્તા અને કર્મના ઉદય વિષે ઘણી સ્પષ્ટતા કરેલી છે, એટલે તમને આ વસ્તુ સમજતાં મુશ્કેલી નહિ પડે.

એક માણસને માથે ઘણું દેવું હોય અને લેણદારો એક પછી એક તેનો તકાદો કરતા હોય, તો એ માણસની

> एगविहदुविहतिविहं, चउहा पंचविहं दसविहं सम्मं ।
> एगविहं तत्तरुई, निस्सग्गुवएसओ भवे दुविहं ॥ १ ॥
> खइयं खओवसमियं उवसमियं इय तिहा नेयं ।
> खइयाइसासणजुअं, चउहा वेअगजुअं च पंचविहं ॥

એક પ્રકાર, બે પ્રકાર, ત્રણ પ્રકાર, ચાર પ્રકાર, પાંચ પ્રકાર, દશ પ્રકાર. એમ સમ્યક્ત્વના અનેક પ્રકારો કહેલા છે, તેમાં તત્ત્વ પર રુચિ એ એક પ્રકારનું સમ્યક્ત્વ છે. તે નૈસર્ગિક એટલે સ્વભાવથી ઉત્પન્ન થતું અને ઔપદેશિક એટલે ગુરુ વગેરેની હિતશિક્ષાથી ઉત્પન્ન થતું એમ બે પ્રકારનું છે. ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એ તેના ત્રણ પ્રકારો છે. આ ત્રણ પ્રકારોમાં સાસ્વાદન ઉમેરીએ તો ચાર પ્રકાર થાય અને તેમાં વેદક ઉમેરીએ તો પાંચ પ્રકાર થાય.

આ પાંચ પ્રકારના નૈસર્ગિક અને ઔપદેશિક એવા બે બે પ્રકારો ગણતાં સમ્યક્ત્વ દશ પ્રકારનું થાય.

કેટલાક કારક, રોચક અને દીપકના ભેદથી પણ સમ્યક્ત્વને ત્રણ પ્રકારનું માને છે, પરંતુ તેમાં દીપકસમ્યક્ત્વ તો માત્ર ઉપચારથી સમ્યક્ત્વ કહેવાય છે. વાસ્તવિકતાએ એ સમ્યક્ત્વ નથી.

મુંઝવણનો પાર રહેતો નથી. પણ એ લેણદારો કોઈ પણ કારણે આવતા બંધ થઈ જાય તો એ માણસને કેવી નિરાંત રહે છે? ઔપશમિક સમ્યકત્વમાં પણ લગભગ આવી જ સ્થિતિ હોય છે. અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ મોહનીય સત્તામાં પડેલા હોય છે, પણ પ્રદેશ કે રસથી તેનો ઉદય હોતો નથી, એટલે આત્માને સમ્યકત્વ હોય છે. આ સમ્યકત્વ કર્મના ઉપશમને લીધે પ્રાપ્ત થયેલું હોવાથી તે ઔપશમિક સમ્યકત્વ કહેવાય છે.

જે જીવને મિથ્યાત્વ મોહનીય સત્તામાં છે, સમ્યકત્વ મોહનીયનાં દળિયાં ઉદયમાં છે, પરંતુ ચાર અનંતાનુબંધી કષાય અને સમ્યકત્વ મોહનીયના પ્રદેશનો રસથી ઉદય નથી, તેને ક્ષાયોપશમિક સમ્યકત્વ હોય છે.

અને જે જીવે ચાર કષાય તેમજ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યકત્વ એ ત્રણે પ્રકારનાં દર્શનમોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કર્યો છે, તેને ક્ષાયિક સમ્યકત્વ હોય છે.

જીવને પ્રથમ વાર સમ્યકત્વની સ્પર્શના થાય, ત્યારે પ્રાય : ઔપશમિક સમ્યકત્વ હોય અને એ સમ્યકત્વ વમ્યા પછી મિથ્યાત્વમાં ગયેલા જીવને ફરી સમ્યકત્વ થાય, ત્યારે આ ત્રણમાંનું ગમે તે એક સમ્યકત્વ હોય છે. અહીં એ પણ યાદ રાખો કે મનુષ્યગતિમાં રહેલા જીવોને એકી સમયે આ ત્રણ સમ્યકત્વમાંથી ગમે તે એક પ્રકારનું સમ્યકત્વ પ્રાપ્ત થાય છે, ત્યારે નરક, તિર્યંચ અને દેવગતિમાં રહેલા જીવોને એકી સમયે ઔપશમિક અને ક્ષાયોપશમિક એ

બેમાંનું ગમે તે એક પ્રાપ્ત થઈ શકે છે. આનો અર્થ એ થયો કે ક્ષાયિક સમ્યકત્વનો અધિકારી માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જ છે.

સમસ્ત ભવભ્રમણ દરમિયાન આત્માને કયું સમકિત કેટલી વાર હોઈ શકે? એ પણ શાસ્ત્રકારોએ જણાવ્યું છે. સમસ્ત ભવભ્રમણ દરમિયાન આત્માને ઔપશમિક સમ્યકત્વ વધારેમાં વધારે પાંચ વાર હોઈ શકે છે, ક્ષાયોપશમિક સમ્યકત્વ અસંખ્યાતી વાર હોઈ શકે છે અને ક્ષાયિક સમ્યકત્વ માત્ર એક જ વાર હોઈ શકે છે.

આ સંસારમાં ઔપશમિક સમ્યકત્વવાળા જીવો કેટલા? તો અસંખ્યાત. ક્ષાયોપશમિક સમ્યકત્વવાળા જીવો કેટલા? તો અસંખ્યાત અને ક્ષાયિક સમ્યકત્વવાળા જીવો કેટલા? તો અનંત. સિદ્ધના જીવોને પણ ક્ષાયિક સમ્યકત્વ હોય છે, એટલે આ સમ્યકત્વવાળાની સંખ્યા અનંત છે.

જે જીવ સમ્યકત્વવાળો છે, સમ્યગ્દર્શનથી યુક્ત છે, તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આવો જીવ અઢાર દોષથી રહિત, રાગ-દ્વેષના પરમ વિજેતા એવા અરિહંત ભગવંતને દેવ માને, ત્યાગી મહાવ્રતધારી સાધુને ગુરુ માને અને સર્વજ્ઞપ્રણીત દાન-શીલ-તપ-ભાવમય ધર્મને સાચો ધર્મ માને. એ જિનવચનમાં શંકા કરે નહિ, અન્ય મતની આકાંક્ષા કરે નહિ, શાસ્ત્રવિહિત શુદ્ધ ક્રિયા અનુષ્ઠાનનાં ફળમાં સંશયયુક્ત બને નહિ, મિથ્યાત્વીઓની પ્રશંસા કરે નહિ કે મિથ્યાત્વીનો પરિચય વધારે નહિ. તે જીવ અને અજીવને જુદા માને, આત્માને કર્મનો કર્તા અને

કર્મફળનો ભોક્તા માને તથા પુરુષાર્થથી મોક્ષ મેળવી શકાય એવી દૃઢ માન્યતા ધરાવે. તેને સત્ય તરફ ભારે પ્રીતિ હોય અને અસત્ય તરફ સખ્ત અણગમો હોય. તે આજીવિકા ખાતર આરંભ-સમારંભ કરે, પણ હૃદયમાં પાપનો ડર રાખે. કોઈ પણ પ્રવૃત્તિ નિર્દયતાના પરિણામથી કરે નહિ.

સમ્યકત્વ આવ્યા વિના કોઈ જીવ વિરત બની શકતો નથી, એટલે વિરત બનવા માટે આ અવસ્થા પ્રાપ્ત કરવી જરૂરી છે.

ઔપશમિક સમ્યકત્વની સ્થિતિ અંતર્મુહૂર્તની છે; ક્ષાયોપશમિક સમ્યકત્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમથી પણ અધિક છે. આમ આ બંને સમ્યકત્વ સાદિ-સાંત છે, ત્યારે ક્ષાયિક સમ્યકત્વ એક વાર આવ્યા પછી જતું નથી, એટલે તેની સ્થિતિ સાદિ-અનંત છે.

ચારે ગતિના જીવો સમ્યકત્વ પામી શકે છે, પણ તેમાં જે જીવો ભવ્ય હોય તેજ સમ્યકત્વના અધિકારી છે.

જે જીવને એક વાર પણ સમ્યકત્વની સ્પર્શના થઈ છે, તેનો સંસાર અરધા પુદ્ગલપરાવર્તનકાલથી વધારે નથી, એ વસ્તુ અમે આગળ કહી ગયા છીએ. જઘન્યથી તો એ અંતર્મુહૂર્તમાં પણ સંસારનો છેદ કરી મુક્તિગામી બની શકે છે, અને વધારેમાં વધારે અપાર્દ્ધ પુદ્ગલપરાવર્તનકાલ છે. સાધુપુરુષોનો સંગ અને તેમનો ઉપદેશ સમ્યકત્વની પ્રાપ્તિમાં પ્રબળ નિમિત્ત બને છે. શ્રેણિક રાજાને સમ્યકત્વની

પ્રાપ્તિ શી રીતે થઈ ? એ હકીકત જાણશો, એટલે તમને આ વસ્તુની સમજ પડશે.

શ્રેણિક રાજાને સમ્યકત્વની પ્રાપ્તિ

રાજગૃહી નગરીની બહાર મંડિતકુક્ષિ નામે એક મનોહર ઉદ્યાન હતું, તેમાં વિવિધ જાતિનાં વૃક્ષો ઉગેલાં હતાં અને તેના પર મોર-ચકોર, શુક-સારિકા, કાગ-કૌઆ વગેરે અનેક જાતનાં પક્ષીઓ નિવાસ કરતાં હતાં. એ ઉદ્યાનમાં અનેક પ્રકારનાં પુષ્પો ખીલેલાં હતાં, સુંદર લતામંડપો નજરે પડતાં હતાં અને નાનાં નાનાં જળાશયોમાં હંસ, બતક, બગલા વગેરે જળચર પક્ષીઓ નિરંતર ક્રીડા કરતાં હતાં.

આ ઉદ્યાનમાં સાધુ-સંન્યાસીઓ ઉતરતા અને શ્રીમંત તથા સહેલાણીઓ પણ સહેલ કરવાને આવતા. પર્વના દિવસે તો આ ઉદ્યાનમાં માનવમેળો જ જામતો.

મગધરાજ શ્રેણિકને આ ઉદ્યાન ઘણું પ્રિય હતું, તેથી તેઓ વારંવાર અહીં આવતા અને તેના ખુશનુમા વાતાવરણમાં ટહેલીને પોતાનું દિલ બહેલાવતા. આજે તેવો જ એક પ્રસંગ હતો, જ્યારે તે પોતાની સાથેના સેવકોને દૂર બેસાડીને પોતે એકલા ઉદ્યાનમાં વિહરી રહ્યા હતા.

તેઓ વૃક્ષો, લતાઓ અને પુષ્પોનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યાં વૃક્ષનાં મૂળની પાસે થોડે દૂર બેઠેલા એક નવયુવાન મુનિ તરફ તેમનું ધ્યાન ખેંચાયું.

અંગ પર એક જ વસ્ત્ર હતું, સુખાસને સ્થિર બેઠેલા હતા, નયનો બીડેલાં હતાં અને મન પૂરેપૂરું ધ્યાનમાં

નિમગ્ન હતું. તેમનો દેહ ગૌરવર્ણો હતો, મુખ પર તેજ વ્યાપેલું હતું અને સૌમ્યતા તથા સજ્જનતા સ્પષ્ટ તરી આવતા હતા.

મુનિવરનાં આ વ્યક્તિત્વે મગધરાજ પર ખૂબ ઊંડી છાપ પાડી. તેમણે આજ સુધી અનેક બ્રાહ્મણો અને શ્રમણો જોયા હતા, અનેક પરિવ્રાજકોનો પરિચય કર્યો હતો, પરંતુ તેમાંના કોઈએ આ મુનિવર જેવી છાપ તેમનાં હૃદયમાં અંકિત કરી ન હતી.

મગધરાજનું ઉન્નત મસ્તક સ્વાભાવિક રીતે જ તેમને નમી પડ્યું. તેમણે ત્રણ પ્રદક્ષિણાઓ દઈને એ મુનિરાજ પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રકટ કર્યો અને બે હાથ જોડીને બહુ દૂર પણ નહિ અને બહુ નજીક પણ નહિ, એવી રીતે તેઓ મુનિવરની સમક્ષ ઊભા રહ્યા.

થોડી વારે મુનિવરે ધ્યાન પૂરું કર્યું અને કમળપાંખડી જેવાં મનોહર નયનો ખુલ્લાં કર્યાં. તે વખતે બે હાથ જોડીને ઊભેલા શ્રેણિક તેમના જોવામાં આવ્યા, એટલે તેમણે સાધુ ધર્મને યોગ્ય 'ધર્મલાભ' કહ્યો.

એ ધર્મલાભ આપવા બદલ મગધરાજે પોતાનું મસ્તક નમાવીને કૃતજ્ઞતા પ્રકટ કરી. પછી વિનયપૂર્વક પૂછ્યું: 'હે મુનિવર! જો આપની સાધનામાં કોઈ રીતે વિઘ્ન આવતું ન હોય તો હું એક વાત પૂછવાની ઇચ્છા રાખું છું.'

મુનિવરે કહ્યું: 'રાજન્! વાત બે પ્રકારની હોય છે: એક સદોષ અને બીજી નિર્દોષ. ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા

અને રાજકથા એ સદોષ વાત છે. આવી વાતમાં મુનિઓ પડતા નથી. પરંતુ જે વાતથી જ્ઞાનની વૃદ્ધિ થાય, શ્રદ્ધાની પુષ્ટિ થાય, સદાચારનો વિકાસ થાય, તેવી વાત નિર્દોષ છે. આવી વાત મુનિઓની સાધનામાં બાધક થતી નથી. આટલું લક્ષમાં રાખીને તમારે જે વાત કરવી હોય તે કરી શકો છો.'

મગધરાજે કહ્યું: 'હે પૂજ્ય! હું એટલું જ જાણવા ઇચ્છું છું કે આવી તરુણ અવસ્થામાં ભોગ ભોગવવાને બદલે આપે સંયમનો માર્ગ શા માટે ગ્રહણ કર્યો? એવું કયું પ્રબળ પ્રયોજન આપને આ ત્યાગમાર્ગ તરફ દોરી ગયું?'

મુનિરાજે કહ્યું: 'હે રાજન્! હું અનાથ હતો, મારું કોઈ નાથ ન હતું, એટલે મેં આ સંયમમાર્ગ ગ્રહણ કર્યો છે.'

આ ઉત્તરથી મગધરાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું: 'આપ જેવા પ્રભાવશાળી પુરુષને કોઈ નાથ ન મળે એ તો ભારે અજાયબી કહેવાય. જો આપે એટલા જ માટે સંયમમાર્ગ સ્વીકાર્યો હોય તો હું આપનો નાથ થવા તૈયાર છું. આપ મારા રાજમહેલમાં પધારો અને ત્યાં સુખેથી દિવસો નિર્ગમન કરો.'

મગધરાજના આ શબ્દો સાંભળી મુનિવરનાં મુખ પર એક આછું સ્મિત ફરકી ગયું. તેમણે કહ્યું: 'હે રાજન્! પોતાના અધિકારવાળી વસ્તુઓ બીજાને આપી શકાય છે. ચંદ્રમાં જ્યોત્સ્ના છે, તેથી તે બીજાને અપાય છે. સૂર્યમાં ઉષ્ણતા છે, તો તેનું બીજાને દાન થઈ શકે છે. નદીઓમાં જળ છે, તેથી તે બીજાને સંતોષી શકે છે અને વૃક્ષોપર ફળ

હોય છે, તેથી તે બીજાનાં કામમાં આવે છે. પણ ચંદ્ર ઉષ્ણતાને આપી શકતો નથી, સૂર્ય શીતળતાને આપી શકતો નથી, નદીઓ ફળને આપી શકતી નથી અને વૃક્ષો જળને આપી શકતાં નથી, કારણ કે તે વસ્તુઓ તેમની પાસે નથી. તેમ હે રાજન્! નાથ થવું, એ તારા અધિકારમાં નથી, તેથી તું મારો નાથ થઈ શકતો નથી. તું પોતે જ અનાથ છે!'

આ શબ્દો સાંભળતાં જ મગધરાજ ચમકયા. આવા શબ્દો આજ સુધી તેમને કોઇએ કહ્યા ન હતા. તેમણે પોતાનાં ઘવાયેલાં અભિમાનને ઠીક કરતાં કહ્યું : 'હે આર્ય! આપની વાત પરથી લાગે છે કે આપે મને ઓળખ્યો નથી. હું અંગ અને મગધ દેશનો મહારાજા શ્રેણિક છું. મારા તાબામાં હજારો કસ્બાઓ અને લાખો ગામડાં છે. વળી હું હજારો હાથી–ઘોડા અને અસંખ્ય રથ–સુભટોનો સ્વામી છું. તથા રૂપાળી રમણીઓથી ભરેલું સુંદર અંતઃપુર ધરાવું છું. મારે પાંચસો મંત્રીઓ છે, જેનો વડો મારો પોતાનો પુત્ર અભયકુમાર છે. મારે હજારો મિત્રો અને સુહૃદો છે, જે મારી હર વખતે–હરપળે ખૂબ કાળજી રાખે છે. મારું ઐશ્વર્ય અજોડ છે અને મારી આજ્ઞા અફર છે. આવી રિદ્ધિ-સિદ્ધિ અને આવો અધિકાર હોવા છતાં હું અનાથ કેવી રીતે ગણાઉં? ભગવન્! આપનું કહેવું કદાચ અસત્ય તો નહિ હોય!'

મુનિવરે કહ્યું : 'રાજન્! હું જાણું છું કે તું અંગ અને મગધનો અધિપતિ મહારાજા શ્રેણિક છે. હું જાણું છું

કે તારી પાસે હજારો હાથી, ઘોડા અને લાખો સુભટ છે. હું એ પણ જાણું છું કે તારું ઐશ્વર્ય અજોડ છે અને તારી આજ્ઞા અફર છે. છતાં કહું છું કે નાથ થવું એ તારા અધિકારમાં નથી, તેથી તું મારો નાથ થઈ શકતો નથી. તું પોતે જ અનાથ છે. નિર્ગ્રંથ મુનિઓ કદી મૃષાવાદનું સેવન કરતા નથી.'

મગધરાજ સમજી ગયા કે આ વચનો મુનિરાજે અણસમજ કે ઉતાવળથી વાપર્યા નથી. તેમણે કહ્યું : 'હે મહાપુરુષ! આપનાં વચનો કદી અસત્ય હોય નહિ, પણ બહુ વિચાર કરવા છતાં યે મને એમ નથી લાગતું કે હું પોતે અનાથ છું અને આપનો નાથ થઈ શકું એમ નથી.'

મુનિવરે કહ્યું : 'હે રાજન્! તું અનાથ અને સનાથ-ના ભાવને સમજ્યો નથી. આ ભાવ સમજવા માટે તારે મારાં પૂર્વજીવનનો કેટલોક ભાગ જાણવો પડશે. એ તને હું ટુંકમાં કહી સંભળાવું છું :

એ વખતે મુનિવરે ઇસારો કરવાથી મગધરાજ નીચે બેઠા અને નિર્ગ્રંથ મુનિનાં પવિત્ર મુખમાંથી કેવી વાત બહાર આવે છે, તેની આતુરતાથી રાહ જોવા લાગ્યા.

મુનિવરે કહ્યું : 'હે રાજન્! છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મ-પ્રભસ્વામીનાં પવિત્ર ચરણોથી પાવન થયેલી અને ધન-ધાન્યથી અતિ સમૃદ્ધ કૌશાંબી નગરીમાં મારા પિતા રહેતા હતા. તેઓ પ્રભૂત ધનસંચયને લીધે બધા ધનપતિઓમાં અગ્રેસર હતા. હું મારા પિતાનો બહુ લાડકવાયો પુત્ર હતો,

તેથી તેમણે અનેક જાતના લાડકોડમાં મને ઉછેર્યો હતો અને મને વિવિધ કલાઓનું શિક્ષણ આપવા માટે પ્રસિદ્ધ કલાચાર્યોને રોકયા હતા.

યોગ્ય ઉમરે એક કુલવતી સુંદર લલના સાથે મારાં લગ્ન થયાં અને અમારો સંસાર એકંદરે સુખી હતો. વ્યવહારનું કાર્ય મોટા ભાગે પિતાજી સંભાળતા અને વ્યાપારનું કાર્ય વાણોતર–ગુમાસ્તા સંભાળતા, એટલે મારા માથે કોઈ જાતનો ભાર ન હતો. હું મોટા ભાગે મિત્રોથી વીંટળાયેલો રહેતો અને મન ફાવે ત્યાં ફરવા જતો. દુઃખ, મુશીબત કે પીડા શું કહેવાય, તેની મને ખબર ન હતી.

હે રાજન્! એવામાં મારી એક આંખ દુઃખવા આવી, સૂજી ગઈ અને તેમાંથી અતુલ પીડા ઉત્પન્ન થઈ. આ વેદનાને લીધે મને મુદ્દલ ઊંઘ આવતી નહિ. જળ વિના જેમ માછલી તરફડે, તેમ આ વેદનાથી હું તરફડવા લાગ્યો.

આ વેદનામાંથી મને દાહજ્વર લાગુ પડયો, મસ્તક ફાટવા લાગ્યું, છાતીમાં દુખાવો ઉપડયો અને કમ્મરના કટકા થવા લાગ્યા. એ દુઃખનું વર્ણન હું કરી શકતો નથી.

મારી આ સ્થિતિ જોઈને જુદા જુદા પ્રકારના કુશળ વદ્યોને બોલાવવામાં આવ્યા. તેમણે ભેગા મળીને મારા રોગનું નિદાન કર્યું, પછી ચાર પ્રકારની ચિકિત્સાઓનો પ્રયોગ કર્યો અને અનેક પ્રકારનાં કિંમતી ઔષધોનો આશ્રય લીધો, છતાં તેઓ મને દુઃખમાંથી છોડાવી ન શકયા. હે રાજન્! એ જ મારી અનાથતા!

વૈદ્યોને નિષ્ફળ જતાં મારા પિતાએ બીજા પણ અનેક ઉપચારો કરાવી જોયા અને તેમાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું. વળી તેમણે એવી પણ જાહેરાત કરી કે 'જે કોઈ મંત્ર–તંત્રવાદી મારા પુત્રને સાજો કરશે, તેને મારી અર્ધી મિલ્કત આપી દઈશ,' તેમ છતાં તેઓ મને એ દુઃખમાંથી છોડાવી શકયા નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!

મારી માતા મારા પ્રત્યે ભારે વાત્સલ્ય દાખવતી હતી. તે મને આંખની કીકી જેવો માનતી હતી. મારી આ સ્થિતિ જોઈને તે ઓછી ઓછી થઈ જતી હતી અને આ દુઃખમાંથી મુક્ત કરવા માટે અનેક જાતની બાધા–આખડીઓ રાખતી હતી. આમ છતાં તે મને આ દુઃખમાંથી છોડાવી શકી નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!

એક જ માતાના ઉદરથી જન્મેલા અને સાથે સ્નેહમાં ઉછરેલા એવા ભાઈઓ પોતાનો કામધંધો છોડી મારી પાસે બેસતા, મારા હાથ–પગ દબાવતા અને મને દુઃખી જોઈને દુઃખી થતા, છતાં તેઓ મને આ દુઃખમાંથી છોડાવી શકયા નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!

બહેનો, પત્ની, મિત્રો વગેરે પણ મારી આ હાલત જોઈ ભારે દુઃખ અનુભવતા અને વિવિધ ઉપાયો કરવાને તત્પર રહેતા, પણ તેમાંનું કોઈ મને દુઃખમાંથી છોડાવી શકયું નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!

આ રીતે જ્યારે મેં ચારે બાજુથી અસહાયતા અનુભવી, ત્યારે મને લાગ્યું કે જેને આજ સુધી હું દુઃખ–નિવા-

રણનાં સાધનો માનતો હતો, તે ખરેખર! એવાં ન હતાં. ધન, માલ, રિદ્ધિ, સિદ્ધિ, કુટુંબકબીલો, સ્વજન–મહાજન કોઈ પણ મારી મદદે આવી શકયું નહિ, મને દુઃખમુક્ત કરી શકયું નહિ, એટલે દુઃખનિવારણનાં સાધનો અન્ય કાંઈ હોવા જોઈએ, એ વાતની મને પ્રતીતિ થઈ અને તે જ વખતે નીચેનો શ્લોક યાદ આવ્યો :

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्॥

'કરોડો યુગ ચાલ્યા જાય તો પણ કરેલાં કર્મોનો નાશ થતો નથી. પોતે કરેલા શુભ અથવા અશુભ કર્મો જરૂર ભોગવવાં પડે છે.'

એટલે મને થયું કે મારું આ દુઃખ પણ મારાં પૂર્વ-કર્મોનું ફળ હોવું જોઈએ. અને તે વખતે મને એક શ્રમણે કહેલી નીચેની ગાથાનું સ્ફુરણ થયું :

विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खंतिए।
पाढवं शरीरं हिच्चा, उड्ढं पक्कमए दिसं॥

'કર્મના હેતુને છોડ, ક્ષમાથી કીર્તિને મેળવ, આમ કરવાથી તું પાર્થિવ શરીર છોડીને ઊંચી દિશામાં જઈશ.'

અને મારું મન કર્મના હેતુને શોધવા લાગ્યું. એ શોધમાં હું સમજી શકયો કે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિ પ્રવૃત્તિઓ પાપના પંથે લઈ જનારી છે અને તે જ કર્મનો હેતુ છે; તેથી કર્મબંધનમાંથી છૂટવું હોય તો મારે આ પાપી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી ક્ષમા, શાંતિ, શૌચ આદિ ગુણો કેળવવા જોઈએ.

પરંતુ આ બધું ત્યારે જ બની શકે કે જ્યારે મારા પર તૂટી પડેલું વેદનાઓનું વાદળ કંઈક ઓછું થાય. એટલે તે જ વેળા મેં મનમાં સંકલ્પ કર્યો કે જો હું આ રોગમાંથી મુક્ત થઈશ તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી થઈશ, અર્થાત્ ક્ષમાદિ દશ ગુણવાળો સંયમધર્મ સ્વીકારી સાધુ બનીશ.

'અને હે રાજન્! એવો સંકલ્પ કરીને જ્યાં મેં સૂવાનો પ્રયત્ન કર્યો કે મને તરત જ નિદ્રા આવી ગઈ. પછી રાત્રિ જેમ વીતતી ગઈ, તેમ તેમ મારી વેદના શાંત થતી ગઈ અને સવાર થતાં તો હું તદ્દન નીરોગી થઈ ગયો.

મને એકાએક સારો થયેલો જોઈને આખું કુટુંબ અતિ હર્ષ પામ્યું. પિતા સમજ્યા કે મેં ઘણો પૈસો ખર્ચ્યો તે કામે લાગ્યો, માતા સમજી કે મારી બાધા–આખડીઓ ફળી, ભાઈઓ સમજ્યા કે અમારી સેવા ફળી અને બહેનો સમજી કે અમારાં અંતરની આશીષો ફળી. પત્ની સમજી કે મારી પ્રાર્થના ફળી અને મિત્રો સમજ્યા કે અમારી દોડધામ કામે લાગી. ત્યારે મેં સર્વેને શાંત પાડીને કહ્યું કે 'મને નવું જ જીવન પ્રાપ્ત થયું છે અને તે ફળ મારા શુદ્ધ સંકલ્પનું છે. ગઈ રાત્રે હું એવો સંકલ્પ કરીને સૂતો હતો કે જો હું એક જ વાર આ વેદનામાંથી મુક્ત થાઉં તો ક્ષાન્ત, દાન્ત, નિરારંભી બનીશ. માટે આપ બધા મને આજ્ઞા આપો. મારી પ્રતિજ્ઞાનું પાલન મારે બનતી ત્વરાએ કરવું છે.'

આ શબ્દો સાંભળતાં જ બધા અવાક્ બની ગયા અને તેમની આંખો અશ્રુભીની બની ગઈ. તેઓ જાતજાતની

દલીલો કરવા લાગ્યા અને આ રીતે સંસારનો ત્યાગ ન કરવાનું વિનવવા લાગ્યા. પરંતુ મેં એક જ ઉત્તર આપ્યો કે 'હવે આ મોહમય સંસારમાં રહીને હું જરા પણ આનંદ અનુભવી શકું એમ નથી.' છેવટે સર્વે કુટુંબીજનોએ મને ઇષ્ટ માર્ગે જવાની છૂટ આપી, એટલે મેં સંયમમાર્ગનો સ્વીકાર કર્યો.

હે રાજન્! આ આત્મા પોતે જ વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષ જેવો દુઃખદાયી છે અને કામદૂધા ગાય અને નંદનવન સમાન સુખદાયી છે. આત્મા પોતે જ સુખ-દુઃખનો કર્તા છે અને સુખદુઃખનો ભોક્તા છે. જો સુમાર્ગે ચાલે તો એ સુખદાયી છે અને કુમાર્ગે ચાલે તો એ શત્રુ-તુલ્ય દુઃખદાયી છે. એટલે આત્માનું દમન કરવું અને તેને સુમાર્ગે વાળવો, એ પરમ સુખ ઇચ્છતા સર્વ મુમુક્ષુઓનું કર્તવ્ય છે.

સાચું શ્રમણપણું પાળનારો અન્ય જીવોનો નાથ (રક્ષક) બને છે અને તે પોતાનો પણ નાથ (રક્ષક) બને છે, માટે હે રાજન્! હું હવે મારો પોતાનો તથા અન્ય જીવોનો નાથ બની ચૂક્યો છું અને તારે મારા નાથ બનવાની કોઈ જરૂર રહેતી નથી. આ છે મારું સંયમ ગ્રહણ કરવાનું કારણ.'

મુનિવરનો—અનાથી મુનિનો આ ઉત્તર સાંભળીને મગધપતિ શ્રેણિક ઘણા પ્રસન્ન થયા, તેમણે બે હાથની અંજલિ કરીને કહ્યું: 'હે ભગવન્! આપે મને અનાથ અને સના-થનો મર્મ સુંદર રીતે સમજાવ્યો. હે મહર્ષિ! તમને મનુષ્ય

અવતાર ભલે મળ્યો, તમે આવી કાંતિ, આવો પ્રભાવ અને આવી સૌમ્યતા ભલે પામ્યા. જિનેશ્વરોએ દર્શાવેલા સત્ય માર્ગમાં વ્યવસ્થિત થયેલા આપ જ ખરેખર સનાથ અને સબાંધવ છો. હે મુનિ! અનાથ જીવોના ખરા નાથ તમે જ છો. હે યોગીશ્વર! મેં મારા મનનું કુતૂહલ શાંત પાડવા માટે આપની સાધનામાં ભંગ પાડ્યો, તે બદલ ક્ષમા માગું છું.'

અનાથી મુનિએ કહ્યું: 'જિજ્ઞાસુઓને સત્ય વસ્તુની સમજ આપવી એ પણ અમારી સાધનાનો જ એક ભાગ છે, તેથી મારી સાધનાનો ભંગ થયો નથી. અને તારા જેવો તત્ત્વશોધક આ હકીકતમાંથી યોગ્ય માર્ગદર્શન ન મેળવે એમ હું માનતો નથી, એટલે વ્યતીત કરેલા સમય માટે મને સંતોષ છે.'

મગધપતિએ કહ્યું: 'મહર્ષિ! આપની મધુર વાણીએ અને સંપૂર્ણ નિખાલસતાએ મારાં દિલને જીતી લીધું છે. આપ જેવા ત્યાગી અને તપસ્વીની કોઈ પણ આજ્ઞા માથે ચડાવવાને હું તત્પર છું,'

અનાથી મુનિએ કહ્યું: 'હે રાજન્! જ્યાં સર્વ ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને અભિલાષાઓનો ત્યાગ છે, જ્યાં માયા-મમતાનું વિસર્જન છે અને જ્યાં કોઈ પૌદ્ગલિક લાભ મેળવવાની આસક્તિ નથી, ત્યાં આજ્ઞા કરવાની હોય શું? તેમ છતાં આજ્ઞા કરવાની હોય તો તે સામાનાં કલ્યાણની જ હોય'


મગધરાજે કહ્યું: 'ધન્ય પ્રભો! ધન્ય આપની વાણી!

આપનો સમાગમ થવાથી મારું જીવન સફળ થયું છે. મારા આનંદની કોઈ સીમા નથી, આપ મારાં કલ્યાણ માટે બે શબ્દો કહેવા કૃપા કરો.'

અનાથી મુનિએ કહ્યું: 'રાજન્! શ્રી જિનેશ્વરદેવનું શાસન જયવંતુ છે. તેમના ઉપદેશમાં તું અનન્ય શ્રદ્ધા રાખ, તેમણે પ્રરૂપેલાં તત્ત્વોનો બોધ કર તથા તેમણે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતોનો જીવનમાં અમલ કરવાની ભાવના રાખ. આ જ કલ્યાણનો માર્ગ છે, આ જ અભ્યુદયની ચાવી છે.'

આ શબ્દો પરથી મગધરાજ શ્રેણિકે બૌદ્ધ ધર્મનો ત્યાગ કર્યો અને અંતઃપુર, સ્વજન અને કુટુંબસહિત જૈન ધર્મનો સ્વીકાર કર્યો. તે દિવસથી જૈન ધર્મ પ્રત્યેની એમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી ગઈ અને શ્રી મહાવીર પ્રભુના સમાગમે એને વજ્રલેપ કરી. આજે જિનશાસનમાં શ્રેણિક રાજાનું સમ્યક્ત્વ વખણાય છે, પણ તેની પ્રાપ્તિનો યશ એક નિર્ગ્રંથ મુનિને ફાળે જાય છે. માટે જ મુનિવરોનો સંગ કરવાનો તથા તેમનો ઉપદેશ સાંભળવાનો અમારો અનુરોધ છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન એકત્રીશમું

ગુણસ્થાન

[૨]

મહાનુભાવો!

આત્માનો વિચાર કરતાં આપણને એમ લાગ્યું કે તેનું સ્વરૂપ બરાબર સમજવું હોય તો તેના પ્રતિપક્ષી કર્મનું સ્વરૂપ પણ બરાબર સમજી લેવું જોઈએ, તેથી આપણે કર્મનો વિષય હાથ ધર્યો અને તેનાં વિવિધ અંગોની વિચારણા કરી. આ વિચારણાના એક ભાગ તરીકે આપણે ગુણસ્થાનનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ અને તેમાં ચોથા ભાગ ઉપરની મજલ કાપી છે.

આધુનિક વિકાસવાદ

આજનું વિજ્ઞાન વિકાસવાદ (Theory of evolution) માં માને છે અને સૂક્ષ્મ જંતુઓમાંથી મનુષ્ય સુધીનું સ્વરૂપ કેમ ઘડાયું તેનું વર્ણન કરે છે! પરંતુ તેમાં સૂક્ષ્મ જંતુઓથી નીચેની અને મનુષ્ય કરતાં ઉપરની કોઈ અવસ્થાને સ્થાન નથી. વળી સૂક્ષ્મ જંતુઓથી માંડી મનુષ્ય સુધીનો જે વિકાસક્રમ બતાવ્યો છે, તેમાં માત્ર વિકાસનું જ વર્ણન છે, પણ પતનનું કોઈ વર્ણન નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ વિકાસવાદ વાનરમાંથી મનુષ્ય બનવાની શક્યતાનો સ્વીકાર કરે છે, પણ મનુષ્યમાંથી વાનર બનવાનો

સ્વીકાર કરતો નથી. આમ આ વિકાસવાદ અધૂરો છે, એકાંગી છે, એટલે આપણાં મનનું સમાધાન કરી શકે તેવો નથી.

આ વિકાસવાદની સહુથી મોટી ખામી એ છે કે તેમાં આત્માને કોઈ સ્થાન નથી, પછી તેમાં પુનર્જન્મ કે ગતિ વગરેનો વિચાર તો હોય જ ક્યાંથી ? તેમાં જે કંઈ વિકાસ માનવામાં આવ્યો છે, તે પુદ્ગલનિર્મિત શરીરનાં અંગોપાંગોનો માનવામાં આવ્યો છે, એટલે તેનો આપણી માન્યતાઓ સાથે કોઈ મેળ ખાય તેમ નથી.

જૈન ધર્મનો વિકાસવાદ

વિકાસવાદમાં તો આપણે પણ માનીએ છીએ, પણ આપણો વિકાસવાદ આત્માને સ્પર્શે છે, આત્માના ગુણને સ્પર્શે છે અને તેમાં ઉત્ક્રાન્તિ સાથે અવનતિનો વિચાર પણ રહેલો છે. જો આત્મા સારા વિચારો કરે અને સારાં કામો કરતો રહે તો તેની ઉત્ક્રાન્તિ થાય છે અને ખરાબ વિચારો તથા ખરાબ કામો કરે તો તેની અવનતિ થાય છે. સાચી હકીકત એ છે કે અધમ અવસ્થામાં પડેલો આત્મા ચડતી-પડતીનાં અનેક ચક્રો અનુભવ્યા બાદ જ આગળ વધે છે અને છેવટે મુક્તિની પ્રાપ્તિ કરે છે. તેનું વ્યવસ્થિત વર્ણન આપણને ગુણસ્થાનોમાંથી મળે છે, એટલે તે વિશેષ પ્રકારે સમજવા યોગ્ય છે.

અન્ય દર્શનોમાં પણ આત્મવિકાસની જુદી જુદી અવસ્થાઓ બતાવવામાં આવી છે, પણ તેમાં ગુણસ્થાનકો જેટલી વિશદતા નથી, ગુણસ્થાનકો જેટલું સૂક્ષ્મ વર્ણન નથી.

અમે તો કહીએ છીએ કે તમને જે વસ્તુ સર્વજ્ઞ ભગવંતનાં શાસનમાંથી મળશે, તે વસ્તુ બીજેથી નહિ જ મળે. કેરી પાકે તો આંબે જ, એ કંઈ બાવળ-બોરડી પર પાકે નહિ.

(૫) દેશવિરતિગુણસ્થાન

દેશવિરતિમાં આવેલ આત્માની અવસ્થાવિશેષને દેશવિરતિ ગુણસ્થાન કહેવામાં આવે છે. આ ગુણસ્થાન વિરતાવિરત, સંયતાસંયત કે વ્રતાવ્રત તરીકે પણ ઓળખાય છે, કારણ કે તેમાં કેટલાક અંશે વિરતપણું અને કેટલાક અંશે અવિરતપણું, કેટલાક અંશે સંયતપણું અને કેટલાક અંશે અસંયતપણું, કેટલાક અંશે વ્રતીપણું અને કેટલાક અંશે અવ્રતીપણું હોય છે.

ચોથા ગુણસ્થાને જીવને સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યક્ત્વરૂપ વિવેક પ્રાપ્ત થાય છે, પણ ચરિત્રમોહનીય કર્મની પ્રબલ અસરને લીધે તે વિવેકનો અમલ થઈ શકતો નથી, ત્યારે આ ગુણસ્થાને ચારિત્રમોહનીય કર્મનું બલ અમુક પ્રમાણમાં ઘટે છે, તેથી આત્મા જાણેલી-સમજેલી વસ્તુને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે છે.

આ ગુણસ્થાને જીવ બધી પાપમય પ્રવૃત્તિઓને છોડી શકતો નથી, પણ તેમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે અને કેટલીક પાપવૃત્તિઓને છોડી દે છે. શાસ્ત્રીય ભાષામાં તેને દેશવિરતિ કહેવામાં આવે છે. દેશવિરતિ એટલે અમુક અંશે વિરતિ.

દેશવિરતિનું કારણ એ છે કે પ્રથમ સમ્યક્ત્વ ગ્રહણ

કરવું અને પછી શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કરવાં. જેઓ બાર વ્રતો અંગીકાર કરી ન શકે તે થોડાં વ્રતો અંગીકાર કરે અને બીજાની ભાવના રાખે, પછી જેમ જેમ સંયોગો અનુકૂળ થતા જાય, તેમ તેમ બાકીનાં વ્રતો પણ અંગીકાર કરે.

શ્રાવક શબ્દ તો તમે રોજ સાંભળો છો, પણ એનો અર્થ પૂછીએ ત્યારે વિચારમાં પડો છો. એના અર્થ પર તમે કદી શાંત મને વિચાર કર્યો છે ખરો ? શાસ્ત્રોમાં કહ્યું છે કે : 'શૃણોતિ જિનવચનમિતિ શ્રાવકઃ—જે જિનવચનને સાંભળે તે શ્રાવક.' એટલે પ્રતિદિન ઉપાશ્રયે જવું અને ગુરુ મહારાજને વિધિપૂર્વક વંદન કરી, તેમનાં મુખેથી ધર્મોપદેશ સાંભળવો, એ શ્રાવકનું મુખ્ય કર્તવ્ય છે. કેટલાક કહે છે કે 'અમે ધર્મની વાતો પુસ્તક વાંચીને જાણી લઈશું. અમને ઉપાશ્રયે જવાની કુરસદ નથી.' આ રીતે જેઓ ગુરુસમીપે જઈ જિનવચન સાંભળતા નથી, તે શ્રાવક નામને સાર્થક શી રીતે કરે ?

ગૃહસ્થને માટે સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારનો ધર્મ બતાવેલો છે, તેમાં માર્ગાનુસારીના પાંત્રીશ બોલ પ્રમાણે જીવન ગાળવું, એ સામાન્ય ધર્મ છે અને બાર વ્રતોથી વિભૂષિત થઈને જીવન ગાળવું, એ વિશેષ ધર્મ છે.

બાર વ્રતોનાં નામ તો તમે જાણતા જ હશો. એક વખત અમે એક ગૃહસ્થને પાંચ અણુવ્રતોનાં નામ પૂછ્યાં, તો તેમણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ નામો આપ્યાં. અમે કહ્યું : 'અઢાર પાપ-

સ્થાનકનાં નામો આવડતાં હોય તો બોલો.' એ નામો તેમણે કઠકડાટ બોલી બતાવ્યાં. અમે કહ્યું : 'તેમાંનાં પ્રથમ પાંચ નામ ફરી બોલો, 'ત્યારે તેમણે પ્રાણાતિપાત વગેરે પાંચ નામો કહ્યાં. અમે પૂછ્યું : 'આ નામો પાપસ્થાનકનાં છે કે વ્રતનાં છે ?' ત્યારે તેમને ખ્યાલ આવ્યો. અને તેમણે પ્રાણાતિપાત–વિરમણ–વ્રત એ નામો આપ્યાં. અમે કહ્યું : 'આ નામો પણ હજી અધૂરાં છે અથવા તો એ મહાવ્રતોનાં નામો છે, પણ અણુવ્રતનાં નામો નથી.' ત્યારે બહુ વિચાર કરીને તેની આગળ સ્થૂલ શબ્દ લગાડ્યો.

કહેવાની મતલબ એ છે કે આજે તમારા શ્રાવકોનું જીવન એટલું બધું જંજાળી બની ગયું છે કે તમને ધર્મનો વિચાર કરવાની પણ કુરસદ નથી. અને તમારું કર્તવ્ય શું ? તમારે કયાં વ્રતો ધારણ કરવાં જોઈએ ? કયા પ્રકારનું જીવન ગાળવું જોઈએ ? એ સંબંધી કંઈ પણ ચિંતન નથી.

બાર વ્રતોનાં નામ આ પ્રમાણે જાણવાં :—

(૧) સ્થૂલપ્રાણાતિપાત–વિરમણ–વ્રત.
(૨) સ્થૂલમૃષાવાદ–વિરમણ–વ્રત.
(૩) સ્થૂલઅદત્તાદાન–વિરમણ–વ્રત.
(૪) સ્થૂલમૈથુન–વિરમણ–વ્રત.
(૫) પરિગ્રહ–પરિમાણ–વ્રત.
(૬) દિક્–પરિમાણ–વ્રત.
(૭) ભોગોપભોગ–પરિમાણ–વ્રત.

(૮) અનર્થદંડ-વિરમાણુ-વ્રત.
(૯) સામાયિક-વ્રત.
(૧૦) દેશાવકાશિક-વ્રત.
(૧૧) પોષધ-વ્રત.
(૧૨) અતિથિસંવિભાગ-વ્રત.

આમાંના પહેલાં પાંચ અણુવ્રતો કહેવાય, પછીનાં ત્રણ ગુણવ્રતો કહેવાય અને છેવટનાં ચાર શિક્ષાવ્રતો કહેવાય. પ્રથમનાં પાંચને અણુવ્રત કહેવાનું કારણ એ છે કે તે મહાવ્રતોની અપેક્ષાએ અણુ છે-નાનાં છે; પછીનાં ત્રણને ગુણવ્રતો કહેવાનું કારણ એ છે કે તે પ્રથમનાં પાંચ વ્રતોથી ઉત્પન્ન થતાં ચરિત્રગુણની પુષ્ટિ કરનારાં છે અને છેલ્લાં ચારને શિક્ષાવ્રત કહેવાનું કારણ એ છે કે તે શ્રાવકને સર્વવિરતિની અમુક અંશે શિક્ષા-તાલીમ આપનારાં છે.

એક બાજુ અવિરતિ અને બીજી બાજુ સર્વવિરતિ, એ બે વચ્ચેની આ સ્થિતિ છે, તેથી તેને મધ્યમમાર્ગ કહીએ તો પણ ચાલે. આજે મધ્યમમાર્ગની હિમાયત થઈ રહી છે અને તેને ખૂબ વ્યવહારુ લેખવામાં આવે છે, તેથી અમે તમારું ધ્યાન ખેંચવા ઇચ્છીએ છીએ કે સાચો મધ્યમમાર્ગ આ છે. એનું અનુસરણ કરવાથી આત્મા ક્રમશ : આગળ વધી શકે છે અને છેવટે પોતાનું અભીષ્ટ સિદ્ધ કરી શકે છે.

આ ગુણસ્થાન સંજ્ઞી તિર્યંચ અને મનુષ્ય એ બંનેને હોઈ શકે છે, એટલે મનુષ્યની માફક તિર્યંચ પણ વ્રત આદિના અધિકારી છે. આ ગુણસ્થાનની જઘન્ય સ્થિતિ

અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વકોડ એટલે એક કોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછી છે.×

(૬) પ્રમત્તસંયત-ગુણસ્થાન

હવે છઠ્ઠાં ગુણસ્થાન પર આવીએ. 'છઠ્ઠાં ગુણસ્થાને સાધુપણું' એ તો તમો બધા જાણતા જ હશો, પણ આ ગુણસ્થાનનું નામ પ્રમત્તસંયત કેમ પડયું ? તે તમારે સમજવાનું છે.

વ્યુત્પત્તિનાં ધોરણે કહીએ તો-પ્રમત્ત એવા સંયતની જે અવસ્થાવિશેષ તે પ્રમત્તસંયત-ગુણસ્થાન. અહીં સંયત એ મૂળ શબ્દ છે અને પ્રમત્ત એ તેનું વિશેષણ છે, એટલે પ્રથમ વિચાર સંયતનો કરીએ.

જે આત્મા નવકોટિથી યાવજ્જીવ સામાયિકનું પચ્ચક્ખાણ કરે અને પાંચ મહાવ્રતો ધારણ કરે તે સર્વવિરતિમાં આવ્યો ગણાય અને તેને સંયત કહેવાય. સાધુ, મુનિ, નિર્ગ્રંથ, ભિક્ષુ, યતિ, શ્રમણ, અણગાર, વગેરે તેના પર્યાયશબ્દો છે.

ત્રણ યોગ અને ત્રણ કરણથી પચ્ચક્ખાણ કરતાં નવકોટિ પચ્ચક્ખાણ થાય. ત્રણ યોગ એટલે મન, વચન અને કાયા. ત્રણ કરણ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું.

× દેશવિરતિ ગુણસ્થાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન મંદ હોય છે અને શ્રાવકનાં ષટ્કર્મ, ૧૧ પ્રતિમા અને ૧૨ વ્રતનાં પાલનથી ઉત્પન્ન થયેલું મધ્યમ પ્રકારનું ધર્મધ્યાન હોય છે.

આ બંનેના યોગથી નવકોટિ સામાયિકનું પચ્ચકખાણ શી રીતે થાય? તે તમને જણાવીએ છીએ.

મનથી પાપ કરવું નહિ, એ પ્રથમ કોટિ.
વચનથી પાપ કરવું નહિ, એ બીજી કોટિ.
કાયાથી પાપ કરવું નહિ, એ ત્રીજી કોટિ.
મનથી પાપ કરાવવું નહિ, એ ચોથી કોટિ.
વચનથી પાપ કરાવવું નહિ, એ પાંચમી કોટિ.
કાયાથી પાપ કરાવવું નહિ, એ છઠ્ઠી કોટિ.
મનથી પાપ અનુમોદવું નહિ, એ સાતમી કોટિ.
વચનથી પાપ અનુમોદવું નહિ, એ આઠમી કોટિ.
કાયાથી પાપ અનુમોદવું નહિ, એ નવમી કોટિ.

શ્રાવક પાપ કરે નહિ, કરાવે નહિ, પણ તે અનુમોદનામાંથી બચી શકે નહિ, તેથી તેને પ્રથમની છ કોટિએ જ સામાયિક હોય છે. તમે સામાયિકનું પચ્ચકખાણ લેતી વખતે દુવિહં તિવિહેણં પાઠ બોલો છો અને તેની સમજૂતીમાં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ બોલો છો, એટલે પ્રથમની છ કોટિઓ આવે. જ્યારે સાધુ સામાયિકનું પચ્ચકખાણ લેતી વખતે તિવિહં તિવિહેણં પાઠ બોલે છે અને તેની સમજૂતીમાં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ, કરતં પિ અન્નં ન સમણુજાણામિ એવો પાઠ બોલે છે, એટલે તેમાં નવ કોટિઓ આવે છે.

પાંચ મહાવ્રતો તે (૧) પ્રાણાતિપ્રાણ-વિરમણ-વ્રત (૨) મૃષાવાદ-વિરમણ-વ્રત, (૩) અદત્તાદાન-વિરમણ-વ્રત, (૪) મૈથુન-વિરમણ-વ્રત અને (૫) પરિગ્રહ-વિરમણ-વ્રત.

આ મહાવ્રતોને લીધે સાધુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહિતાનું ઉત્કૃષ્ટ પાલન કરે અને બીજાઓને પણ એ માર્ગે પ્રવર્તાવવા માટે પ્રયત્નશીલ રહે.

સંયત આત્માઓ આ વ્રતોનાં રક્ષણ માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટપ્રવચનમાતાનું પાલન કરે, એટલે ચાલવાની જરૂર હોય તો તેઓ દિવસના ભાગે, અવરજવરવાળા માર્ગમાં, જીવજંતુરહિત ભૂમિ પર, ધોંસરા-પ્રમાણ ભૂમિને શોધતાં ચાલે. તેમાં કોઈ પણ જીવની વિરાધના ન થઈ જાય તેનું ખાસ લક્ષ રાખે. બોલવાની જરૂર હોય તો પ્રિય, પથ્ય અને તથ્યવાળી વાણી બોલે, પણ બીજાનો જીવ દુભાય એવી કર્કશ વાણીનો પ્રયોગ ન કરે. પોતાને જોઈતા આહાર, પાણી, ઔષધ વગેરે યાચીને મેળવે અને તેમાં કોઈ દોષ ન લાગી જાય તેની પૂરતી કાળજી રાખે. તેઓ પોતાનાં વસ્ત્રપાત્રની રોજ પ્રમાર્જના-પડિલેહના કરે અને તેને લે-મૂકે કરતાં કોઈ જીવની વિરાધના ન થાય તેની કાળજી રાખે. વળી તેઓ મલ-મૂત્રનો ઉત્સર્ગ નિરવદ્ય એકાંત ભૂમિમાં કરે.

તેઓ મનોવૃત્તિ પર કાબૂ રાખે, એટલે જે તે વિચારો કરે નહિ; વચન પર કાબૂ રાખે, એટલે જરૂર હોય તો જ બોલે, નહિ તો મૌન સેવે. તેઓ કાયા પર કાબૂ રાખે, એટલે જરૂર વિના તેનું હલનચલન કરે નહિ અને બને ત્યાં સુધી અંગોપાંગ સંકોચી રાખે.

સંયત આત્માઓ આત્મકલ્યાણના હેતુથી સ્વાધ્યાય,

ધ્યાન તથા તપની પ્રવૃત્તિ કરે અને આવશ્યકાદિ અનુષ્ઠાન વડે જ્ઞાન–દર્શન–ચારિત્રની શુદ્ધિ કરતા રહે.

પરમપદ, નિર્વાણ કે મોક્ષ એ તેમનું ધ્યેય હોય અને એ ધ્યેયને પૂર્ણ કરવા માટે તેમનો ઉત્સાહપૂર્વક પ્રયત્ન હોય. તેઓ કદી ઓદી કે આળસુ થઈને બેસી રહે નહિ. આમ છતાં પૌદ્ગલિક સુખના પૂર્વ સંસ્કાર તેમના પર પુરજોશથી આક્રમણ કરતા હોય છે, એટલે કદી કદી તેમનામાં પ્રમાદ દેખાવ દે છે. પ્રમાદ એટલે આત્મવર્તી અનુત્સાહ. આ રીતે આ સંયતપણામાં પ્રમાદનો સંભવ હોવાથી તે પ્રમત્તસંયત અવસ્થા ગણાય છે. ×

સંસારનાં દુઃખોથી ભયભીત થયેલા પ્રાણીઓને સંયમ ધર્મની દીક્ષા અર્થાત્ પ્રવ્રજ્યા એ જ શરણભૂત છે. અમાત્ય તેતલીપુત્રની કથા તમને આ વસ્તુ બરાબર સમજાવશે.

અમાત્ય તેતલીપુત્રની કથા

તેતલીપુર નામે એક નગર હતું. ત્યાં કનકરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામની સુંદર અને ગુણિયલ પત્ની હતી તથા શામ, દામ, ભેદ અને દંડની નીતિમાં કુશળ એવો તેતલીપુત્ર નામે મહામાત્ય હતો.

કનકરથ રાજાને રાજગાદી પર ઘણો મોહ હતો, એટલે રાણીઓને જે પુત્રો થતા, તેને તે બોડખાપણવાળા કરી નાખતો, જેથી તે રાજગાદીએ આવી ન શકે. રાજગાદીએ

× ચોથા–સંજ્વલન કષાયોના તીવ્ર ઉદયથી મુનિ પ્રમાદયુક્ત થાય છે, તે કારણથી તેવા મુનિ પ્રમત્તગુણસ્થાનવર્તી કહેવાય છે.
—ગુણસ્થાનક્રમારોહ—ગાથા ૨૭.

આવનાર પૂર્ણ અંગવાળો હોવો જોઈએ, એવી તે વખતની દૃઢ માન્યતા હતી.

પદ્માવતી રાણીને રાજાનું આ વર્તન જરાય પસંદ ન હતું, પણ શું કરે? રાજા તેનું કહ્યું માનતો ન હતો. આખરે રાણીએ અમાત્યને વિશ્વાસમાં લીધો અને પોતાને જે પુત્ર થાય તેને કોઈ પણ રીતે બચાવી લેવાનો નિર્ણય કર્યો. કાલક્રમે પદ્માવતીને પુત્ર થયો. તે જ વખતે અમાત્ય તેતલીપુત્રની પત્ની પોટ્ટિલાએ એક મૃત પુત્રીને જન્મ આપ્યો. અગાઉ કરી રાખેલી ગોઠવણ મુજબ આ બંનેની અદલાબદલી થઈ અને પદ્માવતીનો પુત્ર અમાત્યના પુત્ર તરીકે જાહેર થયો. તેનું નામ કનકધ્વજ રાખવામાં આવ્યું અને તેને ખૂબ લાડકોડમાં ઉછેરવા માંડ્યો.

એમ કરતાં તે મોટો થયો, ત્યારે કનકરથ રાજા બીમાર પડ્યો અને મરણ પામ્યો. બધા ભેગા થઈને વિચાર કરવા લાગ્યા કે 'હવે રાજગાદીએ કોને બેસાડવો?' તે વખતે અમાત્યે કનકધ્વજને હાજર કર્યો અને બધો ઇતિહાસ કહ્યો. રાણી પદ્માવતીએ તેની પુષ્ટિ કરી. આથી રાજગાદી પર કનકધ્વજનો અભિષેક કરવામાં આવ્યો.

આ વખતે રાજમાતાએ શિખામણ આપી કે 'અમાત્ય તારો ઉપકારી છે, તારું રક્ષણ કરી તને ઉછેર્યો છે, માટે તેનું હંમેશાં માન રાખજે.'

કનકધ્વજે એ શિખામણ માન્ય રાખી અને તે અમાત્યનું બહુમાન કરવા લાગ્યો. અમાત્ય જ્યારે રાજસભામાં આવે

ત્યારે તે સર્વ સંભાજનો સાથે ઊભો થાય અને સહુ તેને પ્રણામ કરે. વળી અમાત્ય જે કંઈ સૂચના–સલાહ આપે તેને બરાબર માન્ય રાખે, તેને કદી ઉત્થાપે નહિ. આથી અમાત્યનું સ્થાન રાજપિતા જેવું બની ગયું. તે નિરંતર રાજા અને પ્રજાનાં કલ્યાણની જ ચિંતા કરે અને તેના ઉપાયોમાં મશગુલ રહે.

હવે મંત્રીનાં ગૃહજીવન પર એક દૃષ્ટિપાત કરી લઇએ. અમાત્ય તેતલીપુત્રને પોતાની પત્ની પોટ્ટિલા પર ખૂબ પ્રેમ હતો. તેની સૌન્દર્યભરેલી મસ્ત યુવાની તેને ખૂબ આકર્ષતી હતી, પણ યુવાનીને ઓસરતાં, સૌન્દર્યને વણસતાં શી વાર? તેનું યૌવન ચાલ્યું ગયું અને સૌન્દર્યમાં ઓટ આવી. એ વખતે અમાત્યનો પ્રેમ તેના પરથી ઉતરી ગયો. જે પ્રેમની પાછળ વાસનાનું બળ કામ કરતું હોય, ત્યાં લગભગ આવી જ સ્થિતિ થાય છે.

સ્ત્રી આ સંસારનાં બધાં દુઃખો સહન કરી શકે છે, પણ પતિનો અણગમો સહન કરી શકતી નથી. એ વસ્તુ તેને શૂળની જેમ ભોંકાય છે. મંત્રી પોટ્ટિલાની આંતરિક અવસ્થા સમજી ગયો અને તેનું મન કામમાં પરોવાયેલું રહે તો દુઃખ ભૂલી જાય એ હેતુથી તેણે એક દિવસ કહ્યું: 'પોટ્ટિલા! હવેથી રસોડાનો કારભાર તું સંભાળ અને અહીં જે કોઈ શ્રમણ, બ્રાહ્મણ કે તપસ્વી આવે, તેને દાન દઈને આનંદમાં રહે.'

પોટ્ટિલાએ તેનો સ્વીકાર કર્યો અને તે શ્રમણ, બ્રાહ્મણ, તથા તપસ્વીઓને દાન દેવા લાગી. એમ કરતાં એક દિવસ સુવ્રતા નામના સાધ્વી ત્યાં આવી ચડ્યાં. તેમને જ્ઞાની તથા

ગંભીર જોઈને પોટ્ટિલાએ કહ્યું કે 'હે આર્યા! એક વાર હું અમાત્યનાં હૈયાનો હાર હતી, અને આજે તેમને આંખે દીઠી પણ ગમતી નથી, માટે કોઈ ચૂર્ણ, મંત્ર કે કામણનો પ્રયોગ હોય તો બતાવો.'

સાધ્વીએ કહ્યું: 'હે દેવાનુપ્રિયે! અમે નિર્ગ્રંથ બ્રહ્મચારિણી સાધ્વીઓ છીએ, તેથી સંસારની ખટપટમાં પડતી નથી અને અમને આવી વાત સાંભળવી પણ કલ્પતી નથી. પરંતુ તારે મનનું સમાધાન મેળવવું હોય તો સર્વજ્ઞ ભગવંતે કહેલો ધર્મ સાંભળ. પછી તેમણે ધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને શ્રાવકનાં વ્રતોનું રહસ્ય કહ્યું, એટલે પોટ્ટિલાએ શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં.

એક સારી વસ્તુ બીજી સારી વસ્તુને લાવે છે, એ ન્યાયે વખત જતાં પોટ્ટિલાને સર્વવિરતિચારિત્ર અંગીકાર કરવાની ઇચ્છા થઈ અને તેણે અમાત્ય આગળ રજા માગી. જે વખતે અમાત્યને સહુ રાજ્યપિતા જેવું માન આપતા હતા, ત્યારે જ આ ઘટના બની.

અમાત્ય બુદ્ધિશાળી હતો અને ધર્મનાં કાર્યમાં અંતરાય કરવો ખોટો છે, એમ જાણતો હતો, એટલે તેણે પોટ્ટિલાને કહ્યું: 'હું એક શરતે તને સાધ્વી થવાની રજા આપું. જો તપ–જપનાં પરિણામે તું બીજા ભવમાં દેવ થાય, તો મને પ્રતિબોધ કરવાને આવજે.'

શરત કલ્યાણકારી હતી, એટલે તેનો સ્વીકાર કરવામાં પોટ્ટિલાને કંઈ હરકત ન હતી. તેણે એ શરતનો સ્વીકાર

કર્યો, ચારિત્ર અંગીકાર કર્યું અને એ ચારિત્રપાલનનાં પરિણામે તેની સદ્‌ગતિ થતાં તે આઠમા દેવલોકમાં પોટ્ટિલ નામનો દેવ બની.

પોટ્ટિલદેવને પોતાનું વચન યાદ આવ્યું અને તે અમાત્યનાં મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવા પ્રયાસો કરવા લાગ્યો, પરંતુ કીર્તિ, સત્તા અને વૈભવમાં મસ્ત બનેલા મહામાત્યને વૈરાગ્ય થયો નહિ. એકલી સત્તા, એકલી કીર્તિ કે એકલો વૈભવ પણ મનુષ્યને સંસારનાં બંધનમાં જકડી રાખે છે, ત્યારે અહીં તો ત્રણે વસ્તુઓ હાજર હતી! તે અમાત્યનાં દિલમાં વૈરાગ્યની વેલડી શી રીતે પાંગરવા દે?

પોટ્ટિલદેવને લાગ્યું કે દુઃખ વિના અમાત્ય ઠેકાણે નહિ આવે અને તેને ખરું દુઃખ તો અપમાનિત થવાથી જ લાગશે, એટલે એક દિવસ તેણે રાજાની બુદ્ધિ ફેરવી નાખી. અમાત્ય રાજ્યસભામાં દાખલ થયો, ત્યારે રાજાએ મોઢું ફેરવી નાખ્યું. અમાત્યને લાગ્યું કે 'કોઈ પણ કારણે આજે રાજાને પોતાના પર રીસ ચડી છે. આ રીસનો બળ્યો તે શું કરે, એ ભલું પૂછવું. રીસમાં ને રીસમાં કદાચ તે મને મારી પણ નાંખે, માટે મારે અહીંથી ખસી જવું જોઈએ.'

તે અવસર જોઈ સભામાંથી નીકળી ગયો, પણ રસ્તામાં કોઈએ તેને માન આપ્યું નહિ. જાણે કોઈ તેને ઓળખતું જ ન હોય એવો વ્યવહાર તેના જોવામાં આવ્યો. તે બળ્યો-ઝળ્યો ઘરે આવ્યો તો ત્યાં પણ એ જ હાલત નિરખી. કોઈ પણ નોકર-ચાકરે ઊભા થઈને તેને માન આપ્યું નહિ કે

તેનો બીજા કોઈ પ્રકારે આદરસત્કાર કર્યો નહિ. આથી અમાત્યને ખૂબ આઘાત લાગ્યો અને તેણે આવી માનહીન -અપમાનિત જીંદગી જીવવા કરતાં તેનો અંત લાવવાનો નિર્ણય કર્યો.

તેણે પોતાના ઓરડામાં જઈને દ્વાર બંધ કર્યાં અને ગળા પર જોરથી તરવાર ફેરવી, પણ તેની કંઈ અસર થઈ નહિ. અમાત્યને લાગ્યું કે આમાં પોતાની કંઈ ભૂલ થતી હશે, એટલે તેણે ગળા ઉપર ઉપરાઉપરી તરવાર ફેરવી, પરંતુ તેનું પરિણામ પણ પ્રથમ જેવું જ આવ્યું.

જો બીજો કોઈ મનુષ્ય હોત તો આટલેથી અટકી ગયો હોત, પણ મહામાત્ય તેતલિપુત્ર જુદી જ માટીથી ઘડાયેલો હતો, એટલે તે હિંમત હાર્યો નહિ. તેણે તો કોઈ પણ રીતે જીંદગીનો અંત લાવવાનો નિર્ણય કર્યો જ હતો, એટલે બીજો ઉપાય અજમાવ્યો. તેણે પોતાની પાસે તાલપુટ વિષ સંગ્રહી રાખ્યું હતું, તે ખાઇ લીધું. તાલપુટ વિષ તાળવાને અડે કે મનુષ્યના પ્રાણ નીકળી જાય, પણ મંત્રીને એની પણ કંઇ અસર થઈ નહિ! આથી તે અકળાયો અને નગર-બહાર ગયો. ત્યાં એક મોટાં વૃક્ષની ડાળે મજબૂત દોરડું બાંધી ગળે ફાંસો ખાધો, પણ એવામાં દોરડું તૂટી ગયું અને તેને કંઇ પણ ઈજા થઇ નહિ!

શસ્ત્ર નિષ્ફળ ગયું, વિષ વિફલ થયું અને દોરડાએ પણ કંઈ કારી કરી નહિ, ત્યારે અમાત્યે જળનો આશ્રય લેવા વિચાર કર્યો અને તે પોતાની કોકે એક મોટી શિલા

આંધી ઊડાં જલાશયમાં કૂદી પડયો, પણ તે ડૂબ્યો નહિ. જાણે હોડી તરતી હોય તેમ એ જલની સપાટી ઉપર તરતો જ રહ્યો!

પછી તેણે કાષ્ઠની ચિતા સળગાવીને તેમાં પ્રવેશ કર્યો, તો અકાળે વૃષ્ટિ થઈ અને ચિતા બુઝાઈ ગઈ. આમ અનેક પ્રયત્નો કરવા છતાં મૃત્યુએ મહોબ્બત બતાવી નહિ, ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે 'હવે હું કોનાં શરણે જાઉં? મૃત્યુ પણ મારું દુઃખ મટાડવા તયાર નથી!!'

એ જ વખતે પોટ્ટિલદેવ અંતરીક્ષમાંથી બોલ્યો: 'હે તેતલિપુત્ર! આગળ મોટો ખાડો છે, પાછળ ગાંડો હાથી ચાલ્યો આવે છે, બંને બાજુ ઘોર અંધારું છે, વચ્ચે બાણો વરસે છે, ગામ સળગ્યું છે અને રણ ધગધગે છે, તો કયાં જવું?'

તેતલિપુત્ર આ પ્રશ્નનો મર્મ સમજી ગયો, એટલે તેણે જવાબ આપ્યો: 'જેમ ભૂખ્યાનું શરણ અન્ન છે, તરસ્યાનું શરણ પાણી છે, રોગનું શરણ ઔષધ છે અને થાકેલાનું શરણ વાહન છે, તેમ ચારે બાજુથી ભયભીત થયેલાં પ્રાણીઓનું શરણ પ્રવ્રજ્યા છે. પ્રવ્રજિત થયેલા શાંત, દાંત અને જિતેન્દ્રિયને કશો ભય હોતો નથી.'

એ જ વખતે અંતરીક્ષમાંથી અવાજ આવ્યો કે 'જ્યારે તું આ વસ્તુ સમજે છે, ત્યારે પ્રવ્રજ્યાનું શરણ અંગીકાર કેમ કરતો નથી?' અને તે જ ક્ષણે તેની સામે પ્રકાશનો એક પુંજ ખડો થયો. તેણે કહ્યું: 'હું તમારી સ્ત્રી

પોટ્ટિલા છું અને તમને કહેવા આવી છું કે સંસારના આ બધા રંગઢંગ જોયા પછી હવે તો ચારિત્ર અંગીકાર કરો!'

અંગારા પરથી રાખ ઊડી જતાં અગ્નિ પ્રકાશવા લાગે છે, તેમ જ્ઞાન પર આવેલાં મોહનાં વાદળ ખસી જતાં સાચી વસ્તુ સમજાય છે. આ વચનોથી પ્રતિબોધ પામી અમાત્ય તેતલિપુત્રે સંસાર છોડયો અને સંયતદશા સ્વીકારી. તેને તરત જ જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મમાં ભણેલા ચૌદ પૂર્વ યાદ આવી ગયા. રાજા વગેરેનાં મગજ ઠેકાણે આવી ગયાં. બધા નમવા આવ્યા. તેતલિપુત્ર મુનિએ જ્ઞાન, ધ્યાન, તપ, જપ, વડે સંયતદશાને ખૂબ અજવાળી અને તેઓ કેવલજ્ઞાન પામી સિદ્ધ, બુદ્ધ, નિરંજન થયા.

મહાનુભાવો! છઠ્ઠા ગુણસ્થાનમાં આવું બળ રહેલું છે, એટલે જ સર્વ સુજ્ઞજનો તેની ઇચ્છા કરે છે.

આ ગુણસ્થાનની જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત છે. પણ પ્રમત્ત–અપ્રમત્ત મળીને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વ એટલે એક કોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછી હોય છે.

(૭) અપ્રમત્તસંયતગુણસ્થાન

સંજ્વલન કષાયોનો ઉદય મંદ થતાં સાધુ પ્રમાદરહિત થવાથી અપ્રમત્ત બને છે. તેની અવસ્થાવિશેષને અપ્રમત્ત-સંયતગુણસ્થાન કહેવામાં આવે છે. આ અવસ્થામાં રહેલો આત્મા જરા પણ પ્રમાદવાળો થયો કે તે છઠ્ઠા ગુણસ્થાને આવી જાય છે અને પ્રમાદરહિત થયો કે પુનઃ સાતમા

ગુણસ્થાને આવે છે. આમ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનનું પરિવર્તન સામાન્ય રીતે લાંબા કાળ સુધી ચાલ્યા કરે છે.

આ ગુણસ્થાન જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યંત હોય છે.

અહીં એ વસ્તુ જણાવવી જોઈએ કે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને વર્તતા સંયત જીવો ધર્મધ્યાનનો વિશેષ આશ્રય લે છે અને તેથી આત્મશુદ્ધિ વિશેષ પ્રકારે કરી શકે છે.

ધ્યાન ચાર પ્રકારનું છે : (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન. તેમાં પહેલાં બે ધ્યાનો અશુભ હોવાથી ત્યજવા યોગ્ય છે અને છેલ્લાં બે ધ્યાનો શુભ હોવાથી આરાધવા યોગ્ય છે. અશુભ ધ્યાન છોડ્યા વિના શુભ ધ્યાન થાય નહિ, તેથી ધર્મધ્યાન કરનારે આ બંને ધ્યાન છોડવાનાં હોય છે.

ધર્મધ્યાન ચાર પ્રકારનું છે : (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય.

સર્વજ્ઞ ભગવંતોએ કઈ આજ્ઞાઓ ફરમાવી છે, તેનું સ્વરૂપ કેવું છે? પોતે એ આજ્ઞાઓનો કયાં સુધી અમલ કરે છે? વગેરે બાબતોની સતત વિચારણા કરવી એ **આજ્ઞાવિચયધર્મધ્યાન** છે.

આ સંસાર અપાય એટલે દુઃખથી ભરેલો છે, તેમાં પ્રાણીને કંઈ પણ સુખ નથી. જેને સાંસારિક સુખ કહેવામાં આવે છે, તે વાસ્તવિક સુખ નથી, પણ સુખનો ભ્રમ છે.

જડથી-પુદ્ગલથી સુખની પ્રાપ્તિ થઈ શકે નહિ, એ તો આત્માનો વિકાસ કરવાથી જ પ્રાપ્ત થઈ શકે. આવી સતત વિચારણા કરવી, એ **અપાયવિચયધર્મધ્યાન** છે.

કર્મની મૂળપ્રકૃતિ કેટલી? ઉત્તરપ્રકૃતિ કેટલી? તેનો બંધ કેમ પડે? તેનો ઉદય કેમ થાય? કયું કર્મ કેવો વિપાક આપે? હું જે અવસ્થાઓનો અનુભવ કરું છું, તે કયા કર્મને આભારી છે? આ જાતની નિરંતર વિચારણા કરવી તે **વિપાકવિચયધર્મધ્યાન** છે. [જેણે કર્મનું સ્વરૂપ બરાબર જાણ્યું નથી, તે આવું ધ્યાન શી રીતે ધરી શકે? મતલબ કે હાલ કર્મની જે વ્યાખ્યાનમાળા ચાલી રહી છે, તે તમને ધર્મધ્યાન કરવામાં ઘણી ઉપકારક છે.]

દ્રવ્ય તથા ક્ષેત્ર સંબંધી સતત વિચારણા કરવી એ સંસ્થાનવિચય-ધર્મધ્યાન છે. અહીં દ્રવ્યથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો અને ક્ષેત્રથી ચૌદ રાજલોક અને તેના જુદા જુદા વિભાગો સમજવા. મતલબ કે આ ધ્યાન ધરનાર કમ્મર પર હાથ મૂકીને ઊભેલા પુરુષ સમાન ચૌદ રાજલોકનું સ્વરૂપ ચિંતવે, ત્રસ નાડી, અધોલોક, મધ્યમલોક, ઊર્ધ્વલોક વગેરેનું સ્વરૂપ ચિંતવે; અને નિગોદ, તિર્યંચ, મનુષ્ય અને દેવ વગેરેને ઉત્પન્ન થવાનાં સ્થાનોનો વિચાર કરી પોતાની ધર્મભાવના મજબૂત કરે.

આ ગુણસ્થાનમાં ઉત્તમ ધ્યાનના યોગથી આત્મશુદ્ધિ ઘણી ઝડપથી થતી જાય છે.

ધ્યાનનાં આલંબનને ધ્યેય કહેવામાં આવે છે. તે

ચાર પ્રકારનું હોય છે : પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત. આ વસ્તુ જાણવા જેવી છે, પણ અહીં વિસ્તારભયથી તેનું વર્ણન નહિ કરીએ. એની વિગત જોવા ઇચ્છનારે શ્રી હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્રનો સાતમો પ્રકાશ જોવો.

(૮) નિવૃત્તિબાદરગુણસ્થાન

'આત્મવિકાસની ખરી શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે.' એ વસ્તુ આગળ તમારાં ધ્યાનમાં લાવવામાં આવી છે. ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ જાય, એટલે સમ્યક્ત્વ આવે. પાંચમે ગુણસ્થાને અવિરતિનો અમુક ભાગ ઓછો થાય, એટલે દેશવિરતિ આવે. છઠ્ઠે ગુણસ્થાને અવિરતિ પૂરેપૂરી દૂર થાય એટલે સર્વવિરતિ આવે અને સાતમા ગુણસ્થાને પ્રમાદનો પરિહાર થાય, એટલે આત્માની જાગૃતિ જળહળી ઉઠે.

'આ રીતે આઠમાએ શું થાય?' એ પ્રશ્ન તમારાં મનમાં ઉઠશે, એટલે જણાવીએ છીએ કે 'આઠમાએ અપૂર્વકરણ થાય. આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે રાગદ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરે, તેને પણ અપૂર્વકરણ કહેવાય છે, પણ આ અપૂર્વકરણ તેનાથી જુદું છે. એક નામવાળાં બે પર્વત કે બે શહેરો હોય છે, તે પ્રમાણે અહીં પણ સમજવું.

આ અપૂર્વકરણમાં મુખ્યત્વે પાંચ વસ્તુઓ હોય છે: (૧) સ્થિતિઘાત, (૨) રસઘાત, (૩) ગુણશ્રેણિ, (૪) ગુણસંક્રમ અને (૫) અપૂર્વ સ્થિતિબંધ. આ પાંચ વસ્તુઓ જીવે

અનંત સંસારમાં આગળ કદી કરેલી નથી, તેથી તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે.

કર્મની દીર્ઘ–લાંબી સ્થિતિને અપવર્તનાકરણ વડે ન્યૂન, ન્યૂનતર કે ન્યૂનતમ કરવી તે **સ્થિતિઘાત** કહેવાય.

કર્મના તીવ્ર રસને અપવર્તનાકરણ વડે મંદ, મંદતર કે મંદતમ બનાવવા એ **રસઘાત** કહેવાય.

ઓછા સમયમાં વધારે કર્મપ્રદેશ ભોગવાય એવી સ્થિતિ ઉત્પન્ન કરવી તે **ગુણશ્રેણિ** કહેવાય. આ ગુણશ્રેણિ બે પ્રકારની છે: ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિ. ઉપશમ શ્રેણિએ ચડનારો આત્મા મોહનીય કર્મની પ્રકૃતિઓનું ઉપશમન કરે, તેથી તે ઉપશમક કહેવાય. ક્ષપકશ્રેણિએ ચડનારો આત્મા મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરે, તેથી તે ક્ષપક કહેવાય. અગિયારમું ગુણસ્થાન ઉપશાંતમોહ છે. ત્યાં ઔપશમિક વીતરાગ દશાનો અનુભવ થાય છે. ત્યાં પહોંચાડનાર ઉપશમશ્રેણિ છે.

બારમું ગુણસ્થાન ક્ષીણમોહ એટલે ક્ષાયિકભાવે વીતરાગ દશાનું છે, ત્યાં પહોંચવા માટે ક્ષપકશ્રેણિ છે. તેમાં ક્ષપકશ્રેણિનો માર્ગ ઊંચો છે, એટલે તે વધારે વખણાય છે. કોઇપણ જીવને ક્ષપકશ્રેણિ સિવાય કેવલજ્ઞાન થઈ શકે નહિ, એવો અટલ નિયમ છે. એટલે એક આત્મા ઉપશમ શ્રેણિએ ચડીને પડ્યો હોય, તે ઊંચો ચડીને જ્યારે ક્ષપક શ્રેણિ પર આરૂઢ થાય, ત્યારે જ કેવલજ્ઞાન પામી શકે.

બંધાઈ રહેલી શુભ પ્રકૃતિમાં અશુભ પ્રકૃતિનાં દળિયાં

વિશુદ્ધપૂર્વક બહુ મોટી સંખ્યામાં નાખવા તે **ગુણસંક્રમ** છે. સંક્રમણ સજાતીય પ્રકૃતિઓનું થાય છે, વિજાતીય પ્રકૃતિઓનું થતું નથી, એ યાદ રાખવું.

પછીનાં ગુણસ્થાનોમાં માત્ર જઘન્ય સ્થિતિનો કર્મબંધ કરવાની યોગ્યતા મેળવવી એ **અપૂર્વસ્થિતિબંધ** છે.

આ ગુણસ્થાનને કેટલાક નિવૃત્તિ અને કેટલાક નિવૃત્તિ બાદર કહે છે, તેનું કારણ એ છે કે આ ગુણસ્થાને સમકાળે જે આત્માઓનો પ્રવેશ થયો હોય તેના આ અધ્યવસાયોની ભેદની સંખ્યા ગણી ગણાય તેમ નથી, એટલે તેને અસંખ્યાત કહેવામાં આવે છે.

જેઓ નિવૃત્તિ પછી બાદર શબ્દ લગાડે છે, તે અહીં સ્થૂલ કષાયોની વિદ્યમાનતા છે, એમ બતાવવાને લગાડે છે.

છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને ધર્મધ્યાન સારી રીતે સિદ્ધ થયા પછી આ ગુણસ્થાને વર્તતા જીવો શુકલ ધ્યાનનો આરંભ કરે છે અને તેના પહેલા પાયે ચડે છે. અહીં એટલી વસ્તુ યાદ રાખવી જોઈએ કે આ ધ્યાન વજ્રઋષભનારાચ સંઘયણવાળાને જ સંભવે છે.

શુકલ ધ્યાનનો સંબંધ આગળનાં ગુણસ્થાનો સાથે પણ રહેલો છે, એટલે તેનો સામાન્ય પરિચય અહીં આપી દઈએ.

શુકલધ્યાનના ચાર પ્રકારો

શુકલધ્યાન એટલે ઉજ્જવલ ધ્યાન, જેમાં આત્માની ઉજ્જવલતા વિશેષ પ્રકારે પ્રકટ થાય એવું ધ્યાન. ધર્મધ્યાનની જેમ તેના પણ ચાર પ્રકારો છે : (૧) પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર, (૨) એકત્વ-વિતર્ક-નિર્વિચાર, (૩) સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતી અને (૪) સમુચ્છિન્ન-ક્રિયાઽનિવૃત્તિ.

અહીં એક મહાશય કહે છે કે આ નામ તો બહુ અઘરાં છે, પણ એ તો રસ અને અભ્યાસનો પ્રશ્ન છે. જો આ વિષયમાં તમે રસ લો અને તેનો અભ્યાસ કરો તો આ નામ સરળતાથી યાદ રહી જાય. તમે શેરોનો ધંધો કરો છો, ત્યાં કંપનીઓનાં લાંબા લાંબા નામો યાદ રહી જાય છે કે નહિ? કારણ ત્યાં રસ ને અભ્યાસ છે. કાપડમાં હવે તો અનેક જાતો વધી રહી છે અને તેનાં નામો ઘણાં અટપટાં હોય છે, પણ તમને કાપડના વિષયમાં રસ હોવાથી અને તેનો પ્રતિદિન અભ્યાસ હોવાથી એ નામો યાદ રહી જાય છે કે નહિ?

શુકલધ્યાનનો પહેલો પાયો કે પહેલો પ્રકાર તે પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર. આ ત્રણે શબ્દોનો અર્થ બરાબર સમજશો, એટલે વસ્તુ સ્પષ્ટ થઈ જશે. અહીં પૃથક્ત્વનો અર્થ છે ભિન્નતા, વિતર્કનો અર્થ છે શ્રુતજ્ઞાન અને વિચારનો અર્થ છે એક અર્થ પરથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર અને એક (માનસિકાદિ) યોગથી બીજા યોગ પર ચિંતનાર્થે થતી પ્રવૃત્તિ. મતલબ કે શ્રુતજ્ઞાનનાં આલંબનપૂર્વક ચેતન અને અચેતન પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, રૂપિત્વ, અરૂપિત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ આદિ પર્યાયોનું ભિન્ન ભિન્ન રૂપથી ચિંતન કરવું, તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે.

શુકલ ધ્યાનનો બીજો પાયો કે બીજો પ્રકાર તે એકત્વ-વિતર્ક-નિર્વિચાર. અહીં એકત્વનો અર્થ છે અભિન્નતા. વિતર્કનો અર્થ છે શ્રુતજ્ઞાન અને નિર્વિચારનો અર્થ છે એક અર્થથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર કે એક યોગથી બીજા યોગ પર ચિંતનાર્થે કોઈ પ્રવૃત્તિ ન કરવી. તાત્પર્ય કે શ્રુતજ્ઞાનનાં આલંબનપૂર્વક માનસિકાદિ કોઈ પણ એક યોગમાં સ્થિર થઈને દ્રવ્યના એકજ પર્યાયનું અભેદ ચિંતન કરવું, તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે.

જેણે પ્રથમ ધ્યાનનો દૃઢ અભ્યાસ કર્યો હોય, તેને જ આ બીજું ધ્યાન પ્રાપ્ત થાય છે. જેમ આખાં શરીરમાં વ્યાપેલાં ઝેરને મંત્ર વગેરે ઉપાયોથી એક ડંખની જગાએ જ લાવવામાં આવે છે, તેમ સમસ્ત વિશ્વના અનેકાનેક વિષયોમાં ભટકતાં મનને આ ધ્યાન દ્વારા એક જ વિષય પર લાવીને એકાગ્ર કરવામાં આવે છે. જ્યારે મન આ રીતે એક જ વિષય ઉપર એકાગ્ર થાય છે, ત્યારે તે પોતાની સર્વ ચંચળતા છોડી દઈને શાંત થાય છે. આવું ધ્યાન બારમા ગુણસ્થાને હોય છે. આ ધ્યાનના યોગથી આત્માને લાગેલાં ચારે ઘાતી કર્મોનો નાશ થાય છે અને કેવલજ્ઞાન પ્રકટ થાય છે, એટલે તે તેરમા ગુણસ્થાને આવી જાય છે.

શુકલધ્યાનનો ત્રીજો પાયો કે ત્રીજો પ્રકાર તે સૂક્ષ્મ ક્રિયાડપ્રતિપાતી. જ્યારે સર્વજ્ઞતાને પામેલો આત્મા યોગનિરોધના ક્રમથી અંતે સૂક્ષ્મ શરીરયોગનો આશ્રય લઈને બાકીના સર્વ યોગોને રોકી દે છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું

ગણાય છે. તેમાં શ્વાસોચ્છ્વાસ જેવી સૂક્ષ્મ ક્રિયા જ બાકી રહેલી હોય છે અને તેમાંથી પડવાપણું હોતું નથી, માટે તે સૂક્ષ્મક્રિયાડપ્રતિપાતી કહેવાય છે.

શુકલધ્યાનનો ચોથો પાયો કે પ્રકાર તે સમુચ્છિન્ન-ક્રિયાડનિવૃત્તિ. જ્યારે સર્વજ્ઞતાને પામેલા આત્માની શ્વાસપ્રશ્વાસાદિ સૂક્ષ્મક્રિયા પણ બંધ થઈ જાય છે અને આત્મપ્રદેશો સર્વથા નિષ્કંપ થઈ જાય છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. આ ધ્યાનમાં સૂક્ષ્મ યોગાત્મક એટલે સૂક્ષ્મ કાયયોગરૂપ ક્રિયા પણ સર્વથા સમુચ્છિન્ન થઈ જાય છે અને તેની અનિવૃત્તિ હોય છે. આ ધ્યાનની પ્રાપ્તિ થયા પછી તરત જ આત્મા બાકીનાં ચાર અઘાતીકર્મમાંથી મુક્ત થઇ નિર્વાણ પામે છે.

આઠમા, નવમા, દશમા તથા અગિયારમા ગુણસ્થાનકનો સમય જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન બત્રીશમું

ગુણસ્થાન

[૩]

મહાનુભાવો !

અમે અત્યાર સુધી ગુણસ્થાનોનું જે વર્ણન કર્યું, તેના પરથી તમે સમજી શક્યા હશો કે જે આત્માઓ સમ્યક્ત્વથી વિભૂષિત થઈને વિરતિના પંથે વિચરે છે, ઇંદ્રિયોનું દમન કરે છે અને સતત જાગૃતિ રાખે છે, તેઓ જ આત્મવિકાસમાં આગળ વધી અલ્પસંસારી બની શકે છે; જ્યારે મિથ્યાત્વી, મૂઢ, અજ્ઞાની, વિષયસુખમાં જ આનંદ માનનારા તથા કષાયનું નિરંતર સેવન કરનારા, ભારે કર્મબંધન કરીને પોતાનો સંસાર વધારી મૂકે છે અને ચોરાશીનાં ચક્કરમાં પીલાયા કરે છે.

તમારે અલ્પસંસારી થવું હોય તો ગુણસ્થાનો પર આરોહણ કરવું જ જોઈશે. તમે શ્રાવકકુલમાં જન્મ્યા માટે ચોથા–પાંચમા ગુણઠાણે એમ સમજશો નહિ. આત્મામાં તે પ્રકારના ગુણો પ્રકટે તો જ ચોથા–પાંચમાની પ્રાપ્તિ થાય. આમ છતાં એટલું ખરૂં કે બીજાઓ કરતાં તમને ગુણસ્થાનો પર આરોહણ કરવાની સગવડ વધારે છે. જે ભવ્ય તીર્થો, આલિશાન મંદિરો અને ત્યાગી ગુરુઓનો તમને

યોગ છે, તે બીજાઓને નથી. આ સગવડનો તમે કેટલો લાભ લ્યો છો, તે તમારે વિચારવાનું છે.

સર્વજ્ઞ ભગવંતે તો સ્પષ્ટ કહ્યું છે કે જે ઉઠતો નથી, કામે લાગતો નથી તથા મન–વચન–કાયાનાં બળનો પૂરો ઉપયોગ કરતો નથી, તે કદી કાર્યસિદ્ધિ કરી શકતો નથી. 'ઉઠો અને કામે લાગો' એ જ અમારે તમને કહેવાનું છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'અમે રોજ ઉઠીએ છીએ અને કામે લાગીએ છીએ.' તો તે અમારા કહેવાનો મર્મ સમજ્યા નથી. અમે તો આધ્યાત્મિક ઉત્થાનની વાત કરી રહ્યા છીએ. જ્યારે અમે તમારો જીવનવ્યવહાર જોઈએ છીએ, ત્યારે એમ લાગે છે કે તમે સૂતા છો અને ઘસઘસાટ ઊંઘ લઈ રહ્યા છો. તેમાં કોઈ પ્રકારની જાગૃતિ દેખાતી નથી. જ્યારે રોગ આવશે, વૃદ્ધત્વ આવશે, મૃત્યુનો હુમલો થશે, ત્યારે કેવી પરિસ્થિતિ નિર્માણ થશે, તેનો તમને કોઈ વિચાર નથી. મહાનુભાવો ! ગુણસ્થાનો પર ઉત્તરોત્તર આરોહણ કરીને મોક્ષ સુધી પહોંચવાનું તો આ માનવભવમાં જ બની શકે છે, માટે જ 'ઉઠો અને કામે લાગો'ની અમારી હાકલ છે.

છઠ્ઠે સર્વવિરતિ, સાતમે પ્રમાદનો પરિહાર અને આઠમે અપૂર્વકરણ એટલું યાદ રાખી આપણે ગુણસ્થાનમાં આગળ વધીએ.

(૯) અનિવૃત્તિબાદરગુણસ્થાન

આઠમું ગુણસ્થાન પામેલો સંયતાત્મા આગળ વધી નવમા ગુણસ્થાને આવે છે. આ ગુણસ્થાન અનિવૃત્તિ બાદર

ગુણસ્થાન કહેવાય છે. નિવૃત્તિ એટલે અધ્યવસાયોની ભિન્નતા, તે અહીં હોતી નથી, એટલે તેને અનિવૃત્તિ વિશેષણ લગાડેલું છે. આ ગુણસ્થાને સમકાળે આવેલા સર્વજીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. બીજે સમયે પણ સર્વજીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. એ પ્રમાણે દરેક સમયમાં અનુક્રમે અનંતગુણ વિશુદ્ધ એવા અધ્યવસાયો સરખા જ હોય છે. દશમા ગુણસ્થાનની અપેક્ષાએ અહીં કષાયો બાદર હોય છે, તેથી અનિવૃત્તિ પછી બાદર વિશેષણ લગાડેલું છે.

આ ગુણસ્થાનમાં ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિનું કામ આગળ વધે છે, તેથી મોહનીયકર્મની વીશ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થાય છે, આગળ બીજી સાત પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થયેલો છે, એટલે અહીં એક સંજ્વલન લોભ જ બાકી રહે છે.

(૧૦) સૂક્ષ્મસંપરાયગુણસ્થાન

આત્મા સ્થૂલ કષાયોથી સર્વથા નિવૃત્તિ પામ્યો હોય, પણ સૂક્ષ્મ સંપરાય એટલે સૂક્ષ્મ કષાયોથી યુક્ત હોય, એવી આત્માની અવસ્થાવિશેષ તે સૂક્ષ્મસંપરાયગુણસ્થાન.

ખ્યાલમાં રાખજો કે કષાયો દશમા ગુણસ્થાન સુધી આત્માને છોડતા નથી. આ કષાયોમાં લોભનું બળ વધારે હોય છે. તેને મારી હઠાવવા માટે ભારે પુરુષાર્થ કરવો પડે છે. લોભથી આત્માની હાલત કેવી થાય છે, તે અહીં તમને એક કથા દ્વારા જણાવીશું.

મહર્ષિ કપિલની કથા

કપિલ રાજપુરોહિતનો પુત્ર હતો, પણ નાનપણમાં કંઈ ભણ્યો નહિ. તેણે બધો વખત રખડપટ્ટીમાં જ ગાળ્યો. જ્યારે તેના પિતા મરણ પામ્યા, ત્યારે પુરોહિતપણું બીજા બ્રાહ્મણ વિદ્વાનને ગયું. આ નવો પુરોહિત એક વાર તેનાં ઘર આગળથી નીકળ્યો, ત્યારે તેણે કસબી વસ્ત્રો પહેરેલાં હતાં, માથે મખમલનું છત્ર હતું, બે બાજુ દૂધ જેવા શ્વેત ચામરો વીંઝાઈ રહ્યા હતાં અને તે એક જાતિવંત ઘોડા પર સવાર થયેલો હતો.

કપિલની માતા યશાને આ જોઈ ઘણું લાગી આવ્યું, 'જો મારો પુત્ર ભણ્યો–ગણ્યો હોત તો આ સાહેબી તેને મળત.' તે આ વિચાર કરતાં ખૂબ લાગણીવશ બની ગઈ, એટલે ઘરમાં જઈ ડૂસકે ડૂસકે રોવા લાગી. એવામાં કપિલ રખડીને ઘરમાં આવ્યો અને માતાને રડતી જોઈને પૂછવા લાગ્યો કે 'માતા! તું કેમ રડે છે? તારું માથું દુઃખે છે? પેટ દુઃખે છે? કહે તો વૈદને બોલાવી લાવું.'

ત્યારે માતાએ મોટો નીસાસો નાખ્યો અને કપાળ કૂટીને કહ્યું: 'ભાઈ! મારું માથું કે પેટ દુખતું નથી, પણ તારી આ અભણ અવસ્થા સાલે છે. જો તું ભણ્યો–ગણ્યો હોત ને પંડિત થયો હોત તો તારા પિતાને સ્થાને આવત અને આપણો માનમરતબો જળવાઈ રહેત. આજે આપણાં ઘર પાસેથી નવો પુરોહિત નીકળ્યો હતો, તેનો ઠાઠ જોયો હોત તો તને ખબર પડત કે પંડિતાઈનું કેવું માન હોય છે!'

માતાના આ શબ્દો કપિલનાં હૃદય સોંસરવા નીકળી ગયા. તેણે તે જ દિવસે વિદ્યાભ્યાસ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને અનુક્રમે શ્રાવસ્તી નગરીએ જઈ પહોંચ્યો.

શ્રાવસ્તીના ઇંદ્રદત્ત ઉપાધ્યાય દેશવિદેશમાં જાણીતા હતા, એટલે તેમને ત્યાં હજારો વિદ્યાર્થી ભણવા આવતા હતા. તેમાં જેઓ બે પૈસે સુખી હતા, તેઓ પદરનો ખર્ચ કરતા અને બાકીના માધુકરીથી પોતાનું કામ નભાવી લેતા. આગળ માધુકરી કરીને અભ્યાસ કરવો, એમાં નાનમ લેખાતી ન હતી. કપિલ ઇંદ્રદત્ત ઉપાધ્યાયની પાઠશાળામાં દાખલ થયો.

કપિલે થોડો વખત માધુકરી કરીને પોતાનું કામ ચલાવ્યું, પણ તેમાં સમય વિશેષ જતો હોવાથી એક બીજી યોજના વિચારી. તે એક શ્રીમંત ગૃહસ્થ પાસે ગયો અને બધી હકીકત કહી ભોજનની સગવડ કરી આપવાની વિનંતિ કરી. એ દયાળુ શ્રીમંતે બાજુમાં મનોરમા નામની એક વિધવા બ્રાહ્મણી હતી, તેને ત્યાં તેને ભોજનની સગવડ કરી આપી. પેલા શ્રીમંત તરફથી મનોરમાને ત્યાં રોજ બે જણનું સીધું પહોંચવા લાગ્યું.

મનોરમા રસોઈ બનાવે અને કપિલ ત્યાં આવીને જમી જાય. આ સગવડથી કપિલને વિદ્યાભ્યાસમાં સારી મદદ મળી, પણ બીજી બાજુ એક અનર્થ પેદા થયો. મનોરમા બાળવિધવા હતી, તેણે સંસારનો લ્હાવો લીધો ન હતો, તેનું મન કપિલ તરફ આકર્ષાયું અને તેણે ધીરે ધીરે એવી જાળ પાથરી કે કપિલ તેમાં આબાદ ફસાઈ ગયો.

યુવાનીને દીવાની કહી છે, તે ખોટું નથી. એ વખતે વિષયનો વેગ ઘણો હોય છે અને તેને કાબૂમાં રાખવામાં ન આવે તો દીવાનાની જેમ અનેક પ્રકારનાં અનર્થકારી કામો કરી બેસે છે. યુવાન સ્ત્રી સાથેનો એકાંત પરિચય પણ એટલો જ ખતરનાક છે. દારૂ અને અગ્નિનો સંયોગ થાય તો ભડાકો થયા વિના રહે નહિ, તેમ યુવાન સ્ત્રી સાથેનો એકાંત પરિચય વધે, તો અનર્થ થયા વિના રહે નહિ.

કાળક્રમે મનોરમા ગર્ભવતી થઈ અને પૂરા દિવસો જવા લાગ્યા, ત્યારે ચિંતા થઈ કે હવે સુવાવડનો ખર્ચ શી રીતે મેળવીશું ? અને જે ત્રીજો જીવ આવશે, તેનું પાલન પણ શી રીતે કરીશું ? મનોરમાએ એનો રસ્તો બતાવ્યો કે આ ગામનો રાજા, જે બ્રાહ્મણ સવારમાં વહેલો આશીર્વાદ આપે તેને બે માસા સોનું દક્ષિણામાં આપે છે, માટે ત્યાં વહેલા જઈ, આશીર્વાદ આપી, બે માસા સોનું લઈ આવો. તેનાથી આપણું કામ થઈ જશે.

બીજે દિવસે કપિલ સવારે ઉઠીને રાજમહેલે ગયો, ત્યાં કોઈ વિપ્રે આવીને આશીર્વાદ આપી દીધો હતો અને બે માસા સોનાની દક્ષિણા મેળવી લીધી હતી. કપિલે ત્રીજા દિવસે પ્રયત્ન કર્યો તો તેમાં પણ સફલતા મળી નહિ. આ રીતે લાગલગાટ તે આઠ દિવસ ગયો, પણ કોઈને કોઈ ભૂદેવ વહેલો આવી આશીર્વાદ આપી બે માસા સોનાની દક્ષિણા લઈ જતો. આથી કપિલ કંટાળ્યો અને તેણે ખૂબ વહેલા ઉઠી રાજમહેલમાં પ્રથમ પહોંચી જવાનો નિર્ણય કર્યો.

માણસનાં મનમાં જ્યારે કોઇપણ ધૂન સવાર થાય છે, ત્યારે તે આગળ–પાછળનો બીજો વિચાર કરતો નથી. તે બૂબ વહેલો ઉઠ્યો ને રખે કોઈ બ્રાહ્મણ મારા કરતાં વહેલો પહોંચી જાય એ વિચારથી દોડવા લાગ્યો. હજી તો રાત્રિનો ચોથો પહોર પણ શરૂ થયો ન હતો, માણસોની અવરજવર સદંતર બંધ હતી અને થોડા ચોકિયાતો અહીંતહીં લટાર મારતા હતા. તેમણે કપિલને દોડતો જોયો, એટલે ચોર માનીને પકડયો અને ચોકીએ બેસાડયો. કપિલે તેને પોતાની વાત સમજાવવા પ્રયત્ન કર્યો, પણ તે તેમણે સાંભળવાની દરકાર કરી નહિ. માત્ર એક જ જવાબ આપ્યો કે 'સવારે મહારાજા સમક્ષ રજૂ કરીએ, ત્યારે જે જવાબ આપવો હોય તે આપજે. અત્યારે કંઈ પણ વિશેષ બોલવાની જરૂર નથી.'

સવાર થયું એટલે તેને રાજાની સન્મુખ રજૂ કરવામાં આવ્યો. કપિલને રાજદરબારમાં આવવાનો આ પહેલો જ પ્રસંગ હતો અને તેમાં પણ તે ગુનેગાર બનીને આવ્યો હતો, એટલે થરથર ધ્રૂજવા લાગ્યો. રાજાને લાગ્યું કે આ ખરો ચોર નથી. તેણે પૂછયું: 'તું જાતનો કોણ છે? અને રાત્રે રસ્તા પર શા માટે દોડતો હતો?'

કપિલે કહ્યું: 'મહારાજ! હું જાતનો બ્રાહ્મણ છું અને આપને આશીર્વાદ આપવા માટે આવતો હતો.'

રાજાએ પૂછયું: 'પણ આટલા વહેલા?'

કપિલે કહ્યું: 'મહારાજ! આઠ દિવસથી પહેલો

આશીર્વાદ આપવા પ્રયત્ન કરું છું, જેથી મને બે માસા સોનું મળે, પણ તે મારા ભાગ્યમાં લખાયેલું નથી. તેનો લાભ લેવા આજે બહુ વહેલો ઉઠયો ને કોઈ વહેલો ન પહોંચી જાય તે માટે દોડવા લાગ્યો, તો આવી દુર્દશા થઈ.'

રાજાએ કહ્યું: 'મને આશીર્વાદ આપવા તમે આટલી તકલીફ ઉઠાવી? અને તે માત્ર બે માસા સોના માટે? આ પરથી તમારી હાલત કેવી હશે, તે સમજી શકું છું. ઓ ભૂદેવ! હું તમારા પર પ્રસન્ન થઈને કહું છું કે તમારે જે માગવું હોય તે માગી લો. તમારી ઇચ્છા હું જરૂર પૂરી કરીશ.'

આફતનું વાદળ વીખરાઈ ગયું અને ઉપરથી મનગમતું માગવા કહ્યું, એટલે કપિલ સ્વસ્થ થયો, કંઈક આનંદમાં આવ્યો અને તેણે કહ્યું: 'મહારાજ! મને થોડો સમય આપો, તો વિચારીને માગું.'

રાજાએ કહ્યું: 'ભલે વિચારીને માગો.'

હવે કપિલ વિચાર કરે છે: 'શું માગું? બે માસા સોનામાં તો કંઈ નહિ, માટે દશ સોનૈયા માગું. પણ દશ સોનૈયામાં ય શું થશે? માટે પચાશ સોનૈયા માગવા દે.' વળી વિચાર આવ્યો કે 'પચાશ સોનૈયા કંઈ વધારે ન કહેવાય. એ તો થોડા વખતમાં વપરાઈ જાય, માટે પાંચસો સોનૈયા માગવા દે. રાજાના ખજાને ખોટ કયાં આવવાની છે?'

ચાકડા પર ચડેલું ચપણિયું જેમ ઉપર જતું જાય, તેમ પહોળું થતું જાય. લોભની પણ એ જ હાલત છે. જેમ તે આગળ ચાલે, તેમ વિસ્તાર પામતો જ જાય.

કપિલ તો પાંચસો પરથી હજાર પર, હજાર પરથી, દશ હજાર પર, દશ હજાર પરથી લાખ પર અને લાખ પરથી ક્રોડ સોનૈયા પર આવી ગયો. વળી વિચાર આવ્યો : 'કોટ્યાધિપતિ કરતાં સામાન્ય રાજ્યસત્તાવાળો ચડી જાય છે, માટે અડધું રાજ માગવા દે. પણ એમાં રાજા સમોવડિયો રહે. ત્યારે શું આખું રાજ્ય માગી લઉં ?'

આ છેલ્લો વિચાર આવતાં જ તેનાં મને આંચકો ખાધો. 'જે રાજાએ મારા પર મહેરબાની કરીને મારો મનોરથ પૂરો કરવાનું પણ લીધું, તેને જ આવો બનાવી દેવો ? ના, ના, આ તો ઉચિત કહેવાય નહિ, ત્યારે શું અડધું રાજ્ય લેવું ? ના, ના, એમાં પણ સમોવડિયા થવું પડે અને ઉપકારીને દુભવવો પડે. ત્યારે શું ક્રોડ સોનૈયા જ માગવા ? પણ એટલા બધાને શું કરવા છે ? વધારે હશે તો આફત ઊતરી પડશે. ત્યારે શું લાખ સોનયા માગું કે જેથી એક હવેલી બને અને મારો બધો વ્યવહાર સરલતાપૂર્વક ચાલે ?' પરંતુ અંતરે તે વાત પણ કબૂલ રાખી નહિ. 'આટલા બધા પૈસા હશે તો મોજશોખ વધશે અને ઉત્તમ જીવન ગાળી શકાશે નહિ. ત્યારે શું કરું ? હજાર માગું ? સો માગું ? પચાસ માગું ? પચીસ માગું ?' વધારે વિચાર કરતાં તેને એમ લાગ્યું કે 'મારે કોઈ પણ જાતની વધારે માગણી કરવી નહિ, પણ સુવાવડના ખર્ચ જેટલા માત્ર પાંચ સોનયા જ માગવા.'

પરંતુ ગાડી સવળા પાટે ચડી હતી, એટલે અંતરને તે પણ રુચ્યું નહિ. તેણે વિચાર કર્યો કે 'હું તો બે માસા

સોનું લેવા આવ્યો હતો અને રાજાએ ભલમનસાઈ બતાવી, એટલે તેનો લાભ લેવા તૈયાર થઈ ગયો. આ ઠીક કહેવાય નહિ. એટલે બે માસા સોનું માગવું તે જ વ્યાજબી છે.'

વળી વિચાર આવ્યો : 'જ્યાં લોભ છે, ત્યાં જ દીનતા છે. માટે કંઈ પણ ન માગતાં સંતોષને ધારણ કરવો. ખરેખર ! આ જગતમાં સંતોષ જેવું કોઈ સુખ નથી. હું જરા જેટલી તૃષ્ણામાં પડયો, એટલે મારો વિદ્યાભ્યાસ ચૂકયો, ચારિત્રથી ભ્રષ્ટ થયો અને આ યાચના કરવાની સ્થિતિમાં મૂકાયો. માટે આ તૃષ્ણાથી જ સર્યું.'

થોડી વાર પછી રાજાએ પૂછયું : 'ભૂદેવ ! શું માગવાનો વિચાર કર્યો ?'

કપિલે કહ્યું : 'મહારાજ ! કંઈ પણ માગવું નથી.'

રાજાએ કહ્યું : 'એમ શા માટે ?'

કપિલે કહ્યું : 'હે રાજન્ ! લોભને થોભ નથી. જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. માટે એ લોભથી જ સર્યું.'

રાજાએ કહ્યું : 'પણ આવો વિચાર કરશો તો તમારો નિર્વાહ કેમ ચાલશે ? માટે હું ખુશી થઈને તમને ક્રોડ સોનૈયા આપું છું. તેનો તમે સ્વીકાર કરો.'

કપિલે કહ્યું : 'રાજન્ ! જ્યાં સુધી મનમાં તૃષ્ણા હતી, ત્યાં સુધી એમ લાગતું હતું કે ધન એ સુખનું અનિવાર્ય સાધન છે, પણ હવે એ તૃષ્ણાનો ત્યાગ થતાં ધનની કોઈ આવશ્યકતા જણાતી નથી. સંતોષ એ જ પરમ ધન છે અને તેને પ્રાપ્ત કરવાથી હું સુખી છું.'

એમ કહી કપિલ ત્યાંથી ચાલી નીકળ્યો અને રાજા તથા અન્ય સભાજનોએ તેની નિઃસ્પૃહતાનાં ભારોભાર વખાણ કર્યાં.

વિષય એ પણ એક જાતની તૃષ્ણા છે, એટલે કપિલે તેનો પણ ત્યાગ કર્યો અને 'મુક્તિનું સુખ અપાવે એ જ સાચી વિદ્યા' એમ માની પાઠશાળાનો પણ ત્યાગ કર્યો. પછી કોઈ નિર્ગ્રંથ મુનિ પાસે પાંચ મહાવ્રતો ધારણ કરી ચારિત્રનું નિરતિચાર પાલન કરવા લાગ્યા. આથી છ જ માસમાં તેઓ આત્માની સંપૂર્ણ શુદ્ધિ કરી કેવળજ્ઞાની બન્યા અને લોકોને સત્ય ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા.

(૧૦) સૂક્ષ્મસંપરાયગુણસ્થાન

આત્મા સ્થૂલ કષાયોથી સર્વથા નિવૃત્તિ પામ્યો હોય, પણ સૂક્ષ્મ કષાયોથી યુક્ત હોય એવી આત્માની અવસ્થા-વિશેષ તે સૂક્ષ્મસંપરાય–ગુણસ્થાન. અહીં સંપરાયનો અર્થ કષાય સમજવાનો છે.

આ ગુણસ્થાને ક્રોધ, માન કે માયા હોતા નથી, પણ લોભનો ઉદય હોય છે. તેને અતિ પાતળો પાડવામાં આવે છે, સૂક્ષ્મ બનાવી દેવામાં આવે છે.

(૧૧) ઉપશાંતમોહગુણસ્થાન

ઉપશમશ્રેણિ કરતાં જીવ દશમા ગુણસ્થાનેથી અગિ-યારમા ગુણસ્થાને આવે છે, પણ ક્ષપક શ્રેણિ કરતો જીવ આ સ્થાને ન આવતાં સીધો બારમા ગુણસ્થાને પહોંચી જાય છે. પેસેન્જર ટ્રેન હોય તો દરેક સ્ટેશને ઊભી રહે, પણ ફાસ્ટ

ટ્રેન હોય તો વચલાં સ્ટેશનો છોડી દે. અહીં ક્ષપકશ્રેણિને ફાસ્ટ ટ્રેન જેવી સમજવાની છે.

જ્યાં બધાં મોહનીય કર્મો અમુક સમય સુધી ઉપશાંત થઈ જાય એવી આત્માની અવસ્થાવિશેષને ઉપશાંતમોહ ગુણસ્થાન કહેવામાં આવે છે.

આ ગુણસ્થાને આવેલો જીવ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી એક અંતર્મુહૂર્ત પર્યંત વીતરાગદશા અનુભવે છે. ત્યાર બાદ ઉપશાંત કરેલાં કષાયમોહનીય કર્મનો ઉદય થતાં ફરી તે મોહના પાશથી બંધાય છે. અહીંથી પડનારો જીવ છઠ્ઠે, સાતમે, પાંચમે, ચોથે કે પહેલે ગુણસ્થાને પણ પહોંચી જાય છે.

(૧૨) ક્ષીણમોહગુણસ્થાન

જેનું મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થયું હોય, તેની અવસ્થાવિશેષને ક્ષીણમોહગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાને સંજ્વલન લોભનો ક્ષય થતાં સકળ મોહનીય કર્મનો ક્ષય થાય છે.

અનંત અનંત વર્ષોથી જેનું આત્મા પર વર્ચસ્વ હતું, દબાણ હતું, તે ચાલ્યા જતાં આત્માને કેવો આનંદ થતો હશે? કેવી શાંતિ મળતી હશે? તેની કલ્પના કરો. આ ગુણસ્થાનને પામેલો આત્મા વીતરાગી કહેવાય અને વીતરાગી જેવું સુખ આ જગતમાં કોઈને પણ નથી, એ વાત અમે આગળ વિસ્તારથી સમજાવી છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર

કષાયનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય જીવ ચોથા ગુણસ્થાને કરે છે, અપ્રત્યાખ્યાનીય ચાર કષાયનો ઉપશમ અથવા ક્ષયોપશમ જીવ પાંચમા ગુણસ્થાને કરે છે, પ્રત્યાખ્યાનીય ચાર કષાયનો ઉપશમ અથવા ક્ષયોપશમ અથવા ક્ષય કરવા માટે જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને પોતાની શુદ્ધિ વધારતો રહે છે. આઠમા ગુણસ્થાને ઉપશમ કે ક્ષપકશ્રેણિ માંડતો જીવ નવમા ગુણસ્થાને સંજ્વલન લોભ સિવાયની બાકીની સર્વ કષાય–નોકષાય મોહનીય કર્મની પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય કરે છે. દશમા સૂક્ષ્મસંપરાયગુણસ્થાને જીવ એ શ્રેણિમાં આગળ વધી છેલ્લા સમયે સંજ્વલન લોભનો ઉદય અટકાવે છે.

ઉપશમક જીવ અગિયારમા ઉપશાંતમોહગુણસ્થાનકથી પાછો પડે છે, જ્યારે ક્ષપક જીવ અગિયારમું ગુણસ્થાન ઓળંગી બારમા ગુણસ્થાને આવે છે અને શુકલધ્યાનના બે પાયાનું ધ્યાન સ્વીકારે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ એક અંતર્મુહૂર્તની છે અને તે ક્ષપક જીવને જ હોય છે. બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે બાકીના ત્રણ ઘાતીકર્મનો નાશ થાય છે.

(૧૩) સયોગિકેવલિગુણસ્થાન.

શુકલધ્યાનનો બીજો પાયો પૂરો થતાં જ જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો ક્ષય કરે છે. એટલે ચારે ઘાતીકર્મનો ક્ષય થાય છે અને તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરે છે અને સયોગિ

કેવલી નામના તેરમા ગુણસ્થાને આવે છે. હવે તેને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મનો ક્ષય કરવાનો બાકી રહે છે. આ ગુણસ્થાને આત્મા પૂર્ણવીતરાગતા વાળો હોવાથી તે આ અઘાતી કર્મના વિપાક સહજ અને સમભાવે ભોગવે છે.

આ કેવળજ્ઞાની પરમાત્માને પણ મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગ હોય છે, તેથી તે સયોગી કહેવાય છે. સયોગિકેવલી આત્માની જે અવસ્થાવિશેષ તે સયોગિ-કેવલિ-ગુણસ્થાન.

આ ગુણસ્થાને વર્તતા સામાન્ય કેવળી ભવ્ય જીવોને ઉપદેશ આપતા ગામાનુગ્રામ વિચરે છે, જ્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર અર્હતો–તીર્થંકરો પોતાનાં તીર્થંકરનામકર્મને વેદતાં પ્રવચન અને સંઘરૂપી તીર્થની સ્થાપના કરી ભવ્ય જીવોને તરવાનું એક મહાન સાધન પૂરું પાડે છે.

આ ગુણસ્થાને વર્તતા જીવને કોઈ પણ પ્રકારનું ધ્યાન હોતું નથી, પણ ધ્યાનાંતરિકા એટલે જીવનમુક્ત દશા હોય છે. આ ગુણસ્થાને રહેલો આત્મા જીવનમુક્ત પરમાત્મા કહેવાય છે. આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનકોટિપૂર્વ એટલે કોડ પૂર્વમાં આઠ વર્ષ ન્યૂન હોય છે.

આ ગુણસ્થાનના જીવને બાકી રહેલ અઘાતી સર્વ કર્મનો ક્ષય કરવા યોગનિરોધ કરવાનો હોય છે. પરંતુ તે પહેલાં જો અઘાતી કર્મોમાં તરતમતા હોય તો તે દૂર

કરવાની આવશ્યકતા રહે છે. વધારે સ્પષ્ટ કહીએ તો વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણમાંના એક, બે કે ત્રણેની સ્થિતિ આયુષ્યકર્મ કરતાં કંઈક અધિક હોય તો ચારે અઘાતી કર્મને સમસ્થિતિના બનાવવા માટે કેવલી સમુદ્‌ઘાત નામની ક્રિયા કરવી પડે છે કે જેનું વર્ણન અમે પ્રસંગોપાત્ત **'આત્માની અખંડતા'** નામનાં પાંચમા વ્યાખ્યાનમાં કરેલું છે.

(૧૪) અયોગિકેવલિગુણસ્થાન

સયોગિકેવલી જ્યારે મન, વચન અને કાયાનાં યોગનો નિરોધ કરી અયોગી એટલે યોગરહિત બને, ત્યારે તેની અવસ્થાવિશેષને અયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે.

અયોગિકેવલી યોગવિરોધ કયા ક્રમે કરે છે, તે તમને જણાવીશું. ત્રિવિધ યોગ બાદર અને સૂક્ષ્મ એમ બંને પ્રકારનો હોય છે. તેમાં પ્રથમ બાદર કાયયોગ વડે બાદર મનયોગનો નિરોધ કરે છે, પછી બાદર વચનયોગનો નિરોધ કરે છે. આમ ત્રણ પ્રકારના બાદર યોગમાંથી બે બાદર યોગ જવાથી એક બાદર કાયયોગ બાકી રહે છે. પછી સૂક્ષ્મ કાયયોગે કરી એ બાદર કાયયોગનો નિરોધ કરે, સૂક્ષ્મ મનોયોગનો નિરોધ કરે અને સૂક્ષ્મ વચનયોગનો નિરોધ કરે, એટલે કેવળ સૂક્ષ્મ કાયયોગ બાકી રહે. ત્યાં ત્રીજું સૂક્ષ્મ–ક્રિયાઽપ્રતિપાતી નામનું બીજું શુકલધ્યાન શરૂ કરે અને તે વડે સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ કરે. આ વખતે જીવના બધા પ્રદેશો મેરુ શૈલ જેવા નિષ્પ્રકંપ થાય. તેને શૈલેશીકરણ થયું કહેવાય. આ ગુણસ્થાનનો કાળ

અ, ઈ, ઉ, ઋ, ૡ એ પાંચ હ્રસ્વ અક્ષરો બોલીએ એટલો છે. અહીં સમુચ્છિન્નક્રિયાઽનિવૃત્તિ નામનું ચોથું શુકલધ્યાન હોય છે. આ ધ્યાનના અંતે જીવ સકલ અઘાતી કર્મનો ક્ષય કરી પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિએ લોકના અગ્રભાગે સિદ્ધશિલામાં રહેલાં સિદ્ધસ્થાનમાં પહોંચી ત્યાં સ્થિર થાય છે. આત્માની આ જ સર્વાંગીણ પૂર્ણતા છે, આ જ પૂર્ણ કૃતકૃત્યતા છે અને આ જ પરમ પુરુષાર્થની અંતિમ સિદ્ધિ છે. આ વખતે આત્માની અવગાહના છેલ્લાં શરીરની અવગાહના કરતાં ૨/૩ ભાગ જેટલી હોય છે.

આત્માની ઊર્ધ્વગતિ માટે ચાર કારણો સમજવા જેવાં છે: પૂર્વપ્રયોગ, અસંગત્વ, બંધચ્છેદ અને ગતિપરિણામ. જેમ કુંભારના ચાકડામાં, હિંડોલામાં કે બાણમાં પૂર્વપ્રયોગથી ગતિ થાય છે, તેવી રીતે અહીં પૂર્વપ્રયોગથી ગતિ થાય છે. જેમ માટીના લેપનો સંગ જવાથી પાણીમાં તુંબડીની ઊર્ધ્વગતિ થાય છે, તેમ કર્મરૂપી લેપ જવાથી આત્માની ઊર્ધ્વગતિ થાય છે. જેમ એરંડાના બીજ ઉપરનું બંધન છેદાઈ જવાથી એરંડબીજની ઊર્ધ્વગતિ થાય છે, તેમ જીવની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, એટલે તે ઊંચે જાય છે. જેની સ્વાભાવિક ગતિ નીચી હોય તે નીચે જાય. જેમ કે ધૂળ, ઢેકું, પત્થર.

ચૌદ ગુણસ્થાનનો અંતર્ભાવ (૧) બહિરાત્મ–અવસ્થા, (૨) અન્તરાત્મ–અવસ્થા અને (૩) પરમાત્મ–અવસ્થા એ ત્રણ અવસ્થામાં પણ થઈ શકે છે.

બહિરાત્મ–અવસ્થામાં આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ અત્યંત પ્રચ્છન્ન રહે છે, જેથી આત્મા મિથ્યાત્વથી યુક્ત થઈને પૌદ્ગલિક વિલાસને જ સર્વસ્વ માની લે છે અને તેને પ્રાપ્ત કરવા માટે જ પોતાની શક્તિઓનો વ્યય કરે છે.

અંતરાત્મ–અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણ-રૂપે તો પ્રકટ થતું નથી, પણ એનાં ઉપરનાં ગાઢ આવરણો શિથિલ, શિથિલતર, શિથિલતમ થઈ જાય છે, જેથી એની દૃષ્ટિ પૌદ્ગલિક પદાર્થો પરથી હઠીને આત્માનાં શુદ્ધ સ્વરૂપ તરફ વળે છે.

પરમાત્મ–અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણ-રૂપે પ્રકટ થાય છે.

પહેલું, બીજું અને ત્રીજું ગુણસ્થાન બહિરાત્મ–અવ-સ્થાને સૂચવે છે, ચોથાથી બારમા સુધીનાં ગુણસ્થાન અંત-રાત્મ–અવસ્થાને સૂચવે છે અને તેરમું તથા ચૌદમું ગુણ-સ્થાન પરમાત્મ–અવસ્થાને સૂચવે છે. અધ્યાત્મમતપરીક્ષામાં આ વસ્તુનું વધારે સ્પષ્ટીકરણ થયેલું છે.

ગુણસ્થાનનો વિષય અહીં પૂરો થાય છે. તે આત્માના વિકાસ સંબંધી ઘણું ઘણું કહી જાય છે અને કર્મનાં સ્વરૂપનો પણ સૂક્ષ્મ ખ્યાલ આપી જાય છે. ગુણસ્થાનનો ક્રમ સમજી જે આત્માઓ ઉત્તરોત્તર ઊંચા ગુણસ્થાનને પ્રાપ્ત કરશે, તેઓ અનંત સુખનાં ધામરૂપ મોક્ષમહાલયમાં જરૂર બિરાજી શકશે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન તેત્રીશમું

કર્મની નિર્જરા

મહાનુભાવો !

આ સંસારનો સર્વ પ્રપંચ કર્મને આધીન છે. જો કર્મ ન હોય તો નરકાદિ ચાર ગતિઓ ન હોય, સ્થૂલ કે સૂક્ષ્મ શરીર ન હોય, જન્મ–મરણની પરંપરા ન હોય અને વિવિધ પ્રકારનાં દુઃખો પણ ન હોય. જો કર્મ જાય તો બધું જાય, તેથી સુખ–શાંતિના ઇચ્છુક તરીકે આપણે તેને કાઢવાની–દૂર કરવાની કોશીશ કરવી જોઈએ.

કર્મને શી રીતે દૂર કરવા ? એ કંઈ ઢોર નથી કે તેને લાકડી મારીને દૂર કરી શકાય. એ કંઈ માણસ નથી કે તેને બાવડું પકડીને બાજુએ બેસાડી શકાય. એ કંઈ ધૂળ નથી કે તેને ખંખેરીને ઝાટકી નખાય. એ પુદ્ગલની પેદાશ છે, પણ સ્વરૂપમાં અત્યંત સૂક્ષ્મ છે, તેથી નરી આંખે જોઈ શકાય એવાં નથી. કદાચ સૂક્ષ્મદર્શક યંત્ર માંડો અને તે ઘણું શક્તિવાળું હોય તો પણ કર્મને જોઈ શકાય નહિ. જે વસ્તુ જોઈ શકાય નહિ, તેને પકડવી શી રીતે અને બહાર કાઢવી શી રીતે ? એ એક મોટો પ્રશ્ન છે. પરંતુ મનુષ્યમાં એટલી બુદ્ધિ છે કે તે અદૃશ્ય વસ્તુને પણ પકડી શકે છે અને તેને બહાર કાઢી શકે છે. આ વસ્તુ તમને એક દૃષ્ટાંતથી સમજાવીશું.

અદૃશ્ય રહેતો ચોર કેવી રીતે પકડાયો ?

એક ચોર પાસે અદ્‌ભુત અંજન હતું. તેનો પ્રયોગ કરવાથી તે અદૃશ્ય થઈ શકતો. તે આ રીતે રોજ અદૃશ્ય થઈને રાજાના મહેલમાં દાખલ થઈ જતો અને ત્યાં રાજાનાં ભાણામાં જે કંઈ પીરસ્યું હોય તે ખાઈ જતો. રાજાની રસોઈ ઉત્તમોત્તમ હોય, એટલે તેનો સ્વાદ એની દાઢમાં રહી ગયો હતો.

રાજા દિન-પ્રતિદિન દુબળો પડવા મંડયો. આથી મંત્રીએ કહ્યું : 'હે મહારાજ ! આપનું શરીર દિન-પ્રતિદિન દુબળું પડતું જાય છે. વળી તેની કાંતિ પણ ઓછી થતી રહી છે, તો શું કોઈ ગુપ્ત રોગ આપને લાગુ પડયો છે ? અથવા ભોજન ભાવતું નથી કે ભૂખ બરાબર લાગતી નથી ? જે કંઈ હોય તે ખુલ્લાં દિલે જણાવો કે જેથી તેનો ઉપાય થઈ શકે.'

રાજાએ કહ્યું : 'મંત્રીશ્વર ! એ વાત કહેતાં મને શરમ આવે છે.'

મંત્રીએ કહ્યું : 'મહારાજ ! શરીરની બાબતમાં શરમ રાખવી કે ઉપેક્ષા કરવી યોગ્ય નથી. શરીર છે તો બધું છે. માટે આપ જે કંઈ હોય તે સુખેથી જણાવો.'

રાજાએ કહ્યું : 'મંત્રીશ્વર ! મને કોઈ ગુપ્ત રોગ લાગુ પડયો નથી. પણ જે ભોજન મને પીરસાય છે, તે પૂરું પેટમાં જતું નથી. ભરેલાં ભાણામાંથી હું થોડા કોળિયા જમું છું કે તે ભોજન ખલાસ થઈ જાય છે. પછી રસોઇયા પાસે

વસ્તુની વારંવાર માગણી કરતાં મને શરમ આવે છે. આ રીતે પોષણનો અભાવ થવાથી મારું શરીર દિન-પ્રતિદિન દુબળું પડતું જાય છે.'

મંત્રીએ કહ્યું : 'મહારાજ ! જો આપનાં દુબળા પડવાનું આ જ કારણ હોય તો હું એનો ઉપાય જરૂર કરીશ.'

રાજાએ કહેલી સર્વ હકીકત પર ઊંડો વિચાર કરતાં મંત્રી એવા નિર્ણય પર આવ્યો કે 'અહીં કોઇ પુરુષ અંજન વગેરેના પ્રયોગથી અદૃશ્ય થઇને આવે છે અને તે રાજાનાં ભાણામાં પીરસેલું ખાઇ જાય છે. માટે તેને પકડી પાડવો.'

અદૃશ્ય પુરુષને પકડવાનું કામ સહેલું નહિ, પણ મંત્રી મહાબુદ્ધિમાન હતો, એટલે તેણે અદૃશ્ય પુરુષને પકડી પાડવાની યોજના ઘડી. રાજાનાં ભોજનખંડમાં પ્રવેશવાનો જે માર્ગ હતો, ત્યાં સૂક્ષ્મ રજ પથરાવી દીધી અને નોકરોને હુકમ કર્યો કે પોતે સંકેત કરે ત્યારે ભોજનખંડનાં બધાં બારણાં બંધ કરી દેવાં. પછી તે ભોજનખંડમાં એક જગાએ ગોઠવાઇ ગયો અને હવે શું બને છે, તે જોવા લાગ્યો.

રાજા સ્નાન-પૂજા કરીને તથા યોગ્ય વસ્ત્રાલંકારો ધારણ કરીને રોજના સમય મુજબ ભોજનખંડમાં આવ્યો અને પોતાનાં આસને બેઠો. તેની આગળ ભાણું મૂકાયું. એવામાં પેલો રસલુબ્ધ ચોર આવ્યો. મંત્રીએ સૂક્ષ્મ રજમાં તેનાં પગલાં પડેલાં જોયાં, એટલે સંકેત કર્યો અને ભોજનખંડનાં બધાં બારણાં જોતજોતામાં બંધ થઈ ગયાં. પછી મંત્રીનાં

હુકમ મુજબ ત્યાં લીલાં લાકડાં અને અમુક વનસ્પતિને સળગાવી તેનો ધૂમાડો કરવામાં આવ્યો. આ ધૂમાડો બહુ જોરદાર હતો, એટલે ચોરની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી અને તેની સાથે પેલું અંજન ધોવાઈને નીકળી ગયું.

જેની તાકાતથી પોતે અદૃશ્ય થતો હતો, તે વસ્તુ ચાલી ગઈ, એટલે તે દૃશ્ય થયો, સહુનાં જોવામાં આવ્યો અને રાજસેવકોએ તેને પકડી લીધો. રાજાએ તેનો ભયંકર તિરસ્કાર કર્યો અને શૂળીની સજા ફરમાવી, તથા મંત્રીને મોટું ઇનામ આપ્યું.

કહેવાનું તાત્પર્ય એ છે કે અદૃશ્ય વસ્તુઓ નજરે જોઈ શકાતી નથી, પણ તેને યુક્તિથી પકડી શકાય છે અને દૂર પણ કરી શકાય છે.

કર્મને કાઢવાનો ઉપાય

કર્મને દૂર કરવા માટે તેને પકડવાની જરૂર નથી, પણ એવો કોઈ ઉપાય અજમાવવો જોઈએ કે જેની અસરને લીધે તે પોતે આત્માથી છૂટા પડી જાય. આવો ઉપાય મહાપુરુષોએ આપણને બતાવ્યો છે. તેઓ કહે છે :

मलं स्वर्गगतं बह्निर्हंसः क्षीरगतं जलम् ।
यथा पृथक्करोत्येव, जन्तोः कर्ममलं तपः ॥

'જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જુદો પાડે છે, તથા દૂધમાં રહેલાં જલને હંસ જુદું પાડે છે, તેમ પ્રાણીઓના આત્મામાં રહેલાં કર્મના મેલને તપ જુદો પાડે છે.'

જો તમે કોઈ ફોજદારી બટલામાં સંડોવાયા હો અને તેમાંથી બચી શકો તેમ ન હો તો કોઈ સોલીસીટર કે બેરિસ્ટર પાસે જાઓ છો અને બચાવના ઉપાય માટે તે કહે તેટલા પૈસા આપો છો, અથવા તમારાં કારખાનામાં કોઈ માલ બગડી જતો હોય તો તેને બચાવવાનો ઉપાય મેળવવા માટે તમે નિષ્ણાતોનું ગજવું ભરી દો છો. અથવા તમને કોઈ ભયંકર રોગ ખૂબ ખૂબ પીડા ઉપજાવી રહ્યો હોય તો તેને દૂર કરનારા ઉપાય માટે તમે તમારી અર્ધી મિલકત ખર્ચી નાખો છો. તો કર્મનાં બંદિખાનામાંથી છોડાવનાર, સમસ્ત જીવન બગડી જતું અટકાવનાર અને ભવરોગમાંથી મુક્ત કરનાર આ ઉપાયનું મૂલ્ય શું ચૂકવશો? મહાપુરુષો તો પરોપકારનાં પણવાળા હોય છે, એટલે તેઓ તમારી પાસેથી કોઈ મૂલ્યની આશા રાખતા નથી, પણ એટલું જરૂર ઇચ્છે છે કે તમે આ ઉપાયને પૂરી નિષ્ઠાથી અજમાવો અને વહેલી તકે ભવપરંપરામાંથી મુક્ત થાઓ.

કોઈ એમ માનતું હોય કે 'તપ તો નવાં બંધાયેલાં કર્મને છૂટાં પાડતું હશે, બહુ જૂનાં થઈ ગયેલાં કર્મ પર તેની અસર થતી નહિ હોય.' તો મહાપુરુષોએ એ ભ્રમ ભાંગ્યો છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે '**भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ**—કોડો ભવમાં સંચિત કરેલું કર્મ તપ વડે નિર્જરાય છે, ક્ષય પામે છે.'

આનો અર્થ એ થયો કે અત્યારે જેટલાં કર્મો સત્તામાં છે, તે બધાંનો ક્ષય કરવો હોય તો તપનો આશ્રય લેવો જોઈએ.

પ્રશ્ન–તપ વિના કર્મ ખપે કે નહિ?

ઉત્તર–અજાણપણે ટાઢ, તાપ તથા બીજાં કષ્ટો સહન કરતાં કેટલાંક કર્મ ખપે છે, પણ તેમાં નિર્જરાનું પ્રમાણ બહુ ઓછું હોય છે. આ રીતે જે કર્મ ખપે તેને શાસ્ત્રમાં અકામનિર્જરા કહેવામાં આવે છે.

પ્રશ્ન–તપ કરનારને કેવી નિર્જરા હોય?

ઉત્તર–જે તપમાં અહિંસા કે આત્મશુદ્ધિનો વિચાર મુખ્ય ન હોય તેનાથી કર્મની નિર્જરા અલ્પ થાય અને જે તપમાં અહિંસા કે આત્મશુદ્ધિનો વિચાર મુખ્ય હોય તેનાથી કર્મની નિર્જરા ઘણી થાય. સમજણપૂર્વક તપ કરવાથી કર્મની જે નિર્જરા થાય તેને સકામનિર્જરા કહેવાય છે. જીવની પ્રાથમિક દશામાં અકામનિર્જરા ઉપયોગી નીવડે છે, પણ ખરી પ્રગતિ તો સકામનિર્જરાથી જ થાય છે. અકામ-નિર્જરાને આપણે પાંચ હોર્સપાવરનું એંજિન ગણીએ તો સકામનિર્જરા એ પાંચસો હોર્સપાવરનું એંજિન છે.

પ્રશ્ન–જીવ સમયે સમયે કર્મની નિર્જરા કરે છે, તો આજ સુધીમાં તે સકલ કર્મનો ક્ષય કેમ કરી ન શકયો?

ઉત્તર–એક કોઠીમાંથી રોજ થોડું થોડું ધાન્ય કાઢવામાં આવતું હોય, પણ ઉપરથી તેમાં એટલું જ બીજું ધાન્ય પડતું હોય તો એ કોઠી કયારે ખાલી થાય? આત્માની સ્થિતિ પણ એવી જ સમજો. તે સમયે સમયે કર્મની નિર્જરા કરે છે, તેમ નવાં કર્મો બાંધતો રહે છે, એટલે સકલ કર્મનો ક્ષય કેવી રીતે થાય? એ માટે તો કર્મો

બંધાય ઓછાં અને ખપે વધારે, એવી સ્થિતિ પેદા કરવી જોઈએ. આવી સ્થિતિ તપથી પેદા થાય છે, માટે જ તેને નિર્જરાનો ઉપાય માનવામાં આવ્યો છે. આજ સુધીમાં જે આત્માઓએ સકલ કર્મની નિર્જરા કરી, તે તપને લીધે જ કરી છે. આજે જે આત્માઓ મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સકલ કર્મની નિર્જરા કરી રહ્યા છે, તે તપને લીધે જ કરે છે; અને હવે પછી જે આત્માઓ સકલ કર્મની નિર્જરા કરશે, એ પણ તપને લીધે જ કરશે.

પ્રશ્ન—કર્મનો બંધ અને નિર્જરા એકી સાથે થાય ખરા?

ઉત્તર—હા, જ્યારે જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના હોય છે, ત્યારે શુભ યોગથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પડે છે અને તે જ વખતે જ્ઞાન–દર્શન–ચારિત્રની રમણતાને લીધે કેટલાંક કર્મની નિર્જરા પણ થાય છે. શરીરમાં જે વખતે નવું લોહી બનવાની ક્રિયા ચાલુ હોય છે, તે જ વખતે તેમાંનો કેટલોક ભાગ છૂટો પણ પડી જતો હોય છે અને તે પ્રસ્વેદાદિ રૂપે બહાર નીકળતો હોય છે.

પ્રશ્ન—ઈલાચીકુમારે વાંસ પર ખેલ કરતાં તેરમા ગુણસ્થાનને સ્પર્શ્યું અને તેઓ કેવલજ્ઞાની થયા, ત્યાં તપ શી રીતે થયું?

ઉત્તર—ઘણા નટો એ રીતે વાંસ પર ખેલ કરે છે, પણ તે બધાને કેવળજ્ઞાન થતું નથી. વળી ઈલાચીકુમારે પોતે પણ ત્યાં એ જ પ્રમાણે ચાર વાર ખેલ કર્યો હતો, પણ તેમને કેવળજ્ઞાન થયું ન હતું, એટલે કેવળજ્ઞાન–ઉત્પન્ન

થવામાં કોઈ અસાધારણ કારણ હોવું જોઈએ. આ કારણ કેવી રીતે ઉત્પન્ન થયું, તે પણ જોઈએ. ઈલાચીકુમાર વાંસ પર પાંચમી વાર ખેલ કરવા ચડ્યા, ત્યારે તેમની નજર બાજુની હવેલીમાં ગઈ અને ત્યાં એક નવયૌવના સ્ત્રીને હાથમાં મોદકનો થાળ લઈને સાધુ મુનિરાજને વિનંતિ કરતાં જોઈ. તે લ્યો લ્યો કરે છે, પણ મુનિરાજ લેતા નથી, એટલું જ નહિ પણ તેની સામે આંખ ઊંચી કરીને જોતાં પણ નથી. આથી ઈલાચીકુમારની વિચારધારા બદલાય છે, અધ્યવસાયમાં પલટો થાય છે અને તે ધર્મધ્યાનની ધારાએ ચડી શુકલધ્યાનમાં પ્રવેશ કરે છે. એમ કરતાં તે શુકલ-ધ્યાનના બીજે પાયે આવે છે, એટલે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે. અહીં જે ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનની પ્રવૃત્તિ થઈ તે એક પ્રકારનું તપ જ છે.

તપનો અર્થ તમે ઉપવાસ, આયંબિલ અને એકાસણું વગેરે સમજ્યા હો તો તે પૂરતો નથી. તપનો અર્થ ઘણો વિશાળ છે. તેમાં બાહ્ય શુદ્ધિ અને અભ્યંતર શુદ્ધિને લગતી અનેક ક્રિયાઓનો સમાવેશ થાય છે અને તેથી તપના બાહ્ય અને અભ્યંતર એવા બે વિભાગો માનવામાં આવ્યા છે. અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ બાહ્ય તપના છ ભેદો છે અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ અભ્યંતર તપના છ ભેદો છે. ×

× આ નામો દશવૈકાલિક નિર્યુક્તિમાં ઉચ્ચારાયેલી નિમ્ન ગાથા-ઓમાં જોઈ શકાય છે :

આ રીતે ધ્યાનરૂપી તપનો આશ્રય લેવાથી ઈલાચી-કુમાર કેવળજ્ઞાન પામ્યા, એટલે અમારાં કથનમાં કોઈ બાધ આવતો નથી.

બાર પ્રકારનું તપ

હવે તમને કર્મની નિર્જરામાં કારણભૂત એવા બાર પ્રકારનાં તપનો પરિચય કરાવીશું.

(૧) **અનશન** : જેમાં અશન એટલે ભોજનનો ત્યાગ હોય, તે અનશન કહેવાય. ઉપવાસમાં ભોજનનો સર્વથા ત્યાગ હોય છે અને આયંબિલ તથા એકાશનમાં એકથી વધુ વારનાં ભોજનનો ત્યાગ હોય છે. ઉપવાસ, આયંબિલ, એકાશન વગેરે કરવાથી ઇન્દ્રિયો શાંત રહે છે અને તેથી અભ્યંતર શુદ્ધિમાં મદદ મળે છે. શ્રી મહાવીર પ્રભુએ સાધનાકાળ દરમિયાન ઉપવાસનો આશ્રય ઘણો લીધો હતો. ૪૫૧૫ દિવસના સાધનાકાળમાં તેમણે ૪૧૬૬ ઉપવાસ કર્યા હતા, એટલે પારણાના દિવસો તો માત્ર ૩૪૯ જ હતા! પારણાના દિવસે પણ તેઓ લૂખો ભાત, અડદના બાકળા, સાથવો વગેરે લેતા, એટલે રસત્યાગનું તપ થતું. તેમાં વૃત્તિસંક્ષેપ પણ કરતા એટલે અભિગ્રહ રાખતા. ચંદન-બાળાના હાથે પારણું થયું, એ અભિગ્રહ કેટલો ઉગ્ર હતો? આયંબિલની તપશ્ચર્યા પણ જિનશાસનમાં ખૂબ થતી આવી

अणसणमूणोअरिआ, वित्ती-संखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥
पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ, अब्भिंतरओ तवो होइ ॥

છે અને આજે પણ વર્ધમાનતપની સો ઓળીઓ પૂરા કરનાર ભવ્યાત્માઓ વિદ્યમાન છે.

(૨) **ઊનોદરિકા** : જમતી વખતે પેટને જરા ઊણું રાખવું–અધૂરું રાખવું, એ ઊનોદરિકા કહેવાય. પુરુષનો આહાર બત્રીશ કોળિયા અને સ્ત્રીનો આહાર અઠ્ઠાવીસ કોળિયાનો કહ્યો છે. તેમાં કોળિયાનું પ્રમાણ કૂકડીનાં ઈંડાં જેટલું કે મોઢું વધારે પહોળું કર્યા સિવાય સરલતાથી ખાઈ શકાય એટલું કહ્યું છે. આહાર ઓછો કરવાથી શરીર અને મન સ્ફૂર્તિમાં રહે છે, તેથી સ્વાધ્યાય તથા ધ્યાનની પ્રવૃત્તિ સારી રીતે થઈ શકે છે અને બ્રહ્મચર્યપાલનમાં પણ મદદ મળે છે. ઠાંસીને ખાવું એ આરોગ્યની દૃષ્ટિએ અહિતકર છે અને ધર્મારાધનની દૃષ્ટિએ પણ અહિતકર છે. કોઈ અનુભવીએ કહ્યું છે કે 'આંખે ત્રિફલા, દાંતે લૂણ; પેટ ન ભરિયે ચારે ખૂણ.'

સંશોધન પરથી એમ જણાયું છે કે મિતાહારી માણસોનું આયુષ્ય પ્રમાણમાં લાંબું હોય છે અને તેમાં રોગોત્પત્તિ ભાગ્યે જ થાય છે.

આજે આયંબિલ છે, એકાસણું છે, માટે દબાવીને ખાઈએ, એ વિચાર ઊનોદરિકા તપનો ભંગ કરનારો છે. જે તપ કરીએ તે ઊનોદરિકાપૂર્વક કરીએ તો જ શોભે. પારણા વખતે પણ એ માટે વિવેક રાખવો ઘટે.

(૩) **વૃત્તિસંક્ષેપ** : જેના વડે જીવતા રહી શકાય, તેને વૃત્તિ કહેવામાં આવે છે. ભોજન અને પાણી એ વૃત્તિ

છે. તેનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સંક્ષેપ કરવો, એ વૃત્તિસંક્ષેપ કહેવાય છે. એને સામાન્ય રીતે આપણે અભિગ્રહના નામથી ઓળખીએ છીએ. અમુક જાતની ભિક્ષા મળે તો જ લેવી, એ દ્રવ્યસંક્ષેપ; એક, બે કે અમુક ઘરમાંથી જ ભિક્ષા મળે તો લેવી, એ ક્ષેત્રસંક્ષેપ; દિવસના પ્રથમ પ્રહરમાં કે મધ્યાહ્ન પછી જ ભિક્ષા લેવા જવું, એ કાલસંક્ષેપ; સાધુઓને મધ્યાહ્ને ગોચરી કરવાની હોય છે, એ દૃષ્ટિએ અહીં પ્રથમ પ્રહર અને મધ્યાહ્ન પછીના પ્રહરને કાલસંક્ષેપ ગણવામાં આવ્યો છે. અને અમુક સ્થિતિમાં રહેલી વ્યક્તિ ભિક્ષા આપે તો લેવી, એ ભાવસંક્ષેપ. આ પડતા કાળમાં પણ જૈન મહાત્માઓ અભિગ્રહ ધારણ કરે છે અને તેમાંના કેટલાક તો ઘણા ઉગ્ર હોય છે. જેમ કે હાથી લાડુ વહોરાવે તો જ આહાર લેવો. માતા, પુત્રી અને પુત્રવધુ ત્રણ સાથે મળીને વહોરાવે તો જ વહોરવું. આ બધા સંયોગો ક્યારે મળે? એનો વિચાર કરો. તાત્પર્ય કે આ અભિગ્રહો પણ ઘણા ઉગ્ર ગણાય.

(૪) **રસત્યાગ** : મધ, મદિરા, માંસ અને માખણ એ ચાર મહારસો કે મહાવિગઈઓ મુમુક્ષુને માટે સર્વથા અભક્ષ્ય છે. બાકીની દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન એ છ વિગઈઓ છોડવી તેને રસત્યાગ કહેવાય. છ ન છોડે અને ઓછી છોડે તો પણ એ રસત્યાગ કહેવાય. એ રસત્યાગ પહેલાં કરતાં ઉતરતી કોટિનો, પણ રસત્યાગ તો ખરો જ. આયંબિલ એ રસત્યાગની મુખ્ય તપશ્ચર્યા છે.*

* આયંબિલનો શાસ્ત્રીય અર્થ શો? તેના પ્રકારો કેટલા? તેમાં

(૫) **કાયક્લેશ** : સંયમનિમિત્તે કાયાને પડતું કષ્ટ સહન કરી લેવું, એ કાયકલેશ નામનું તપ કહેવાય. ટપાલી રોજના છ–સાત ગાઉ ચાલે, કઠિયારો જંગલમાં પગે રખડે કે ભૂત ઊનાળાનો તાપ સહન કરે એ કષ્ટ કહેવાય, પણ કાયકલેશ નામનું તપ ન કહેવાય, કારણ કે તેમાં કર્મની નિર્જરા કરવાની ભાવના નથી.

(૬) **સંલીનતા** : ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી, કષાયનાં કારણો ઉપસ્થિત થયા છતાં કષાય કરવો નહિ તથા મન, વચન, કાયાની અને તેટલી ઓછી પ્રવૃત્તિ કરવી, એ સંલીનતા કહેવાય. સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં રહેવું, એ પણ સંલીનતા જ કહેવાય.

(૭) **પ્રાયશ્ચિત** : જ્યાં સુધી છદ્મસ્થતા છે, અપૂર્ણતા છે, ત્યાં સુધી ભૂલો થઈ જવાનો સંભવ છે. પણ ભૂલ થવાનું ભાન થાય કે તે માટે પશ્ચાત્તાપ કરવો જોઈએ અને તે વસ્તુનો ગુરુ આગળ એકરાર કરી, તેઓ જે પ્રાયશ્ચિત્ત આપે તે સ્વીકારવું જોઈએ. આ રીતે પાપનું પ્રાયશ્ચિત્ત કરવાથી આત્માની શુદ્ધિ થાય છે, તેથી તેને પ્રાયશ્ચિત્ત નામનું અભ્યંતર તપ ગણવામાં આવે છે. યક્ષાવિષ્ટ અર્જુનમાળીએ અનેક સ્ત્રીપુરુષોની હત્યા કરી હતી, પણ પોતાની ભૂલોનું ભાન

શું કલ્પે અને શું ન કલ્પે? તેની જ્ઞાન–દર્શન–ચારિત્ર પર કેવી અસર થાય છે? વગેરે વિષયો જૈન શિક્ષાવલીની બીજી શ્રેણીના નવમા નિબંધ તરીકે પ્રકટ થયેલા અમારા લખેલા 'આયંબિલ–રહસ્ય' નામના નિબંધમાં દર્શાવેલા છે. **સંપાદક.**

થતાં ખરા હૃદયથી પશ્ચાત્તાપ કર્યો તો સાધુત્વ પામી મુક્તિને વર્યો. દૃઢપ્રહારી વગેરેનાં દૃષ્ટાંતો પણ એવાં જ છે.+

(૮) **વિનય** : એટલે શિષ્ટાચાર, અંતરંગ ભક્તિ. જે વિનય કરે તેને વિદ્યા (આત્મજ્ઞાન) મળે અને તેથી ભવસાગર તરે. વિનય પાંચ પ્રકારનો છે: (૧) જ્ઞાનનો વિનય, (૨) દર્શનનો વિનય, (૩) ચારિત્રનો વિનય, (૪) તપનો વિનય અને (૫) ઉપચાર વિનય. આ પાંચે પ્રકારના વિનયને અભ્યંતર તપશ્ચર્યા કહેવાય.

(૯) **વૈયાવૃત્ત્ય** : ધર્મસાધનનિમિત્તે અન્ન–પાન વગેરે વિધિપૂર્વક મેળવી આપવાં, તેમ જ સંયમની આરાધના કરનાર ગ્લાન વગેરેની સેવાભક્તિ કરવી, એ વૈયાવૃત્ત્ય–વેયાવચ્ચ કહેવાય. વૈયાવૃત્ત્ય દશ પ્રકારનું છે: (૧) આચાર્યનું, (૨) ઉપાધ્યાયનું, (૩) સ્થવિરનું, (૪) તપસ્વીનું, (૫) ગ્લાન એટલે માંદા કે અશક્તનું, (૬) શૈક્ષ્ય એટલે નવદીક્ષિતનું, (૭) કુલનું, (૮) ગણનું, (૯) સંઘનું અને (૧૦) સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારનું. વયાવૃત્ત્ય અંગે મહર્ષિ નંદિષેણનો દાખલો પ્રસિદ્ધ છે.*

(૧૦) **સ્વાધ્યાય** : આત્માના કલ્યાણ અર્થે શાસ્ત્રોનું અધ્યયન કરવું તે સ્વાધ્યાય કહેવાય. સ્વાધ્યાયમાં મગ્ન રહેનાર પોતાના આત્માને શુભ અધ્યવસાયવાળો કરી શકે છે, તેથી તેનો સમાવેશ અભ્યંતર તપમાં થાય છે. સ્વાધ્યાય

+ દૃઢપ્રહારીની કથા છત્રીશમા વ્યાખ્યાનમાં કહેવાયેલી છે.

* મહર્ષિ નંદિષેણની કથા ચોવીશમા વ્યાખ્યાનમાં કહેવાયેલી છે.

પાંચ પ્રકારનો છે: (૧) **વાચના** એટલે શાસ્ત્રના મૂળ પાઠો તથા અર્થ ગ્રહણ કરવા. (૨) **પૃચ્છના** એટલે ન સમજાયેલી બાબતો પૂછવી. (૩) **પરાવર્તના** એટલે ગ્રહણ કરેલા પાઠ તથા અર્થોનું પુનરાવર્તન કરવું. (૪) **અનુપ્રેક્ષા** એટલે અર્થના ઉપયોગપૂર્વક પરાવર્તન કરવું અને (૫) **ધર્મકથા** એટલે ધર્મનો બોધ થાય તેવી વ્યાખ્યાન–વાણીની પ્રવૃત્તિ કરવી. સાધુ વ્યાખ્યાન આપે છે, તે એમને સ્વાધ્યાયરૂપ છે. જપને સ્વાધ્યાય કહેવામાં આવે છે. તે મનનો નિગ્રહ કરનાર હોવાથી અભ્યંતર તપમાં સમાવેશ પામે છે.

(૧૧) **ધ્યાન** : કોઈ પણ વિષય પર મનને એકાગ્ર કરવું, એ ધ્યાન કહેવાય. ધ્યાનના ચાર પ્રકારો પૈકી આર્ત્ત-ધ્યાન અને રૌદ્રધ્યાન અશુભ હોવાથી ત્યાજ્ય છે, એટલે અહીં ધ્યાન શબ્દથી ધર્મધ્યાન અને શુકલધ્યાન સમજવું. આ બંને ધ્યાનોનો પરિચય ગુણસ્થાનના વિવેચનપ્રસંગે અમે આપી દીધેલો છે.

(૧૨) **ઉત્સર્ગ કે વ્યુત્સર્ગ** : ઉત્સર્ગ એટલે ત્યાગ, વ્યુત્સર્ગ એટલે વિશેષ ત્યાગ. બંને શબ્દો અહીં ત્યાગના અર્થમાં જ સમજવાના છે. વ્યુત્સર્ગ બે પ્રકારનો છે: દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. તેમાં દ્રવ્યવ્યુત્સર્ગના ચાર પ્રકારો છે: (૧) ગણવ્યુત્સર્ગ એટલે લોકસમૂહનો ત્યાગ કરીને એકાકી વિચરવું. (૨) શરીરવ્યુત્સર્ગ એટલે શરીર પરની મમતા છોડી દેવી. (૩) ઉપધિવ્યુત્સર્ગ એટલે વસ્ત્ર, પાત્ર વગેરે ઉપધિ ઉપરની મમતા છોડી દેવી. (૪) ભક્તપાન–

વ્યુત્સર્ગ એટલે આહાર પાણીનો ત્યાગ કરવો. આને આપણે સંથારો કહીએ છીએ. ભાવવ્યુત્સર્ગના ત્રણ પ્રકારો છે: (૧) કષાયવ્યુત્સર્ગ એટલે કષાયનો સંપૂર્ણ ત્યાગ કરવો. (૨) સંસારવ્યુત્સર્ગ એટલે સંસારનો ત્યાગ કરવો અને (૩) કર્મવ્યુત્સર્ગ એટલે આઠે પ્રકારનાં કર્મોનો ત્યાગ કરવો. આ તપમાં શરીર વ્યુત્સર્ગ એટલે કાયોત્સર્ગની ગણના વિશેષ થાય છે. તેમાં કાયાને એક આસનથી, વચનને મૌનથી અને મનને ધ્યાનથી કાબૂમાં રાખવાનું હોય છે.

કેટલીક સૂચનાઓ

તપ એ કર્મનિર્જરાનું મુખ્ય સાધન છે, એટલે તેનું આરાધન કર્મનિર્જરા માટે જ કરવું. તપથી કેટલીક સિદ્ધિઓ મળે છે અને લાભ પણ થાય છે, પરંતુ એ કોઈ હેતુથી તપ કરવાનું નથી.

તપ શક્તિ મુજબ કરવું અને ધીમે ધીમે આગળ વધવું. જો તપ કરતાં આત્માના પરિણામ પડી જતા હોય અને ભવિષ્યમાં તપની ભાવના ટળી જતી હોય તો એવું શક્તિ બહારનું તપ કરવું યોગ્ય નથી. માટે ગીતાર્થ ગુરુની આજ્ઞા મુજબ તપ કરવું. ગુરુની આજ્ઞા વિરુદ્ધ તપ કરતાં વિરાધકતા આવે છે.

આત્માને જે પુરુષાર્થ જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના માટે કરવાનો છે, તે આ બાર પ્રકારનાં તપને વિષે પણ એવી જ રીતે કરવાનો છે, કારણ કે તેથી કર્મની નિર્જરા


થાય છે અને આત્મશુદ્ધિ પ્રાપ્ત થતી જાય છે. પરિણામે એક દિવસ સકલ કર્મનો ક્ષય થાય છે અને શુદ્ધ, બુદ્ધ, નિરંજન બની શકાય છે.

કર્મની વ્યાખ્યાનમાળા અહીં પૂરી થાય છે. હવે ધર્મ સંબંધી અવસરે કહેવાશે.

આત્મતત્ત્વવિચાર

ત્રીજો ખંડ

ધર્મ





વ્યાખ્યાન ચોત્રીશમું

ધર્મની આવશ્યકતા

મહાનુભાવો !

તમે પ્રથમ એકડો ઘૂંટો છો, પછી બગડો ઘૂંટો છો, અને પછી તગડો ઘૂંટો છો; તેમ તત્ત્વજ્ઞો પ્રથમ આત્માનો વિચાર કરે છે, પછી કર્મનો વિચાર કરે છે અને પછી ધર્મનાં વિચાર કરે છે. તમે આપણી ષટ્સ્થાનની પ્રરૂપણા જોશો, એટલે આ વાતનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. ષટ્સ્થાનની પ્રરૂપણા આ પ્રમાણે છે :—

(૧) આત્મા છે.

(૨) તે નિત્ય છે.

(૩) તે કર્મનો કર્તા છે.

(૪) તે કર્મફળનો ભોક્તા છે.

(૫) તે કર્મોને તોડવાની તાકાત ધરાવે છે. અને

(૬) કર્મોને તોડવાનો ઉપાય સુધર્મ છે.

લોકો કહે છે કે 'વર વિના જાન હોય નહિ,' તેમ તત્ત્વજ્ઞો કહે છે કે 'આત્મા વિના કર્મ કે ધર્મની વિચારણા હોય નહિ.' જો આત્મા ન હોય તો કર્મ કોણ બાંધે અને તેનું ફળ કોણ ભોગવે ? લાકડું, લોઢું કે પત્થર કર્મ બાંધવાની કે તેનાં ફળો ભોગવવાની શક્તિ ધરાવતાં નથી.

આત્માને કર્મનું બંધન છે અને તેનું ફળ ભોગવવું પડે છે, તેથી જ તેને તોડવાનો વિચાર કરવો પડે છે. જો આત્માને કર્મનું બંધન ન હોય અને તેનું ફળ ભોગવવું પડતું ન હોય, તો તેને તોડવાનો વિચાર કરવાની જરૂર રહેતી નથી. આપણે દોરડાથી બંધાયેલા હોઇએ, તો જ તેમાંથી છૂટવાનો વિચાર કરીએ છીએ. બંધાયેલા ન હોઈએ તો છૂટવાનો વિચાર કરતા નથી. કર્મનાં બંધનને તોડવાનો ઉપાય શું ? એનો વિચાર કરતાં ધર્મ–સુધર્મ પર આવવું પડે છે. જો સુધર્મનું આરાધન યોગ્ય રીતે થાય તો જ કર્મોનું બંધન તૂટે અને આત્મા તેની અસરમાંથી મુક્ત થઈ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશી શકે. આ વસ્તુસ્થિતિ લક્ષમાં લઈને જ અમે પ્રથમ આત્માનો વિષય ચલાવ્યો, પછી કર્મનો વિષય ચલાવ્યો અને હવે ધર્મનો વિષય ચલાવીએ છીએ.

આત્મા અને કર્મનાં સ્વરૂપ પર વિવેચન કરતાં ધર્મ સંબંધી પણ કેટલુંક કહેવાયું છે, પણ તે છૂટું છવાયું; તેની પદ્ધતિસરની વિચારણા હવે થાય છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દઇએ કે અપેક્ષાવિશેષથી તો આ આખી યે વ્યાખ્યાનમાળા ધર્મને લગતી જ છે, કારણ કે અમે ધર્મ સિવાય બીજા વિષયો પર વ્યાખ્યાન આપતા નથી. આપણા શાસ્ત્રકાર મહર્ષિઓનું ફરમાન છે કે મુનિએ ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા, રાજકથા આદિ વિકથાઓનો ત્યાગ કરીને પરમ ધર્મકથા જ કહેવી, જેથી પોતાને સ્વાધ્યાયનો લાભ થાય અને શ્રોતાઓને ધર્મનો લાભ થાય.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર એ આપણું પવિત્ર જિનાગમ

છે અને તે મુમુક્ષુઓને ધર્મ પમાડવા માટે જ વંચાય છે. તેનાં છત્રીશમા અધ્યયનમાં આવતાં અલ્પસંસારી આત્માનાં વર્ણન પરથી આ આખી વ્યાખ્યાનમાલા ઉદ્ભવી છે, તે તમે જાણો છો.

મહાનુભાવો ! આજે ભૌતિકવાદનો ભયંકર ભોરીંગ ભૂમંડળને ભરડો લઈ રહ્યો છે. અને પરિસ્થિતિ પ્રથમ કરતાં ઘણી ખરાબ છે.

પ્રથમ તો બાળક માતાનાં પેટમાં હોય ત્યારથી જ તેને ધર્મના સંસ્કારો પડતા, જન્મ્યા પછી તે ધાર્મિક વાતાવરણમાં જ ઉછરતું અને મોટી વયે તેને જે શિક્ષણ આપવામાં આવતું, તે પણ ધર્મની મુખ્યતા રાખીને જ આપવામાં આવતું. વળી સમાજ અને રાજ્ય બંને પર ધર્મનું વર્ચસ્વ હતું, એટલે ધર્મ શા માટે કે ધર્મની આવશ્યકતા શી ? એવો પ્રશ્ન ભાગ્યે જ પૂછાતો. પરંતુ આજે તો સારાં સારાં ઘરના છોકરાઓ કે યુવાનો આવો પ્રશ્ન પૂછી રહ્યા છે.

ધર્મની આવશ્યકતા વિષે એક સંવાદ

હજી ગઈ કાલની જ વાત છે કે જ્યારે એક સુશિક્ષિત યુવાને અમને પૂછ્યું હતું કે 'ધર્મ ન કરીએ તો ન ચાલે ?' અમે તેના ઉત્તરમાં જણાવ્યું હતું કે 'ભાગ્યશાળી ! જો વિકટ જંગલમાં પ્રવાસ કરનારને ભોમિયા વિના ચાલે, વેપારવણજ કરનારને દ્રવ્ય વિના ચાલે, અથવા ઔદારિક શરીરને આહાર વિના ચાલે, તો મનુષ્યને ધર્મ કર્યા વિના ચાલે.'

અમારો આ ઉત્તર સાંભળીને એ યુવાને કહ્યું : 'જો

ભોમિયો ન હોય તો જંગલમાં ભૂલા પડીએ અને વાઘવરૂથી માર્યા જઈએ અથવા ચોરલૂંટારાથી લૂંટાઇ જઇએ. પાસે દ્રવ્ય ન હોય તો બજારમાં આંટ જામે નહિ અને વેપાર-વણજ થઇ શકે નહિ. તે જ રીતે શરીરને આહાર ન આપીએ તો એ શોષાઇ જાય, નબળું પડે અને પરિણામે નાશ પામે, પરંતુ ધર્મ ન કરીએ તો જીવનમાં કંઇ અટકી પડતું નથી. ઘણા માણસો જીવનમાં કંઇ પણ ધર્મ ન કરવા છતાં સુખી હોય છે અને સમાજમાં માન-પાન પામે છે.'

જે વિચારો આજે વાતાવરણમાં ફેલાઇ રહ્યા છે, જેનો આજે છડેચોક પ્રચાર થઇ રહ્યો છે, તેનો પડઘો આ દલીલમાં પડ્યો હતો. કૂવામાં હોય તે હવાડામાં આવે એમાં કંઇ નવાઇ નથી. અમે કહ્યું : 'ભાગ્યશાળી ! આટલું જ શા માટે ? તમે આગળ વધીને એમ પણ કહી શકો છો કે આ જગતમાં પશુઓની સંખ્યા બહુ મોટી છે. તેમને ધર્મ કર્યા વિના ચાલે છે, તો મનુષ્યને કેમ ન ચાલે ? અથવા એથી પણ આગળ વધીને એમ કહી શકો છો કે આ પૃથ્વીમાં જંતુઓ અને કીડાઓ બેસુમાર છે, તેઓ ધર્મ કરતા નથી, તો અમે શા માટે કરીએ ?'

યુવાને કહ્યું : 'જંતુઓ, કીડાઓ કે પશુઓ સાથે મનુષ્યની સરખામણી કરવી ઉચિત નથી.'

અમે કહ્યું : 'કેમ ઉચિત નથી ? એ પણ પ્રાણી છે અને તમે પણ પ્રાણી છો. જે પ્રાણને ધારણ કરે તે પ્રાણી. એક પ્રાણીની બીજા પ્રાણી સાથે સરખામણી થાય, એમાં અનુચિત શું ?'

યુવાને કહ્યું : 'જેમ વૃક્ષ-વૃક્ષમાં ફેર હોય છે, પુષ્પ-પુષ્પમાં ફેર હોય છે, તેમ પ્રાણી-પ્રાણીમાં ફેર હોય છે. મનુષ્ય બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે, એટલે તેની સરખામણી ક્ષુદ્ર કોટિનાં પ્રાણીઓ સાથે થઇ શકે નહિ.'

અમે કહ્યું : 'તમે બધા પ્રાણીઓમાં મનુષ્યને શ્રેષ્ઠ શાથી માનો છો ?'

યુવાને કહ્યું : 'મનુષ્યમાં મન છે, બુદ્ધિ છે, તેથી તેને બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ માનીએ છીએ. મનુષ્ય પોતાની બુદ્ધિ વડે સ્વાર્થ સમજી શકે છે અને તે માટે જરૂરી પ્રવૃત્તિ કરી શકે છે.'

અમે કહ્યું : 'આનો અર્થ તો એ થયો કે અન્ય પ્રાણીઓ નિઃસ્વાર્થી છે અને મનુષ્ય સ્વાર્થી છે. પણ સ્વાર્થી થવું, એકલપેટા થવું, એ કંઇ શ્રેષ્ઠતાનું લક્ષણ નથી. જે મનુષ્યો સ્વાર્થી બનીને બીજાનું અહિત કરે છે, બીજાને નુકશાન પહોંચાડે છે, તેને આપણે સારો કે શ્રેષ્ઠ કહેતા નથી, પણ અધમ કે નીચ કહીએ છીએ.'

અહીં પેલો યુવાન કંઇક અચકાયો. હવે નવી દલીલ શી કરવી, એ તેને સૂઝ્યું નહિ. અમે કહ્યું : 'મહાનુભાવ ! તમે શિક્ષણ તો સારું લીધું છે, પણ આપણા મહાપુરુષોએ શું કહ્યું છે, તે વાંચ્યું-વિચાર્યું નથી. તમને સેકસપિયર, શેલી કે મિલ્ટનનાં કાવ્યો વાંચવા ગમે છે, પણ આપણાં સંત પુરુષોએ કહેલાં સુભાષિતો વાંચવા ગમતાં નથી. આપણાં એક સુભાષિતમાં કહ્યું છે કે-

बुद्धेः फलं तत्त्वविचारणं च,
देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानम्,
वाचः फलं प्रीतिकरं नराणाम् ॥

'બુદ્ધિનું ફલ તત્ત્વની વિચારણા છે, દેહનું ફલ વ્રતની ધારણા છે, ધનનું ફળ સુપાત્રને વિષે દાન છે અને વાણીનું ફલ બીજાને પ્રીતિકર થવું એ છે.' તાત્પર્ય કે મનુષ્યને બુદ્ધિ મળી છે, તો તેણે એ બુદ્ધિ વડે તત્ત્વની વિચારણા કરવી જોઈએ. જો એ તત્ત્વની વિચારણા કરે તો સાચું શું અને ખોટું શું? હિત શું અને અહિત શું? એ બરાબર સમજી શકે અને હિતને આચરવામાં સમર્થ થાય. જે મનુષ્યો બુદ્ધિ મળવા છતાં તત્ત્વની વિચારણા કરતા નથી, તેમનામાં અને પશુઓમાં વાસ્તવિકતાએ કશો જ તફાવત નથી.

તમે બીજું પણ એક સુભાષિત સાંભળો :

येषां न विद्या न तपो न दानं,
न चापि शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भारभूता,
मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

'જેમણે બુદ્ધિ મળવા છતાં વિદ્યાનું અધ્યયન કર્યું નથી, શીલની આરાધના કરી નથી, કોઈ સારો ગુણ પ્રાપ્ત કર્યો નથી કે ધર્મનું આચરણ કર્યું નથી, તેઓ આ જગતમાં પૃથ્વીને ભારભૂત છે અને મનુષ્યનાં રૂપમાં પશુઓ તરીકે જ પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે.'

યુવાને કહ્યું : 'આ વાત તો હું પણ કબૂલ રાખું છું.'

અમે કહ્યું : 'જો એ વાત કબૂલ રાખતા હો તો 'હું ક્યાંથી આવ્યો અને હાલ મારું કર્તવ્ય શું છે?' તેના પર બરાબર વિચાર કરો. મનુષ્ય કંઈ એમને એમ આ જગતમાં પટકાઈ પડ્યો નથી. કેટલાક કહે છે કે માતા-પિતાએ વિષયભોગ કર્યો, એટલે અમારો આ દુનિયામાં જન્મ થયો, પણ કેવળ શુક્ર અને શોણિતનો સંયોગ થવાથી જીવન ઉત્પન્ન થતું નથી; એ તો પૌદ્ગલિક ક્રિયા છે. તેમાં આત્મા પ્રવેશ કરે, ત્યારે જ જીવન ઉત્પન્ન થાય છે, એટલે માતાપિતાનો વિષયભોગ એ નિમિત્ત છે અને ઉપાદાનકારણ તો આત્માએ પૂર્વજન્મમાં બાંધેલાં કર્મો જ છે.

આત્મા કર્મવશાત્ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે, તે પોતાનાં કર્માનુસાર જુદી જુદી ગતિઓ અને યોનિઓમાં ઉત્પન્ન થાય છે. એમ કરતાં તેની પાસે પુણ્યની મૂડી સારાં પ્રમાણમાં એકઠી થાય ત્યારે તે મનુષ્ય-જન્મ પામે છે. શાસ્ત્રકારોએ મનુષ્યજન્મને દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે, એટલે આત્મા ઘણાં કષ્ટે અને ઘણા કાળે મનુષ્ય-જન્મ પામે છે, એમ સમજવાનું છે. તમે પ્રથમ એમ કહ્યું કે 'ઘણા માણસો જીવનમાં કંઈ પણ ધર્મ ન કરવા છતાં સુખી હોય છે અને સમાજમાં માનપાન પામે છે.' તે આ પુણ્યની મૂડીનો પ્રભાવ સમજવો. એ પુણ્યની મૂડીને ખાઈને ખલાસ કરવી યોગ્ય છે કે વધારવી યોગ્ય છે, એ વિચારી જુઓ.

જે માણસો પોતાની મૂડી બેઠા બેઠા ખાઈ જાય છે અને તેમાં કંઈ પણ ઉમેરો કરતા નથી, તેના હાલ

આખરે કેવા થાય છે, તે તમે જાણતા જ હશો. તેમને પૈસા–પૈસા માટે ટળવળવું પડે છે અને સગાંસંબંધીઓ કે લાગતાવળગતાની દયા પર નભવું પડે છે. અરેખર ! તેમની હાલત બહુ કફોડી થાય છે. બીજી બાજુ જે મનુષ્યો પોતાની મૂડી વાપરે છે, પણ તેમાં રોજ થોડો થોડો ઉમેરો કરતા રહે છે, તેમની મૂડી કદી ખલાસ થતી નથી. આથી તેઓ બધો વખત સુખી રહી શકે છે અને પોતાની લાજ-આબરૂ જાળવી શકે છે. સુજ્ઞ મનુષ્યો આ બીજી હાલતને જ પસંદ કરે છે. તો પછી મનુષ્યનું કર્તવ્ય એ જ રહે કે તેણે રોજ ધર્મ કરતા રહેવો અને પોતાની પુણ્યની મૂડીમાં વધારો કરવો.

તમે કહ્યું કે 'ધર્મ વિના જીવનમાં કંઈ અટકી પડતું નથી.' પણ મોટરમાં પેટ્રોલ ભર્યું હોય ત્યાં સુધી જ તે મોટર ચાલે છે, પછી અટકીને ઊભી રહે છે. તે જ રીતે જ્યાં સુધી મનુષ્યનું પુણ્ય પહોંચતું હોય, ત્યાં સુધી બધાં અમનચમન અને સુખસાહ્યબી જણાય છે, પણ એ પુણ્ય ખલાસ થયું કે તે બધાનો એકાએક અંત આવી જાય છે. કહ્યું છે કે–

પુણ્ય–વિવેક–પ્રભાવથી, નિશ્ચય લક્ષ્મીનિવાસ;
જ્યાં લગી તેલ પ્રદીપમાં, ત્યાં લગી જ્યોતિપ્રકાશ.

શું આ વાત માનવાને તમે તૈયાર નથી?

મહાનુભાવ ! જીવન તો સહુનું પૂરું થઈ જાય છે, કોઈનું વહેલું અને કોઈનું મોડું. પણ તેજ જીવન સાર્થક

ગણાય છે કે જેનો વધારેમાં વધારે ઉપયોગ ધર્મનાં આરાધન અર્થે થયો હોય. આજે તમે કોનાં નામ યાદ કરો છો ? ધર્મનું આરાધન કરનારાઓનાં કે નહિ કરનારાઓનાં ?

જેઓ ધર્મનું યથાવિધિ સુંદર આરાધન કરે છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે. નંદિષેણ મુનિની કથા સાંભળો, એટલે તમને આ વાતની ખાતરી થશે.

ધર્મારાધન પર નંદિષેણ મુનિની કથા

નંદિષેણ મુનિ ઉત્કટ ત્યાગી અને તપસ્વી હતા. તેઓ કાલક્રમે ગીતાર્થ બન્યા હતા અને તેમણે સાધુઓનું વૈયાવૃત્ત્યx કરવાનો અભિગ્રહ કર્યો હતો. આ અભિગ્રહ પ્રમાણે તેઓ બાલ, શૈક્ષ્ય, ગ્લાન વગેરે મુનિઓનું અનન્ય મને અદ્‌ભુત વૈયાવૃત્ત્ય કરતા હતા. તેમના આ અભિગ્રહની વાત સર્વત્ર પ્રસરી ગઈ હતી અને તેની સુવાસ દેવલોકમાં પણ પહોંચી હતી.

એક દિવસ ઇંદ્ર મહારાજે દેવસભામાં નંદિષેણ મુનિનાં અદ્‌ભુત વૈયાવૃત્ત્યની પ્રશંસા કરી. તે એક દેવથી સહન થઈ નહિ. દેવોમાં પણ મત્સર, અસૂયા વગેરે દોષો હોય છે. આ દેવે નંદિષેણ મુનિની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

દેવો ક્ષણમાત્રમાં મનધાર્યું રૂપ કરી શકે છે અને આંખના પલકારામાં જ્યાં જવું હોય ત્યાં પહોંચી જાય છે. આ દેવ, નંદિષેણ મુનિ જે ગામમાં વિરાજતા હતા, તેની ભાગોળે આવ્યો અને ત્યાં બે સાધુનાં રૂપ કર્યાં. તે બે સાધુ-

x સેવા – શુશ્રૂષા.

એમાં એક ઘરડા અને રોગી બન્યા અને બીજો યુવાન નીરોગી બન્યો. આ બેડીએ નંદિષેણ મુનિની કેવી આકરી કસોટી કરી, તે હવે જોવાનું છે.

નંદિષેણ મુનિને આજે પારણાનો દિવસ હતો, તેઓ પારણું કરવાની તૈયારી કરતા હતા, ત્યાં પેલો યુવાન સાધુ આવી પહોંચ્યો. તેણે નંદિષેણ મુનિને કહ્યું : 'હે ભદ્ર! આ નગરની બહાર અતિસારના રોગવાળા એક ઘરડા મુનિ ક્ષુધા અને તૃષાથી પીડાય છે અને તું તો અહીં પારણું કરવા બેસી ગયો. શું તારી પ્રતિજ્ઞાનું તને સ્મરણ છે ખરું?'

આ શબ્દો સાંભળતાં જ નંદિષેણ મુનિએ પારણું કરવાનું મુલતવી રાખ્યું અને શુદ્ધ પાણી વહોરી લાવીને તેઓ નગર બહાર મુનિવાળી જગાએ આવ્યા. તેમને જોતાં જ પેલા ઘરડા સાધુ તાડુક્યા: 'અરે અધમ! હું અહીં આવી અવસ્થામાં પડ્યો છું અને તું ગટપટ પારણું કરવા બેસી ગયો, તેથી તારી વૈયાવૃત્યની પ્રતિજ્ઞાને ધિક્કાર છે!'

તમે સેવામંડળો સ્થાપો છો અને સેવા કરવાની પ્રતિજ્ઞા લ્યો છો, પણ કોઈ બે શબ્દો કડવા કહે તો કેટલા તપી જાઓ છો? 'તમારા બાપના નોકર નથી. એક તો મફત કામ કરીએ અને ઉપરથી આવા શબ્દો સંભળાવો છો તો હવે અમારે આ મંડળમાં રહેવું નથી. અમે અત્યારે જ એમાંથી રાજીનામું આપીએ છીએ.' એમ કહીને તમે રાજીનામું આપો છો, પણ નંદિષેણ મુનિ આ ક્રોધવાળા શબ્દો સાંભળીને પોતાનાં સેવાવ્રતનું રાજીનામું આપે એવા ન હતા.

તેઓ સાચા ક્ષમાશ્રમણ હતા, એટલે તેમણે ક્ષમા, નમ્રતા, સરલતા, નિર્લોભ, શૌચ, સંતોષ, દયા વગેરે ગુણો જીવનમાં બરાબર ઉતાર્યા હતા. તેમણે શાંતિથી કહ્યું : 'હે મુનિવર! આપ મારા અપરાધને ક્ષમા કરો. હવે હું તમને થોડી જ વારમાં તૈયાર કરી દઈશ. મારી સાથે હું શુદ્ધ પાણી લેતો આવ્યો છું.'

પછી તે મુનિને પાણી પીવડાવ્યું અને તેમનાં કપડાં શરીર વગેરે સાફ કરીને બેઠા થવા કહ્યું, ત્યાં મુનિએ ફરી તાડુકીને કહ્યું : 'અરે મૂર્ખ! તું જોતો નથી કે હું કેટલો અશક્ત છું? આ હાલતમાં કેમ કરીને બેઠો થાઉં?'

નંદિષેણ મુનિએ આ શબ્દો શાંતિથી સાંભળી લીધા. પછી પેલા મુનિને કહ્યું : 'હું આપને હમણાં જ બેઠા કરું છું.' અને તેમને ધીમેથી બેઠા કર્યા તથા વિનયથી જણાવ્યું કે 'હે મુનિવર! જો આપની ઇચ્છા હોય તો હું આપને નગરમાં લઈ ચાલું. ત્યાં આપને વધારે શાતા રહેશે.'

મુનિએ કહ્યું : 'એમ ઠીક લાગે તો એમ કર. એમાં મને પૂછે છે શું?'

નંદિષેણ મુનિએ તેમને પોતાના ખભા પર બેસાડ્યા અને ધીમે ધીમે ચાલવા માંડ્યું. નિરંતર તપશ્ચર્યા કરવાથી નંદિષેણ મુનિનું શરીર દુર્બળ બની ગયું હતું, એટલે તેઓ ધીમે ધીમે ચાલતા હતા અને જોઈ જોઈને ડગલું ભરતા હતા, પણ પેલા બનાવટી મુનિને તો પરીક્ષા જ કરવી હતી, એટલે તેમણે ધીમે ધીમે પોતાનું વજન વધારવા માંડ્યું.

દેવો જેમ ધાર્યું રૂપ કરી શકે છે, તેમ ધાર્યું વજન વધારી કે ઘટાડી પણ શકે છે. મનુષ્યો યોગસાધના વડે આવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. અષ્ટમહાસિદ્ધિમાં ગરિમા લબ્ધિ છે, તે આ પ્રકારની યોગસિદ્ધિ છે.

ખભા પરનું વજન વધવાથી નંદિષેણ મુનિ ધ્રૂજવા લાગ્યા અને તેમનો પગ વાંકોચૂંકો પડવા લાગ્યો. આ વખતે પેલા મુનિએ કહ્યું: 'અરે અધમ! તું આ શું કરી રહ્યો છે? તારું ચાલવાનું કોઈ ઠેકાણું નથી. તેં તો મારાં આખાં શરીરને હચમચાવી નાખ્યું. શું આ સેવા કરવાના ઢંગ છે?'

વચનો ઘણાં કર્કશ હતાં, પણ નંદિષેણ મુનિ ક્ષોભ પામ્યા નહિ. તેમણે પૂર્વવત્ શાંતિથી કહ્યું: 'મારા આ પ્રમાણે ચાલવાથી આપને દુઃખ થયું હોય તો ક્ષમા કરજો. હવે હું બરાબર ચાલીશ.'

રસ્તામાં પેલા મુનિએ ખભા પર ઝાડો કર્યો કે જેની દુર્ગંધ અસહ્ય હતી. પણ નંદિષેણ મુનિનું રૂંવાડું યે ફરક્યું નહિ. તેઓ જેમ ચાલતા હતા, તેમજ ચાલતા રહ્યા અને મુનિને કોઈ જાતની પીડા ન થાય તેનું ધ્યાન રાખતા રહ્યા. રસ્તામાં ચાલતાં ચાલતાં નંદિષેણ મુનિ વિચાર કરવા લાગ્યા કે 'આ મુનિનો રોગ કેવી રીતે મટે અને ઝટ સારા થાય? તે માટે શું કરવું?'

તેઓ પોતાની વસ્તી પર (ઉપાશ્રયે) આવ્યા. દેવે અવધિજ્ઞાનથી જોયું અને તે જાણી ગયો કે આ મુનિ પોતાની

પ્રતિજ્ઞામાં અટલ છે, એટલે પોતાની માયા સંકેલી અને વિદ્યા તથા બંને સાધુઓ અદૃશ્ય થઈ ગયા. તરતજ તે દેવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને, મુનિને ત્રણ પ્રદક્ષિણા દઈને, નમસ્કારપૂર્વક કહેવા લાગ્યો કે 'હે મુનિ! આપને ધન્ય છે! આપ માનવકુલની શોભા છો! ઈંદ્ર મહારાજે આપને જેવા વર્ણવ્યા હતા, તેવાજ આપને પ્રત્યક્ષ જોયા છે. આથી હું ખૂબ પ્રસન્ન થયો છું અને આપ જે માંગો તે આપવા તૈયાર છું.'

કોઈ દેવ પ્રસન્ન થઈને તમને માગવાનું કહે તો તમે શું માગો? એક અપરિણિત આંધળા વણિકને કોઈ દેવે પ્રસન્ન થઈને કહ્યું હતું કે 'તું કોઈપણ એક વસ્તુ માંગી લે.' ત્યારે તેણે માગ્યું હતું કે 'મારા વચેટ દીકરાની વહુ સાતમા માળે સોનાની ગોળીમાં છાશ કરતી હોય તે હું રત્નજડિત હીંડોળા પર બેઠો બેઠો નજરે જોઈ શકું.' આ શબ્દોથી તેણે કેટલું માગી લીધું તે સમજાયું? 'વચેટ દીકરાની વહુ' એટલે ઓછામાં ઓછા ત્રણ પુત્રો અને તે બધા પરણેલા. પરણ્યા સિવાય પુત્ર થાય નહિ, એટલે પોતાને પરણવાનું પણ તેમાં આવી ગયું. 'સાતમે માળે સોનાની ગોળીમાં છાશ કરતી હોય,' એટલે સાત માળની હવેલી અને તેમાં ઊંચામાં ઊંચી જાતનું રાચરચીલું. એ સિવાય છાશ કરવાની ગોળી સોનાની ક્યાંથી હોય? વળી 'રત્નજડિત હિંડોળે બેઠો બેઠો નજરે જોઈ શકે' એટલે અપાર વૈભવ અને પોતાની આંખનો અંધાપો દૂર થવા–

પણું. આમાં દીર્ઘ આયુષ્ય પણ આવી ગયું, કારણ કે તે સિવાય ત્રણ પુત્રો યોગ્ય ઉમરના થઈ વિવાહિત થઈ શકે નહિ. તમે આથી કદાચ વધારે માગો, પણ ઓછું નહિ!

અહીં નંદિષેણ મુનિએ શું જવાબ આપ્યો, તે સાંભળોઃ 'હે દેવો! મહાદુર્લભ એવો ધર્મ મેં પ્રાપ્ત કર્યો છે. તેના કરતાં આ જગતમાં કઈ વસ્તુ સારી છે કે તમારી પાસે માગું? હું મારી સ્થિતિથી સંતુષ્ટ છું. મને કોઈ પણ વસ્તુની અપેક્ષા નથી.'

નંદિષેણ મુનિની આવી નિઃસ્પૃહતા જોઈ દેવનું મસ્તક ફરી તેમનાં પ્રત્યે ઝુકી પડયું અને તે એમનાં મુક્ત કંઠે વખાણ કરતો કરતો પોતાનાં સ્થાને સીધાવ્યો.

અમારા આ ઉત્તરથી પેલા યુવાનનાં મનનું સમાધાન થયું અને તે જીવનમાં ધર્મની આવશ્યકતા સ્વીકારવા લાગ્યો.

ધર્મ એ જીવનમાં આવશ્યક વસ્તુ ન હોય તો મહાપુરુષો તેનો ઉપદેશ શા માટે કરે? એ વિચારવું ઘટે છે. બધા તીર્થંકરો કેવળજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થયા પછી ધર્મતીર્થની સ્થાપના કરે છે, જેથી સંસારના પ્રાણીઓ એનો આધાર લઈને અપાર એવો સંસારસાગર તરવાને શક્તિમાન થાય.

અસાધારણ પ્રજ્ઞા ધરાવનારા ગણધર ભગવંતો એ ધર્મનો પ્રથમ સ્વીકાર કરે છે અને તેનો ઉપદેશ તથા પ્રચાર કરવામાં જીવનનું સાફલ્ય માને છે. આચાર્યો, ઉપાધ્યાયો તથા સાધુમુનિરાજો પણ એ જ માર્ગને અનુસરે છે અને ધર્મનું

પાલન કરવા-કરાવવામાં તત્પર રહે છે. તમને એમ લાગે છે ખરું કે આ બધા સમજ્યા વિના જ ધર્મની વાતો કરી રહ્યા છે?

નિર્ગ્રંથપ્રવચનમાં કહ્યું છે કેઃ-

लद्धूण माणुसत्तं कहंचि अईदुल्लहं भवसमुद्दे ।
सम्मं निउंजियव्वं, कुसलेहि सया वि धम्ममि ॥

'ભવસમુદ્રમાં કોઈ પણ રીતે અતિ દુર્લભ એવું મનુષ્યપણું પામીને ડાહ્યા માણસોએ તેને હમેશાં ધર્મમાં સારી રીતે જોડવું.'

અન્ય દર્શનોએ પણ ધર્મનો ઉપદેશ કર્યો છે, તે એટલા માટે જ કર્યો છે કે જેથી મનુષ્ય સંસ્કારી બને, શ્રેયનો માર્ગ સમજે અને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે. પરંતુ આજે તો એમ કહેનારા નીકળ્યા છે કે 'ધર્મ અફીણ જેવો છે, કારણ કે તેનું સેવન કરનારને સાંપ્રદાયિકતાનું ઝનુન ચડે છે. આ ઝનુનથી સામસામી તકરારો થાય છે અને સમાજનું સંગઠન તૂટી જાય છે. માટે ધર્મની આવશ્યકતા નથી.'

અહીં અમને કહેવા દો કે ગમે તેમ બોલવું, વગર વિચાર્યે બોલવું, એ સત્પુરુષનું લક્ષણ નથી. આપણી આંખે લીલા રંગના ચશ્મા ચડાવીને જોઈએ અને પછી જાહેર કરીએ કે દુનિયા લીલા રંગની છે, તો એ કોણ માનશે? એમાં તો લાલ, પીળો, વાદળી, કાળો, ધોળો વગેરે રંગો પ્રત્યક્ષ દેખાય છે.

સુજ્ઞ પુરુષે કોઇ પણ મતનું પ્રતિપાદન કરતાં પહેલાં તેનાં સાધક-બાધક પ્રમાણોનો પૂરતો વિચાર કરવો જોઇએ, પરંતુ ઉપરનાં કથનમાં આવી રીતે કોઇ વિચાર કરવામાં આવ્યો હોય તેમ જણાતું નથી.

આ જગતમાં એક જ પ્રકારનો ધર્મ હોત અને તે સાંપ્રદાયિકતાનું ઝનુન ચઢાવવાનું કામ કરતો હોત તો ઉપરનું કથન વ્યાજબી લેખાત, પણ આ જગતમાં અનેક પ્રકારના ધર્મો છે અને તે દરેકનું સ્વરૂપ જુદું જુદું છે, એટલે બધાને માટે એક સામાન્ય અભિપ્રાય ઉચ્ચારવો, એ વ્યાજબી નથી. આ તો ' ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા ' જેવો ન્યાય ગણાય.

આ જગતમાં કેટલાક ધર્મો એવા છે કે જે વિશ્વમૈત્રી, વિશ્વબંધુત્વ કે વિશ્વવાત્સલ્યનો ઉપદેશ કરે છે અને સર્વ જીવો સાથે મૈત્રીપૂર્ણ-સહાનુભૂતિભર્યો વર્તાવ કરવાનો અનુરોધ કરે છે. તેને તમે સાંપ્રદાયિકતાનું ઝનુન ચઢાવનાર શી રીતે કહેશો ? જો એ સાંપ્રદાયિકતાનું ઝનુન ચઢાવનાર નથી તો અફીણ જેવા શી રીતે ? અને સામસામી તકરારો કરાવનાર શી રીતે ? જો ઊંડા ઉતરીને જોશો તો માલુમ પડશે કે જગતને આજ સુધીમાં જે શાંતિ મળી છે, તે ધર્મને લીધે જ મળી છે. ધર્મ સમાજનું સંગઠન તોડતો નથી, પણ સમાજને સર્વોદય-સર્વકલ્યાણ તરફ લઈ જાય છે. જો ધર્મની આવશ્યકતા નથી, એમ કહીને મનુષ્યજીવનને ધર્મરહિત બનાવવામાં આવશે તો એ જીવનમાં કંઈ

સાર નહિ હોય. મનુષ્યનું જીવન ધર્મથી જ શોભે છે અને ધર્મથી જ વિકાસ પામે છે. તે અંગે આપણા મહાપુરુષોએ કહ્યું છે કે:—

निर्दन्तः करटी हयो गतजवश्चन्द्रो विना शर्वरी,
निर्गन्धं कुसुमं सरो गतजलं छायाविहीनस्तरुः ।
रूपं निर्लवणं सुतो मतगुणश्चारित्रहीनो यति—
र्निर्देवं भवनं न राजति तथा धर्मं विना मानवः ॥

करટી એટલે કુંજર કે હાથી. તે દંતશૂળવાળો હોય તો જ શોભે છે, તે વિના શોભતો નથી. હય એટલે અશ્વ કે ઘોડો. તેનામાં ચાલવાની ઝડપ હોય તો જ શોભે છે. તે ખદલો ચાલે કે ભાંડ ભાંડ ચાલે તો શોભતો નથી. આજે તો મોટાં મોટાં શહેરોમાં ઘોડાની શરતો રમાય છે. તેમાં કયો ઘોડો વખણાય છે ? ઝડપવાળો કે ઝડપ વિનાનો ? બીન-પ્લેસ વગેરેની રમત ઘોડાની ઝડપ પર જ આધાર છે. શર્વરી એટલે રાત્રિ. તે ચંદ્ર હોય તો જ શોભે. ચંદ્ર ઉગ્યો ન હોય કે ઉગીને અસ્ત થયો હોય, ત્યારે એ ભયંકર લાગે છે. રસોત્સવો પૂર્ણિમાએ ઉજવાય છે, અમાસે ઉજવાતા નથી.

કુસુમ એટલે ફૂલ. તેનામાં સુગંધ હોય તો જ તે શોભે. બટમોગરો અને બોરસલ્લી સહુ પસંદ કરે છે, આકડો અને આવળ કેમ પસંદ કરતા નથી ? सरः એટલે સરોવર. તે પાણીથી જ શોભે. તેમાં પાણી ભર્યું હોય તો કમળો ઉગે, અનેક પ્રકારનાં પક્ષીઓ આવે અને મનુષ્યો નૌકાવડે જળ-વિહાર કરી શકે. પરંતુ પાણી ચાલ્યું ગયું કે બધી શોભા

બલાસ. એ વખતે ન હોય કમળ, ન હોય પક્ષીઓ કે ન હોય નૌકા. **તરુ** એટલે વૃક્ષ કે ઝાડ. તે છાયા આપનારું હોય તો જ શોભે. છાયા ન આપે તો શોભે નહિ. વડ, આંબો, રાયણ વગેરે છાયા આપવાના ગુણને લીધે જ શોભે છે. તાડનું વૃક્ષ બિલકુલ છાયા આપતું નથી, એટલે તે શોભતું નથી.

રૂપ એટલે ઘાટ. તે લાવણ્ય હોય તો જ શોભે, અન્યથા શોભે નહિ. ધોળા ચામડાવાળા તો આ જગતમાં ઘણા છે, પણ તે બધા શોભતા નથી, કારણ કે તેમનામાં લાવણ્ય નથી. **સુત** એટલે પુત્ર. તે ગુણવાળો હોય તો જ શોભે. ગુણરહિત હોય તો બિલકુલ શોભે નહિ. '**वरमेको गुणी पुत्रो, न च मूर्खशतान्यपि**' એ કહેવતનો મર્મ પણ આ જ છે. **યતિ** એટલે સાધુ. તે ચારિત્રવાળો હોય તો જ શોભે. ચારિત્રરહિત હોય તો શોભે નહિ. ચારિત્રહીન સાધુને તો આપણે ત્યાં વંદન કરવાની પણ ના પાડવામાં આવી છે.

ભવન એટલે મહેલ કે મકાન, પરંતુ અહીં તેનો અર્થ મંદિર સમજવો. તે દેવથી જ શોભે છે, દેવ વિના શોભતું નથી. મનુષ્યનું પણ તેમ જ છે. જો તેનામાં ધર્મ હોય તો એ શોભે છે, અન્યથા શોભતો નથી.

ધર્મનું ગણિત કરનારાઓએ એક સમીકરણ (ફોર્મ્યુલા) એવું આપ્યું છે કે :—**માનવજીવન–ધર્મ = ૦.** જો મનુષ્યમાંથી ધર્મ લઈ લેવામાં આવે તો બાકી શૂન્ય રહે છે.

ખાવું, પીવું, એશઆરામ કરવો, એ બધી પ્રાકૃત ક્રિયાઓ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું કંઈ મૂલ્ય નથી.

આજ સુધીમાં અનંત જીવો મોક્ષે ગયા, તે બધા ધર્મનું આરાધન કરીને જ મોક્ષે ગયા છે. તેમાં એક પણ આત્મા એવો નથી કે જે ધર્મનું આરાધન કર્યા વિના જ ત્યાં પહોંચી ગયો હોય. સિદ્ધશિલાનાં સ્થાનમાં અધર્મી આત્મા દાખલ થઈ શકતો નથી, એ સિદ્ધ હકીકત છે.

ધર્મ વ્યક્તિનો વિકાસ સાધે છે, સમાજને સુવ્યવસ્થિત રાખે છે, રાષ્ટ્રની ઉન્નતિ કરે છે અને વિશ્વને એક કુટુંબ જેવું માનવાની બુદ્ધિ પેદા કરે છે.

વિનય, નમ્રતા, સરલતા, ઉદારતા, શાંતિ, ધૈર્ય, ક્ષમા, સંયમ, દયા, પરોપકાર, એ બધાં ધર્મારાધનનાં પ્રત્યક્ષ ફળો છે અને તેનો કોઈ પણ આત્મા અનુભવ કરી શકે છે.

જે સમાજમાં ધર્મની ઊંડી ભાવના હોય, તે કાળના ગમે તેવા વિષમ હલ્લા સામે ટકી રહે છે અને તે પ્રાયઃ સુખી હોય છે. જ્યારે ધર્મને છોડી દેનારો સમાજ થોડા જ વખતમાં અંધાધુંધીમાં અટવાઈ જાય છે અને તેનો નાશ થાય છે. રાષ્ટ્રનું પણ તેમજ છે. જે રાષ્ટ્રોએ માત્ર પશુબળ પર આધાર રાખ્યો, તે થોડા જ વખતમાં પૃથ્વીના પટ પરથી ભૂંસાઈ ગયા અને જેમણે ધર્મને સન્માન્યો, ધર્મને જીવનમાં ઉતાર્યો, તે ગમે તેવા વિષમ સંયોગોમાં પણ ટકી રહ્યાં. ભારતવર્ષ પર ઓછા હુમલા થયા નથી. અફઘાનો, પઠાણો, મોગલો અને છેવટે અંગ્રેજોએ તેને અનેક જાતના આઘાતો

મહિનાઓ, છતાં તે ટકી રહ્યું, કારણ કે તેનાં લોહીમાં ધર્મની ભાવના ભરી હતી અને તેણે સહનશીલતા આદિ ગુણો કેળવ્યા હતા.

જો ધર્મનો વ્યવસ્થિત પ્રચાર થાય તો રાષ્ટ્રો પોતાની કિન્નાખોરી ભૂલે, બીજાના હકોને માન આપતા થાય અને બધા એક જ માનવકુલનાં સંતાનો છીએ એમ સમજી શાંતિથી રહે. વિશ્વમાં શાંતિની સ્થાપના કરવા માટે ધર્મ–સુધર્મ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

મહાનુભાવો ! આત્માને કર્મની બલા અનાદિકાળથી વળગેલી છે. આ બલાને લઈને જ જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે અનેક પ્રકારની અરાઓ છે, તેથી આપણને આ કર્મની બલા ન જોઈએ. પણ 'ન જોઈએ' એમ કહેવા માત્રથી એ બલા ચાલી જતી નથી.

ઉંદરો કહે કે બિલાડી બિલકુલ ન જોઈએ, તેથી એ ચાલી જાય છે ખરી? જો બિલાડીને દૂર કરવી હોય તો કોઈ ઉપાય કરવો પડે છે. એક વાર બધા ઉંદરોએ ભેગા થઈને વિચાર કર્યો કે "બિલાડી એવી ચૂપકીથી આવી પહોંચે છે કે તેની આપણને ખબર પડતી નથી, માટે બિલાડીની ડોકે ઘંટ બાંધી દેવો, જેથી તે આવતી હોય ત્યારે ઘંટનો અવાજ થાય અને આપણ બધાને ખબર પડી જાય. પછી દોડીને ક્યાં છૂપાઈ જવું, એ આપણને આવડે છે.' બધાને આ ઉપાય ખૂબ ગમી ગયો. આવો સરસ ઉપાય સૂઝ્યો તે માટે ઘણો આનંદ થયો. પરંતુ બિલાડીની ડોકે ઘંટ

બાંધવા કોણ જાય? એ પ્રશ્ન ઊભો થયો, ત્યારે બધા એક-બીજાની સામું જોવા લાગ્યા અને કોઈ પણ આગળ આવ્યું નહિ. આથી વાત વાતનાં ઠેકાણે રહી અને ઉંદરો એ જ હાલતમાં પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યા.

આપણી સ્થિતિ પણ લગભગ આવી જ છે. જ્યારે કર્મથી થતી અરાઓનો વિચાર કરીએ છીએ, ત્યારે આપણાં મનમાં ઉત્સાહ થઈ આવે છે કે આપણે કર્મને મારી હઠાવીએ, કર્મનો નાશ કરી નાખીએ, પણ જ્યારે આગળ વધીને પુરુષાર્થ કરવાનો પ્રશ્ન આવે છે, ત્યારે ઠંડા પડી જઈએ છીએ. આથી કર્મની સત્તા અબાધિત રહે છે અને આપણી યાતનાઓનો અંત આવતો નથી.

એક માણસનું વર્તન તમને દુષ્ટ–ખરાબ–અનિચ્છનીય લાગતું હોય તો તેને કહી દો છો કે 'હવેથી તારે અમારાં ઘરમાં આવવું નહિ.' આમ છતાં તે ઘરમાં આવે તો તમે તેને ધમકાવો છો કે 'તેં આ ઘરમાં પગ શા માટે મૂક્યો? અહીંથી જલ્દી ચાલ્યો જા, નહિ તો જોયા જેવી થશે.' અને તે માણસ ચાલ્યો ન જાય તો તમે બાંય ચડાવો છો, તેને ધક્કો મારો છો અને વખતે ગળચીથી પકડીને પણ બહાર કાઢો છો. પરંતુ કર્મો અતિ દુષ્ટ–ખરાબ–અનિચ્છનીય હોવા છતાં તેના સંબંધમાં તમારું વર્તન આવું નથી. અને તમે આમંત્રણ આપીને ઘરમાં ઘાલો છો અને નિરાંતે પડ્યા રહેવા દો છો. પછી એ પોતાની દુષ્ટતા પૂરેપૂરી બતાવે ત્યારે પસ્તાવો કરો છો કે "અરેરે! કર્મે મારી દશા બહુ

ખૂરી કરી નાખી!' પરંતુ એથી શો દહાડો વળે? દુષ્ટને આશ્રય આપતાં પહેલાં જ વિચાર કરવો જોઈએ. જૂંએ આ જાતનો વિચાર ન કર્યો, તો તેને કેટલું સહન કરવું પડ્યું?

દુષ્ટને આશ્રય આપવા અંગે જૂંની વાત

રાજાનો મોટો પલંગ હતો. તેના પર દૂધ જેવી સફેદ ચાદર બિછાવેલી હતી. આ ચાદરના સાંધામાં એક જૂં રહેતી હતી. તે રાજા સૂઈ જાય ત્યારે ચાદરના સાંધામાંથી બહાર નીકળતી અને આસ્તેથી રાજાનું લોહી પી પાછી પોતાનાં સ્થાને ચાલી જતી. રાજા તો રોજ સારું સારું ખાનારો એટલે તેનું લોહી ઘણું મીઠું હતું. આથી જૂંને મજા આવતી અને તે પોતાના દિવસો સુખમાં નિર્ગમન કરતી.

હવે એક વખત એક માંકડ ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું: 'બહેન! હાલ મને બીજો આશરો નથી, માટે તારે ત્યાં આશરો આપ. હું તારો ઉપકાર જીંદગીભર નહિ ભૂલું. એક રાત ગાળીને હું બીજે ચાલ્યો જઈશ.' જૂંએ કહ્યું: 'તને આશરો આપવામાં વાંધો નથી, પણ તારો સ્વભાવ અતિ ચપળ રહ્યો, એટલે મને વિચાર થાય છે.' માંકડે કહ્યું: 'મારો સ્વભાવ અતિ ચપળ રહ્યો, એ વાત સાચી, પણ હું સમય ઓળખું છું. તમારે ત્યાં રહીને હું કોઈ જાતનું તોફાન કરીશ નહિ. માટે તમારે બેફીકર રહેવું.'

જૂં ઘણી ભલી હતી, એટલે તેણે માંકડનાં વચન પર વિશ્વાસ રાખ્યો અને તેને આશરો આપ્યો. માંકડ ચાદરના સાંધામાં એક જગાએ લપાઈ ગયો.

હવે રાત પડી અને રાજા પલંગ પર લેટ્યો. તેનાં લોહીની ગંધથી માંકડ ઊંચો-નીચો થવા લાગ્યો. તેણે ચાદરના સાંધામાંથી બહાર નીકળી રાજાને ચટકો ભરવાની તૈયારી કરી. પોતે જૂંને શું વચન આપ્યું હતું, તે ભૂલી ગયો; અથવા તો દુષ્ટોને પોતાનાં વચનની કિંમત હોય છે જ કયાં? સ્વાર્થ સરતો હોય તો તેઓ ગમે તેવાં વચનો આપે છે, પણ પાળવામાં મોટું મીંડું. 'તારી ગાય છું, મને છોડી દે, હવે ફરી આ દેશમાં નહિ આવું' એવું કહીને મહમ્મદ ઘોરી છ વાર પૃથ્વીરાજના હાથમાંથી છટકી ગયો હતો. આમ છતાં તેણે સાતમી વાર આ દેશ પર ચડાઈ કરી અને પૃથ્વીરાજને હરાવી કેદ કર્યો.

અહીં માંકડે બહાર નીકળીને રાજાને ચટકો ભર્યો અને તેનું મીઠું લોહી ચાખ્યું. હજી રાજાને ઊંઘ આવી ન હતી, એટલે તે ચટકો ભરતાં જ બેઠો થઈ ગયો અને પલંગમાં આમતેમ જોવા લાગ્યો. આથી સેવકો ત્યાં આવી પહોંચ્યા અને પૂછવા લાગ્યા કે 'મહારાજ! શું થયું?' રાજાએ કહ્યું: 'આ ચાદરમાં માંકડ લાગે છે.' આથી સેવકો ચાદરને તપાસવા લાગ્યા.

માંકડ તો પોતાના સ્વભાવ પ્રમાણે ચટકો ભરીને તરત વિદાય થઈ ગયો હતો અને ઝડપથી પલંગની ઈસમાં ભરાઈ ગયો હતો. તે આ સેવકોના હાથમાં શેનો આવે? પણ પેલી જૂં કે જે હજી ચાદરના સાંધામાં જ બેઠી હતી, તે સેવકોના હાથમાં આવી ગઈ. સેવકોએ માન્યું કે આણે જ

રાજાને ચટકો ભર્યો છે, માટે તેને યોગ્ય શિક્ષા કરવી જોઇએ. તેમણે એ જૂને મારી નાખી. પછી રાજા પલંગમાં સૂતો અને ઘસઘસાટ ઊંઘવા લાગ્યો.

દુષ્ટ માંકડને એક રાતનો આશરો આપવા જતાં જૂએ પોતાના પ્રાણ ગુમાવ્યા, ત્યારે તમે તો લાંબા વખતથી દુષ્ટ કર્મોને ઘરમાં ઘાલો છો, આશરો આપો છો, તો તમારું શું થશે?

તમે કહેશો કે 'એની અમને ખબર છે. એનાં પરિણામે અમારે ઘણું સહન કરવું પડશે.' પણ આ શબ્દો હોંઠેથી બોલાય છે, હૈયેથી બોલાતા નથી. જો હૈયેથી બોલાતા હોય તો સ્થિતિ જુદી જ હોય! તમે નિશ્ચિત થઈને બેસી રહો નહિ! તમે રસ્તા પરથી ચાલ્યા જતા હો અને કોઈ બૂમ મારે કે 'સાપ! સાપ!' તો શું કરો? ચાલતા હો તેમ જ ચાલ્યા કરો કે રસ્તો બદલો? બાજુમાં આગ લાગી હોય અને કલાક-બેકલાકમાં તેની જ્વાલા તમારાં ઘરમાં પહોંચે એમ હોય તો શું કરો? પલંગમાં સૂઈ રહો, ચમનચમન કરો કે ભાગવા માંડો?

સને ૧૯૪૨ની વાત તમે ભૂલ્યા નહિ હો. સીંગાપુર પડ્યું હતું અને હવે મુંબઈ પર જરૂર બોંબમારો થશે, એવી હવા ફેલાઈ હતી. તે વખતે તમે શું કર્યું હતું? હજારો રૂપિયાની ઘરવખરી મામુલી કિંમતે વેચી મારી હતી અને ગાંસડાં-પોટલાં બાંધી સ્ટેશન ભેગા થયા હતા! ત્યાં છ-છ આઠ-આઠ કલાક ટ્રેનની રાહ જોતાં બેસી રહ્યા હતા અને

પોટલાંએ બેના બાવીશ માણ્યા તે ચૂકવી આપ્યા હતા. તમારાં મોઢા પર ગભરાટનો પાર ના હતો. કયારે ટ્રેઈનમાં બેસીએ અને દેશમાં પહોંચી જઈએ, એ જ વિચાર મનમાં રમી રહ્યો હતો.

જો તમે સાપથી બચવા, અગ્નિથી બચવા, બોંબમારાથી બચવા આટલી જહેમત ઉઠાવો છો, તો તેનાથી અનેકગણાં વધારે ખતરનાક કર્મથી બચવા માટે કેટલી જહેમત ઉઠાવવી જોઈએ? પરંતુ એ બાબતમાં તમે ઘણા સુસ્ત છો, એ ખરેખર ઘણું ખેદજનક છે. પુરુષાર્થ કર્યા વિના તો છાતી પરનું બોર પણ મુખમાં પેસતું નથી, તો કર્મની સત્તા કેમ તૂટે?

કર્મો તૂટવાના હશે તો તૂટશે, એમ કહીને બેસી રહેશો તો ખત્તા ખાશો. એ પોતાની મેળે કદી પણ તૂટવાનાં નથી. તમે આ ભવમાં કર્મની જંજીરોને નહિ તોડો, તો બીજા ભવમાં, ત્રીજા ભવમાં, પાંચમા ભવમાં, દશમા ભવમાં, સોમા ભવમાં કે હજારમા ભવમાં પણ એ તોડવી તો પડશે જ. તો પછી આજે જ કેમ ન તોડો?

તમે એમ માનતા હો કે આગળ પર કોઈ સારી તક આવશે ત્યારે કર્મને તોડવા માંડીશું અને તેનો ફેંસલો કરી નાખીશું, તો આથી વધારે સારી તક તમારી પાસે બીજી કઈ આવવાની હતી! અનંત અનંત ભવભ્રમણ કરતાં મનુષ્યભવ પ્રાપ્ત થયો, એ કર્મોને તોડવા માટેની મોટામાં મોટી તક છે. જે જે આત્માઓએ કર્મની સાથે કારમું યુદ્ધ ખેલીને તેનો નાશ કર્યો, તે મનુષ્યના ભવમાં જ કર્યો. કોઇએ

દેવના ભવમાં, તિર્યંચના ભવમાં કે નારકના ભવમાં કર્મનો સંપૂર્ણ નાશ કર્યો હોય એવું આજ સુધી બન્યું નથી.

પ્રશ્ન–પરંતુ ભવિષ્યમાં બને ખરૂં કે?

ઉત્તર–જે આજ સુધી ન બન્યું તે ભવિષ્યમાં શું બને? ભવિષ્યમાં પણ જે જે આત્માઓ કર્મનો સંપૂર્ણ નાશ કરવાના, તે મનુષ્યના ભવમાં જ કરવાના. તમે દેવલોકનાં સુખો ઇચ્છો છો અને કોઈ વિમાન કે રોકેટ દેવલોકમાં લઈ જતું હોય તો પહેલો નંબર લગાડો એમ છો, પણ દેવો પોતે મનુષ્યપણું ઇચ્છે છે કે જેથી કર્મો સાથે ફારમું યુદ્ધ કરીને તેનો છેડો લાવી શકાય.

મહાનુભાવો! આવી તક ઘડી ઘડી નહિ મળે, માટે ઊઠો, ઊભા થાઓ અને કર્મને તોડવાનો પ્રશસ્ત પુરુષાર્થ આદરો. કર્મને તોડવાનો પ્રશસ્ત પુરુષાર્થ કરશો, એટલે ધર્મનું આરાધન અવશ્ય થશે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન પાંત્રીશમું

ધર્મની શક્તિ

મહાનુભાવો!

જે વિચારણા આજના યુગમાં ઘણી જરૂરની હતી, તે ગત વ્યાખ્યાનથી શરૂ થઈ ચૂકી છે. એ વિચારણામાં ધર્મ એ એક આવશ્યક વસ્તુ તરીકે પૂરવાર થયો છે, તેથી તેના સંબંધમાં વિશેષ વિચારણા કરવાનું આવશ્યક બને છે.

કર્મની સત્તા આખી દુનિયા પર–સમસ્ત પ્રાણીવર્ગ પર ચાલે છે. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર જેવા પણ તેની સત્તામાંથી મુક્ત નથી, તો બીજાઓની શી વાત કરવી? પણ કર્મની આ સત્તાને તોડનારો ધર્મ છે, એ ભૂલશો નહિ.

સાપ અને નોળિયાની લડાઈ થાય તો આખરે કોણ જિતે છે? સાપ ફુંગરાઈને ઝેરી ડંખ મારે તો નોળિયો પોતાની બોડમાં જઈ નોળવેલ સૂંઘી લાવે છે અને ઝેરથી મુક્ત થાય છે. સાપની લંબાઈ, સાપનો ભયંકર ફટાટોપ, સાપના બે બે તીક્ષ્ણ દાંત એ કશાથી તે ડરતો નથી. એ વીરતાથી લડ્યે જ રાખે છે અને આખરે સાપને મહાત કરી દે છે.

ધર્મનું પણ આવું જ છે. કર્મસત્તા અતિ બળવાન હોવા છતાં તેની સામે તે વીરતાભર્યું યુદ્ધ ખેડે છે અને

આખરે કર્મને મહાત કરી દે છે. કર્મ સાથેની લડાઈમાં ધર્મ જિતે છે, માટે જ તેનું સન્માન છે, માટે જ તેની પ્રશંસા છે અને માટે જ તેની ઉપાદેયતા છે. જો કર્મ સાથેની લડાઈમાં ધર્મ હારી જતો હોત, તો આજે તેને યાદ પણ કોણ કરત? દુનિયા તો હંમેશાં વિજયીને જ યાદ કરતી આવી છે. ધારાસભાના સભ્ય થવા માટે ચુંટણીનો જંગ ખેલાય અને તેનું પરિણામ બહાર પડે, ત્યારે તમે જિતેલા ઉમેદવારને હારતોરા કરો છો કે હારેલા ઉમેદવારને? આઈ-સકીમ પાર્ટીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારનાં નિમિત્તે અપાય છે કે અનુત્તીર્ણનાં નિમિત્તે?

અહીં પ્રશ્ન થશે કે 'ધર્મમાં જો આવી અદ્‌ભુત શક્તિ રહેલી છે, તો આ જગતમાં અનંત આત્માઓ રખડી કેમ રહ્યા છે? તેમનો હજી સુધી મોક્ષ કેમ ન થયો?' તેનો ઉત્તર એ છે કે આ જગતમાં લોહ પણ છે અને પારસમણિ પણ છે, છતાં બધા લોહનું સુવર્ણ બની ગયું નથી, કારણ કે તે બે વચ્ચે જે પ્રકારનો સંપર્ક સધાવો જોઈએ તે સધાયો નથી. જો સંપર્ક સધાય તો જ એ લોહનું સુવર્ણ બની જાય. તેજ રીતે આ જગતમાં અનંત આત્માઓ રખડી રહ્યા છે, તેનું કારણ એ છે કે તેમણે ધર્મ સાથે જેવો સંપર્ક સાધવો જોઈએ, તેવો સંપર્ક સાધેલો નથી. જ્યારે એ આત્માઓ ધર્મનો યોગ્ય સંપર્ક સાધશે, ત્યારે તેમનો ઉત્તરોત્તર વિકાસ થશે અને છેવટે તેઓ મોક્ષ પામી શકશે.

ડાંગનો પ્રયોગ કરવાથી શત્રુને દૂર રાખી શકાય છે

અને પોતાનો બચાવ થઈ શકે છે, પણ ડાંગ આપણાથી દશ-વીશ હાથ દૂર હોય તો? ડાંગ હાથમાં લેવી જોઈએ, તો જ હુમલાખોરથી બચાવ થઈ શકે છે. આ રીતે ધર્મને ધારણ કરીએ અને તેનું બરાબર પાલન કરીએ, તો કર્મો તૂટે છે અને મોક્ષપ્રાપ્તિ સુલભ બને છે.

પ્રશ્ન–કર્મની સત્તાથી મુક્ત થનારો ભાગ કેટલો?

ઉત્તર–બહુ ઓછો. અનંતમો ભાગ.

પ્રશ્ન–એથી એમ સાબીત થતું નથી કે કર્મની સત્તા ધર્મની સત્તા કરતાં ઘણી મોટી છે?

ઉત્તર–ના. માત્ર ક્ષેત્રની વ્યાપકતા પરથી સત્તાની મોટાઈ સાબીત થતી નથી. ભારતવર્ષની સરખામણીમાં ઈંગ્લાંડનો ટાપુ ઘણો નાનો ગણાય, છતાં તેણે ભારતવર્ષની પ્રજા પર વર્ચસ્વ જમાવ્યું હતું અને તે દોઢસો વર્ષ સુધી ટકયું હતું. ફ્રાન્સ, પોર્ટુગલ, ડચ, બેલ્જિયમ વગેરે પણ નાના વિસ્તારવાળાં રાજ્યો હોવા છતાં તેમણે આફ્રિકા વગેરે અનેક દેશોમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરેલું છે.

આ વસ્તુનો બીજી રીતે પણ વિચાર થઈ શકે છે. હાથીનો દેહ ઘણો મોટો છે અને મચ્છર તેની સરખામણીમાં ઘણું નાનું જંતુ છે, પણ એ મચ્છર હાથીના કાનમાં પેસી જાય તો તોબાહ પોકરાવે છે. અગ્નિનો તણખો ઘણો નાનો હોય છે, પણ તે ઘાસની મોટી ગંજીમાં પડે તો તેને બાળી નાખે છે. આથી ક્ષેત્રના વિસ્તાર સાથે સત્તા–શક્તિનો સંબંધ નથી.

અહીં પ્રસંગવશાત્ બહુમતી વિષે પણ કેટલોક ખુલાસો કરી દઈએ. એક પક્ષમાં થોડા માણસો હોય, તેથી એ સાબીત થતું નથી કે ઘણા માણસોવાળો પક્ષ-બહુમતી પક્ષ સાચો અને થોડાં માણસોવાળો પક્ષ–લઘુમતી પક્ષ ખોટો. તમે વાનરોની વાત સાંભળો, એટલે આ વસ્તુની ખાતરી થશે.

બહુમતી અંગે વાનરોની વાત

એક રાજમહેલમાં કેટલાક વાનરો પાળવા આવ્યા હતા. તેમને રાજસેવકો નવડાવતા–ધોવડાવતા અને રાજકુમારો સારું સારું ખવડાવતા તથા ખેલકૂદ કરાવતા. આથી આ વાનરોને રાજમહેલમાં ખૂબ ગમી ગયું હતું.

આ જ રાજમહેલમાં ઘેટાનું એક નાનું ટોળું પાળવામાં આવ્યું હતું. તેના પર નાના રાજકુમારો સવારી કરતા અને આનંદ માણતા. આ ટોળામાં એક ઘેટો વકરેલો હતો. તે રોજ રાજાના રસોડામાં પેસી જાય અને જે જુએ તે ખાઈ જાય. રસોઇયો તેને લાકડી, પત્થર કે વાસણનો છૂટો ઘા કરીને મારે, પણ તે પોતાની આદત છોડે નહિ.

એક ઘરડો વાનર આ બધું જોયા કરતો. તેને લાગ્યું કે આ તો ઠીક થતું નથી. રાજાનો રસોઇયો ક્રોધી છે અને ઘેટો હઠીલો છે, તેથી એક દિવસ આ રસોઇયો તેને સળગતું લાકડું મારશે અને એ ઘેટો પડખેની અશ્વશાળામાં પેસશે. ત્યાં ઘણું ઘાસ ભરેલું છે, તે ઘેટાનાં ત્યાં જવાથી સળગી ઉઠશે અને તેથી ઘોડાઓ દાઝી જશે. આ ઘોડાઓ રાજાને ખૂબ પ્રિય છે, એટલે તે એનો ઉપાય પૂછશે. એ ઉપાયમાં

વાનરની ચરબી જેવો બીજો શ્રેષ્ઠ ઉપાય નથી, એટલે તેની ભલામણ થશે અને તે વખતે અમારું બધાનું મોત આવશે. માટે અત્યારથી જ અહીંથી ચાલ્યા જવું સારું.

તેણે બધા વાનરોને એકાંતમાં એકઠા કર્યા અને કહ્યું કે 'ભાઈઓ! રાજાના રસોઇયા અને ઘેટા વચ્ચે રોજ લડાઈ થાય છે. તેમાં કોઈક વખત આપણું નિકંદન નીકળી જશે. માટે આપણા પર કોઈ જાતની આફત આવે તે પહેલાં અહીંથી વનમાં ચાલ્યા જઈએ. ત્યાં ઝાડની કુંણી ડાંખળીઓ તથા ફળફૂલ ખાઈશું ને મજા કરીશું.'

આ સાંભળી એક વાનરે કહ્યું : 'આ વાત તો ઘણી વિચિત્ર છે! રાજાનો રસોઈયો અને ઘેટો રોજ લડે, તેમાં આપણે શું?'

બીજા વાનરે કહ્યું : 'જો રસોઇયા અને ઘેટાની લડાઈથી કંઇ આફત આવવાની હોત તો કયારની આવી ગઇ હોત. તે હજી સુધી આવી નથી, એ જ બતાવે છે કે દેખાડવામાં આવતો ભય ખોટો છે.'

ત્રીજાએ કહ્યું : 'જ્યાં કોઈ આફતનો સંભવ નથી, ત્યાં સંભવ માની લેવો અને રાજમહેલ છોડી દેવો, એ બુદ્ધિમાં ઉતરે એવી વાત નથી.'

ચોથાએ કહ્યું : 'જે સુખ અહીં મળે છે, તે વનમાં થોડું મળવાનું હતું? હાથે કરીને દુઃખી થવાનો અર્થ શો?'

વાનરોના આ વિચાર સાંભળી ઘરડા વાનરને લાગ્યું કે આમાંનો કોઇ પણ ગંભીરતાથી વિચાર કરે એવો નથી,

માટે બધો ફેરફાર પાડીને વાત કરવી નકામી છે. એટલે તેણે ટુંકમાં કહ્યું : 'મેં આ બાબત પર પૂરો વિચાર કર્યો છે, જો તમારે મારું માનવું હોય તો માનો.'

એક વાનરે કહ્યું : 'આ બાબત ઘણી ગંભીર છે, તેથી એક જણના કહ્યા પ્રમાણે કરી શકાય નહિ. તે માટે બધા વાનરોનો મત લો.'

બધા વાનરોના મત લેવાયા, તેમાં પેલા ઘરડા વાનરના મતને કોઇએ ટેકો આપ્યો નહિ. અને એક મત વિરુદ્ધ પ્રબળ બહુમતીથી નક્કી કરવામાં આવ્યું કે 'આપણે જે પ્રમાણે રાજમહેલમાં રહીએ છીએ, તે જ પ્રમાણે રહેવાનું ચાલુ રાખવું.'

પોતાના ભાઈઓની આ હાલત જોઈ ઘરડા વાનરને ઘણું દુઃખ થયું અને તે એકલો રાજમહેલ છોડી વનમાં ચાલ્યો ગયો. બધા તેને મૂર્ખ માની હસવા લાગ્યા.

થોડા દિવસ બાદ ઘરડા વાનરે વિચાર્યું હતું, તેમજ બન્યું. રસોઇયાએ ઘેટાને સળગતું લાકડું માર્યું અને ઘેટો સળગી ઉઠ્યો. તે બરાડા પાડતો પાસેની અશ્વશાળામાં પેઠો ને જમીન પર આળોટવા લાગ્યો. ત્યાં જમીન પર પડેલું ઘાસ સળગી ઉઠ્યું ને બાજુમાં ભરેલાં ઘાસને પણ તેની અસર પહોંચી. જોતજોતામાં અશ્વશાળા સળગી ઉઠી ને તેમાં કેટલાક ઘોડા માર્યા ગયા તથા કેટલાક સખ્ત દાઝી ગયા. રાજાએ પશુચિકિત્સકને બોલાવી ઘોડાને સારા કરવાનો ઉપાય પૂછ્યો, ત્યારે જવાબ મળ્યો કે 'વાનરોની તાજી ચરબી ચોપડવામાં આવે તો આ ઘોડાઓને સારું થઇ જાય.'

રાજાએ કહ્યું કે 'આ કામ તો સરલતાથી બની શકે એવું છે. આપણા પોતાના મહેલમાં જ વાનરોનું એક ટોળું પાળેલું છે.' પછી રાજાએ હુકમ કરતાં રાજસેવકોએ લાકડી તથા પત્થર વગેરેના પ્રહાર કરીને એ વાનરોને મારી નાખ્યા અને તેની તાજી ચરબીનો ઉપયોગ કર્યો.

વ્યવહારમાં પણ ઘણી બાબતો એવી છે કે જેમાં બહુમતીનો ઉપયોગ થઈ શકતો નથી. ઘરમાં ઘણા માણસો હોય છતાં વડીલનું કહેવું જ મનાય છે. આઠ ઊંટવૈદ્યોએ કહેલી વાત એક બાજુ પર રહે છે અને એક કુશળ વૈદ્યે કહેલી બાબતનો અમલ થાય છે. સો મજૂરની વાત માન્ય રખાતી નથી અને એક ઇજનેરની વાતને વધાવી લેવામાં આવે છે.

ધર્મશાસ્ત્ર કહે છે કે હજાર અજ્ઞાનીઓને એકઠા કરો તો પણ તે એક સાચા જ્ઞાનીનો મુકાબલો કરી શકશે નહિ, તેથી સાચા જ્ઞાનીનું વચન જ માન્ય રાખવું જોઈએ, આ જગતમાં જ્ઞાની થોડા છે અને અજ્ઞાની વધારે છે, ધર્મી થોડા છે અને અધર્મી વધારે છે. તેથી ધર્મની બાબતમાં બહુમતીનું ધોરણ સ્વીકારવા જતાં પતનની પૂરેપૂરી સંભાવના છે.

'ઘણા કરે છે માટે કરવું' એવી જે એક પ્રકારની મનોવૃત્તિ લોકોમાં દેખા દે છે, તે આ દૃષ્ટિએ યોગ્ય–ઉચિત–વ્યાજબી નથી. જે સત્ય હોય, હિતકર હોય, કલ્યાણકારી હોય તે જ આચરવાનું છે, પછી ભલે બહુ થોડા માણસો તેને આચરી રહ્યા હોય.

અશરણોનું શરણ ધર્મ છે.

જો કર્મની સત્તામાંથી છૂટવું હોય, કર્મનાં બંધનોને તોડવાં હોય તો ધર્મનું શરણ સ્વીકાર્યે જ છૂટકો છે. આપણા મહાપુરુષોએ કહ્યું છે કે–

व्यसनशतगतानां क्लेशरोगातुराणां,
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ।
जगति बहुविधानां व्याकुलानां जनानां,
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥

વ્યસન એટલે દુઃખ, આપત્તિ કે કષ્ટ, તે એક પછી એક કીડીઓની હારની જેમ આવ્યા જ કરતા હોય, ત્યારે સગાંસંબંધીઓ, મિત્રો, દોસ્તદારો એ બધા દૂર રહી જાય છે અને માત્ર ધર્મ જ શરણ આપે છે.

મનુષ્ય જ્યારે વિવિધ પ્રકારનાં કલેશોથી કે રોગોથી ઘેરાઈ ગયો હોય ત્યારે પણ ધર્મ જ શરણ આપે છે. પૂનાની પાસે તલેગાંવ નામનું એક ગામ છે. ત્યાંના એક શ્રાવકને ડાયાબીટીસ એટલે મીઠી પેશાબનો રોગ હતો. તેણે કોઈ દિવસ તપશ્ચર્યા કરી ન હતી અને તેનાથી થતી પણ નહિ. પરંતુ એક વખત શ્રીવિજયયશોદેવસૂરિજી ત્યાં પધારતાં તેમની પ્રેરણાથી તેણે અઠ્ઠાઈનું તપ આદર્યું અને શુદ્ધ ધર્મ-ભાવનાથી પૂરું કર્યું. એ તપશ્ચર્યાના અંતે તેનો મીઠી પેશા-બનો રોગ મૂળથી ગયો. જે રોગ ઘણી દવાઓ કરવા છતાં ન મટ્યો, તે આઠ દિવસનું ધાર્મિક અનુષ્ઠાન કરવાથી મટી ગયો. ડૉક્ટરો આ જોઈને ચકિત થઇ ગયા. મીઠી પેશાબનું

દર્દ મૂળમાંથી જાય એમ તેઓનાં માન્યામાં આવ્યું નહિ. તેમણે એ શ્રાવકને સાકર બંધ કરાવીને પેશાબ તપાસ્યો તો તેમાં જરા પણ સાકર આવી નહિ.

અનાથી મુનિની કથા આગળ આવી ગઇ છે. તેમાં તેમણે સ્વમુખે જણાવ્યું છે કે અનેકવિધ ઉપચારો કરવા છતાં તેમનો રોગ મટ્યો નહિ, પણ શુદ્ધ ધાર્મિક સંકલ્પ કરીને રાત્રે સૂતા કે સવારમાં તે રોગ નાબૂદ થઈ ગયો. આવાં બીજાં પણ અનેક દૃષ્ટાંતો છે.

મરણના ભયથી હતાશ થયેલાને ધર્મ સિવાય બીજાં કોનું શરણ છે? એ વખતે માતા, પિતા, ભાઇ, ભગિની, કાકા, કાકી, મામા, મામી, ફોઇ, ફુઆ કે કોઈ સગાસં-બંધી શરણ આપી શકતા નથી. મોટા મોટા શેઠિયાઓ તથા અધિકારીઓ જોડે બેઠક હોય છતાં તે ય આ વખતે કામ લાગતા નથી. સરકારી વોરંટ લાંચરૂશ્વત આપવાથી પાછું જાય, પણ મૃત્યુનું વોરંટ આવ્યું કે તે પાછું ન જાય. એ વખતે બધા ખસી જાય, માત્ર ધર્મ જ શરણભૂત છે. એકનો એક યુવાન પુત્ર મરણ પામ્યો હોય કે પત્નીનું અકાળ અવસાન થયું હોય કે વડીલ ચાલ્યા ગયા હોય, ત્યારે મનુષ્યનું મન શોકથી ઘેરાઇ જાય છે. એ જ રીતે વ્યાપારધંધો એકાએક પડી ભાંગ્યો હોય કે મોટી ખોટ આવી હોય કે પ્રયત્નો કરવા છતાં કામકાજ બરાબર ચાલતું ન હોય, ત્યારે પણ મનુષ્યનું મન શોકાતુર થઈ જાય છે. તેને કોઈ વાતે ચેન પડતું નથી. એ વખતે ધર્મનું આરાધન જ તેનો શોક દૂર કરી શકે છે.

આ રીતે જગતમાં બહુ બહુ રીતે વ્યાકુલ થયેલા શરણરહિત મનુષ્યોને માત્ર ધર્મ જ નિત્ય શરણભૂત થાય છે. ધર્મની આ કેવી મહાન શક્તિ?

ધર્મથી થતા અનેક પ્રકારના લાભો

મહાનુભાવો! તમે તો વ્યાપાર–વણજ કરનારા એટલે પાકા વાણિયા. દરેક વસ્તુનું લાભે લેખું કરો. જો થોડો પણ લાભ દેખાતો હોય તો તરત તેમાં ઝંપલાવો. તેથી જ તમને જણાવીએ છીએ કે ધર્મનું આરાધન એ લાભનો સોદો છે, ખોટનો સોદો નથી. તેનાથી કેવા લાભો થાય છે, તે ધ્યાન દઇને સાંભળો :–

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,
धर्मणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः।
कान्तारात्च्च महाभयात्च्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः॥

ધર્મનું યોગ્ય આરાધન કરે તેનો જન્મ ઊંચા કુલમાં એટલે ખાનદાન કે સંસ્કારી કુટુંબમાં થાય. આ લાભ જેવો તેવો ન સમજશો. જેમનો જન્મ હલકા કે અધમ કુલોમાં થાય છે, તે શરૂઆતથી જ પાપકર્મ શીખે છે અને તેમાં પાવરધા બને છે. કોળી, વાઘરી, કસાઈ, ચમાર, ચોર કે ડાકુને ત્યાં જન્મ લેનારની હાલત જુઓ, એટલે તમને ઉચ્ચ કુલની કિંમત સમજાશે.

ધર્મનું યોગ્ય આરાધન કરે તેને પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા મળે. આ લાભ પણ જેવો તેવો નથી. કોઇને હાથે ખોડ હોય છે, પગે ખોડ હોય છે; બરડે કૂબડ હોય છે, જીભ તોતડાતી હોય છે, કાને બહેરાશ હોય છે, આંખે ખામી હોય છે, તેને જીવનમાં ઘણું સહન કરવું પડે છે. તેની સરખામણીમાં પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતાવાળો ઘણો સુખી ગણાય.

ધર્મનું યોગ્ય આરાધન કરવાથી સૌભાગ્ય મળે છે. સૌભાગ્ય એટલે બધાને પ્રિય લાગવાપણું. તમારે બધાને તો કયવન્ના શેઠનું સૌભાગ્ય જોઇએ છે, પણ કયવન્ના શેઠને એ સૌભાગ્ય શી રીતે પ્રાપ્ત થયું, તેનો વિચાર કરવો નથી. કયવન્ના શેઠને એ સૌભાગ્ય ધર્મના યોગ્ય આરાધનથી જ પ્રાપ્ત થયું હતું.

ધર્મનું યોગ્ય આરાધન કરવાથી દીર્ઘ આયુષ્ય મળે. કેટલાક માતાના ગર્ભમાં જ મરણ પામે છે, કેટલાક જન્મ્યા પછી ટુંક સમયમાં જીવન પૂરું કરે છે. આ આત્માઓના મનુષ્યભવની સાર્થકતા શી? જો દીર્ઘ આયુષ્ય હોય તો તેમાં તીર્થયાત્રા, જપ–તપ આદિ અનેકવિધ કરણી થઈ શકે અને મળેલા માનવભવને સાર્થક કરી શકાય. એટલે દીર્ઘ આયુષ્ય એ પણ મોટો લાભ છે.

ધર્મનું યોગ્ય આરાધન કરવાથી બલની પ્રાપ્તિ થાય. જેઓ નિર્બળ છે, રાંકડા છે, માંયકાંગલા છે, તેને સહુ કોઈ સતાવે છે અને તેમનું જીવન બરબાદ થાય છે. તેથી જ બલને અહીં જીવનસફળતાનું એક સાધન સમજવાનું છે.

ધર્મનું યોગ્ય આરાધન કરવાથી નિર્મળ યશ, વિદ્યા

અને અર્થની સંપત્તિ પ્રાપ્ત થાય. યશ કોને નથી ગમતો ? બે માણસો બોલાવે અને આગળ બેસાડે તો છાતી તરત ફૂલાય છે. આ રીતે જીવનમાં સર્વત્ર યશની પ્રાપ્તિ કરવી હોય તો ધર્મનાં આરાધનાવાળો કરી શકે, બીજો ન કરી શકે. વિદ્યાવાનને સહુ માન આપે છે, એ વિદ્યાની પ્રાપ્તિ પણ ધર્મારાધનને આધીન છે અને અર્થ એટલે લક્ષ્મી, એ પણ ધર્મની જ તાબેદાર છે. જેણે ધર્મનું સારી રીતે આરાધન કર્યું હોય, તેને જ લક્ષ્મી વરે છે.

તમે પ્રવાસે નીકળ્યા હો અને કોઇ મોટાં જંગલમાં દાખલ થાઓ, ત્યાં તમારું રક્ષણ ધર્મ સિવાય બીજું કોણ કરી શકે છે ? એ જ રીતે હાથી, સિંહ, સર્પ, અગ્નિ, ભૂત, પિશાચ વગેરેનો ભય ઊભો થયો હોય, ત્યાં પણ ધર્મ સિવાય કોઈ રક્ષણ કરી શકતું નથી.

સ્વર્ગનાં સુખો સાંભળીને તમારાં મોઢામાં પાણી છૂટે છે, પણ એ સુખો એમ ને એમ પ્રાપ્ત થઈ જતાં નથી. જેણે સારી રીતે ધર્મારાધન કર્યું હોય તેને જ એ સુખો પ્રાપ્ત થાય છે. અને મોક્ષ કે જેમાં અનિર્વચનીય અનંત સુખ રહેલું છે, તેની પ્રાપ્તિ પણ ધર્મનાં યોગ્ય આરાધન વડે જ થાય છે.

આ રીતે ધર્મના લાભો ઘણા છે, તેથી સમજુ મનુષ્યોએ તેનું થઇ શકે એટલું આરાધન કરવું જોઇએ.

ધન જોઇએ કે ધર્મ ?

કેટલાક કહે છે કે ' અમારે ધર્મ નહિ, પણ ધન

જોઇએ, કારણ કે અન્ન, વસ્ત્ર અને આબરૂ એ ત્રણે તેનાથી મળી રહે છે. ' આ મહાનુભાવોને અમે કહેવા ઇચ્છીએ છીએ કે અન્ન અને વસ્ત્ર ધનથી મળી શકે, પણ આબરૂ માત્ર ધનથી મળી શકતી નથી. કેટલાક ધનિક માણસો એવા પણ જોવામાં આવે છે કે જેમની પાસે લાખો રૂપિયાની મૂડી હોવાં છતાં તેમની સમાજમાં કશી જ આબરૂ હોતી નથી. વધારે સ્પષ્ટ કહીએ તો સમાજ તેમને ધિક્કારતો હોય છે અને સવારમાં ઉઠીને તેમનું નામ લેવા પણ તૈયાર હોતો નથી ! જો માત્ર ધનથી જ આબરૂ મળતી હોત તો આ ધનિકોની સ્થિતિ કદાપિ આવી ન હોત. જે ધનિકોની સમાજમાં મોટી આબરૂ હોય છે, તેમનાં દિલમાં ઉદારતા હોય છે અને તેઓ ધર્મના–પરોપકારના માર્ગે પોતાનાં ધનનો ઉપયોગ કરતા હોય છે, એટલે આબરૂનું શ્રેય ધનને નહિ, પણ ધન વાપરવાની પાછળ રહેલી ધર્મભાવનાને ઘટે છે.

છતાં માની લ્યો કે અન્ન, વસ્ત્ર અને આબરૂ એ ત્રણે ધનથી મળે છે, પણ ધન શેનાથી મળે છે ? એ વિચારવાનું છે. જો માત્ર મહેનત–મજૂરીથી જ ધન મળતું હોત તો મહેનત કરનારા બધાને તે સરખા ભાગે મળત, પણ તેમાં તો મોટું અંતર દેખાય છે. એક માણસને થોડી મહેનતે જ ઘણું ધન પ્રાપ્ત થાય છે, બીજાને ઘણી મહેનતે ઠીક ઠીક ધન પ્રાપ્ત થાય છે, ત્રીજાને ઘણી મહેનત કરવા છતાં કંઈ ધન પ્રાપ્ત થતું નથી અને ચોથાને ઘણી મહેનત કરવા છતાં ખોટ ખમવી પડે છે, એટલે કે સામેથી પૈસા જોડવા પડે છે. આ તફાવત શેને આભારી છે ?

જો જવાબમાં નશીબ કહેશો તો નશીબના બે ભાગ કરવા પડશે : એક સારું નશીબ અને બીજું ખરાબ નશીબ. તેમાં સારાં નશીબ અને ખરાબ નશીબનાં કારણો પણ વિચારવા પડશે. જેણે પૂર્વ ભવમાં સારાં કામો કર્યાં, પુણ્ય કર્યું, ધર્મ કર્યો તેને સારું નશીબ પ્રાપ્ત થયું અને જેણે પૂર્વ ભવમાં ખરાબ કામો કર્યાં, પાપ કર્યું, અધર્મ આચર્યો, તેને ખરાબ નશીબ પ્રાપ્ત થયું. એટલે સરવાળે તો બધી વાત ધર્મ ઉપર જ આવીને ઊભી રહે છે. આપણા અનુભવી પુરુષો કહે છે કે–

निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः॥

'જેમ તળાવ ભરેલું હોય, ત્યાં દેડકા આવે છે અને સરોવર ભરેલું હોય ત્યાં પક્ષીઓ આવે છે, તેમ જ્યાં શુભ કર્મોનો સંચય હોય છે, ત્યાં સર્વ સંપત્તિઓ વિવશ થઈને આવે છે.'

કેટલાક કહે છે કે, 'ધર્મબુદ્ધિ રાખીએ તો ધન આવતું નથી. એ માટે અન્યાય, અનીતિ કે પાપનું સેવન કરવું જ પડે છે.' પરંતુ આ કથન પણ ભ્રમપૂર્ણ છે. એનો ઉત્તર ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિની વાત પરથી મળી રહેશે.

ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિની વાત

એક નગરમાં બે વાણિયા રહેતા હતા, તેમાં એકનું નામ ધર્મબુદ્ધિ અને બીજાનું નામ પાપબુદ્ધિ. આ બંનેને આંખની ઓળખાણ હતી, વળી પ્રસંગે એકબીજાનું કામ પણ કરતા હતા, તેથી બંને વચ્ચે મિત્રતા થઈ.

એક વાર બંને મિત્રો વિચાર કરે છે કે 'આપણને તો લાભ મળ્યા નહિ અને લખેસરી થયા નહિ. હવે જો બે પૈસાનું મોઢું ભાળવું હોય તો આપણે પરદેશમાં જવું અને ત્યાં જઈને હિંમતથી ધંધો કરવો. પરદેશ ખેડ્યા વિના ધન કે બુદ્ધિની વૃદ્ધિ થતી નથી.' આવો વિચાર કરી બંને મિત્રો પરદેશ ગયા અને ત્યાં હિંમતથી કામ લેતાં સારી કમાણી કરી. પછી તેઓ પોતાનાં વતન તરફ પાછા વળ્યા.

તેઓ નગરની નજીક આવ્યા, ત્યાં પાપબુદ્ધિની બુદ્ધિમાં ફેર પડ્યો. તે વિચાર કરવા લાગ્યો કે 'કોઈ પણ રીતે આ ધર્મબુદ્ધિનું ધન પડાવી લઉં, તો એકદમ ધનવાન થઈ જાઉં. તે માટે કોઈ યુક્તિ લડાવવા દે.' અને તેણે યુક્તિ લડાવી. તે ધર્મબુદ્ધિને કહે છે : 'ભાઈ ! આ ધન કમાતાં આપણને ઘણો પરસેવો વળ્યો છે. હવે તે રફેદફે ન થઈ જાય તે આપણે જોવું જોઈએ. જો આપણે આ બધું ધન ઘરે લઈ જઈશું તો સગાંવહાલાં કે સંબંધીઓ માગણી કર્યા વિના નહિ રહે અને શરમના માર્યા આપણે તેમને એ ધન આપવું પડશે. માટે સારો રસ્તો એ છે કે આ ધનનો મોટો ભાગ આપણે અહીં એક ઝાડનાં મૂળ આગળ દાટી દઈએ અને જરૂર જેટલું જ ઘરે લઈ જઈએ. પછી જેમ જરૂર પડશે, તેમ અહીંથી કાઢી જઈશું.'

ધર્મબુદ્ધિ સરલ હતો. તેનાં પેટમાં કોઈ જાતનું પાપ ન હતું. એટલે તેણે પાપબુદ્ધિનું કહેવું માન્ય રાખ્યું અને બંને જણાએ પોતાનાં ધનનો મોટો ભાગ ઝાડનાં મૂળ

આગળ દાટી દીધો. બાકીનું થોડું ધન લઈ તેઓ પોતાના ઘરે આવ્યા.

પાપબુદ્ધિનું મન પેલાં ધનમાં પરોવાયું છે, એટલે રાતદિવસ તેના જ વિચાર આવે છે અને કદાચ ધર્મબુદ્ધિ ત્યાં જઈને એકલો ધન કાઢી લે, એવી શંકા પણ સેવે છે. જેનું મન પાપી હોય તેને સર્વત્ર શંકા થાય છે. એમ કરતાં એક રાત્રિએ તે પેલાં ઝાડ આગળ જઈ બધું ધન કાઢી લે છે અને ખાડો પૂરીને તથા જમીન સરખી કરીને પોતાનાં ઘરે પાછો આવી જાય છે.

હવે થોડા દિવસ બાદ ધર્મબુદ્ધિને ધનની જરૂર પડી, એટલે તે પાપબુદ્ધિને સાથે લઈને ધનવાળી જગાએ ગયો. ત્યાં જમીન ખોદી તો તેમાંથી કંઈ પણ નીકળ્યું નહિ. આ જોતાં જ પાપબુદ્ધિ પત્થર સાથે માથું કૂટવા માંડ્યો અને કહેવા લાગ્યો કે 'હાય ! હાય ! હવે હું શું કરીશ ? મારું જે કંઈ હતું તે બધું આમાં જ હતું. આ વાત આપણા બે સિવાય ત્રીજું કોઈ જાણતું ન હતું. એટલે તું જ એકલો આવીને આ ધન કાઢી ગયો લાગે છે. તું મારા ભાગનું ધન આપી દે, નહિ તો મારે રાજદરબારે જવું પડશે.'

ધર્મબુદ્ધિએ કહ્યું : 'અરે દુષ્ટ ! આ તું શું બોલે છે? હું કદી ચોરી કરું જ નહિ, પણ લાગે છે કે આ ધન તું એકલો જ ઉપાડી ગયો છે, માટે ચૂપચાપ મારો ભાગ પાછો આપી દે. નહિ તો હું જ તને રાજદરબારમાં ખેંચી જઈશ.'

પણ પાપબુદ્ધિ એમ થોડો જ માને ? ઉલટો તે ધર્મબુદ્ધિને ધમકાવવા લાગ્યો. આ રીતે વાદવિવાદ કરતાં બંને

જણા ધર્માધિકારી પાસે ગયા. ધર્માધિકારીએ બંનેની વાત સાંભળીને કહ્યું કે 'આ બાબતમાં દિવ્ય કરવું પડશે.' ત્યારે પાપબુદ્ધિ બોલ્યો કે 'આ ન્યાય ઠીક નથી. પહેલા પત્ર, પછી સાક્ષી અને બંનેનો અભાવ હોય તો જ દિવ્યનો આશ્રય લેવાય. પણ મારે તો વૃક્ષદેવતા સાક્ષી છે, તે અમારામાંથી દોષિત કોણ અને નિર્દોષ કોણ ? એ કહી આપશે.' તેથી ધર્માધિકારીઓએ બંનેના જામીન લીધા અને આવતી કાલે સવારે આવજો, એમ કહી વિદાય કર્યા.

પાપબુદ્ધિએ ઘરે જઈને બધી હકીકત પોતાના પિતાને કહી અને વધારામાં જણાવ્યું કે 'આ ધન મેં ચોર્યું છે, પણ તે તમારાં વચનથી મને પચી જાય એવું છે.'

પિતાએ કહ્યું : 'એ કેવી રીતે બની શકે ?'

પાપબુદ્ધિએ કહ્યું : 'પિતાજી ! એ પ્રદેશમાં ખીજડાનું એક મોટું ઝાડ છે અને તેમાં એક મોટી બખોલ છે. તેમાં તમે હમણાં જ સંતાઈ જાઓ કે જેથી કોઇને ખબર ન પડે. પછી સવારે ધર્માધિકારી વગેરે સાથે હું ત્યાં આવીશ અને પૂછીશ કે 'હે વૃક્ષદેવતા ! તમે અમારા બંનેના સાક્ષી છો, માટે કહી દો કે અમારામાંથી કોણ ચોર છે ?' તે વખતે તમારે જણાવવું કે 'ધર્મબુદ્ધિ ચોર છે.'

પાપબુદ્ધિનો પિતા એના જેવો પાપી ન હતો. તેણે કહ્યું : 'આ ઉપાય બરાબર નથી. મને લાગે છે કે તેનું પરિણામ સારું નહિ આવે.' પરંતુ પાપબુદ્ધિએ હઠ લીધી અને જણાવ્યું કે જો તમે આ પ્રમાણે નહિ કરો તો આપણા

બધાના બાર વાગી જશે. પછી મને કહેશો નહિ કે આ શું થયું? પાપી માણસ બીજાને પણ પાપમાં ઘસડે છે અને દુઃખી કરે છે.

બીજો ઉપાય નહિ હોવાથી પિતાએ એ વાત કબૂલ રાખી અને રાત્રિના અંધકારમાં કોઈ ન જાણે એ રીતે એ બીજડાની બખોલમાં ભરાઈ ગયો.

સવાર થયું એટલે ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ, ધર્માધિકારી વગેરે કેટલાક રાજ્યાધિકારીઓ સાથે ઘનવાળી જગાએ આવ્યા. એટલે વૃક્ષમાંથી એવાં વચનો નીકળ્યાં કે 'ધર્મબુદ્ધિ ચોર છે.

આ વચનો સાંભળી અધિકારીઓ આશ્ચર્ય પામ્યા અને ધર્મબુદ્ધિને શો દંડ દેવો તેનો વિચાર કરવા લાગ્યા. આ બાજુ ધર્મબુદ્ધિની સ્થિતિ ઘણી કઢંગી થઇ પડી. પોતે દ્રવ્ય લીધું નથી, છતાં ચોર ઠર્યો, તેનું ઘણું દુઃખ થવા લાગ્યું. પરંતુ એજ વખતે તેનાં મનમાં એક વિચાર આવી ગયો, એટલે તેણે જે વૃક્ષમાંથી વાણી નીકળી હતી, તેની આસપાસ થોડું સૂકું ઘાસ ભેગું કરી અગ્નિ પ્રગટાવ્યો અને તેમાં ઝટ સળગી ઉઠે એવાં બીજાં લાકડાં નાખ્યાં. આથી આખું વૃક્ષ ભડભડાટ બળવા લાગ્યું. એ જ વખતે તેમાંથી ભયંકર ચીસો પાડતો એક મનુષ્ય અર્ધદગ્ધ હાલતમાં બહાર નીકળી આવ્યો.

રાજ્યાધિકારીઓ તેને ઘેરી વળ્યા અને પૂછવા લાગ્યા કે 'તું કોણ છે? જે હોય તે સાચું કહી દે.'

પેલા અર્ધદગ્ધ પુરુષે લથડતી વાણીમાં કહ્યું કે 'દુષ્ટ પુત્રે મારી આ દશા કરી છે.' અને તે ધરણી પર ઢળી પડ્યો. તેનાં સોયે વર્ષ ત્યાં જ પૂરા થઈ ગયાં. રાજ્યાધિકારીઓ સમજી ગયા કે ધર્મબુદ્ધિને દોષિત ઠરાવવા માટે જ પાપબુદ્ધિએ કાવતરું રચ્યું હતું અને તેના પિતાને વૃક્ષની બખોલમાં રાખી તેની પાસે 'ધર્મબુદ્ધિ ચોર છે' એવા શબ્દો બોલાવ્યા હતા. આથી તેમણે પાપબુદ્ધિને ગુનેગાર માન્યો, તેનાં ઘરની જડતી લીધી અને તેણે હરી લીધેલું ધર્મબુદ્ધિનું બધું ધન પાછું અપાવ્યું. પછી પાપબુદ્ધિ પર વિશ્વાસઘાત, જૂઠ, છેતરપીંડી, ખોટા સાક્ષીને ઊભો કરવો વગેરે ગુનાસર કામ ચલાવ્યું અને શૂળીની શિક્ષા ફરમાવી.

પાપ–અન્યાય–અધર્મથી ધન લેવા જતાં કેવું પરિણામ આવ્યું તે જુઓ. ધન મળ્યું નહિ, પિતાને બળીને મરવાનો વખત આવ્યો અને પોતાને શૂળીએ ચડવું પડ્યું. આવા દાખલાઓ આજે પણ જોવામાં આવે છે.

અન્યાય–અનીતિ–અધર્મ આચરીને એકઠું કરેલું ધન પારાની જેમ ફૂટી નીકળે છે અને તેના ઉત્પાદકને શાંતિ–સુખનો અનુભવ થવા દેતું નથી. જો એ ધન બીજાને આપવામાં આવે તો એની હાલત પણ બૂરી થાય છે. સંન્યાસીના હાથમાં અન્યાયની કમાયેલી સોનામહોર આવતાં તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને તેને વેશ્યાગમનનો વિચાર આવ્યો. આવા અનેક દાખલાઓ જોવા–જાણવા છતાં મનુષ્યોની બુદ્ધિ સુધરતી નથી–ધર્મમાં સ્થિર થતી નથી, એ કેટલું શોચનીય છે?

કેટલાક કહે છે કે 'ધર્મનો ધંધો ઉધાર છે, રોકડિયો નથી. અર્થાત્ તેનાથી જે લાભ થાય છે, તે આગળ ઉપર કે લાંબા ગાળે થાય છે, પણ તરત તો કંઈ લાભ થતો નથી. તેથી અમારી ધર્મ કરવાની ધીરજ રહેતી નથી.' આ મહાનુભાવોને અમે કહેવા ઇચ્છીએ છીએ કે આ તો આંધળે બહેરું કૂટાય છે. ધર્મના વ્યાપાર જેવો તો કોઈ રોકડિયો વ્યાપાર નથી. જ્યાં ધર્મ કરો કે તરત પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પડે. આમાં ઉધારો કયાં રહ્યો? ધર્મ આજે કરો ને પુણ્યનો બંધ છ-બાર મહિને પડે એવું બનતું નથી. તો પછી એ ઉધાર કેમ? એ પુણ્યબંધનું ફળ તમે અમુક વખતે ભોગવો છો, પણ તેથી એ ઉધાર ધંધો ન કહેવાય. આજે વ્યાપાર કર્યો, કેટલોક નફો થયો અને તેની રકમ બેંકમાં મૂકી દીધી. હવે તે રકમ તમે છ-કે બાર મહિને ઉપાડો, એથી શું એ ધંધો ઉધાર થયો કહેવાય? ધર્મની બાબતમાં પણ આમ જ સમજવાનું છે.

ધર્મ કરનાર પાપ કરતાં અટકે છે, તેનો આત્મા ઉન્નત થાય છે, તેને એક જાતનો અપૂર્વ સંતોષ થાય છે અને તેને કર્મનો બંધ ઢીલો પડે છે. શું આ બધા તાત્કાલિક લાભો નથી? તો પછી ધર્મને તમે રોકડિયો જ કેમ ન માનો?

અહીં એ પણ સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે કદી ધર્મનું ફળ સમયાંતરે મળતું હોય તો પણ એનું આરાધન ધીરજથી કેમ ન કરવું? તમે વ્યાપાર અર્થે કોઈ માલની

ખરીદી કરો છો, તે જ વખતે તમને નફો મળી જાય છે? એ માલને સંઘરવો-સાચવવો પડે છે અને જ્યારે ભાવ આવે, ત્યારે વેચો છો, તો જ તમને નફો મળે છે. એ જ રીતે તમે દવા પીઓ છો, તે જ વખતે શું તમારો રોગ મટી જાય છે? એ તો ધીરજ રાખીને અમુક સમય સુધી લીધા જ કરો તો તમને ફાયદો થાય છે. તો પછી ધર્મનાં ફળ માટે તમે આટલા-ઉતાવળા શા માટે બનો છો? એનો સમય થતાં એનું ફળ મળવાનું જ છે, એવો દૃઢ વિશ્વાસ રાખી ધીરજ કેમ ન ધરો?

જો તમારાં મનમાં એમ હોય કે ધર્મનું ફળ મળશે કે નહિ? તો એ શંકા ખોટી છે. જ્યારે નાનામાં નાની ક્રિયાનું પણ પરિણામ આવે છે, ત્યારે ધર્મક્રિયાનું પરિણામ કેમ ન આવે? એ આવે જ આવે.

એ વાત તમારાં લક્ષમાં બરાબર રાખો કે જેણે મધુર ફળો ખાવાં હોય, તેણે તો ધીરજ રાખવી જ જોઇએ. જો કેરી ખાવાની ઉતાવળમાં આવીને કાચી કેરી ખાવા માંડો તો પરિણામ શું આવે? બધા દાંત ખાટા થઈ જાય અને બીજી વસ્તુ પણ ખવાય નહિ. માટે ધીરજ રાખીને ધર્મનું આરાધન કરવું, એ જ સાચો રસ્તો છે.

ધર્મની શક્તિ અચિંત્ય છે.

ધર્મની શક્તિ અગાધ છે, અપરિચિત છે, અચિંત્ય છે. તેનું સેવન કરનારને લાભ થયા વિના રહેતો નથી.

વિશેષ તો આ વસ્તુ અનુભવગમ્ય છે. અનેક મહાપુરુષોએ આ વસ્તુનો અનુભવ લીધા પછી જ કહ્યું છે કે–

सुखार्थं सर्वभूतानां, मताः सर्वप्रवृत्तयः।
सुखं नास्ति विना धर्मं, तस्माद्धर्मपरो भवेत्॥

'સર્વ પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિઓ સુખને માટે જ માનેલી છે. અને તે સુખ ધર્મ વિના મળતું નથી, તેથી મનુષ્યે ધર્મમાં તત્પર થવું જોઈએ.'

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન છત્રીશમું

ધર્મની ઓળખાણ શી?

મહાનુભાવો!

ગત બે વ્યાખ્યાનોમાં એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી કે દરેક મનુષ્યે જીવનની સફલતા માટે ધર્મ અવશ્ય કરવો જોઈએ. ધર્મની શક્તિ અગાધ, અપરિમિત, અચિંત્ય છે. પણ ધર્મ કોને કહેવાય? ધર્મનાં લક્ષણો શું? ધર્મને પારખવાની રીત શું? એ જાણ્યા વિના ધર્મ થઈ શકે નહિ, તેથી આ વ્યાખ્યાનમાં પ્રસ્તુત વસ્તુઓ પર પ્રકાશ પાડીશું.

ધર્મ કોને કહેવાય? એ પ્રશ્નનો ઉત્તર જુદા જુદા મનુષ્યો જુદી જુદી રીતે આપે છે. કોઈ કહે છે કે ધર્મ એટલે સેવા, કોઈ કહે છે કે ધર્મ એટલે કર્તવ્ય, કોઈ કહે છે કે ધર્મ એટલે ફરજ, કોઈ કહે છે કે ધર્મ એટલે નીતિ, કોઈ કહે છે કે ધર્મ એટલે સદાચાર, કોઈ કહે છે કે ધર્મ એટલે પ્રભુભક્તિ, કોઈ કહે છે કે ધર્મ એટલે દાન, કોઈ કહે છે કે ધર્મ એટલે સુવિચાર, કોઈ કહે છે કે ધર્મ એટલે જ્ઞાનોપાસના, કોઈ કહે છે કે ધર્મ એટલે કુલાચાર અને કોઈ કહે છે કે ધર્મ એટલે શાસ્ત્રમાં બતાવેલો વિધિ–નિષેધ, પરંતુ આ વ્યાખ્યાઓ એક અથવા બીજી રીતે અપૂર્ણ છે અને તે ધર્મ શબ્દનો યથાર્થ ભાવ દર્શાવી શકતી નથી.

ધર્મ એટલે સેવા, એવો અર્થ સ્વીકારીએ તો કોની સેવા? એ પ્રશ્ન થાય છે. માણસો પોતાનું પેટ ભરવા માટે અનેક માણસોની અનેક પ્રકારે સેવા કરે છે, એ શું ધર્મ છે? વળી કેટલાક બૈરાં-છોકરાંની પણ સેવા કરે છે, તેને શું ધર્મ માનીશું? કેટલાક માણસો સમાજસેવા-દેશસેવાનાં નામે મેવા ઉડાવે છે અને ગમે તેવી સ્વાર્થી પ્રવૃત્તિઓને પણ સેવાનો સ્વાંગ સજાવી દે છે. વળી સેવા માટે પાપ કરવું પડે તો પણ કરી શકાય એવો ભ્રમ સેવે છે, તેથી 'ધર્મ એટલે સેવા' એ વ્યાખ્યા સ્વીકારવા જેવી નથી.

ધર્મ એટલે કર્તવ્ય કે ફરજ, એવો અર્થ સ્વીકારીએ તો પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ રજૂ થતું નથી, કારણ કે આ દુનિયામાં કર્તવ્ય અને ફરજ વિષે તરેહતરેહના ખ્યાલો પ્રવર્તે છે. કોઈ કહે છે કે પ્રજા ઉત્પન્ન કરવી એ આપણું કર્તવ્ય છે. જેમ આપણા પિતાએ આપણને ઉત્પન્ન કર્યા તેમ આપણે સંતાનોને-પુત્રોને ઉત્પન્ન કરવા જોઈએ. જો એ રીતે પુત્રોને ઉત્પન્ન ન કરીએ તો વંશવેલો ચાલે શી રીતે? કોઈ કહે છે કે આ જગતમાં બધી વસ્તુઓ ભોગને માટે નિર્મિત થઈ છે, માટે વિવિધ પ્રકારના ભોગો ભોગવવા એ આપણું કર્તવ્ય છે. કોઈ કહે છે કે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુનનું સેવન કરવાથી દેવ પ્રસન્ન થાય છે, માટે એ પંચમકારનું સેવન કરવું એ આપણું કર્તવ્ય છે. કોઈ કહે છે કે દેવ-દેવીઓ પશુબલિ-નરબલિ વગેરેથી પ્રસન્ન થાય છે, માટે પશુનો બલિ આપવો, નરનો બલિ આપવો એ આપણું કર્તવ્ય છે. કોઈ કહે છે કે શ્રીમંતોને લૂંટીને

ગરીબોને દાન આપવું, એ આપણું કર્તવ્ય છે; એ સિવાય આ દુનિયામાં સમાનતા સ્થપાવાની નથી.

ખેડૂત ખેતીનું કામ કરે, વ્યાપારી વ્યાપાર કરે, દરજી કપડાં સીવે, મોચી જોડા સાંધે, કુંભાર વાસણો બનાવે, સુથાર ઘર બનાવે, લુહાર ઓજાર બનાવે, ચમાર મરેલાં ઢોરને લઈ જાય, ભંગી ઝાડુ મારે, ચોર ચોરી કરે, વેશ્યા જુદા જુદા પુરુષોને ભોગવે અને કસાઈ જનાવરોને મારે એ એમનાં કર્તવ્ય ગણાય છે. આ બધાને ધર્મ માનવામાં આવે તો પાપ જેવી વસ્તુ જ રહેતી નથી.

કરાર પ્રમાણે નોકરી કરવી એ ફરજ ગણાય છે, પછી તે નોકરી ગમે તે પ્રકારની હોય. દાખલા તરીકે છ કલાકની નોકરી હોય તો શિક્ષક છ કલાક સુધી છોકરાને ભણાવે, ગુમાસ્તો છ કલાક સુધી નામું લખે, ઉઘરાણીએ જાય કે શેઠનું બતાવ્યું બીજું કામ કરે, મજૂર હોય તો છ કલાક સુધી મહેનતનું કામ કરે, પોલીસ હોય તો છ કલાક સુધી ચોકી કરે, ચોરોને પકડવા જાય કે મવાલીઓને મારપીટ કરે અને કારીગર હોય તો છ કલાક કારીગરનું કામ કરે. કોઈએ કસાઈખાનામાં કે કલાલને ત્યાં નોકરી સ્વીકારી હોય તો ત્યાં જનાવરોને મારવા પડે કે લોકોને દારૂ પાવો પડે. આ બધી વસ્તુઓને ધર્મ માનવા જઈએ તો વાત કયાં સુધી પહોંચે? એ વિચારી જુઓ.

ધર્મ એટલે નીતિ, એમ કહેવાથી પણ ધર્મનો વાસ્તવિક મર્મ પ્રકાશમાં આવતો નથી, કારણ કે દેશકાલ પ્રમાણે

નીતિ અનેક પ્રકારની હોય છે અને તેમાં સારી તથા ખોટી બંને બાબતોનો સમાવેશ હોય છે. દાખલા તરીકે નીતિ-વિશારદોએ શામ, દામ, ભેદ, અને દંડ એ ચાર પ્રકારની નીતિ માની છે. તેમાં શામ એટલે શિખામણ આપવી, એ સારી વસ્તુ છે. જો કોઈ પણ માણસ શિખામણ આપવાથી જ અન્યાય, અનીતિ, દુરાચાર કે અધર્મ સેવતો અટકી જતો હોય તો ઇચ્છવા યોગ્ય છે. પરંતુ દામ એટલે પૈસા આપવા-લાંચ રૂશ્વત આપવી અને તેની પાસેથી સ્વાર્થનું કામ કરાવી લેવું, એ સારી વસ્તુ નથી. તે જ રીતે ભેદ એટલે પ્રપંચ ખેલીને વિરુદ્ધ પક્ષમાં ફાટફૂટ પડાવવી અને તેમને નાશના માર્ગે લઈ જવા, એ પણ સારી વસ્તુ નથી; અને દંડ દેવો-નાશ કરવો, એ પણ એટલી જ ખરાબ વસ્તુ છે. એ રીતે દામ, ભેદ અને દંડનો સ્વીકાર ધર્મ કરતો નથી.

ધર્મનો અર્થ માત્ર વ્યવહારશુદ્ધિ કરવામાં આવતો હોય, તો એ પણ પર્યાપ્ત નથી. એમાં ધર્મનો અંશ છે ખરો, પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ રજૂ થતું નથી.

ધર્મ એટલે સદાચાર, એ વ્યાખ્યા 'ભારતવર્ષ એટલે મુંબઈ' એના જેવી છે. ભારતવર્ષમાં એકલું મુંબઈ જ નથી. તેમાં બીજાં પણ અનેક શહેરો છે અને પર્વતો, નદીઓ, સરોવરો તથા બીજાં પણ સંખ્યાબંધ સ્થાનો છે. તે જ રીતે ધર્મમાં પણ સદાચાર ઉપરાંત શ્રદ્ધા, જ્ઞાન, ભાવના વગેરે ઘણી વસ્તુઓ છે. વળી સદાચારનો અર્થ પણ જુદા જુદા લોકો જુદી જુદી રીતે કરે છે. કેટલાક સવાર-સાંજ નાવું-

ધોવું, કોઈને અડવું નહિ એને જ સદાચાર કહે છે; તો કેટલાક બ્રાહ્મણોને જમાડવા, દક્ષિણા આપવી, પીંપળે પાણી રેડવું, ગાયને ઘાસ ખવડાવવું, ભગત-ભીખારીને ભોજન કરાવવું એને સદાચાર કહે છે. આથી ધર્મ એટલે સદાચાર, એમ કહેવું વ્યાજબી નથી, પૂરતું નથી.

ધર્મ એટલે પ્રભુભક્તિ, એ વ્યાખ્યાને પણ અપૂર્ણ જ લેખવી જોઈએ. પ્રથમ તો પ્રભુનું સ્વરૂપ અનેક પ્રકારનું માનવામાં આવ્યું છે અને બીજું તેની ભક્તિ કરવાની રીતો વિવિધ પ્રકારની છે, તેથી પ્રભુભક્તિ શબ્દ વડે ખરેખર શું સમજવું? એ કોયડો છે. વળી ધર્મનો અર્થ માત્ર પ્રભુ-ભક્તિ કરીએ તો જ્ઞાન, કર્મ (સત્ક્રિયા) વગેરેનો સમાવેશ શેમાં કરવો? એ પ્રશ્ન ઊભો થાય છે. પ્રભુભક્તિને ધર્મનું અંગ માનવામાં કશો જ વાંધો નથી, પણ ધર્મ એટલે પ્રભુભક્તિ એમ કહેવું અયોગ્ય છે.

ધર્મ એટલે દાન, એમ કહેવામાં પણ અવ્યાપ્તિદોષ રહેલો છે. એ વ્યાખ્યા ધર્મનાં બધા અંગોને સ્પર્શતી નથી. દાખલા તરીકે શીલ, તપ અને ભાવ એ પણ ધર્મનાં અંગો જ છે, તે ધર્મનો અર્થ દાન કરતાં શી રીતે સમજાય?

ધર્મ એટલે સુવિચાર, એ વ્યાખ્યા પણ ઉપરના જેવી અવ્યાપ્તિદોષવાળી છે. જો કોઈ માણસ આ વ્યાખ્યા પ્રમાણે માત્ર સારા વિચારો કરીને જ બેસી રહે તો તેનો ઉદ્ધાર થાય ખરો? સદ્વિચાર સાથે સત્કર્તવ્યની પણ જરૂર છે, પરંતુ તેનો સમાવેશ આ વ્યાખ્યામાં થતો નથી.

ધર્મ એટલે જ્ઞાનોપાસના, એવો અર્થ કરીએ તો બધાં અનુષ્ઠાનો, બધી ક્રિયાઓ કે વિધિવિધાનોનો નિષેધ થાય છે, એટલે તે પણ સ્વીકારવા યોગ્ય નથી.

ધર્મ એટલે કુલાચાર, એ વ્યાખ્યા ઘણી સંકુચિત છે અને તેમાં ધર્મનાં નામે અધર્મ થવાનો સંભવ છે. મહેશ્વરદત્તના પિતાએ મરતી વખતે કહ્યું કે 'પિતાના શ્રાદ્ધના દિવસે પાડો મારવો એ આપણો કુલાચાર છે, તે તું ભૂલીશ નહિ.' અને મહેશ્વરદત્તે પાડાનો વધ કર્યો, તેને શું ધર્મ કહેવાશે? દેશ અને જાતિ પરત્વે કુલાચાર અનેક પ્રકારના હોય છે અને તેમાં અરસપરસ વિરુદ્ધતા પણ હોય છે. જે એકથી થાય છે, તે બીજાથી થતું નથી. દાખલા તરીકે કોઈનો કુલાચાર એવો હોય છે કે વહૂની પ્રથમ સુવાવડ પિયરમાં જ થાય તો બીજાનો કુલાચાર એવો હોય છે કે તેને પહેલી સુવાવડમાં પિયર ન જ મોકલી શકાય.

ધર્મ એટલે શાસ્ત્રમાં બતાવેલો વિધિ–નિષેધ, એ અર્થ પણ આપણને સંતોષ આપી શકે એવો નથી, કારણ કે શાસ્ત્રો ઘણાં પ્રકારનાં છે અને તેમાં વિધિ–નિષેધો જુદી જુદી જાતના હોય છે. દાખલા તરીકે એક શાસ્ત્ર એમ કહે છે કે રાત્રે બિલકુલ ભોજન કરવું નહિ, તો બીજું શાસ્ત્ર એમ કહે છે કે ચંદ્ર ઉગ્યેથી અમુક વિધિપૂર્વક અન્ન ખાવું. એક શાસ્ત્ર કહે છે કે યોગસાધકે શરીરસત્કાર બિલકુલ કરવો નહિ અને સ્નાનાદિનો પણ ત્યાગ કરવો, ત્યારે બીજું શાસ્ત્ર એમ કહે છે કે યોગસાધકે પોતાનું શરીર બરાબર સંભાળી રાખવું અને

સ્નાનાદિ નિયમિત કરવાં. આ રીતે શાસ્ત્રના વિધિ–નિષેધો જુદા જુદા હોઈ કોનો સ્વીકાર કરવો અને કોનો અસ્વીકાર કરવો? એ વિચારણીય બને છે, તેથી ધર્મનો અર્થ શાસ્ત્રોક્ત વિધિ–નિષેધ એમ કરવો પણ યોગ્ય નથી.

થોડા વખત પહેલાં એક સામાજિક કાર્યકર્તાએ સમાજ અને દેશસેવાનાં ક્ષેત્રમાં કામ કરી રહેલી આગળ પડતી વ્યક્તિઓ ઉપર એક પત્ર પાઠવીને ધર્મનો અર્થ પૂછ્યો હતો, તેના ઉત્તરો લગભગ ઉપર પ્રમાણે જ આવ્યા હતા. તે પરથી તમે સમજી શકશો કે જેને સમાજમાં મોટા માણસો કહેવામાં આવે છે, તેમણે પણ ધર્મનો અર્થ બરાબર વિચારેલો નથી.

ધર્મનો અર્થ

શબ્દનો અર્થ કરવાનું કામ વાસ્તવમાં ઘણું કઠિન છે. તે વ્યાકરણ, કોષ, પરંપરા તથા વિવિધ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ માગે છે, પરંતુ આપણા શાસ્ત્રકારો આ વિષયોમાં નિપુણ હોવાથી શબ્દના અર્થો બરાબર કરી શકે છે અને તેને જ આપણે માન્ય રાખવા જોઈએ.

શાસ્ત્રીય શબ્દોના અર્થ મનસ્વી ધોરણે થઈ શકતા નથી. એમ કરવા જતાં મોટા છબરડા વળે છે અને ઉત્સૂત્ર-ભાષણના દોષી બનવું પડે છે. થોડા વખત પહેલાં એક વિદ્વાને પંચપરમેષ્ઠિમાંના ઉપાધ્યાયપદનો અર્થ શિક્ષક કર્યો હતો, તેને માન્ય કોણ રાખે? ઉપાધ્યાયનો અર્થ તો જિનાગમ ભણાવનાર ત્યાગી સાધુ છે અને તેમને વંદના

કરવાની છે. તેને બદલે શિક્ષક અર્થ કરીએ તો ગૃહસ્થાવસ્થામાં રહેલા ધંધાદારી સર્વ શિક્ષકોને વંદના થાય. એનું ફળ શું?

ધર્મ શબ્દ ધૃ ધાતુપરથી બનેલો છે અને ધૃ ધાતુ ધારણ કરવાનો, ધારી રાખવાનો અર્થ બતાવે છે. તેને લક્ષમાં રાખીને આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે કે **'જે, પ્રાણીઓને દુર્ગતિમાં પડતાં ધારી રાખે તેને ધર્મ કહેવાય.'** આ વ્યાખ્યા કેટલી સ્પષ્ટ અને સુંદર છે? તેનો અર્થ બરાબર સમજી લઈએ. જે એટલે જે વિચારણા, માર્ગ, વિધિવિધાન, ક્રિયા કે અનુષ્ઠાન પ્રાણીઓને દુર્ગતિમાં એટલે અધોગતિમાં કે દુર્દશામાં પડતા ધારી રાખે–બચાવે તેને ધર્મ કહેવાય.

ધર્મ પ્રાણીને દુર્ગતિમાં જતાં બચાવે એટલું જ નહિ, પણ સદ્ગતિ તરફ લઈ જાય, ઉન્નતિ તરફ લઈ જાય. આ વસ્તુ નીચેના શ્લોકમાં સ્પષ્ટ કરવામાં આવી છે:

દુર્ગતિપ્રસૃતાન્ જન્તૂન્, યસ્માદ્ ધારયતે પુનઃ ।
ધત્તે ચૈતાન્ શુભે સ્થાને, તસ્માદ્ ધર્મ ઇતિ સ્મૃતઃ ॥

'દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેમને પુનઃ શુભસ્થાને સ્થાપે, તેથી તે ધર્મ કહેવાય છે.'

ધર્મનાં લક્ષણો

દરેક વસ્તુ તેનાં લક્ષણથી ઓળખાય. આ માણસ સારો છે અને આ માણસ બરાબ છે; અથવા આ માણસ ડાહ્યો છે અને આ માણસ મૂર્ખ છે, એમ શાથી કહો છો? તેનાં લક્ષણ પરથી જ ને? એક માણસ છતી શક્તિએ

ઉદ્યમ ન કરતો હોય, પંડિતોની સભામાં પોતાનાં વખાણ કરતો હોય, દંભ તથા આડંબર પર ભરોસો રાખતો હોય, જુગારથી ધન મેળવવાની આશા રાખતો હોય, શક્તિ કરતાં ઘણું મોટું કામ ઉપાડતો હોય, માથે દેવું કરીને ઘર કરતો હોય કે વૃદ્ધ થઈને લગ્ન કરતો હોય તો તમે તરત જ કહેશો કે આ મૂર્ખ છે. તે જ રીતે જે અવસર વિનાનું બોલતો હોય, લાભના ટાણે કલહ કરતો હોય, ભોજનના સમયે ક્રોધ કરતો હોય, કામી પુરુષો સાથે હરિફાઇ કરીને ધન ઉડાવતો હોય, અહંકારથી અન્યનાં હિતવચનો સાંભળતો ન હોય કે કૃતઘ્ન પાસેથી ઉપકારના બદલાની આશા રાખતો હોય, તો તેને પણ મૂર્ખ જ કહેશો.

માણસની જેમ ધર્મ પણ તેનાં લક્ષણ પરથી જ ઓળખાય છે. આપણા જ્ઞાની પુરુષોએ ધર્મને ઓળખવા માટે કેટલાંક લક્ષણો બતાવ્યાં છે. તે શ્રી શય્યંભવસૂરિ મહારાજે શ્રી દશવૈકાલિકસૂત્રની પ્રારંભિક ગાથામાં નીચે પ્રમાણે જણાવ્યાં છે:–

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥

'ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. તે અહિંસા, સંયમ અને તપનાં લક્ષણવાળો છે. આવો ઉત્તમ લક્ષણવાળો ધર્મ જેનાં મનમાં વસે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.'

અહીં સૂત્રો પરત્વે બે શબ્દો કહેવા ઇચ્છીએ છીએ. સૂત્રો થોડા શબ્દોમાં ઘણું કહે છે અને તેનું પ્રત્યેક વચન

ટંકશાળી હોય છે. તમે જેમ જેમ તેના પર વિચાર કરતા જાઓ, તેમ તેમ નવો પ્રકાશ લાધે. ઉપરની ગાથાનું પણ એમ જ છે. આજ સુધીમાં લાખો શ્રમણ–શ્રમણીઓએ તેનું અધ્યયન કર્યું છે અને તેમાંથી ધર્મને લગતા મૂળભૂત પ્રશ્નોનું સમાધાન મેળવ્યું છે.

તમે પૂછશો કે 'એ શી રીતે?' એટલે જણાવીએ છીએ કે દરેક મુમુક્ષુનાં મનમાં પહેલો પ્રશ્ન એ ઉઠે છે કે આ જગતમાં ઉત્કૃષ્ટ મંગલ કયું? તેનો ઉત્તર 'धम्मो मंगल-मुक्किट्ठं–ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે' એ શબ્દોથી મળી રહે છે.

પ્રશ્ન–પંચપરમેષ્ઠિ–નમસ્કારને પણ ઉત્કૃષ્ટ મંગલ કહેવામાં આવે છે, તેનું કેમ?

ઉત્તર–પંચપરમેષ્ઠિને કરવામાં આવતો નમસ્કાર એ ધર્મક્રિયા છે–ધર્મ છે, માટે જ તેને ઉત્કૃષ્ટ મંગલ કહેવામાં આવ્યો છે. જો તેમાં ધર્મત્વ–ધર્મભાવ ન હોત તો તેને ઉત્કૃષ્ટ મંગલ ન જ કહેવાત. તાત્પર્ય કે ત્યાં પણ ધર્મની જ ઉત્કૃષ્ટ મંગલતા છે.

મુમુક્ષુઓનાં મનમાં બીજો પ્રશ્ન એ ઉઠે છે કે 'આ જગતમાં ધર્મો અનેક પ્રકારના છે. શું તે દરેકને ઉત્કૃષ્ટ મંગલરૂપ સમજવા?' તેનો ઉત્તર अहिंसा संजमो तवो શબ્દોથી મળી રહે છે. ત્યાં એમ કહેવાનો આશય છે કે 'દરેક ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ નથી, પણ જે ધર્મ અહિંસા, સંયમ અને તપનાં લક્ષણવાળો છે, તે ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.

આ ઉપરથી મુમુક્ષુને કેવા ધર્મનું અનુસરણ કરવું, તેનું યથાર્થ માર્ગદર્શન મળી જાય છે.

મુમુક્ષુનાં મનમાં ત્રીજો પ્રશ્ન એ ઉઠે છે કે 'આ ધર્મને આચરવાનું–પાળવાનું ફળ શું?' તેનો ઉત્તર 'देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो' એ શબ્દોથી મળી રહે છે. જે આવા ઉત્તમ ધર્મનું પાલન કરે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. જ્યારે દેવો નમસ્કાર કરે ત્યારે મનુષ્યનું તો કહેવું જ શું? તાત્પર્ય કે આખા જગતનો તે પૂજ્ય બને છે અને પોતાનું જીવન ધન્ય બનાવે છે.

ધર્મમાં કેટલી જબ્બર તાકાત છે, તેનો ખ્યાલ આ પરથી આવી શકશે. મહાનુભાવો! ધર્મ એ કોઇ મામુલી; સામાન્ય કે સાધારણ વસ્તુ નથી, પણ અસાધારણ કોટિની વસ્તુ છે. પારસમણિ લોઢાને સોનું બનાવી દે છે, પણ ધર્મ તો લોઢા કરતાં યે કનિષ્ઠ મનુષ્યને દેવાધિદેવ બનાવી દે છે. તમે સંત દૃઢપ્રહારીની કથા સાંભળો, એટલે તમને આ વસ્તુની પ્રતીતિ થશે.

સંત દૃઢપ્રહારીની કથા

બ્રાહ્મણનો એક છોકરો હતો, તેનું નામ દુર્ધર. તે નાનપણથી રખડુ મિત્રોની સોબતમાં ચડી ગયો અને આખો દિવસ જુગાર રમવા લાગ્યો. માતાપિતાએ તેને ઘણો સમજાવ્યો કે 'તું જુગાર રમવાનું છોડી દે. જુગારના નાદે ચડવાથી ભલભલા ભૂપતિઓ પડી ગયા. તો તું કોણ માત્ર? જુગાર એ આપદાનું ધામ છે અને તને ખૂબ ખરાબ કરી

નાખશે.' પણ દુર્ધરે તેમનું કહેવું માન્યું નહિ. ભાગ્ય જ્યારે નબળાં હોય, ત્યારે ગમે તેવા હિતસ્વીનાં વચનો પણ અસર કરતાં નથી.

જુગાર રમતાં વારંવાર નાણાંની જરૂર પડવા લાગી. એટલે તે ચોરીઓ કરવા લાગ્યો અને શેઠ શાહુકારોનાં ઘરોમાં ખાતર પાડીને તથા વેપારી પેઢીઓનાં તાળાં તોડીને તેમાંથી માલ તફડાવવા લાગ્યો. પરંતુ આવું કયાં સુધી ચાલે? લોકોની ફરિયાદ પરથી કોટવાળે તેને પકડ્યો અને રાજા સમક્ષ રજૂ કર્યો. રાજાને ખાતરી થઈ કે દુર્ધર ચોરીઓ કરે છે, એટલે તેને હદપારીનો હુકમ ફરમાવ્યો.

કોઈ પણ મનુષ્યને હદપાર કરવાનો એ વખતનો રિવાજ એ હતો કે તેનું માથું મુંડાવી નાખતા, તેના પર ચૂનો ચોપડતા, મોઢે મેશ લગાડતા, ગળામાં ખાસડાનો હાર પહેરાવતા, તેને ગધેડા પર અવળે મોઢે બેસાડતા અને બોખરૂં હાંડલું વગાડતાં તેને નગર બહાર લઈ જતા. ત્યાંથી તેણે રાજ્યની હદ છોડીને ચાલ્યા જવું પડતું.

દુર્ધરની પણ આવી જ વલે થઈ. તે અહીંતહીં રખડતો એક અટવીમાં પહોંચ્યો. ત્યાં ચોરોએ પકડીને તેને પોતાના રાજા સમક્ષ રજૂ કર્યો. રાજા માણસોનો પારખુ હતો. તેણે દુર્ધરનાં લક્ષણ પરથી પારખી લીધું કે આ માણસ આપણાં કામનો છે. એટલે તેણે દુર્ધરને પૂછ્યું કે 'તારો શું વિચાર છે?' દુર્ધરે કહ્યું: 'જે તમારો વિચાર છે, એ જ મારો વિચાર છે.' અર્થાત્ તમે મને તમારી પાસે રાખવા ઇચ્છો છો, તો હું તમારી પાસે રહેવા તૈયાર છું.

એ દિવસથી દુર્ધર ચોરોની સાથે રહેવા લાગ્યો અને તેમણે બતાવેલાં તમામ કાર્યો કરવા લાગ્યો. આથી રાજા પ્રસન્ન થયો અને તેને પોતાના પુત્ર તરીકે સ્થાપી ચોરોનો રાજા બનાવ્યો.

દુર્ધર ઘણો સાહસિક હતો, એટલે મોટી મોટી ચોરીઓ કરતો અને ધાડો પણ પાડતો. તેમાં કોઈ પણ માણસ સામો થતો કે દુર્ધરની તરવાર તેની ડોક પર ફરી વળતી અને તેને ધડથી છૂટું કરતી. દુર્ધરનો પ્રહાર કદી પણ ખાલી જતો નહિ, એટલે તે **દૃઢપ્રહારી** તરીકે ઓળખાવા લાગ્યો.

એક વખત તેણે કુશસ્થલ નગર પર ધાડ પાડી. આ નગર સૈનિકોથી રક્ષાયેલું રહેતું, એટલે તેને લૂટવાનું કામ સહેલું ન હતું. પણ દૃઢપ્રહારીએ પોતાની સાથે ઘણા ચોરોને લીધા હતા અને તે જાન પર આવીને લડનારા હતા. આ ચોરોએ સૈનિકોને જોતજોતામાં હઠાવી દીધા અને નગરમાં બેફામ લૂંટ ચલાવી.

તે વખતે એક ચોર બ્રાહ્મણનાં ઘરમાં પેઠો. આ બ્રાહ્મણ ખૂબ ગરીબ હતો અને ભિક્ષાચરી પર જ નભતો હતો. તેનાં ઘરમાં ખાસ લૂંટવા જેવું કંઈ જ ન હતું. પણ છોકરાઓએ હઠ કરવાથી તે દિવસે બ્રાહ્મણે માગી-ભીખીને ક્ષીરની સામગ્રી ભેગી કરી હતી અને બ્રાહ્મણીએ ક્ષીરનું ભોજન તૈયાર કરી છોકરાઓને પીરસ્યું હતું. અન્ય વસ્તુઓના અભાવે આ ભોજન પણ ઠીક છે, એમ માનીને પેલા ચોરે તે ક્ષીરનું વાસણ ઉપાડ્યું.

આ જોઈને બ્રાહ્મણને ખૂબ લાગી આવ્યું. પોતાના

પુત્રો ટળવળતા રહે અને એક અધમ આદમી તેને ઓહિયા કરી જાય, એ વિચાર તેને અસહ્ય થઈ પડ્યો. તેણે એ ચોરનો સામનો કરવા ભોગળ ઉપાડી અને ત્યાં ધમાચકડી મચી. એવામાં દૃઢપ્રહારી ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતાના માણસ પર હુમલો થતો જોઈને તરવાર ઝીંકી અને એક જ ઘાએ બ્રાહ્મણનું ડોકું ધડથી જુદું કરી નાખ્યું.

પતિની એકાએક કરપીણ હત્યા થયેલી જોઈને બ્રાહ્મણી કંપી ઉઠી અને છોકરાઓ થરથર ધ્રૂજવા લાગ્યા. હવે એ બ્રાહ્મણે એક ગાય પાળેલી હતી અને તે એના પ્રત્યે ખૂબ જ મમતા રાખતો હતો. આ ગાય એ વખતે તેનાં આંગણામાં જ બાંધેલી હતી, તે બ્રાહ્મણનો શિરચ્છેદ થયેલો જોઈને ઉંફરાટે આવી અને બંધન તોડીને દૃઢપ્રહારીની સામે થઈ. જનાવરોમાં પણ માલીક પ્રત્યે કેવી વફાદારી હોય છે, તે જુઓ. પરંતુ સામે યમ જેવો દૃઢપ્રહારી ઊભેલો હતો. તેણે ગાયને પોતાના તરફ ધસી આવતી જોઈને તરવાર ચલાવી અને તેનું ડોકું પણ ધડથી જુદું કરી નાખ્યું.

પ્યારા પતિ અને વહાલી ગાય એ બંનેની હત્યા થતાં બ્રાહ્મણીનો મિજાજ ખૂબ ઉશ્કેરાયો અને તે ગાળો દેતી દૃઢપ્રહારીને મારવા દોડી. ઉશ્કેરણીની પળો એવી હોય છે કે તેમાં આગળ–પાછળનો કોઈ વિચાર થઈ શકતો નથી. એક નિર્દોષ હરિણી વિકરાળ વાઘનો સામનો કરે તો તેનું પરિણામ શું આવે, એ આપણે સમજી શકીએ છીએ. દૃઢ-પ્રહારીએ તેનાં પેટમાં તરવાર હુલાવી દીધી અને તે જમીન પર તૂટી પડી. એ બ્રાહ્મણી એ વખતે ગર્ભવતી હતી,

એટલે તેના ગર્ભની પણ હત્યા થઈ અને તેનો લોચો બહાર નીકળી આવ્યો.

આ દૃશ્ય જોઈને દૃઢપ્રહારીનું હૈયું હચમચી ગયું. તેને વિચાર આવ્યો કે ' આ મેં શું કર્યું ? એક સાથે ચાર હત્યા ? અને તે પણ બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળકની ? ખરેખર ! મેં ઘણું ખોટું કર્યું ! મારા જેવો પાપી, અધમ, દુષ્ટ, હત્યારો આ જગતમાં બીજો કોણ હશે ? મારી દુષ્ટતાએ તો હદ કરી ! '

તે આવા આવા વિચારો કરતો પોતાના સાથીઓ સાથે કુશસ્થલ છોડી ગયો, પણ પેલું કરુણાજનક દૃશ્ય તેની નજર આગળથી દૂર થયું નહિ. તે પોતાનાં દુષ્ટ કૃત્યની વારંવાર નિંદા કરવા લાગ્યો. એમ કરતાં તેનું હૃદય પીગળી ગયું અને આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુ ટપકવા લાગ્યાં.

પશ્ચાત્તાપમાં પણ ગજબની શક્તિ હોય છે. તે ગમે તેવાં કઠોર હૃદયોને પીગળાવી નાખે છે અને પુષ્પ જેવા મુલાયમ બનાવી દે છે. અહીં અમને કવિ કલાપિની પેલી બે પ્રસિદ્ધ પંક્તિઓ યાદ આવે છે :

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે !

આગળ જતાં અરણ્ય આવ્યું, તેમાં એક તપસ્વી ધ્યાની મુનિ તેના જોવામાં આવ્યા, એટલે તે એમની નજીક ગયો અને ચરણ પકડી ડુશકે ને ડુશકે રોવા લાગ્યો. મુનિવરે કહ્યું : ' મહાનુભાવ ! શાંત થા ! આટલો શોક–સંતાપ શા માટે કરે છે ? '

દૃઢપ્રહારીએ કહ્યું : 'પ્રભો ! હું મહા અધમ, પાપી, હત્યારો છું. આજે નજીવા કારણસર મેં બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળક એ ચારની હત્યા કરી છે. હવે મારું શું થશે ? હે કૃપાળુ ! મને બચાવો, મારું રક્ષણ કરો.'

મુનિવરે કહ્યું : 'મહાનુભાવ ! ભૂલ થતાં થઈ ગઈ, પણ હવે પછી એવી ભૂલો ન કરવાની તૈયારી હોય તો માર્ગ નીકળી શકે એમ છે. શ્રી જિનેશ્વર ભગવંતોએ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોવાળું ઉત્તમ શીલ બતાવ્યું છે, તેને તું ધારણ કર અને તું બધાં પાપોથી મુક્ત થઈ પવિત્ર બની શકીશ.'

મુનિવરનાં આ વચનોથી દૃઢપ્રહારીનાં મનનું સમાધાન થયું અને તેણે પાંચ મહાવ્રતોથી શોભતું ઉત્તમ શીલ ધારણ કર્યું. વળી એ જ વખતે એવો અભિગ્રહ ધારણ કર્યો કે 'જ્યાં સુધી મને આ ચાર હત્યાઓ યાદ આવે, ત્યાં સુધી મારે અન્ન કે પાણી લેવાં નહિ !' મહાનુભાવો ! નિર્ગ્રંથ મુનિઓ તપશ્ચર્યાનિમિત્તે અનેક પ્રકારના અભિગ્રહો ધારણ કરે છે, તેમાં આ અભિગ્રહ ઘણો ઉગ્ર કહેવાય. એક વસ્તુની મનમાંથી સ્મૃતિ ભૂંસી નાખવા માટે કેટલું તપ અને કેટલું ઉચ્ચ કોટિનું ધ્યાન જોઈએ, તેનો ખ્યાલ કરો. પરંતુ ભાવનાવશ બનેલા સંત દૃઢપ્રહારીએ આવો ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો અને તેઓ કુશસ્થલ નગરના દરવાજે આવી ધ્યાનમાં મગ્ન થયા.

આ નગરને તેમણે તથા તેમના સાથીઓએ સારી

રીતે લૂંટ્યું હતું, એટલે લોકો તેમને જોઈને મનગમતા શબ્દો બોલવા લાગ્યા. કોઈએ કહ્યું : 'આ ઢોંગી છે.' કોઈએ કહ્યું : 'આ ધૂતારો છે.' કોઈએ કહ્યું : 'આ તો મુખમાં રામ ને બગલમાં છૂરીનો ખેલ છે.' તો કોઈએ કહ્યું : 'ઈંટના દેવને બાસડાંની જ પૂજા શોભે. માટે જોઈ શું રહ્યા છો ?' એટલે તેમના પર ઈંટ, પત્થર, ધૂળ વગેરેનો વરસાદ વરસ્યો. પણ તેઓ પોતાના દૃઢ સંકલ્પમાંથી જરા પણ ડગ્યા નહિ. જ્યારે ઈંટ-પત્થર વગેરેનો ઢગલો વધીને નાક સુધી પહોંચ્યો, ત્યારે તેઓ એ ઢગલામાંથી બહાર નીકળ્યા અને નગરના બીજા દરવાજે ધ્યાનસ્થ થયા. ત્યાં પણ લોકોએ તેમની હાલત આવી જ કરી. લોકસમૂહ એટલે ગાડરિયો પ્રવાહ. જે એકે કર્યું, તે બીજો કરે અને બીજાએ કર્યું, તે ત્રીજો કરે. એમાં લાંબો વિચાર હોય નહિ. ત્યાં પણ ઈંટ, પત્થર વગેરેનો ઢગલો નાક સુધી આવ્યો, એટલે તેમાંથી બહાર નીકળીને ત્રીજા દરવાજે ગયા. આમ છ માસ સુધી તેઓ કુશસ્થલ નગરના જુદા જુદા દરવાજે ઘોર તપશ્ચર્યા કરતા ઊભા રહ્યા. ત્યારે એમના આત્માની સંપૂર્ણ શુદ્ધિ થઈ અને તેમને અદ્વિતીય એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે લોકો સમજ્યા કે દૃઢપ્રહારી ઢોંગી કે ધૂતારા નથી અને આપણી બનાવટ કરતા નથી, પણ એક સાચા સંત, સાચા મહાત્મા બન્યા છે, એટલે તેમનાં ચરણે પડવા લાગ્યા અને તેમની પાદરેણુ વડે પોતાનાં મસ્તકોને પવિત્ર કરવા લાગ્યા.

ધર્મની પરીક્ષા ×

મહાનુભાવો ! શાસ્ત્રકારોએ ઉત્તમ ધર્મનાં જે ત્રણ લક્ષણો બતાવ્યાં છે, તે બરાબર ધ્યાનમાં રાખો. જ્યારે કોઈ પણ વસ્તુ તમારી પાસે ધર્મ તરીકે રજૂ થાય, ત્યારે પ્રથમ એ જોવું કે તેમાં અહિંસાને કેવું સ્થાન પ્રાપ્ત થયેલું છે ? જો તેમાં એક યા બીજા પ્રકારે હિંસાની હિમાયત કરી હોય, તો સમજવું કે એ ધર્મ તમારાં કામનો નથી. પ્રાણીઓને યજ્ઞમાં હોમવા, પ્રાણીઓની કુરબાની કરવી, દેવ દેવીઓને પ્રસન્ન કરવા પ્રાણીઓનો વધ કરવો, એ બધા હિંસાના પ્રકારો છે અને તેને ધર્મનાં નામે આગળ ધપાવવામાં આવે છે, એટલે તમારે ધર્મની પરીક્ષા કરવામાં બરાબર સાવચેત રહેવાનું છે.

જ્યારે તમારી પાસે કોઈ પણ વસ્તુ ધર્મ તરીકે રજૂ થાય, ત્યારે બીજી વસ્તુ એ જોવી કે તેમાં સંયમને કેટલું સ્થાન છે ? જો તેમાં એક યા બીજા પ્રકારે મોજશોખ કે ભોગવિલાસની છૂટ આપવામાં આવી હોય અને ઇન્દ્રિયોને

× ધર્મની પરીક્ષા અંગે જૈન શ્રુતમાં નીચેનો શ્લોક પ્રસિદ્ધ છે :

यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षण-च्छेदन-ताप-ताडनैः ।
तथा हि धर्मो विदुषा परीक्ष्यते, दानेन शीलेन तपोदयागुणैः ॥

'સુવર્ણની પરીક્ષા જેમ કષ, છેદન, તાપ અને તાડન વડે થાય છે, તેમ વિદ્વાનો વડે ધર્મની પરીક્ષા દાન, શીલ, તપ અને દયા વગેરે ગુણો વડે થાય છે.' તાત્પર્ય કે જે ધર્મમાં અહિંસાનું ઉત્તમ પ્રકારે વિધાન કરવામાં આવ્યું હોય, તે ધર્મને શ્રેષ્ઠ સમજવો અને બાકીનાને કનિષ્ઠ સમજવા.

દમવા પર ખાસ ભાર મૂકાયો ન હોય, તો સમજવું કે એ ધર્મ ઉત્તમ નથી, શ્રેયસ્કર નથી.

જ્યારે તમારી પાસે કોઈ પણ વસ્તુ ધર્મ તરીકે રજૂ થાય, ત્યારે ત્રીજી વસ્તુ એ જોવી કે તેમાં તપને કેટલું સ્થાન અપાયેલું છે ? જો તેમાં તપ પર ખાસ ભાર મૂકાયો ન હોય તો 'સમજવું કે એ ધર્મ તમારાં કર્મનો નાશ કરી શકશે નહિ. કેટલાક કાયિક તપને નિરર્થક માની માત્ર માનસિક તપ પર વધારે ભાર મૂકે છે. તેમની જીવનચર્યા કેવી હોય છે, તે નીચેના શ્લોકમાં દર્શાવી છે :

मृद्वी शय्याः प्रातरुत्थाय पेया,
मध्ये भक्तं पानकं चापराह्णे ।
द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,
मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥

'કોમલ શય્યામાં શયન કરવું, પ્રાતઃકાળમાં ઉઠીને દૂધ પીવું કે એક પ્રકારની રાબડી પીવી, મધ્યાહ્ને પૂરું ભોજન કરવું, પાછલા પહોરે મદિરાપાન કરવું અને અર્ધરાત્રે દ્રાક્ષ તથા સાકરનો ઉપયોગ કરવો. આવા પ્રકારના ધર્મથી મુક્તિ મળે છે, એમ શાક્યપુત્રે જોયું.'

મહાનુભાવો ! ધર્મને ઓળખવાની આ મુખ્ય ચાવી છે અને તે જ્ઞાની ભગવંતોએ આપણને આપેલી છે, એટલે ખૂબ કાળજીથી તેનો ઉપયોગ કરવો. આથી તમને ઉત્તમ સત્ય ધર્મની પ્રાપ્તિ થશે અને તેના વડે સંસારસાગરને તરી શકશો.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન સાડત્રીશમું

ધર્મનું આરાધન

[૧]

મહાનુભાવો !

કર્મ શબ્દ પણ અઢી અક્ષરનો અને ધર્મ શબ્દ પણ અઢી અક્ષરનો, છતાં બંનેમાં કેટલો ફેર છે ? કેટલો તફાવત છે ? એક આત્માને નીચો પાડે છે, ખૂબ સતાવે છે અને ભયંકર ભવાટવીમાં ભૂરિ ભૂરિ ભ્રમણ કરાવી વિવિધ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરાવે છે, ત્યારે બીજો આત્માને ઊંચો ચડાવે છે, ઘણો આનંદ આપે છે અને અક્ષય–અનંત–અપાર સુખથી ભરેલાં સિદ્ધિસદનની સહેલ કરાવે છે !

કર્મ અને ધર્મ શબ્દમાં પાછલા દોઢ અક્ષરો તો બિલકુલ સમાન છે; ફેર માત્ર આગલા અક્ષરનો છે. પણ એ ફેર વસ્તુનાં સમસ્ત સ્વરૂપને બદલી નાખે છે. ભક્ષણ અને રક્ષણ તથા મરણ અને શરણમાં એક આગલા અક્ષરનો જ ફેર હોવાથી તેમનાં સ્વરૂપમાં કેટલો ફેર પડી જાય છે ? એક માણસનું ભક્ષણ થાય, એટલે તેનો નાશ થાય અને એક માણસનું રક્ષણ થાય, એટલે તેનો બચાવ થાય. એક માણસને મરણ પ્રાપ્ત થાય, એટલે તેનાં વર્તમાન જીવનનો અંત આવે અને શરણ પ્રાપ્ત થાય, એટલે તેનું વર્તમાન જીવન સુરક્ષિત રહે. બે મનુષ્યની પીઠ સરખી હોય, પણ મુખા-

કૃતિમાં ફેર હોય, તો તેમનાં વ્યક્તિત્વમાં ફેર પડે છે. કર્મ અને ધર્મનું પણ આ પ્રમાણે જ સમજવું.

કર્મને ધર્મ ગમે નહિ અને ધર્મને કર્મ ગમે નહિ, કારણ કે બંનેની દિશાઓ જુદી, બંનેના માર્ગ જુદા અને બંનેનાં કર્તવ્ય પણ જુદાં. સ્વભાવે વિરુદ્ધ હોય એવી વસ્તુ કોને ગમે છે ? ખારેક સ્વાદમાં ઘણી સુંદર હોય છે, પણ તેને ઘોડા આગળ મૂકો તો ? અથવા સાકર સ્વાદમાં ઘણી મીઠી હોય છે, પણ તેને ગધેડા આગળ ધરો તો ? એ તેની સામું પણ નહિ જુએ, કારણ કે સ્વભાવની વિરુદ્ધતા છે. બાટકીને દયાની વાત કરો કે વેશ્યાને શીલ પાળવાનો ઉપદેશ આપો તો એને ક્યાં ગમે છે ?

કર્મ સ્વભાવે કૌરવ જેવા છે, એટલે તે કુટિલનીતિ અજમાવ્યા કરે. તે આત્માને જંપીને બેસવા દે નહિ. વળી આત્મા ધર્મ કરવા તૈયાર થાય, ત્યાં આડા પડે અને ધર્મ કરવા દે નહિ. તમે વ્યાખ્યાન સાંભળવા આવો છો ને ઝોકા ખાવા મંડી પડો છો, એ કર્મની કરામત છે; અથવા કોઈ ગરીબને મદદ કરવાનો વિચાર કરો છો અને અટકી પડો છો, એ પણ કર્મની કરામત છે. તમે ઘણા વખતે તીર્થ-યાત્રાએ જવાનો વિચાર કર્યો હોય, ત્યાં બૈરી કે છોકરાં માંદાં પડે, વ્યાપારમાં મોટી ઉપાધિ આવે કે સગાંવહાલાંનાં ખાસ કામે રોકાઈ જવું પડે, એમાં પણ કર્મની કુટિલતા જ કારણભૂત છે.

કર્મની સત્તા અતિ બળવાન છે, એ વાત તમે

અત્યાર સુધીમાં અનેક વાર સાંભળી અને કંઈક ઢીલા પણ પડ્યા. તમારાં દિલને એમ થયું કે આવી બળવાન સત્તા આગળ આપણે કોણ માત્ર? એટલે તેને સલામ ભરીને ચાલવું; તેનો સામનો કરવો નહિ; એટલે તમે સુસ્ત બેઠા છો. પરંતુ આજે એ વસ્તુ સાંભળી લો કે કર્મસત્તા કરતાં ધર્મસત્તા વધારે બળવાન છે. જરાસંધ બળવાન ખરો, પણ શ્રીકૃષ્ણ જેટલો નહિ. જો એ શ્રીકૃષ્ણ જેટલો બળવાન હોત તો એમના હાથે માર્યો કેમ જાત? રાવણની એક મહા બળવાન રાજા તરીકે જ ખ્યાતિ હતી, પણ જ્યારે રામ-રાવણનું યુદ્ધ થયું અને લક્ષ્મણના હાથે રાવણ માર્યો ગયો, ત્યારે ખબર પડી કે એના કરતાં વધારે બળવાન આ ભારતવર્ષમાં પડ્યા હતા.

ધર્મસત્તા વધારે બળવાન છે, એમ જાણ્યા પછી તેને સલામ ભરશો ને? ઉગતા સૂરજને પૂજવો, આથમતા સૂરજને ન પૂજવો, એવો તમારો સિદ્ધાંત છે, તેથી જ આ પ્રશ્ન છે. એક વાર તમે રાજાઓને ઝુકીને સલામ ભરતા, આજે સામા મળે તો મસ્તક પણ નમાવતા નથી, કારણ કે તે સત્તા પર નથી. આજે કોઈ મીનીસ્ટર આવવાનો હોય તો મોટી ધામધૂમ કરો છો, તેનું માન-સન્માન કરો છો અને તેની સાથે ઓળખાણ વધે તેવો પ્રયત્ન કરો છો, કારણ કે તે સત્તા પર છે. પરંતુ કાલે એ મીનીસ્ટર ખુરશી ખાલી કરીને નીચો ઉતરે, ત્યારે તેનાં આગમનનિમિત્તે ધામધૂમ કરવાના ખરાં?

જો કર્મનું ચાલે તો એ એક પણ આત્માને પોતાની

પકડમાંથી છૂટો થવા ન દે, પણ ધર્મની સત્તા આગળ તે લાચાર છે. ધર્મસત્તા કર્મસત્તાને તોડે છે અને તેના તાબામાં રહેલા આત્માને સંપૂર્ણ આઝાદી-પૂરી સ્વતંત્રતા બક્ષે છે.

મહાનુભાવો! તમે કર્મની દોસ્તી ઘણો વખત કરી, પણ તેમાંથી કંઈ સારું પરિણામ આવ્યું નહિ. હવે ધર્મની દોસ્તી કરીને જુઓ કે તેનું પરિણામ કેવું સુંદર આવે છે?

ધર્મની દોસ્તી કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, સમ્યક્ત્વની દૃઢતા થાય અને વિરતિના પરિણામ જાગે. તેથી સંયમ અને તપની આરાધના સુલભ બને. સંયમની આરાધનાથી કર્મનાં આગમન સામે ચોકીપહેરો લાગી જાય. તે આત્મામાં દાખલ થઈ શકે નહિ અને તપની આરાધનાથી જે કર્મો આત્મામાં ભરાઈ પેઠા છે, તેમને નાસવાનો-ભાગવાનો-તૂટવાનો-ખરવાનો પ્રસંગ આવે. બધાં કર્મો ખરી ગયા કે તમારો આત્મા પરમાત્મપદને પામે અને અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયક સમ્યક્ત્વ તથા અનંત વીર્ય પ્રકટ થાય. પરંતુ તમે ધર્મની દોસ્તી કરો છો ક્યાં?

કોઈ શ્રીમંત કે મોટા અધિકારીની દોસ્તી કરવી હોય તો તમે એમને અનેક વાર મળો છો, વાતચીત કરો છો, સાથે બેસીને ચા-પાણી પીઓ છો, સાથે રહેવાનો પ્રસંગ ઊભો કરો છો અને એ રીતે સહવાસ વધારો છો; પણ ધર્મની દોસ્તી કરવા માટે આવો કોઈ પ્રયાસ કરતા નથી.

તમે બાળક હો છો, ત્યારે તમારી વિચારશક્તિ વિશેષ ખીલેલી હોતી નથી, એટલે તમારું કર્તવ્ય શું? એ

સમજી શકતા નથી. એ વખતે તમારો લગભગ બધો સમય ખેલ-કૂદ કરવામાં જ પૂરો થઈ જાય છે. પૂર્વ ભવના સંસ્કારી કોઈ કોઈ આત્માને આ વખતે ધર્મ કરવાનો વિચાર આવે છે, તો માતાપિતા કહે છે કે 'હજી તારી ઉમર કઈ થઈ ગઈ? હાલ તો ખા, પી ને મજા કર. જ્યારે તું મોટો થા, ત્યારે ધર્મ કરજે.' આ વખતે વિશેષ પુણ્યશાળી કોઈ આત્માને દીક્ષા લેવાની ભાવના થાય તો તરત જ શોર ઉઠે છે કે 'આઠ-નવ વર્ષના બાળકને તે દીક્ષા અપાય? જ્યારે તે ભણીગણીને અઢાર વર્ષની ઉમરનો થાય અને ત્યારે દીક્ષા લેવાની તેની ભાવના હોય તો તેને દીક્ષા આપી શકાય.'

પ્રથમ વડોદરા રાજ્યની ધારાસભામાં બાલદીક્ષાને અટકાવનારું બીલ આવ્યું હતું અને તે અંગે વડોદરા સરકારે કાયદો કર્યો હતો, પણ વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં એ કાયદાનું પણ વિલીનીકરણ થઈ ગયું. ત્યાર પછી અમદાવાદના એક એડવોકેટ શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ એ બીલ મુંબઈ રાજ્યની વિધાનપરિષદમાં રજૂ કર્યું હતું. એ વખતે તેની સામે વિરોધનો કેવો પ્રચંડ વંટોળ ઊભો થયો હતો, તે તમે જાણો છો. એ બીલ લોકમત ઉપર ગયું હતું અને તેમાં તેની સામે બહુ મોટો વિરોધ નોંધાયો હતો. આખરે એ બીલ મુંબઈ સરકારની સલાહથી પડતું મૂકાયું હતું. ત્યાર પછી પંજાબના એક ધારાસભ્ય શ્રી દીવાનચંદ્ર શર્માએ લોકસભામાં એને દાખલ કર્યું હતું. ત્યાં એ બીલ વિષે સાધકબાધક ઘણી ચર્ચા થઈ હતી અને છેવટે

એવું જાહેર થયું હતું કે બાલદીક્ષાને રોકવા માટે કોઈ કાયદો કરવાની હાલ આવશ્યકતા નથી અને બીલ રદ થયું હતું.

શાસ્ત્રમાં આઠ વર્ષથી નીચેની ઉમરવાળાને દીક્ષા આપવાની મનાઈ ફરમાવી છે, કારણ કે તેનાથી દીક્ષાનું યથાર્થ પાલન થઈ શકે નહિ, પણ આઠ વર્ષની ઉમરનો બાળક દીક્ષાને માટે યોગ્ય જણાય તો તેને દીક્ષા આપવાની મનાઈ નથી. જિનશાસનમાં આ રીતે અનેક દીક્ષાઓ થયેલી છે. શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ (ખરતર ગચ્છ), શ્રી દેવસૂરિ, શ્રી મહેન્દ્રસિંહસૂરિ (અંચલ ગચ્છ), શ્રી સોમપ્રભસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ (બ૦), શ્રી જિનકુશલસૂરિ (બ૦), શ્રી સિંહતિલકસૂરિ, શ્રી જ્ઞાનસાગરસૂરિ, શ્રી કુલમંડનસૂરિ, શ્રી જયકીર્તિસૂરિ, શ્રી હીરવિજયસૂરિ, શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી વિજયરત્નસૂરિ, વગેરે બાલદીક્ષિતો જ હતા. તેમણે બાલ્યાવસ્થામાં ધર્મનું સુંદર આરાધન કરીને પોતાનો સંસાર અલ્પ બનાવેલો છે.

વૈદિક ધર્મમાં પણ ધ્રુવ, પ્રહ્લાદ, શંકરાચાર્ય, નામદેવ વગેરેએ બાલ્યાવસ્થામાં વૈરાગ્ય પામી ઈશ્વરભક્તિ કર્યાના દાખલાઓ મોજૂદ છે.

બાળકને જો નાનપણથી જ ધર્મના સંસ્કારો આપવામાં આવે તો તેઓ વ્રત-નિયમ-તપ ઘણી સારી રીતે કરી શકે છે. સંસ્કારી કુટુંબોમાં બાળકો છ-સાત વર્ષની ઉમરે ચોવિહાર કરે છે, માતા-પિતા સાથે સામાયિક કરવા બેસી જાય

છે, નિયમિત દેવદર્શન કરવા જાય છે અને પર્વ દિવસોમાં ઉપવાસ પણ કરે છે. નાની ઉમરનાં બાળકોએ અઠ્ઠાઈ જેવી તપશ્ચર્યા કર્યાના દાખલાઓ આજે પણ મોજૂદ છે. આ પરથી 'બાળક ધર્મમાં શું સમજે?' એમ કહેનારાઓ કેટલા બોટા છે, તે જાણી શકશો.

જેમણે પોતાનાં જીવનમાં ધર્મની દોસ્તી કરી નથી, ઇન્દ્રિયના એકે વિષયને જિત્યો નથી અને સંયમ તથા તપ પ્રત્યે અનુરાગ પ્રગટ કર્યો નથી, તેઓ જ આજે એમ કહેવા બહાર પડ્યા છે કે 'બાળક ધર્મમાં શું સમજે? બાળકથી ધર્મ થઈ શકે નહિ.' પરંતુ આ વિધાન તો મચ્છીમાર એમ કહે કે આ જગતમાં જીવદયા પાળવાનું શક્ય જ નથી, અથવા કોઈ વ્યભિચારી પુરુષ એમ કહે છે કે આ દુનિયામાં બ્રહ્મચર્ય પાળવાનું શક્ય નથી, એના જેવું છે. સુજ્ઞ માણસો આવા ધર્મહીન વચનો બોલનારાઓ પર કોઈ પણ જાતનો ઇતબાર શી રીતે રાખી શકે?

જો ધર્મને તમે કલ્યાણકારી મિત્ર માનતા હો, તો તમારાં બાળકોને નાનપણથી જ એની દોસ્તી કરાવો, એનો પરિચય કરાવો અને યથાશક્તિ આરાધન કરાવો. ધર્મપ્રિય-ધર્મસંસ્કારી કુટુંબમાં જન્મેલું બાળક જો ધર્મ ન પાળે, તો એ ભર્યા સરોવરમાં તરસ્યું રહ્યું ગણાય. એનાં જીવનની સાર્થકતા શી?

મહાનુભાવો! કાળ ક્યારે આવશે અને કેમ આવશે તે આપણે જાણતા નથી. આ સંયોગોમાં ધર્મ કરવાનું મોટી

ઉમર પર મુલતવી રાખવામાં આવે, તેને ડહાપણ ભરેલું શી રીતે કહી શકાય?

તમને બાળક પર બરેબરનું મમત્વ હોય તો માત્ર એને નવડાવી-ધોવડાવીને, ખવડાવી-પીવડાવીને કે સારાં સારાં કપડાં-ઘરેણાં પહેરાવીને જ રાજી ન થાઓ. એને થોડો થોડો ધર્મ કરતાં પણ શીખવો, જેથી એનું ભાવી સુધરે અને તમારે ત્યાં જન્મ લીધો સાર્થક થાય.

તમે યુવાન હો છો, ત્યારે મોટા ભાગે વિષયમાં આસક્ત બનો છો અને તેનાં મુખ્ય સાધનરૂપ દ્રવ્યની પ્રાપ્તિમાં મશગુલ રહો છો. એ વખતે તમને બૈરાં, છોકરાં તથા વ્યવહારની વાતો આડે ધર્મ સાથે દોસ્તી કરવાની કુરસદ હોતી નથી. ત્યારે તમે એમ વિચાર કરો છો કે 'હાલ તો મોજશોખ કરી લેવા દો, જ્યારે ઘરડા થઇશું ત્યારે ધર્મ કરીશું. એ વખતે બીજું શું કામ હોય છે?' પરન્તુ તમે ઘરડા થશો જ એમ જાણો છો ખરા? તમારાં સગાં, સંબંધી, સ્નેહી, મિત્રો, ઓળખીતા વગેરેની યાદી તપાસો કે એમાં કેટલા યુવાન વયે ઉડી ગયા? અરે! મીંઢળબંધા પણ ફાટી પડે છે, ત્યાં બીજાની શી વાત કરવી? રાત્રે સાજાસારા સૂતા હોય છે અને સવારે પથારીમાં મડદું નજરે પડે છે. શું થયું? તો કહે કે હાર્ટફેઇલ. ત્યારે મોજશોખના બધા અરમાન અધૂરા રહી જાય છે અને પાસે પુણ્યનું ભાતું કંઈ પણ હોતું નથી. એ વખતે એ આત્માની દશા કેવી થતી હશે?

બીજાની હાલત આવી થાય છે અને આપણી હાલત આવી નહિ થાય, એમ માનવાને કોઈ કારણ નથી. જે

બીજાનું થયું, તે આપણું પણ થવાનું. તો પછી ધર્મને ઘડપણ પર મુલતવી રાખવાનો અર્થ શો? કાળની નોબતના ડંકા અહર્નિશ ગડગડતા હોય છે, છતાં મનુષ્યો તેને સાંભળતા નથી, એ કેટલું આશ્ચર્ય તથા ખેદજનક છે?

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે–

जहेह सिंहो य मिगं गिहाय,
मच्चू नरं नेइ हु अंतकाले।
न तस्स माया व पिया व माया,
कालम्मि तंस्स सहरा भवन्ति॥

'જેમ કોઈ સિંહ મૃગનાં–હરણનાં ટોળામાં પેસીને તેમાંનાં એકાદ હરણને લઈને ચાલતો થાય છે, તેમ અંતકાળે મૃત્યુ પણ કુટુંબીજનોમાં કૂદી પડીને તેમાંના એકાદ જણને પકડીને ચાલતું થાય છે. ત્યારે તેની પત્ની, પિતા કે માતા કોઈ તેને સહાયભૂત થતા નથી.'

જેઓ અનેક પ્રકારની વાસનાઓથી ઘેરાઈને મરણ પામે છે, તેની ગતિ શી રીતે સુધરે? એ માટે તો પ્રારંભથી ધર્મની દોસ્તી કરવી જોઈએ અને આત્માને શુભ લેશ્યાવાળો બનાવવો જોઈએ.

આજે યુવાનોની સ્થિતિ કફોડી છે. એક બાજુ ધર્મના જોઈએ તેવા સુન્દર સંસ્કાર નથી અને બીજી બાજુ ભૌતિકવાદનું ભારે આકર્ષણ છે. તેથી મોટા ભાગે તેઓ ભૌતિકવાદ તરફ ઘસડાઈ જાય છે. ત્યાં એમને મળે છે શું? સુંદર દેહ, સુંદર વસ્ત્ર, સુંદર આભૂષણ, સુંદર રહેઠાણ, બાગબગીચા,

ગાનતાન એ બધું થોડા દિવસ સારું લાગે છે, પછી તે આનંદ આપી શકતા નથી. ભૌતિકવાદની ભારે ખરાબી એ છે કે તે ચિત્તને જરાય શાંતિ આપી શકતો નથી કે જેની દરેક મનુષ્યને ખાસ જરૂર છે. તેથી યુવાનોએ બીજી આળપંપાળ છોડીને ધર્મની દોસ્તી–ધર્મનું આરાધન કરવું જોઈએ. કહ્યું છે કે–

व्याकुलेनापि मनसा, धर्मः कार्यो निरन्तरम्।
मेढीबद्धोपि हि भ्राम्यन्, घासग्रासं करोति गौः॥

'મન અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી વ્યાકુલ હોય તો પણ ધર્મ નિરંતર કરતા રહેવો, કારણ કે ઘાંચીની ઘાણીએ બાંધેલો બળદ પણ ફરતો ફરતો રહે છે, તો ઘાસચારો ચરતો રહે છે.'

જેઓ 'ઘડપણમાં ગોવિંદગુણ ગાઈશું' એમ કહે છે તે ઘડપણમાં ગોવિંદના ગુણ કેટલા ગાઈ શકે છે? એ વખતે ઇન્દ્રિયો શિથિલ થઈ ગઈ હોય છે, શરીરનું જોર ઘટી ગયું હોય છે, દાંતો પડી ગયા હોય છે, કાને ઓછું સંભળાય છે, આંખે ઓછું દેખાય છે, માથે પળિયાં આવ્યા હોય છે; કેડનો ડાંડિયો વાંકો વળી ગયો હોય છે, ચામડી પર કરચલીઓ પડી ગઈ હોય છે અને લાકડીના ટેકા વિના ચાલી શકાતું નથી. વળી એ વખતે બાધેલું જોઈએ તેવું હજમ થતું નથી, કફ વગેરેનો ઉપદ્રવ વધારે હોય છે અને બીજા પણ રોગો લાગુ પડે છે. ઉપરાંત અનેક પ્રકારની ચિંતાઓ હોય છે. આ સ્થિતિમાં ધર્મનું આરાધન કેવું થાય? આરા-

ધન તો દૂર રહ્યું, પરંતુ ધર્મશ્રવણ પણ એકચિત્તે થતું નથી. ઘણાના હાલ તો ગોમતી ડોશી જેવા થાય છે.

ગોમતી ડોશીનું દૃષ્ટાંત

શ્રીપુર નામે નગર હતું. તેમાં વસુ નામે એક શેઠ રહેતો હતો. તેને ગોમતી નામે સ્ત્રી હતી અને ધનપાલ નામે પુત્ર હતો. હવે આયુષ્યની દોરી તૂટતાં વસુ શેઠ મરણ પામ્યા અને ઘરનો બધો ભાર ગોમતી ડોશી ઉપર આવ્યો. આ ડોશીની વાણી ઘણી કડવી, એટલે રોજ પુત્રવધૂ સાથે તકરાર થાય. આથી કંટાળીને એક વાર ધનપાળે કહ્યું કે 'માજી ! હવે તો તમારે ધર્મ કરવાના દિવસો છે, માટે બધી ફીકરચિંતા છોડીને ધર્મકથા સાંભળો. આવતી કાલથી આપણે ત્યાં એક બહુ સારા પંડિત કથા વાંચવા આવશે.' અને તેણે પંડિતનો પ્રબંધ કર્યો.

બીજા દિવસે પંડિત મહાભારતની પોથી લઈને ગોમતી ડોશીનાં ઘરે આવ્યા અને એક ઊંચા આસન પર વિરાજમાન થયા. ગોમતી ડોશી વગેરે તેમની સામે ગોઠવાઈ ગયા. પછી પંડિતજીએ પોથી વાંચવાની શરૂઆત કરી : 'મીષ્મ उवाच–ભીષ્મ બોલ્યા.' ત્યાં કથા સાંભળવા બેઠેલી ગોમતી ડોશીનું ધ્યાન બારીમાં ઊભેલા કૂતરા સામું ગયું અને તે ઊભા થઈ ગયા. પછી હાથમાં લાકડી લઈને હડ–હડ કરતાં તેની પાસે ગયા અને તેને લાકડીથી ફટકાર્યો. પછી લાકડી ઠેકાણે મૂકી કથા સાંભળવા બેઠા.

પંડિતજીએ ફરી શરૂઆત કરી : 'मीष्म उवाच।' ત્યાં

ડોશીની નજર રસોડા પર પડી. ત્યાં એક બિલાડી ચૂપકીથી દૂધની તપેલી તરફ જઈ રહી હતી. આ જોતાં જ ડોશી બેઠી થઈ ગઈ અને 'આ રાંડ તો બધું દૂધ પી જશે, કોઈ બરાબર ધ્યાન રાખતું નથી,' વગેરે શબ્દો બોલવા લાગ્યા. પછી બિલાડીને દૂર કરી, વસ્તુ–વાનું ઢાંકી–ઢુંબી પાછા આવ્યાં અને પોતાનાં આસને ગોઠવાઈ ગયા.

ડોશી થોડી વાર આસને સ્થિર બેસે તો પંડિતજી કથા આગળ ચલાવે, પણ ડોશીનું ચિત્ત ઘરમાં ચારે બાજુ ભમતું એટલે તે સ્થિર બેસે નહિ. ત્રીજી વાર પંડિતજીએ શરૂ કર્યું : 'मीष्म उवाच।'–ત્યાં ડોશીનું ધ્યાન પાસે રહેલી ગમાણ તરફ ગયું. ત્યાં વાછરડો ખીલેથી છૂટી ગયો હતો. તે કદાચ ઉપર ચડી ન આવે, તેથી ડોશી ઉઠ્યા અને તેને ખીલે બાંધી આવ્યા. પછી પાછા કથા સાંભળવા બેઠા.

પંડિતજીને આ ઘણું વિચિત્ર લાગતું હતું, પણ યજમાનને શું કહે ? 'मीष्म उवाच।' ત્યાં વળી ડોશી બેઠા થયા અને હાથમાં લાકડી લઈને છાપરા ઉપર બેઠેલા કાગડાને ઉડાડવા લાગ્યા. 'આ મારો રોયો કા–કા કરીને કથા સાંભળવા દેતો નથી.'

કાગડાને ઉડાડી તે પોતાનાં સ્થાને આવ્યાં અને પંડિતજી સામે મીટ માંડી. પંડિતજી સમજ્યા કે હવે કથા બરાબર ચાલશે. એટલે તે ઉત્સાહના આવેશમાં આવીને બોલ્યા : 'मीष्म उवाच।' એ જ વખતે ડોશી બારણામાં ઊભેલા એક ભીખારીને જોઈ સળવળ્યા અને પંડિતજીની ધારણા

ખોટી પડી. ડોશીએ ભીખારીને કહ્યું : 'તારા જેવા અહીં રોજ ચાલ્યા આવે છે. કેટલાકને દેવું ? અને તું સમય-કસમય કંઈ જોતો જ નથી. કથા ચાલી રહી છે, ત્યાં આવી પહોંચ્યો, માટે જલ્દી અહીંથી દૂર થા.'

આ રીતે લગભગ એક પહોર વીતી ગયો, પણ પંડિતજી 'भीष्म उवाच।'થી આગળ વધી શકયા નહિ. બીજા દિવસે તેમણે એ ઘરમાં કથા કરવાનું માંડી વાળ્યું.

જેમણે આખી જીંદગી ઘરબારને-વ્યવહારને જ ડોકે વળગાડ્યાં હોય, તેમની સ્થિતિ પ્રાયઃ આવી હોય છે. 'પાકા ઘડે કાંઠા ચડતા નથી,' એમ જે કહેવાય છે, તે ખોટું નથી. જેમને નાનપણથી ધર્મનો કંઈ પણ રંગ લાગ્યો હોય તે આગળ જતાં વૃદ્ધિ પામે, પણ જેમણે ધર્મ તરફ કોઈ દિવસ દૃષ્ટિ જ ન કરી હોય તે ઘરડે ઘડપણ શું કરે ? વળી ધર્મનું આરાધન કરવામાં કંઈક જોમ અને જુસ્સો પણ જોઈએ, તેનો આ અવસ્થામાં પ્રાયઃ અભાવ હોય છે, તેથી ધર્મારાધન જોઈએ તેવું થઈ શકતું નથી. આ પરથી બોધ એ લેવાનો કે જ્યારે ઇન્દ્રિયો બરાબર કામ આપતી હોય અને શરીરની અવસ્થા સારી હોય, ત્યારે ધર્મનું આરાધન કરવાનું ચૂકવું નહિ.

ધર્મારાધન માટે ચાર અયોગ્ય પુરુષો

ધર્મ પણ કોની સાથે દોસ્તી કરવી તે જુએ છે. તે ચાર પ્રકારના મનુષ્યો સાથે દોસ્તી બાંધતો નથી. એક તો જે દુષ્ટ એટલે દયારહિત હોય, બીજો મૂઢ એટલે સારા-સારનો વિવેક કરી શકતો ન હોય, ત્રીજો કદાગ્રહી એટલે

પોતાની વાત ખોટી હોય છતાં છોડતો ન હોય અને ચોથો પક્ષપાતી એટલે અન્યાયથી વર્તનારો હોય. આ વસ્તુ દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ થશે.

દુષ્ટતા ઉપર લુબ્ધકનું દૃષ્ટાંત

'નરપતિ નામનો એક રાજા હતો. તેને ઘણા સેવકો હતા, તેમાં લુબ્ધક નામનો સેવક ઘણો જ દુષ્ટ હતો. તેનાથી કોઈનું સારું જોઈ શકાતું નહિ. જો તેને એમ ખબર પડે કે અમુક માણસ ખૂબ કમાયો છે અથવા તેણે ઘણો પૈસો ખર્ચીને સુંદર મકાન-મહેલ બનાવ્યા છે, તો તે કોઈ પણ ઉપાયે તેને ગુનામાં લાવી તેનો ભારે દંડ કરાવતો અને ત્યારે જ તેનાં ઈર્ષ્યાથી સળગી રહેલાં હૃદયમાં કંઈક શાંતિ થતી.

સગાંવહાલાં તથા મિત્રોએ લુબ્ધકને આ ટેવ સુધારવાની શિખામણ આપી અને કેટલાક સાધુસંતો પાસે ઉપદેશ અપાવ્યો, પણ તેણે પોતાની એ ટેવ છોડી નહિ. દુષ્ટ માણસો પોતાની ટેવ એ રીતે થોડા જ છોડે છે ?

લુબ્ધક જીભનો મીઠો હતો, એટલે તેનો દરજ્જો ધીમે ધીમે વધતો ગયો અને એક દિવસ એવો આવ્યો કે આખા રાજ્યમાં તેનું ચલણ થઈ ગયું; આથી તેની મહેરબાની મેળવવા માટે કે તેની કરડી નજરમાંથી બચી જવા માટે શ્રીમંતો, આબરૂદારો અને ગરજૂઓ તેને સલામ ભરવા લાગ્યા અને ભેટસોગાદના રૂપમાં લાંચ-રૂશ્વત પણ આપવા લાગ્યા.

લુબ્ધક ધર્મને જાણતો ન હતો, સદાચાર કે સન્ની-

તિને માનતો ન હતો અને પરભવનો કોઈ પણ પ્રકારનો ડર ધરાવતો ન હતો, એટલે તેણે આ રીતે આવી રહેલાં દ્રવ્યનો સ્વીકાર કર્યો અને માલેતુજાર બની ગયો.

હવે લુબ્ધકનાં ગામની નજીક તુંગભદ્ર નામનો એક કણબી રહેતો હતો. તે પૈસે-ટકે સુખી હતો, ન્યાતજાતમાં સારી આબરૂ ધરાવતો હતો અને એકંદર જોરાવર ગણાતો હતો. તે ઘણું દાન-પુણ્ય કરતો, સાધુસંતોને જમાડતો અને કોઈ પણ ગરીબ, નિરાધાર કે અપંગ આવ્યું તો તેને યથેષ્ટ દાન આપીને સંતુષ્ટ કરતો. તેની આ ઉદારતા તથા સેવા-પરાયણ વૃત્તિને લીધે તે ભગતનાં નામથી ઓળખાતો. બધા લોકો તેનું બહુ સન્માન કરતા.

આ જોઈ લુબ્ધકનું ઈર્ષ્યાળુ હૃદય બળવા લાગ્યું. તે વિચાર કરે છે: 'આ બળદનાં પૂંછડાં આંબળનારો પટેલ તે પાંચ ભગત-ભિખારીને રોટલાના ટુકડા ફેંકીને મોટો ધર્માત્મા થઈ પડ્યો અને મને તો કોઈ દિવસ સલામ ભરવા પણ આવતો નથી, તેથી તેને જરૂર જોઈ લેવો.'

તુંગભદ્ર સલામ ભરવા આવતો ન હતો, એ એનો મોટો ગુનો અને તે માટે એને ભારે દંડ દેવાની તૈયારી! અહો! આ જગતમાં દુષ્ટ પુરુષોની દુષ્ટતા ક્યાં સુધી પહોંચે છે? લુબ્ધકે તુંગભદ્રને ફસાવવા એક પેંતરો રચ્યો, પણ તે નિષ્ફળ ગયો. તુંગભદ્ર તેમાં ફસાયો નહિ, એટલે લુબ્ધકે બીજો દાવ અજમાવ્યો, તે પણ ખાલી ગયો. ત્રીજી વાર પણ તેમ જ બન્યું.

હવે તુંગભદ્રને તારાજ કરવા માટે તે નવો દાવ વિચારવા લાગ્યો, પણ પુણ્યશાળીને પાયમાલ કરવાનું કામ સહેલું નથી. વધારે સ્પષ્ટ કહીએ તો ઘણું અઘરું છે, લગભગ અશક્ય છે. ગમે તેવાં કુટિલ કારસ્થાનો ગોઠવવામાં આવે તો પણ એ પ્રાયઃ નિષ્ફળ જાય છે.

તે તુંગભદ્રનું કંઈ પણ અનિષ્ટ કરે તે પહેલાં બિમાર પડ્યો અને બિમારી દિનપ્રતિદિન વધતી ચાલી. પાસે ધન ઘણું હતું, તેથી કુશળ વૈદ્યહકીમોને બોલાવ્યા અને તેમને સારામાં સારા ઉપાયો અજમાવવા કહ્યું, પણ તૂટી એની તૂટી નથી. તેને પોતાનો મરણસમય નજીક દેખાયો. આ વખતે તેને ખૂબ અકળામણ થવા લાગી. જેણે જીવનમાં ધર્મનું સારી રીતે આરાધન કર્યું હોય છે, તેને આ વખતે શાંતિ હોય છે, કોઈ પણ પ્રકારનો ગભરાટ હોતો નથી, પણ લુબ્ધકે તો ધર્મની સામે જોયું પણ ન હતું, તેથી તેની સ્થિતિ આ પ્રકારની થઈ પડી હતી.

લુબ્ધકને ખૂબ અકળાતો જોઈને પુત્રોએ કહ્યું: 'પિતાજી! આપ આટલા બધા કેમ અકળાઓ છો? જો આપની કોઈ ઇચ્છા અધૂરી રહી હોય તો અમને જણાવો. અમે તે પૂરી કરીશું. આપ કહો તો ગાયોને શણગારીને તેનું દાન કરીએ, બ્રાહ્મણોને શય્યા આપીએ અથવા આપને રૂપિયાથી તોળીને તેને પુણ્યનાં કામમાં વાપરી નાખીએ, જેથી આપની સદ્ગતિ થાય અને આપનો આત્મા શાંતિ પામે.'

લુબ્ધકે કહ્યું: 'મારે એવાં દાન-પુણ્યની જરૂર નથી.

તમે એક વાત સાંભળી લો કે જેને જેને મેં દાઢમાં ઘાલ્યા હતા, તે બધાનો મેં ભારે દંડ કરાવ્યો છે અને તેમની માલ-મિલકતો જપ્ત કરાવી છે, પણ એક તુંગભદ્ર પટેલ તેમાંથી છટકી જવા પામ્યો છે, માટે તેનો દંડ થાય એવો કોઇ ઉપાય કરજો.'

પુત્રોએ કહ્યું: 'પિતાજી! આવી વાત ન કરો. અત્યારે તો પ્રભુનું નામ લ્યો અને જે કંઈ દાન-પુણ્ય થાય તે કરી લો.'

લુબ્ધકે કહ્યું: 'મારે પ્રભુ કે દાનપુણ્યનું કામ નથી. જો તમે મારા સાચા પુત્ર હો તો મારી આટલી ઇચ્છા પૂરી કરો.'

પિતાની હઠ આગળ પુત્રોને નમવું પડ્યું. તેમણે એ વાતનો સ્વીકાર કર્યો. ત્યારે લુબ્ધકે કહ્યું કે 'એ માટે હું કહું તેવો જ ઉપાય કરજો, બીજો ઉપાય કરશો નહિ. હું મરી જાઉં, એટલે મારી પાછળ કોઇ રડશો નહિ. તમે રડો તો મારા સોગન છે. તમે મારા મડદાંને ચુપચુપ તુંગભદ્રનાં ખેતરમાં મૂકી આવજો અને તેણે જ મને મારી નાખ્યો છે, એવી બૂમરાણ મચાવજો, એટલે રાજના સેવકો તેને પકડી જશે અને તેના પર કામ ચલાવીને તેને યોગ્ય દંડ આપશે.'

પુત્રોએ એ વાત કબૂલ કરી, એટલે લુબ્ધકના જીવે દેહ છોડ્યો.

પછી પુત્રોએ શું કર્યું અને તેનું પરિણામ શું આવ્યું એ લાંબી કથા છે. તે કહેવાની અહીં જરૂર નથી. અહીં તો

એટલું જ બતાવવાનો ઉદ્દેશ છે કે જે માણસો પ્રકૃતિના અતિ દુષ્ટ હોય છે, તેઓ જીવનમાં ધર્મ પામી શકતા નથી.

મૂઢતા ઉપર ભૂતમતિનું દૃષ્ટાંત

કંઠાપુર નામનું ગામ હતું. તેમાં ભૂતમતિ નામનો બ્રાહ્મણ હતો. આ બ્રાહ્મણ કાશીએ જઈને વિદ્યાભ્યાસ કરી આવ્યો હતો, પણ ધનરહિત હોવાથી મોટી ઉંમર સુધી તેનાં લગ્ન થયાં ન હતાં. તે એક પાઠશાળા ચલાવીને પોતાનો નિર્વાહ કરતો હતો.

એક વખત યજમાનોએ ભેગા થઈને તેને લગ્ન કરવા માટે ધન આપ્યું, તેથી ભૂતમતિ યજ્ઞદત્તા નામની એક સુંદર બ્રાહ્મણકન્યાથી વિવાહિત થયો, અનુક્રમે તેને યજ્ઞદત્તા ઉપર અત્યંત અનુરાગ ઉત્પન્ન થયો અને તેના સહવાસથી પોતાને ખૂબ સુખી માનવા લાગ્યો.

ભૂતમતિની પાઠશાળામાં કેટલાક વિદ્યાર્થીઓ બહારગામથી ભણવા આવતા. એ રીતે એક દિવસ દેવદત્ત નામનો વિદ્યાર્થી ભણવા આવ્યો. તે સ્થિતિનો ઘણો ગરીબ હતો, એટલે ભૂતમતિએ તેને પોતાનાં ઘરમાં ખાવા-પીવાની સગવડ કરી આપી તથા સૂઈ રહેવા માટે ઘરની બહારનો ઓટલો કાઢી આપ્યો.

દેવદત્ત ભણવામાં હોશિયાર હતો, એટલે વિદ્યાભ્યાસમાં સારી પ્રગતિ કરી શક્યો અને ભૂતમતિની તેના પર ભારે કૃપાદૃષ્ટિ રહેવા લાગી. એમ કરતાં તે ઘરના માણસ જેવો બની ગયો.

યજ્ઞદત્તા ગમે તેમ પણ નવયૌવના હતી, તેથી તેનું મન ભૂતમતિથી તૃપ્ત થતું ન હતું, એટલે તેની નજર દેવદત્ત પર પડી અને તે એની સાથેનો પરિચય વધારવા લાગી. એવામાં ભૂતમતિને મથુરાનગરીમાં થનાર એક મોટા યજ્ઞમાં જવાનું આમંત્રણ આવ્યું. આ યજ્ઞમાં ભાગ લેવાથી બે પૈસાની પ્રાપ્તિ થાય તેમ હતી અને પ્રતિષ્ઠા વધવા સંભવ હતો, એટલે તેણે એનો સ્વીકાર કર્યો.

મથુરા જતી વખતે ભૂતમતિએ યજ્ઞદત્તાને કહ્યું કે 'તને છોડીને જતાં મારો જીવ ચાલતો નથી, પણ શું કરું? પાસેના પૈસા ખૂટી ગયા છે, એટલે મારે જવું જ પડશે. મને ત્યાં ચાર મહિના થશે, એટલે તું સંભાળીને રહેજે.'

એ સાંભળીને યજ્ઞદત્તા આંખમાંથી આંસુ પાડતાં બોલી કે 'મારાથી તો તમારો એક પણ દિવસનો વિયોગ સહન થઈ શકશે નહિ. માટે હાલ મથુરા જવાનું મુલતવી રાખો.'

ભૂતમતિએ કહ્યું કે 'મારી હાલત પણ તારા જેવી જ છે, પણ તું રાજી થઈને રજા આપ કે જેથી બધું કામ પૂરું કરીને હું જલ્દી પાછો આવી શકું.'

યજ્ઞદત્તાએ રાજી થઈને રજા આપી, એટલે ભૂતમતિએ દેવદત્તને ઘરની સારસંભાળ રાખવાની ભલામણ કરી અને મથુરાનો રસ્તો પકડ્યો.

યજ્ઞદત્તા એકલી પડી, એટલે તેણે દેવદત્તને કહ્યું કે 'હવે તું મારી સાથે નિઃશંક થઈને ભોગ ભોગવ, કારણ

કે યુવાનીનું ફળ ભોગવિલાસ છે,' દેવદત્તે પ્રથમ તો તેનો ઇનકાર કર્યો, પણ આખરે તે એની માગણીને વશ થયો અને પછી તો એ પણ પાપકર્મમાં રીઢો બની ગયો. એમ કરતાં ચાર માસ પૂરા થવા આવ્યા, એટલે દેવદત્તે કહ્યું કે 'હવે તારા સ્વામી આવી પહોંચશે અને મને જરૂર કાઢી મૂકશે.'

યજ્ઞદત્તાએ કહ્યું : 'તું એ વાતની ફીકર કરીશ નહિ. હું એવો પ્રપંચ કરીશ કે જેથી આપણે બંને કાયમને માટે સાથે રહી શકીશું.'

પછી એક રાત્રિએ યજ્ઞદત્તા સ્મશાનમાં ગઈ અને એક મડદું સ્ત્રીનું તથા એક મડદું પુરુષનું લઈ આવી, તેને અનુક્રમે ઘરમાંના ઢોલિયા પર તથા બહારના ઓટલા પર ગોઠવ્યાં. ત્યારબાદ ઘરમાંથી જે કંઈ લેવા જેવું હતું, તે લઈ લીધું અને ઘરને આગ લગાવી ત્યાંથી ચલતી પકડી.

આગ જોતજોતામાં વધી ગઈ અને ત્યાં માણસો ભેગા થઈ ગયા. એ આગ બીજા ઘરને ભરખી ન જાય તે માટે તેઓ એને ઓલવવાની કોશીશ કરવા લાગ્યા. કેટલીક વારે એ આગ કાબૂમાં આવી, ત્યારે લોકોએ ઢોલિયા પર સ્ત્રીનું અને ઓટલા પર મનુષ્યનું એમ તદ્દન બળી ગયેલાં બે મડદાં જોયાં. આથી યજ્ઞદત્તા અને દેવદત્ત આ આગમાં બળી ગયા છે, એમ માન્યું અને તે માટે હાહાકાર કરવા લાગ્યા. કોઈકે આ સમાચાર બેપિયા મારફત ભૂતમતિને પહોંચાડ્યા.

ભૂતમતિ તો આ સમાચાર સાંભળીને અવાક્ જ બની ગયો. તે બનતી ત્વરાએ કંઠાપુર આવ્યો અને જોયું તો સર્વસ્વ નાશ પામ્યું હતું. આ દૃશ્ય જોતાં જ તેને મૂર્છા આવી ગઈ. પછી જ્યારે મૂર્છા વળી ત્યારે યજ્ઞદત્તા માટે કરુણ વિલાપ કરવા લાગ્યો અને દેવદત્ત માટે પણ ખૂબ લાગણી ભરેલા શબ્દો બોલવા લાગ્યો.

આ વખતે યજ્ઞદત્તા અને દેવદત્તના આડા સંબંધની ગંધ પામી ચૂકેલા એક બ્રાહ્મણ સ્નેહીએ કહ્યું કે–'પંડિત પુરુષો ગઈ વસ્તુનો શોક કરતા નથી. વળી સ્ત્રીઓ ઘણા ભાગે કપટક્રિયાવાળી હોય છે, માટે તેના પર આટલો બધો મોહ રાખવો ઉચિત નથી.'

શબ્દો તદ્દન સાચા હતા. પણ જેનું મન મોહથી મૂઢ બની ગયેલું છે, તેનાં ગળે એ કેમ ઉતરે? ઉલટો ભૂતમતિ એ બ્રાહ્મણ સ્નેહીને કહેવા લાગ્યો કે 'મારા જેવા સમર્થ પંડિતને શિખામણ દેનારો તું કોણ? યજ્ઞદત્તા કેવી હતી અને કેવી ન હતી, તે તું શું જાણે? એનું રૂપ કે એના ગુણ મારી સ્મૃતિમાંથી જરા પણ અળગા થઈ શકતા નથી. એ યજ્ઞદત્તા! હું તને ફરીને ક્યારે ભાળીશ? અરે દેવદત્ત! તું પણ ચાલ્યો ગયો?'

પેલા બ્રાહ્મણસ્નેહીએ કહ્યું: 'અતિ મોહથી પંડિતોની બુદ્ધિ પણ કુંઠિત થઈ જાય છે, નહિ તો હિતનાં વચનો કેમ ન ગમે? એ સ્ત્રી ગમે તેવી હતી, પણ હવે તમે એને દેખવાના નથી; માટે એના પરનો મોહ ઉતારો અને પરમાત્માનું ભજન કરો, જેથી પાછળની જીંદગી બગડે નહિ.'

બધા હિતસ્વીઓ દિલાસો દઈને જૂદા પડ્યા. પછી ભૂતમતિએ બે મોટાં તુંબડાં મેળવ્યાં અને તેમાં માની લીધેલી યજ્ઞદત્તાનાં તથા માની લીધેલા દેવદત્તનાં હાડકાં નાંખ્યાં. પછી તે ગંગામાં પધરાવવા માટે એક વહેલી સવારે કંઠાપુરથી નીકળી ગયો.

હવે યોગાનુયોગ કેવો બને છે, તે જુઓ. યજ્ઞદત્તા અને દેવદત્ત જે ગામમાં રહેતાં હતાં, તે જ ગામ રસ્તામાં આવ્યું અને તેમાં પ્રવેશ કરતાં એ બે જણ જ સામા મળ્યાં. તેઓ વિમાસણમાં પડી ગયાં કે હવે શું કરવું? ભૂતમતિએ આપણને નજરોનજર જોયાં છે, એટલે આપણને છોડશે નહિ. એમ વિચારી બંને જણ પંડિતનાં ચરણમાં પડ્યાં અને કહેવા લાગ્યા કે 'પંડિતરાજ! અમારો ગુનો માફ કરો. અમે બહુ મોટી ભૂલ કરી, પણ હવે અમને ભારે પસ્તાવો થાય છે. અમે તમારી પાસે આવવાનો વિચાર કરતા હતા, એવામાં જ આપ મળી ગયા.'

ભૂતમતિએ કહ્યું: 'અરે તમે કોણ છો? અને કોની સાથે વાતો કરો છો?'

દેવદત્તે કહ્યું: 'આપે અમને ઓળખ્યા નહિ. આ તમારી પ્રિયતમા યજ્ઞદત્તા છે અને હું તમારો માનીતો દેવદત્ત છું. અમે કંઠાપુરના વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપનાર પંડિતરાજ ભૂતમતિ સાથે વાતો કરી રહ્યા છીએ.'


પરંતુ ભૂતમતિની બુદ્ધિમાં આ ઉતર્યું નહિ. તે કહેવા લાગ્યો કે 'અરે દુષ્ટો! તમે આ શું બોલી રહ્યા છો? તમે

નક્કી મારી બનાવટ કરવા માગેા છેા, પણ એમ હું બની જાઉં તેમ નથી. મારી પ્રિયતમા યજ્ઞદત્તા અને મારેા માનીતેા વિદ્યાર્થી દેવદત્ત એકાએક લાગેલી આગમાં માર્યા ગયા છે અને તેમનાં હાડકાં લઈને હું ગંગાજીમાં પધરાવવા જઈ રહ્યો છું. તમે લાગેા છેા યજ્ઞદત્તા અને દેવદત્ત જેવા, પણ ખરેખર યજ્ઞદત્તા અને દેવદત્ત નથી. કદાચ તેનાં પ્રેત હેા, તેમ બને. પ્રેતેા ઘણી વખત મનુષ્યેાને છળવા આવે છે, પણ યાદ રાખજો કે હું એક ભૂદેવ છું અને ધારું તેા તમને મંત્રબળથી બાળીને ભસ્મ કરી નાખું તેમ છું. પણ તમારા પર દયા લાવીને તમને જતા કરું છું. તમે મારી નજર આગળથી જલ્દી દૂર થાએા, નહિ તેા પરિણામ ભયંકર આવશે.'

યજ્ઞદત્તા અને દેવદત્તને જોઈતું હતું, તે મળી ગયું. તેઓ ત્યાંથી જલ્દી જલ્દી ચાલ્યા ગયા. આ બાજુ ભૂતમતિ ગંગાએ પહેાંચ્યેા અને તેનાં જળમાં પેલાં હાડકાં પધરાવતાં બેાલ્યેા કે 'હે જગનિયંતા! હે પરમેશ્વર! તું યજ્ઞદત્તા અને દેવદત્ત જ્યાં હેાય ત્યાં તેમને સુખી રાખજે. તેઓ ઘણાં પવિત્ર હતાં અને તારી કૃપાને પાત્ર હતાં.'

મેાહથી મૂઢ થયેલા મનુષ્યેા પેાતાની શક્તિ કેટલી હદે ગુમાવે છે, તે જુએા. સત્ય સામે આવીને ઊભું રહે છે, તેા પણ તેને માનવાને તેઓ તયાર થતા નથી. આવાઓને સત્ય કયાંથી સમજાય? અને સત્ય ન સમજાય તેા ધર્મ કયાંથી પામે?

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન આડત્રીશમું

ધર્મનું આરાધન

[૨]

મહાનુભાવેા!

ગણિતમાં એક એવેા દાખલેા આવે છે કે 'એક ગેાકળગાય દિવસે બે ઇંચ ઊંચી ચડે છે અને રાત્રે પેાણા બે ઇંચ નીચી ઉતરી પડે છે, તેા ૬૦ કુટના થાંભલાની ટેાચે તે કયારે પહેાંચશે?' આ દાખલેા સહેલેા છે, થેાડું ગણિત જાણનારેા પણ કરી શકે એવેા છે. દિવસે બે ઇંચ ચડે અને રાત્રે પેાણા બે ઇંચ નીચે ઉતરી પડે, એટલે ચેાવીશ કલાકના એક અહેારાત્રમાં તે પા ($\frac{1}{4}$) ઇંચ ઊંચી ચડે. આ રીતે રેાજ પા-પા ઇંચ ઊંચી ચડતાં ૪ દિવસે ૧ ઇંચ ઊંચી ચડે, ૪૮ દિવસે ૧ કુટ ઊંચી ચડે અને ૨૮૮૦ દિવસે એટલે આઠ વર્ષ પૂરા થયે તે થાંભલાની ટેાચે પહેાંચે.

આ જવાબ સાંભળીને તમને એમ થતું હશે કે માણસ તેા ૬૦ કુટનેા થાંભલેા બે-ત્રણ કલાકમાં ચડી જાય અને ગેાકળગાયને આઠ વર્ષ લાગે, એ તેની કેટલી ધીમી ગતિ! પણ મહાનુભાવેા! તમારે મનમાં મલકાવા જેવું નથી. ધર્મની બાબતમાં તમારી મતિ આથી પણ ઘણી મંદ

છે! સમજો કે ધર્મ એ ૬૦ ફુટ ઊંચો સ્થંભ છે, તો તમે એની ટોચે કયારે પહોંચી શકો છો? કેટલાક, સાઠ, સીત્તેર કે એંશી વર્ષનાં આયુષ્ય સુધીમાં પણ તેની ટોચે પહોંચી શકતા નથી.

મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણાય છે, પણ આ કાળે ૧૦૦ વર્ષ પૂરા કરનારા બહુ ઓછા. સાઠ, સીત્તેર અને એંશીની ગણતરી પણ સારું જીવ્યામાં જ થાય છે. બાકી ઘણા તો વનમાં જ વિદાય લે છે. વન એટલે એકાવન, બાવન, પંચાવન, સત્તાવન વગેરે એકાવનથી સાઠ સુધીની સાલો. આપણા બાપજી મહારાજ એટલે પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ ૧૦૪ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા, તે વર્તમાન કાળમાં અપવાદ ગણાયા.

ગોકળગાય રોજ પા-પા ઇંચ ઉપર ચડે છે, તો આઠ વર્ષમાં ૬૦ ફુટનો સ્થંભ ચડી રહે છે, પણ તમે એંશી વર્ષે પણ એ સ્થંભ પૂરો ચડી શકતા નથી, તો તમારી ગતિ કેટલી થઇ? કેટલાક તો આ વખતે ½, ¼ કે ⅛ જ ચડ્યા હોય છે, એનું ગણિત કરો એટલે તમારી ગતિનું માપ તમને સમજાઈ જશે. જે એંશી વર્ષે પૂરો સ્થંભ ચડે તેની ગતિ એક ઇંચના ચાલીશમા ભાગની એટલે ૪૦ ઇંચ થઇ, ચોથો ભાગ ચડે તેની ગતિ એક ઇંચના એકસો સાઠમા ભાગની એટલે ૧૬૦ થઇ, છઠ્ઠો ભાગ ચડે તેની ગતિ એક ઇંચના બસો ચાલીશમા ભાગની એટલે ૨૪૦ થઇ

અને જે આઠમો ભાગ ચડે તેની ગતિ એક ઇંચના ત્રણસો વીશમા ભાગની એટલે ૩૨૦ થઇ. અહો! કેટલી મંદ ગતિ! પરંતુ જેઓ આટલું યે ચડતા નથી, તેની ગતિ કેટલી મંદ સમજવી?

ગોકળગાય દિવસમાં બે ઇંચ ઉપર ચડે છે અને રાત્રે ચોણા બે ઇંચ નીચે નીતરી પડે છે, પણ તમારામાંના કેટલાક બે ઇંચ ઊંચા ચડી, બે ઇંચ નીચે ઉતરી પડનારા છે. તેઓ એક ફુટ, અરે! છ ઇંચ, અરે! ચાર, ત્રણ કે બે ઇંચ પણ ઉપર શી રીતે ચડી શકવાના?

સાધુસંતોના સમાગમમાં આવો, ઉપદેશ સાંભળો કે કોઈ બહુ સાર ગ્રંથનું વાંચન કરો, ત્યારે ધર્મ કરવાનો ઉત્સાહ જાગૃત થાય અને થોડો ધર્મ કરવા માંડો, પણ ત્યાં પ્રમાદ, આળસ, ઉપેક્ષા કે વ્યવહારની જંજાળ આવી પહોંચે અને ધર્મ કરવાનો માંડી વાળો. એ બે ઇંચ ઊંચા ચડીને બે ઇંચ નીચે ઉતરવાની ક્રિયા નહિ, તો બીજું શું કહેવાય?

જીવનનું સરવૈયું

દીવાળીના દિવસો આવે છે, ત્યારે તમે વેપારનું સરવૈયું ખેંચો છો અને કેટલું કમાયા, કેટલું ખોયું, તેનો હિસાબ લગાવો છો; તો તમારા સાઠ, સીત્તેર કે એંશી વર્ષના જીવનનું સરવૈયું કાં નથી ખેંચતા? તેમાં કેટલું જમા થયું અને કેટલું ઉધાર થયું? એ જરૂર તપાસો.

તમે ખાવાપીવામાં, નાવાધોવામાં, હરવાફરવામાં, બેસી

રહેવામાં, સૂઈ રહેવામાં, ભોગવિલાસમાં, ગપાટાસપાટામાં, નિદ્રાકુથલીમાં, રમતગમતમાં, નાટક–સીનેમામાં, રગડા ઝઘડામાં અને માંદગીમાં જે સમય ગાળ્યો, તે બધો ઊધાર આન્નુમાં સમજવો. અને સાધુસંતોના સમાગમમાં, ધર્મોપદેશ સાંભળવામાં, સ્વાધ્યાય કરવામાં, પ્રભુભક્તિ કરવામાં, પરોપકાર કરવામાં તથા ધર્મધ્યાનનું આરાધન કરવામાં જે સમય ગાળ્યો તે જમા આન્નુમાં સમજવો. આંકડા બરાબર માંડજો, એટલે સાચી સ્થિતિ સમજાઈ જશે.

જે વેપારીની મૂડી ઘટતી જાય છે અને દેવું વધતું જાય છે, તે આખરે દેવાળિયો ઠરે છે અને તેની આબરૂનું લીલામ થાય છે, એ તમને વેપારીઓને કહેવાનું ન હોય. જો તમારો કારભાર દેવાળિયો હોય તો સ્થિતિ અત્યારથી જ સંભાળી લેજો.

શાસ્ત્રકાર ભગવંતો તો સ્પષ્ટ કહે છે કે–

सामाइय–पोसह–संठिअस्स जीवस्स जाइ जो कालो ।
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेऊ ॥

'સામાયિક અને પોષધમાં રહેલા જીવનો જે કાલ જાય છે, તે સફળ સમજવો અને બાકીનો સંસારફલનો હેતુ જાણવો, અર્થાત્ સંસાર વધારનારો સમજવો.'

અહીં સામાયિક અને પોષધની સાથે ઉપલક્ષણથી પ્રભુપૂજાદિ બધી ધાર્મિક ક્રિયાઓ સમજવાની છે. આ ધાર્મિક ક્રિયાઓ કરવામાં જે સમય જાય તે કર્મને ઘટાડનારો–કર્મને તોડનારો હોવાથી સફલ ગણાય છે અને બાકીનો

સમય જે વ્યવહારનાં કાર્યોમાં જાય તે કર્મને લાવનારો, કર્મને બાંધનારો હોવાથી વિફલ ગણાય છે,[×] સંસાર વધારનારો ગણાય છે.

અમે આ વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં જ જિણવયણે અણુરત્તા આદિ શબ્દોથી શરૂ થતી ગાથાના અર્થમાં કહ્યું હતું કે 'જે આત્માઓ જિનવચનમાં અનુરક્ત છે–શ્રદ્ધાવાન છે, જિનવચનમાં પ્રરૂપાયેલાં–કહેવાયેલાં અનુષ્ઠાનો હૃદયના ઉલ્લાસ પૂર્વક કરે છે, જે મલરહિત તથા સંક્લેશ રહિત પરિણામવાળા છે, તે પરિમિતિ સંસારી બને છે.'

સંસાર ઘટાડનારી ચાર વસ્તુઓ

હવે આ અર્થનું હાર્દ તમને સમજાયું હશે. સંસાર ઘટાડવા માટે, અલ્પસંસારી થવા માટે ચાર વસ્તુની જરૂર છે. પ્રથમ તો જિનવચનમાં અનુરક્તતા–શ્રદ્ધા. 'જે જિનેશ્વર ભગવંતે કહ્યું તે સત્ય છે. તેને અનુસરવામાં જ મારું શ્રેય છે, મારું કલ્યાણ છે, મારા આત્માનો ઉદ્ધાર છે.' આવી દૃઢ માન્યતા પ્રકટ્યા વિના તેમણે બતાવેલા માર્ગ પર ચાલવાનું શક્ય શી રીતે બને? અમે પૂર્વ વ્યાખ્યાનોમાં તમને સ્પષ્ટ જણાવ્યું હતું કે દાન, શીલ, તપ, પૂજા, તીર્થયાત્રા, દયા, વ્રતપાલન વગેરે સમ્યક્ત્વપૂર્વક હોય તો જ સફળ થાય છે. મજબૂત પાયો નાંખ્યા વિના કોઈ

[×] सम्माइय-पोसह-संठिअस्स, जीवस्स जाइ जो कालो ।
सो सफलो बोधव्वो, सेसो पुण जाण विफल त्ति ॥
આવો પાઠ પણ મળે છે.

ઈમારત ચણવા માંડો તો એ નહિ જ ટકવાની. પરંતુ જિનવચનમાં અનુરક્તતા–શ્રદ્ધા પ્રકટે શી રીતે? એ વિચારવાનું છે. કેટલાક આત્માઓમાં એ નૈસર્ગિક પ્રકટે છે, પણ તેમની સંખ્યા ઘણી થોડી, બાકીનાઓને તો એ અધિગમથી એટલે ગુરુના સમાગમ–ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે. તમે ગુરુમુખેથી ધાર્મિક વ્યાખ્યાનો સાંભળો, એટલે શ્રી જિનેશ્વર ભગવંતનાં વચનોમાં અનુરક્તતા–શ્રદ્ધા ઉત્પન્ન થતી જાય અને તે વજ્રલેપ જેવી દૃઢ બને. પછી કોઈ ગમે તેવા સવાલ પૂછે, પણ તમારું મન ચલવિચલ થાય નહિ.

કેટલાક માણસો દેવ–ગુરુની ભક્તિ કરનારને પૂછે છે કે 'ધર્મ એટલે શું?' જો એ માણસ બરાબર જવાબ ન આપી શકે તો તેને દબાવવા કહે છે કે 'લો, તમે તો ધર્મ એટલે શું? એ જાણતા નથી અને ધર્મક્રિયા કરો છો, એટલે તમારી ક્રિયા સમજ વગરની ક્રિયા છે. આ સમજ વગરની ક્રિયાનો અર્થ શો?' આ સાંભળીને ઢીલો–પોચો માણસ મુંઝવણમાં પડી જાય છે અને જે સ્વલ્પ ધર્મક્રિયા કરતો હોય તે પણ છોડી દે છે, પરંતુ તમે ગુરુનો સમાગમ કર્યો હોય, વ્યાખ્યાનવાણી સારી રીતે સાંભળી હોય, તો એને સામેથી પૂછી શકો કે 'સમજીને ધર્મક્રિયા કરવી એટલે શું? શબ્દનો અર્થ જાણ્યો, એટલે સમજીને ક્રિયા કરી ગણાય? પ્રતિક્રમણસૂત્રના અર્થ જાણીને ક્રિયા કરીએ તો એ સમજપૂર્વકની ક્રિયા ગણાય કે કેમ?' અહીં પ્રશ્ન પૂછનાર પોતે ઢીલો પડવાનો, કારણ કે એ પૂરણજ્ઞાની–કેવળજ્ઞાની નથી. એની સમજ પણ અધૂરી જ છે. એ પોતે

પણ જે થોડું ઘણું સમજ્યો, તે પરથી જ ક્રિયા કરતો હોય છે.

જો તમે ધાર્મિક વાતાવરણમાં રહો, ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા રહો અને સદ્‌ગુરુનાં પડખાં સેવતા રહો તો જરૂર સમજી શકો કે 'ધર્મ આત્માના કલ્યાણ માટે છે. કર્મને તોડવા માટે છે, તે મુક્તિ અપાવનાર છે.' અને આ સમજ એ સાચી સમજ છે, તેથી આટલું સમજીને ધર્મક્રિયા કરો તો એ સમજપૂર્વકની ધર્મક્રિયા કહેવાય.

જેને ધર્મ પર શ્રદ્ધા નથી, જેઓ ભૌતિકવાદથી રંગાયેલાં છે અને લગભગ નાસ્તિકની કોટિમાં છે, તે ધાર્મિક ક્રિયાઓને ઉતારી પાડવા માટે તરેહ–તરેહની કુયુક્તિઓ લડાવે છે અને વાત એવી સફાઈથી મૂકે છે કે ભલભલા માણસો પણ વિચારમાં પડી જાય. પરંતુ તમારે એવાઓની વાત સાંભળવી નહિ, કદાચ સાંભળી હોય તો એ પર વિચાર કરવો નહિ, અને કદાચ વિચાર કર્યો હોય, તો તેના પર કોઈપણ જાતનો ઇતબાર રાખવો નહિ.

શાસ્ત્રકારોએ શ્રાદ્ધનાં ચાર અંગો બતાવ્યાં છે, તેમાં વ્યાપન્નદર્શની અને કુદૃષ્ટિના ત્યાગ પર ખાસ ભાર મૂકેલો છે. જેમ કે–

परमत्थसंथवो खलु, सुमुणियपरमत्थजइजणसेवा ।
वावन्नकुदिट्ठीण य, वज्जणमिह चउहसद्दहणं ॥

'પરમાર્થસંસ્તવ, પરમાર્થને જાણનાર મુનિઓની

સેવા, વ્યાપન્નદર્શની અને કુદૃષ્ટિનો ત્યાગ, એ ચાર શ્રદ્ધાનાં અંગો છે.'

પરમાર્થસંસ્તવ એટલે તત્ત્વની વિચારણા. પરમાર્થને જાણનાર મુનિઓની સેવા એટલે ગીતાર્થની સેવા. વ્યાપન્ન દર્શની એટલે જેનું દર્શન–સમ્યક્ત્વ વ્યાપન્ન થયું છે, નષ્ટ થયું છે. તાત્પર્ય કે એક વાર જેને જીવ, અજીવ વગેરે તત્ત્વો અને તેની સૂક્ષ્મ વિચારણાઓ પર શ્રદ્ધા હતી, પણ પછીથી કદાગ્રહ, મિથ્યાગ્રહ કે મિથ્યાત્વનો ઉદય થતાં તેવી શ્રદ્ધા ચાલી ગઈ, તે વ્યાપન્નદર્શની. તેમનો સંગ ભયંકર પરિણામને લાવનારો હોવાથી ત્યાજ્ય મનાયો છે. અન્યત્ર પણ કહેવાયું છે કે–

कुसंगतेः कुबुद्धिः स्यात्, कुबुद्धेः कुप्रवर्तनम् ।
कुप्रवृत्तेर्भवेज्जन्तु-र्भाजनं दुःखसंततेः ॥

'કુસંગતિથી કુબુદ્ધિ થાય છે, કુબુદ્ધિથી કુપ્રવર્તન થાય છે અને કુપ્રવર્તનથી પ્રાણી દુઃખપરંપરાનું ભાજન બને છે.' કુદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ.

સમ્યક્ત્વનું રક્ષણ કરવા માટે, સમ્યક્ત્વને નિર્મળ બનાવવા માટે તેના સડસઠ બોલો બરાબર સમજી લેવા જેવા છે, તેનો વિચાર અમે હવે પછીથી એક સ્વતંત્ર વ્યાખ્યાનમાં કરીશું.

'जिणवयणे अणुरत्ता' આ ગાથાની ચાર વસ્તુઓમાંની બીજી વસ્તુ તે જિનવચનમાં કહેવાયેલી ધર્મકરણીનું હૃદયના ઉલ્લાસપૂર્વક અનુષ્ઠાન છે. જિનવચનને સત્ય માનીએ, તેમાં

કહેલી ક્રિયાઓને સારી કહીએ, પણ તેનું અનુષ્ઠાન ન કરીએ તો કર્મનો નાશ કેવી રીતે થાય? એક માણસ એમ જાણે કે અમુક દવાથી મારો રોગ મટશે, પણ તે દવા મેળવે નહિ કે મેળવીને તેનો ઉપયોગ કરે નહિ તો તેનો રોગ શી રીતે મટે? એટલે શ્રદ્ધા અને સમજ સાથે ક્રિયાઓનું અનુષ્ઠાન પણ જરૂરી છે.

કેટલાક કહે છે કે એકલા જ્ઞાનથી મુક્તિ મળે અને કેટલાક કહે છે કે એકલી ક્રિયાથી મુક્તિ મળે, પણ આ બંને એકાન્તવાદ છે. એકાન્તવાદ એટલે મિથ્યાત્વ. અનેકાન્તવાદ તો એમ કહે છે કે જ્ઞાન અને ક્રિયા ઉભયથી મુક્તિ મળે, એકલું જ્ઞાન કે એકલી ક્રિયા મુક્તિમાં લઈ જવા માટે સમર્થ નથી. તે અંગે જૈન મહર્ષિઓએ અંધપંગુન્યાય કહ્યો છે, તે બરાબર લક્ષમાં લેવા જેવો છે.

અંધપંગુન્યાય

એક નગરમાં દાહ લાગ્યો અને બધા નગરજનો નગર ખાલી કરી ગયા, પણ તે વખતે એક આંધળો (અંધ) અને એક પાંગળો (પંગુ) એમ બે જણ એક શેરીમાં રહી ગયા. આંધળો વિચાર કરે છે કે 'અરેરે! મને આંખે દેખાતું નથી, તો આ નગરની બહાર શી રીતે નીકળું?' પાંગળો વિચાર કરે છે કે 'આ તો ભારે થઈ! મારા પગે બિલકુલ ચાલી શકાતું નથી, તો આ નગરની બહાર શી રીતે નીકળું?'

આગ તો કૂદકે અને ભૂસકે આગળ વધતી હતી અને મિનિટોમાં પેલા બંનેની નજીક આવતી હતી, પણ તેમને

બહાર નીકળવાનો ઉપાય સૂઝતો ન હતો. એવામાં પાંગળાને એક વિચાર આવ્યો અને તેણે કહ્યું: 'અરે ભાઈ સુરદાસ! તું શરીરે ખડતલ છે અને તારા ખભા પર બેસાડી મને ઉચકી શકે એમ છે. જો તું મને તારા ખભા પર બેસાડી દે તો હું ઉપર બેઠો બેઠો માર્ગ ચીંધું અને તું એ માર્ગ પકડીને ચાલ તો આપણે બંને નગરમાંથી સહીસલામત બહાર નીકળી જઈએ. હવે તો આગ બહુ નજીક આવી પહોંચી છે અને આપણે આવું કંઈ નહિ કરીએ, તો એ આપણ બંનેને ભરખી જશે.'

આંધળાએ એ વાત કબૂલ રાખી અને તેણે પંગુને પોતાના ખભા પર બેસાડી દીધો. પંગુએ રસ્તો બતાવ્યો, તે પ્રમાણે ચાલતાં એ બંને જણ સહીસલામત નગરની બહાર નીકળી ગયા.

અહીં અંધ તે જ્ઞાનરહિત સમજવો અને પંગુ તે ક્રિયારહિત સમજવો. એકલો અંધ કે એકલો પંગુ નગરની બહાર નીકળી શકે નહિ, તેમ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા મનુષ્યને તારી શકે નહિ. જ્યારે એ બંનેનો મેળ થાય ત્યારે જ સંસારરૂપી પ્રજ્વલિત નગરમાંથી બહાર નીકળી શકાય.

પાંચ પ્રકારનાં અનુષ્ઠાનો

ક્રિયાનું અનુષ્ઠાન બધા મનુષ્યો એક જ ભાવથી કરતા નથી, જૂદા જૂદા ભાવથી કરે છે, તેથી શાસ્ત્રકારોએ તેની કક્ષા સમજવા માટે તેના પાંચ પ્રકારો બતાવ્યા છે. તેમાં પહેલું વિષાનુષ્ઠાન છે, બીજું ગરાનુષ્ઠાન છે, ત્રીજું અનનુષ્ઠાન

છે, ચોથું તદ્ધેત્વનુષ્ઠાન છે અને પાંચમું અમૃતાનુષ્ઠાન છે.

જે અનુષ્ઠાન વિષતુલ્ય છે, તે વિષાનુંષ્ઠાન. અહીં પ્રશ્ન થશે કે 'અનુષ્ઠાન વિષતુલ્ય કેમ હોય?' તેનો ઉત્તર એ છે કે જો દૃષ્ટિ વિકૃત થાય, તો અનુપમ ફળ દેનારું અનુષ્ઠાન પણ વિષતુલ્ય બની જાય છે. જે અનુષ્ઠાન લબ્ધિ, કીર્તિ, સાંસારિક ભોગ વગેરે મેળવવાની ઇચ્છાથી કરવામાં આવે તેને વિષાનુષ્ઠાન સમજવાનું છે. વિષનો આપણે ત્યાગ કરીએ છીએ, તેમ આ અનુષ્ઠાનનો ત્યાગ કરવાનો છે.

જે અનુષ્ઠાન ગરતુલ્ય છે તે ગરાનુષ્ઠાન. આ લોકના ભોગો વિષે નિઃસ્પૃહતા, પણ પરલોકમાં દિવ્ય ભોગો ભોગવવાની અભિલાષાપૂર્વક જે અનુષ્ઠાન કરવામાં આવે તેને ગરાનુષ્ઠાન સમજવું. વિષાનુષ્ઠાન કરતાં આ કંઈક સારું, પણ એની કક્ષા તો હેયની જ ગણાય. આ લોકના ભોગની ઇચ્છા છોડી અને પરલોકના ભોગની ઇચ્છા રાખી, એ સરવાળે તો સરખું જ ગણાય. મૂળ વાત એ છે કે આ લોકના કે પરલોકના ભોગોની ઇચ્છાથી ધાર્મિક અનુષ્ઠાન કરવું યોગ્ય નથી.

જે અનુષ્ઠાન અન્ એટલે ન કરવા બરાબર છે, તે અનનુષ્ઠાન. અનુષ્ઠાન શા માટે કરવામાં આવે છે? તેના સ્પષ્ટ ખ્યાલ વિના અનુષ્ઠાન કરવામાં આવે તેને અનનુષ્ઠાન સમજવાનું છે. આ અનુષ્ઠાન ધર્મના વિષયમાં મુગ્ધબુદ્ધિવાળા જીવોને અમુક રીતે ઉપકારક નીવડે છે, તેથી તેને કથંચિત્ ઉપાદેય માનવામાં આવ્યું છે.

જે અનુષ્ઠાન તદ્ હેતુવાળું હોય તે તદ્ + હેતુ +

અનુષ્ઠાન = તદ્ધેત્વનુષ્ઠાન. તદ્ હેતુ એટલે તે હેતુ, મોક્ષનો હેતુ, તાત્પર્ય કે જે અનુષ્ઠાન મોક્ષ, પરમપદ કે નિર્વાણ મેળવવાના હેતુથી શુભ ભાવપૂર્વક કરવામાં આવે તેને તદ્ધેત્વનુષ્ઠાન સમજવાનું છે. આ અનુષ્ઠાનની ઉપાદેયતા સ્પષ્ટ છે.

જે અનુષ્ઠાન અમૃત તુલ્ય હોય, તે અમૃતાનુષ્ઠાન. અહીં એક છેડે વિષ છે, એટલે બીજા છેડે અમૃતને મૂકવામાં આવ્યું છે. વિષ જેટલું ખરાબ છે, તેટલું અમૃત સારું છે. જે અનુષ્ઠાન શુદ્ધ શ્રદ્ધાપૂર્વક, પરમ સંવેગથી ભાવિત થયેલાં મન વડે, કેવલ નિર્જરા માટે કરવામાં આવે તેને અમૃતાનુષ્ઠાન સમજવાનું છે. આ અનુષ્ઠાન બધામાં શ્રેષ્ઠ હોવાથી વિશેષ પ્રકારે કરવા યોગ્ય છે.

અનુષ્ઠાનના આ પ્રકારો પરથી એ સ્પષ્ટ થાય છે કે ક્રિયા ભલે એક જ પ્રકારની હોય, પણ તેમાં હેતુ અનુસાર ઉત્તમપણું, મધ્યમપણું અને કનિષ્ઠપણું દાખલ થાય છે. તેથી ક્રિયાનો હેતુ ઊંચો હોવો જોઈએ. જે ક્રિયા ઊંચા હેતુથી એટલે મોક્ષપ્રાપ્તિ માટે-કર્મનો નાશ કરવા માટે કરવામાં આવે તે ઊંચી અને જે ક્રિયા નીચા હેતુથી એટલે સાંસારિક સુખભોગની ઇચ્છાથી કરવામાં આવે તે નીચી.

બે માણસ એક સરખો આહાર કરે છે, તેમાં એક માત્ર દેહને ટકાવવા પૂરતો કરે છે અને તે દ્વારા બની શકે તેટલું ધર્મારાધન કરી લેવા ઇચ્છે છે અને બીજો દેહને પુષ્ટ કરવા માટે કરે છે અને તે દ્વારા વિવિધ ભોગો ભોગવવાની ઇચ્છા રાખે છે, તો પ્રથમની ક્રિયા પ્રશસ્ત ગણાશે અને

બીજાની ક્રિયા અપ્રશસ્ત ગણાશે. માટે ક્રિયા કરતી વખતે હેતુ હમેશાં ઊંચો રાખો.

ગાથાની ચાર વસ્તુઓમાંની ત્રીજી વસ્તુ મલરહિતપણું છે. આપણે શ્રી જિનવચનમાં અનુરક્ત થઇએ, તેમાં કહેલી ક્રિયાઓ કરીએ, પણ અંતરનો મેલ હટે નહિ તો પવિત્રતા કે પૂર્ણતા શી રીતે પ્રાપ્ત થાય? મિથ્યાત્વ વગેરે દોષો અંતરનો મેલ ગણાય છે. કામ, ક્રોધ, લોભ, માન, મત્સર અને હર્ષ એ છ ને પણ આપણે અંતરનો મેલ કહી શકીએ. જે કોઈ અંતરને મલિન કરે, તે બધાને અંતરનો મેલ સમજવો. તપ, જપ અને ધ્યાન અંતરનો મેલ ટાળવાની ખાસ ક્રિયાઓ છે.

ગાથાની ચાર વસ્તુઓમાંની ચોથી વસ્તુ તે સંક્લેશ-રહિતપણું છે. રાગદ્વેષના પરિણામને સંક્લેશ કહેવામાં આવે છે. એ સંક્લેશ દૂર થાય, એટલે સમભાવ આવે અને આત્મા પોતાનાં મૂળ સ્વભાવનું દર્શન કરી શકે. આવાઓનો સંસાર અતિ અતિ અલ્પ બની જાય એમાં આશ્ચર્ય શું?

મહાનુભાવો! શ્રદ્ધા, ક્રિયાતત્પરતા, આંતરિક શુદ્ધિ અને સમતા એ ચાર વસ્તુઓ દ્વારા આત્મા અલ્પ સંસારી બને છે અને એ ચારે વસ્તુ ધર્મનાં આરાધનથી જ પ્રાપ્ત થાય છે.

ગત વ્યાખ્યાનમાં અમે જણાવ્યું કે ધર્મ ચાર પ્રકારના પુરુષો સાથે દોસ્તી કરતો નથી: દુષ્ટ, મૂઢ, કદાગ્રહી અને પક્ષપાતી. તેમાંથી બેનાં દૃષ્ટાંત કહ્યાં અને બેનાં દૃષ્ટાંત બાકી છે, તે આજે સંભળાવીશું.

કદાગ્રહ ઉપર અંધ રાજકુમારનું દૃષ્ટાંત

એક રાજાનો પુત્ર જન્મથી આંધળો હતો, પણ સ્વભાવનો ઘણો ઉદાર હતો. તે પોતાની પાસેનાં ઘરેણાંગાંઠા યાચકોને દાનમાં આપી દેતો. મંત્રીને આ વાત પસંદ નહિ. તેને થતું કે જો આવી રીતે આ કુમાર ઘરેણાંગાંઠાં યાચકોને આપતો રહેશે તો રોજ નવાં ઘરેણાંગાંઠાં લાવીને આપીશું કયાંથી ?

એક દિવસ તેણે રાજાને કહ્યું કે 'મહારાજ ! લક્ષ્મીના ત્રણ ઉપયોગ છે: દાન, ભોગ અને નાશ. તેમાં દાન સહુથી શ્રેષ્ઠ છે, કારણ કે પોતાનું તથા પારકાનું એમ બંનેનું હિત કરે છે. આમ છતાં તે મર્યાદામાં રહીને અપાય તો સારું, કારણ કે अति सर्वत्र वर्जयेत्। એ નીતિકારોનો મત છે. જો રાજકુમાર હાલની ઢબે દાન દેવાનું ચાલુ રાખશે, તો આપણો રાજભંડાર ટુંક સમયમાં ખાલી થઈ જશે.'

રાજાએ કહ્યું: 'મંત્રીશ્વર ! તમારી વાત સાચી છે, પણ હું કુમારનું દિલ દુભાવવા ઇચ્છતો નથી, તેથી એવો કોઈ ઉપાય કરો કે જેથી તેમનું દિલ દુભાય નહિ અને રાજભંડાર ખાલી થાય નહિ.'

આ સૂચનાનો મંત્રીએ સ્વીકાર કર્યો અને એક ઉપાય શોધી કાઢયો. તેણે રાજકુમારને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'કુમારશ્રી! આપને આભૂષણોનો ઘણો શોખ છે, તેથી તમારા પૂર્વજોનાં બનાવેલાં મહામૂલ્યવંત આભૂષણો મેં ભંડારમાંથી બહાર કઢાવ્યાં છે. તે તમે બીજા કોઈને આપી ન દેવા કબૂલ થતા હો તો તમને પહેરવા આપું. આપ આ

આભૂષણો ધારણ કરશો, એટલે રાજરાજેશ્વર જેવા દેખાશો અથવા તો દેવકુમાર જેવા દીપી નીકળશો. પરંતુ એક વાત ધ્યાનમાં રાખજો કે આ જગતમાં સ્વાર્થી–આપમતલબિયા માણસોની ખોટ નથી. તેઓ આ આભૂષણો જોશે કે તેમની દાનત બગડશે અને તેને પડાવી લેવા માટે જાતજાતની યુક્તિઓ રચશે. કોઈ તો એમ પણ કહેશે કે આ આભૂષણોમાં છે શું? એ તો લોઢાનાં છે, તમારે એ કામનાં નથી, માટે અમને આપી દો, પણ તમારે એ કોઈ વાત ઉપર ધ્યાન આપવું નહિ.'

કુમારે કહ્યું કે 'તમારી શરત મને કબૂલ છે. હું એ આભૂષણ કોઇને પણ આપી દઇશ નહિ. જો કોઈ એમ કહેશે કે આ આભૂષણ લોહનાં છે, તો હું તેની બરાબર ખબર લઇશ. માટે મને એ આભૂષણ પહેરવા આપો.'

આ પ્રમાણે કુમારનું મન પહેલેથી જ વ્યુદ્ગ્રાહિત કરીને મંત્રીએ તેને ખરેખર લોહનાં આભૂષણ જ પહેરવા આપ્યાં. કુમારના હર્ષનો પાર નથી. એનાં મનમાં ખુમારી છે કે મારા પૂર્વજોએ બનાવેલાં અપૂર્વ આભૂષણો મેં આજે ધારણ કર્યાં છે. એ ખુશખુશાલ થતો રાજમહેલના પ્રવેશદ્વાર આગળ બેઠો છે. એવામાં ત્યાં થોડા યાચકો આવ્યા. અને તે કુમારનાં આભૂષણો જોઈને આશ્ચર્યથી કહેવા લાગ્યા કે 'કુમારશ્રી! આ શું? આજે કંઈ નહિ ને લોહનાં આભૂષણો ધારણ કર્યાં ? આ આભૂષણો તમને શોભતા નથી.'

કુમારે આ શબ્દો સાંભળ્યા કે પાસે પડેલી લાકડી

લીધી અને ધડાધડ એક-બેને ચોડી દીધી. 'હરામખોરો, મને મૂર્ખ બનાવીને મારાં આભૂષણો પડાવી લેવા છે, કેમ? હું બધું સમજું છું. માટે અહીંથી દૂર થાઓ.'

યાચકો જીવ લઈને નાઠા. થોડી વારે ત્યાં રાજસેવકો આવ્યા. તે પણ રાજકુમારનાં ગળામાં લોહનાં આભૂષણો જોઈ આશ્ચર્ય પામ્યા અને હિતબુદ્ધિથી કહેવા લાગ્યા કે 'કુમારશ્રી! આપે આજે જે આભૂષણો ધારણ કર્યાં છે, તે આપને બિલકુલ શોભતા નથી. આપના બજનામાં આભૂષણોની કયાં ખોટ છે કે આ લોહનાં આભૂષણો ધારણ કર્યાં?'

કુમારે કહ્યું: 'સંભાળીને બોલો. જો તમે મારાં આભૂષણોની જરા પણ નિંદા કરશો, તો તમારી બબર લઈ નાખીશ. મારા પૂર્વજોનાં બનાવેલાં આવાં સુંદર આભૂષણો મેં પૂર્વે કદી પહેર્યા ન હતાં.' એકે કહ્યું: 'પણ કુમાર સાહેબ-' હજી વાકય પૂરું કરે તે પહેલાં કુમારે લાકડી ઉગામી અને એક-બેને તેનો સ્વાદ ચખાડી દીધો. એટલે રાજસેવકો પણ પોતાના રસ્તે પડ્યા.

પછી કેટલાક સ્વજન-સંબંધી ત્યાં આવ્યા અને તેમણે પણ એજ કહ્યું કે 'આપને આ લોહનાં આભૂષણો શોભતાં નથી, માટે ઉતારી નાખો.' કુમારે કહ્યું: 'મારે કોઈની સલાહ જોઈતી નથી. તમે તમારું કામ કરો, નહિ તો નાહકનું મારે કંઈ બોલવું પડશે.' અને તેઓ પણ ત્યાંથી ચાલ્યા ગયા.

આ રીતે બીજા પણ જે કોઇ મિત્ર-ભાઈબંધ-દોસ્તદારે

તેનાં ઘરેણાં લોહનાં હોવા વિષે કહ્યું, તે દરેકનું તેણે અપમાન કર્યું અને કોઈની વાત માની નહિ.

આ રીતે જે પુરુષનું મન પહેલેથી જ વ્યુદ્ગ્રાહિત થયેલું હોય છે અને કદાગ્રહી બની જાય છે, તે મહાપુરુષોની ગમે તેવી સારી અને સુંદર શિક્ષાનો પણ સ્વીકાર કરી શકતા નથી અને પરિણામે ધર્મ પામી શકતા નથી.

પક્ષપાત ઉપર સુભટનું દૃષ્ટાંત

સુભટ નામનો એક રાજ્યાધિકારી હતો. તેને સુરંગી નામની બહુ ભલી સ્ત્રી હતી. તેનાથી સોનપાલ નામનો એક પુત્ર થયો હતો. આ પુત્રને જન્મ આપ્યા પછી સુરંગીની તબિયત લથડી અને તેનાં સૌંદર્યમાં ઘટાડો થયો. તેથી સુભટનું મન તેના પરથી ઉતરી ગયું. હલકા મનુષ્યના સ્નેહને કવિઓએ સંધ્યાના આડંબર અને રેતીની ભીંત સાથે સરખાવ્યો છે, તે ખોટું નથી.

થોડા વખત બાદ સુભટે કોથળીનું મોં છોડીને કુરંગી નામની એક સ્ત્રી સાથે લગ્ન કર્યાં. આ સ્ત્રીનો રંગ ઉજળો હતો, વળી તે હાવભાવ વગેરેમાં નિપુણ હતી, એટલે તેણે સુભટનું દિલ જિતી લીધું અને સુભટના ચારે હાથ તેના પર રહેવા લાગ્યા. આ જગતમાં મનુષ્યને કંચન અને કામિની એ બે વસ્તુઓનું ભારે આકર્ષણ હોય છે અને તેમાં પણ કામિનીનું આકર્ષણ વિશેષ હોય છે. તેથી જ કોઈ કવિએ કહ્યું છે કે-

નારી મદન તલાવડી, બૂડ્યો સબ સંસાર;
કાઢણહારો કો નહીં, કહાં કરું પોકાર?

કુરંગીનું ચામડું ઉજળું, પણ દિલ કાળું હતું. તેમાં ઇર્ષ્યા, દ્વેષ, અભિમાન વગેરે અનેક દુર્ગુણો ભરેલા હતા. વળી શિયળવ્રતમાં પણ તે શિથિલ હતી, એટલે નવા નવા પુરુષોને જોઇ તેમની સાથે ક્રીડા કરવાને ઇચ્છતી; પણ સુરંગી છાતી પર બેઠી હતી, એટલે તેની એ ઇચ્છા પાર પડતી નહિ. એક તો શોકચ અને બીજું આ કારણ મળ્યું, એટલે તેને સુરંગી પ્રત્યે ઘણો દ્વેષ થવા લાગ્યો. તે સુભટના કાન ભંભેરવા લાગી.

સુભટને તો કુરંગીની કાયાએ કામણ કર્યાં હતાં, એટલે તે એની નજરે જ જોતો હતો. તેણે સુરંગીને થોડું રાચરચીલું તથા પૈસાટકા આપી જુદી કાઢી. ખરેખર! પંડિત, શૂરા અને શાણા સહુને નારી નાચ નચાવી શકે છે.

હવે એક વખત લડાઇનાં નગારાં ગગડ્યાં અને સુભટને લડાઇમાં જવાનું થયું. તે વખતે કુરંગી ગળગળી થઇને કહેવા લાગી કે 'હે નાથ! તમારા વિના હું એક પણ દિવસ રહી શકીશ નહિ. મારી સ્થિતિ જળ વિનાની માછલડી જેવી જાણજો. જો તમે મારું ભલું ઇચ્છતા હો, તો મને લડાઇમાં સાથે લઈ ચાલો.'

સુભટે કહ્યું : 'લડાઈ એક ભયંકર વસ્તુ છે. તેમાં સ્ત્રીઓનું કામ નહિ. વળી અમને તો રાજાજી તરફથી સખ્ત ફરમાન છે કે કોઇએ પોતાની સાથે સ્ત્રીને લેવી નહિ. માટે હે પ્રિયે! તું અહીં જ રહે અને મનગમતું ખાઇપીઇને મોજ કર. આપણાં ઘરમાં કોઇ વસ્તુની ખોટ નથી.'

કુરંગીએ કહ્યું : 'આપની આજ્ઞા હું માથે ચડાવું છું, પણ બને તેટલા વહેલા આવજો. આ ઘરમાં તમારા સિવાય મારો એક પણ દહાડો જવો મુશ્કેલ છે. વળી આપણા પાડોશીઓ કેવા નટખટ છે, તે તમે જાણો છો.'

સુભટે કુરંગીની વિદાય લીધી અને તે સૈનિકો સાથે લડાઇમાં ગયો. આ બાજુ કુરંગી એકલી પડી, એટલે ઘણા દિવસની પોતાની ઇચ્છા પૂરી કરવાના નિર્ણય પર આવી.

હવે એજ ગામમાં ચંગા નામનો એક યુવાન સોની હતો, તે દેખાવે રૂપાળો હતો અને ફૂલફટાયો થઇને ફરતો હતો. કુરંગીએ તેને નજરમાં ઘાલ્યો અને ઘરેણાં ઘોવડાવવાનાં બહાને ઘરે બોલાવ્યો. પ્રારંભમાં થોડી આડી–અવળી વાત કરી તેણે ચંગાને કહ્યું કે 'આપણી સરખે સરખી જોડ છે, બંને રંગીલા છીએ, માટે તું કબૂલ થા તો આપણે સંસારસુખ ભોગવીએ. જો તું મારી આ માગણી કબૂલ નહિ કરે તો હું આપઘાત કરીશ અને તેનું પાપ તને લાગશે.'

ચંગે પૂરો બદમાશ હતો. તે દારૂ પીતો, જુગાર રમતો, વેશ્યાગમન કરતો અને કોઈ રૂપાળી સ્ત્રી નજરે ચડી તો તેને ફસાવવાનું ચૂકતો નહિ. અહીં તો આમંત્રણ સામેથી આવ્યું હતું, એટલે તેને જતું શેનો કરે? પણ તે દાક્ષિણ્યતાથી બોલ્યો કે 'જરકર્મમાં ઘણું જોખમ રહેલું છે, પરંતુ તું આપઘાતની વાત કરે છે, એટલે તારી માગણી કબૂલ રાખું છું.' પછી બંને જણ યથેષ્ટ ભોગ ભોગવવા લાગ્યા અને પૈસા છૂટથી ઉડાડવા લાગ્યા.

દિવસોને જતાં શી વાર? ચાર મહિના તો જોતજોતામાં પૂરા થવા આવ્યા અને સુભટનો સંદેશો આવી ગયો કે 'હું ચાર દિવસમાં ઘરે આવું છું.' આથી ચંગાએ રહીસહી સારી સારી વસ્તુઓને કુરંગી પાસેથી છીનવી લીધી અને તેને ખૂબ કફોડી હાલતમાં મૂકી દીધી. કુરંગીએ વ્યભિચાર કરીને શું સાર કાઢ્યો? એક તો શિયળ ગયું, બીજું પતિનો વિશ્વાસઘાત કર્યો અને ત્રીજું ઘરની ઘરવખરી પણ ગુમાવી. વ્યભિચાર ભયંકર દોષ છે અને તેનું સેવન કરનારને તે અવશ્ય નરકમાં લઈ જાય છે.

સુભટ તદ્દન નજીક આવ્યો, ત્યારે બીજો સંદેશો આવ્યો કે 'કાલે બાર વાગતાં ઘરે આવું છું, માટે રસોઈ પાણી કરી રાખજો.' આ સંદેશો મળતાં જ કુરંગી વિચારમાં પડી: 'હવે શું કરવું? સારી રસોઇ કરીને ખવડાવું, એવું તો ઘરમાં કંઇ રહ્યું નથી.' છેવટે અક્કલ લડાવીને તે સુરંગીનાં ઘરે ગઇ. કોઈ દિવસ નહિ ને આજે એકાએક કુરંગીને ઘરે આવેલી જોઇને સુરંગી વિચારમાં પડી ગઇ: 'આ શા માટે આવી હશે?' એવામાં કુરંગીએ કહ્યું: 'બહેન! એક વધામણી લાવી છું.'

સુરંગીએ કહ્યું: 'બહેન! શું વધામણી લાવી છે?

કુરંગીએ કહ્યું: 'આપણા સ્વામીનાથ બાર મહિને કાલે બપોરે ઘરે આવે છે.'

સુરંગીએ કહ્યું: "બહેન! તારાં મોઢામાં સાકર, પણ

હું તેમનું સ્વાગત શી રીતે કરી શકીશ? એ તો મારી સાથે બોલતા નથી!'

કુરંગીએ કહ્યું: 'તેની ફીકર કરશો નહિ. એ તો સમજાવીને તમારે ત્યાં જ ભોજન કરાવીશ. માટે કાલે ભોજન કરી રાખજો.'

સુરંગીને આનંદ થયો. તેણે બીજા દિવસે સવારમાં વહેલા ઉઠીને નાહીધોઇને ભાતભાતનાં ભોજન તૈયાર કર્યાં. પછી તે પતિનાં આગમનની રાહ જોવા લાગી.

બીજા દિવસે બપોરે બાર વાગતાં સુભટ આવ્યો, પણ તે વખતે પોતાનાં ઘરનાં બારણાં બંધ દીઠાં. પોતે સંદેશો મોકલ્યો હતો, તેથી એમ માનતો હતો કે હું ઘરે જઇશ ત્યારે કુરંગી મારું ભાવભીનું સ્વાગત કરવા દરવાજામાં જ ઊભી હશે, પણ આ તો જુદું જ દૃશ્ય જોયું. તેણે મોટેથી કહ્યું: 'હે પ્રિયે! હું બહારથી આવી ગયો છું. બારણાં ઉઘાડ.' પણ અંદરથી કંઇ જવાબ આવ્યો નહિ. આથી સુભટે અનેક પ્રકારનાં મધુર વચનો કહ્યાં, ત્યારે કુરંગીએ બારણાં ઉઘાડ્યાં અને પોતે મોં ચડાવી એક બાજુએ બેઠી. સુભટને લાગ્યું કે ગમે તે કારણે કુરંગીને આજે માઠું લાગ્યું છે, નહિ તો આમ હોય નહિ. આથી તેણે કુરંગીને મનાવવા કહ્યું કે 'હે પ્રિયે! મારો એવો કયો અપરાધ છે કે તું મને સ્નેહપૂર્વક બોલાવતી નથી! તું ઊભી થા અને ઝટ મારું ભાણું પીરસ.'

એ વખતે કુરંગીએ છણકો કરીને કહ્યું કે 'તમારા

જેવા ઢોંગી માણસ આ દુનિયામાં બીજા કોણ હશે ? પોતે સુરંગીને ત્યાં કહેવડાવે છે, કે કાલે તમારે ત્યાં ભોજન કરવા આવીશ અને મને કહે છે કે ભાણું પીરસ !'

એવામાં સુરંગીએ મોકલેલો સોનપાલ ત્યાં આવી પહોંચ્યો અને સુભટને વિનયથી પ્રણામ કરીને કહેવા લાગ્યો કે ' પિતાજી ! ભોજન તૈયાર છે, માટે જમવા પધારો.'

આ બધી શી ગરબડ છે ? એની સુભટને ખબર પડી નહિ. તે કુરંગીના મોં સામું જોઇ રહ્યો, ત્યારે કુરંગીએ તિરસ્કાર કરતાં કહ્યું કે ' હવે વધારે ઢોંગ કરવા રહેવા દો. તમે તમારી માનીતી સુરંગીને ત્યાં જાઓ. તે તમને મનગમતાં ભોજન કરાવશે.'

કુરંગીનાં આવાં કઠોર વચનોથી કંટાળીને સુભટ આખરે સુરંગીને ત્યાં ગયો. સુરંગી તેનું સ્વાગત કરવાને ખડા પગે ઊભી હતી. તેણે પતિનું ઉમળકાભેર સ્વાગત કર્યું, તેને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને પછી પાટલા પર જમવા બેસાડ્યો. ત્યાં થાળમાં અનેક જાતની વાનીઓ પીરસી, પણ સુભટે જમવા માટે હાથ લાંબો કર્યો નહિ.

સુરંગીએ પૂછ્યું : ' હે સ્વામી ! તમે ભોજન કેમ કરતા નથી ? શું આમાં કોઇ વસ્તુની ખામી રહી ગઇ છે ?'

સુભટે કહ્યું : ' હા. આમાં એક વસ્તુની ખામી છે. જો કુરંગીએ બનાવેલું શાક આમાં ઉમેરાય તો બધું ભોજન અમૃત જેવું મીઠું લાગે.'

સુરંગીએ કહ્યું : ' પરંતુ આમાંનું કોઇ પણ શાક

ચાખ્યા વિના તમને શી ખબર પડી કે એ કુરંગીના હાથે બનાવેલા જેવું સ્વાદિષ્ટ નથી ?'

સુભટે કહ્યું : ' એ તો એની સોડમ જ કહી આપે. એમાં ચાખવાની શી જરૂર છે ?'

સુરંગી સમજી ગઈ કે પતિની બુદ્ધિનો કબજો પક્ષપાતે લીધો છે, એટલે ગમે તેવી દલીલો કરીશ, તો પણ તે સમજશે નહિ. એટલે તે ઉઠીને ઊભી થઈ અને વાડકો લઈને કુરંગીને ત્યાં ગઈ. તેણે કુરંગીને કહ્યું કે ' બહેન ! સ્વામીનું મન તારામાં વસ્યું છે, એટલે મારાં કરેલાં પકવાન્ન કે શાક ભાવતાં નથી. તારા હાથે કરેલું થોડું શાક આપ તો એ ઉલટથી ભોજન કરે.'

કુરંગીએ જોયું કે આટઆટલો તિરસ્કાર કરવા છતાં તેનું મન મારા પર ચોટ્યું છે, એટલે તે મને અંતરથી ચાહે છે. આમ છતાં તેની વિશેષ પરીક્ષા કરવી જોઈએ. તેણે સુરંગીને કહ્યું : ' બહેન ! થોડી વાર તમે પરસાળમાં બેસો, હું ગરમાગરમ શાક તૈયાર કરી આપું છું.' સુરંગી પરસાળમાં બેઠી, એટલે કુરંગી મકાનના પાછલા ભાગમાં ગઇ અને ત્યાં પાડીનું તાજું છાણ પડ્યું હતું, તે લઈ આવી. તેમાં આટો, લૂણ, મરી વગેરે નાખીને તેને હિંગ વડે વઘાર્યું. પછી તેને લીંબુનો પટ દઇને ગરમાગરમ શાકનો વાડકો ભરી આપ્યો.

સુરંગીએ એ શાક સુભટ આગળ ધર્યું. એટલે તે બોલી ઉઠ્યો : ' જોઈ આ શાકની સોડમ ! તેમાંથી કેવી સુંદર વાસ

આવી રહી છે? વળી તેનો દેખાવ જ કહી આપે છે કે તે એક ઘણું સુંદર શાક છે.' પછી તેણે ભોજન કરવા માંડ્યું. તેમાં સુરંગીએ બનાવેલી વસ્તુઓ થોડી ખાધી અને કુરંગીનું બનાવેલું શાક વધારે ખાધું. એ શાક ખાતાં ખાતાં તેણે અનેક વાર તેના સ્વાદનાં વખાણ કર્યાં.

આ દૃષ્ટાંત પરથી સમજી શકાશે કે જેનું મન પક્ષપાતથી ઘેરાઈ ગયું હોય છે, તે સત્ય વસ્તુ સમજી શકતા નથી અને તેથી તેઓ ધર્મને પામી શકતા નથી.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ઓગણચાલીસમું

ધર્મના પ્રકારો

મહાનુભાવો !

ધર્મનો વિષય ચાલી રહ્યો છે અને તેની વિચારણામાં આપણે ઠીક ઠીક આગળ વધ્યા છીએ. પ્રથમ ધર્મની આવશ્યકતા વિચારી, પછી ધર્મની શક્તિનો પરિચય મેળવ્યો, પછી ધર્મની વ્યાખ્યા પણ જાણી અને તેનાં લક્ષણોથી વાકેફ થયા. છેલ્લે ધર્મનું આરાધન ક્યારે કરવું અને કેમ કરવું? તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવ્યો, પરંતુ આટલેથી વાત પૂરી થતી નથી. હજી આપણે અર્ધો પંથ કાપ્યો છે અને અર્ધો પંથ બાકી છે. તેમાં પણ ઘણા અગત્યના મુદ્દા ચર્ચવાના છે.

તમે આત્માનાં વ્યાખ્યાનો પૂરાં સાંભળ્યાં, કર્મનાં વ્યાખ્યાનો પણ પૂરાં સાંભળ્યાં, તો ધર્મનાં વ્યાખ્યાનો પણ પૂરાં સાંભળી લેજો. કેટલાક કહે છે કે 'ન્હાયા એટલું પુણ્ય. કદાચ છેલ્લા બે–ચાર વ્યાખ્યાનો ન સાંભળ્યા તો શું થઈ ગયું?' પણ અરધું સાંભળવું અને અરધું ન સાંભળવું તે ઉચિત નથી. ખાસ કરીને છેલ્લાં વ્યાખ્યાનો તો સાંભળવા જ જોઈએ, કારણ કે વિષયનો સાર તેમાં હોય છે.

તમે વલોણું (દધિમંથન) શરૂ કરો અને અર્ધે મૂકી દો, તો તેમાંથી માખણ નીકળે ખરું? અથવા મુંબઈથી અમદાવાદ જવાનું હોય અને વચ્ચે સુરત, ભરૂચ કે વડોદરા

ઉતરી પડો તે ચાલે ખરૂં ?–નીતિવિશારદોએ ‘ आरब्धस्यान्तगमनं–શરૂ કર્યું તેના છેડે જવું ’ એ નીતિને ઉત્તમ કહી છે અને બધા સત્પુરુષો તેનું અનુસરણ કરે છે, તો તમે પણ તેનું અનુસરણ કેમ ન કરો ?

અનેક જાતના ધર્મો

આ જગતમાં અનેક જાતના ધર્મો પ્રવર્તે છે. તેમાં કેટલાક અતિ પ્રાચીન છે, કેટલાક પ્રાચીન છે, કેટલાક પચીસસોથી પંદરસો વર્ષ પહેલાં સ્થપાયેલા છે, તો કેટલાક પાંચસોથી સો વર્ષ પહેલાં સ્થપાયેલા છે. દાખલા તરીકે જૈન ધર્મ અતિ પ્રાચીન છે, વૈદિક ધર્મ પ્રાચીન છે, બૌદ્ધ, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મ પચીસસોથી પંદરસો વર્ષની અંદર સ્થપાયેલા છે અને શીખ, આર્યસમાજ, બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ વગેરે પાંચસોથી સો વર્ષની અંદર સ્થપાયેલા છે.

ધર્મની શ્રેષ્ઠતા

‘ જે બૂબ જૂનું તે સોનું ’ એ ન્યાયને લાગુ કરીએ તો જૈન ધર્મ સર્વ શ્રેષ્ઠ ઠરે, કારણ કે તે સહુથી વધારે પ્રાચીન છે. કેટલાક એમ સમજે છે કે શ્રીમહાવીર પ્રભુથી જૈન ધર્મ ચાલ્યો, પણ એ વાત બરાબર નથી. એ તો ચોવીશમા તીર્થંકર હતા. તેમની પહેલા બીજા તેવીશ તીર્થંકરો થઈ ગયેલા છે. કેટલાક એમ સમજે છે કે શ્રી રીખવદેવથી જૈન ધર્મની શરૂઆત થઈ, પરંતુ એ વાત પણ બરાબર નથી. આ અવસર્પિણી કાળની અપેક્ષાએ આપણે શ્રી રીખવદેવ ભગવાનને જૈન ધર્મની શરૂઆત કરનારા અર્થાત્

યુગાદિદેવ કહી શકીએ, પણ સમગ્ર કાલ–ચક્રની અપેક્ષાએ તો આ લોકમાં એવી કેટલીયે અવસર્પિણીઓ–ઉત્સર્પિણીઓ વ્યતીત થઇ ગઈ. એ દરેક અવસર્પિણી–ઉત્સર્પિણી કાલમાં તીર્થંકરો થયેલા છે અને તેમણે જૈન ધર્મનું પ્રવર્તન કરેલું છે, એટલે જૈન ધર્મ અનાદિ છે.

કેટલાક કહે છે કે ‘ એક વસ્તુ ઘણી જૂની, માટે સારી; એમ માનવું યોગ્ય નથી. ’ પણ એક વસ્તુ ઘણી જૂની કેમ થઈ? એ પણ વિચારવું જોઇએ. એક પેઢી બસો વર્ષથી કામ કરી રહી હોય તો એની આંટ બજારમાં ઘણી હોય છે અને લોકો તેની સાથે છૂટથી લેવડદેવડનો વ્યવહાર કરી શકે છે. નવી પેઢી સાથે એવો વ્યવહાર થઈ શકતો નથી. જો કે જૈન ધર્મ તો ગુણની કસોટીમાં પણ મોખરે આવે તેમ છે, પણ આ તો દલીલ પૂરતો વિચાર થયો.

કેટલાક કહે છે કે પ્રાચીનતાને લક્ષમાં લો છો, તેમ સંખ્યાને પણ લક્ષમાં લો અને જેની સંખ્યા સહુથી વધારે હોય તેને શ્રેષ્ઠ માનો. એ ધર્મ શ્રેષ્ઠ ન હોય તો તેના સહુથી વધારે અનુયાયીઓ કેમ થાય ? પરંતુ અમે પૂર્વ વ્યાખ્યાનમાં જણાવ્યું છે, તેમ સંખ્યા પરથી શ્રેષ્ઠતાનું માપ કાઢવું એ રીત ખોટી છે, ખતરનાક છે. અનુયાયીઓની સંખ્યા ઉપરથી ધર્મની શ્રેષ્ઠતા ગણાતી હોય તો ધર્મને નંબરો લાગશે, કારણ કે ધર્મો ઘણા છે અને તેને માનનારની સંખ્યાઓ જુદી જુદી છે. જે દુકાન પર ગ્રાહક વધારે આવે તે દુકાન ન્યાયથી જ ચાલે છે, એમ કહી શકાય નહિ. કારણ બીજાની દુકાન હોય, અથવા પ્રચાર વધારે હોય, અથવા છૂટછાટ વધારે

હોય, અથવા આજુબાજુ એવી દુકાન ન હોય અથવા ગ્રાહકોને સાચી સમજ ન હોય તો પણ ગ્રાહક વધારે આવે છે, માટે ધર્મની શ્રેષ્ઠતા તેની સત્યતા ઉપર સમજવાની છે.

જગતમાં એક જ ધર્મની શક્યતા છે?

કેટલાક કહે છે કે 'જુદા જુદા ધર્મોની વાત સાંભળીને અમારી મતિ મુંઝાય છે. તેના કરતાં એક જ ધર્મ કરી નાખો તો શું ખોટું? પછી કોઈ ધર્મ પાળવાની મૂંઝવણ તો નહિ.' પરંતુ આ કથન વિશ્વ, દુનિયા કે જગતની વાસ્તવિકતા સમજ્યા વિનાનું છે. વિવિધતા એ જગતનો સ્વભાવ છે અને તે દૂર થઈ શકતો નથી. એક જ ધર્મની ઇચ્છા કરનારે એ પણ વિચારવું જોઇએ કે બધા મનુષ્યો સરખો પોશાક કેમ પહેરતા નથી? સરખો ખોરાક કેમ ખાતા નથી? સરખા રીતરિવાજોનું અનુસરણ કેમ કરતા નથી? અને આજે તો સ્થિતિ એવી છે કે એક જ ઘરની ચાર સ્ત્રીઓ પણ સરખો પોશાક પહેરતી નથી. એક ગુજરાતી ઢબ પસંદ કરે છે, તો બીજી દક્ષિણી ઢબ પસંદ કરે છે, ત્રીજી પંજાબી ઢબ પસંદ કરે છે, તો ચોથીની પસંદગી બંગાળી ઢબ ઉપર ઉતરે છે. ઘરમાં વિવાહવાજન જેવું કોઈ ટાણું હોય કે બીજો કોઈ શુભ પ્રસંગ હોય, ત્યારે એક સ્ત્રી આઠ-આઠ કે દસ દસ વખત પોશાક બદલે છે અને ખુશી થાય છે. વિવિધતાની આટલી રુચિવાળી દુનિયામાં એક જ જાતનો ધર્મ શી રીતે સંભવે?

જેની પાછળ વાસ્તવિકતાની કોઈ ભૂમિકા ન હોય

એવા વિચારોને આપણે શેખચલ્લીના તર્ક સિવાય બીજું શું કહી શકીએ? એક મીયાંભાઈ તળાવના કિનારે વડનાં ઝાડ નીચે બેઠા હતા. તે વિચાર કરવા લાગ્યા કે 'આ તળાવનું બધું પાણી ઘી થઈ જાય અને વડનાં બધાં પાન રોટી થઈ જાય તો બંદા! ઝબોળ ઝબોળ કે ખાવે!' હવે તળાવનું પાણી ઘી શી રીતે થાય અને વડનાં પાન રોટી શી રીતે બને? અને જો ન બને તો બંદાને ઝબોળ ઝબોળ કે ખાવાનો વખત ક્યારે આવે?

બધા ધર્મોને સારા કેમ મનાય?

કેટલાક કહે છે કે બધા ધર્મો એક ભલે ન થઈ જાય, પણ આપણે તેમને માન આપવું જોઇએ અને તેમાંની સારી વસ્તુઓ ગ્રહણ કરવી જોઇએ. પરંતુ આ વિચારસરણી પણ બરાબર નથી. આપણે કોઈ પણ ધર્મને ગાળ દઇએ કે ખોટી રીતે ઉતારી ન પાડીએ, પણ તેના ગુણદોષની પરીક્ષા તો જરૂર કરીએ અને તેમાં જે સારો લાગે તેને જ સારો કહીએ. સારાખોટાની પરીક્ષા કર્યા વિના બધાને સારા માની લેવા અને તેમને માન આપવાનું જણાવવું, એ તો ગોળ અને ખોળને તથા કંચન અને કથીરને સરખા ગણવા જેવું છે. જે ધર્મ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુની દયા પાળવાનું ફરમાવે તે પણ સારો અને જે ધર્મ પશુનો વધ કે કુરબાની કરવાનું ફરમાવે તે પણ સારો! જે ધર્મ માંસ અને મદિરાનો સંપૂર્ણ ત્યાગ ફરમાવે તે પણ સારો અને જે ધર્મ માંસાહાર કે મદ્યપાનની છૂટ આપે તે પણ સારો! શું આ એક પ્રકારનો બુદ્ધિભ્રમ નથી?

સારી વસ્તુ ગમે ત્યાંથી પણ ગ્રહણ કરવામાં હરકત નથી, પણ સારી વસ્તુ કોને કહેવી? તેનું ધોરણ શાસ્ત્રકારોએ ઠરાવેલું છે. જેમાં અહિંસા હોય, સંયમ હોય, તપ હોય, તે સારી વસ્તુ અને જેમાં તેનો અભાવ કે અતિ અલ્પપણું હોય તે બરાબર વસ્તુ. આ ધોરણે આપણે સારી વસ્તુને જરૂર ગ્રહણ કરીએ.

મહાનુભાવો! આજે ધર્મના પ્રકારો વિષે વિવેચન કરવાનું છે, તેમાં આટલી વાત પ્રાસંગિક થઈ. એ વાત કરવાની જરૂર હતી, માટે જ કરી છે. આજના કુમાર-કુમારિકાઓ અને યુવક-યુવતીઓ શાળા-કોલેજોમાં જઈને, જુદી જુદી સભાઓ કે પરિષદોમાં હાજરી આપીને આવા વિચારો લઈ આવે છે અને તે એક ઉત્તમ આદર્શ હોય એ રીતે તેનું સેવન કરવા લાગે છે, એટલે તેમનો એ ભ્રમ ભાંગવાની જરૂર છે.

નવકારમંત્રમાં ધર્મને વંદના છે?

હવે ધર્મના પ્રકારો પર આવીએ. અહીં એક મહાનુભાવ પ્રશ્ન કરે છે કે 'નવકાર મંત્રમાં દેવ અને ગુરુને વંદના આવે છે, પણ ધર્મને વંદના આવતી નથી, તેથી એમ સિદ્ધ થાય છે કે ધર્મ એ મૂળભૂત વસ્તુ નથી. પછી તેના પ્રકારો વગેરેનું વર્ણન શા માટે?' અમે આ મહાનુભાવને પૂછીએ છીએ કે તમે નવકાર મંત્રનો અર્થ તો બરાબર જાણો છો ને? એના પર સારી રીતે વિચાર તો કર્યો છે ને? તેમાં પ્રથમનાં પાંચ પદો પછી '**एसो पंच-नमुक्कारो,**

सव्वपावप्पणासणो । मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥ એ પદો આવે છે. અહીં પંચપરમેષ્ઠિને કરવામાં આવતો નમસ્કાર એ ધર્મ છે. આ ધર્મને સર્વ પાપપ્રણાશક અને સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે, તે એની સ્તુતિરૂપ વંદના છે અને તેથી ધર્મ એ મૂળભૂત વસ્તુ છે.

નવકારનાં પ્રથમ પદે શ્રી અરિહંત દેવ એટલે તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરવામાં આવે છે, તેનું મુખ્ય કારણ તેમણે કરેલું ધર્મપ્રવર્તન છે. વળી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોને ત્રીજા, ચોથા અને પાંચમા પદે વંદના કરવામાં આવે છે, તેનું કારણ એ છે કે તેઓ ભાવિકોને ધર્મલાભ આપે છે. આ રીતે નવકારમંત્રમાં ધર્મ ઓતપ્રોત છે, એટલે તે મૂળભૂત-મુખ્ય વસ્તુ છે.

પ્રશ્ન-અહીં પહેલા, ત્રીજા, ચોથા અને પાંચમા પદે થતા નમસ્કારમાં ધર્મનો સંબંધ બતાવ્યો, પણ બીજા પદે થતા નમસ્કારમાં ધર્મનો કોઈ સંબંધ બતાવ્યો નહિ, તો નવકારમંત્રમાં ધર્મ ઓતપ્રોત છે, એમ કેમ કહી શકાય?

ઉત્તર-બીજા પદે શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે, તે ધર્મારાધનથી પ્રાપ્ત થતા મોક્ષલાભના સાક્ષી છે. સિદ્ધ ભગવંત એટલે ધર્મનાં ઉત્કૃષ્ટ આરાધનથી સર્વ કર્મનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરનાર શુદ્ધાત્મા. એટલે તેમનો નમસ્કાર પણ ધર્મનો જ પ્રબોધક છે.

'હજી એક પ્રશ્ન પૂછવો છે.'

'પૂછી શકો છો.'

પ્રશ્ન–એક વખત એમ કહેવામાં આવે છે કે દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારી રાખે અને સ્વર્ગાદિ ઉચ્ચ ગતિમાં સ્થાપે તે ધર્મ અને બીજી વાર એમ કહેવામાં આવે છે કે પંચપરમેષ્ઠિને કરવામાં આવતો નમસ્કાર એ ધર્મ, તો એમાં સાચું શું?

ઉત્તર–બંને વસ્તુ સત્ય છે. પ્રાણીઓને દુર્ગતિમાં પડતા ધારી રાખે અને સ્વર્ગાદિ ઉચ્ચ ગતિમાં સ્થાપે તે ધર્મ એ વ્યાખ્યા લક્ષણથી થઈ અને પંચપરમેષ્ઠિને કરવામાં આવતો નમસ્કાર તે ધર્મ, એ વ્યાખ્યા સ્વરૂપથી થઈ. પંચપરમેષ્ઠિને કરવામાં આવતો નમસ્કાર પ્રાણીઓને દુર્ગતિમાં પડતો અટકાવે છે અને સ્વર્ગાદિ ઉચ્ચ ગતિમાં સ્થાપે છે. શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે–

जे केइ गया मुक्खं, गच्छंति य केऽवि कम्ममलमुक्का।
ते सव्वे च्चिय जाणसु जिणनवकारप्पभावेण ॥

—નવકારફલપ્રકરણ, ગાથા ૧૭

'જે કોઈ મોક્ષે ગયા અને જે કોઈ કર્મમલથી રહિત બનીને મોક્ષે જાય છે, તે સર્વે પણ શ્રી જિનનવકારના જ પ્રભાવે છે, એમ જાણો.'

જે નવકારના પ્રભાવે તેજ ભવમાં કોઈ કારણસર મોક્ષ ન પામે, તે ઉચ્ચ કોટિના દેવની ગતિ અવશ્ય પામે છે. તેનાં અનેક દૃષ્ટાંતો જિનશાસનમાં પ્રસિદ્ધ છે. કાષ્ઠમાં બળતા નાગે નવકારમંત્ર સાંભળ્યો અને તે ધરણેન્દ્ર થયો.

ધર્મના પ્રકારો

હવે પ્રસ્તુત વિષય પર આવીએ. ધર્મ એક પ્રકારનો

હોઈ શકે, બે પ્રકારનો પણ હોઈ શકે, ત્રણ પ્રકારનો પણ હોઈ શકે, ચાર પ્રકારનો પણ હોઈ શકે, પાંચ પ્રકારનો પણ હોઈ શકે અને છ પ્રકારનો પણ હોઈ શકે.

ધર્મનો એક પ્રકાર

આત્મશુદ્ધિ એ ધર્મનો એક પ્રકાર છે. આત્મશુદ્ધિ એટલે વિભાવદશાનું ટળવાપણું. જેમ જેમ વિભાવદશા ટળતી જાય, તેમ તેમ આત્મા શુદ્ધ થતો જાય અને પોતાનાં મૂળ સ્વરૂપમાં આવતો જાય.

वत्थुसहावो धम्मो—એટલે વસ્તુના સ્વભાવને પણ ધર્મ કહેવામાં આવે છે. જેમ મરચાંની તીખાશ, ગોળનું ગળપણ અને લીમડાનું કડવાપણું એ તેનો ધર્મ છે, તેમ આત્માનો સ્વભાવ એ ધર્મ છે. આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે, એ તમે જાણો છો. પૂર્વે તેના પર ઘણું વિવેચન થયેલું છે.

પ્રશ્ન–ધર્મની આ નવી વ્યાખ્યા કરતાં દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારી રાખે અને સ્વર્ગાદિ ઉચ્ચ ગતિમાં સ્થાપે તે ધર્મ, એ વ્યાખ્યા બાધિત તો નહિ થાય?

ઉત્તર–બિલકુલ નહિ. આત્મા શુદ્ધ થતો જાય, એટલે તેની દુર્ગતિ અટકે અને તે અવશ્ય સદ્ગતિનો ભાગી થાય.

ધર્મના બે પ્રકારો

असद्वृत्तिनिवृत्ति અને सद्प्रवृत्ति એ ધર્મના બે પ્રકારો છે. જે મિથ્યા છે, અનિષ્ટ છે, પાપકારી છે, કર્મબંધનને પેદા કરનાર છે તે અસત્. તેમાંથી નિવૃત્ત થવું, છૂટા થવું

અર્થાત્ તેનો ત્યાગ કરવો એ અસદ્‌નિવૃત્તિ છે. અને જે સત્ય છે, હિતકારી છે, શ્રેયસ્કર છે, કર્મ બંધનને કાપનાર છે તે સત્. તેની આરાધના કરવી એ સત્પ્રવૃત્તિ છે, અઢાર પાપસ્થાનકનો ત્યાગ અસદ્‌નિવૃત્તિમાં આવે અને સામાયિક, પ્રભુપૂજા, પ્રતિક્રમણ, પૌષધ, ચારિત્રપાલન, દાનદયાદિનું કરવું એ સત્પ્રવૃત્તિમાં આવે.

નિશ્ચય અને વ્યવહાર એવા ભેદથી પણ ધર્મના બે પ્રકારો સંભવે છે. તેમાં જે નિશ્ચયદૃષ્ટિને અનુસરે તે નિશ્ચય ધર્મ અને વ્યવહારદૃષ્ટિને અનુસરે તે વ્યવહારધર્મ. નિશ્ચયદૃષ્ટિ તત્ત્વલક્ષી હોવાથી તે આત્માના શુદ્ધ સ્વરૂપને ધર્મ માને છે અને વ્યવહારદૃષ્ટિ સાધનલક્ષી હોવાથી તે આત્માનો સાક્ષાત્કાર કરવાના સર્વ ઉપાયોને ધર્મ માને છે. આમાં એક દૃષ્ટિ સાચી અને બીજી ખોટી એમ કહેવાય એવું નથી. બંનેની પોતપોતાની અપેક્ષાઓ સાચી છે. ×

કેટલાક એમ કહે છે કે 'તમે આજ સુધી અનેક પ્રકારની ક્રિયાઓ કરી, છતાં આત્માનું કલ્યાણ થયું નહિ, માટે ક્રિયાકાંડને છોડો અને આત્માને ઓળખવાનો જ પ્રયત્ન કરો.' પણ સાધન વિના આત્માને ઓળખાય શી રીતે ? ગુરુ, વ્યાખ્યાન, પુસ્તક, વગેરે સાધનો છે.

કેટલાક એમ કહે છે કે 'તમે ક્રિયા જ કરો, કારણ

× જુદી જુદી દૃષ્ટિઓ કે અપેક્ષાઓ સમજવા માટે જૈન ધર્મનો નયવાદ ઘણો ઉપયોગી છે. તે અંગે વિપુલ સાહિત્યની રચના થયેલી છે, તેમાં પ્રારંભિક જ્ઞાન મેળવવા માટે ઉ. શ્ર વિનયવિજયજી કૃત નયકર્ણિકાનું અવલોકન કરવું જરૂરી છે.

કે ક્રિયા વગર કોઈની મુક્તિ થઈ નથી.' પણ ક્રિયામાં યે લક્ષ તો આત્મશુદ્ધિનું જ હોવું જોઈએ. જેનું લક્ષ આત્મશુદ્ધિ નથી, એ ક્રિયાઓ કદી પણ મુક્તિની પ્રાપ્તિ કરાવી શકતી નથી.

આમ નિશ્ચય અને વ્યવહાર ઉભયની સરખી જરૂર છે. જેમણે નિશ્ચયને રાખ્યો અને વ્યવહારને ઉથાપ્યો કે વ્યવહારને રાખ્યો અને નિશ્ચયને ઉથાપ્યો, તેમની હાલત કફોડી થયેલી છે.

દ્રવ્ય અને ભાવથી પણ ધર્મના બે પ્રકારો પડે છે. તેમાં દ્રવ્યધર્મ એ વ્યવહારધર્મ છે અને ભાવધર્મ એ નિશ્ચયધર્મ છે.

શાસ્ત્રકાર ભગવંતોએ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એ રીતે પણ ધર્મના બે પ્રકારોનું પ્રતિપાદન કર્યું છે. તેમાં શ્રુતધર્મ એ દ્વાદશાંગી અને તેને લગતાં સાહિત્યના અભ્યાસરૂપ છે અને ચારિત્રધર્મ એ સંયમનું પાલન છે.

ઉપરાંત સર્વવિરતિ અને દેશવિરતિ એવા પણ ધર્મના બે ભેદો પ્રસિદ્ધ છે. તેમાં સર્વવિરતિ એ સાધુનો ધર્મ છે અને દેશવિરતિ એ ગૃહસ્થોનો ધર્મ છે.

ધર્મના ત્રણ પ્રકારો

મનોદંડથી વિરમવું, વચનદંડથી વિરમવું અને કાયદંડથી વિરમવું એ ધર્મના ત્રણ પ્રકારો છે. મનોદંડથી વિરમવું એટલે કોઈને મનથી દંડ દેવો નહિ, કોઈનું અશુભ ચિંતન કરવું નહિ. વચનદંડથી વિરમવું, એટલે કોઈનું

વચન વડે અહિત કરવું નહિ, વચનથી દુઃખ ઉપજાવવું નહિ. અને કાયાદંડથી વિરમવું એટલે કોઈને કાયાની પ્રવૃત્તિથી આઘાત પહોંચાડવો નહિ, પરિતાપ ઉપજાવવો નહિ, કોઈની હિંસા કરવી નહિ. ×

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની આરાધના એમ પણ ધર્મના ત્રણ પ્રકારો છે. શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રારંભમાં આ ત્રણ વસ્તુને જ મોક્ષમાર્ગ કહેલો છે. જેમ કે ' सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः । '

ધર્મના ચાર પ્રકારો

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના એ ધર્મના ચાર પ્રકારો છે. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે–

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एयमग्गमणुपत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥

'જ્ઞાન. દર્શન, ચારિત્ર, અને તપ, આ માર્ગને પ્રાપ્ત થયેલા જીવો સદ્ગતિમાં જાય છે.' અહીં દુર્ગતિમાં જતાં રોકનાર અને સદ્ગતિમાં લઈ જનાર તે ધર્મ, એ લક્ષણ બરાબર લાગુ પડે છે. નવપદજીનાં છઠ્ઠા, સાતમા, આઠમા તથા નવમા પદે ધર્મના આ ચાર પ્રકારોને લેવામાં આવ્યા છે.

દાન, શીલ, તપ અને ભાવ એ પણ ધર્મના ચાર પ્રકારો છે. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે–

× જરથુસ્ત્ર ધર્મમાં પણ મનની પવિત્રતા, વચનની પવિત્રતા અને કાયાની પવિત્રતાને ધર્મ માનવામાં આવ્યો છે.

दानशीलतपोभावभेदैर्धर्मश्चतुर्विधः ।
भवाब्धियानपात्राभः, प्रोक्तोऽर्हद्भिःकृपापरैः ।

'પરમ કૃપાળુ અર્હદ્દેવોએ સંસારસાગરને તરવામાં વહાણ જેવો ધર્મ દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો કહેલો છે.'

વળી એમ પણ કહ્યું છે કે–

दानं च शीलं च तपश्च भावो,
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय,
स मानसे मे रमतामजस्रम् ॥

'પરમ કારુણિક એવા જિનેશ્વર દેવોએ જગતના હિતને માટે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ કહેલો છે, તે મારાં મનમાં નિરંતર રમો.'

દાન કોને કહેવાય? તેના કેટલા પ્રકારો છે? તે દેવાની સાચી રીત શી છે? શીલની ઓળખાણ શી? તેના ભેદો–પ્રભેદો કેટલા? તપનું સ્વરૂપ શું? તપની તાકાત કેટલી? ભાવ કોને કહેવાય? તેની શ્રેષ્ઠતા શા માટે? વગેરે આખતો બરાબર સમજવા યોગ્ય છે, પણ તે અવસરે કહેવાશે.

ધર્મના પાંચ પ્રકારો

અપેક્ષાવિશેષથી આચારને ધર્મ કહેવામાં આવે છે. તે આચાર પાંચ પ્રકારનો છે, તેથી ધર્મને પણ પાંચ પ્રકારનો માનવામાં આવ્યો છે. તે આ પ્રમાણે : જ્ઞાનાચાર,

દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. તેમાં જ્ઞાનાચાર કાલ, વિનય, બહુમાન આદિ આઠ પ્રકારનો છે; દર્શનાચાર નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ વગેરે આઠ પ્રકારનો છે; ચારિત્રાચાર પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી આઠ પ્રકારનો છે. તપાચાર બાહ્ય અને અભ્યંતર તપના ભેદથી બે પ્રકારનો છે; અને તે દરેકના છ–છ ભેદો ગણતાં કુલ બાર પ્રકારનો થાય છે. તથા વીર્યાચાર મન, વચન અને કાયાનાં બળથી ત્રણ પ્રકારનો છે.

ધર્મના છ પ્રકારો

પાંચ ઇન્દ્રિયો અને છઠું મન એ છનો વિજય કરવો એ છ પ્રકારનો ધર્મ છે. જે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મનનો વિજય કરે છે, તેને અધ્યાત્મનો પૂરો પ્રસાદ પ્રાપ્ત થાય છે અને દુર્ગતિનો ભય બિલકુલ રહેતો નથી. તે અંગે જૈન શાસ્ત્રોમાં એક સુંદર પ્રસંગ નોંધાયેલો છે.

શ્રમણ કેશિકુમાર ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં ઉતરી આવ્યા હતા અને શ્રી ગૌતમ ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય હતા. એક વખત આ બંને મહાત્માઓનો મેળાપ થયો. ત્યારે શ્રમણ કેશિકુમારે પૂછ્યું કે ‘ હે ગૌતમ ! તમે હજારો વૈરીઓની વચ્ચે વસી રહ્યા છો અને તે વૈરીઓ તમારી સામે આક્રમણ કરી રહ્યા છે, તેને તમે કેવી રીતે જિતો છો ? ’

શ્રી ગૌતમસ્વામીએ કહ્યું: ‘ હે મહાત્મન્ ! એકને જિતવાથી પાંચને જિતાય છે, પાંચને જિતવાથી દશને

જિતાય છે અને દશને જિતવાથી સર્વને જિતાય છે. આ રીતે હું સર્વ શત્રુઓને જિતું છું.’

પૂછાયેલો પ્રશ્ન માર્મિક હતો, એટલે ઉત્તર પણ માર્મિક જ અપાયો હતો. આ વસ્તુને વિશેષ સ્પષ્ટ કરવા માટે શ્રમણ કેશિકુમારે પૂછ્યું: ‘ હે ગૌતમ ! તમે શત્રુ કોને ગણો છો ?’

ઉત્તરમાં શ્રી ગૌત્તમસ્વામીએ કહ્યું: ‘ હે મુનિવર ! ન જિતાયેલો આત્મા (ન જિતાયેલું ભાવમન) એ એક શત્રુ છે. ન જિતાયેલા કષાયો અને ઇન્દ્રિયો એ બીજા શત્રુઓ છે, તેને જિતીને હું યથાન્યાય એટલે જિનેશ્વરોએ બતાવેલા માર્ગ પ્રમાણે વિચરું છું.’ ×

કહેવાનો ભાવાર્થ એ હતો કે એક મનને જિતવાથી ચાર કષાયોને જિતી શકાય છે, એટલે કુલ પાંચ શત્રુઓને જિતી શકાય છે અને એ પાંચને જિત્યા કે પાંચ ઇન્દ્રિયો પર પૂરો કાબૂ આવી જાય છે. આ રીતે કુલ દશ શત્રુઓ જિતાયા કે બાકીના બધા શત્રુઓને જિતી શકાય છે.

આ વખતે શ્રમણ કેશિકુમારે એક બીજો પણ માર્મિક પ્રશ્ન રજૂ કર્યો: ‘ હે ગૌતમ ! આ મહા સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તેના પર બેઠેલા તમે ઉન્માર્ગે કેમ જતા નથી ? ’

શ્રી ગૌતમે કહ્યું: ‘ હે મહામુનિ ! તે વેગભર દોડી

× एगप्पे अजिए सत्तू, कसाया इन्दियाणि य
ते जिणित्तु जहानायं, विहरामि अहं मुणी ! ॥
શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર.

રહેલા ઘોડાને હું શ્રુત (શાસ્ત્ર) રૂપી લગામથી બરાબર કાબૂમાં રાખું છું, તેથી તે ઉન્માર્ગે જતો નથી.'

શ્રમણ કેશિકુમારે પૂછયું: 'તે ઘોડો કયો?'

શ્રી ગૌતમે કહ્યું: 'સંસારના વિવિધ વિષયોમાં દોડી રહેલું મન જ તો.'

આ પરથી ઇંદ્રિય અને મનને જિતવાનું કામ કેટલું મહત્ત્વનું છે, તે બરાબર સમજી શકાય છે. શ્રી આનંદઘનજી-એ સત્તરમા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાનનું સ્તવન કરતાં 'કુંથુજિન! મનડું કિમ હિ ન બાજે' એ શબ્દો વડે મનની અવસ્થાનું જે વર્ણન કર્યું છે, તે બરાબર સમજવા યોગ્ય છે.

ધર્મના વિશેષ પ્રકારો

આ રીતે ધર્મના વિશેષ પ્રકારો પણ સંભવે છે, પરંતુ તે બધા એક યા બીજી રીતે આ પ્રકારોમાં અંતર્ગત થઈ જાય છે, એટલે તેનો વિશિષ્ટ ઉલ્લેખ અહીં કરતા નથી.

ધર્મના વિવિધ પ્રકારો જોઈને મુંઝાવું નહિ. મહાપુરુષોએ મુમુક્ષુઓને માર્ગદર્શન મળે તે માટે એ પ્રકારો પ્રરૂપેલા છે અને તે કલ્યાણકારી છે.

મહાપુરુષો જીવની યોગ્યતા પ્રમાણે કેટલીક વખત વિચિત્ર સાધનનો પણ ઉપદેશ કરે છે, એ લક્ષમાં રાખવાનું છે. આપણને એમ લાગે કે આવું શું કહ્યું? પણ એ રીતે જીવનું કલ્યાણ થાય છે. બે દૃષ્ટાંતોથી આ વાત સ્પષ્ટ સમજાશે.

કુંભારની ટાલ જોવાનો નિયમ!

એક ધર્મિષ્ઠ શેઠ હતો. તેને એક પુત્ર હતો. તે ઘણો

ઉદ્ધત અને સ્વચ્છંદી હતો. ધર્મ શું કહેવાય? તેની એને ખબર ન હતી. ન જવું દહેરે, ન જવું ઉપાશ્રયે. માતાપિતા બે શબ્દો હિતના કહે, તે પણ સાંભળવા નહિ. આવાઓને ધર્મની ખબર શું પડે?

એક વાર એ ગામમાં કોઈ સાધુ-મહાત્મા પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળવા ઘણા લોકો એકઠા થયા, તેમાં આ શેઠ પણ પોતાના પુત્રને લઈને ગયો. જ્યારે ઉપદેશ સાંભળીને બધા માણસો વિખરાયા, ત્યારે શેઠે સાધુ-મહાત્માને વિનંતિ કરી કે 'કૃપાળુ! મારા પુત્રને કંઈક ધર્મ પમાડો, જેથી તેનું કલ્યાણ થાય. મારી વાત તો એ કંઈ પણ માનતો નથી.'

સાધુ મહાત્માએ તેને ધર્મનો સુંદર ઉપદેશ આપ્યો અને કંઈ પણ નિયમ લેવાનો આગ્રહ કર્યો. ત્યારે એ ઉદ્ધત અને સ્વચ્છંદી પુત્રે મશ્કરીમાં કહ્યું કે 'મારાથી બીજા તો કોઈ નિયમ લેવાય એમ નથી, પણ મારાં ઘરની નજીક એક કુંભાર રહે છે, તેની ટાલ જોઈને પછી આવું, એવો નિયમ લઈ શકીશ.'

સાધુ મહાત્માએ કહ્યું: 'આ તો ઘણું સરસ! તું લીધેલો નિયમ જરૂર પાળજે. જે માણસો નિયમ લઈને તોડે છે, તેની દુર્ગતિ થાય છે.'

કુંભાર વાડામાં એક જ સ્થળે બેસીને વાસણ ઉતારતો હતો અને તેનું માથું પોતાનાં ઘરમાંથી જરા ઊંચા થતાં જ દેખાતું હતું, એટલે તેમાં ખાસ તકલીફ નહિ પડે, એમ

માની વણિકપુત્રે એ નિયમનો સ્વીકાર કર્યો અને સાધુ-મહાત્મા અન્યત્ર વિહાર કરી ગયા.

હવે પેલો વણિકપુત્ર રોજ કુંભારનાં માથા પરની ટાલ જોઈને ભોજન કરે છે. પરંતુ એક વખત તે કામ પરથી ઘરે આવ્યો અને કુંભારની ટાલ જોવા ઊંચો થયો, ત્યારે કુંભાર તેનાં સ્થાને દેખાયો નહિ. તેણે બે ત્રણ વાર ઊંચા થઈને જોયું છતાં કુંભાર દેખાયો નહિ, એટલે તે કુંભારનાં ઘરે ગયો અને કુંભારણને પૂછવા લાગ્યો કે, 'આજે પટેલ કેમ દેખાતા નથી?'

કુંભારણે કહ્યું: 'એ તો વહેલી સવારથી માટીખાણે ગયા છે, તે હજી આવ્યા નથી. હું પણ તેમની રાહ જોઈ રહી છું. હવે તે થોડી વારમાં આવવા જોઈએ.' અહીં વણિકપુત્રને ખૂબ ભૂખ લાગી હતી અને ભોજન કરવાની તાલાવેલી થઈ હતી, એટલે તે થોડી વાર થોભે એમ ન હતો. તે ઉતાવળો ઉતાવળો ગામ બહાર ગયો અને જ્યાં માટીખાણ આવેલી હતી, તે તરફ ચાલ્યો.

અહીં કુંભારે સવારમાં આવીને માટી ખોદવાનું ચાલુ કર્યું કે તેમાંથી સોનામહોર-ભરેલો એક ઘડો મળી આવ્યો હતો. આથી તે ખૂબ ખુશ થઈ ગયો હતો. જેણે હમેશાં કુશકા અને કોદરાનું ભોજન કર્યું હોય, તેને સ્વાદિષ્ટ સુગંધી ખીરનું ભોજન મળે તો અતિશય આનંદ થાય એમાં નવાઈ શું? આ ઘડાને કોઈ જોઈ ન જાય તે માટે એને માટીથી ઢાંકી દીધો હતો અને કદાચ આવો બીજો ઘડો પણ મળી આવે એવા ઈરાદાથી તેણે માટીખાણ ખોદવાનું ચાલુ રાખ્યું

હતું. એમ કરતાં ત પરસેવે રેબઝેબ થઈ ગયો હતો, એટલે માથા પરની પાઘડી પલળી ન જાય, તે માટે તેને ઉતારીને બાજુના એક છેડે મૂકી હતી.

હવે પેલો વણિકપુત્ર માટીખાણથી થોડે છેટે રહ્યો કે તેને માટી ખોદી રહેલા કુંભારની ટાલનાં દર્શન થઈ ગયાં. આથી તે હર્ષના આવેશમાં આવીને બોલી ઉઠ્યો કે 'જોઈ લીધી, જોઈ લીધી.'

આ શબ્દો કુંભારના કાને પડ્યા અને તે ચમકી ઉઠ્યો. તેણે બહાર નજર કરીને જોયું તો વણિકપુત્રને દીઠો. આથી તેનાં મનમાં વહેમ પડ્યો કે જરૂર આ વાણિયાના છોકરાએ મને મળેલી લક્ષ્મી જોઈ લીધી અને તેથી જ તે બોલ્યો કે મેં 'જોઈ લીધી, જોઈ લીધી.' હવે શું કરવું? જો તે જઈને રાજાના કોઈ અધિકારીને ખબર આપી દેશે તો આવેલી લક્ષ્મી ચાલી જશે અને મારે દરબારમાં આંટાફેરા આવા પડશે એ ફેરામાં. એના કરતાં વાણિયાના આ છોકરાને મનાવી લઉં તો શું ખોટું? આથી તેણે ઘાંટો પાડીને કહ્યું: 'શેઠ! તમે જોઈ લીધી તે સારું કર્યું, પણ પાસે આવો. આમાં મારો અને તમારો અર્ધોઅર્ધ ભાગ.'

વાણિયાની જાત એટલે ઘણી ચકોર. તે ઇશારામાં બધી વાત સમજી જાય. આ છોકરો ધર્મની બાબતમાં પછાત હતો, પણ બુદ્ધિનો બારદાન ન હતો. તે વાત તરત સમજી ગયો. એટલે નજીક જઈને કહેવા લાગ્યો કે 'ભોળા! આખું કહેળું ખાવામાં મજા નહિ. તેમાંથી આપણે થોડો ભાગ રાજ્યાધિકારીને પણ આપીશું અને તો જ બાકીની લક્ષ્મી

આપણાં ઘરમાં રહેશે.' કુંભાર કહે. 'તમે કહો એમ.' પછી તેણે વણિકપુત્રની સલાહ મુજબ કર્યું અને બંને જણા માલદાર થઈ ગયા.

હવે વણિકપુત્રને એવો વિચાર આવ્યો કે મેં તો મશ્કરીમાં આ નાનકડો નિયમ લીધો હતો, છતાં તેનું પરિણામ આવું સુંદર આવ્યું, તો સમજણપૂર્વક મોટા નિયમો લેવાથી કેવો ફાયદો થાય? માટે પેલા મહાત્મા ફરી ગામમાં આવે તો તેમની પાસે બીજા મોટા નિયમો લેવા.

થોડા વખત બાદ પેલા મહાત્મા ફરતાં ફરતાં તે ગામમાં આવ્યા, ત્યારે વણિકપુત્રે બનેલી બધી હકીકત કહી સંભળાવી અને મોટા નિયમોની માગણી કરી. એ વખતે મહાત્માએ કહ્યું કે 'સહુથી મોટા અને સુંદર નિયમો તો પાંચ મહાવ્રત જ છે. તેનું નિરતિચાર પાલન કરવાથી મનુષ્ય અનંત સુખની પ્રાપ્તિ કરી શકે છે.' આથી તે વણિકપુત્રે પાંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો અને તેનું નિરતિચાર પાલન કરવા માંડ્યું. આ વ્રતપાલનનાં પરિણામે તે મૃત્યુ બાદ બારમા દેવલોકમાં એક મહર્દ્ધિક દેવ થયો.

નાનો અને વિચિત્ર દેખાતો નિયમ પણ છેવટે શ્રેષ્ઠિપુત્રનું કલ્યાણ કરનારો થયો, એ પરથી નિયમનું મહત્ત્વ સમજી શકાશે.

ચાર વિચિત્ર નિયમો

જ્ઞાનતુંગ નામના એક આચાર્ય પોતાના શિષ્યની સાથે વિહાર કરતા એક પલ્લી આગળ આવી પહોંચ્યા, તે વખતે વરસાદની ઋતુ પહોંચી ગઈ હતી અને ઝરમર ઝરમર મેહ

વરસવો શરૂ થઈ ગયો હતો, એટલે તેમણે ત્યાં જ રોકાવાનો વિચાર કર્યો. વંકચૂલ નામે એક ક્ષત્રિયપુત્ર આ પલ્લીનો નાયક હતો. હાલ તે ચોરી અને લુંટફાટ વડે જ પોતાનો નિર્વાહ કરતો હતો. તેની આગળ આચાર્યે સ્થાનની માગણી કરી, એટલે વંકચૂલે સ્થાન આપ્યું. પરંતુ સાથે એ પણ જણાવ્યું કે તમે જ્યાં સુધી મારી હદમાં રહો, ત્યાં સુધી કોઈને ધર્મોપદેશ આપવો નહિ. પોતાના સાથીઓ ધર્મોપદેશ સાંભળીને ચોરી કરવાનો ધંધો છોડી દે તો પોતાનું શું થાય? એ તેનાં મનમાં ભીતિ હતી. આચાર્યે એ શરત કબૂલ કરી અને ત્યાં ચાતુર્માસ પૂર્ણ કર્યું.

આ આચાર્ય ઘણા જ્ઞાની હતા, વળી ત્યાગી અને તપસ્વી પણ તેવા જ હતા. તેમના થોડા સહવાસથી પણ વંકચૂલને તેમના માટે માન ઉત્પન્ન થયું હતું, એટલે જ્યારે તેમણે વિહાર કર્યો, ત્યારે તેમને વિદાય આપવા માટે પોતાના કુટુંબને લઈને સાથે ચાલ્યો. તેણે આ રીતે કેટલુંક અંતર વટાવ્યું ત્યારે આચાર્યે પૂછ્યું કે 'હે વંકચૂલ! આ હદ કોની?' વંકચૂલે કહ્યું કે 'મારી હદ તો પૂરી થઇ. આ હદ બીજાની છે.'

એ સાંભળી આચાર્યે કહ્યું: 'અત્યાર સુધી અમે તારાં વચનથી બંધાયેલા હતા, એટલે કોઇને ધર્મોપદેશ કર્યો નથી. પણ હવે તારાં પોતાનાં હિતને માટે કહું છું કે તું કંઈક નિયમો ધારણ કર.' વંકચૂલે કહ્યું: 'આપ ખુશીથી મારે યોગ્ય નિયમો આપો.' ત્યારે આચાર્યે તેને ચાર નિયમો આપ્યા: (૧) અજાણ્યું ફળ આવું નહિ

(૨) કોઈ પર શસ્ત્રનો પ્રહાર કરવો હોય તો સાત ડગલાં પાછા હઠવું. (૩) રાજાની રાણી સાથે સંગ કરવો નહિ અને (૪) કાગડાનું માંસ ખાવું નહિ.'

તમને એમ લાગશે કે આચાર્યે આપી આપીને આવા નિયમો શું આપ્યા? આમાં તે શું કરવાનું હતું? વંકચૂલને પોતાને પણ એમ જ લાગ્યું કે 'આ નિયમો ઘણા સરલ છે. અને તેને પાળવામાં ખાસ તકલીફ પડે એવું કંઈ જ નથી.' તેણે એ નિયમોનો સ્વીકાર કર્યો અને આચાર્ય પોતાના રસ્તે ચાલ્યા ગયા.

હવે આ વિચિત્ર લાગતા નિયમો પણ કેવી કસોટી કરે છે અને તેનું શું પરિણામ આવે છે, તે જુઓ. એક વખત વંકચૂલ ઘણા ચોરો સાથે કોઈ ગામ પર ધાડ પાડવા ગયો. ત્યાંથી પાછા ફરતાં અટવીમાં ભૂલો પડ્યો અને તે તથા તેના બધા સાથીઓ ભૂખથી વ્યાકુળ થવા લાગ્યા. તે વખતે ખોરાકની શોધમાં નીકળેલા તેના સાથીઓએ એક વૃક્ષ પર સુંદર ફળો જોયાં, એટલે લાવીને વંકચૂલ આગળ હાજર કર્યાં. વંકચૂલે પૂછ્યું: 'આનું નામ શું?' સાથીઓએ કહ્યું: 'એની ખબર નથી.' વંકચૂલે કહ્યું: 'આ ફળ મારાથી ખવાશે નહિ, કારણ કે મારે અજાણ્યાં ફળો ન ખાવાનો નિયમ છે.' પરંતુ તેના બધા સાથીઓએ એ ફળ ખાધાં અને થોડી વારમાં જ તેઓ મૃત્યુ પામ્યા, કારણ કે એ તો કિંપાક વૃક્ષનાં ફળો હતાં. આ જોઈ વંકચૂલને વિચાર આવ્યો: 'અહો! એક નાનકડા નિયમે મારો જીવ બચાવ્યો! માટે આચાર્યે આપેલા નિયમો બહુ

સારા છે અને મારે તેનું બરાબર પાલન કરવું.' પછી તે કોઈ પણ રીતે અટવીમાંથી બહાર નીકળી ગયો અને પોતાનાં સ્થાને પહોંચ્યો.

હવે એક વખત તે બહારગામ ગયો હતો, ત્યારે કેટલાક નાટકિયા (ભવાઇયાં) તેની પલ્લીમાં આવ્યા. તેમણે ખેલ કરતાં પહેલાં ત્યાંના રાજાને–પલ્લીપતિને આમંત્રણ આપવું જોઇએ, એટલે તેઓ વંકચૂલને બોલાવવા તેનાં મકાનમાં આવ્યા. આ વખતે વંકચૂલની બહેને જોયું કે આ નાટકિયા તો આપણા શત્રુરાજાના ગામમાંથી આવેલા છે. તે વંકચૂલની ગેરહાજરી જાણી જશે અને તેની ખબર પોતાના રાજાને આપી દેશે, તો તે એકાએક ચડાઈ કરીને આ પલ્લીનો નાશ કરી નાખશે. તેથી નાટકિયાઓને વંકચૂલની ગેરહાજરીની ખબર પડવા ન દેવી. તેણે કહ્યું: 'તમે ખેલ શરૂ કરો. વંકચૂલ હમણાં બહાર આવે છે.'

પછી તેણે બરાબર વંકચૂલના જેવો જ પોશાક પહેર્યો અને તે વંકચૂલની પત્ની સાથે બહાર આવીને બેઠી. નાટક મોડી રાત સુધી ચાલ્યું. પછી તે નાટકિયાઓને યથેષ્ટ દાન આપીને ઘરમાં આવી અને પેલો પોશાક કાઢ્યા વિના જ પોતાની ભાભીની સાથે સૂઈ રહી.

ભવિતવ્યતાના યોગે વંકચૂલ તે જ રાત્રે પાછો ફર્યો અને લગભગ પરોઢિયાની વેળાએ પોતાનાં ઘરમાં આવ્યો. ત્યાં પોતાની પત્ની સાથે એક પુરુષને સૂતેલો જોઇ તે એકદમ ગુસ્સામાં આવી ગયો અને તેનો ઘાત કરવા માટે તૈયાર થઇ ગયો. તેણે પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢી, ત્યાં

નિયમ યાદ આવ્યો કે કોઈ પર શસ્ત્રનો પ્રહાર કરવો હોય તો સાત ડગલા પાછા હઠવું. એ નિયમનું પાલન કરવા તે એક, બે, ત્રણ એમ પગલાં ગણતો પાછો હઠ્યો. એ રીતે જ્યાં તેણે સાતમું પગલું ભર્યું, ત્યાં તરવાર ભીંત સાથે અથડાઈ અને તેનો અવાજ થતાં તેની બહેન જાગી ગઈ અને 'બમ્મા મારા વીરને!' એમ કહેતી બાજુએ ઊભી રહી. પછી તેની પત્ની પણ જાગી ગઈ. વંકચૂલને આ બધું શું છે? તેની ખબર પડી નહિ. પણ બહેને બનેલી બધી હકીકત કહી સંભળાવી, એટલે તેનાં મનનું સમાધાન થયું અને બીજો નિયમ પણ ઘણો લાભકારક નીવડ્યો એ વિચારે અતિ આનંદ થયો. જો તેને આ નિયમ ન હોત તો પોતાની બહેન અને પોતાની પત્નીનાં ખૂન પોતાના હાથે જ થાત, એ નિશ્ચિત હતું.

હવે એક વાર વંકચૂલ ચોરી કરવા નિમિત્તે ગુપ્ત રીતે રાજમહેલમાં દાખલ થયો. તે વખતે ઘણી સાવચેતી રાખવા છતાં તેનો હાથ રાણીને અડી ગયો અને તે જાગી ગઈ. આજે કોઇ કારણવશાત્ રાજા બાજુના બંડમાં સૂઇ રહ્યો હતો, એટલે રાણી એકલી હતી. વળી દાસીઓ બાજુની પરસાળમાં સૂઇ રહેલી હતી. આમ એકાંત અને પ્રૌઢ પુરુષનો યોગ જોતાં રાણીને તેની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થઈ. તેણે ધીમેથી કહ્યું: 'ઓ પુરુષ! તું અહીં શા માટે આવ્યો છે? જો તને ધનમાલની ઇચ્છા અહીં ખેંચી લાવી હોય તો ધનમાલ પુષ્કળ આપીશ, પણ તું મારી સાથે ભોગ ભોગવ.'

વંકચૂલે કહ્યું: 'હું નિયમથી બંધાયેલો છું, એટલે મારાથી એ બની શકશે નહિ.' એક રાજરાણી, વળી યૌવનમસ્ત અને વસ્ત્રાલંકારથી વિભૂષિત, તેમાં એકાંતનો યોગ અને સામેથી રાણીની ઇચ્છા. આ બધી વસ્તુઓ સામાન્ય મનુષ્યનું પતન કરવા માટે પૂરતી છે, પણ વંકચૂલ નિયમનું મહત્ત્વ સમજ્યો હતો અને તેને કદાપિ તોડવા નહિ, એવા નિર્ણય પર આવેલો હતો, એટલે તેણે એ માગણીનો ઇનકાર કર્યો. નિયમ, માણસનો કયાં–કેવી રીતે બચાવ કરે છે, એ જુઓ!

પોતાની માગણીનો ઇનકાર થયેલો જોઈ રાણીએ શોર મચાવ્યો અને ત્યાં જોતજોતામાં અનેક રાજસેવકો આવી પહોંચ્યા. તેમણે વંકચૂલને પકડ્યો અને દોરડાથી બાંધી કેદમાં પૂરી દીધો. પછી સવાર થતાં રાજાની સમક્ષ રજૂ કર્યો.

કોટવાળે ફરિયાદ કરી કે 'મહારાજ! આ દુષ્ટે રાજમહેલમાં પ્રવેશ કર્યો છે, તેમાં પણ એ અંતઃપુરમાં દાખલ થયો છે અને રાણીજીની છેડતી કરી છે, માટે તેને સખ્ત શિક્ષા થવાની જરૂર છે.' કોટવાળની બધી હકીકત લક્ષમાં લેતાં તો તેને પ્રાણદંડથી ઓછી શિક્ષા થાય જ નહિ, પરંતુ વંકચૂલ રાજમહેલમાં દાખલ થયો, ત્યારે રાજા જાગી ગયો હતો અને ભીંતનાં આંતરે રહીને શું બને છે, તે જોયા કરતો હતો. આ રીતે તેણે બનેલી બધી ઘટના નજરે નિહાળી હતી.

રાજાએ કહ્યું: 'કોટવાલજી! આ ચોરને બંધનમાંથી મુક્ત કરો. તેણે રાજમહેલ અને અંતઃપુરમાં પ્રવેશ કરવાનો

ભારે ગુનો કર્યો છે, પણ રાણીની છેડતી કરી નથી. એ બાબતમાં તેણે એક મહાપુરુષ જેવો વર્તાવ કર્યો છે અને તે મેં નજરે જોયો છે, તેથી હું તેને આજથી મારો સામંત બનાવું છું.'

વંકચૂલ આ શબ્દો સાંભળતાં જ આભો બની ગયો. જ્યાં મૃત્યુ માથે તોળાઈ રહ્યું હતું, ત્યાં સામંતપદની નવાજેશ થઈ! આ બધો ચમત્કાર તેણે નિયમપાલનનો માન્યો અને તેથી હવે પછી નિયમપાલનમાં વધારે દૃઢ બન્યો.

ધીમે ધીમે વંકચૂલ રાજાનો માનીતો થયો અને રાજાના ચારે હાથ તેના પર રહેવા લાગ્યા. એમ કરતાં એક દિવસ વંકચૂલ બિમાર પડ્યો અને તેની બિમારી વધતી ચાલી. ઘણા ઘણા ઉપાયો કરવા છતાં તે મટી નહિ, આખરે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ વૈદ્ય કે મંત્રવાદી વંકચૂલની બિમારી મટાડશે, તેને હું ભારે ઇનામ આપીશ.' એ વખતે વૃદ્ધ વૈદ્યે આગળ આવી, વંકચૂલની તબિયત તપાસીને જણાવ્યું કે 'જો આને કાગડાનું માંસ ખવડાવવામાં આવે તો એ સારો થઇ જશે.'

વંકચૂલે કહ્યું: 'જીવ કાલે જતો હોય તો ભલે આજે જાય, પણ મારાથી કાગડાનું માંસ ખાઇ શકાશે નહિ.'

રાજાએ તેના નિયમની આવી દૃઢતા જોઇ ઘણી પ્રશંસા કરી અને તેને શાંતિ પમાડવા માટે જિનદાસ નામના એક શ્રાવકને તેની સારવારમાં રોકચો. જિનદાસે વંકચૂલને કહ્યું: 'હે ભાઇ! આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. સગાંસંબંધીઓ, મિત્રો, દોસ્તારો, માલમિલકત

એ બધી મોહની જાળ છે, માટે એમાં જીવ રાખીશ નહિ. સાચું શરણ પંચપરમેષ્ઠિનું છે. તેને ભાવથી નમસ્કાર કરતાં જીવની સદ્ગતિ થાય છે, માટે હું તને પંચપરમેષ્ઠિનો નમસ્કાર સંભળાવું તે શાંતિથી સાંભળ.' પછી જિનદાસ પંચપરમેષ્ઠિનું એક અક પદ બોલતો ગયો અને વંકચૂલ નમસ્કાર કરતો ગયો. એ રીતે આખરસમયે નમસ્કાર પામતાં તે મૃત્યુ બાદ બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો. લીધેલા નિયમોનું દૃઢતાથી પાલન કરતાં કેટલો લાભ થાય છે, એ જુઓ.

કહેવાની મતલબ એ છે કે ધર્મ પમાડવા નિમિત્તે મહાપુરુષો જે કંઈ નિયમો આપે છે, ક્રિયાઓ બતાવે છે કે અનુષ્ઠાનો ફરમાવે છે, તે બધા જ ધર્મના પ્રકારો છે, એટલે તેની સંખ્યાનું માપ કાઢવું મુશ્કેલ છે. પરંતુ આ બધા પ્રકારોમાં મુખ્ય લક્ષ આત્માનું ભલું કરવા તરફ રાખવું જોઈએ.

જે આત્માને ઊંચો લાવે, તેનો ઉદ્ધાર કરે, એ ધર્મ.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ચાલીસમું

પાપત્યાગ

મહાનુભાવો !

અત્યાર સુધીનાં વિવેચન પરથી તમે સમજી શક્યા હશો કે આત્માના ગુણોનો પ્રકાશ કરવો, એજ ધર્મ છે અને એજ મોક્ષમાર્ગ છે. આત્માના ગુણો એટલે સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. આ સિવાય આત્મામાં બીજા ગુણો પણ છે, પરંતુ મુખ્યતાએ આ ત્રણ સમજવાના છે.

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર, એ આત્માના ગુણો નથી, પણ કર્મજન્યભાવો છે. આ કર્મજન્ય-ભાવો સંસારને વધારનારા છે, જન્મ-મરણ કરાવનારા છે અને આત્માને ચોરાશી લાખ યોનિમાં વારંવાર પરિભ્રમણ કરાવનારા છે.

મિથ્યાદર્શન એટલે મિથ્યાત્વ, વિપરીત તત્ત્વશ્રદ્ધાન, ખોટી માન્યતા. પૂર્વ વ્યાખ્યાનોમાં તેના વિષે ઘણું વિવેચન થઈ ગયું છે, એટલે અહીં તેનો વિસ્તાર નહિ કરીએ.

મિથ્યાજ્ઞાન એટલે મિથ્યાત્વયુક્ત જ્ઞાન, અજ્ઞાન. મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન છે. તેના વિષે પણ પૂર્વ વ્યાખ્યાનોમાં ઠીક ઠીક વિવેચન થઇ ગયેલું છે.

મિથ્યાચારિત્ર એટલે પાપાચરણ, પાપકર્મોનું સેવન, પાપસ્થાનકોનું સેવન. જ્યાં સુધી પાપસ્થાનકોનું સેવન છૂટે નહિ, ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર પ્રકટે નહિ, અને જ્યાં સુધી સમ્યક્ ચારિત્ર પ્રકટે નહિ, ત્યાં સુધી આત્મા નિર્વાણ પામે નહિ. જિનાગમોમાં કહ્યું છે કે–

नादंसणिस्स नाणं, नाणेण विना न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥

'જેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થતું નથી; જેને સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યક્ ચારિત્રના ગુણો પ્રકટતા નથી; જેને સમ્યક્ ચારિત્રના ગુણો પ્રકટ થતા નથી, તે કર્મબંધનમાંથી મુક્ત થતો નથી; અને જે કર્મબંધનમાંથી મુક્ત થતો નથી, તે નિર્વાણ પામતો નથી.'

આજે આ પાપસ્થાનકોના ત્યાગ પર, પાપત્યાગ પર કેટલુંક વિવેચન કરવાનું છે.

પાપની વ્યાખ્યા

પાપ કોને કહેવાય ? પાપની વ્યાખ્યા શી ? આવો પ્રશ્ન મુમુક્ષુઓ તરફથી પૂછાય છે. તેનો ઉત્તર શ્રીરત્નશેખર-સૂરિ મહારાજે શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ઉપરની અર્થદીપિકા ટીકામાં આ પ્રમાણે આપ્યો છે : '**पायति-शोषयति–पुण्यं पांशयति वा गुण्डयति वा जीववस्त्रमिति पापम् ।** – જે પુણ્યનું શોષણ કરે અથવા જીવરૂપી વસ્ત્રને રજવાળું કરે, મલિન કરે તે પાપ.'

અઢાર પાપસ્થાનક

પાપ કરવાનાં જે કર્મો છે, સ્થાનો છે, તે પાપસ્થાનક. આવાં પાપસ્થાનકો અઢાર છે : (૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) રતિઅરતિ, (૧૬) પરપરિવાદ, (૧૭) માયામૃષાવાદ અને (૧૮) મિથ્યાત્વશલ્ય.

પ્રશ્ન–પ્રતિક્રમણસૂત્રમાં સાત લાખ પછી અઢાર પાપસ્થાનકનો પાઠ આવે છે, તે ગુજરાતી ભાષામાં છે, એટલે અઢાર પાપસ્થાનકની ગણના આપણાં પ્રાચીન સૂત્રોમાં હતી કે કેમ ?

ઉત્તર–પંચપ્રતિક્રમણમાં સંથારાપોરિસીનો પાઠ આવે છે, તેમાં નીચેની ગાથાઓ છે :

पाणाइवायमलिअं, चोरिक्कं मेहुणं दविण-मुच्छं ।
कोहं माणं मायं, लोहं पिज्जं तहा दोस ॥
कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ-अरइ-समाउत्तं ।
परपरिवायं माया-मोसं मिच्छत्त-सल्लं च ॥
वोसिरिसु इमाइं मुक्ख-मग्ग-संसग्ग-विग्घभूआइं ।
दुग्गइ-निबंधणाइं, अट्ठारस पाव-ठाणाइं ॥

પ્રવચન સારોદ્ધારના ૨૩૭મા દ્વારમાં પણ અઢાર પાપ-સ્થાનકોની ગાથાઓ આવે છે અને સ્થાનાંગસૂત્રમાં પણ તેનાં નામો જણાવેલાં છે. વળી પંચમાંગ શ્રી ભગવતી

સૂત્રમાં પણ તેને લગતા પ્રશ્નો આવે છે, જે આપણે આગળ પર જોઈશું. આ રીતે અઢાર પાપસ્થાનકની પ્રરૂપણા ઘણી પ્રાચીન છે, અનાદિની છે. હવે આ અઢારે પાપસ્થાનકોનો અર્થ ટુંકમાં સમજી લઈએ.

પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત કરવો, પ્રાણનો નાશ કરવો. કોઈ પણ પ્રાણીના પ્રાણનો નાશ કરવામાં આવે, તેને પ્રાણાતિપાત કહેવાય. મારણા, ઘાતના, વિરાધના, આરંભ–સમારંભ, હિંસા એ તેના પર્યાયશબ્દો છે. શાસ્ત્રમાં તેના માટે બીજા પણ ઘણા શબ્દો આપેલા છે.

મૃષાવાદ એટલે મૃષા બોલવું. મૃષા એટલે અપ્રિય, અપથ્ય અને અતથ્ય. જે વચન પ્રિય ન હોય, કર્કશ હોય, તે અપ્રિય કહેવાય. જે વચન પથ્ય એટલે હિતકારી ન હોય તે અપથ્ય કહેવાય. જે વચનમાં તથ્ય એટલે વાસ્તવિકતા ન હોય તે અતથ્ય કહેવાય. વ્યવહારમાં આપણે મૃષાવાદને જૂઠું બોલવું કહીએ છીએ. અલીકવચન એ તેનો પર્યાય-શબ્દ છે.

અદત્તાદાન એટલે અદત્તનું આદાન. જે વસ્તુ તેના માલિકે રાજીખુશીથી ન આપી હોય તે અદત્ત કહેવાય. તેનું આદાન કરવું, એટલે તેને ગ્રહણ કરવી, તે અદત્તાદાન. વ્યવહારમાં તેને માટે ચોરી શબ્દ પ્રસિદ્ધ છે.

મૈથુન એટલે કામક્રીડા, અબ્રહ્મસેવન. મૈથુન શબ્દ મિથુન પરથી બનેલો છે. મિથુનનો જે ભાવ તે મૈથુન. મિથુન એટલે સ્ત્રીપુરુષનું જોડલું.

પરિગ્રહ એટલે માલીકીભાવથી વસ્તુનો સ્વીકાર. તેના ધનધાન્યાદિ નવ ભેદો પ્રસિદ્ધ છે.

ક્રોધ એટલે ગુસ્સો, કોપ કે રોષ,

માન એટલે અભિમાન, અહંકાર, મદ કે ગર્વ.

માયા એટલે કપટ, છળ, દગો કે લુચ્ચાઇ.

લોભ એટલે તૃષ્ણા, વધારે મેળવવાની વૃત્તિ.

રાગ એટલે આસક્તિ.

દ્વેષ એટલે અણગમો કે તિરસ્કાર.

કલહ એટલે કજિયો, કંકાસ.

અભ્યાખ્યાન એટલે અછતા દોષોનું આરોપણ.

પૈશુન્ય એટલે ચાડી–ચુગલી, પીઠ પાછળ દોષનું પ્રકાશન.

રતિ–અરતિ એટલે હર્ષ અને ઉદ્વેગ.

પરપરિવાદ એટલે બીજાનું વાંકુ બોલવું, નિંદા કરવી.

માયામૃષાવાદ એટલે માયા સાથેનો મૃષાવાદ. તેને વ્યવહારમાં છેતરપીંડી કે પ્રતારણા કહેવામાં આવે છે.

મિથ્યાત્વશલ્ય એટલે મિથ્યાત્વરૂપી પાપ.

પાપસ્થાનકોની આ સંખ્યામાં અપેક્ષાવિશેષથી વધારો કે ઘટાડો થઈ શકે છે, પણ શાસ્ત્રમાં તથા વ્યવહારમાં આ અઢાર પાપસ્થાનકોની જ પ્રસિદ્ધિ છે.

બધા ધર્મો પાપનો નિષેધ કરે છે.

જગતનો કોઇ પણ ધર્મ પાપ કરવાનું કહેતો નથી, કહે તે ધર્મ નથી. ધર્મનું પહેલું કામ પાપનો નિષેધ

કરવાનું છે. જૈન શાસ્ત્રોમાં જણાવ્યું છે કે 'पावकम्मणो अण्णेसिं ते परिण्णाय मेहावी–બુદ્ધિમાન પુરુષે પાપકર્મનું સ્વરૂપ બરાબર જાણીને તેને આચરવું નહિ.' વળી એમ પણ કહ્યું છે કે 'पापकम्मं नेव कुज्जा, न कारवेज्जा–પાપ–કર્મ સ્વયં કરવું નહિ અને બીજાની પાસે કરાવવું પણ નહિ.' સંથારાપોરિસીની જે ગાથાઓ ઉપર આપવામાં આવી છે, તેમાં પાપસ્થાનકોને दुग्गइ–निबंधणाइं એટલે દુર્ગતિનાં કારણ કહ્યાં છે.

બૌદ્ધ ધર્મમાં પણ 'सव्वपावस्स अकरणं, कुसलस्स उपसम्पदा' વગેરે વચનો વડે પાપકર્મોનો નિષેધ કરવામાં આવ્યો છે અને વૈદિક ધર્મમાં પણ ''प्रशस्तानि सदा कुर्यात्, अप्रशस्तानि वजयेत्–આદિ શબ્દો વડે પાપનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે.

ખ્રિસ્તી, ઇસ્લામ, જરથુષ્ટ્ર, યહુદી વગેરે ધર્મોમાં પણ પાપ ન કરવા વિષે સ્પષ્ટ આજ્ઞાઓ છે. એટલે માણસે પાપ ન કરવું જોઈએ, એ બાબતમાં જગતના બધા ધર્મો એકમત છે.

પાપક્રિયા કોને કહેવી? એ બાબતમાં જુદા જુદા મતો પ્રવર્તે છે. આમ છતાં હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને વધારે પડતી સંગ્રહવૃત્તિને તો જગતના બધા જ માન્ય ધર્મોએ પાપની કોટિમાં મૂકેલ છે, એ પરથી તેની અનિષ્ટતા કે ભયંકરતા સમજી શકાશે.

પ્રત્યાખ્યાન એટલે પાપનો ત્યાગ

જૈન શાસ્ત્રોમાં વ્રત, નિયમ કે પ્રત્યાખ્યાનની ઘણી જ

પ્રશંસા કરવામાં આવી છે. આ વ્રત, નિયમ કે પ્રત્યાખ્યાન શું છે? પાપનું વિરમણ–પાપનો ત્યાગ કે બીજું કંઈ? તમે પ્રાણાતિપાત–વિરમણ–વ્રત નામનું વ્રત લીધું, તો પ્રાણાતિપાત નામના પાપનો ત્યાગ કર્યો.

પ્રશ્ન—નવકારશીનું પ્રત્યાખ્યાન કરતાં કયા પાપનો ત્યાગ થાય?

ઉત્તર—નવકારશીનું પ્રત્યાખ્યાન કરતાં અવિરતિનો ત્યાગ થાય. અવિરતિ એ પણ પાપ જ છે.

તમે પ્રત્યાખ્યાન એટલે પ્રતિજ્ઞા કે બાધા એટલું સમજીને ચાલો છો, પણ તેનો વાસ્તવિક અર્થ કદી વિચાર્યો છે ખરો? શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આવશ્યક સૂત્રની ટીકામાં તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે: 'प्रत्याख्यायते निषिध्यतेऽनेन मनो-वाक् कायजालेन किञ्चिदनिष्टमिति–જેનાથી મન, વચન અને કાયાના સમૂહવડે કંઈ પણ અનિષ્ટનો નિષેધ થાય તે પ્રત્યાખ્યાન.' આ પ્રત્યાખ્યાનને જ પ્રાકૃત ભાષામાં પચ્ચકખાણ કહેવામાં આવે છે.

જ્ઞાનનું ફલ વિરતિ

વ્યાખ્યાનશ્રવણનું ફળ શું? જ્ઞાન. જ્ઞાનનું ફળ શું? વિજ્ઞાન. વિજ્ઞાનનું ફળ શું? પ્રત્યાખ્યાન. આ વસ્તુ બરાબર સમજ્યા? સદ્‌ગુરુનાં મુખેથી વીતરાગની વાણી સાંભળો, એટલે તમને જ્ઞાન થાય. સત્સંગ–સ્વાધ્યાય વગેરે વડે એ જ્ઞાનની વૃદ્ધિ કરતા રહો, એટલે વિશેષ જ્ઞાન થાય, વિજ્ઞાન થાય, અને એ વિશેષજ્ઞાન થાય એટલે પાપકર્મનો ત્યાગ

કરવાની વૃત્તિ થાય, અર્થાત્ વિરતિના પરિણામ જાગે. 'ज्ञानस्य फलं विरतिः' એ ઉક્તિ તમે સાંભળી હશે. આ ઉપાશ્રયમાં જ કોઈ ઠેકાણે આવા અક્ષરવાળું બોર્ડ લટકાવેલું છે. તેનો અર્થ પણ એજ કે 'જાણવાનો સાર વિરતિ એટલે ત્યાગ છે, વ્રત–નિયમની ધારણા છે.' અમે ઉપદેશ આપીએ અને તમે કંઈ પણ વ્રત–નિયમ કે પચ્ચકખાણ ન કરો તો એ વ્યાખ્યાનશ્રવણનું–જ્ઞાનનું ફળ મળ્યું ન કહેવાય. વ્યાખ્યાનનો અમુક ભાગ વંચાયા પછી 'પચ્ચકખાણ' નો સાદ પડે છે, ત્યારે તમે યથાશક્તિ પચ્ચકખાણ લો છો, તે આપણી પ્રાચીન જૈન પરંપરા છે.

પાપ–પુણ્ય સરભર થાય છે ખરાં?

કેટલાક કહે છે કે 'પહેલી વાત પાપત્યાગની કેમ કરો છો? પુણ્યવૃદ્ધિની કરો ને? માણસે ગમે તેવાં પાપ કરીને પૈસો ભેગો કર્યો હોય પણ તે દીન–દુઃખિયાને દાન આપે, સાધુસંતોની સેવામાં લગાવે તથા તેનાની બીજાં પરોપકારનાં કાર્યો કરે તો એ પાપ ભૂંસાઈ જાય છે કે નહિ?' પણ આ કથન સમજ્યા વિનાનું છે. પ્રથમ તો ધર્મશાસ્ત્રો પાપથી પૈસો પેદા કરીને દાન–પુણ્ય કરવાનું કહેતાં જ નથી. એ તો કહે છે કે ધન કમાવવામાં કોઈ પણ જાતનો અન્યાય ન થાય, અનીતિ ન થાય, અધર્મ ન થાય, તેનું બરાબર ધ્યાન રાખો. એ રીતે કમાયેલો પૈસો થોડો હશે તો પણ સુખી થશો અને તેનાથી દાન–પુણ્ય કરશો તો તેનું ફળ અનેકગણું મળશે. અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે પાપ–પુણ્ય

કંઈ સરભર થતાં નથી. તમારે કરેલાં પાપનું ફળ પણ ભોગવવું પડે છે અને કરેલાં પુણ્યનું ફળ પણ ભોગવવું પડે છે. એટલે જે માણસે અનેક પાપસ્થાનકો સેવીને પૈસો ભેગો કર્યો હોય, તેનું ફળ તેને ભોગવવું પડે છે અને તેનું દાન કરતાં જે કંઈ પુણ્ય હાંસલ થાય તેનું ફળ પણ તેને ભોગવવાનું હોય છે. એટલે પાપનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

'એક બહારવટીઓ શ્રીમંતોને લૂંટીને ગરીબોને તેનું દાન કરી દે છે, તો એ ધર્મ કરે છે કે પાપ?' બરાબર વિચારીને જવાબ આપજો. જો આ વસ્તુને તમે ધર્મ કહેશો તો દારૂના વ્યાપારને પણ ધર્મ કહેવો પડશે, કારણ કે એમાં દારૂ બનાવવો એ પાપ છે, પણ અનેક આત્માઓને તેનું પાન કરાવી તેમની તલપ બુઝવવામાં આવે છે. પછી તો વેશ્યાગીરીને પણ તમારે ધર્મમાં લઈ જવી પડશે. એટલે ધર્મ કરવા નિમિત્તે પાપ કરવાની છૂટ નથી. પાપ એ પાપ છે અને તેથી તેનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

પાપ ત્યાગનો ઉપદેશ પ્રથમ કેમ?

પાપત્યાગનો ઉપદેશ પ્રથમ કેમ? એનો પણ ઉત્તર આપીશું. એક કપડાંને સારો સુંદર રંગ ચઢાવવો હોય તો પ્રથમ તેને ધોઈને સાફ કરવું પડે છે. તે સિવાય તેના પર સુંદર રંગ ચડી શકતો નથી. મેલાંઘેલાં કે કાળા ડાઘ પડેલાં કપડાં પર આછો પીળો કે આછો ગુલાબી રંગ ચઢાવવો હોય તો ચડશે ખરો? તેમ સ્થિતિ આત્માની છે.

આત્મા અનાદિ કાલથી કર્મના સંસર્ગને લીધે પાપ કરતો આવ્યો છે અને તેને પાપ કરવાની ટેવ પડી ગઈ છે. તેથી તે પાપ કર્યા જ કરે છે. જો તેની આ પાપ કરવાની ટેવ છૂટે નહિ, તો સત્પ્રવૃત્તિ-સત્ક્રિયાઓ શી રીતે કરી શકે?

આદત છોડાવવાનું કામ સહેલું નથી. કોઈ માણસને અફીણનું બંધાણ-વ્યસન લાગુ પડી ગયું હોય અને તે છોડાવવું હોય તો કેટકેટલા ઉપાયો કરવા પડે છે, તે જાણો છો ને? કોઈ છોકરા-છોકરીને વસ્તુ ચોરવાની ટેવ પડી ગઈ હોય તો એ પણ કેમે કરી જતી નથી.

લાલીનાં લક્ષણ જાય નહિ

લાલી નામની એક છોકરી હતી. તેને વસ્તુ ચોરવાની ટેવ પડી. તે ગમે ત્યાં જાય, ત્યાંથી કંઈ પણ વસ્તુ ચોરી લે, ત્યારે જ તેને સંતોષ થાય. માબાપે ઘણી શિખામણ આપી અને કેટલાક ઉપાય પણ અજમાવ્યા, પરંતુ તેની એ ટેવ ગઈ નહિ. હવે એક વાર આખા કુટુંબને કોઈ વિવાહપ્રસંગે જવાનું થયું. ત્યારે માતાપિતાએ કહ્યું કે 'બધાને લઈ જઈશું, પણ આ લાલીને લઈ જઈશું નહિ, કારણ કે તે કોઈ પણ વસ્તુ ચોર્યા વિના રહે નહિ અને એ રીતે વસ્તુ ચોરે એટલે આપણી બદનામી થાય.' લાલીએ કહ્યું: 'મને વિવાહમાં લઈ જાઓ. હું કોઈ પણ વસ્તુ ચોરીશ નહિ.' માતાપિતાએ કહ્યું: 'પણ તારો ભરોંસો પડતો નથી,' લાલીએ કહ્યું: 'ગમે તેમ થશે પણ હું વસ્તુ ચોરીશ નહિ. માટે મને જરૂર લઈ જાઓ.'

ઘરના બધા માણસો વિવાહમાં ગયા અને લાલીને પણ સાથે લેતા ગયા. લાલી પોતાનું લક્ષણ ન બતાવે તે માટે તેઓ પૂરતી કાળજી રાખવા લાગ્યા. એમ કરતાં વિવાહ પૂરો થયો, એટલે બધાં ગાડામાં બેસી પોતાનાં ગામે આવવા નીકળ્યાં. માતપિતાને સંતોષ હતો કે આ વખતે લાલી અંગે કોઈ જાતનો ઠપકો સાંભળવો પડ્યો નહિ.

હવે રસ્તો ઊંચોનીચો આવ્યો અને ગાડું ઊંચીનીચી પછડાટ ખાતું ચાલવા લાગ્યું, ત્યારે લાલીનાં કપડાં ભીનાં થયાં અને આજુબાજુ બેઠેલાઓનાં કપડાં પર પણ ડાઘ પડ્યાં. આમ શાથી બન્યું ? તેની તપાસ કરી તો લાલીએ ત્યાંથી નીકળતી વખતે ઓઠવાડાનાં તપેલામાંથી માટીનો એક લોટકો ભરી લીધો હતો અને તેને પોતાનાં કપડાંમાં છૂપાવીને તે ગાડામાં બેસી ગઈ હતી. ગાડું ખૂબ ઊંચું–નીચું ચાલ્યું, એટલે લોટકો છલકાયો અને તેનાં તથા આજુવાળાનાં કપડાં બગડ્યાં. આ જોઈ માતાપિતાએ કહ્યું: 'હાલ જાય, હવાલ જાય, પણ લાલીનાં લક્ષણ ન જાય. છેવટે તેણે પોતાનો ભાવ ભજવ્યો ખરો.'

આપણો આત્મા પણ આ લાલી જેવો જ છે. તે અનેક વાર નિર્ણય કરે છે કે 'હવે મારે પાપ કરવું નહિ,' પણ તે પાછો પાપ કરવા લાગી જાય છે અને કર્મથી ભારે થાય છે.

આત્મા ભારે ક્યારે બને, હલકો ક્યારે બને ?

ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર કૌશાંબી

નગરીમાં પધારે છે, ત્યારે ઉદાયી રાજા, તેની ફોઈ જયંતી શ્રાવિકા અને તેની માતા મૃગાવતી એ ત્રણ ભગવાનનાં દર્શને આવે છે.

જયંતી શ્રાવિકા સમકિતધારી હતી, તત્ત્વની જાણકાર હતી તથા શય્યાંતરી તરીકે ઘણી પ્રસિદ્ધ હતી, કારણ કે સાધુ મુનિરાજો મોટા ભાગે તેણે આપેલી વસ્તીમાં ઉતરતા. તેની વસ્તી–તેનું સ્થાન વિશાળ હતું અને તેમાં સાધુઓને ઉતરવાની તથા સ્વાધ્યાન–ધ્યાન વગેરે કરવાની સારી સગવડ હતી અને તે પોતે સાધુ મુનિરાજોની ભક્તિ ઉત્તમ પ્રકારે કરતી. ભગવાનની ત્રણ લાખ ને અઢાર હજાર શ્રાવિકાઓમાં તેનું નામ આંગળીના વેઢે ચડે છે, ત્યારે એ કેટલી યોગ્ય હશે, તેનો વિચાર કરો.

અહીં ત્રણ લાખ ને અઢાર હજાર શ્રાવિકાઓ કહી તે વ્રતધારી સમજવી. સામાન્ય શ્રાવિકાઓની આમાં ગણતરી નથી. કેટલાક એમ માને છે કે પ્રભુ મહાવીરના અનુયાયીઓની સંખ્યા બહુ મોટી ન હતી, પરંતુ તેમણે શાસ્ત્ર તથા ઇતિહાસનો ઊંડો અભ્યાસ કરવો જોઈએ. શાસ્ત્રમાં પ્રભુના પરિવારની નોંધ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે: 'શ્રી વીર પ્રભુને ચૌદ હજાર મુનિઓ, છત્રીશ હજાર સાધ્વીઓ, ત્રણસો ચૌદ પૂર્વધારી શ્રમણો, તેરસો અવધિજ્ઞાની, સોળસો વૈક્રિય લબ્ધિવાળા, તેટલા જ કેવળી અને તેટલા જ અનુત્તર વિમાને જનારા, પાંચસો મનઃપર્યવજ્ઞાની, ચૌદસો વાદી, એક લાખ ને ઓગણ સાઠ હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને અઢાર હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર થયો.' સામાન્ય

શ્રાવક–શ્રાવિકાઓની આમાં ગણતરી નથી. જ્યારે વ્રતધારી શ્રાવક–શ્રાવિકાઓ આટલી મોટી સંખ્યામાં છે, ત્યારે સામાન્ય શ્રાવક–શ્રાવિકાઓ કેટલી મોટી સંખ્યામાં હશે? તે સહેજે સમજી શકાય એવું છે.

વિધિપૂર્વક વંદન કર્યા પછી જયંતી શ્રાવિકા પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્! આત્મા ભારે કયારે બને અને હલકો કયારે બને?'

ભગવાને કહ્યું: 'હે શ્રાવિકા! અઢાર પાપસ્થાનકથી આત્મા ભારે બને અને તેના ત્યાગથી હલકો બને.' કેવો સુંદર અને સચોટ જવાબ!

શરીર રોગથી પણ ભારે બને છે અને વજનથી પણ ભારે બને છે, તેમ આત્મા કર્મથી ભારે બને છે. પરંતુ આ ભાર–બોજો બીજા સ્થૂલ બોજાઓની જેમ જણાતો નથી અને તે જ સહુથી મોટી ખરાબી છે.

જો આત્માને કર્મનો બોજો ન હોત તો તે પૂરણ જ્ઞાની હોત અને બધાં દુઃખોને પાર કરી ગયો હોત, પણ તેને કર્મનો બોજો છે, એટલે વિવિધ દુઃખોનો અનુભવ થાય છે. પરંતુ આપણે દુઃખને દુઃખ સમજતા નથી, એ મોટું આશ્ચર્ય છે! ગુરુ મહારાજનો ઉપદેશ તમને આ ભારનું ભાન કરાવવા માટે અને દુઃખોને દુઃખ તરીકે ઓળખાવવા માટે જ છે.

કર્મની ભારે પરાધીનતા

આત્માને કર્મની પરાધીનતા ઘણી ભારે છે. એક

માણસ જે નોકરી કરે છે, તે તેના શેઠને પરાધીન છે, પણ તેનો શેઠ જે કોઈની નોકરી કરતો નથી, તે પણ પરાધીન છે. આ પરાધીનતા કર્મની છે. શેઠને દુકાને આવવું પડે છે, ચોપડા જોવા પડે છે, ગુમાસ્તા–વાણોતરની ખબર રાખવી પડે છે, દેશાવરથી કોઈ આડતિયા આવ્યા હોય તો તેની ખબર પૂછવી પડે છે અને બૈરાં–છોકરાં તથા તીજોરીની સંભાળ રાખવી પડે છે. વળી તેને બરાબર સમયસર જ ભોજન કરી લેવું પડે છે. અહીં તો શેઠિયાઓ ભોજનખંડની વચ્ચે જ ઘડિયાળ રાખે છે અને તેના સામું જોઈને જ ભોજન કરે છે. જો દશ મીનીટ મોડું થઈ ગયું તો રસોઈયા, નોકર તથા ઘરવાળાની ધૂળ નીકળી જાય છે.' પરંતુ કર્મની આગળ તેમનું કંઈ ચાલતું નથી. ત્યાં તો નીચી મુંડીએ બધું સહન કરી લેવું પડે છે.

કર્મનો બોજો ખરેખર ઘણો ભયંકર છે. જે એને બોજારૂપ સમજે તે ઓછો કરવાની–હલકો કરવાની કોશીશ કરે. બોજો ઘટે તે કમાઈ અને વધે તે ખોટ.

મહાનુભાવો! કર્મના આ બોજાને લીધે આત્મા જન્મ–જન્મમાં મરે છે અને સમય–સમયમાં મરે છે. આપણે વિચારવાનું એ છે કે 'આ બોજો ઓછો કેમ કરી શકીએ?'

દરેક મુમુક્ષુએ પ્રતિપળ એ વિચાર કરવો જોઈએ કે આ પાપસ્થાનકમાંથી હું કેટલા સેવું છું અને કેટલા છોડ્યા?

પચ્ચકખાણની કોટિ

સાધુનાં પચ્ચકખાણ નવ કોટિનાં છે. મન, વચન,

કાયાથી પાપકર્મ કરવું નહિ તથા કરાવવું નહિ. શ્રાવકને અનુમોદનાની છૂટ છે, પણ એનો અર્થ એ નહિ કે તેણે એ છૂટનો ગમે તેમ ઉપયોગ કરવો. એક માણસે પચીશ શાક ખાવાની છૂટ રાખી હોય, તેનો અર્થ એ નથી કે તેણે રોજ પચીશ શાક ખાવા. એ તો વધારેમાં વધારે કેટલા શાક ખાવા ? તેની મર્યાદા છે.

એક માણસે એવો નિયમ કર્યો કે 'મારે ચાતુર્માસમાં બિમાર સાધુની દવા કરવી, એટલે તે રોજ આવીને સાધુને પૂછે કે 'સાહેબ ! આપને કંઈ દવા જોઇએ છે ? પરંતુ એ ચાતુર્માસમાં કોઈ પણ સાધુ બિમાર ન પડ્યા, એટલે તેનાથી કોઇની દવા થઈ શકી નહિ. આથી તે પસ્તાવો કરવા લાગ્યો કે 'હાય ! હાય ! કોઇ સાધુ બિમાર પડ્યા નહિ અને મારો નિયમ પળાયો નહિ !' આનું નામ અજ્ઞાન. નિયમ સારો પણ ભાવના સમજ વિનાની.

આપણે ત્યાં જયણા એટલે યતના શબ્દ પ્રચારમાં છે. તેનો અર્થ એ છે કે છૂટ ગમે તેટલી હોય તો પણ તેનો ઉપયોગ બહુ સંભાળીને, ખાસ જરૂર જેટલો જ કરવો.

પ્રશ્ન–સામાયિકમાં બે ઘડી પણ નવ કોટિનાં પચ્ચકખાણ કેમ નહિ ?

ઉત્તર–કારણ કે તે પળાય નહિ. છોકરો પરદેશથી ધન લઇને આવે તો ખુશી થાય; એટલે અનુમોદના થઈ.

પ્રશ્ન–સાધુપણામાં આવું અનુમોદન ન થાય ?

ઉત્તર–સાધુપણામાં તો મારો છોકરો એવું રહેતું જ

નથી. આ મારો છોકરો છે, આ મારાં સગાં છે, આ મારું મકાન છે, આ મારી મિલકત છે, એ વિચારો–ખ્યાલો વિભાવ દશાના છે. સાધુને એ દશા વર્તતી નથી, એટલે અનુમોદના કયાંથી હોય ? માટે ત્યાં નવ કોટિનાં પચ્ચકખાણ.

પ્રશ્ન–સ્થાનકવાસીઓ આઠ કોટિનાં પચ્ચકખાણ કરે છે, તો બે કોટિ વધારે કઈ ?

ઉત્તર–વચન અને કાયાથી અનુમોદન ન કરવું, એ બે કોટિ વધારે. પરંતુ શાસ્ત્રમાં તો શ્રાવકોને છ કોટિનાં જ પચ્ચકખાણ કહેલાં છે. જેઓ જુદા પડે તે પોતાની પ્રસિદ્ધિ માટે કંઇક કંઇકિ નવું કરે. સંસ્કૃતમાં એક શ્લોક છે કે–

घटं भित्वा पटं छित्वा, कृत्वा गर्दभारोहणम् ।
येन केन प्रकारेण, प्रसिद्धः पुरुषो भवेत् ॥

'ઘડો ફોડીને, કપડાં ફાડીને કે ગધેડા પર બેસીને પણ પુરુષ પ્રસિદ્ધ થાય છે.'

હવે બચાવ કરવો હોય તો એમ કહે કે 'હાલ દેશની સ્થિતિ બહુ ખરાબ છે અને ઘોડા બહુ ઓછા છે, તેથી ગધેડા પર સ્વારી કરું છું.' આ વાતને હાજિયો પૂરનારા પણ મળે અને તાળીથી વધાવી લેનારા પણ મળે.

ગધેડે બેસીને પ્રસિદ્ધ થનાર બીજા પણ બે–ચારને ગધેડે બેસાડે અને પોતે શુભ શરૂઆત કરી તેની તારીફ કરાવે. આજે તો ધૂર્તોનાં ગળામાં હાર પડે છે અને અનીતિથી કમાય તે પૂજાય છે.

ઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે 'જ્યાં અપૂજ્ય–ભોગી

પુરુષો પૂજ્ય છે અને ત્યાગી સંતોની નિંદા, અવગણના કે અવર્ણવાદ થાય છે, ત્યાં દુકાળ પડે છે, ભયો ઊભા થાય છે અને મરણસંખ્યા વધે છે.' આજે આપણે આ વસ્તુ આપણી નજર સામે જોઈ રહ્યા છીએ, એટલે ખૂબ ખૂબ વિચારવાનું છે.

જો પાપત્યાગની ભાવના બુદ્ધિમાં વસેલી હોય તો કર્મની મોટી નિર્જરા થાય, પરંતુ તેનાં સેવનની ૦૪ ભાવના હોય તો કર્મનો બંધ પડે અને આત્મા ભારે થાય. પછી એ ભાવના સૂતાં, ઉઠતાં, બેસતાં ગમે તે હાલતમાં કરી હોય. એટલે **અરી જરૂર મનમાંથી પાપસેવનની ભાવના દૂર કરવાની છે.**

તમારી સમજણ સુધરે, તમે કાયાને હું માનતાં અટકો અને સત્સંગ તથા વૈરાગ્ય કેળવો, તો પાપસેવનની ભાવના દૂર થાય અને તમને મોટો લાભ પહોંચે.

પાપ લાગી ગયા પછી તેની શુદ્ધિ કરવા માટે શાસ્ત્રકારોએ નિંદા, ગર્હા, પ્રાયશ્ચિત આદિ અનેક ઉપાયો બતાવ્યા છે અને તેણે આજ સુધીમાં અસંખ્ય–અનંત આત્માઓને લાભ પહોંચાડેલો છે, પરંતુ અમારું કહેવું એ છે કે **પાપમાં ન પડાય તે માટે મનુષ્યે પ્રથમથી જ પૂરી કાળજી રાખવી જોઇએ. ધર્મીનું પ્રથમ લક્ષણ એ છે કે તે બને ત્યાં સુધી પાપ કરતો નથી અને જે પાપ થઈ ગયું હોય તે માટે અત્યંત દિલગીર થાય છે.**

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન એકતાલીસમું

સમ્યક્ત્વ

[૧]

મહાનુભાવો !

અમારાં આજ સુધીનાં વ્યાખ્યાનોથી તમે એ વસ્તુ તો સમજી શક્યા જ હશો કે ધર્મપાલન, ધર્મારાધન કે ધર્માચરણના વિષયમાં સમ્યક્ત્વ એ અતિ અગત્યની વસ્તુ છે. અમે એક વખત શાસ્ત્રકાર ભગવંતનાં ટંકશાળી વચનો ટાંકીને તમને જણાવ્યું હતું કે 'સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્ દર્શન વિના સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી, સમ્યક્ ચારિત્ર વિના સકલ કર્મોનો નાશ કરી શકાતો નથી અને સકલ કર્મોનો નાશ કર્યા વિના નિર્વાણ, મુક્તિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ થઈ શકતી નથી.' એટલે સમ્યક્ત્વ એ પાયાની વસ્તુ છે, ધર્માચરણની મૂળ ભૂમિકા છે.

આ સમ્યક્ત્વનો મહિમા પ્રકાશતાં શાસ્ત્રકાર ભગવંતોએ જણાવ્યું છે કે–

सम्यक्त्वरत्नान्न परं हि रत्नम्,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबंधोर्न परो हि बन्धुः,
सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥

'સમ્યક્ત્વરત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યક્ત્વ મિત્રથી કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી, સમ્યક્ત્વબંધુથી કોઈ શ્રેષ્ઠ બંધુ નથી અને સમ્યક્ત્વના લાભથી વધારે કોઈ લાભ નથી.'

સમ્યક્ત્વરત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી.

તમે લોઢા કરતાં ત્રાંબાને, ત્રાંબા કરતાં રૂપાને, રૂપા કરતાં સોનાને અને સોના કરતાં રત્નને અધિક મહત્ત્વ આપો છો, કારણ કે તેનું મૂલ્ય ઉત્તરોત્તર વધારે છે. રત્નોમાં પણ જેનું પાંણી અને વજન વધારે હોય તેને તમે અધિક મૂલ્યવાન માનો છો.

હમણાં એક વર્તમાનપત્રમાં જગતના જાણીતા હીરાઓ વિષે માહિતી આવી હતી. તેમાં તેનાં નામ, વજન અને કિંમત જણાવ્યાં હતાં. એ મુજબ આજે જગતનો સહુથી મોટો હીરો 'જ્યુબિલી' છે, તેનું વજન ૨૩૯ કેરેટનું છે અને તેની કિંમત રૂપિયા ૭૦,૦૦,૦૦૦ સીત્તેર લાખ અંકાય છે. બીજા નંબરનો હીરો 'રિજન્ટ' છે, તેનું વજન ૧૩૭ કેરેટ છે. અને તેની કિંમત રૂપિયા ૬૭,૦૦,૦૦૦ સડસઠ લાખ અંકાય છે. ત્રીજા નંબરનો હીરો 'ગ્રેટમોગલ' છે, તેનું વજન ૨૬૯ કેરેટ છે અને કિંમત રૂપિયા ૫૫,૦૦,૦૦૦ પંચાવન લાખ અંકાય છે. જ્યારે ચોથા નંબરનો હીરો 'કોહીનુર' છે, તેનું વજન ૧૦૬ કેરેટ છે અને મૂલ્ય રૂપિયા ૫૨,૦૦,૦૦૦ લાખ અંકાય છે.

આ હીરાઓમાં કોઈ હીરો પૂરા કોડ રૂપિયાનો નથી, પણ માની લઈએ કે હજી જગતમાં બીજા હીરાઓ છે અને

તેની કિંમત એક કોડ, બે કોડ કે ત્રણ કોડ રૂપિયા છે. પરંતુ આમાંનો કોઈ હીરો, આમાંનું કોઈ રત્ન સમ્યક્ત્વની બરોબરી કરી શકે ખરું? અમે તો એમ કહીએ છીએ કે એક બાજુ જગતનાં તમામ રત્નો મૂકી દો, અરે! ચક્રવર્તીનું આખું રાજ્ય ધરી દો અને બીજી બાજુ સમ્યક્ત્વને રાખો, તો સમ્યક્ત્વનું પલ્લું નમશે, કેમકે સમ્યક્ત્વની આગળ દુનિયાની બધી વસ્તુ હલકી છે.

હીરાઓ, રત્નો, રાજ્યની રિદ્ધિ મનુષ્યને લલચાવે છે, તેની પાસે અનેક કુકર્મો કરાવે છે અને છેવટે તેને દુર્ગતિમાં લઈ જાય છે, જ્યારે સમ્યક્ત્વ મનુષ્યને સમ્યક્–સાચી દૃષ્ટિ આપે છે, ધર્મમાર્ગમાં સ્થિર બનાવે છે અને છેવટે અનંત-અક્ષય સુખથી ભરેલાં સિદ્ધિસદનમાં લઈ જાય છે. હવે તમે જ કહો કે સમ્યક્ત્વની સરખામણી આ જગતના કોઈ પણ પાર્થિવ પદાર્થ સાથે શી રીતે થાય? એટલે 'સમ્યક્ત્વ-રત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી' એ શબ્દો યથાર્થ છે.

સમ્યક્ત્વ મિત્રથી કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી.

હિતોપદેશ નામના પ્રસિદ્ધ નીતિગ્રંથમાં કહ્યું છે કે 'अपुत्रस्य गृहं शून्यं, सन्मित्ररहितस्य च–જેને પુત્ર નથી, તેનું ઘર શૂન્ય છે. તે જ રીતે જેને સન્મિત્રો નથી, તેનું ઘર પણ શૂન્ય છે.' અહીં સન્મિત્ર શબ્દ બરાબર યાદ રાખજો, કારણ કે આ જગતમાં મિત્રનો દેખાવ કરીને છેતરનારા તથા સ્વાર્થને કારણે મિત્રતા કરનારા ઘણા હોય છે. જેમણે સ્વાર્થને કારણે મિત્રતા કરી હોય છે, તેઓ પોતાનો સ્વાર્થ સરતાં જ અલગ થઈ જાય છે અને જાણે ઓળખતા જ ન

હોય એવો વ્યવહાર કરવા લાગે છે. આવાઓને સન્મિત્ર કહી શકાય નહિ. સન્મિત્ર તો તેને જ કહી શકાય કે જે સાચો સ્નેહ કરે, આપણાં દુઃખે દુઃખી થાય અને સંકટ સમયે પૂરેપૂરી સહાય કરે. આ સંબંધમાં પંચતંત્રકારે ચાર મિત્રોની વાત કહી છે, તે તમારે જાણવા જેવી છે.

ચાર મિત્રોની વાત

ગોદાવરી નામની સુંદર નદી હતી. તેના કિનારે શીમળાનું મોટું ઝાડ હતું. તેના પર લઘુપતનક નામનો એક કાગડો રહેતો હતો. તેણે એક દિવસ સવારના પહોરમાં જ એક શિકારીને જોયો, એટલે વિચાર કરવા લાગ્યો કે 'આજે ઉઠતાં વેંત એક કાળમુખાનું મ્હોં જોયું છે, માટે દિવસ ખરાબ જશે.' તમે ઉઠતાં વેંત બે હાથ ભેગા કરો છો અને તેમાંની બીજકલા જેવી રેખાવડે સિદ્ધશિલાનું સ્મરણ કરો છો, તે એટલા માટે જ કે તમારો દિવસ શુભ કાર્યોમાં પસાર થાય.

શિકારીએ ચોખાના દાણા વેર્યા, જાળ પાથરી અને ઝાડીમાં લપાઈ બેઠો. આકાશમાં ઉડતા કબૂતરોએ આ દાણા જોયા અને તેથી નીચે ઉતરી તેને ચણવાના વિચાર પર આવ્યા. ત્યારે ચિત્રગ્રીવ નામના તેમના વયોવૃદ્ધ નાયકે કહ્યું કે 'ભાઇઓ! જે કામ કરવું તે બરાબર વિચારીને કરવું. આ નિર્જન જંગલમાં અનાજ કયાંથી હોય? અને અનાજ ન હોય તો ચોખાના દાણા કયાંથી હોય? માટે મને દાળમાં કંઈક કાળું લાગે છે.'

પરંતુ યુવાન કબૂતરોનાં ગળે આ વાત ઉતરી નહિ.

તેઓ તો દૂધ જેવા સફેદ ચોખાના દાણા ચણી લેવા તત્પર થયા અને નીચે ઉતર્યા. પછી જ્યાં ચોખાના દાણા ચણવા ગયા કે જાળમાં સપડાઈ ગયા. 'હવે શું કરવું?' તેઓ આપસમાં અનેક પ્રકારની ગડમથલ કરવા લાગ્યા. તે વખતે ચિત્રગ્રીવે કહ્યું કે 'ભાઇઓ! આ સમય આપસમાં લડવાનો નથી. હમણાં જ શિકારી આવી પહોંચશે અને આપણે બધા પકડાઈ જઇશું, માટે જરા પણ સમય ગુમાવ્યા વિના તમે બધા એકી સાથે બળ કરો; જેથી આપણે આ જાળ સાથે જ આકાશમાં ઉડી જઈશું અને આપણા પ્રાણ બચાવી શકીશું.'

જે કામ એક વ્યક્તિથી નથી થતું, તે સંઘસમુદાયથી થાય છે; અને તેથી જ સંઘ કે સંગઠનની હિમાયત કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ વખતે ઇંગ્લેન્ડ પર આફતના ઓળા ઉતર્યા અને કઈ ક્ષણે તેનો જર્મનીના ભયંકર બોંબમારાથી નાશ થઈ જશે, એ કલ્પવું મુશ્કેલ બન્યું, ત્યારે મહામાત્ય ચર્ચિલે કહ્યું કે 'આપણે કોઈ પણ જાતનો વાંદવિવાદ કર્યા વિના સંગઠિત થઇને ઊભા રહીશું તો જિતીશું.' ઇંગ્લેન્ડે તેમ કર્યું અને તે જિત્યું. અહીં કબૂતરોએ પણ પોતાના વયોવૃદ્ધ નાયકની સલાહ માની એક સામટું બળ કર્યું તો જાળના ખીલા ઉખડી ગયા અને તેઓ જાળ સાથે આકાશમાં ઉડવાને શક્તિમાન થયા.

આ જોઈ શિકારી નિરાશ થયો અને તે ચાલ્યો ગયો. પેલો લઘુપતનક કાગડો 'હવે શું બને છે?' તે જોવા માટે કબૂતરોની પાછળ પાછળ ઉડવા લાગ્યો.

કેટલેક દૂર ગયા પછી ચિત્રગ્રીવે કહ્યું કે 'ભાઇઓ! આપણે ભયમાંથી તદ્દન મુક્ત થયા છીએ, માટે આ નીચે વહી રહેલી ગંડકી નદીના કિનારે ઉતરો. ત્યાં હિરણ્યક નામનો ઊંદરોનો રાજા રહે છે, તે આપણો મિત્ર હોવાથી આપણને આ જાળમાંથી મુક્ત કરશે.' આથી બધા કબૂતરો ગંડકી નદીના કિનારે જ્યાં હિરણ્યકનું રહેઠાણ હતું, ત્યાં ઉતર્યા.

હિરણ્યકે ચિત્રગ્રીવ અને તેના સાથીઓનો સુંદર સત્કાર કર્યો અને પોતાના તીક્ષ્ણ દંતો વડે જાળ કાપી નાખી, બધા કબૂતરોને બંધનમુક્ત કર્યા. આથી કબૂતરો રાજી થઈ પોતાનાં સ્થાને ચાલ્યાં ગયાં.

આ જોઈ લઘુપતનક વિચાર કરવા લાગ્યો કે 'આ હિરણ્યક ઉત્તમ બુદ્ધિવાળો જણાય છે. હું જો કે પ્રકૃતિથી ચંચળ છું અને કોઇનો વિશ્વાસ કરતો નથી તથા બનતાં સુધી કોઇથી છેતરાતો નથી, પણ આની સાથે મિત્રતા કરું, કારણ કે વિત્તહીન કે સાધનહીન દશામાં બુદ્ધિવાળો મિત્ર મદદગાર થાય છે.' પછી તે હિરણ્યકના દર આગળ આવીને કહેવા લાગ્યો કે 'હે હિરણ્યક! હું લઘુપતનક નામનો કાગડો છું અને તારી મિત્રતા કરવા ઇચ્છું છું.'

ચતુર હિરણ્યકે કહ્યું: 'હે કાગડાભાઈ! હું ભોજ્ય છું અને તમે ભોક્તા છો, તેથી આપણા બે વચ્ચે પ્રીતિ કેવી રીતે થાય?'

કાગડાએ કહ્યું: 'હે ઊંદરજી! તમારી વાત સાચી છે, પણ આવા કોઈ દુષ્ટ વિચારથી હું તમારી મિત્રતા

ઇચ્છતો નથી. તમે આજે ચિત્રગ્રીવને ઉપયોગી થયા, તેમ મને પણ કોઈ વાર ઉપયોગી થાઓ, તેથી તમારી મિત્રતા ઇચ્છું છું, માટે મહેરબાની કરીને મારી આ માગણીનો અસ્વીકાર કરશો નહિ.'

હિરણ્યકે કહ્યું: 'પણ કાગડાભાઈ! તમે સ્વભાવના બૂબ ચપળ રહ્યા અને ચપળ સાથે સ્નેહ કરવામાં સાર નહિ. કહ્યું છે કે–બિલાડીનો, પાડાનો, મેંઢાનો, કાગડાનો અને કાપુરુષનો કદી પણ વિશ્વાસ કરવો નહિ.'

લઘુપતનકે કહ્યું: 'આ બધું ઠીક છે. પ્રમાણો તો બંને બાજુનાં મળે, માટે તમે મારી ભાવના સામે જુઓ. હું કોઈ પણ રીતે તમારી મિત્રતા ઇચ્છું છું. જો તમે મારું કહ્યું નહિ માનો તો હું અનાહારી રહીને પ્રાણનો ત્યાગ કરીશ.'

લઘુપતનકના આવા શબ્દો સાંભળીને હિરણ્યકે તેની મિત્રતાનો સ્વીકાર કર્યો. હવે એક વાર લઘુપતનકે હિરણ્યકને કહ્યું કે 'મિત્ર! આ પ્રદેશમાં ભારે દુકાળ પડ્યો છે અને પેટ ભરતાં ઘણી મુશ્કેલી પડે છે, તેથી હું પાસેના દક્ષિણાપથમાં, કર્પૂરગૌર નામનું એક સરોવર છે ત્યાં, મારો પ્રિય મિત્ર મંથરક નામનો કાચબો વસે છે, એની પાસે જાઉં છું.'

હિરણ્યકે કહ્યું: 'કાગડાભાઈ! તો પછી મારે એકલાને અહીં રહીને શું કામ છે? મને તો તમારા વિના જરા પણ ગોઠશે નહિ, માટે હું પણ તમારી સાથે જ આવીશ.'

કાગડાએ ઊંદરને ચાંચમાં લીધો અને તે બંને દક્ષિણાપથમાં જ્યાં કર્પૂરગૌર નામનું સરોવર હતું, તેના કિનારે

આવ્યા. મંથરકે તે બંનેનું સ્વાગત કર્યું અને જણાવ્યું કે 'આ સ્થાન તમારું જ છે, તેથી તમે બંને અહીં રહો અને ખાઈ-પીને મોજ કરો.' જે સાચો મિત્ર હોય તે સંકટ સમયે સહાય આપે છે અને પોતાથી બનતી બધી આગતા-સ્વાગતા કરે છે, જ્યારે નિત્યમિત્ર અને પર્વમિત્ર જેવા એક યા બીજું બહાનું કાઢી પોતાનાં દ્વાર બંધ કરે છે અને મિત્રને રખડતો મૂકે છે.

હવે ત્રણે મિત્રો સરોવરના કિનારે રહે છે અને વિવિધ પ્રકારની વાતચીતોમાં પોતાનો સમય પસાર કરે છે. એવામાં એક દિવસ ચિત્રાંગ નામનો એક મૃગ ત્યાં પાણી પીવાને આવ્યો. તેને જોઈને અતિથિસત્કારમાં કુશળ એવા મંથરકે કહ્યું કે 'પધારો હરણભાઈ! મજામાં તો ખરા ને?'

ચિત્રાંગે કહ્યું કે 'ભાઈ! મજા તો એવી જ! શિકારી કૂતરાઓ પાછળ પડ્યા હતા, તેમનાથી માંડમાંડ બચ્યો છું.'

મંથરકે કહ્યું: 'તમારાં સ્થાનમાં ભય હોય, તો અહીં આવો. અહીં લીલું કુંજાર વન છે, તેમાં ચારો ચરજો અને શીતળ જળથી ભરેલાં સરોવરનું પાણી પીજો.'

ચિત્રાંગે કહ્યું: 'ધન્ય છે તમારી સજ્જનતાને! જો આ જગતમાં બધા તમારા જેવા ભલા હોય તો કેવું સારું! પણ એક વાત છે. હું આ પ્રદેશનો સાવ અજાણ્યો છું, તેથી મારો વખત આનંદમાં જાય નહિ. જો તમે મારા મિત્ર બનો તો હું જરૂર અહીં રહેવાનું પસંદ કરું.'

મંથરકે કહ્યું: 'હરણભાઈ! તમે ઘણા નિખાલસ છો,

તમારી વાણી મધુર છે. તેથી તમારી સાથે મિત્રતા કરવામાં કોઈ જાતનો વાંધો નથી. આજથી તમે મારા મિત્ર.'

આ રીતે લઘુપતનક કાગડો, હિરણ્યક ઊંદર, મંથરક કાચબો અને ચિત્રાંગ મૃગ એ ચારે જણ પરમ મિત્ર બન્યા અને સુખપૂર્વક પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યા.

એક વખત ઘણો સમય વ્યતીત થવા છતાં ચિત્રાંગ પાછો ફર્યો નહિ, એટલે બધા મિત્રોને ચિંતા થવા લાગી અને 'શું થયું હશે?' તેનો વિચાર કરવા લાગ્યા. છેવટે લઘુપતનકે તેની ભાળ કાઢી લાવવાનું માથે લીધું અને તે આકાશમાં ઉડીને ચારે બાજુ જોવા લાગ્યો, ત્યાં એક તળાવના કિનારે પાશમાં બંધાઇ ગયેલા ચિત્રાંગને જોયો. તે જોઇને લઘુપતનકે પૂછ્યું કે 'ભાઇ! આવી હાલત શાથી થઇ?'

ચિત્રાંગે કહ્યું: 'એ કહેવાનો અત્યારે સમય નથી. તું જરા પણ વિલંબ કર્યા વિના હિરણ્યકને અહીં તેડી લાવ, જેથી તે મને આ પાશમાંથી છૂટો કરે.'

લઘુપતનક જલ્દી મથકે પાછો ફર્યો અને હિરણ્યકને ચાંચમાં ઉપાડીને લેતો આવ્યો. ધીમે ધીમે ચાલતો મંથરક પણ ત્યાં આવી પહોંચ્યો. આ જોઈ હિરણ્યકે કહ્યું કે 'ભાઈ! મંથરક તેં આ ઠીક કર્યું નહિ. તારે તારું સ્થાન છોડવું જોઇતું ન હતું, કારણ કે આ પાશ છેદાતાં ચિત્રાંગ નાસી છૂટશે, લઘુપતનક ઝાડે ચડી જશે અને હું આજુબાજુના કોઇ દરમાં પેસી જઇશ, પણ તું શું કરીશ?'

મંથરકે કહ્યું કે 'મિત્ર મુશીબતમાં આવી પડ્યો છે, એ જાણ્યા પછી મારું હૈયું હાથ રહ્યું નહિ. મને થયું કે હું પણ ત્યાં જઈને મારાથી બનતી મદદ કરું, એટલે ધીમે ધીમે ચાલતો અહીં આવી પહોંચ્યો છું. હવે બને તે ખરું!'

હિરણ્યક ચિત્રાંગનો પાશ ઝડપથી કાપવા લાગ્યો, એવામાં જ શિકારી ત્યાં આવી ચડ્યો. આ જોઈ હિરણ્યક પાસેના દરમાં પેસી ગયો, લઘુપતનક આકાશમાં ઉડી ગયો અને ચિત્રાંગ જોર કરીને નાસી છૂટ્યો. માત્ર બાકી રહ્યો મંથરક. તેને મંદ મંદ ચાલતો જોઈ શિકારીએ કહ્યું કે 'મૃગલો છટકી તો ગયો, પણ આ કાચબો ઠીક છે.' અને તે કાચબાને પકડી દોરીથી બાંધી, ધનુષ્યના છેડે લટકાવી ચાલવા લાગ્યો.

પાછળ ત્રણ મિત્રો ભેગા થયા અને મંથરકને કોઈ પણ ઉપાયે બચાવવો જોઈએ એવા નિર્ણય પર આવ્યા. પછી તેમણે એક યોજના ઘડી. એ યોજના મુજબ ચિત્રાંગ આગળ જઈને નદીના કિનારે મડદું થઈને પડ્યો અને લઘુપતનક તેની આંખ ઠોલતો હોય તેવો દેખાવ કરવા લાગ્યો. આ જોઈને શિકારીએ કાચબાને જમીન પર ફેંક્યો અને તે હરણને લેવા માટે આગળ વધ્યો. તે જ વખતે હિરણ્યકે મંથરકનું બંધન કાપી નાખ્યું અને તે નદીનાં ઊંડાં પાણીમાં સરકી ગયો. અહીં ચિત્રાંગે મંથરકને છૂટો થયેલો જોતાં જ છલંગ મારી અને તે વનભણી નાસી ગયો. લઘુ-

પતનક કા-કા કરતો આકાશમાં ઉડ્યો અને હિરણ્યક નજીકના દરમાં પેસી ગયો.

શિકારીએ પાછા આવીને જોયું તો દોરી કાપેલી પડી હતી અને કાચબો તેમાંથી અદૃશ્ય થઈ ગયો હતો.

પછી આ ચારેય મિત્રોએ લાંબા સમય સુધી એક બીજાના સહકારથી બાધું, પીધું ને મોજ કરી.

આવા મિત્રોને સન્મિત્ર કહી શકાય, પણ સમ્યક્ત્વની મિત્રતા તો આ બધા કરતાં શ્રેષ્ઠ છે, કારણ કે તે અપાર દુઃખથી ભરેલા આ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા પ્રાણીને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ સરળ કરી આપે છે. તાત્પર્ય કે 'સમ્યક્ત્વમિત્રથી કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી' એ વચનો પણ યથાર્થ જ છે.

સમ્યક્ત્વ બંધુથી કોઈ શ્રેષ્ઠ બંધુ નથી.

જે સગાંવહાલાં હોય, સગોત્રી હોય, નાતીલા હોય તેને બંધુ કહેવાય. તે સારાં-નરસાં બધાં ટાણે સાથે ઊભા રહે છે અને તેથી મનુષ્યને મોટું આશ્વાસન પ્રાપ્ત થાય છે. જો કે આજે તો કળિયુગના પ્રતાપે કાકા-મામા કહેવા માત્રના રહી ગયા છે અને પાસે બે પૈસાનો કસ હોય તો જ કોઈ ભાવ પૂછે છે. પાસેથી કસ ગયો તો સગી બહેન પણ ભાવ પૂછતી નથી. પિતાને પણ પુત્ર ત્યારે જ વહાલો લાગે છે કે જ્યારે તે બે પસા કમાઈને લાવતો હોય. પરંતુ સમ્યક્ત્વનું સગપણ આવું નથી. એની સાથે સગપણ બંધાયું કે તે તમારી બરાબર સારસંભાળ રાખે છે અને તમે

આગળ વધો એ રીતે મદદ કર્યા કરે છે. તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ તેને શ્રેષ્ઠ બંધુની ઉપમા આપી છે.

સમ્યક્ત્વના લાભથી વધારે કોઈ લાભ નથી.

હવે રહી લાભની વાત. તમને સુંદર ભોજનની ઇચ્છા હોય અને સુંદર ભોજન મળી જાય તો ખુશ થાઓ છો, તમને સુંદર વસ્ત્રાભૂષણની ઇચ્છા હોય અને સુંદર વસ્ત્રાભૂષણ મળી જાય તો ખુશ થાઓ છો, અથવા તમને લક્ષ્મી કે અધિકારની પ્રબળ ઇચ્છા હોય અને તે મળી જાય તો અત્યંત ખુશ થાઓ છો. પણ આ બધા લાભો સમ્યક્ત્વના લાભ આગળ કોઈ વિસાતમાં નથી. ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહે છે કે–

तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥

'હે પાર્શ્વનાથ પ્રભો ! તમારું સમ્યક્ત્વ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક છે, કારણ કે તેનો લાભ થવાથી જીવો વિઘ્ન વિના અજરામર સ્થાન એટલે મોક્ષને પામે છે.'

આ રીતે 'સમ્યક્ત્વના લાભથી કોઈ લાભ વધારે નથી' એ વચનો પણ પરમ સત્યને જ પ્રકટ કરનારા છે.

ધાર્મિક ક્રિયાઓનાં મૂળમાં સમ્યક્ત્વ હોવું જોઈએ.

શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યક્ત્વનો મહિમા પ્રકાશતાં એમ પણ કહ્યું છે કે–

दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतपालनं च,
सम्यक्त्वमूलानि महाफलानि ॥

'વિવિધ પ્રકારનાં દાનો, વિવિધ પ્રકારનાં શીલ, વિવિધ પ્રકારનાં તપો, પ્રભુપૂજા, મહાન તીર્થોની યાત્રા, ઉત્તમ પ્રકારની જીવદયા, સુશ્રાવકપણું અને કોઈ પણ વ્રતનું પાલન સમ્યક્ત્વપૂર્વક હોય તો જ મહાફલને આપનાર થાય છે.'

આનો અર્થ એ થયો કે ગમે તેવી ધર્મક્રિયાઓ કરો, ગમે તેવા ધાર્મિક અનુષ્ઠાનો કરો, પણ તેનાં મૂળમાં સમ્યક્ત્વ હોવું જોઇએ. જો સમ્યક્ત્વ ન હોય તો એ બધી ક્રિયાઓનું, એ બધાં અનુષ્ઠાનોનું જે ફળ મળવું જોઈએ, તે મળતું નથી. એક લાખ મળવાનાં સ્થાને પચાસ–સોની પ્રાપ્તિ થાય, એ કંઈ તેનું વાસ્તવિક ફળ મળ્યું ગણાય નહિ.

સમ્યક્ત્વની સ્પર્શના, સમ્યક્ત્વની પ્રાપ્તિ, સમ્યક્ત્વનો લાભ એ આત્મવિકાસના ઇતિહાસમાં અતિ મોટી ઘટના છે, કારણ કે ત્યારથી અપરિમિત ભવભ્રમણને પામેલો આત્મા વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તનકાળમાં તો અવશ્ય મોક્ષે જાય છે અને જઘન્યથી તો અંતર્મુહૂર્તમાં પણ તે સકલ કર્મનો નાશ કરી મોક્ષગામી થઇ શકે છે.

તીર્થંકર ભગવંતોના ભવની ગણના પણ જ્યારથી તેમનો આત્મા સમ્યક્ત્વને સ્પર્શે ત્યારથી જ થાય છે. આ સમ્યક્ત્વની સ્પર્શના કેવા સંયોગોમાં, કેવી રીતે થાય છે ? તે ધન સાર્થવાહની કથા દ્વારા જણાવીશું.

ધન સાર્થવાહની કથા

જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. ત્યાં ધન નામનો એક શ્રીમંત સાર્થવાહ વસતો હતો. ઔદાર્ય, ગાંભીર્ય, ધૈર્ય આદિ ગુણોથી તેનું જીવન વિભૂષિત હતું. જીવનનું સાચું ભૂષણ સુવર્ણ અને મણિમુક્તા નહિ, પણ સદ્‌ગુણો છે, એ વાત તમારે બરાબર લક્ષમાં રાખવાની છે.

એક વખત ધન સાર્થવાહે વિચાર કર્યો કે 'ગૃહસ્થો ધનોપાર્જનથી જ શોભે છે; માટે સંપત્તિવાળો હોવા છતાં મારે પ્રમાદનો ત્યાગ કરીને ધનોપાર્જન કરવું જોઈએ. પુષ્કળ જળસમૂહથી પરિપૂર્ણ હોવા છતાં સાગર, નદીઓ દ્વારા જળનો સંગ્રહ નથી કરતો શું? પુણ્યોદયને કારણે વ્યાપાર લક્ષ્મીને પ્રાપ્ત કરાવે છે, તો કરિયાણાં ભરીને હું વસંતપુર નગરે જાઉં.'

આ પ્રમાણે વિચાર કરીને તેણે પોતાનાં માણસો દ્વારા નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે 'હે નગરજનો! ધન સાર્થવાહ વસંતપુર જવાના છે, માટે જેમને ચાલવું હોય તે ચાલો. તે ભાતાની જરૂરીઆતવાળાને ભાતું આપશે, પાત્રની જરૂરવાળાને પાત્ર આપશે; વળી માર્ગમાં ચોરચાખર અને વાઘ-વરુથી સહુનું રક્ષણ કરશે.'

આ ઉદ્‌ઘોષણા સાંભળીને ઘણા માણસો તેની સાથે જવા તૈયાર થયા. આ વખતે ક્ષાંત, દાંત અને નિરારંભી એવા ધર્મઘોષ નામના શાંતમૂર્તિ આચાર્ય તેની પાસે આવ્યા.

એટલે સાર્થવાહે ઊભા થઈને, બે હાથ જોડીને તેમને વિનયપૂર્વક વંદન કર્યું અને આગમનનું કારણ પૂછયું. આચાર્યે કહ્યું: 'મહાનુભાવ! અમે પણ સપરિવાર તમારી સાથે વસંતપુર આવીશું.' તે સાંભળીને ધન સાર્થવાહે કહ્યું: 'પ્રભો! આપ ઘણી ખુશીથી મારી સાથે ચાલો. હું આપનું સર્વ ઉચિત સાચવીશ.' પછી તેણે પોતાના માણસોને આજ્ઞા કરી કે 'તમારે આ આચાર્ય મહારાજ અને તેમના પરિવાર માટે રોજ ખાનપાન તૈયાર કરવાં.'

આ સાંભળી આચાર્યે કહ્યું કે 'હે મહાનુભાવ! સાધુઓને માટે કરેલો, કરાવેલો અને સંકલ્પેલો આહાર તેમને કલ્પતો નથી. વળી વાવ, કૂવા અને તળાવમાં રહેલું સચિત્ત જળ, અગ્નિ વગેરે શસ્ત્રો પરિણમ્યા વિના અચિત્ત થતું નથી, તેથી તે પણ તેમને કલ્પતું નથી.' એવામાં કોઈ માણસે આવીને સાર્થવાહ પાસે પાકી કેરીઓનો થાળ મૂક્યો. તેથી તેણે હર્ષ પામીને કહ્યું: 'ભગવન્! આપ આ તાજાં ફળો ગ્રહણ કરીને મારા પર અનુગ્રહ કરો.'

પ્રત્યુત્તરમાં આચાર્યે કહ્યું: 'હે દેવાનુપ્રિય! સાધુઓને સચિત્ત વસ્તુઓનો ત્યાગ હોય છે, તેથી આ સચિત્ત ફળો લેવાં અમને કલ્પતાં નથી.'

આ સાંભળી ધન સાર્થવાહ અત્યંત આશ્ચર્ય પામ્યો અને કહેવા લાગ્યો કે 'આપના વ્રતનિયમો અતિ દુષ્કર જણાય છે; તો પણ આપ મારી સાથે ચાલો. આપને કલ્પતાં હશે, તેવાં આહારપાણી આપીશ.'

ધન સાર્થવાહે મંગલ મુહૂર્તે મોટા કાફલા સાથે પ્રયાણ કર્યું અને ધર્મઘોષ આચાર્ય પણ સપરિવાર તેની સાથે ચાલ્યા. તેઓ બધા વિષમ વનોને વટાવતાં, નાનાં-મોટાં નદી નાળાંને ઓળંગતાં અને ઊંચી-નીચી ભૂમિને પસાર કરતાં અનુક્રમે એક સહા અરણ્યમાં આવી પહોંચ્યા. તે વખતે વર્ષાએ પોતાનું તાંડવ શરુ કર્યું અને જવા-આવવાના સર્વ માર્ગોને કાંટા, કાદવ અને પાણીથી ભરી દીધા. આથી આગળ વધવાનું અશકય જાણી ધન સાર્થવાહે તે જ અરણ્યમાં સ્થિરતા કરી અને સાર્થના સર્વ માણસોએ વર્ષાઋતુ નિર્ગમન કરવા માટે ત્યાં નાના-મોટા આશ્રયો ઊભા કર્યા. કોઇએ સાચું જ કહ્યું છે કે 'દેશકાલને ઉચિત ક્રિયા કરનારાઓ દુઃખી થતા નથી.'

શ્રી ધર્મઘોષ આચાર્યે આવા એક આશ્રયને યાચીને તેમાં પોતાના શિષ્યો સહિત આશ્રય લીધો અને તેઓ સ્વાધ્યાય, તપ તથા ધર્મધ્યાનમાં પોતાનો સમય વીતાવવા લાગ્યા.

અહીં અણધાર્યું લાંબું રોકાણ થવાથી સાર્થના લોકોની પોતાની સાથે લાવેલી ખાન-પાનની સામગ્રીઓ પૂરી થઇ ગઇ અને તેઓ કંદ, મૂળ, તથા ફળફૂલ વગેરેથી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા. આ વાતની જાણ થતાં ધન સાર્થવાહ ખૂબ ચિંતાતુર બન્યો અને સહુની ચિંતા કરવા લાગ્યો. આ રીતે એક રાત્રિના પાછલા પ્રહરે સહુની ચિંતા કરતાં તેને યાદ આવ્યું કે 'મારી સાથે શ્રી ધર્મઘોષ આચાર્ય તેમના પરિવાર સાથે આવેલા છે. તેઓ પોતાના માટે કરેલું, કરાવેલું કે સંકલ્પેલું લેતા નથી. વળી તેઓ સચિત્ત વસ્તુના

ત્યાગી છે, તો તેઓ અત્યારે પોતાનો નિર્વાહ શી રીતે કરતા હશે? મેં માર્ગમાં તેમનું સર્વ ઉચિત કરવાનું અંગીકાર કર્યું હતું, પરંતુ આજ સુધી તેમની સારસંભાળ લીધી નથી. અહો! મેં આ શું કર્યું? હવે હું તેમને મારું મુખ શી રીતે બતાવીશ?'

પછી પ્રાતઃકાળ થતાં ઉજ્જવલ વસ્ત્રાભૂષણ ધારણ કરીને તે સાર્થવાહ પોતાના ખાસ માણસોને સાથે લઇને આચાર્યશ્રીના આશ્રય પર આવ્યો. ત્યાં ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષની મૂર્તિ સમા આચાર્ય તેના જોવામાં આવ્યા. તેમની આસપાસ બીજા મુનિઓ બેઠેલા હતા. તેમાંના કોઈએ ધ્યાન ધર્યું હતું, કોઇએ મૌન ધારણ કર્યું હતું, કોઇએ કાયોત્સર્ગનું અવલંબન લીધું હતું, કોઈ સ્વાધ્યાયમાં લીન હતા, તો કોઇ ભૂમિપ્રમાર્જનાદિ ક્રિયાઓ કરતા હતા. જ્ઞાન-ધ્યાન અને જપ-તપનાં આ પવિત્ર વાતાવરણની ધનસાર્થવાહનાં મન પર ઊંડી અસર થઇ. પછી તેણે આચાર્યશ્રીને વંદન કર્યું તથા બીજા મુનિઓને પણ નમસ્કાર કર્યા અને છેવટે આચાર્યશ્રીના ચરણસમીપે બેસીને ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું કે 'હે પ્રભો! મારો અપરાધ ક્ષમા કરો. મેં આપની અત્યંત અવજ્ઞા કરી છે અને કંઈ પણ ઉચિત સાચવ્યું નથી. મારા આ પ્રમાદ માટે હું ખૂબજ શરમાઉં છું અને પશ્ચાત્તાપ કરું છું.'

ઉત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે 'હે મહાનુભાવ! માર્ગમાં હિંસક પશુઓથી અને ચોરચખારથી તમે અમારી

રક્ષા કરી છે, તેથી અમારો સર્વ પ્રકારે સત્કાર થયો છે, વળી તમારા સંઘના લોકો અમને યોગ્ય અન્નપાનાદિ આપે છે, તેથી અમને કંઈપણ દુઃખ થયું નથી, માટે તમે જરા પણ ખેદ કરશો નહિ.'

સાર્થવાહે કહ્યું : 'સત્પુરુષો તો હંમેશાં ગુણોને જ જોનારા હોય છે, તેમ આપ મારા ગુણોને જ જુઓ છો, પણ મારા અપરાધને જોતા નથી. હવે હે ભગવન્! આપ પ્રસન્ન થઈને સાધુઓને મારી સાથે ભિક્ષા લેવા મોકલો, જેથી હું ઇચ્છા પ્રમાણે અન્નપાન આપીને કૃતાર્થ થાઉં.'

આચાર્યે કહ્યું : 'વર્તમાન જોગ.' પછી સાર્થવાહ પોતાનાં રહેઠાણે ગયો, ત્યારે બે સાધુઓ તેને ત્યાં ભિક્ષા લેવા માટે ગયા, પણ દૈવયોગે તે સમયે તેનાં ઘરમાં સાધુને વહોરાવવા યોગ્ય કંઈપણ અન્નપાન હતું નહિ. આથી તેણે આમતેમ જોવા માંડયું. તે વખતે તાજું ઘીનો ભરેલો એક ગાડવો તેના જોવામાં આવ્યો. એટલે તેણે કહ્યું : 'ભગવન્! આ તમારે કલ્પશે?'

સાધુઓએ પોતાના આચાર પ્રમાણે 'કલ્પશે' એમ કહીને પાત્ર ધર્યું. આ જોઈને ધન સાર્થવાહનું સમસ્ત શરીર રોમાંચિત થઈ ગયું અને હું ધન્ય થયો, કૃતાર્થ થયો, પુણ્યવાન થયો, એવી પ્રબલ ભાવનાપૂર્વક તેણે એ મુનિઓને ઘી વહોરાવ્યું. પછી તેણે એ મુનિઓને વંદન કર્યું; એટલે તેમણે સર્વ કલ્યાણના સિદ્ધમંત્ર જેવો 'ધર્મલાભ' આપ્યો અને તેઓ પોતાના આશ્રયે પાછા ફર્યા. આ ઉલ્લાસભર્યા

દાનના પ્રભાવથી ધનસાર્થવાહે મોક્ષવૃક્ષનાં બીજરૂપ સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું.

રાત્રે ફરીને તે સાર્થવાહ આચાર્યના આશ્રયમાં ગયો. અતિ ભક્તિભાવથી વંદન કરીને તેમનાં ચરણ સમીપે બેઠો. તે વખતે આચાર્યશ્રીએ ગંભીર વાણીથી ધર્મનો ઉપદેશ આપતાં કહ્યું કે–

'ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, સ્વર્ગ અને મોક્ષને આપનાર છે તથા સંસારરૂપી દુસ્તર વનને ઓળંગવા માટે શ્રેષ્ઠ માર્ગદર્શક (ભોમિયો) છે.

'ધર્મ માતાની પેઠે પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની જેમ પ્રસન્ન કરે છે, બંધુની પેઠે સ્નેહ રાખે છે, ગુરુની પેઠે ઉજ્જવલ ગુણોમાં આરૂઢ કરે છે અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે.

'ધર્મ સુખનું મહાહર્મ્ય છે, શત્રુરૂપ સંકટમાં અભેદ્ય બખ્તર છે અને જડતાનો નાશ કરનારું મહારસાયણ છે.

'ધર્મથી જીવ રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને ઇંદ્ર થાય છે તથા ત્રિભુવનપૂજિત તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય કે જગતની તમામ ઋદ્ધિસિદ્ધિ અને સકલ ઐશ્વર્ય ધર્મને આધીન છે.

'આ ધર્મનું અનુષ્ઠાન દાન, શીલ, તપ અને ભાવની યથાર્થ આરાધનાથી થાય છે. જેમ મહારાજેશ્વરનું નિમંત્રણ મળતાં માંડલિક રાજાઓ તેની પાસે આવે છે, તેમ

સુપાત્રદાનથી શીલ વગેરે બાકીના ધર્મપ્રકારો પણ આત્માની સમીપે આવે છે.

'જે દાન સુપાત્રને વિષે અપાયેલું હોય તો તે ધર્મોત્પત્તિનું કારણ બને છે, જે અન્યને અપાયેલું હોય તો કરુણાની કીર્તિને પ્રકાશનારું થાય છે, જે મિત્રને અપાયેલું હોય તો પ્રીતિને વધારનારું થાય છે, જે શત્રુને અપાયેલું હોય તો વૈરને નાશ કરનારું થાય છે, જે નોકર–ચાકરને અપાયેલું હોય તો તેમની સેવાવૃત્તિને ઉત્કટ બનાવનારું થાય છે, જે રાજાને અપાયું હોય તો સન્માન અને પૂજાને લાવનારું થાય છે અને જે ભાટ–ચારણને અપાયેલું હોય તો યશનો ફેલાવો કરનારું થાય છે. આમ કોઈ પણ ઠેકાણે અપાયેલું દાન નિષ્ફળ જતું નથી.

દાનથી ધનનો નાશ થતો નથી, પણ વૃદ્ધિ થાય છે. તેથી જ કહેવાયું છે કે–

જે દીજે કર આપણે, તે પામો પરલોય;
દીજંતા ધન નીપજે, કૂપ વહંતો જોય.

જે આપણા હાથે કરીને આપીએ છીએ, તેજ આપણે પરભવમાં પામીએ છીએ. દેવાથી ધન મળે છે, પણ ઘટતું નથી. કૂવો પોતાનું પાણી નિરંતર આપતો રહે છે, તો તેમાં નવાં પાણીની આવક ચાલુ જ રહે છે.

આ રીતે નિત્ય ધર્મ શ્રવણ કરતાં ધનસાર્થવાહ ધર્મમાર્ગમાં દૃઢ શ્રદ્ધાવંત થયો અને યથાશક્તિ ધર્મનું આરાધન કરવા લાગ્યો. પછી વર્ષાઋતુ પૂરી થતાં અને માર્ગો સરલ

થતાં તે સમસ્ત સાર્થ સાથે વસંતપુર પહોંચ્યો અને કરિયાણાના ક્રયવિક્રયથી ઘણું ધન કમાયો. અહીંથી શ્રી ધર્મઘોષ આચાર્ય અન્યત્ર વિહાર કરી ગયા અને પોતાની પતિતપાવની દેશના વડે પૃથ્વીને પાવન કરવા લાગ્યા.

કાલાંતરે ધનસાર્થવાહ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે પાછો ફર્યો અને ધર્મના જે સંસ્કારો પામ્યો હતો તેને દૃઢ કરતો અનુક્રમે કાલધર્મ પામ્યો.

આ રીતે ધન સાર્થવાહ બીજા ભવે ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિયારૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી કાલધર્મ પામીને તે સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. ચોથા ભવે તે પશ્ચિમ મહાવિદેહમાં વૈતાઢ્ય પર્વતને વિષે મહાબલ નામનો વિદ્યાધર થયો અને સંસારથી વૈરાગ્ય પામીને અણુગાર બન્યો. ત્યાં અંતકાળે બાવીશ દિવસનું અણશણ કરીને કાલધર્મ પામતાં ઈશાન નામના દેવલોકમાં લલિતાંગ નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને છઠ્ઠા ભવે પૂર્વમહાવિદેહના પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલા નામની નગરીમાં સુવર્ણજંઘ રાજાને ત્યાં વજ્રજંઘ નામે કુમાર થયો. અનુક્રમે તે રાજ્યનો માલીક બન્યો અને પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો વિચાર કરતો હતો, ત્યાં રાજ્યલોભી પુત્રે અગ્નિપ્રયોગથી તેનું મરણ નીપજાવ્યું.

સાતમા ભવે તે ઉત્તર કુરુક્ષેત્રમાં ફરી યુગલિયારૂપે ઉત્પન્ન થયો, આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો, નવમા ભવે મહાવિદેહ ક્ષેત્રના ક્ષતિપ્રતિષ્ઠિત નગરમાં સુવિધિ વૈદ્યને ઘેર જીવાનંદ પુત્ર તરીકે ઉત્પન્ન થયો.

આ રીતે દશમો ભવ બારમા દેવલોકમાં, અગિયારમો ભવ મહાવિદેહમાં તથા બારમો ભવ સર્વાર્થસિદ્ધમાં પસાર કરીને તેરમા ભવે તે ભરતક્ષેત્રમાં નાભિ કુલકર તથા મરુદેવીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને ઋષભદેવ નામે પ્રથમ તીર્થંકર બની જગત પર અનેક પ્રકારના ઉપકારો કરી સિદ્ધ, બુદ્ધ, નિરંજન થયો.

તાત્પર્ય કે સમ્યકત્વની સ્પર્શના થતાં ધનસાર્થવાહનો આત્મા અનુક્રમે વિકાસ પામતો જ ગયો અને તે પોતાના આત્માનું કલ્યાણ કરી શક્યો, તેથી જ સમ્યકત્વની આટલી પ્રશંસા છે, સમ્યકત્વનાં આટલાં વખાણ છે, સમ્યકત્વનો આટલો ગુણાનુવાદ છે.

સમ્યકત્વ વિષે હજી ઘણું કહેવાનું છે, તે અવસરે કહેવાશે.

વ્યાખ્યાન બેંતાલીસમું

સમ્યકત્વ

[૨]

મહાનુભાવો !

સરોવર જેમ કમળથી શોભે છે, રાત્રિ જેમ ચંદ્રથી શોભે છે, સહકાર (આંબો) જેમ કોયલથી શોભે છે અને મુખ જેમ નાસિકાથી શોભે છે, તેમ ધર્મ–ધર્માચરણ સમ્યકત્વથી શોભે છે. જેમ પાયા વિના ઇમારત ચણાતી નથી, વરસાદ વિના ખેતી થતી નથી અને નાયક વિના સેના લડી શકતી નથી, તેમ સમ્યકત્વ વિના ધર્મનું આચરણ યથાર્થ સ્વરૂપે થઈ શકતું નથી.

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે, એ વાત સાચી; પણ તે સમ્યકત્વથી યુક્ત હોય તો. સમ્યકત્વ વિનાનું જ્ઞાન કે સમ્યકત્વ વિનાની ક્રિયા કોઇને પણ સિદ્ધિસદનમાં લઈ જવાને સમર્થ નથી. ગુણસ્થાનના વિષયમાં અમે એ વસ્તુ સ્પષ્ટ કરી છે કે જ્યારે આત્મા સમ્યકત્વથી વિભૂષિત થાય, ત્યારે જ તે દેશવિરતિ, સર્વવિરતિ આદિ આગળની ભૂમિકાઓને સ્પર્શી પોતાનો વિકાસ સાધી શકે છે.

સમ્યકત્વનો અર્થ તમે જાણો છો ખરા ? એ સંબંધી કોઈ વાર ઊંડી વિચારણા કરી છે ખરી ? દિવસ અને રાત્રિની મળી સાઠ ઘડીઓ થાય છે. તેમાં ધર્મનો વિચાર કરવા માટે કેટલી ઘડી ? છાતી પર હાથ મૂકીને કહેજો. ઘણા

ભાગ્યશાળીઓ તો ધર્મસંબંધી કંઈ પણ વિચાર જ કરતા નથી, તેમને સમ્યકત્વનો અર્થ શી રીતે સમજાય?

સમ્યકત્વનો અર્થ

સમ્યક્ પદને ત્વ પ્રત્યય લાગી સમ્યકત્વ શબ્દ બનેલો છે, એટલે તેનો અર્થ સમ્યક્પણું, સારાપણું કે સુંદરતા થાય છે. આ સુંદરતા કોની? આત્માની, નહિ કે પુદ્ગલની. જ્યાં સુધી આત્મા મિથ્યાત્વથી યુક્ત હોય છે, ત્યાં સુધી તેનામાં સુંદરતા પ્રગટતી નથી. મિથ્યાત્વનો એ મલિન ભાવ દૂર થયો કે આત્મામાં સુંદરતા પ્રકટે છે. તાત્પર્ય કે સમ્યકત્વ એ આત્માની સુંદરતા છે, આત્માનો શુદ્ધ પરિણામ છે.

સમ્યકત્વના પ્રકારો

અપેક્ષાવિશેષથી સમ્યકત્વના પ્રકારો પડે છે, તે અંગે શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે 'एगविहं दुविहं तिविहं चउहा पंचविहं दसविहं सम्मं—સમ્યકત્વ એક પ્રકારનું, બે પ્રકારનું, ત્રણ પ્રકારનું, ચાર પ્રકારનું, પાંચ પ્રકારનું અને દશ પ્રકારનું હોય છે.' આ વસ્તુ તમને સ્પષ્ટતાથી સમજાવવા ઇચ્છીએ છીએ, કારણ કે તેથી સમ્યકત્વનાં સ્વરૂપ પર ઘણો પ્રકાશ પડશે અને સમ્યકત્વ સંબંધી તમારો ખ્યાલ અતિ સ્પષ્ટ થઈ જશે.

સમ્યક્ તત્ત્વની રુચિ એટલે **શ્રી જિનકથિત તત્ત્વોમાં યથાર્થપણાની બુદ્ધિ**, એ સમ્યકત્વનો એક પ્રકાર છે. કહ્યું છે કે—

> जीवाइ नवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं।
> भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्त ॥

'જીવ-અજીવાદિ નવ પદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે તેને સમ્યકત્વ હોય છે અને મંદમતિપણાને લીધે અથવા છદ્મસ્થપણાથી જે ન સમજાય તે પણ 'શ્રી જિનેશ્વર દેવનું કહેલું બધું સત્ય જ છે' એમ શ્રદ્ધાથી માને તેને પણ સમ્યકત્વ હોય છે.'

શાસ્ત્રોમાં એમ પણ કહ્યું છે કે—

> अरिहं देवा गुरुणो, सुसाहुणो जिणमयं पमाणं च ।
> इच्चाइ सुहो भावो, सम्मतं बिंति जगगुरुणो ॥

'અરિહંત એ દેવ, સુસાધુ એ ગુરુ અને જિનમત એ પ્રામાણિક સત્ય ધર્મ, આવો જે આત્માનો શુદ્ધ પરિણામ, તેને શ્રી જિનેશ્વર દેવો સમ્યકત્વ કહે છે.'

અમે ઉપર 'સમ્યક્ તત્ત્વની રુચિ' એમ કહ્યું છે, ત્યાં તત્ત્વ શબ્દથી જીવાજીવાદિ નવ તત્ત્વો અને દેવ, ગુરુ, ધર્મ એ બંને વસ્તુ સમજવાની છે.

નૈસર્ગિક અને **આધિગમિક** એ સમ્યકત્વના બે પ્રકારો છે. નૈસર્ગિક એટલે સ્વાભાવિક રીતે થતું અને આધિગમિક એટલે ગુરુના ઉપદેશ આદિ નિમિત્તોથી થતું. અથવા **દ્રવ્ય સમ્યકત્વ** અને **ભાવસમ્યકત્વ** એવા પણ તેના બે પ્રકારો છે. તેમાં શ્રી જિનેશ્વરદેવકથિત તત્ત્વોમાં જીવની સામાન્ય રુચિ તે દ્રવ્ય-સમ્યકત્વ છે અને વસ્તુને જાણવાના ઉપાયરૂપ પ્રમાણ-નય વગેરેથી જીવાજીવાદિ તત્ત્વોને વિશુદ્ધ રૂપે જાણવા એ ભાવ સમ્યકત્વ છે.

પ્રમાણ એટલે વસ્તુનો સર્વાંશ બોધ અને નય

એટલે વસ્તુનો અંશાત્મક બોધ. 'આ ઘડો છે' એ વસ્તુનો સર્વાંશ બોધ થયો અને 'આ ઘડો લાલ છે,' 'આ ઘડો ઊંચો છે,' 'આ ઘડો સુંદર છે' એ વસ્તુનો અંશાત્મક બોધ થયો. પ્રમાણ અને નયનો વિષય ઘણો ઊંડો છે, તે માટે અનેક ગ્રંથો રચાયેલા છે; તે અંગે કોઇ વાર વિશેષ વિવેચન કરીશું.

શાસ્ત્રકારોએ **નિશ્ચય-સમ્યક્ત્વ** અને **વ્યવહાર-સમ્યક્ત્વ** એવા પણ તેના બે પ્રકારો માનેલા છે. તેમાં આત્માનો જે શુદ્ધ પરિણામ તે નિશ્ચય સમ્યક્ત્વ અને તેમાં હેતુભૂત સડસઠ ભેદોનું જ્ઞાન પ્રાપ્ત કરી તેનું શ્રદ્ધા અને ક્રિયારૂપે યથાશક્ય પાલન કરવું, તે વ્યવહાર-સમ્યક્ત્વ છે.

ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ સમ્યક્ત્વના ત્રણ પ્રકારો છે. તે અંગે પૂર્વ વ્યાખ્યાનોમાં અમે યોગ્ય સ્પષ્ટીકરણ કરેલું છે.

કારક, રોચક અને દીપકના ભેદથી પણ સમ્યક્ત્વના ત્રણ પ્રકારો માનવામાં આવે છે. શ્રદ્ધાનાં કારણભૂત, જપ, તપ વગેરે ક્રિયાઓનો આદર કરવો તે કારક સમ્યક્ત્વ. શાસ્ત્રના હેતુ કે ઉદાહરણો જાણ્યા વિના પણ માત્ર રુચિથી તત્ત્વ પર શ્રદ્ધા થવી તે રોચક સમ્યક્ત્વ અને પોતાની શ્રદ્ધા બરાબર ન હોવા છતાં બીજાને તત્ત્વ શ્રદ્ધા પમાડવી તે દીપક સમ્યક્ત્વ. આ ત્રીજા પ્રકારનું સમ્યક્ત્વ એ માત્ર વ્યવહારથી જ સમ્યક્ત્વ છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ સમ્યક્ત્વ નથી.

ઔપશમિક વગેરે સમ્યક્ત્વના ત્રણ પ્રકારોમાં **સાસ્વાદન** ઉમેરીએ તો તેના ચાર પ્રકારો થાય. ગુણસ્થાનના વર્ણનપ્રસંગે તમને આ સમ્યક્ત્વનો પરિચય કરાવેલો છે. આ ચાર પ્રકારોમાં **વેદક** ઉમેરીએ તો સમ્યક્ત્વના પાંચ પ્રકારો થાય. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રકટ થતાં પહેલાં સમ્યક્ત્વ મોહનીયનાં જે ચરમ દલો વેદાય છે, તેને વેદક સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

આ પાંચ પ્રકારના સમ્યક્ત્વના નૈસર્ગિક અને આધિગમિક એવા બે બે પ્રકારો કરીએ તો સમ્યક્ત્વ દશ પ્રકારનું થાય.

શાસ્ત્રમાં સમ્યક્ત્વના દશ પ્રકારો બીજી રીતે પણ વર્ણવાયેલા છે. જેમકે

(૧) **નિસર્ગરુચિ**—જે જીવ શ્રી જિનેશ્વરદેવોએ યથાર્થ અનુભવેલા ભાવોને પોતાની મેળે જાતિસ્મરણાદિ જ્ઞાનથી જાણીને 'તે એમ જ છે, પણ અન્યથા નથી' એવી અડગ શ્રદ્ધા રાખે તે નિસર્ગરુચિ.

(૨) **ઉપદેશરુચિ**—કેવલી કે છદ્મસ્થ ગુરુઓ વડે કહેવાયેલા ઉપર્યુક્ત ભાવો પર શ્રદ્ધા રાખે તે ઉપદેશરુચિ.

(૩) **આજ્ઞારુચિ**—રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વગેરે દોષોથી રહિત મહાપુરુષની આજ્ઞા પર રુચિ ધરાવે તે આજ્ઞારુચિ.

(૪) **સૂત્રરુચિ**—જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્રો ભણીને તત્ત્વમાં રુચિવાળો થાય તે સૂત્રરુચિ. વર્તમાન શાસ-

નમાં શ્રી ગૌતમસ્વામી આદિ ગણધરોએ રચેલાં શાસ્ત્રો અંગપ્રવિષ્ટ કહેવાય છે. તેના આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીજી), જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અન્તકૃદ્દશાંગ, અનુત્તરોપપાતિક દશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત અને દૃષ્ટિવાદ એવા બાર પ્રકારો છે. તેને સમગ્રપણે દ્વાદશાંગી કહેવામાં આવે છે. 'સ્નાતસ્યા' સ્તુતિની ત્રીજી ગાથા તો તમને બધાને યાદ જ હશે :

अर्हद्वक्त्र-प्रसूतं गणधररचितं द्वादशांगं विशालं,
चित्रं बह्वर्थयुक्तं मुनिगण-वृषभैर्धारितं बुद्धिमद्भिः ।
मोक्षाग्रद्वारभूतं व्रत-चरण-फलं ज्ञेय-भाव-प्रदीपं,
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ॥

'શ્રી જિનેશ્વરદેવનાં મુખમાંથી અર્થરૂપે પ્રકટેલાં અને ગણધરો વડે સૂત્રરૂપે ગુંથાયેલાં, બાર અંગવાળાં, વિસ્તીર્ણ અદ્ભુત રચના-શૈલીવાળાં, ઘણા અર્થોથી યુક્ત, બુદ્ધિનિધાન, એવા શ્રેષ્ઠ મુનિઓએ ધારણ કરેલાં, મોક્ષના દરવાજા સમાન, વ્રત અને ચારિત્રરૂપી ફલવાળાં, જાણવા યોગ્ય પદાર્થોને પ્રકાશવામાં દીપક સમાન અને સકળ વિશ્વમાં અદ્વિતીય સારભૂત એવાં સમસ્ત શ્રુતનો હું ભક્તિપૂર્વક અહર્નિશ આશ્રય કરું છું.'

આ પરથી દ્વાદશાંગી કેવી છે? તેનો ખ્યાલ તમને બરાબર આવી જશે.

આ ઉપરાંત જૈન શ્રુતમાં શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે

ચતુર્દશપૂર્વધરાદિ વૃદ્ધ આચાર્યોએ રચેલાં બીજાં સૂત્રો પણ છે. તે અનંગપ્રવિષ્ટ કહેવાય છે.

(૫) **બીજરુચિ**—જેમ એક બીજ વાવવાથી અનેક બીજો ઉત્પન્ન થાય છે, તેમ એક પદ, એક હેતુ કે એક દૃષ્ટાંત સાંભળીને જે જીવ ઘણાં પદો, ઘણા હેતુઓ અને ઘણાં દૃષ્ટાંતો પર શ્રદ્ધાવાળો થાય, તે બીજરુચિ.

(૬) **અભિગમરુચિ**—જે શાસ્ત્રોનો વિસ્તૃત બોધ પામીને તત્ત્વ પર રુચિ ધરાવે, તે અભિગમરુચિ.

(૭) **વિસ્તારરુચિ**—જે છ દ્રવ્યોને પ્રમાણ અને નયો વડે જાણીને અર્થાત્ વિસ્તારથી બોધ પામીને તત્ત્વ પર રુચિવાળો થાય, તે વિસ્તારરુચિ.

(૮) **ક્રિયારુચિ**—જે અનુષ્ઠાનોમાં કુશલ હોય તથા ક્રિયા કરવામાં રુચિવાળો હોય તે ક્રિયારુચિ.

(૯) **સંક્ષેપરુચિ**—જે થોડું સાંભળીને પણ તત્ત્વની રુચિવાળો થાય તે સંક્ષેપરુચિ. ચિલાતી પુત્ર મહાત્મા ઉપશમ, વિવેક અને સંવર, એ ત્રણ પદો સાંભળીને જ તત્ત્વમાં રુચિવાળા થયા હતા.

(૧૦) **ધર્મરુચિ**—જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થોને કહેનારાં જિનવચનો સાંભળીને શ્રુત-ચારિત્ર રૂપ ધર્મ પર શ્રદ્ધાવાળો થાય તે ધર્મરુચિ.

આ દરેક આત્માનું સમ્યક્ત્વ તે સમ્યક્ત્વનો એક પ્રકાર, એમ દશ પ્રકારો સમજવા.

સમ્યક્ત્વના સડસઠ બોલ

વ્યવહારથી સમ્યક્ત્વનું પાલન કરવા માટે સડસઠ

ભેદોનું જ્ઞાન અત્યંત જરૂરી છે, એટલે તે સંબંધી અહીં વિવેચન કરીશું. શ્રીપ્રવચનસારોદ્ધારમાં આ ભેદનો સંગ્રહ કરનારી બે ગાથાઓ નીચે પ્રમાણે આપી છે:

चउसद्दहण–तिलिंगं, दसविणय–तिसुद्धिपंचगयदोसं ।
अट्ठपभावण–भूसण–लक्खण–पंचविहसंजुत्तं ॥ १ ॥
छव्विह जयणागारं, छब्भावणभाविअं च छट्ठाणं ।
इय सत्तसट्ठिलक्खणभेयविसुद्धं च सम्मत्तं ॥ २ ॥

આ ગાથાનો અર્થ એમ છે કે 'ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાંચ દૂષણોનો ત્યાગ, આઠ પ્રભાવકો, પાંચ લક્ષણો, છ જયણા, છ આગારો, છ ભાવનાઓ અને છ સ્થાનો એમ સડસઠ ભેદોથી યુક્ત હોય તે સમ્યક્ત્વ શુદ્ધ કહેવાય.

ચાર સદ્દહણા

સદ્દહણા એટલે શ્રદ્ધા. તે અંગે શાસ્ત્રકારોએ ચાર બોલ કહ્યા છે: (૧) પરમાર્થસંસ્તવ, (૨) પરમાર્થજ્ઞાતૃસેવન, (૩) વ્યાપન્નવર્જન અને (૪) કુદૃષ્ટિવર્જન.

આ ચાર બોલ ઘણા મહત્વના છે, તેથી જ પ્રથમ વિચારણા તેની કરવામાં આવી છે.

પરમાર્થસંસ્તવ એટલે પરમાર્થભૂત જીવાજીવાદિ તત્ત્વોનો પરિચય. તેની સદ્દહણા આ પ્રકારે કરવી જોઇએ:

(૧) શુભ–અશુભ કર્મનો કર્તા, શુભ–અશુભ કર્મનો ભોક્તા, સંસર્તા–પરિનિર્વાતા, ચૈતન્યવંત, ઉપયોગ–લક્ષણ, જીવ તે પ્રથમ તત્ત્વ છે. આ જીવતત્ત્વ કે આત્મતત્ત્વની

તમને યથાર્થ ઓળખાણ થાય તે માટે અમે આ વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં સોળ વ્યાખ્યાનો આપેલાં છે.

(૨) ચૈતન્યથી રહિત ધર્મ, અધર્મ, આકાશ, કાલ અને પુદ્ગલ એ પાંચ દ્રવ્યો તે બીજું અજીવ તત્ત્વ છે. વ્યાખ્યાનમાળામાં આ તત્ત્વનો પણ તમને યથાર્થ પરિચય આપવામાં આવ્યો છે.

(૩) શુભકર્મ અથવા પુણ્ય એ ત્રીજું તત્ત્વ છે.

(૪) અશુભ અથવા પાપ એ ચોથું તત્ત્વ છે.

(૫) જેનાથી કર્મનું આત્મા ભણી આવવું થાય, એ આશ્રવ નામનું પાંચમું તત્ત્વ છે.

(૬) જેનાથી કર્મ આત્મા ભણી આવતા અટકે, એ સંવર નામનું છઠું તત્ત્વ છે.

(૭) બાહ્ય–અભ્યંતર તપ વડે કર્મને આત્માથી અમુક અંશે છૂટા પાડવા, એ નિર્જરા નામનું સાતમું તત્ત્વ છે. કર્મની નિર્જરા સંબંધી અમે તમને એક સ્વતંત્ર વ્યાખ્યાન આપ્યું હતું, તે તમે નહિ જ ભૂલ્યા હો. *

(૮) કર્મનો આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરવત્ સંબંધ થવો એ બંધ નામનું આઠમું તત્ત્વ છે.

(૯) કર્મનો આત્મપ્રદેશથી સર્વથા વિયોગ થવો એ મોક્ષ નામનું નવમું તત્ત્વ છે.

આ તત્ત્વો પર યથાર્થ શ્રદ્ધા જામે તો જ આત્મવિકાસ સાધી શકાય.

* વ્યાખ્યાન તેત્રીસમું.

પ્રશ્ન— આમાંનું કોઈ પણ તત્ત્વ ઓછું માને તો ?

ઉત્તર— તો આત્મવિકાસની ભાવના ખંડિત થાય અને પરિણામે જીવ ચાર ગતિ અને ચોરાશી લક્ષ જીવયોનિમાં રખડતો જ રહે.

પ્રશ્ન—કેટલાક પુણ્ય-પાપને સ્વતંત્ર તત્ત્વ નથી માનતા, તેનું કેમ ?

ઉત્તર— જેઓ પુણ્ય-પાપને સ્વતંત્ર તત્ત્વ નથી માનતા, તેઓ એનો સમાવેશ આશ્રવ કે બંધમાં કરે છે. શુભ કર્મનો આશ્રવ કે બંધ તે પુણ્ય, અશુભ કર્મનો આશ્રવ કે બંધ તે પાપ. એટલે તેઓ કોઈ તત્ત્વને મૂળથી ઉડાવતા નથી. જેઓ નવ તત્ત્વમાંના કોઈપણ તત્ત્વને મૂળથી ઉડાવે છે, તેઓ પરમાર્થને પામી શકતા નથી. પરિણામે તેમનું અનંત ભવભ્રમણ ચાલુ જ રહે છે. દાખલા તરીકે જીવને માને પણ બંધ-મોક્ષને ન માને તો તેમને કોઇ પણ પ્રકારનો ધર્મ આચરવાનો રહ્યો જ ક્યાં ? જ્યાં આત્માને કોઈ પણ પ્રકારનો કર્મબંધ થતો નથી, ત્યાં તેના છૂટકારા માટે પ્રયત્ન શા માટે કરવો ? એ વિચાર તેમની સન્મુખ આવે છે અને તેઓ ધર્માચરણમાં ઢીલા પડી જાય છે, વધારે સ્પષ્ટ કહીએ તો ધર્માચરણથી વિમુખ બની જાય છે. એજ રીતે જો જીવને માને પણ આશ્રવને ન માને તો પણ ધર્મ આચરવાનો રહ્યો ક્યાં ? ગમે તેવી પ્રવૃત્તિ કરો, પણ કર્મ તો આવતા નથી, એટલે ધાર્મિક જ પ્રવૃત્તિ કરવી જોઈએ, એવો નિશ્ચય થઇ શકતો નથી. આ રીતે બીજાં તત્ત્વોનું પણ સમજી લેવું.

પરમાર્થજ્ઞાતૃસેવન એટલે જીવાજીવાદિ તત્ત્વોના જાણકાર, સંવેગરંગમાં રમતા, શુદ્ધ ધર્મના ઉપદેશક એવા ગીતાર્થ મુનિઓની સેવા કરવી. જેઓ ગીત એટલે સૂત્ર અને તેના અર્થ એટલે ભાવ કે રહસ્યને બરાબર જાણે તે ગીતાર્થ કહેવાય. ગીતાર્થ મહાપુરુષોમાં શાસ્ત્રજ્ઞાન સાથે સંવેગ, નિર્વેદ આદિ ગુણો પણ ઉત્કૃષ્ટ ભાવે ખીલેલા હોય છે અને તેઓ શ્રી જિનેશ્વરદેવકથિત શુદ્ધ ધર્મનો ઉપદેશ કરે છે. તેમની સેવા, આરાધના, ઉપાસના કરવાથી જીવાજીવાદિ તત્ત્વોનો યથાર્થ બોધ થાય છે અને તેમાં શ્રદ્ધા ઉપજે છે તથા તે ક્રમશઃ વધતી રહે છે. વળી તત્ત્વના વિષયમાં કોઇ શંકા પડે તો આવા ગીતાર્થ મહાપુરુષો તેનું સુંદર સમાધાન કરે છે અને તેથી શ્રદ્ધા-સમ્યક્ત્વ નિર્મળ રહે છે, એટલે દરેક મુમુક્ષુએ પરમાર્થના જ્ઞાતા એવા ગીતાર્થ મહાપુરુષની બની શકે તેટલી વધારે સેવા કરવી જોઈએ.

'જેઓ સદ્‌ગુરુની સેવા કરતા નથી, તેમને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થતું નથી' એ ભારતના સર્વ ઋષિ-મહર્ષિઓએ એકીમતે-એકી અવાજે કરેલું એલાન છે અને આજ સુધીનો અનુભવ પણ એ વસ્તુને બરાબર ટેકો આપે છે.

પુસ્તકો વાંચીને તમે ગમે તેવું જ્ઞાન પ્રાપ્ત કરો, પણ તે સદ્‌ગુરુએ આપેલાં જ્ઞાન જેટલું નક્કર કે ઉજ્જવળ હોતું નથી. તેથી પંડિત કે વિદ્વાનોએ પણ સદ્‌ગુરુની સેવા કરવાની જરૂર છે. પંડિતાઈ પ્રાપ્ત કરીને જેમણે સદ્‌ગુરુની

સેવા કરવાનું છોડી દીધું, તેના આત્મરે કેવા હાલ થયા, તે તમે બધા જાણો છો !

સદ્‌ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલો તત્ત્વબોધ દૂષિત ન થાય તે માટે શાસ્ત્રકાર ભગવંતોએ ત્રીજો અને ચોથો બોલ કહ્યા છે. ત્રીજો બોલ છે **વ્યાપન્નવર્જન**, એટલે વ્યાપન્નદર્શનીનો ત્યાગ. જેનું દર્શન અર્થાત્ સમ્યક્ત્વ વ્યાપન્ન થયું હોય, ખંડિત થયું હોય, તેને વ્યાપન્નદર્શની કહેવાય. તાત્પર્ય કે એક વખત જે જીવાજીવાદિ નવતત્ત્વોમાં શ્રી જિનેશ્વરદેવોએ કહ્યા પ્રમાણે યથાર્થ શ્રદ્ધા ધરાવતા હોય, પણ પછી કોઈ પણ કારણે તેમાંથી ચલિત થયો હોય તેને વ્યાપન્નદર્શની સમજવો. આવાનો પરિચય રાખવાથી આપણું સમ્યક્ત્વ મલિન થાય છે, ભ્રષ્ટ થાય છે. 'વટલેલી બ્રાહ્મણી તરકડી કરતાં ભૂંડી' એ કહેવત તો તમે સાંભળી હશે. એજ વસ્તુ અહીં સમજો. સડેલું ધાન્ય બાકીનાં ધાન્યને બગાડે છે, તેમ વ્યાપન્નદર્શની બીજા અનેક સમકિતીઓને બગાડે છે.

ચોથો બોલ છે **કુદૃષ્ટિવર્જન**. કુદૃષ્ટિ એટલે કુત્સિત દૃષ્ટિવાળો અર્થાત્ મિથ્યાત્વી. મિથ્યાત્વીના સંસર્ગનું પરિણામ પણ માઠું જ આવે છે. આજે તમારા આચાર-વિચારમાં જે શિથિલતા આવી છે, તે મિથ્યાત્વીઓના વિશેષ સંસર્ગનું પરિણામ છે. એ સંબંધમાં અમે પ્રસંગોપાત્ત તમારું ધ્યાન ખેંચ્યું છે અને આજે વિશેષ ખેંચીએ છીએ.

ત્રણ લિંગો

લિંગ એટલે ચિહ્ન, ઓળખવાનું નિશાન. એક આત્માને

સમ્યક્ત્વ પ્રકટ થયું છે કે કેમ? તે ઓળખવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ તેનાં ત્રણ લિંગો બતાવ્યાં છે. તેમાંનું પ્રથમ લિંગ તે પરમાગમની શુશ્રૂષા છે, બીજું લિંગ તે ધર્મસાધનમાં પરમ અનુરાગ છે અને ત્રીજું લિંગ તે દેવ તથા ગુરુનું નિયમપૂર્વક વૈયાવૃત્ત્ય છે.

પરમાગમ એટલે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલાં આગમો. 'અહીં પરમ વિશેષણ શા માટે લગાડ્યું?' એવો પ્રશ્ન તમારાં મનમાં ઉઠશે. તેનું સમાધાન એ છે કે 'શાકત લોકો તેમજ બીજા પણ કેટલાક પોતાના ધર્મ-ગ્રંથોને આગમ તરીકે ઓળખાવે છે. તે આગમોથી આ આગમોની શ્રેષ્ઠતા—લોકોત્તરતા દર્શાવવા માટે અહીં પરમ વિશેષણ લગાડેલું છે.' **શુશ્રૂષા** એટલે સાંભળવાની જિજ્ઞાસા. મતલબ કે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલાં આગમો સાંભળવાની ઉત્કટ જિજ્ઞાસા થવી, એ સમ્યક્ત્વનું પ્રથમ લિંગ છે. જેને અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ પર શ્રદ્ધા જામી હોય તેને ભગવાનનાં વચનો સાંભળવાની ઉત્કટ ઇચ્છા થયા વિના કેમ રહે? તમે અમુક દેશનેતા કે અમુક વિદ્વાનને બહુ સારા માનો છો, તો તેમનું ભાષણ સાંભળવાની કેટલી ઇંતેજારી ધરાવો છો? બેસવાની જગા મળવાનો સંભવ ન હોય, ભારે ધમાલ ચાલતી હોય, બેત્રણ માઈલ ચાલીને જવાનું હોય, તો પણ તમે એ ભાષણમાં પહોંચી જાઓ છો અને જ્યારે એ ભાષણ સાંભળો, ત્યારે જ સંતોષ પામો છો. તો પછી જેને તમે જીવનના સાચા સૂફી સમજો, જેમનાં વચનોને સત્ય અને પ્રમાણભૂત

માનો, તેને સાંભળવાની તાલાવેલી કેમ ન જાગે ? જો એવી તાલાવેલી જાગતી ન હોય તો સમજજો કે તમારાં સમ્યક્ત્વનું ઠેકાણું નથી.

ધર્મસાધનમાં પરમ અનુરાગ હોવો એ સમ્યક્ત્વનું બીજું લિંગ છે. 'ધર્મ થયો તો પણ ઠીક અને ન થયો તો પણ ઠીક' એવી મિશ્ર ભાવનાને ધર્મનો અનુરાગ કહી શકાય નહિ. ધર્મનો પરમ અનુરાગ કોને કહેવાય ? તે સમજાવવા માટે શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કહે છે કે–

ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેવર ચંગ;
ઇચ્છે જિમ તે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે, પ્રાણી. ૧૩

'કોઈ બ્રાહ્મણ અટવી ઉતરીને આવ્યો હોય, તેને કકડીને ભૂખ લાગી હોય અને સુંદર ઘેવર જોતાં તેને ખાવાની જેવી ઉત્કટ ઇચ્છા કરે, તેવી ઇચ્છા ધર્મનું આરાધન કરવા માટે થાય, ત્યારે ધર્મસાધનમાં પરમ અનુરાગ નામનું સમ્યક્ત્વનું બીજું લિંગ પ્રકટ થયું જાણવું.'

આજે તમારો ધર્મરાગ કેવો છે, તે બરાબર તપાસો. જ્યાં રાગનો જ વાંધો છે, ત્યાં પરમ રાગની વાત શી કરવી ? કોઈ નવી ફીલ્મ આવી હોય તો જોવાની તાલાવેલી લાગે છે, કોઈ ક્રિકેટની ટીમ પરદેશથી રમવા આવી હોય તો જોવાની તાલાવેલી લાગે છે અને તે માટે ટીકીટ ન મળતી હોય તો બમણા–તમણા ભાવ આપીને પણ તેની ટીકીટ બી. એમ. માંથી મેળવો છો ! વળી કોઈ નાચરંગનો

જલસો હોય કે મુશાયરો હોય ત્યાં અગાઉથી ટીકીટ રીઝર્વ કરાવો છો અને સમયસર પહોંચી જાઓ છો, પરંતુ જ્યારે ધર્મસાધનની વાત આવે ત્યારે કહો છો કે 'સમય નથી. શું કરીએ ?' અથવા 'અમારાથી બનતું કરીએ છીએ. વિશેષ અમારાથી થાય તેમ નથી.' વગેરે વગેરે. જો ધર્મસાધનમાં પરમ અનુરાગ હોય તો આવાં વચનો કદી પણ તમારાં મુખમાંથી નીકળે નહિ અને પરિસ્થિતિ આવી હોય નહિ ! ધર્મસાધનના પરમ અનુરાગવાળા પ્રથમ તો ફિજુલ બાબતોમાં પોતાનો સમય બગાડે નહિ, વળી તેઓને જે કંઈ સમય મળે તેમાં વધારેમાં વધારે ધર્મ કરી લેવાની ભાવના રાખે અને સમયનો નાનામાં નાનો ટુકડો પણ વ્યર્થ જવા દે નહિ. એ સમયમાં તે નમસ્કારાદિ મંત્રનું બને તેટલું સ્મરણ કરી લે અને પોતાના આત્માને શુભ પરિણામવાળો બનાવે.

દેવ અને ગુરુનું નિયમપૂર્વક વૈયાવૃત્ત્ય એ સમ્યક્ત્વનું ત્રીજું લિંગ છે. જેમ વિદ્યાસાધક વિદ્યા સાધવા માટે તેનું નિત્ય–નિયમિત આરાધન કરે છે, તેમ સમકિતધારી આત્મા દેવ તથા ગુરુનું નિત્ય–નિયમિત આરાધન કરે. એ આરાધનથી તે એટલો બધો ટેવાઈ જાય કે તેના વિના એને બિલકુલ ચેન ન પડે.

રાવણને નિત્ય જિનપૂજા કરવાનો નિયમ હતો. તે જિનપૂજા કર્યા વિના ભોજન લેતો નહિ. એક વાર તે કોઈ કામપ્રસંગે વિમાનમાં પ્રવાસ કરતો હતો. ત્યાં મધ્યાહ્ન વેળા થઈ, એટલે સેવકોએ વિમાન નીચે ઉતાર્યું. આ વખતે

તેમને યાદ આવ્યું કે ' જિનપ્રતિમા તો ઘરે વિસરી ગયા છીએ. હવે શું થાય ?' પરંતુ સેવકોએ તે જ વખતે ત્યાં વેલુની મૂર્તિ બનાવી, અને રાવણે તેનું યથાવિધિ પૂજન કર્યા પછી જ ભોજન લીધું. કહો, દેવપૂજા માટે કેટલો અનુરાગ ? ત્યાર બાદ તેણે એ મૂર્તિ પાસેનાં એક સરોવરમાં પધરાવી. તે અનુક્રમે અંતરીક્ષ પાર્શ્વનાથજીનાં નામથી પ્રસિદ્ધ થઈ.

સદ્‌ગુરુસેવા માટે પણ સમકિતધારીનાં હૃદયમાં આવો જ આગ્રહ હોવો જોઈએ. નજીકમાં ગુરુદેવ બિરાજતા હોય તો તેમનાં દર્શન કર્યા વિના, તેમને સુખશાતા પૂછ્યા વિના, તેમને વિધિપૂર્વકનું વંદન કર્યા વિના સાચા સમકિતીને ચેન પડે જ નહિ.

દશ પ્રકારનો વિનય

સમ્યક્ત્વની શુદ્ધિ માટે, સમ્યક્ત્વનાં સંરક્ષણ માટે દશ પ્રકારનો વિનય હોવો જરૂરી છે. અહીં વિનયથી (૧) પ્રણામ, (૨) અંતરંગ પ્રેમ, (૩) ગુણાનુવાદ, (૪) અવગુણ-વર્જન અને (૫) આશાતનાવર્જન એ પાંચ વસ્તુઓ સમજવાની છે. મતલબ કે જેનો વિનય કરવો હોય તેને પ્રણામ અવશ્ય કરવા જોઈએ. વળી તેના પ્રત્યે અંતરંગ પ્રેમ બતાવવો જોઈએ. હાથ જોડો, મસ્તક નમાવો, પણ તેના પ્રત્યે અંતરંગ પ્રેમ ન હોય તો એ શિષ્ટાચાર લૂખો બની જાય છે. જેનો વિનય કરવો હોય તેના ગુણાનુવાદ કરવો જોઈએ. ગુણાનુવાદ એટલે ગુણની સ્તુતિ, નહિ કે ખોટી ખુશામત.

તે જ રીતે જેનો વિનય કરવો હોય તેમાં કોઈ અવગુણ દેખાય તો તેને ઢાંકવા જોઈએ અને તેની આશાતના ન થાય એ રીતે વર્તવું જોઈએ.

વિનય દશ વસ્તુઓનો કરવાનો છે. તે અંગે કહ્યું છે કે–

अरिहंत सिद्ध चेइय, सुए अ धम्मे अ साहुवग्गे य ।
आयरिय उवज्झाए, पवयणे दंसणे विणओ ॥

' અર્હત્, સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન, અને દર્શન એ દશનો વિનય કરવો.'

અર્હત્નો વિનય એટલે વર્તમાન કાળે વિહરતા શ્રી સીમંધર સ્વામી વગેરેનો વિનય. સિદ્ધનો વિનય એટલે આઠે પ્રકારના કર્મો ખપાવી સિદ્ધશિલામાં બિરાજતા સિદ્ધ ભગવંતોનો વિનય. ચૈત્યનો વિનય એટલે જિનપ્રતિમા અને જિનમંદિરનો વિનય.

જિનમંદિરમાં જનારે ઉત્કૃષ્ટતાએ ૮૪ પ્રકારની આશાતના વર્જવી જોઈએ, તે જાણો છો ને ? એને જિનમંદિરમાં વર્તવાના નિયમો પણ કહી શકાય. તે આ પ્રકારે જાણવા :

જિનમંદિરમાં વર્તવાના નિયમો

(૧) બળખા આદિ નાખવા નહિ.
(૨) જૂગટું રમવું નહિ.
(૩) કલહ કરવો નહિ.
(૪) ધનુર્વેદનો અભ્યાસ કરવો નહિ.
(૫) કોગળા નાખવા નહિ.

(૬) પાનસોપારી આવા નહિ.
(૭) પાન આદિના કૂચા નાખવા નહિ.
(૮) કોઇને ગાળ દેવી નહિ.
(૯) ઝાડે કે પેશાબે જવું નહિ.
(૧૦) નહાવું નહિ.
(૧૧) વાળ ઓળવા નહિ.
(૧૨) નખ કાઢવા નહિ.
(૧૩) લોહી–માંસ વગેરે નાખવા નહિ.
(૧૪) શેકેલાં ધાન્ય વગેરે આવાં નહિ.
(૧૫) ચામડી વગેરે નાખવું નહિ.
(૧૬) ઓસડ ખાઈ ઉલટી કરવી નહિ.
(૧૭) ઉલટી કરવી નહિ.
(૧૮) દાતણ કરવું નહિ.
(૧૯) આરામ કરવો નહિ, પગ ચંપાવવા નહિ.
(૨૦) પશુઓને બાંધવાં નહિ.
(૨૧–૨૭) દાંત, આંખ, નખ, ગંડસ્થલ, નાક, કાન, માથા વગેરેનો મેલ નાખવો નહિ.
(૨૯) મંત્ર, ભૂત, રાજા વગેરેનો વિચાર કરવો નહિ.
(૩૦) વાદ–વિવાદ કરવો નહિ.
(૩૧) નામાં–લેખાં કરવાં નહિ.
(૩૨) ધન વગેરેની વહેંચણી કરવી નહિ.
(૩૩) પોતાનો દ્રવ્યભંડાર ત્યાં સ્થાપવો નહિ.
(૩૪) પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ.
(૩૫) છાણાં થાપવાં નહિ.

(૩૬) કપડાં સૂકવવાં નહિ.
(૩૭) દાળ વગેરે ઊગાડવાં નહિ.
(૩૮) પાપડ વણવા નહિ.
(૩૯) સેવ વણવી, વડી મૂકવી વગેરે કામો કરવાં નહિ.
(૪૦) રાજા વગેરેના ભયથી મંદિરમાં સંતાઈ જવું નહિ.
(૪૧) શોક કરવો નહિ.
(૪૨) વિકથા કરવી નહિ. ભક્તકથા, સ્ત્રીકથા, રાજકથા અને દેશકથા એ વિકથાના ચાર પ્રકારો છે.
(૪૩) બાણ, તલવાર વગેરે હથિયાર ઘડવાં કે સજવાં નહિ.
(૪૪) ગાય–ભેંસ રાખવા નહિ.
(૪૫) તાપણી કરી તાપવું નહિ.
(૪૬) અન્નાદિ રાંધવા નહિ.
(૪૭) નાણું પારખવું નહિ.
(૪૮) નિસ્સીહિ કહ્યા વિના મંદિરમાં દાખલ થવું નહિ.
(૪૯–૫૨) છત્ર, ચામર, હથિયાર તથા પગરખાં સાથે પ્રવેશ કરવો નહિ.
(૫૩) મનને ચંચલ રાખવું નહિ.
(૫૪) તેલ વગેરે શરીરે ચોપડવું નહિ.
(૫૫) સચિત્ત પુષ્પ–ફલાદિક અંદર લાવવાં નહિ. જે પુષ્પ–ફલ વગેરે ચડાવવાનાં હોય તેજ અંદર લાવવાં.
(૫૬) વસ્ત્રાભૂષણ બહાર મૂકી શોભારહિત થઈ દાખલ થવું નહિ.

(૫૭) ભગવંતને જોતાં જ હાથ જોડવા.
(૫૮) ઉત્તરાસંગ વિના પૂજા કરવી નહિ.
(૫૯) મસ્તકે મુગટ ધારણ કરવો નહિ.
(૬૦) મુખ, પાઘડી આદિ પર ખુકાનું હોય તો છોડી નાખવું.
(૬૧) ફૂલના હારતોરા માથેથી મૂકી દેવા.
(૬૨) શરત બકવી નહિ.
(૬૩) ગેડીદડે રમવું નહિ.
(૬૪) પરોણા આદિનો જુહાર કરવો નહિ.
(૬૫) ભાંડભવૈયાની રમત કરવી નહિ.
(૬૬) કોઇને હુંકારે બોલાવવો નહિ.
(૬૭) લેવાદેવા અંગે જિનમંદિરે આવી લાંધણ કરવી નહિ.
(૬૮) રણસંગ્રામ કરવો નહિ.
(૬૯) માથાના વાળ જૂદા કરવા કે માથું બણબું નહિ.
(૭૦) પલાંઠી વાળીને બેસવું નહિ.
(૭૧) ચાખડીએ ચડવું નહિ.
(૭૨) પગ પસારીને બેસવું નહિ.
(૭૩) ઈશારા માટે પિપૂડી કે સીટી બજાવવી નહિ.
(૭૪) પગનો મેલ કાઢવો નહિ.
(૭૫) કપડાં ઝાટકવાં નહિ.
(૭૬) માંકડ–જૂ આદિ વીણીને નાખવા નહિ.
(૭૭) મૈથુનક્રિયા કરવી નહિ.
(૭૮) જમણ કરવું નહિ.

(૭૯) ક્રય-વિક્રય કરવો નહિ.
(૮૦) વૈદું કરવું નહિ.
(૮૧) ખાટલો ખંખેરવો નહિ.
(૮૨) ગુહ્ય ભાગ ઉઘાડવો કે સમારવો નહિ.
(૮૩) મુક્કાબાજી તથા કૂકડા વગેરેનું યુદ્ધ કરાવવું નહિ.
(૮૪) ચોમાસામાં પાણી સંઘરી તેનાથી સ્નાન કરવું નહિ, તેમ જ પીવાને માટે પાણીનાં પાત્ર રાખવાં નહિ.

શ્રુતનો વિનય એટલે સામાયિકથી માંડીને બિંદુસાર પર્યંતના જિનાગમોનો વિનય. ધર્મનો વિનય એટલે દેશ-વિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રનો વિનય. સાધુનો વિનય એટલે સત્તાવીશ ગુણોએ કરીને સહિત મહાપુરુષોનો વિનય. આચાર્યનો વિનય એટલે આચાર પાળનાર અને પળાવનાર વિશિષ્ટ પદથી વિભૂષિત ધર્માચાર્યનો વિનય. ઉપાધ્યાયનો વિનય એટલે સાધુઓને શ્રુતનું અધ્યયન કરાવનાર તથા ક્રિયામાર્ગની તાલીમ આપનાર વિશિષ્ટ પદથી વિભૂષિત ઉપાધ્યાયનો વિનય. પ્રવચનનો વિનય એટલે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનો વિનય અને દર્શનનો વિનય એટલે ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એ ત્રણે પ્રકારનાં સમ્યક્ત્વનો વિનય.

ત્રણ પ્રકારની શુદ્ધિ

સમ્યક્ત્વને નિર્મળ રાખવા માટે દશ પ્રકારના વિનય

ઉપરાંત ત્રણ પ્રકારની શુદ્ધિ જરૂરી છે. તેમાં જિનમત સિવાય બીજાને અસાર માનવા, એ પ્રથમ **મનઃશુદ્ધિ** છે. જિનાગમોમાં જીવાજીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જે રીતે દર્શાવ્યું છે, તેથી વિપરીત બોલવું નહિ, એ બીજી **વચનશુદ્ધિ** છે અને ખડ્ગાદિથી છેદાવા છતાં કે બંધનથી પીડાવા છતાં શ્રી જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઈને નમસ્કાર કરવો નહિ, એ ત્રીજી **કાયશુદ્ધિ** છે.

મહાકવિ ધનપાળ પ્રથમ બ્રાહ્મણધર્મી હતા, પણ પછીથી જિનેશ્વરદેવકથિત માર્ગમાં સ્થિર થયા હતા અને દૃઢ સમકિતી બન્યા હતા. એક વખત ભોજરાજા અન્ય પંડિતો સાથે તેમને પણ પોતાની સાથે મૃગયામાં લઈ ગયો. ત્યાં એક શિવાલય આવતાં રાજાએ તેમાં પ્રવેશ કર્યો, એટલે બધા પંડિતો શિવને સ્તુતિપૂર્વક નમસ્કાર કરવા લાગ્યા, પણ મહાકવિ ધનપાળ શાંત ઊભા રહ્યા. તેમણે પોતાનું મસ્તક શિવને નમાવ્યું નહિ. આ જોઈ રાજાએ કહ્યું: 'ધનપાળ! બધા પંડિતો શિવને નમસ્કાર કરે છે અને તું ચૂપ કેમ ઊભો છે?' ત્યારે ધનપાળે જરાયે સંકોચ અનુભવ્યા વિના કહ્યું કે—

जिनेन्द्रचन्द्रप्रणिपातलालसं,
मया शिरोऽन्यस्य न नाम नम्यते।
गजेन्द्रगल्लस्थलदानलालसं,
शुनीमुखे नालिकुलं निलीयते॥

'હે રાજન્! જિનેન્દ્રરૂપી ચન્દ્રને નમસ્કાર કરવાને

તલપી રહેલું મારું શિર હું અન્ય કોઈની સામે ઝુકાવતો નથી. મદોન્મત્ત હાથીનાં ગંડસ્થલમાંથી ઝરતો મદ પીવાને ઉત્સુક ભમરાઓનો સમૂહ શું કદી પણ કૂતરાનાં મુખમાંથી નીકળતી લાળ પર લીન થાય છે ખરો?'

આ જવાબથી રાજાને ઘણું જ માઠું લાગ્યું, પણ મહાકવિએ તેની દરકાર કરી નહિ. સમકિતધારી આત્મા કેવો દૃઢ હોય છે, તે આ પરથી સમજી શકાશે.

પાંચ પ્રકારનાં દૂષણો

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે—

शंका-कांक्षा-विचिकित्सा-मिथ्यादृष्टिप्रशंसनम्।
तत्संस्तवश्च पञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यमी॥

'શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા અને મિથ્યાદૃષ્ટિસંસ્તવ એ પાંચ સમ્યક્ત્વને દૂષિત કરનાર છે.'

વંદિત્તુસૂત્રની છઠ્ઠી ગાથામાં **शंका कंखा विगिच्छा** પદથી શરૂ થતી ગાથામાં આ પાંચ વસ્તુને સમ્યક્ત્વના અતિચાર તરીકે ઓળખાવવામાં આવી છે. અતિચારથી વ્રત મલિન થાય છે, વ્રતમાં દૂષણ લાગે છે, એટલે દૂષણ અને અતિચાર એ બે એક જ વસ્તુ છે.

જિનવચનની યથાર્થતા વિષે **શંકા** ઉઠાવવી નહિ, કારણ કે તેથી સમ્યક્ત્વ મલિન બને છે.

વળી સુદેવ, સુગુરુ અને સુધર્મ પામ્યા પછી અન્ય કોઈ મતની **આકાંક્ષા** કરવી નહિ. તાજું આમ્રફળ મળ્યા પછી અન્ય ફળની ઇચ્છા કોણ કરે? જિનમતની શ્રેષ્ઠતા વિષે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

निव्वाणमग्गे वरजाणकप्पं ।
पणासियासेसकुवाइदप्पं ॥
मयं जिणाणं सरणं बुहाणं,
नमामि निच्चं तिजगप्पहाणं ॥

मयं जिणाणं એટલે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો મત, તે निव्वाणमग्गे वरजाणकप्पं નિર્વાણના માર્ગમાં સુંદર વાહન સમાન છે. તાત્પર્ય કે જલ્દી મોક્ષ પમાડે તેવો છે. વળી તે કેવો છે? पणासियासेसकुवाइदप्पं–જેમાં કુવાદીઓના દર્પનો—અભિમાનનો સર્વથા નાશ કરી નાખેલો છે. શ્રીજિનશાસન અનેકાન્તમય કે સ્યાદ્વાદમય હોવાથી તેની સામે કોઈ કુવાદીઓની દલીલ કે યુક્તિ ચાલતી નથી અને તે અવશ્ય હારી જાય છે, એટલે જ તેને કુવાદીઓના દર્પનો સર્વથા નાશ કરી નાખનાર જણાવેલો છે. વળી તે કેવો છે? तो सरणं बुहाणं—વિદ્વાનોને—પંડિતોને પણ શરણ લેવા યોગ્ય છે. ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે ધુરંધર વિદ્વાનો હતા, છતાં તેમણે આ જિનમતનો આશ્રય લીધો હતો; કારણ કે તેમનાં મનમાં રહેલી સર્વ શંકાઓનું નિવારણ આ મત સાંભળવાથી જ થયું હતું. આવા तिजगप्पहाणं–ત્રણે જગતમાં શ્રેષ્ઠ મતને निच्चं नमामि–હું નિત્ય નમસ્કાર કરું છું.

ધર્મના ફળમાં સંદેહ રાખવો કે સાધુસાધ્વીનાં મલિન ગાત્ર–વસ્ત્રો જોઈને દુગંછા કરવી, એ **વિચિકિત્સા** કહેવાય. તેનાથી પણ સમ્યકત્વ મલિન થાય છે.

મિથ્યાદૃષ્ટિની પ્રશંસા કરવાથી મનનું તે તરફ આકર્ષણ થાય છે અને સમ્યકત્વમાં શિથિલતા–મલિનતા આવે છે, માટે તેનાથી બચવું જોઈએ.

મિથ્યાદૃષ્ટિના પરિચયથી પણ સમ્યકત્વમાં શિથિલતા આવે છે કે સમ્યકત્વને ડાઘ લાગે છે, તેથી તે પણ ત્યાગ કરવા યોગ્ય છે.

સમ્યકત્વના સડસઠ ભેદોમાંથી ચાર પ્રકારની સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ અને પાંચ પ્રકારનાં દૂષણો એમ કુલ પચીશ ભેદોનું વર્ણન થયું. બાકીના બેંતાલીશ ભેદોનું વર્ણન અવસરે કરાશે.



વ્યાખ્યાન તેંતાલીસમું

સમ્યકત્વ

[૩]

મહાનુભાવો !

શાસ્ત્રકાર ભગવંતોએ જેને અતુલ ગુણોનું નિધાન, સર્વ કલ્યાણનું બીજ, જન્મ–મરણાદિમય સંસારસાગરને તરી જવા માટેનું વહાણ, પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો અને ભવ્ય જીવોનું એક લક્ષણ કહ્યું છે, તે સમ્યકત્વના સડસઠ ભેદોનું વર્ણન ચાલી રહ્યું છે. સમ્યકત્વધારીની શ્રદ્ધા કેવી હોય ? તેનાં લક્ષણો શું ? તેણે કોનો–કેવો વિનય કરવો જોઈએ ? કેવી શુદ્ધિ રાખવી જોઈએ ? અને કયા દોષોથી બચવું જોઈએ ? એનું વર્ણન થઈ ગયું. હવે ક્રમ-પ્રાપ્ત આઠ પ્રભાવકોનું વર્ણન કરીશું.

આઠ પ્રભાવકો

સમ્યકત્વનો પ્રભાવ વિસ્તારવામાં જેમનું સામર્થ્ય હેતુભૂત હોય એવા મહાપુરુષને પ્રભાવક કહેવામાં આવે છે. સંખ્યાની દૃષ્ટિએ આવા પ્રભાવકો આજ સુધીમાં અનંત થઈ ગયા, કારણ કે જિનશાસન અનાદિકાલથી ચાલ્યું આવે છે. પરંતુ તેના પ્રકારો આઠ છે. તે અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે–

पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।
विज्जा–सिद्धो अ कवी, अट्ठेव पभावगा भणिया ॥

'પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન્, સિદ્ધ અને કવિ એ આઠ પ્રભાવકો કહેલા છે.'

જે મહાપુરુષ વિદ્યમાન જિનાગમોના પારગામી બની શાસનની પ્રભાવના કરે, તે **પ્રાવચનિક** નામના પ્રભાવક કહેવાય. જેમકે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ.

જે મહાપુરુષ ધર્મકથા કરવાની અર્થાત્ બીજાને ધર્મ પમાડવાની અદ્‌ભુત શક્તિ ધરાવતા હોય, તે **ધર્મકથી** નામના બીજા પ્રભાવક કહેવાય. જેમ કે મહર્ષિ નંદિષેણ.

જિનશાસનમાં નંદિષેણ નામના ત્રણ મહાત્માઓ પ્રસિદ્ધ છે. એક તો મુનિઓનું અદ્‌ભુત વૈયાવૃત્ત્ય કરનાર, બીજા શ્રી અજિતશાંતિના કર્તા અને ત્રીજા ધર્મકથી. આ ધર્મકથી નંદિષેણમુનિ શ્રેણિક રાજાના પુત્ર હતા અને શ્રી મહાવીર પ્રભુની ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ પામ્યા હતા. તેમણે ભોગેચ્છાઓ દબાવવા માટે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. અને એમ કરતાં વિશિષ્ટ લબ્ધિ પામ્યા હતા. કહ્યું છે કે–

कर्म खपावे चीकणां, भावमंगल तप जाण ।
पचास लब्धि उपजे, जय जय तप गुणखाण ॥

એક વખત નંદિષેણ મુનિ ભિક્ષા અર્થે નીકળ્યા છે, ત્યાં ઊંચું ધવલગૃહ જોઈ તેમાં પ્રવેશ કરે છે અને 'ધર્મ-લાભ' કહીને ઊભા રહે છે. એ વખતે ઘરની માલિકણ કહે છે કે 'મહારાજ ! અહીં ધર્મલાભની નહિ, પણ અર્થ-લાભની જરૂર છે.' આ શબ્દો સાંભળતાં જ મુનિવરને

ચાનક લાગે છે અને નજીકમાંથી એક તરણું ખેંચે છે, ત્યાં સોનૈયાની વૃષ્ટિ થાય છે.

આ જોઈ પેલી સ્ત્રી–વેશ્યા કહે છે કે 'હે પ્રભો! મૂલ્ય આપીને માલ લીધા વિના જવાય નહિ. આપ મારા પર દયા કરો. જો આપ મને તરછોડીને, મારો તિરસ્કાર કરીને, ચાલ્યા જશો તો આપને સ્ત્રીહત્યાનું પાપ લાગશે.'

આ વચનો સાંભળીને મુનિશ્રીની દબાયેલી ભોગેચ્છા જાગૃત થાય છે અને તેઓ વેશ્યાને ત્યાં રહી જાય છે. નિમિત્તને શાસ્ત્રકારોએ બળવાન કહ્યું છે, તે આટલા જ માટે. તે કયારે, કેવું પરિણામ લાવે, તે કંઈ કહી શકાય નહિ.

નંદિષેણ મુનિ વેશ્યાને ત્યાં રહી ગયા, પણ એ વખતે એવો નિયમ કર્યો કે રોજ ઉપદેશ આપી દશ પુરુષોને ધર્મ પમાડવો અને પછી ભોજન કરવું. આ નિયમ મુજબ નંદિષેણ મુનિ રોજ દશ પુરુષોને ધર્મ પમાડે છે અને પછી ભોજન કરે છે. અહીં વિચારવાનું એ છે કે વેશ્યાને ત્યાં આવનારા મોટા ભાગે દુરાચારી પુરુષો હોય, છતાં તેને વીતરાગકથિત શુદ્ધ ધર્મ પમાડે છે, અને ચારિત્ર લેવા મોકલે છે, તો એમની ધર્મ પમાડવાની શક્તિ કેટલી?

આવો ક્રમ બાર વર્ષ સુધી ચાલે છે. હવે એક દિવસ નવ માણસો પ્રતિબોધ પામે છે, પણ દશમો માણસ પ્રતિબોધ પામતો નથી. નંદિષેણ તેને સમજાવવા માટે પૂરો પ્રયત્ન કરે છે. એવામાં વેશ્યા આવીને કહે છે કે 'હે સ્વામી! હવે તો ભોજનવેળા વીતી જાય છે, માટે ઉઠો ને

ભોજન કરી લો. આજે દશમો કોઈ પ્રતિબોધ પામે તેમ લાગતું નથી.'

નંદિષેણ કહે છે કે 'દશમા પુરુષને ધર્મ પમાડવો જ જોઈએ. તે સિવાય ભોજન થઈ શકે નહિ.'

આ શબ્દો સાંભળી વેશ્યા હસતી હસતી કહે છે કે 'દશમા તો તમે પોતે પ્રતિબોધ પામો તો ભલે!'

એજ વખતે નંદિષેણની મોહનિદ્રા તૂટે છે અને તેમણે સાધુનાં કપડાં તથા ઉપકરણો બાજુએ મૂક્યા હતાં તે સંભાળી લે છે. હસતાંમાંથી બસતું થયું, એ જોઈ વેશ્યા ઘણી કરગરે છે, પણ નંદિષેણ ડગતા નથી. પછી તેઓ શ્રી મહાવીર પ્રભુ પાસે આવે છે અને યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી, ફરી સંયમની સાધના કરી આત્મકલ્યાણ સાધે છે.

જે મહાત્મા પ્રમાણ, યુક્તિ અને સિદ્ધાંતનાં બલથી પરવાદીઓ સાથે વાદ કરીને તેમના એકાંત મતનો ઉચ્છેદ કરી શકે, તે **વાદી** નામના ત્રીજા પ્રભાવક ગણાય છે. જેમ કે શ્રી મલ્લવાદિસૂરિ. તેમણે દ્વાદશારનયચક્ર આદિ ન્યાયના મહાન ગ્રંથો લખ્યા હતા અને ભરુચમાં બૌદ્ધાચાર્ય સાથે વાદ કરી તેને સખ્ત હાર આપી હતી.

જે મહાત્મા અષ્ટાંગનિમિત્ત તથા જ્યોતિષશાસ્ત્રના પારગામી બની શાસનની પ્રભાવના કરે તે **નૈમિત્તિક** નામના ચોથા પ્રભાવક ગણાય છે. જેમ કે શ્રી ભદ્રબાહુસ્વામી.

શ્રી ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામનો એક

ભાઈ હતો, તેણે પ્રથમ જૈન દીક્ષા લીધી હતી, પરંતુ કારણવશાત્ મૂકી દીધી હતી અને જ્યોતિષશાસ્ત્ર દ્વારા પોતાની મહત્તા બતાવી જૈન સાધુઓની નિંદા કરતો હતો. એક વખત આ વરાહમિહિરે રાજાના પુત્રની કુંડલી બનાવી અને તેમાં લખ્યું કે 'પુત્ર સો વરસનો થશે.' આથી રાજાને ઘણો હર્ષ થયો અને તે વરાહમિહિરનું બહુમાન કરવા લાગ્યો. આ તકનો લાભ લઈ વરાહમિહિરે કહ્યું કે 'મહારાજ! આપને ત્યાં પુત્રજન્મ થતાં બધા ખુશાલી દર્શાવવા આવી ગયા, પણ જૈનોના આચાર્ય ભદ્રબાહુ આવ્યા નથી. તેનું કારણ તો જાણો!'

રાજાએ તે અંગે તપાસ કરવા માણસ મોકલ્યો. ત્યારે શ્રીભદ્રબાહુસ્વામીએ કહ્યું કે 'નકામું બે વખત શું કામ આવવું-જવું? આ પુત્ર તો સાતમા દિવસે બિલાડીથી મરણ પામવાનો છે.'

માણસે આ હકીકત રાજાને કહી. આથી રાજાએ ગામમાં જેટલી બિલાડીઓ હતી, તે બધીને પકડાવીને દૂર મોકલી દીધી અને પુત્રની રક્ષા કરવાને માટે સખ્ત ચોકી પહેરા મૂકી દીધા.

હવે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેઠી બેઠી પુત્રને ધવરાવતી હતી, એવામાં અકસ્માત લાકડાનો આગળિયો પુત્રનાં મસ્તક પર પડ્યો અને તે મરણ પામ્યો. આથી વરાહમિહિર ખૂબ શરમાઈ ગયો અને તે પોતાનું મુખ છૂપાવવા લાગ્યો. આ વખતે શ્રીભદ્રબાહુસ્વામી રાજા

પાસે ગયા અને તેમણે રાજાને સંસારનું સ્વરૂપ સમજાવી આશ્વાસન આપ્યું. રાજાએ તેમનાં જ્યોતિષવિષયક અગાધ જ્ઞાનની પ્રશંસા કરી અને સાથે એ પણ પૂછ્યું કે 'બિલાડીથી મરણ થશે, એ વાત સાચી કેમ ન પડી?' એ વખતે શ્રીભદ્રબાહુસ્વામીએ લાકડાનો આગળિયો મંગાવ્યો, તો તેના પર બિલાડીનું મોઢું કોરેલું હતું, એટલે બાળકનું મરણ બિલાડીથી જ થયું હતું, એ વાત પણ બરાબર સાચી હતી. આથી રાજા તેમનો ભક્ત બન્યો અને જિનશાસનની ખૂબ પ્રભાવના થઈ.

જે મહાત્મા વિવિધ પ્રકારની તપશ્ચર્યા વડે શાસનની પ્રભાવના કરે તે **તપસ્વી** નામના પાંચમા પ્રભાવક ગણાય. જેમ કે શ્રી વિષ્ણુકુમાર મુનિ. તેમની કથા અમે આગળ કહી ગયા છીએ.

જે મહાત્મા મંત્રતંત્ર આદિ વિદ્યાનો ઉપયોગ શાસનની ઉન્નતિ માટે કરે તે **વિદ્યાવાન** નામના છઠ્ઠા પ્રભાવક ગણાય. જેમ કે શ્રી આર્યખપુટાચાર્ય.

આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ મહાત્મા વિદ્યમાન હતા અને તેઓ ભરુચ આસપાસના પ્રદેશમાં વિચરતા હતા. તેમણે બૌદ્ધો અને બ્રાહ્મણોનાં આક્રમણ સામે મંત્રતંત્રની અજબ શક્તિ બતાવી શ્રી જિનશાસનની સુંદર પ્રભાવના કરી હતી.

જે મહાત્મા અંજન-ચૂર્ણ-લેપ આદિ સિદ્ધ કરેલા યોગો વડે શ્રી જિનશાસનનું ગૌરવ વધારે તેમને **સિદ્ધ**

નામના સાતમા પ્રભાવક ગણાય. જેમ કે શ્રી પાદલિપ્તસૂરિ. તેઓ લેપના પ્રયોગથી આકાશગમન કરી શકતા હતા તથા સુવર્ણસિદ્ધિ વગેરે પ્રયોગો જાણતા હતા. તેમણે આ શક્તિ વડે શાસનની સુંદર પ્રભાવના કરી હતી. પ્રસિદ્ધ રસશાસ્ત્રી નાગાર્જુને તેમના શિષ્ય બની આકાશગમનની શક્તિ પ્રાપ્ત કરી હતી. તેણે પોતાના ગુરુની સ્મૃતિમાં શ્રીશત્રુંજયની તળેટીમાં પાદલિપ્તપુરી નામનું નગર વસાવ્યું હતું, જે આજે પાલીતાણા તરીકે પ્રસિદ્ધ છે.

જે મહાત્મા અદ્‌ભુત કાવ્યશક્તિ વડે સહુનાં હૃદયનું હરણ કરી શકે, તે **કવિરાજ** નામના પ્રભાવક ગણાય. જેમ કે શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી બપ્પભટ્ટિસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે.

તમે કહેશો કે હાલ તો આવા કોઈ મહાન પ્રભાવક આચાર્યો દેખાતા નથી, પણ તે કાલાંતરે પાકે છે અને કોઈ કોઈ સમય એવો પણ આવી જાય છે કે જ્યારે એક સાથે અનેક પ્રભાવકો હોય છે. જે કાળમાં આવા પ્રભાવકો ન દેખાતા હોય ત્યારે નિર્મળ સંયમની સાધના કરનારા તથા વિધિપૂર્વક તીર્થયાત્રા કરનારા તથા કરાવનારા તથા આડંબરથી પૂજા વગેરે મહોત્સવો કરાવનારા વગેરેને પ્રભાવક સમજવા. શ્રી યશોવિજયજી મહારાજે સમકિતની સડસઠ બોલની સજ્ઝાયમાં આ ખુલાસો કરેલો છે.

પાંચ ભૂષણો

જેનાથી વસ્તુ શોભે-દીપે તેને ભૂષણ કહેવાય. સમ્યક્ત્વને શોભાવનારી-દીપાવનારી પાંચ વસ્તુઓ છે, તેને સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો કહેવામાં આવે છે. તેમાંનું પ્રથમ ભૂષણ તે **સ્થૈર્ય** એટલે ધર્મપાલનમાં સ્થિરતા-દૃઢતા છે. લોભ લાલચથી ડગી જનારા કે મુશ્કેલી પડતાં ધર્મને આઘો મૂકનારાઓનું સમ્યક્ત્વ શી રીતે શોભે? ત્રીજા વ્યાખ્યાનમાં તમને એક મંત્રીનું દૃષ્ટાંત કહ્યું હતું. ચતુર્દશીના દિવસે તેણે પોસહ કર્યો હતો અને રાજાનું તેડું આવ્યું, ત્યારે તેણે શું કહ્યું, એ યાદ છે ને? 'આજે મારે પોસહ છે, માટે આવી શકીશ નહિ.' આથી રાજા ગુસ્સે થાય છે, મંત્રી મુદ્રા પાછી મંગાવે છે, છતાં તે ધર્મપાલનમાંથી ડગતો નથી. એ મંત્રી મુદ્રા પાછી સોંપે છે અને કહે છે કે 'મુદ્રા ગઇ તો ઉપાધિ ગઇ. તે હતી, ત્યારે ધર્મધ્યાનની વચ્ચે આવતી હતી. હવે ધર્મધ્યાન નિરાંતે કરી શકીશ.' જ્યારે આત્માના પરિણામો આવા દૃઢ થાય ત્યારે સમજવું કે તેમાં સ્થૈર્ય આવ્યું છે.

બીજું ભૂષણ તે **પ્રભાવના** છે. આજે તો તમે પ્રભાવનાનો અર્થ એટલો જ સમજો છો કે પતાસાં, સાકર, બદામ, લાડુ કે શ્રીફળ વહેંચવા તેનું નામ પ્રભાવના. પણ પ્રભાવનાનો અર્થ ઘણો વિશાળ છે. જેનાથી ધર્મનો પ્રભાવ વધે, તેવાં સર્વ કાર્યોને પ્રભાવના કહેવાય. તેમાં ધાર્મિક ઉત્સવ-મહોત્સવો આવે, રથયાત્રાદિ આવે અને સારું સાહિત્ય તૈયાર કરી તેનો પ્રચાર કરવાનું પણ આવે, કારણ કે તેનાથી ધર્મના પ્રભાવ વિસ્તરે છે અને હજારો આત્મા ધર્માભિમુખ થાય છે.

ત્રીજું ભૂષણ તે **ભક્તિ** છે. ભક્તિ એટલે શ્રી જિનેશ્વર,

દેવની ભક્તિ અને ગુરુ મહારાજની ભક્તિ. આજકાલ એવું કહેનાર પણ નીકળ્યા છે કે જૈનધર્મ તો ત્યાગ–વૈરાગ્યનો ઉપદેશ આપનારો છે, તેમાં ભક્તિની વાત વૈષ્ણવ સંપ્રદાય અર્થાત્ ભક્તિમાર્ગમાંથી આવી છે. આવાઓને શું કહેવું ? નથી શાસ્ત્રનો અભ્યાસ, નથી ઇતિહાસનું જ્ઞાન. મનફાવતું વિધાન કરવું એ કંઈ ડહાપણભરેલું ગણાય નહિ. જૈનધર્મ કયારનો અને વૈષ્ણવ ધર્મ કે ભક્તિ સંપ્રદાય કયારનો ? વૈષ્ણવધર્મ તો વલ્લભાચાર્યે ચલાવ્યો અને ભક્તિસંપ્રદાયને પ્રથમનો માનીએ તો પણ એ બે હજાર વર્ષથી તો જૂનો નથી જ. જ્યારે જૈન ધર્મ તો ક્રોડો વર્ષથી ચાલ્યો આવે છે અને તેના પાયામાં જ સમ્યકત્વ એટલે શ્રદ્ધા–ભક્તિ–સમર્પણનો સિદ્ધાંત રહેલો છે. છ આવશ્યકમાં બીજું આવશ્યક ચતુર્વિંશતિસ્તવ અને ત્રીજું આવશ્યક વંદન છે, તેમાં શ્રી જિનેશ્વરદેવ અને ગુરુની ભક્તિનું જ વિધાન છે.

સ્મરણ, વંદન, પૂજન વગેરે દ્વારા શ્રી જિનેશ્વરદેવની ભક્તિ થાય છે. તેમાં પૂજનના અનેક પ્રકારો છે. પાંચ પ્રકાર, આઠ પ્રકાર, સત્તર પ્રકાર, ચોસઠ પ્રકાર, યાવત્ એકસોને આઠ પ્રકાર. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે 'भत्तीइ जिणवराणं खिज्जंती पुव्वसंचिआ कम्मा–શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરવાથી પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છે.'

વિધિસર વંદન કરવું, સુખશાતાની પૃચ્છા કરવી, અશનપાનાદિ ચારે પ્રકારનો આહાર વહોરાવવો, ઔષધ–ઉપધિ–પુસ્તક–વસતિ વગેરે આપવા એ ગુરુની ભક્તિ છે. તેનું ફળ પણ ઘણું મહાન છે. ધન સાર્થવાહે તાજું ઘી

વહોરાવીને ગુરુભક્તિ કરી તો સમ્યકત્વ પામ્યો અને કાલાંતરે શ્રી ઋષભદેવ નામનો પ્રથમ તીર્થંકર થયો. નયસારને પણ ગુરુભક્તિ કરતાં જ સમ્યકત્વની સ્પર્શના થઈ હતી અને આગળ જતાં તીર્થંકરપદ પ્રાપ્ત થયું હતું.

શ્રી ગૌતમસ્વામી પૂછે છે કે 'હે ભગવન્ ! ગુરુને વંદન કરવાથી જીવને શું ફળ મળે ?' ત્યારે ભગવાન ઉત્તર આપે છે કે 'હે ગૌતમ ! ગુરુને વંદન કરવાથી જીવ ગાઢ બંધનવાળી આઠે કર્મની પ્રકૃતિઓને શિથિલ બંધનવાળી કરે છે, ચિરકાલની સ્થિતિ પામેલાં કર્મોને અલ્પ સ્થિતિવાળાં કરે છે, તીવ્ર અનુભાવવાળા આઠે કર્મને મંદ અનુભાવવાળા કરે છે અને બહુ પ્રદેશવાળા આઠે કર્મને અલ્પ પ્રદેશવાળા કરે છે, તેથી તે અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતો નથી.' આ રીતે ગુરુવંદનનું અંતિમ ફળ મોક્ષ છે. પંચપરમેષ્ઠિનાં પાંચ પદોમાં પ્રથમ બે પદ દેવનાં અને પછીનાં ત્રણ પદ ગુરુનાં છે, એ તમારાં લક્ષમાં હશે જ.

ચોથું ભૂષણ તે **ક્રિયાકુશલતા** છે. શ્રી જિનેશ્વર ભગવંતોએ આત્મશુદ્ધિ—આત્મવિકાસ માટે અનેક પ્રકારની ક્રિયાઓ બતાવી છે. તેમાં કુશલતા રાખવી, એ સમ્યકત્વનું ચોથું ભૂષણ છે. તત્ત્વબોધ યથાર્થ હોય, પણ ક્રિયામાં કુશળ ન હોય તો આત્માનો ઉદ્ધાર શી રીતે થાય ? જ્ઞાન અને ક્રિયા બંનેના યોગથી જ શ્રી જિનશાસનમાં મુક્તિ માનેલી છે.

પાંચમું ભૂષણ તે **તીર્થસેવન** છે. અહીં તીર્થ શબ્દથી સ્થાવર અને જંગમ બંને પ્રકારનાં તીર્થો સમજવાનાં છે.

શ્રી શત્રુંજય, શ્રીગિરનાર, શ્રી આબૂ વગેરે સ્થાવર તીર્થો છે અને પંચમહાવ્રતધારી ત્યાગી મુનિવરો એ જંગમ તીર્થો છે. તેમનું સેવન કરવાથી સમ્યકત્વની શોભા વધે છે. શ્રાવકોએ સ્થાવર તીર્થોની યાત્રાએ વર્ષમાં એક વાર તો અવશ્ય જવું, એવો શાસ્ત્રકારોનો આદેશ છે, કારણ કે તેથી જીવનની ચાલુ ઘરેડમાંથી મુક્ત થવાય છે અને ભાવોલ્લાસ પૂર્વક જિનભક્તિ આદિ થઈ શકે છે.

પાંચ લક્ષણો

શાસ્ત્રકારોએ સમ્યકત્વનાં પાંચ લક્ષણો બતાવ્યાં છે; શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. જેમ ધૂમાડાથી અગ્નિનું અસ્તિત્વ જાણી શકાય છે, તેમ આ લક્ષણોથી સમ્યકત્વનું અસ્તિત્વ જાણી શકાય છે.

શમ એટલે શાંતિ, ક્રોધાદિ અનંતાનુબંધી કષાયોનો અનુદય. ગમે તેવાં બળવાન કારણો ઉપસ્થિત થવા છતાં ક્રોધાદિને વશ થવું નહિ. ક્ષમાદિ રાખવા, શાંતિ ધારણ કરવી, એ સમ્યકત્વનું પ્રથમ લક્ષણ છે.

સંવેગ એટલે મોક્ષનો અભિલાષ. તે અંગે શાસ્ત્રકાર મહાર્ષિઓએ કહ્યું છે કે–

નરવિબુહેસરસુક્ખં, દુક્ખં ચિય ભાવઓ અ મન્નંતો।
સંવેગઓ ન મુક્ખં, મુત્તૂણં કિં પિ પત્થેઇ॥

'સંવેગવાળો આત્મા રાજા અને ઇંદ્રોનાં સુખને પણ અંતરથી દુઃખ માને છે. તે મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની રુચિ ધરાવતો નથી.' તાત્પર્ય કે સમકિતી આત્મા આત્માનાં

સુખને જ સાચું સુખ માને છે અને પૌદ્ગલિક સુખને દુઃખ માને છે, કારણ કે તેનું અંતિમ પરિણામ દુઃખ છે.

નિર્વેદ એટલે ભવભ્રમણનો કંટાળો. ભવભ્રમણમાં જન્મ, જરા, રોગ, શોક, મરણ આદિ અનેક પ્રકારનાં દુઃખો રહેલાં છે, પણ જ્યાં સુધી તેનો કંટાળો આવે નહિ, ત્યાં સુધી તેમાંથી છૂટવાની વૃત્તિ જોરદાર બને નહિ. અને એ વૃત્તિ જોરદાર બને નહિ, ત્યાં સુધી ભવભ્રમણને ટાળવાના ઉપાયો માટે હૃદયમાં તાલાવેલી જાગે નહિ. કારાગારમાં પડેલો માનવી તેમાંથી છૂટો થવા માટે જે પ્રકારની મનોવૃત્તિ ધરાવે, તેવી જ મનોવૃત્તિ સંસારરૂપી કારાગારમાંથી છૂટવાની થાય, ત્યારે સમજવું કે નિર્વેદ ઉત્પન્ન થયો છે.

અનુકંપા એટલે દુઃખીઓ પ્રત્યે દયાની લાગણી, કરુણાની ભાવના. આનો અર્થ એમ સમજવાનો કે જે આત્મા સમકિતી હોય તેનું હૃદય કોમળ હોય અને તે કોઈ પણ વસ્તુ નિર્દયતાનાં પરિણામથી કરે નહિ. પૂર્વ વ્યાખ્યાનોમાં આ વસ્તુ તમારાં લક્ષમાં લાવવામાં આવી છે.

આસ્તિક્ય એટલે જિનવચન પર પરમ વિશ્વાસ, નવતત્ત્વમાં પૂરી શ્રદ્ધા, દેવગુરુધર્મ પ્રત્યે અડગ નિષ્ઠા. જ્યાં આ પ્રકારનું આસ્તિક્ય—આ પ્રકારની આસ્થા ન હોય, ત્યાં સમ્યકત્વનો સદ્ભાવ શી રીતે માનવો? તાત્પર્ય કે ન જ મનાય.

સમ્યકત્વનાં આ લક્ષણોનો ક્રમ પ્રાધાન્ય ગુણને અનુ-

લક્ષીને જ સમજવાનો છે. ઉત્પત્તિના ક્રમથી વિચાર કરીએ તો આસ્તિક્ય પહેલું છે; અનુકંપા બીજી છે, નિર્વેદ ત્રીજો છે, સંવેગ ચોથો છે અને શમ પાંચમો છે.

જ્યાં સમ્યક્ત્વ સ્પર્શ્યું કે આત્માને તત્ત્વના અર્થમાં શ્રદ્ધા થાય છે, એ જ આસ્તિક્ય છે. જ્યાં આસ્તિક્ય આવ્યું કે આત્મા દયાવાન્ બને છે અને તે સર્વ પ્રત્યે દયાભાવ રાખે છે. આ રીતે આત્મા સ્વદયા અને ભાવદયામાં રમતો થયો કે તેને ભવભ્રમણનો ભારે ખેદ ઉપજે છે અને તે જ નિર્વેદ છે. આવા નિર્વેદવાન્ આત્માને જીવનમાં એક જ અભિલાષા રહે છે અને તે મોક્ષની. જ્યાં માત્ર મોક્ષાભિલાષા જ વર્તતી હોય ત્યાં કષાયનાં મૂળ આપોઆપ ઢીલાં પડી જાય છે અને શમનું સામ્રાજ્ય જામે છે.

છ યતના

સમ્યક્ત્વધારીએ કઈ વસ્તુમાં પ્રયત્નશીલ રહેવાનું છે, તેનો વિચાર પણ શાસ્ત્રમાં સુંદર રીતે થયેલો છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે સમ્યક્ત્વધારીએ છ પ્રકારની યતના કરવી, એટલે કે છ બાબતમાં પ્રયત્નશીલ રહેવું. તે આ પ્રમાણે :

(૧-૨) પરતીર્થિક, તેમના દેવ અને તેમણે ગ્રહણ કરેલાં ચૈત્યને વંદન કરવું નહિ, તેમ જ તેને પૂજવાં નહિ.

(૩-૪) પરતીર્થિકને, તેમના દેવોને, તેમણે ગ્રહણ કરેલાં ચૈત્યોને સુપાત્ર બુદ્ધિથી દાન દેવું નહિ તથા અનુપ્રદાન કરવું નહિ, એટલે કે ભેટો વગેરે ચડાવવી નહિ.

(૫-૬) પરતીર્થિકે બોલાવ્યા વિના પ્રથમ જ તેની સાથે બોલવું નહિ કે તેની સાથે લાંબો વાર્તાલાપ કરવો નહિ.

છ આગાર

જેમ કાયદો ઘડતી વખતે તેમાં અપવાદની કલમો રાખવામાં આવે છે, તેમ પ્રતિજ્ઞા લેતી વખતે તેમાં કેટલીક છૂટો-કેટલાક આગારો રાખવામાં આવે છે. આથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. સમ્યક્ત્વના છ આગારો નીચે મુજબ છે :

(૧) **રાજાભિયોગ** એટલે અંતરની ઇચ્છા ન હોય, પણ રાજાની આજ્ઞાથી કોઈ કામ કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય.

(૨) **ગણાભિયોગ** એટલે અંતરની ઇચ્છા ન હોય, પણ ગણ એટલે લોકસમૂહના આગ્રહથી કોઈ કામ કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય.

(૩) **બલાભિયોગ** એટલે અંતરની ઇચ્છા ન હોય, પણ કોઈ વધારે બલવાનની ઇચ્છાથી કોઈ કામ કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય.

(૪) **દેવાભિયોગ** એટલે અંતરની ઇચ્છા ન હોય, પણ દેવના હઠાગ્રહથી કોઈ કામ કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય.

(૫) **ગુરુનિગ્રહ** એટલે અંતરની ઇચ્છા ન હોય, પણ માતા, પિતા, કલાચાર્ય વગેરેનું દબાણ થવાથી કોઈ કાર્ય કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ ન થાય.

(૬) **વૃત્તિકાંતાર** એટલે આજીવિકાની પરાધીનતા અંગે શુદ્ધ ધર્મથી પ્રતિકૂળ નિરુપાયે કોઈ પ્રવૃત્તિ કરવી પડે, તો સમ્યકત્વનો ભંગ ન થાય.

છ ભાવના

સમ્યકત્વને પુષ્ટ કરવા માટે છ પ્રકારની ભાવના ભાવવી આવશ્યક છે.

સમ્યકત્વ એ **ચારિત્રધર્મરૂપી વૃક્ષનું મૂળ** છે, એમ ચિંતવવું એ પ્રથમ ભાવના છે. મૂળ લીલું હોય, રસાલ હોય તો વૃક્ષ ફાલે-ફૂલે છે, તેમ સમ્યકત્વ સુદૃઢ હોય તો ચારિત્રરૂપી વૃક્ષ ફાલે-ફૂલે છે, એ વિચાર આ ભાવનાથી દૃઢ કરવાનો છે.

સમ્યકત્વ એ **ધર્મનગરમાં પેસવાનું દ્વાર** છે, એમ ચિંતવવું એ બીજી ભાવના છે. પહેલાના જમાનામાં નગર ફરતો કોટ બાંધવામાં આવતો અને તેમાં અમુક દરવાજા રાખવામાં આવતા. એ દરવાજા મારફત જ નગરમાં દાખલ થઈ શકાતું. આજે તો નગરની રચનાઓ ફરી ગઈ છે અને કોટ-કિલ્લાનું વિશેષ મહત્ત્વ રહ્યું નથી. પરંતુ અહીં એવો ભાવ હૃદયમાં દૃઢ કરવાનો છે કે જો સમ્યકત્વરૂપી દરવાજો હશે તો જ ધર્મરૂપી નગરમાં દાખલ થઈ શકાશે અને તેમાં જે ઉત્તમોત્તમ વસ્તુઓ પડેલી છે, તેનાં દર્શન થઈ શકશે.

સમ્યકત્વ એ **ધર્મરૂપી મહેલનો પાયો છે**, એમ ચિંતવવું એ ત્રીજી ભાવના છે. પાયા વિના મહેલ ટકે નહિ, તેમ

સમ્યકત્વ વિના ધર્માચરણ ટકે નહિ. આ સંબંધમાં કેટલુંક વિવેચન પૂર્વે થઈ ગયું છે.

સમ્યકત્વ એ **જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણનો નિધિ** છે, એમ ચિંતવવું એ ચોથી ભાવના છે. જો સમ્યકત્વરૂપ ભંડાર ન હોય તો મૂળ અને ઉત્તર ગુણરૂપી રત્નો છૂટાં શી રીતે રહી શકે? જો રત્ન છૂટાં પડ્યાં હોય તો તેને ઉપાડી લેવા માટે ચોર-બદમાશ વગેરે તૈયાર જ બેઠા હોય છે, તેમ આ મૂળ અને ઉત્તર ગુણરૂપી રત્નો છૂટાં પડ્યાં હોય તો તેને ઉપાડી લેવા રાગ અને દ્વેષરૂપી બળવાન ચોરો ભવોભવથી તાકી રહેલા છે.

સમ્યકત્વ એ **ચારિત્રરૂપી જીવનનો આધાર** છે, એમ ચિંતવવું એ પાંચમી ભાવના છે. જેમ પૃથ્વી સકલ વસ્તુનો આધાર છે, તેમ સમ્યકત્વ એ ચારિત્રરૂપી જીવનનો આધાર છે. તાત્પર્ય કે જ્યાં સુધી સમ્યકત્વ હોય છે, ત્યાં સુધી શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ આદિ ગુણો રહે છે અને સમ્યકત્વ ન હોય તો એ ગુણો ટકી શકતા નથી.

સમ્યકત્વ એ **ચારિત્રરૂપી રસનું પાત્ર** છે, એમ ચિંતવવું એ છઠ્ઠી ભાવના છે. શ્રુત અને ચારિત્ર આત્મવિકાસ માટે અનુપમ વસ્તુ છે, પણ તે સમ્યકત્વરૂપી પાત્ર હોય તો જ ઝીલી શકાય છે.

આ રીતે સમ્યકત્વ સંબંધી જુદી જુદી રીતે વિચાર કરવાથી સમ્યકત્વ દૃઢ થાય છે અને તેમાં મલિનતા આવતી નથી.

છ સ્થાનો

સમ્યક્ત્વને ટકાવવા માટે તાત્ત્વિક ભૂમિકાની જરૂર છે. આ તાત્ત્વિક ભૂમિકા છ સ્થાનો કે છ સિદ્ધાંતોનો સ્વીકાર કરવાથી તૈયાર થાય છે. તે આ પ્રમાણે :

(૧) જીવ છે.
(૨) તે નિત્ય છે.
(૩) તે શુભાશુભ કર્મનો કર્તા છે.
(૪) તે શુભાશુભ કર્મફળનો ભોક્તા છે.
(૫) તે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવી શકે છે.
(૬) મોક્ષનો ઉપાય સુધર્મ છે.

આત્મા અને કર્મ પરની વ્યાખ્યાનમાળામાં આ છ સિદ્ધાંતો અંગે ઘણું વિવેચન કરેલું છે, એટલે અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ.

આ રીતે સમ્યક્ત્વના સડસઠ ભેદોનું વર્ણન અહીં પૂરું થાય છે. તેને બરાબર સમજીને ચાલનાર શુદ્ધ સમકિતી બની શકે છે અને આ દુઃખપૂર્ણ સંસારનો પાર પામી શકે છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ચુમાલીસમું

સમ્યગ્જ્ઞાન

મહાનુભાવો !

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માના મૂળ ગુણો છે અને તેનો ઉત્કૃષ્ટ વિકાસ કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ ત્રણ ગુણો પૈકી સમ્યગ્દર્શનનો વિચાર વિસ્તારથી કર્યો. હવે સમ્યગ્જ્ઞાનનો વિચાર પણ વિસ્તારથી કરીશું; તે તમે એકાગ્ર ચિત્તે સાંભળો.

અહીં એકાગ્ર ચિત્તની સૂચના એટલા માટે કરીએ છીએ કે ઘણા મહાનુભાવો વ્યાખ્યાન સાંભળવા હોંશથી આવે છે, પણ ચિત્તની જોઈએ તેવી એકાગ્રતા ન હોવાનાં કારણે અહીં કહેવાતો વિષય બરાબર ગ્રહણ કરી શકતા નથી. જ્યાં વિષય જ બરાબર ગ્રહણ ન થાય, ત્યાં તેના પર ચિંતન-મનન કરવાનું બને કયાંથી ?

'सवणे नाणे विन्नाणे' એ જિનાગમનાં વચનો છે. તેનો અર્થ એ છે કે સદ્ગુરુમુખેથી શાસ્ત્રોનું શ્રવણ કરતાં જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન થાય છે અને એ જ્ઞાનનાં પરિણામે આત્માને વિશિષ્ટ રીતે ઓળખવારૂપ વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પરંતુ શાસ્ત્રશ્રવણ જ યથાર્થ રીતે ન થાય, તો જ્ઞાન-વિજ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય ?

ચિત્તની એકાગ્રતા–શાંતિનો અનુભવ

કેટલાક કહે છે કે 'અમે ચિત્તને–મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન તો કરીએ છીએ, પણ તે એકાગ્ર થતું નથી; માટે કોઈ એવો ઉપાય બતાવો કે જેથી તે જલ્દી એકાગ્ર થઈ શકે.' આના ઉત્તરમાં અમારે એ કહેવાનું છે કે તમારા અંતરમાં અનેક પ્રકારની આશાઓ–તૃષ્ણાઓ ભરેલી છે, એટલે તમારું ચિત્ત સદા વ્યાકુલ રહે છે અને તે અનેકાનેક વસ્તુનો વિચાર કર્યા કરે છે. જો તમે એ આશાઓને છોડી દો, તૃષ્ણાનો તાર કાપી નાખો, તો તમારું મન શાંત થશે અને તે જ્યાં ત્યાં ભટકશે નહિ. પછી તો એકાગ્રતા સરળ થઈ જશે. બીજી વસ્તુ અભ્યાસની છે. તમે રોજ સામાયિક કરો અને તેનો અભ્યાસ વધારતા જાઓ તો તમારું મન જલ્દી શાંત થશે, પછી તેને એકાગ્ર કરવામાં તમને જરાયે મુશ્કેલી નહિ પડે.

અમે તમને રોજ ધર્મનો ઉપદેશ આપીએ છીએ અને સંસારની અસારતા સમજાવીએ છીએ, તે એટલા જ માટે કે તમારું મન વૈરાગ્યના રંગે રંગાય અને તમે શાંતિનો અનુભવ કરી શકો, પણ પરિસ્થિતિ વિચિત્ર છે. માખી જેમ બળખામાં ચોટી જાય, તેમ તમારું મન સંસારના ભોગવિલાસોમાં ચોટી ગયું છે અને તેની પ્રાપ્તિ માટે નિરંતર–વલખાં મારે છે, એટલે તમને શાંતિનો અનુભવ થતો નથી.

તમે પ્રભુપૂજા કરો છો, માળા ફેરવો છો, તેમજ

બીજી ક્રિયાઓ કરો છો, પણ ચિત્તની સ્થિતિ ડામાડોળ હોવાથી તેમાં તન્મયતા જામતી નથી અને પરિણામે તેનું વાસ્તવિક ફળ પામી શકતા નથી.

આટલું પ્રસંગોચિત. હવે પ્રસ્તુત વિષય પર આવીએ અને તેની વિચારણા કરીએ.

જ્ઞાનનું મહત્ત્વ

જ્ઞાન એ આત્માનો પ્રધાન ગુણ છે, કારણ કે તેના વડે જ તે જડથી જુદો જણાઈ આવે છે. એક જૈન મહર્ષિ જ્ઞાનનો મહિમા પ્રકાશતાં જણાવે છે કે—

ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય ।
તેમાં પણ જ્ઞાન જ વડું રે, જિનથી દંસણ હોય ॥
ભવિયણ ચિત્ત ધરો,
મન–વચ–કાય અમાયો રે, જ્ઞાન–ભગતિ કરો ॥

'આ વિશ્વની સઘળી વસ્તુઓ અનંતધર્માત્મક છે, તેમ આત્મા પણ અનંતધર્માત્મક છે. તેમાં બે ગુણોની મુખ્યતા છે : જ્ઞાન અને દર્શન. આ બે ગુણોમાં પણ જ્ઞાન મોટું છે, કારણ કે તેના વડે દર્શન અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે હે ભવ્યજનો! મારી વાત તમે ધ્યાન પર લો અને દંભરહિત બની મન વચન–કાયાથી જ્ઞાનની ઉપાસના કરો.'

આત્મા જ્ઞાનવડે પદાર્થને જાણે છે અને તેના પર શ્રદ્ધા કરે છે, એટલે જ્ઞાનને લીધે દર્શનની–સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, એ વચનો યથાર્થ છે. જેને જ્ઞાન નથી, તેને કદી

પણ સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી. ઘડાને, વસ્ત્રને કે થાંભલાને કદી પણ સમ્યકત્વ પ્રાપ્ત થાય ખરૂં?

જ્ઞાને ચારિત્રગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય ।
જ્ઞાને થિરિરપણું લહે રે, આચારજ ઉવજ્ઝાય ।
ભવિયણ ચિત્ત ધરો, મન૦

મોક્ષની પ્રાપ્તિ માટે ચારિત્ર એ સહુથી નજીકનું કારણ છે. તેના ગુણો એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે. તેની વૃદ્ધિ જ્ઞાનને લીધે જ થાય છે. જો જ્ઞાન ન હોય તો ચારિત્ર ફીકકું પડે, તેની બધી શોભા મારી જાય.

કલ્પના કરો કે એક માણસ જડપ્રાયઃ છે. તે જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય? અથવા પુણ્યની પ્રવૃત્તિ શી? પાપની પ્રવૃત્તિ શી? એ બીલકુલ જાણતો નથી, તો તે અહિંસાદિ ગુણોને પોતાનાં જીવનમાં યથાર્થપણે ઉતારી શકશે ખરો? 'મેં અમુક વ્રતો લીધાં છે, તેના લીધે મારું અમુક કર્તવ્ય છે, તે મારે આ રીતે પાળવું જોઈએ,' વગેરે વિચારો જ્ઞાન સિવાય આવે ખરા? જો એ વિચાર જ ન આવે તો જીવનમાં ખીલે શી રીતે? જ્ઞાનીઓનો એ સર્વમાન્ય અભિપ્રાય છે કે 'જેનામાં જ્ઞાન નથી, વિવેક નથી, તે કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક પ્રગતિ કરી શકતો નથી.'

શ્રદ્ધા સાથે જ્ઞાનની પણ જરૂર છે.

'सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं' —એવું એક શાસ્ત્રવચન છે. તેનો સામાન્ય અર્થ એ છે કે 'જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધા રાખનારો જીવ અજરામર સ્થાનને પામે છે.' આ પરથી કોઈ એમ સમજતું હોય કે માત્ર તત્ત્વો પર શ્રદ્ધા રાખવાથી જ જીવ મોક્ષ પામે છે અને જ્ઞાનની કાંઈ જરુર નથી, તો એ સમજણ બરાબર નથી. જે જીવ અભવ્ય છે, તેને કદી પણ સમ્યકત્વની સ્પર્શના થતી નથી, એટલે તે જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાવાન્ બનતો નથી, તેથી ભણ્યો છતાં મોક્ષે જતો નથી. પરન્તુ ભવ્ય જીવને અમુક સમયે સમ્યકત્વની સ્પર્શના થાય છે, તેના લીધે તે જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાવાન્ બને છે, અને છેવટે તે મુક્તિમાં જાય છે. શ્રદ્ધા વગર મુક્તિમાં જઈ શકાતું નથી, એમ કહેવાનો અહીં આશય છે, પરન્તુ મુક્તિમાં જવા માટે તેને સમ્યકત્વ ઉપરાંત સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની જરૂર પડે જ છે. જો આત્મા માત્ર સમ્યકત્વથી મોક્ષગામી બનતો હોય તો શાસ્ત્રકારો **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**—એવું સૂત્ર કહે જ શા માટે? એટલે દરેક વાકયની અપેક્ષા સમજવાની આવશ્યકતા છે.

શાસ્ત્રવચનની અપેક્ષા સમજ્યા વિના તેના અર્થનો વિવાદ કરનારના હાલ બે પ્રવાસીઓ જેવા થાય છે.

અપેક્ષા અંગે બે પ્રવાસીઓનું દૃષ્ટાંત

જૂના જમાનાની આ વાત છે કે જ્યારે ગામો પર ધાડો પડતી અને શૂરવીર માણસો તેનો પ્રાણના ભોગે પણ બચાવ કરતા. આ રીતે એક ગામ પર ધાડ પડી, ત્યારે એક વીર પુરુષે ગામનો બચાવ કરતાં પોતાની કાયાનું

બલિદાન આપ્યું. આથી ગામલોકોએ તેની સ્મૃતિ જાળવી રાખવા માટે ગામની ભાગોળે તેનું એક બાવલું ઊભું કર્યું અને તેના એક હાથમાં તરવાર તથા બીજા હાથમાં ઢાલ આપી. હવે એ ઢાલની એક બાજુ સોનાથી રસવામાં આવી અને બીજી બાજુ રૂપાથી રસવામાં આવી.

એક વાર બે પ્રવાસીઓ સામસામી દિશામાંથી તે ગામની ભાગોળે આવી ચડ્યા અને પેલા બાવલાને જોઈ પોતપોતાનો અભિપ્રાય પ્રકટ કરવા લાગ્યા.

એકે કહ્યું : ' પરોપકાર માટે પ્રાણ પાથરવા એ બહુ મોટી વસ્તુ છે. તેથી હું આ પરોપકારી વીરને ધન્યવાદ આપું છું.'

બીજાએ કહ્યું : ' આ જગતમાં વીરતાની કદર કરનારા બહુ થોડા હોય છે, પરંતુ આ ગામના લોકોએ વીરતાની કદર કરી વીર પુરુષનું બાવલું બેસાડ્યું, માટે હું તેમને શાબાશી આપું છું.'

પહેલાએ કહ્યું : ' આ બાવલું ઘણું સુંદર છે!'

બીજાએ કહ્યું : ' બાવલા કરતાં યે તેના હાથમાં રહેલી તરવાર અને ઢાલ બહુ સુંદર છે. તેમાં યે આ સોનાથી રસેલી ઢાલ તો ઘણી જ સુંદર છે.'

પહેલાએ કહ્યું : ' એ! જરા સંભાળીને બોલ! આ ઢાલ સોનાથી રસેલી નથી, પણ રૂપાથી રસેલી છે.'

બીજાએ કહ્યું : ' મારી આંખે મને બરાબર દેખાય છે-અને હું જે જોઉં છું, તે જ બોલું છું. બાકી જેની આંખો બરાબર કામ આપતી ન હોય, તે ગમે તેમ બોલે.'

તરત જ પહેલો તાડુકયો : ' અરે મૂર્ખ! તું મને આંધળો કહે છે? આ ઢાલ રૂપાથી જ રસેલી છે. તેને સોનાથી રસેલી કહેવી એ બેવકૂફાઈની હદ છે.'

આમ વિવાદ કરતાં બંને જણ બાંયો ચડાવી સામસામા આવી ગયા. એવામાં ગામના કેટલાક ડાહ્યા માણસો ત્યાં આવી પહોંચ્યા. તેમણે કહ્યું : ' ઓ ભલા મુસાફરો! તમે શા માટે લડો છો?' પહેલાએ કહ્યું કે ' આ બેવકૂફ એમ કહે છે કે આ ઢાલ સોનાથી રસેલી છે.' બીજાએ કહ્યું કે ' આ આંધળો એમ કહે છે કે આ ઢાલ રૂપાથી રસેલી છે.'

ગામલોકોએ કહ્યું કે ' જો તમારે લડવાનું કારણ આ જ હોય તો એમ કરો કે તમે બંને એકબીજાનાં સ્થાને આવી જાઓ; એટલે સાચી સ્થિતિ સમજાઈ જશે.'

બંને પ્રવાસીઓએ તેમ કર્યું, તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ ઢાલ તો સોનેરી પણ હતી અને રૂપેરી પણ હતી. આથી તેઓ શરમાઈ ગયા અને પોતપોતાનાં સ્થાને ચાલ્યા ગયા.

જૈન શાસ્ત્રો નિરપેક્ષ વચનવ્યવહારને જૂઠો ગણે છે અને સાપેક્ષ વચનવ્યવહારને સાચો ગણે છે. ' આ ઢાલ સોનેરી જ છે' એમ કહેવું એ નિરપેક્ષ વચનવ્યવહાર છે, કારણ કે તેમાં ' જ ' શબ્દના પ્રયોગવડે બીજી અપેક્ષાનો નિષેધ કરવામાં આવે છે. એ જ રીતે ' આ ઢાલ રૂપેરી જ છે' એમ કહેવું એ પણ નિરપેક્ષ વચનવ્યવહાર છે, કારણ

કે તેમાં બીજી અપેક્ષાનો નિષેધ છે. અહીં એમ કહેવામાં આવે કે 'આ ઢાલ સોનેરી પણ છે અને રૂપેરી પણ છે' તો એ વચનવ્યવહાર સાચો છે, કારણ કે તેમાં બીજી અપેક્ષાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

અપેક્ષાનું રહસ્ય બરાબર સમજવું હોય તેણે નયવાદનો તેમજ સ્યાદ્વાદનો અભ્યાસ કરવો જોઈએ. જૈન મહર્ષિઓએ આ વિષયનું ઘણું ઊંડું મંથન કરેલું છે અને તે માટે અનેક સ્વતંત્ર ગ્રંથોની રચના કરેલી છે; પરંતુ તમે તો પંચ-પ્રતિક્રમણ કે ચાર પ્રકરણોથી જ આગળ વધતા નથી, તો આ ગ્રંથો સુધી ક્યાંથી પહોંચો? સર્વજ્ઞને માનનારા સામાન્ય જ્ઞાનથી પણ વંચિત રહે છે, એ શું ઓછું ખેદજનક છે?

જ્ઞાનથી જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ચારિત્રગુણોની વૃદ્ધિ થાય છે, તેમ શાસ્ત્રનો બોધ થવામાં સહાય મળે છે. આ જગતમાં અનેક શાસ્ત્રો વિદ્યમાન છે, પણ અજ્ઞાનીને તે શાં કામનાં? અહીં અજ્ઞાનીનો અર્થ અલ્પજ્ઞાની સમજવાનો છે, નહિ કે જ્ઞાનથી રહિત. એવી સ્થિતિ તો કોઈ પણ જીવની કયારે પણ હોતી જ નથી. તે નિગોદમાં હોય છે, ત્યારે પણ અક્ષરનો અનંતમો ભાગ તો ખુલ્લો જ હોય છે, અર્થાત્ તેને કંઈક જ્ઞાન તો જરૂર હોય છે. જો કંઈ પણ જ્ઞાન ન હોય તો તેનામાં અને જડમાં ફેર શો?

અજ્ઞાની રહેવું એ મોટો દોષ છે.

અજ્ઞાની રહેવું એ મોટો દોષ છે. તે અંગે કોઈકે ઠીક જ કહ્યું છે કે–

अज्ञानं खलु कष्टं, द्वेषादिभ्योऽपि सर्वदोषेभ्यः।
अर्थं हितमहितं वा, न वेत्ति येनावृत्तो जीवः॥

'દ્વેષ આદિ સર્વ દોષો કરતાં અજ્ઞાન એ મોટો દોષ છે, કારણ કે તેનાથી આવૃત્ત થયેલો જીવ હિત કે અહિત જાણી શકતો નથી.'

આજે જગતના તમામ બુદ્ધિમાન પુરુષો જ્ઞાનપ્રાપ્તિની હિમાયત કરી રહ્યા છે, કારણ કે જ્ઞાનવડે જ મનુષ્ય પોતાનો જીવનવ્યવહાર સારી રીતે ચલાવી શકે છે અને જીવનમાં પ્રગતિ સાધી શકે છે. પરંતુ જ્ઞાનપ્રાપ્તિ એમને એમ થઈ જતી નથી. તે માટે સારો એવો પરિશ્રમ કરવો પડે છે અને કેટલાંક કષ્ટો પણ સહન કરવા પડે છે. જેઓ આ કષ્ટોથી કંટાળીને એમ કહે છે કે–

यथा जडेन मर्तव्यं, बुधेनापि तथैव च।
उभयोर्मरणं दृष्ट्वा, कण्ठशोषं करोति कः॥

'જેમ જડ માણસોને મરવાનું હોય છે, તેમ વિદ્વાનોને–સુશિક્ષિત માણસોને પણ મરવાનું હોય છે. આમ બંનેને મરવાનું સમાન હોવાથી શાસ્ત્રોને કંઠસ્થ કરવાની કે લાંબું ભણવાની માથાકૂટ કોણ કરે?'

તેમને અમે મૂર્ખાધિરાજ સમજીએ છીએ. જેમણે પરિશ્રમ કર્યો, કષ્ટ ઉઠાવ્યાં અને શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો, તેઓ જ આ જગતમાં વિદ્વાન તરીકે પંકાયા અને અનેકના ઉપકારી બની શક્યા. જેણે પરિશ્રમથી કંટાળીને વિદ્યાધ્યયન કર્યું નહિ, તે અભણ કે ગમારમાં ખપ્યા અને

તેમણે કાગડા-કૂતરાની માફક માત્ર પોતાનું પેટ ભરીને દિવસો પૂરા કર્યા. એવાઓનાં જીવનનું કોઈ મહત્ત્વ ખરું?

વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ આપો.

તમે તમારાં બાળકોને સારી રીતે ભણાવો અને હોશિયાર બનાવો, પણ તેની સાથે ધર્મનું જ્ઞાન પણ આપો. જો તેમને ધર્મનું જ્ઞાન આપ્યું હશે, તો જ તેઓ શાસ્ત્રોનો મર્મ સમજી શકશે અને સર્વજ્ઞપ્રણીત તત્ત્વોમાં શ્રદ્ધાન્વિત થઈને પોતાનું જીવન સફળ કરી શકશે. પરંતુ તમે તો આજે વ્યાવહારિક શિક્ષણને ખૂબ મહત્ત્વ આપી રહ્યા છો અને ધાર્મિક શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા દર્શાવી રહ્યા છો. વ્યાવહારિક શિક્ષણ આપવા માટે ફી-ટ્યુશન-પુસ્તકો વગેરેનો મહિને ઠીક ઠીક ખર્ચ કરો છો, તેનાં પ્રમાણમાં ધાર્મિક જ્ઞાન આપવા માટે કેટલો ખર્ચ કરો છો? અરે! નજીકમાં પાઠશાળા હોય અને મફત શિક્ષણ અપાતું હોય, તો પણ તમે તમારાં બાળકોને એ પાઠશાળામાં ભણવા માટે મોકલતા નથી. ધાર્મિક શિક્ષણ પ્રત્યેની આ ઉપેક્ષા તમને કયાં દોરી જશે, તેનું ભાન છે ખરું?

કેટલાક કહે છે કે 'છોકરો હાથથી ગયો, હવે તે કોઈનું માનતો નથી, મવાલીઓ સાથે ફરે છે અને ન કરવાના ધંધા કરે છે.' પરંતુ તેને પ્રથમથી જ ધાર્મિક સંસ્કારો-ધાર્મિક જ્ઞાન આપ્યું હોત અને વિનયવિવેકના પાઠ પઢાવ્યા હોત તો આ દશા આવત ખરી? તમે છોકરાઓ પ્રત્યે લાગણી બતાવી તેમને તમારો વારસો આપશો,

પણ એ અજ્ઞાની, ઉદ્ધત, ઉચ્છૃંખલ હશે, સારા સંસ્કારોથી રહિત હશે, ધર્મભાવના વિનાનો હશે, તો એ વારસો કેટલો વખત ટકશે? અને તેનું પરિણામ શું આવશે? તેનો વિચાર કરો. એના કરતાં તમારાં બાળકોને અત્યારથી જ સારા સંસ્કારો પડે એવું જ્ઞાન આપો, જેથી તેમનું જીવન સંસ્કારી બને અને તેઓ ધારેલી પ્રગતિ સાધી શકે.

જ્ઞાનનું મહત્ત્વ (ચાલુ)

આચાર્ય અને ઉપાધ્યાયનું પદ મોટું છે, પણ તેમને સ્થવિર તો ત્યારે જ કહેવામાં આવે છે કે જ્યારે તેઓ જ્ઞાનમાં નિરંતર વૃદ્ધિ કરતા રહી જ્ઞાનવૃદ્ધ બને, ગીતાર્થ બને.

ઉક્ત જૈન મહર્ષિ જ્ઞાનનો મહિમા દર્શાવતા વિશેષમાં કહે છે કે-

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ।
વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ॥
ભવિયણ ચિત્ત ધરો, મન૦

ધર્મ કોને કહેવાય? તેમાં કેવી શક્તિ હોય છે? તેનો બંધ કેટલા પ્રકારે પડે છે? તે કયારે-કેમ ઉદયમાં આવે છે? તેની નિર્જરા કેવી રીતે થાય છે? વગેરે બાબતો અમે કર્મની વ્યાખ્યાનમાળામાં વિસ્તારથી સમજાવી છે. જે કર્મો દૃઢતાથી બંધાયાં હોય, તે કઠિન કહેવાય. તેનો નાશ કરવાનું કામ સહેલું નહિ. નાશ કરતાં લાખો-કોડો વર્ષ પણ લાગી જાય. પરંતુ આત્મા જ્ઞાની બને, પોતાની જ્ઞાનશક્તિનો સુંદર વિકાસ કરે તો એ કઠિન કર્મોનો નાશ

માત્ર શ્વાસોચ્છ્વાસ જેટલા અલ્પ સમયમાં જ કરી નાખે છે. જેમ અગ્નિ લાકડાંને સળગાવી દે છે અને તે થોડી વારમાં સળગી જાય છે, તેમ જ્ઞાની પોતાનાં કર્મોને સળગાવી દે છે અને તેનો ક્ષણ માત્રમાં જ નાશ થતાં આત્મજ્યોતિનો પૂર્ણ પ્રકાશ થાય છે.

એક જૈન મહાત્મા કહે છે :

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહિયે, પેય-અપેય વિચાર।
કૃત્ય-અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે॥
પ્રથમ જ્ઞાન ને પછે અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું।
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે॥

'જેના વિના ભક્ષ્ય-અભક્ષ્ય પદાર્થોની કે પેય-અપેય વસ્તુઓની ખબર પડતી નથી; વળી જેના વિના કૃત્ય અને અકૃત્ય એટલે કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કામો જાણી શકાતાં નથી, તેથી જ્ઞાન એ સકલ ધર્મક્રિયાનો આધાર છે.

પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા-એવું શ્રી જિનેશ્વર દેવોએ આગમમાં ભાખ્યું છે, તેથી જ્ઞાનને વંદન કરો અને તેની નિંદા ન કરો. જે કોઇએ શિવસુખ ચાખ્યું છે, તે જ્ઞાનના પ્રતાપે જ ચાખ્યું છે.'

કોઈ એમ માનતું હોય કે જૈન ધર્મનો જ્ઞાન પર બહુ ભાર નથી, તો એ ગંભીર ભૂલ છે. જૈન ધર્મ તો સ્પષ્ટ ઘોષણા કરીને કહે છે કે 'नाण-किरियाहिं मोक्खो- જ્ઞાન અને ક્રિયાથી જ મોક્ષ મળે છે.' વળી તે જ્ઞાનને અજ્ઞાન અને સંમોહરૂપી અંધકારનો નાશ કરનાર સૂર્ય માની

તેને વારંવાર નમસ્કાર કરે છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો : 'अन्नाण-संमोह-तमोहरस्स, नमो नमो नाण-दिवायरस्स।

જૈન ધર્મનું એ સ્પષ્ટ મંતવ્ય છે કે-

पावाओ विणिवत्ती, पवत्तणा तह य कुसल-पक्खंमि।
विणयस्स य पडिवत्ती, तिन्नि वि नाणे समप्पिंति॥

'પાપકાર્યોમાંથી નિવૃત્તિ, કુશલ પક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ, એ ત્રણ જ્ઞાનથી જ થાય છે.'

એટલે તેનો ભાર જ્ઞાન પર ઓછો કેમ હોઈ શકે? જૈન ધર્મ એમ માને છે કે જ્ઞાન બે પ્રકારનું છે: એક મિથ્યાજ્ઞાન અને બીજું સમ્યગ્જ્ઞાન. તેમાં મિથ્યાજ્ઞાન સંસાર-સાગર તરવાનો ઉપાય બની શકતું નથી, જ્યારે સમ્યગ્જ્ઞાન સંસારસાગર તરવાનો ઉપાય બની શકે છે અને તેથી દરેક મુમુક્ષુએ સમ્યગ્જ્ઞાનની આરાધના-ઉપાસના કરવી જોઈએ.

મિથ્યાત્વીનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન, એટલે અજ્ઞાન; અને સમકિતીનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, એટલે જ્ઞાન. અહીં જ્ઞાનની જે પ્રશંસા કરવામાં આવી છે, તે આ સમ્યગ્જ્ઞાનની સમજવાની છે.

'જ્ઞાન તો પવિત્ર છે, તેના મિથ્યા અને સમ્યક્ એવા બે ભાગો કેમ હોઈ શકે?' એવો પ્રશ્ન કેટલાક તરફથી પૂછાય છે. તેને અમે કહીએ છીએ કે પાણી પવિત્ર ગણાતા છતાં જ્યારે તે ગટરમાં ખાબકે છે, ત્યારે શું અપવિત્ર

કે ઝેરી બની જતું નથી? તેજ સ્થિતિ અહીં સમજવાની છે. સારાં શાસ્ત્રો વાંચે તો પણ મિથ્યાત્વીને એ મિથ્યાત્વરૂપે પરિણમે છે અને મિથ્યાત્વીનાં શાસ્ત્રો વાંચે તો પણ સમકિતીને એ સમ્યકત્વરૂપે પરિણમે છે.

આઠ પ્રકારનો જ્ઞાનાચાર

સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થવા માટે શાસ્ત્રકારોએ આઠ પ્રકારનો જ્ઞાનાચાર બતાવ્યો છે:

काले विणए बहुमाणे, उवहाणे तह अनिण्हवणे ।
वंजण-अत्थ-तदुभये, अट्ठविहो नाणमायारो ॥

'જ્ઞાનાચાર કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવતા, વ્યંજનશુદ્ધિ, અર્થશુદ્ધિ અને તદુભયશુદ્ધિ એ આઠ પ્રકારનો છે.'

અહીં જ્ઞાન શબ્દથી શ્રુતજ્ઞાન સમજવાનું છે, કારણ કે અધ્યયન-અધ્યાપન તેનું જ સંભવે છે. સર્વજ્ઞ ભગવંતોએ તત્ત્વનું જે સ્વરૂપ બતાવ્યું છે, તેનો યથાર્થ બોધ, શ્રુતાભ્યાસ એટલે શાસ્ત્રનું પઠન-પાઠન કરવાથી જ થાય છે. શાસ્ત્રનાં પઠન-પાઠન માટે આપણે ત્યાં સ્વાધ્યાય શબ્દ પ્રચલિત છે.

સ્વાધ્યાય સાધુ અને શ્રાવક બંનેને પોતપોતાની ભૂમિકા પ્રમાણે કરવાનો હોય છે. ત્રીજા ધોરણનો વિદ્યાર્થી છઠ્ઠા કે સાતમા ધોરણનાં પુસ્તકો વાંચવા માંડે કે મેટ્રીકવાળો બી. એ. નાં પુસ્તકો વાંચવા માંડે તો તેને સમજાય ખરાં? ધોરણસર અભ્યાસ કરવાથી જ શ્રુતાભ્યાસમાં પ્રગતિ થાય છે.

કાર્યસિદ્ધિ માટે કાલ પણ એક અગત્યનું કારણ મનાય છે, એટલે કે અમુક કાર્ય અમુક સમયે કરવાથી જ સિદ્ધ થાય છે. આ નિયમ સ્વાધ્યાયને પણ લાગુ પડે છે, એટલે સ્વાધ્યાય પણ અમુક કાલે-અમુક સમયે જ કરવો જોઈએ. જ્ઞાનાચારનો આ પ્રથમ પ્રકાર સમજવો.

પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સંધ્યા અને મધ્યરાત્રિની બે બે ઘડીઓ-એક સંધિસમય પહેલાંની અને એક સંધિસમય પછીની-સ્વાધ્યાયને માટે નિષિદ્ધ છે. તે અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે 'પહેલી અને છેલ્લી સંધ્યાસમયે, મધ્યાહ્ને અને અર્ધરાત્રિસમયે, એ ચાર સંધ્યાઓ વખતે જે મનુષ્ય સ્વાધ્યાય કરે છે, તેણે આજ્ઞાદિકની વિરાધના કરી છે, એમ જાણવું.'

લૌકિક શાસ્ત્રોમાં કહ્યું છે કે-

चत्वारि खलु कर्माणि, सन्ध्याकाले विवर्जयेत् ।
आहारं मैथुनं निद्रा, स्वाध्यायं च विशेषतः ॥

'સંધ્યા સમયે ચાર કર્મોનો ત્યાગ કરવો. આહાર, મૈથુન, નિદ્રા અને વિશેષતઃ સ્વાધ્યાય.' કારણ કે સંધ્યાકાળે આહાર કરવાથી વ્યાધિ ઉત્પન્ન થાય છે, મૈથુન કરવાથી દુષ્ટ ગર્ભ ઉત્પન્ન થાય છે, નિદ્રા કરવાથી ધનનો નાશ થાય છે અને સ્વાધ્યાય કરવાથી મરણ થાય છે.

આ માન્યતામાં ગમે તેટલું તથ્ય હોય, પણ એ વાત સાચી છે કે પ્રાતઃકાળ-સાયંકાળ વગેરે સંધ્યાસમયે સ્વાધ્યાય કરવાનો નહિ હોવાથી આવશ્યકાદિ ક્રિયાઓ માટે જોઇતો સમય મળી રહે છે.

જ્ઞાન આપનાર ગુરુનો, જ્ઞાનીનો, જ્ઞાનાભ્યાસીનો, જ્ઞાનનો અને જ્ઞાનનાં ઉપકરણોનો વિનય કરવો એટલે કે તેમના પ્રત્યે શિષ્ટાચાર અને આદરની લાગણી રાખવી, એ વિનય નામનો બીજો જ્ઞાનાચાર છે.

જ્ઞાન આપનાર ગુરુનો વિનય દશ પ્રકારે કરવો ઘટે છે: (૧) ગુરુનો સત્કાર કરવો, (૨) ગુરુ આવ્યેથી ઊભા થવું, (૩) ગુરુને માન આપવું, (૪) ગુરુને બેસવા માટે આસન આપવું, (૫) ગુરુને આસન પાથરી આપવું, (૬) ગુરુને વંદન કરવું, (૭) ગુરુની સામે બે હાથ જોડીને ઊભા રહેવું, અને કહેવું કે મને શી આજ્ઞા છે? (૮) ગુરુનાં મનનો અભિપ્રાય જાણીને તે પ્રમાણે વર્તવું, (૯) ગુરુ બેઠા હોય ત્યારે તેમના પગ દાબવા વગેરે સેવા કરવી અને (૧૦) ગુરુ ચાલતા હોય ત્યારે તેમની પાછળ ચાલવું.

આ રીતે ગુરુનો વિનય કરવાથી ગુરુ પ્રસન્ન થાય છે અને તે શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો સમજાવે છે. "વિનય વિના વિદ્યા નહિ" એ ઉક્તિ પ્રસિદ્ધ છે. ભણાવનાર શિક્ષક પ્રત્યે વિનયભાવ હોવો જોઇએ, પરંતુ આજે વિદ્યાગુરુ પ્રત્યે કેવો વર્તાવ થઈ રહ્યો છે? જમાનો ફરે તેમ શિષ્ટાચારમાં ફેરફાર થાય એ સંભવિત છે, પરંતુ તેમના પ્રત્યે અંતરનો આદર તો હોવો જ જોઇએ ને? ગુરુની ગુરશી પર ટાંકણીઓ ખોસાય, ગુરુ બોર્ડ પર લખવા જાય કે પાછળથી ચાક ફેંકાય કે ખુટના અવાજ થાય, એ સંસ્કારી પ્રજાને છાજતું નથી. જ્યાં ગુરુ પ્રત્યે આ જાતનું વર્તન હોય, ત્યાં વિદ્યા પણ કેવી મળે?

જ્ઞાનીનો વિનય પણ ગુરુની જેમ જ કરવાનો છે.

જ્ઞાનાભ્યાસીનો વિનય ત્રણ પ્રકારે કરવો ઘટે છે: (૧) જ્ઞાનાભ્યાસીને સારાં શોધેલાં પુસ્તકો આપવાં. આગળ જ્ઞાનાભ્યાસ હસ્તલિખિત પુસ્તકોને આધારે થતો કે જેમાં લહિયાના હાથે ભૂલો થવાનો વિશેષ સંભવ રહેતો એટલે પુસ્તકો શોધેલાં આપવાનું સૂચન છે. (૨) જ્ઞાનાભ્યાસીને સૂત્ર અને અર્થની પરિપાટી યાને પ્રણાલિકા આપવી. (૩) જ્ઞાનાભ્યાસીને આહાર અને ઉપાશ્રય આપવા.

જો જ્ઞાનાભ્યાસીનો આ રીતે વિનય કરવામાં આવે તો જ્ઞાનીઓની સંખ્યા સારી રીતે વૃદ્ધિ પામે અને પરિણામે સમાજમાં પણ જ્ઞાનનું પ્રમાણ વધે. જે સમાજમાં જ્ઞાનીનું માન-સન્માન થાય છે, તે સમાજ થોડા વખતમાં આગળ વધી પોતાની પ્રગતિ સાધી શકે છે.

જ્ઞાનીનો વિનય આઠ પ્રકારે કરવો ઘટે છે:

(૧) ઉપધાન વગેરે વિધિ વડે સૂત્ર અને અર્થ ગ્રહણ કરવા તથા અભ્યાસ કરવો. ઉપધાન સંબંધમાં વિશેષ વિવેચન આગળ કરીશું.

(૨) વિધિ પ્રમાણે બીજાને સૂત્ર અને અર્થ આપવો તથા તેમાં રહેલા અર્થની સારી રીતે ભાવના કરવી.

(૩) શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સારી રીતે અનુષ્ઠાન કરવું.

(૪) પોતે પુસ્તકો લખવાં.

(૫) બીજા પાસે પુસ્તકો લખાવવાં.

(૬) પુસ્તકોનું શોધન કરવું અર્થાત્ તેમાં જે ભૂલો રહી ગઈ હોય, તે સુધારવી.

(૮) વાસક્ષેપ, કર્પૂર વગેરે સુગંધી વસ્તુઓ વડે જ્ઞાનની પૂજા કરવી.

(૮) જ્ઞાનપંચમી વગેરેની તપશ્ચર્યા કરવી અને તેના અંતે શક્તિ મુજબ ઉદ્યાપન કરવું.

જ્ઞાનોપકરણનો વિનય બે પ્રકારે કરવાનો છે: એક તો જ્ઞાનોપકરણ બને તેટલાં સારાં એકઠાં કરવાં અને બીજો તેના પ્રત્યે આદર રાખવો. પુસ્તકને ઠેબે લેવું કે પાટી પર થૂંક લગાડવું વગેરે જ્ઞાનોપકરણની આશાતના સૂચવે છે, માટે તેમાંથી બચવું.

જ્ઞાન આપનાર ગુરુ, જ્ઞાની વગેરે પ્રત્યે વિનયની જેમ બહુમાન દર્શાવવું, એ જ્ઞાનાચારનો ત્રીજો પ્રકાર છે. અહીં બહુમાનથી અંતરનો સદ્‌ભાવ કે ભારે આદર સમજવાનો છે. બાહ્ય વિનય હોય પણ અંતરનું બહુમાન ન હોય, તો પણ જ્ઞાનપ્રાપ્તિમાં આગળ વધી શકાતું નથી, તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ બહુમાનને જ્ઞાનાચારનો એક ખાસ પ્રકાર માનેલો છે.

શાસ્ત્રોમાં વિનય અને બહુમાનની ચતુર્ભંગી બતાવી છે, તે પણ તમારે લક્ષમાં રાખવા જેવી છે.

(૧) કોઇને વિનય હોય, પણ બહુમાન ન હોય.

(૨) કોઇને બહુમાન હોય, પણ વિનય ન હોય.

(૩) કોઇને વિનય પણ હોય અને બહુમાન પણ હોય.

(૪) કોઇને વિનય પણ ન હોય અને બહુમાન પણ ન હોય.

આમાંથી પહેલો અને બીજો ભંગ મધ્યમ છે, ત્રીજો ઉત્કૃષ્ટ છે અને ચોથો કનિષ્ઠ છે.

હવે જ્ઞાનાચારના ચોથા પ્રકાર ઉપધાન પર આવીએ. શાસ્ત્રકારોએ ઉપધાન શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે: 'उप-समीपे धीयते-क्रियते सूत्रादिकं येन तपसा तदुपधानम्- જે તપ વડે સૂત્રાદિક સમીપ કરાય તે ઉપધાન.' આ પરથી તમે સમજી શકશો કે ઉપધાન એક પ્રકારનું તપ છે અને તે સૂત્રાદિકને સમીપ કરવા માટે જ કરવામાં આવે છે. એટલે જે સૂત્રો અત્યાર સુધી દૂર હતાં, જે સૂત્રોને ભણવા-ગણવાનો અધિકાર પ્રાપ્ત થયો ન હતો, તે આ ક્રિયાથી પ્રાપ્ત થાય છે.

કેટલાક પૂછે છે કે 'ઉપધાનની ક્રિયા પ્રાચીનકાળમાં હતી કે કેમ?' તેનો ઉત્તર એ છે કે ઉપધાનની ક્રિયા પ્રાચીનકાલમાં પણ હતી જ. શ્રી સમવાયાંગસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, શ્રી મહાનિશીથસૂત્ર વગેરેમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. 'काले विणये बहुमाणे. એ ગાથા પણ પ્રાચીન છે તેમાં જ્યારે ઉપધાનનો સ્પષ્ટ નિર્દેશ છે, ત્યારે તેની પ્રાચીનતા માટે શંકા ઉઠાવવાનું કોઈ કારણ નથી.

કેટલાક કહે છે કે 'નમસ્કારાદિ સૂત્રો જૈન કુટુંબોમાં નાનપણથી જ શીખવાય છે અને ઘણાખરાને કંઠસ્થ હોય છે, તો તેનાં ઉપધાન વહેવાની જરૂર શી?' તેનો ઉત્તર એ છે કે 'આજે નાનપણથી જે સૂત્રો શિખવાય છે અને કંઠસ્થ કરાવવામાં આવે છે, તે સંસ્કારોનાં આરોપણરૂપ છે. તેથી શ્રાવકોએ જે ક્રિયા કરવાની છે, તેમાં તે પ્રવૃત્ત થઈ શકે છે, પરંતુ તેમણે એ સૂત્રો ગુરુ પાસેથી વિધિસર

ગ્રહણ કરેલાં હોતાં નથી અને જે સૂત્રો ગુરુ પાસેથી વિધિસર ગ્રહણ કરેલાં હોતાં નથી, તે યોગ્યરૂપે પરિણમતાં નથી, તેથી એ સૂત્રો વિધિસર ગ્રહણ કરવા માટે ઉપધાન વહેવાં જરૂરી છે.

કેટલાક કહે છે કે 'ઉપધાનમાં દર વર્ષે લાખો રૂપિયાનો ધૂમાડો થાય છે, તેનું વાસ્તવિક ફળ તો કંઈજ દેખાતું નથી, તો પછી ઉપધાન કરાવ્યે રાખવાનો અર્થ શો?' આનો ઉત્તર પણ આપવો જ જોઈએ. આજથી ચાલીશ-પચાસ વર્ષ પહેલાં ઉપધાનો બહુ ઓછાં થતાં, કારણ કે તે વખતે સાધુઓની સંખ્યા ઓછી હતી, એટલે તેનો પ્રચાર ઓછો હતો. હાલમાં સાધુઓની સંખ્યા વધી છે અને તેમના દ્વારા ઉપધાનનું માહાત્મ્ય ઘણા લોકોનાં સમજવામાં આવ્યું છે, એટલે દર વર્ષે જુદાં જુદાં શહેરોમાં ઉપધાનતપ કરાવવામાં આવે છે. આ ઉપધાનતપથી અનેક પ્રકારના લાભો થાય છે. તેમાં પ્રથમ લાભ તો એ કે તેનાથી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય છે. બીજો લાભ એ કે આડા દિવસે ઉપવાસ, આયંબિલ, એકાસણુ વગેરેની તપશ્ચર્યા એકધારી કરવી હોય તો થઈ શકતી નથી, પણ ઉપધાન કરવામાં આવે તો ૨૧ ઉપવાસ, ૮ આયંબિલ અને ૧૮ એકાસણાંની તપશ્ચર્યા એકધારી થઈ શકે છે કે જે કર્મની મહા નિર્જરા કરનાર છે. ત્રીજો લાભ એ કે ઉપધાનમાં રોજ પૌસહ કરવાનો હોવાથી મુનિજીવનની તુલના થાય છે. ચોથો લાભ એ કે તેનાથી કાયા પરની માયા ઘટે છે અને તેથી આગળ પર અનેક પ્રકારની પાપપ્રવૃત્તિ કરતા અટકી જવાય

છે. પાંચમો લાભ એ કે તેથી ઇન્દ્રિયોનો રોધ કરવાની તાલીમ મળે છે. છઠ્ઠો લાભ એ કે તેનાથી કષાયનો સંવર થાય છે. સાતમો લાભ એ કે શ્રમારાધનની અભિલાષાથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સત્સંગ થાય છે અને તેથી ધર્મભાવનાની વૃદ્ધિ થાય છે. આ રીતે બીજા પણ ઘણા લાભો થાય છે. તેથી તેના અંગે જે ખર્ચ કરવામાં આવે છે, તે દ્રવ્યનો સદુપયોગ છે, નહિ કે ધૂમાડો. જેઓ ધર્મક્રિયાથી દૂર રહે છે અને તેના દ્વારા થતા અનેક પ્રકારના લાભોથી અજાણ્યા છે, તેઓ જ આ પ્રકારના આક્ષેપો કરે છે અને કેટલાકની ધર્મશ્રદ્ધાને ડહોળી નાખે છે. તેઓ જો વસ્તુસ્થિતિની ઊંડાણમાં ઉતરે અને જાતે બધી વસ્તુનું નિરીક્ષણ કરે તો તેમને સમજ પડે કે ઉપધાનતપ એ ધર્મભાવનાની વૃદ્ધિ કરનારું કેવું સુંદર અનુષ્ઠાન છે! ઉપધાનતપ કર્યા પછી અનેક પ્રકારના વ્રત-નિયમો લેવાય છે અને તેથી પણ જીવન પર ઘણી સારી અસર થાય છે.

જેઓની બુદ્ધિ મંદ છે અથવા તો જેનું ચિત્ત શાસ્ત્રનાં પઠન-પાઠનમાં જલ્દી એકાગ્ર થઈ શકતું નથી, તેઓ ઉપધાન કરે તો તેમની બુદ્ધિમાં રહેલી જડતા દૂર થાય છે અને ચિત્ત જલ્દી એકાગ્ર થવા લાગે છે. આજ કારણે પ્રાચીન કાળથી ઉપધાન પર ખૂબ ભાર મૂકાતો આવ્યો છે અને આજે તેનો આટલો પ્રચાર છે. ઉપધાનની પાછળ જે ખર્ચ થાય છે, તે સાધર્મિકની સેવામાં અને ઓચ્છવનો ખર્ચો પરમાત્માની ભક્તિમાં અને શાસનની પ્રભાવનામાં થાય છે. તે ખર્ચને ખોટો ખર્ચ ન કહેવાય. તે તો ધર્મનું

અને પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે. જ્યારે દીવાળી આવે છે, ત્યારે દુકાનો શણગારવામાં અને લાઇટો વગેરે કરવામાં કેટલો ખર્ચ થાય છે? અને દુકાન શણગારે તેને ત્યાં લક્ષ્મી આવે એવો નિયમ નથી. લક્ષ્મી તો પુણ્યથી મળે છે, માટે પુણ્યનાં કામમાં ખર્ચ કરવો એ ખોટો ખર્ચો ન કહેવાય, પણ પાપનાં કામમાં ખર્ચો કરવો એ ખોટો ખર્ચો કહેવાય.

જ્ઞાન આપનાર ગુરુનો કે જ્ઞાનનો નિહ્નવ કરવો નહિ, અપલાપ કરવો નહિ, એ અનિહ્નવતા નામનો જ્ઞાનાચારનો પાંચમો પ્રકાર છે. વધારે સ્પષ્ટ કહીએ તો જ્ઞાન આપનાર ગુરુ જો અપ્રસિદ્ધ હોય કે જાતિથી રહિત હોય, તો પણ તેમને ગુરુ તરીકે કહેવા, પણ પોતાનું ગૌરવ વધારવાને બીજા કોઈ યુગપ્રધાનાદિક પુરુષનું નામ આપવું નહિ. વળી શ્રુત ભણ્યા હોઇએ, તેટલું જ કહેવું, પણ તેથી વત્તું કે ઓછું કહેવું નહિ.

ગુરુનો નિહ્નવ કરવામાં લૌકિક શાસ્ત્રોએ પણ બહુ મોટું પાપ માનેલું છે. તેઓ કહે છે કે–

एकाक्षरप्रदातारं, यो गुरूं नैव मन्यते।
श्वानयोनिं शतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥

'જે મનુષ્ય એક પણ અક્ષર આપનારને ગુરુ માનતો નથી, તે સો વાર કૂતરાની યોનિમાં ઉત્પન્ન થઈને ચાંડાલના કુલમાં જન્મે છે.'

વ્યંજનશુદ્ધિ એ જ્ઞાનાચારનો છઠ્ઠો પ્રકાર છે. અહીં વ્યંજનશુદ્ધિથી શાસ્ત્રપાઠના અક્ષરોની શુદ્ધિ સમજવાની છે.

જો પાઠ અશુદ્ધ થાય, અર્થાત્ તેમાંના કોઈ અક્ષરની હાનિ-વૃદ્ધિ થાય કે કાના, માત્રા, ભીંડી વગેરેમાં વધારો-ઘટાડો થાય તો પાઠ ફરી જાય અને તેના અર્થમાં પણ મોટું પરિવર્તન થઈ જાય. આથી જ્ઞાનની મહા આશાતના થાય અને સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ વગેરે દોષો ઉત્પન્ન થાય. તેથી શ્રુતાધ્યયન કરનારે સૂત્રપાઠ કરતી વખતે વ્યંજનશુદ્ધિ પર બરાબર લક્ષ આપવું જોઇએ.

અર્થશુદ્ધિ એ જ્ઞાનાચારનો સાતમો પ્રકાર છે. જ્ઞાન-પ્રાપ્તિ માટે જેમ વ્યંજનશુદ્ધિ જરૂરની છે, તેમ અર્થશુદ્ધિ પણ જરૂરની છે. જો અર્થની શુદ્ધિ ન રહે તો અનર્થ થાય અને તેથી સ્વ-પરને ભારે નુકશાન થાય. 'અજ વડે યજ્ઞ કરવો' એ વાક્યમાં અજનો અર્થ ત્રણ વર્ષ ઉપરાંતની ડાંગર લેવાને બદલે બકરો લેવામાં આવે, તો ડાંગર હોમવાને બદલે બકરાનું બલિદાન દેવાનો પ્રસંગ આવે અને એ ઘોર હિંસાનાં ફળરૂપે અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે.

સૂત્રનો ઉચ્ચાર શુદ્ધ કરવો અને તેની સાથે તેનો અર્થ પણ શુદ્ધ વિચારવો, એ તદુભયશુદ્ધિ નામનો જ્ઞાનાચારનો આઠમો પ્રકાર છે.

જેઓ આ રીતે જ્ઞાનાચારનું પાલન કરે છે, તેમનાં સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને પરિણામે તેઓ સમ્યક્-ચારિત્રધારી બની પોતાનું કલ્યાણ કરી શકે છે.

વિશેષ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન પીસ્તાલીસમું

સમ્યક્ ચારિત્ર

[૧]

મહાનુભાવો !

ધર્મનો વ્યાખ્યાનપ્રવાહ આગળ વહેતો વહેતો રત્ન-ત્રયી સુધી આવી પહોંચ્યો છે અને તે સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનને સ્પર્શી ચૂકયો છે. આજે તે સમ્યક્ ચારિત્રને સ્પર્શવાનો છે. આને એક મંગલ અવસર સમજી તેમાં તન્મય બનો.

ચારિત્રનો મહિમા

કેટલાક એમ માને છે કે અમે ઘણું ભણ્યા, ઘણાં શાસ્ત્રોના જાણકાર થયા, એટલે મહાન બની ગયા. પરન્તુ મનુષ્યને ખરો મહાન બનાવનાર ચારિત્ર છે, એ ભૂલવાનું નથી. અહીં ચારિત્ર શબ્દથી સમ્યક્ ચારિત્ર સમજવાનું છે, કારણ કે મિથ્યા ચારિત્ર મનુષ્યને મહાન બનાવી શકતું નથી. આજ સુધીમાં આ જગતમાં જે મહાપુરુષો ગણાયા, તે સમ્યક્ ચારિત્રના પ્રતાપે જ ગણાયા. સમ્યક્ ચારિત્ર અંગે જૈન શાસ્ત્રકારોએ જે વચનો કહ્યાં છે, તે વારંવાર ચિંતન-મનન કરવા યોગ્ય છે. સાંભળો એ વચનો :

'ઘણું શ્રુત ભણેલો હોય, પણ ચારિત્રથી રહિત હોય

તો તેને અજ્ઞાની જ જાણવો; કારણ કે તેનું જ્ઞાન શૂન્ય ફળવાળું છે. અંધ મનુષ્ય આગળ લાખો કોડો દીવાઓ પ્રકટાવ્યા હોય તો પણ તે શું કામના ? ચક્ષુવાળાને એક દીવો પણ ત્યાગ અને ગ્રહણ આદિ ક્રિયાના હેતુથી પ્રકાશક થાય છે, તેમ ચારિત્રવાળાને થોડું જ્ઞાન પણ પ્રકાશક થાય છે.'

'જેમ ચંદનનો ભાર વહન કરનારો ગધેડો તેના ભારનો જ ભાગી થાય છે, પણ તેની સુગંધનો ભાગી થતો નથી, તેમ ચારિત્રરહિત એવો જ્ઞાની પઠન-ગુણન-પરાવર્તન-ચિંતન આદિ જ્ઞાનનો ભાગી થાય છે, પરંતુ તેનાથી પ્રાપ્ત થનારી સદ્ગતિનો ભાગી થતો નથી.'

'જેમ વહાણનો નિર્યામક જ્ઞાનવાળો હોવા છતાં અનુકૂળ પવન વિના ઇચ્છિત બંદરે પહોંચી શકતો નથી, તેમ જીવ પણ જ્ઞાની હોવા છતાં ચારિત્રરૂપી પવન વિના સિદ્ધિસ્થાનને પામી શકતો નથી.'

ભવભ્રમણનો મહારોગ

'ઔષધથી રોગ મટે છે' એવી શ્રદ્ધા હોય, ઔષધના પ્રકાર તથા સેવનવિધિનું જ્ઞાન હોય; પણ ઔષધનું સેવન કરવામાં આવે નહિ, તો લાગુ પડેલો રોગ મટે ખરો ?

તમને ભવભ્રમણનો મહારોગ અનાદિકાળથી લાગુ પડ્યો છે અને તેનાં જ કારણે તમે જન્મ-જરા-રોગ-મૃત્યુનાં અકથ્ય દુઃખો સહન કરી રહ્યા છો. જો આ રોગ મટે તો તમારે ફરી જન્મ લેવો પડે નહિ અને જન્મના

અભાવે જરા, રોગ તથા મૃત્યુનાં દુઃખો સહન કરવાં પડે નહિ. એ સ્થિતિમાં તો તમારે અક્ષય અનંત સુખનો જ ઉપભોગ કરવાનો હોય, પણ આ ભવભ્રમણનો રોગ મટાડવા માટેનું અકસીર ઔષધ ચારિત્ર છે, એ ભૂલશો નહિ.

કોઈ એમ સમજતું હોય કે ચારિત્ર તો આપણી પાસે નથી, તે ક્યાંથી લાવીએ? તો એ સમજણ ભૂલ-ભરેલી છે. ચારિત્ર એ બહારની વસ્તુ નથી, પરંતુ તમારી પોતાની વસ્તુ છે અને તે તમારી પાસે જ છે, તમારાં અંતરમાં જ છૂપાયેલી છે.

અહીં પ્રશ્ન થશે કે 'જો ચારિત્ર અમારાં અંતરમાં છૂપાયેલું હોય તો તે પ્રકટ કેમ થતું નથી?' તેનો ઉત્તર એ છે કે 'ચારિત્ર તમારાં અંતરમાં જ છૂપાયેલું છે, પણ મોહનું આવરણ આવી જવાને લીધે તે પ્રકટ થતું નથી. સૂર્ય ઘણો તેજસ્વી છે, પણ તેની આડે વાદળીઓ આવી જાય છે, ત્યારે તેનું તેજ આવરાઇ જાય છે, તેમ અહીં પણ સમજવું.

મોહ તમારો કટ્ટો શત્રુ છે.

મોહ તમારો કટ્ટો શત્રુ છે અને તે તમારી અનેકવિધ બરાબી કરે છે, છતાં તમે મોહને છોડતા નથી, એ કેટલું આશ્ચર્યજનક છે? શાસ્ત્રકારોએ મોહને અંધકારની ઉપમા આપી છે, તે બિલકુલ યથાર્થ છે. માણસ ગમે તેવો ડાહ્યો હોય, જ્ઞાની હોય, પણ જ્યાં મોહનો ઉદય થયો, મોહનું આવરણ આવ્યું કે તેનું ડહાપણ દબાઈ જાય છે અને

જ્ઞાનનો પ્રકાશ સાવ ઝાંખો પડી જાય છે. આ સ્થિતિમાં તે ગમે તેવું અકૃત્ય કરે એમાં નવાઇ શી?

માતા પુત્રની પાલક ગણાય, છતાં ચૂલણી રાણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને જીવતો સળગાવી મૂકવાનું કાવતરું કર્યું, તેનું કારણ શું? કારણ એ જ કે મોહના આવેશને લીધે તે દીર્ઘ રાજાના પ્રેમમાં પડી હતી અને પોતાનું ભાન ભૂલી હતી.

પિતા પુત્રનો રક્ષક ગણાય, છતાં કૃષ્ણરાજે પોતાના તમામ પુત્રોનાં અંગો છેદાવી નાખ્યાં હતાં, કારણ કે રાજ્યનો મોહ તેનાં મન પર સવાર થયો હતો.

સૂરિકંતાએ પોતાના પતિ પ્રદેશી રાજાને ઝેર આપ્યું અને કોણિકે પોતાના પુત્ર શ્રેણિક રાજાને લોહનાં પાંજરામાં પૂર્યો, એ બધી મોહની જ વિડંબના છે.

મોહને લીધે આત્મા પરપદાર્થને પોતાના માને છે અને મારી માતા, મારા પિતા, મારી પત્ની, મારા પુત્રો, મારી પુત્રી, મારું કુટુંબ, મારા સ્વજનો, મારી મિલકત, મારો પૈસો, એમ સર્વત્ર મારું મારું કરે છે. પરંતુ વાસ્તવમાં આમાંનું કંઈ પણ તેનું નથી. જો તેનું હોય તો તેની સાથે રહે, પણ આ બધું તો અહીં પડ્યું રહે છે અને આત્મા એકલો જ પરલોકમાં સીધાવે છે.

ચારિત્રના બે પ્રકારો

ચારિત્ર બે પ્રકારનું છે : દેશવિરતિરૂપ અને સર્વ-વિરતિરૂપ. તેમાં દેશવિરતિરૂપ ચારિત્ર ગૃહસ્થને હોય છે

અને સર્વવિરતિરૂપ ચારિત્ર સાધુને હોય છે. આ બન્ને ચારિત્રનો અહીં યથાક્રમ પરિચય આપીશું.

દેશવિરતિ ચારિત્ર કેવા ગૃહસ્થને હોય છે ?

'દેશવિરતિ ચારિત્ર કેવા ગૃહસ્થને હોય છે ?' તે પ્રથમ જણાવીશું. આ જગતમાં ગૃહસ્થો ત્રણ પ્રકારના છે : એક તો અસંસ્કારી, બીજા સંસ્કારી અને ત્રીજા ધર્મપરાયણ. જેનાં જીવનમાં કોઈ જાતનું ધ્યેય નથી, જે યદૃચ્છા જીવન જીવે છે અને ગમે તેની સાથે ગમે તે રીતે વર્તે છે, તેને અસંસ્કારી સમજવા. આવા ગૃહસ્થો કનિષ્ઠ કોટિના ગણાય. તે પોતાને મળેલો મહામોંઘો માનવભવ અવશ્ય હારી જવાના.

આવા અસંસ્કારી ગૃહસ્થો સંસ્કારી બને તે માટે મહાપુરુષોએ માર્ગ બતાવ્યો છે. તેનું અનુસરણ કરનારા માર્ગાનુસારી કે સંસ્કારી ગણાય. તેના પાંત્રીશ નિયમો આ પ્રમાણે સમજવા :

માર્ગાનુસારીના પાંત્રીશ નિયમો

(૧) વૈભવ ન્યાયથી મેળવો.

(૨) વિવાહ સમાન કુલ–આચારવાળા પણ અન્ય-ગોત્રીથી કરવો.

(૩) શિષ્ટાચારની પ્રશંસા કરવી.

(૪) છ અંતરશત્રુઓનો ત્યાગ કરવો. કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ અંતરના શત્રુઓ છે.

(૫) ઇંદ્રિયોને કાબૂમાં રાખવી.

(૬) ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો. અહીં ઉપ-

દ્રવથી શત્રુની ચડાઈ, બળવો, જાગવો, રોગચાળો ફાટી નીકળવો, દુકાળ પડવો, અતિવૃષ્ટિ થવી વગેરે ઉપદ્રવકારી ઘટનાઓ સમજવી.

(૭) સારા પડોશવાળાં અતિ પ્રકટ પણ નહિ અને અતિ ગુપ્ત પણ નહિ, એવા ઘણાં દ્વારો વિનાનાં ઘરમાં રહેવું.

સારા પાડોશમાં રહેતાં જીવન પર સારી અસર થાય છે અને ખરાબ પાડોશમાં રહેતાં જીવન પર ખરાબ અસર થાય છે. અતિ પ્રકટ એટલે રાજમાર્ગ ઉપર. ત્યાં ચોરી વગેરેનો ભય વિશેષ રહે છે. અને અતિ ગુપ્ત એટલે ગંદી-કુંચીમાં. ત્યાં રહેતાં ગૃહની શોભા રહેતી નથી. માટે એવાં સ્થાને રહેવાનો નિષેધ કર્યો છે. ઘણાં દ્વારવાળાં ઘરમાં રહેતાં ધન અને કુલસ્ત્રીઓની રક્ષા થઈ શકતી નથી.

(૮) પાપથી ડરતાં રહેવું.

(૯) પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

(૧૦) કોઈનો અવર્ણવાદ બોલવો નહિ અર્થાત્ કોઈની નિંદા કરવી નહિ. રાજા વગેરેનો ખાસ કરીને અવર્ણવાદ બોલવો નહિ, કારણ કે તેથી સર્વનાશ થવાનો પ્રસંગ આવે છે.

(૧૧) ખર્ચ આવક પ્રમાણે રાખવો.

(૧૨) પોશાક વૈભવ પ્રમાણે રાખવો.

(૧૩) માતાપિતાની સેવા કરવી.

(૧૪) સંગ સદાચારી પુરુષોનો કરવો.

(૧૫) કરેલા ઉપકારને જાણવો. કોઈએ નાનો સરખો ઉપકાર કર્યો હોય તો પણ ભૂલવો નહિ.

(૧૬) અજીર્ણ હોય તો જમવું નહિ.

(૧૭) અવસરે પ્રકૃતિને અનુકૂળ આસક્તિ વિના ભોજન કરવું.

(૧૮) સારી વર્તણુકવાળા અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.

(૧૯) નિંદ્ય કામમાં પ્રવૃત્તિ કરવી નહિ. જે કામ સમાજમાં અધમ, હલકું કે નિંદ્ય ગણાતું હોય તેમાં પ્રવૃત્તિ કરવાથી પ્રતિષ્ઠાનો નાશ થાય છે અને પ્રતિષ્ઠાનો નાશ થતાં ક્રમશઃ સર્વનો નાશ થાય છે.

(૨૦) જે ભરણપોષણ કરવા યોગ્ય હોય તેનું ભરણપોષણ કરવું. માતા, પિતા, દાદા, દાદી, પત્ની, પુત્રાદિ પરિવાર તથા આશ્રયે રહેલાં સગાંવહાલાં અને નોકરચાકર ભરણપોષણ કરવા યોગ્ય છે. તેમાં માતાપિતા, સતી સ્ત્રી અને પોતાના નિર્વાહની શક્તિ ન હોય તેવા પુત્રપુત્રીઓનું ભરણપોષણ તો કોઈ પણ ભોગે એટલે નોકરી, ચાકરી કે સામાન્ય ગણાતો હોય એવો ધંધો કરીને પણ કરવું અને સ્થિતિ સારી હોય તો બીજાં સગાવહાલાનું પણ પોષણ કરવું, તેમજ અસહાય જ્ઞાતિજનોને પણ બનતી મદદ કરવી.

(૨૧) દીર્ઘદર્શી થવું. લાભાલાભનો પૂરતો વિચાર કર્યા વિના કોઈ પ્રવૃત્તિમાં ઝંપલાવવાથી બહુ મોટું નુકશાન સહન કરવું પડે છે, જ્યારે દીર્ઘદર્શીને પ્રાયઃ વિપત્તિ આવતી નથી.

(૨૨) રોજ ધર્મકથા સાંભળવી.

(૨૩) દયાળું થવું. દયા એ ધર્મનું મૂળ છે.

(૨૪) બુદ્ધિના આઠ ગુણોનું સેવન કરવું. તે આ પ્રમાણેઃ

૧. શુશ્રૂષા એટલે તત્ત્વ સાંભળવાની ઇચ્છા. ૨. શ્રવણ એટલે તત્ત્વ સાંભળવું. ૩. ગ્રહણ એટલે સાંભળેલું ગ્રહણ કરવું. ૪. ધારણા એટલે ગ્રહણ કરેલાને ભૂલવું નહિ. ૫. ઉહ એટલે જે અર્થ ગ્રહણ કર્યો હોય તેની સંગતિ દાખલા-દલીલપૂર્વક વિચારવી. ૬. અપોહ એટલે તે જ અર્થના અભાવમાં કેવી વિરુદ્ધ પરિસ્થિતિ હોય તે યુક્તિ–દૃષ્ટાન્તથી જોવું. ૭. ભ્રમાદિ દોષોથી રહિત અર્થનું જ્ઞાન મેળવવું. ૮. અર્થનો નિશ્ચિત બોધ કરવો. આ આઠ ગુણોનું સેવન કરનારને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૨૫) ગુણનો પક્ષપાત કરવો. અહીં ગુણ શબ્દથી ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, ઉદારતા, વાત્સલ્ય, ધૈર્ય, પવિત્રતા, સત્ય વગેરે સમજવા.

(૨૬) હંમેશા અદુરાગ્રહી બનવું. પોતાની વાત ખોટી જણાય છતાં ન છોડવી એ દુરાગ્રહ કહેવાય છે.

(૨૭) વિશેષજ્ઞ થવું—એટલે કે દરેક વસ્તુના ગુણ–દોષ બરાબર સમજવા.

(૨૮) અતિથિ, સાધુ અને દીનજનોની યોગ્યતા પ્રમાણે સેવા કરવી.

(૨૯) પરસ્પર બાધા ન આવે એ રીતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સેવવા.

(૩૦) દેશ અને કાળથી વિરુદ્ધ પરિચર્યાનો ત્યાગ કરવો.

(૩૧) બલાબલ વિચારીને કામ કરવું.

(૩૨) લોકલાગણી ધ્યાનમાં રાખીને વર્તવું.

(૩૩) પરોપકાર કરવામાં કુશળ થવું. જે મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે કોઇના ઉપર નાનો કે મોટો ઉપકાર કરે છે, તેનું જીવન ધન્ય ગણાય છે. બાકીના મનુષ્યો કાગડા–કૂતરાની માફક માત્ર પોતાનું પેટ ભરનારા હોઈ તેમની ગણના શેમાં કરવી? એ તમે જ કહો. અહીં અમને સોરઠના એક લોકકવિએ કહેલો સોરઠો યાદ આવે છે:

કરમાં પહેરે કડાં, પણ કર પર કર મેલે નહિ;
એને જાણવા મડાં, સાચું સોરઠિયો ભણે.

(૩૪) લજ્જાવાન થવું.

(૩૫) મુખાકૃતિ સૌમ્ય રાખવી.

મધ્યમ અને ઉત્તમ કોટિના ગૃહસ્થો

સંસ્કારી ગૃહસ્થો મધ્યમ કોટિના ગણાય છે. તેઓ ધર્મ અર્થાત્ દેશવિરતિચારિત્ર સરળતાથી પામી શકે છે. ખેતર ખેડાયેલું હોય તો તેમાં સારો પાક ઉતરે, એ સહુ સમજી શકે એવી વાત છે.

જે ગૃહસ્થો સમ્યકત્વયુક્ત શ્રાવકનાં બાર વ્રતો ધારણ કરે છે, તેને અહીં ધર્મપરાયણ એટલે દેશવિરતિ ચારિત્રવાળા સમજવાના છે. આ ગૃહસ્થો ઉત્તમ કોટિના ગણાય છે અને તેઓ સર્વવિરતિ એટલે સાધુજીવનનો સરળતાથી સ્વીકાર કરી શકે છે.

સમ્યકત્વયુક્ત શ્રાવકનાં બાર વ્રતો કેવાં હોય છે, તે

અહીં ટુંકમાં જણાવીશું. ટુંકમાં એટલા માટે કે તેનું વિસ્તારથી વર્ણન કરવું હોય તો એક વ્યાખ્યાનમાળા જ યોજવી પડે અને હવે તેટલો સમય આપણી પાસે નથી.

સમ્યકત્વ હોય તો જ વ્રતો ટકે છે, એટલે સમ્યકત્વની ધારણા આવશ્યક છે.

સમ્યકત્વની ધારણા

સમ્યકત્વ અને વ્રતો ગ્રહણ કરવાનો ખાસ વિધિ છે. તે ઉત્તમ ક્ષેત્રમાં, ઉત્તમ મુહૂર્તે, પરીક્ષિત શિષ્યને, પ્રભુજીની સમક્ષ કરાવવામાં આવે છે. તે વખતે સમ્યકત્વ ગ્રહણ કરનારને નીચે મુજબ પ્રતિજ્ઞા કરવાની હોય છે:

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો।
જિણપન્નત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિયં॥

'આજથી મારે જીવનપર્યંત શ્રી અરિહંત એ જ દેવ, સુસાધુ એ જ ગુરુ અને કેવલી ભગવંતનું વચન એ જ તત્ત્વ અર્થાત્ ધર્મરૂપે માન્ય છે. તે સિવાય બીજા કોઇ દેવ ગુરુ–ધર્મને આદરું નહિ–સેવું નહિ. આ રીતે મેં સમ્યકત્વ દેવ, ગુરુ અને સંઘની સાક્ષીએ ગ્રહણ કર્યું છે.'

બાર વ્રતોનાં નામ

શ્રાવકનાં બાર વ્રતોનાં નામ આગળ ગુણસ્થાનના વર્ણનપ્રસંગે ગણાવી ગયા છીએ, તો પણ અહીં દેશવિરતિ ચારિત્રનો ખાસ અધિકાર હોવાથી તેની ગણના પુનઃ કરાવીશું. મંત્રોચ્ચારમાં જેમ અમુક શબ્દો બે વાર બોલ-

વાથી તેની શક્તિ વધે છે, તેમ નિત્ય ઉપયોગી વ્રતોનાં નામ બીજી વાર લેવાથી તે વધારે પાકાં થાય છે, અથવા વિસ્મૃત થઈ ગયા હોય તો તેનું અનુસંધાન થઇ જાય છે. બાર વ્રતોનાં નામ આ પ્રમાણે સમજવાં :

(૧) સ્થૂલ–પ્રાણાતિપાત–વિરમણ–વ્રત.
(૨) સ્થૂલ–મૃષાવાદ–વિરમણ–વ્રત.
(૩) સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત.
(૪) સ્થૂલ–મૈથુન–વિરમણ–વ્રત.
(૫) પરિગ્રહ–પરિમાણ–વ્રત.
(૬) દિક્–પરિમાણ–વ્રત.
(૭) ભોગોપભોગ–પરિમાણ–વ્રત.
(૮) અનર્થદંડ–વિરમણ–વ્રત.
(૯) સામાયિક–વ્રત.
(૧૦) દેશાવકાશિક–વ્રત.
(૧૧) પોષધ–વ્રત.
(૧૨) અતિથિસંવિભાગ–વ્રત.

વ્રતોના વિભાગો

આ બાર વ્રતોમાં પહેલાં પાંચને અણુવ્રતો કહેવામાં આવે છે, કારણ કે તે મહાવ્રતની અપેક્ષાએ અણુ અર્થાત્ ઘણાં નાનાં છે. પછીનાં ત્રણને ગુણવ્રતો કહેવામાં આવે છે, કારણ કે તે ચારિત્રના ગુણોની પુષ્ટિ કરનારાં છે અને છેલ્લાં ચારને શિક્ષાવ્રતો કહેવામાં આવે છે, કારણ કે તે આત્માને સાધુજીવનની શિક્ષા કે તાલીમ આપનારાં છે. એક અપેક્ષાએ

શિક્ષાવ્રતો પણ ગુણવ્રતો જ છે, એટલે પાંચ અણુવ્રતો સિવાયનાં બાકીનાં સાતે વ્રતોને ગુણવ્રતો માનવામાં પણ કંઈ હરકત નથી. આ દૃષ્ટિએ જ શાસ્ત્રોમાં કેટલીક જગાએ સાત ગુણવ્રતોનો ઉલ્લેખ આવે છે.

પહેલું સ્થૂલ–પ્રાણાતિપાત–વિરમણ–વ્રત

જે વ્રતોમાં કંઈ છૂટછાટ ન હોય તે સૂક્ષ્મ અને જેમાં છૂટછાટો હોય તે સ્થૂલ. આ રીતે પાંચે અણુવ્રતોને સ્થૂલ કહેવામાં આવે છે.

પ્રાણાતિપાત એટલે હિંસા, તેમાંથી વિરમણ પામવાનું અર્થાત્ વિરમવાનું–અટકવાનું જે વ્રત તે પ્રાણાતિપાત–વિરમણ–વ્રત. આ વ્રતમાં સંકલ્પથી નિરપેક્ષપણે નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. તેનું વિવેચન અમોએ સત્તાવીશમા વ્યાખ્યાનમાં કરેલું છે, એટલે અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ.

ધર્મમાં અહિંસા ધર્મ મોટો છે, એટલે પ્રથમ વ્રત હિંસાત્યાગનું લેવાય છે. બીજાં બધાં વ્રતો આ અહિંસારૂપી વૃક્ષનાં ડાળી–ડાંખળાં છે, એમ કહીએ તો પણ ખોટું નથી. અહિંસા જીવનાં રક્ષણ અને પોષણને માટે છે.

બીજું સ્થૂલ–મૃષાવાદ–વિરમણ–વ્રત

મૃષા વદવું તે મૃષાવાદ. તેમાંથી અટકવાનું જે સ્થૂલ વ્રત તે સ્થૂલ મૃષાવાદ–વિરમણ–વ્રત. તેમાં નીચેની પ્રતિજ્ઞા લેવામાં આવે છે :

(૧) કન્યા કે વર સંબંધી ખોટું બોલવું નહિ.

(૨) ગાય, ભેંસ વગેરે જનાવરો સંબંધી ખોટું બોલવું નહિ.

(૩) જમીન, ખેતર વગેરે સંબંધી ખોટું બોલવું નહિ.

(૪) કોઈની થાપણ ઓળવવી નહિ.

(૫) કોર્ટ–કચેરીમાં કે પંચ–લવાદ સમક્ષ ખોટી સાક્ષી આપવી નહિ.

ત્રીજું સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત

અદત્તાદાન એટલે ચોરી. તેનો ત્યાગ કરવાનું સ્થૂલ વ્રત તે સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત. આ વ્રત નીચે પ્રમાણે લેવામાં આવે છે :

(૧) કોઈનાં ઘર–દુકાનમાં ખાતર પાડવું નહિ.

(૨) ગાંઠ છોડીને કે પેટી–પટારાં ઉઘાડીને કોઈની વસ્તુ કાઢી લેવી નહિ.

(૩) ધાડ પાડવી નહિ.

(૪) તાળા પર કુંચી કરીને એટલે તાળું ઉઘાડીને કોઈની વસ્તુ કાઢી લેવી નહિ.

(૫) પરાઈ વસ્તુને પોતાની કરી લેવી નહિ.

ચોરેલો માલ રાખવો નહિ અને ચોરને ઉત્તેજન મળે તેવું કંઈ પણ કરવું નહિ. ચોરીનો માલ રાખવો કે ચોરને ઉત્તેજન આપવું એ પણ ચોરી જ છે, માટે આ વ્રત લેનારે તેનાથી બચવાનું છે.

ચોથું સ્થૂલ–મૈથુન–વિરમણ–વ્રત

આ વ્રતને સ્વદારા–સંતોષ–વ્રત પણ કહેવામાં આવે

છે. સ્વદારા એટલે જેનો પંચની સાક્ષીએ હાથ ગ્રહણ કર્યો છે, તેવી સ્ત્રી. તેનાથી સંતોષ માનવો એટલે પોતાની સ્ત્રી સિવાય મોટી તેટલી બહેનની એમ માનીને તેમના પ્રત્યે કદી પણ કુદૃષ્ટિ કરવી નહિ. પરદારાગમન–વિરમણ–વ્રતમાં કુંવારી કન્યાઓ, વિધવાઓ, રખાતો વગેરેના ત્યાગનો સ્પષ્ટ સમાવેશ થતો નથી, એટલે તેની સરખામણીમાં સ્વદારા–સંતોષ–વ્રત ઘણું મોટું છે. શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે 'જે પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ છે અને વિષયોમાં વિરક્ત છે, તે ગૃહસ્થ હોવાં છતાં પોતાનાં શીલથી સાધુના સરખો ગણાય છે.' આ વ્રતનો મહિમા જાણીતો છે.

પાંચમું પરિગ્રહ–પરિમાણ–વ્રત

પોતાના થકી ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ એટલે મકાન, રૂપું, સોનું, રાચરચીલું, દ્વિપદ એટલે નોકરચાકર અને ચતુષ્પદ એટલે ઢોરઢાંખર રાખવા, તે પરિગ્રહ કહેવાય છે. તેનું પરિમાણ કરવું, એટલે તેની મર્યાદા બાંધવી. શાસ્ત્રકારો કહે છે કે 'જેમ ઘણા ભારથી ભરેલું મોટું વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ પરિગ્રહના મમત્વરૂપી ભારથી પ્રાણીઓ સંસારરૂપ સમુદ્રમાં ડૂબી જાય છે.' તેથી પરિગ્રહ જરૂર જેટલો જ રાખવો, પણ તેથી અધિક રાખવો નહિ. મનુષ્યો અનેકવિધ પાપો આ પરિગ્રહ માટે જ કરે છે, એટલે તેની મર્યાદા થાય તો પાપનું પ્રમાણ ઘટી જાય અને સંતોષનો ગુણ ખીલતો રહે.

છઠ્ઠું દિક્–પરિમાણ–વ્રત

ગૃહસ્થજીવનને સંતોષી બનાવવા માટે જેમ પરિગ્રહનું

પરિમાણ આવશ્યક છે, તેમ દિક્ એટલે દિશાઓનું પરિમાણ પણ આવશ્યક છે. આ વ્રતમાં અમુક દિશામાં અમુક અંતરથી વધારે જવું નહિ, એવી પ્રતિજ્ઞા લેવાય છે.

સાતમું ભોગોપભોગ-પરિમાણ-વ્રત

જે વસ્તુ એક વાર ભોગવાય તે ભોગ. જેમકે આહાર, પાન, સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પધારણ વગેરે; અને જે વસ્તુ વધારે વખત ભોગવાય તે ઉપભોગ. જેમકે—વસ્ત્ર, આભૂષણ, શયન, આસન, વાહન વગેરે. આ વ્રતથી ભોગ અને ઉપભોગની તમામ વસ્તુઓની મર્યાદા કરવામાં આવે છે. ભોગની વસ્તુમાં આહારપાણી મુખ્ય છે. તેમાં બાવીશ અભક્ષ્યનો ત્યાગ કરવો જોઈએ અને બીજાની મર્યાદા કરવી જોઈએ. બાવીશ અભક્ષ્યનાં નામો આ પ્રમાણે સમજવાં :—

૧ વડનાં ફળ	૧૨ વિષ—ઝેર
૨ પીંપળનાં ફળ	૧૩ સર્વ પ્રકારની માટી
૩ ઊંબરાં	૧૪ રાત્રિભોજન
૪ અંજીર	૧૫ બહુબીજ
૫ કાકોદુંબર	૧૬ અનંતકાય
૬ દારૂ	૧૭ બોળ અથાણાં
૭ માંસ	૧૮ ઘોલવડાં
૮ મધ	૧૯ વંતાક-રીંગણાં
૯ માખણ	૨૦ અજાણ્યાં ફળ-ફૂલ
૧૦ હિમ અથવા બરફ	૨૧ તુચ્છ ફળ
૧૧ કરાં	૨૨ ચલિતરસ.

આ વ્રત ધારણ કરનારે કર્મ એટલે ધંધા સંબંધમાં પણ ઘણો વિવેક રાખવો પડે છે. ખાસ કરીને જે ધંધાઓમાં ઘણી હિંસા થાય તેવો ધંધો કરવો કલ્પતો નથી. શાસ્ત્રોમાં આવા ધંધાઓને માટે કર્માદાન શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કર્માદાન પંદર છે, તે આ પ્રમાણે : (૧) અંગારકર્મ એટલે જેમાં અગ્નિનું વિશેષ પ્રયોજન પડે તેવો ધંધો. (૨) વનકર્મ એટલે વનસ્પતિઓને કાપીને વેચવાનો ધંધો. (૩) શકટકર્મ એટલે ગાડાં બનાવીને વેચવાનો ધંધો. (૪) ભાટકકર્મ એટલે પશુઓ વગેરે ભાડે આપવાનો ધંધો. (૫) સ્ફોટકકર્મ એટલે પૃથ્વી તથા પત્થરને ફોડવાનો ધંધો. (૬) દંતવાણિજ્ય એટલે હાથીદાંત વગેરેનો વેપાર. (૭) લાક્ષાવાણિજ્ય એટલે લાખ વગેરેનો વેપાર. (૮) રસવાણિજ્ય એટલે દૂધ, દહીં, ઘી, તેલ વગેરેનો વેપાર. (૯) કેશવાણિજ્ય એટલે ઝેર મનુષ્ય તથા પશુઓનો વેપાર. (૧૦) વિષવાણિજ્ય એટલે ઝેર અને ઝેરી પદાર્થોનો વ્યાપાર. (૧૧) યંત્રપીલનકર્મ એટલે અનાજ, બીયાં તથા ફળફૂલ પીલી આપવાનું કામ. (૧૨) નિલંછનકર્મ એટલે પશુઓનાં અંગોને છેદવા, ડામ દેવા વગેરેનું કામ. (૧૩) દવદાનકર્મ એટલે વન, ખેતર વગેરેમાં આગ લગાડવાનું કામ. (૧૪) જલશોષણકર્મ એટલે સરોવર, તળાવ તથા ધરા વગેરે સૂકવવાનું કામ અને (૧૫) અસતી પોષણ એટલે કુલટા કે વ્યભિચારી સ્ત્રીઓને પોષવાનું કે હિંસક પ્રાણીઓને ઉછેરીને તેને વેચવાનું કામ.

આ વ્રતમાં રોજ પ્રાતઃકાળે નીચેની ચૌદ વસ્તુને લગતા નિયમો ધારવાના હોય છે: (૧) વસ્તુ, (૨) દ્રવ્ય,

(૩) વિકૃતિ–વિગઈ, (૪) ઉપાનહ–જોડાં, (૫) તંબોલ, (૬) વસ્ત્ર, (૭) કુસુમ, (૮) વાહન, (૯) શયન–પલંગ–પથારી, (૧૦) વિલેપન, (૧૧) બ્રહ્મચર્ય, (૧૨) દિશા, (૧૩) સ્નાન અને (૧૪) ભોજન.

આઠમું અનર્થદંડ–વિરમણ–વ્રત

જે હિંસા વિશિષ્ટ પ્રયોજન કે અનિવાર્ય કારણ વિના કરવામાં આવે તે અનર્થદંડ કહેવાય. તેમાંથી બચવાનું વ્રત તે અનર્થદંડ–વિરમણ–વ્રત. આ વ્રતમાં અપધ્યાન, પાપોપદેશ, હિંસ્રપ્રદાન અને પ્રમાદાચરણનો ત્યાગ કરવાનો હોય છે. અપધ્યાન એટલે આર્ત્ત તથા રૌદ્રધ્યાન, પાપોપદેશ એટલે બીજાને પાપ કરવાની પ્રેરણા મળે તેવી સૂચના–સલાહ, હિંસ્રપ્રદાન એટલે હિંસાકારી શસ્ત્રસાધન બીજાને આપવાં અને પ્રમાદાચરણ એટલે નાટક, તમાશા, પશુઓનાં યુદ્ધ, ગંજીપા–સોગઠા વગેરેની રમત વગેરેમાં ભાગ લેવો.

નવમું સામાયિક–વ્રત

પાપવ્યાપાર અને દુર્ધ્યાનથી રહિત આત્માનો બે ઘડી–પ્રમાણ સમતાભાવ તે સામાયિક–વ્રત. સામાયિક કરતી વખતે શ્રાવક સાધુની સમાન થાય છે, તેથી તેને બહુ વાર કરવાનો ઉપદેશ છે. સામાયિક કરતી વખતે દશ મનના, દશ વચનના તથા બાર કાયાના દોષો ટાળવા જોઈએ, તો જ સામાયિક શુદ્ધ થયું કહેવાય. શુદ્ધ સામાયિકની કિંમત આ જગતના કોઈ પાર્થિવ પદાર્થથી થઈ શકતી નથી. તેથી જ કહ્યું છે કે–

दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडिओ एगो ।
इअरो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥

'એક મનુષ્ય રોજ લાખ ખાંડી સોનાનું દાન કરે અને બીજો મનુષ્ય એક સામાયિક કરે, તો પણ દાન દેનારો સામાયિક કરનારને પહોંચે નહિ, અર્થાત્ તેના જેટલો લાભ મેળવે નહિ.'

દશમું દેશાવકાશિક–વ્રત

વ્રતોમાં રાખેલી સામાન્ય છૂટોનો દૈનિક જીવન પૂરતો સંકોચ કરવો, તે દેશાવકાશિક વ્રત કહેવાય.

આખા દિવસમાં આઠ સામાયિક અને સવાર–સાંજ પ્રતિક્રમણ એમ કુલ દશ સામાયિક કરવાથી દેશાવકાશિક કરવાનો વ્યવહાર આજે પ્રચલિત છે.

અગિયારમું પોષધ–વ્રત

પર્વતિથિ વગેરેના દિવસે દેશથી અથવા સર્વથી આહાર, શરીરસત્કાર, ગૃહવ્યાપાર અને અબ્રહ્મચર્યનો ત્યાગ કરી આઠ પ્રહર કે ચાર પ્રહર સુધી સામાયિકની કરણી કરવી, તે પોષધ કહેવાય છે.

બારમું અતિથિસંવિભાગ–વ્રત

ભક્તિપૂર્વક આહાર, વસ્ત્ર, પાત્ર વગેરેનું અતિથિને એટલે સાધુઓને દાન કરવું તે અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. સાધુઓને ભક્તિપૂર્વક દાન આપવાથી ધન સાર્થવાહે તથા નયસારે સમકિત ઉપાર્જન કર્યું અને પરંપરાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું તથા સંગમે બીજા ભવમાં શાલિભદ્ર બનીને અપૂર્વ રિદ્ધિસિદ્ધિ ભોગવી, એ વસ્તુ તમારા ખ્યાલમાં જ હશે.

શ્રાવકની દિનચર્યા

દેશવિરતિ ચારિત્રને ધારણ કરનારા ગૃહસ્થની દિનચર્યા

કેવી હોય ? તેનું વર્ણન શાસ્ત્રકારોએ નવકારેણ વિબોહો એ પદથી શરૂ થતી ગાથામાં કર્યું છે, તે પણ અહીં જણાવી દઇએ.

શ્રાવકે પંચપરમેષ્ઠિનાં મંગલ સ્મરણપૂર્વક ચાર ઘડી રાત બાકી રહે ત્યારે નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. પછી ધર્મજાગરિકા કરવી જોઈએ, એટલે ધર્મ સંબંધી વિચારણા કરવી જોઈએ. ત્યાર બાદ રત્નત્રયીની શુદ્ધિ માટે ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ કરવું જોઈએ. તે કર્યા પછી ચૈત્યવંદન કરવું જોઈએ અને પચ્ચકખાણ લેવું જોઈએ.

પછી જિનભવને–જિનમંદિરે જઈને ત્યાં પુષ્પમાલા, ગંધ વગેરે વડે જિનબિંબોનો સત્કાર કરવો જોઈએ અને ત્યાંથી ગુરુની પાસે જઈને તેમને વંદન કરીને વિધિપૂર્વક પચ્ચકખાણ લેવું જોઈએ. ત્યાર પછી તેમની આગળ ધર્મ શ્રવણ કરી, સુખશાતાની પૃચ્છા કરવી જોઈએ અને ભાત–પાણીનો લાભ આપવાની વિનંતિ કરવી જોઈએ. જો ગુરુ મહારાજને ઔષધ આદિનો ખપ હોય તો તે અંગે ઉચિત કરવું જોઈએ. ત્યાર પછી ભોજન તથા લૌકિક અને લોકોત્તર બંને દૃષ્ટિએ અનિંદિત એવા વ્યવહારની સાધના કરી શકાય. ત્યાર બાદ એટલે સાયંકાળે સમયસર ભોજન કરી દિવસચરિમ પ્રત્યાખ્યાન વડે સંવરને સારી રીતે ધારણ કરવો જોઈએ અને જિનબિંબોની અર્ચા, ગુરુવંદન, સામાયિક–પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ કરવી જોઈએ.

પછી સ્વાધ્યાય, સંયમ, વૈયાવૃત્ત્ય વગેરેથી પરિશ્રમિત થયેલા સાધુની પુષ્ટ આલંબન રૂપ વિશ્રામણા કરવી જોઈએ અને નવકારચિંતન આદિ ઉચિત યોગોનું અનુષ્ઠાન કરવું

જોઇએ. ત્યાર પછી સ્વગૃહે પાછા ફરીને પોતાના પરિવારને બોધદાયક કથાઓ તથા સુંદર સુભાષિતો વડે ધર્મનું સ્વરૂપ સમજાવવું જોઈએ, જેથી તે ધર્મભાવનાવાળો થાય. પછી વિધિપૂર્વક શયન કરવા માટે દેવ–ગુરુ વગેરે ચારનાં શરણ અંગીકાર કરવા જોઈએ.

આ વખતે મોહ પ્રત્યેની જુગુપ્સા વડે પ્રાયઃ અબ્રહ્મચર્યમાં વિરતિ રાખવી જોઈએ અને સ્ત્રીનાં અંગોપાંગોની અશુચિતા વગેરેનો વિચાર કરી તેનો ત્યાગ કરનાર મહાપુરુષોનું હૃદયથી બહુમાન કરવું જોઈએ.

પછી 'મારા ચારિત્રશીલ ધર્માચાર્ય ગુરુ આગળ ક્યારે દીક્ષા લઈશ ?' એવો મનોરથ કરવો જોઈએ. ત્યાર બાદ નિદ્રાધીન થવું જોઈએ.

જેઓ આ પ્રકારની દિનચર્યા વડે પોતાનો દિવસ વ્યતીત કરે છે, તેનાં ચારિત્રનું ઉત્તમ પ્રકારે ઘડતર થાય છે.

આમાંથી આજે કેટલું થાય છે અને કેટલું નહિ ? તે તમારી જાતને પૂછી જુઓ. શાસ્ત્રકારોએ જે નિયમો બતાવ્યા છે, તે તમારાં ભલાંને માટે છે; એટલે તેનો બની શકે તેટલો વધારે આદર કરો, એ અમારે ખાસ કહેવાનું છે.

સર્વવિરતિચારિત્રનું વર્ણન બાકી રહ્યું, તે અવસરે કહેવાશે.



વ્યાખ્યાન છેંતાલીસમું

સમ્યક્ ચારિત્ર

[૨]

મહાનુભાવો !

આપણાં પવિત્ર જિનાગમોમાં કહ્યું છે કે 'गारत्थेहिं सव्वेहिं साहवो संजमुत्तरा–સર્વ ગૃહસ્થો કરતાં સાધુઓ સંયમમાં શ્રેષ્ઠ હોય છે.' તાત્પર્ય કે એક ગૃહસ્થ ગમે તેટલું ઊંચું ચારિત્ર ધરાવતો હોય તો પણ તે સામાન્ય સાધુની બરાબરી કરી શકતો નથી. આથી સર્વવિરતિચારિત્ર કેટલું ઊંચું છે? તેનો ખ્યાલ તમને આવી શકશે.

સર્વવિરતિચારિત્રનો અધિકારી

'સર્વવિરતિચારિત્ર માટે કોણ અધિકારી ગણાય?' એ સંબંધમાં શાસ્ત્રોએ ઘણી ઊંડી વિચારણા કરી છે, પરંતુ તે બધાનો સાર એ છે કે જે આત્મા સંસારની અસારતાને બરાબર સમજી ચૂકયો હોય, ભવભ્રમણથી અત્યંત ખેદ પામેલો હોય અને વિનયાદિગુણોથી યુક્ત હોય તેને સર્વવિરતિચારિત્રને યોગ્ય ગણવો.

સર્વવિરતિચારિત્ર ધારણ કરનારને સાધુ, અણગાર, ભિક્ષુ, યતિ, સંયતિ, પ્રવ્રજિત, નિર્ગ્રંથ, વિરત, ક્ષાંત, દાંત, મુનિ, તપસ્વી, ઋષિ, યોગી, શ્રમણ વગેરે અનેક નામોથી ઓળખવામાં આવે છે.

સર્વવિરતિચારિત્ર અંગીકાર કરતાં પ્રશ્નશુદ્ધિ, કાલશુદ્ધિ,

ક્ષેત્રશુદ્ધિ, દિશાશુદ્ધિ અને વંદનાશુદ્ધિ એમ પાંચ પ્રકારની શુદ્ધિ જાળવવાની હોય છે.

દીક્ષા લેવાની અભિલાષાથી કોઈ મુમુક્ષુ ગુરુ સમીપે આવે ત્યારે 'હે વત્સ! તું કોણ છે? કયાંથી આવ્યો? તારા માતાપિતાનું નામ શું? તારો ધાર્મિક અભ્યાસ કેટલો છે? તને દીક્ષા લેવાનો ભાવ શાથી થયો? તેં માતાપિતાની અનુમતિ લીધી છે કે કેમ? તું દીક્ષાની જવાબદારી સમજે છે ખરો?' વગેરે પ્રશ્નો પૂછીને જરૂરી માહિતી મેળવી લેવી તેને પ્રશ્નશુદ્ધિ કહે છે. જો આ પ્રશ્નના ઉત્તરો ઠીક ન મળે તો તેની વધારે તપાસ કરવી આવશ્યક ગણાય છે. અહીં નિમિત્તશાસ્ત્ર વગેરે દ્વારા પણ શિષ્યની પરીક્ષા કરવાનો વિધિ છે.

આ પરીક્ષામાં યોગ્ય જણાય તો તેને દીક્ષા દેવા માટે શુભ મુહૂર્ત જોવામાં આવે છે, તે કાલશુદ્ધિ સમજવી. ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની અને રોહિણી એ ચાર નક્ષત્રો દીક્ષા માટે બહુ સારાં ગણાય છે. બંને પક્ષની ચતુર્દશી, પૂનમ, આઠમ, નોમ, છઠ, ચોથ અને બારશ એ તિથિઓ દીક્ષા માટે વર્જ્ય છે, એટલે તે સિવાયની તિથિમાં દીક્ષા આપવી જોઈએ.

દીક્ષા સારાં સ્થાનમાં આપવી તે ક્ષેત્રશુદ્ધિ ગણાય છે. અહીં સારાં સ્થાનથી શેરડીનો વાઢ, ડાંગરનું ખેતર, સરોવરની પાળ, પુષ્પસહિત વનખંડ અર્થાત્ વાડી–બાગ–બગીચા –ઉદ્યાન, નદીનો કિનારો તથા જિનચૈત્ય સમજવાં.

દીક્ષા આપતી વખતે શિષ્યને પૂર્વાભિમુખ, ઉત્તરા-

ભિમુખ કે જે દિશામાં કેવલી ભગવંત વિચરતા હોય કે જિનચૈત્ય હોય તે દિશા તરફ મુખને રાખીને બેસાડવો તે દિશાશુદ્ધિ કહેવાય. આજે સમવસરણની સામે દીક્ષા-વિધિ કરવામાં આવે છે, તેનો હેતુ આ રીતે દિશાશુદ્ધિ સાચવવાનો છે.

બાકી રહી વંદનાશુદ્ધિ. તેમાં ચૈત્યવંદન–દેવવંદન, કાયોત્સર્ગ તથા વાસક્ષેપ, રજોહરણ અને વેશસમર્પણની ક્રિયા હોય છે.

આ રીતે પાંચ પ્રકારની શુદ્ધિપૂર્વક મુમુક્ષુને દીક્ષા આપવામાં આવે છે. તે વખતે ગુરુ તેને 'કરેમિ ભંતે'નો પાઠ ઉચ્ચરાવે છે અને તેમાં સર્વ પાપના ત્રણ કરણ અને ત્રણ યોગે અર્થાત્ નવકોટિથી જાવજ્જીવનાં પચ્ચક્ખાણ કરાવે છે. ત્યારબાદ અનુક્રમે વડી દીક્ષા વખતે પાંચ મહાવ્રતો ઉચ્ચરાવે છે અને છઠ્ઠું રાત્રિભોજન–વિરમણ–વ્રત પણ ધારણ કરાવે છે.

પહેલું મહાવ્રત

પહેલું મહાવ્રત પ્રાણાતિપાત–વિરમણ–વ્રત નામનું છે. તેનાથી સૂક્ષ્મ–બાદર, સ્થાવર–ત્રસ સર્વ પ્રાણીઓની મન–વચન–કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ તથા કરનારને સારો જાણવો નહિ, એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે. આ મહાવ્રત સહુથી વધારે મહત્ત્વનું છે, એટલે તેને પ્રથમ ગ્રહણ કરાવવામાં આવે છે.

સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરવો એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય એ કોઈની વિરાધના કરવી નહિ. આવી પ્રતિજ્ઞાને લીધે સાધુ કોઈ પણ

પ્રકારની જમીન ખોદે નહિ; વાવ, તલાવ, કૂવા, સરોવર વગેરેમાં રહેલું, તેમજ વરસાદનું કાચું પાણી પીએ નહિ કે બરફનો ઉપયોગ કરે નહિ; ચકમક કે દીવાસળીનો ઉપયોગ કરીને યા બીજી રીતે અગ્નિ પ્રગટાવે નહિ, અગ્નિને સંકોરે નહિ. અગ્નિને સ્પર્શ પણ કરે નહિ. જ્યાં અગ્નિને જ સ્પર્શ કરે નહિ, ત્યાં ચૂલા સળગાવી રસોઈ તો કરે જ શાનાં? રસોઈ કરતાં બધા સ્થાવર જીવોની વિરાધના થાય છે, એટલે સાધુ રસોઈ કરે નહિ. વળી તેઓ વીંઝણા વડે પવન ખાય નહિ કે કોઈ લીલોતરી તથા ધાન્યને અડે નહિ.

ત્રસજીવોની હિંસાનો ત્યાગ હોવાને લીધે તેઓ કોઈ પણ પ્રવૃત્તિ એવી કરે નહિ કે જેમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોનો વધ થાય. સાધુએ ચાલતાં, બોલતાં, ખાતાંપીતાં, ઉઠતાં, બેસતાં, સૂતાં કોઇ પણ સૂક્ષ્મસ્થૂલ જીવની હિંસા ન થાય તે માટે ખૂબ કાળજી રાખવાની હોય છે અને તેથી જ રજોહરણ કે ઓઘો પોતાની પાસે રાખે છે. કોઈ જીવજંતુ નજરે પડે કે શરીર, વસ્ત્ર, પાત્ર વગેરે પર ચડ્યું હોય તો તેઓ આ રજોહરણની અતિ કોમળ દશીઓ વડે તેને કોઈ પ્રકારની ઈજા ન પહોંચે એ રીતે દૂર કરે છે.

બીજું મહાવ્રત

બીજું મહાવ્રત મૃષાવાદ–વિરમણ–વ્રત નામનું છે. તેનાથી એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે કે ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી કોઈ પણ પ્રકારનું અસત્ય બોલવું

નહિ. બીજા પાસે બોલાવવું નહિ કે બોલતાને સારો માનવો નહિ. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે 'સંસારના સર્વ સાધુપુરુષોએ મૃષાવાદની–અસત્યની નિંદા કરી છે. અસત્ય સર્વ પ્રાણીઓને માટે અવિશ્વસનીય છે; અર્થાત્ અસત્ય બોલવાથી બધા પ્રાણીઓનો વિશ્વાસ હણી જાય છે, તેથી તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.'

ત્રીજું મહાવ્રત

ત્રીજું મહાવ્રત અદત્તાદાન–વિરમણ–વ્રત નામનું છે. તેનાથી એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે કે ગામ, નગર કે અરણ્યમાં થોડું કે વધારે, નાનું કે મોટું, નિર્જીવ કે સજીવ જે કંઈ માલીકે પોતાની રાજીખુશીથી આપેલું ન હોય તેને ગ્રહણ કરીશ નહિ, બીજાની પાસે કરાવીશ નહિ કે ગ્રહણ કરતાને સારો માનીશ નહિ. આ મહાવ્રતને લીધે સાધુ દાંત ખોતરવાની સળી જોઈતી હોય તો પણ એમને એમ એટલે માલિકની રજા વિના લેતા નથી, તો બીજી વસ્તુની–વાત જ કયાં?

ચોથું મહાવ્રત

ચોથું મહાવ્રત મૈથુન–વિરમણ–વ્રત નામનું છે. તેનાથી એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે કે દૈવી, માનુષિક કે પાશવિક કોઈ પણ પ્રકારનું મૈથુન સેવીશ નહિ, સેવરાવીશ નહિ કે સેવતાને સારો માનીશ નહિ. આ વ્રત ઘણું દુષ્કર છે. તેથી જ પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે કે 'જેમ ગ્રહગણ, નક્ષત્રગણ અને તારાગણમાં ચંદ્ર પ્રધાન છે, તેમ

વિનય, શીલ, તપ, નિયમ આદિ ગુણસમૂહમાં બ્રહ્મચર્ય પ્રધાન છે.'

બ્રહ્મચર્યનાં રક્ષણ માટે શાસ્ત્રોમાં નવ વાડો કહેલી છે, તેનું સાધુ બરાબર પાલન કરે.

(૧) સ્ત્રી, પુરુષ અને નપુંસકની વસ્તીથી રહિત એકાંત વિશુદ્ધ સ્થાનમાં રહેવું.

(૨) કામકથા કરવી નહિ.

(૩) જે પાટ, આસન કે શયન પર સ્ત્રી બેઠેલી હોય ત્યાં બે ઘડી સુધી બેસવું નહિ.

(૪) રાગવશ થઈને સ્ત્રીઓનાં અંગોપાંગ જોવાં નહિ.

(૫) જ્યાં ભીંતને આંતરે સ્ત્રીપુરુષનું જોડું રહેતું હોય ત્યાં રહેવું નહિ.

(૬) સ્ત્રી સાથે કરેલી પૂર્વક્રીડાનું સ્મરણ કરવું નહિ.

(૭) માદક આહારનો ત્યાગ કરવો.

(૮) લૂખોસૂકો આહાર પણ પ્રમાણ કરતાં વધારે લેવો નહિ.

(૯) શૃંગારલક્ષણ શરીરશોભાનો ત્યાગ કરવો, એટલે કે સ્નાન, વિલેપન, ઉદ્વર્તન, સુંદર વસ્ત્ર વગેરેનો ઉપયોગ કરવો નહિ.'

શ્રી દશવૈકાલિક સૂત્રમાં એવી આજ્ઞા કરી છે કે 'જેના હાથપગ છેદાયેલા હોય, નાકકાન કાપેલા હોય, એવી સ્ત્રી સો વર્ષની ડોસી હોય તો પણ સાધુપુરુષે તેનો સ્પર્શ કરવો નહિ.'

જૈન શ્રમણોની વસ્તીવાળાં સ્થાનમાં રાત્રે સ્ત્રીઓને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી, એ તમારા લક્ષમાં હશે જ.

પાંચમું મહાવ્રત

પાંચમું મહાવ્રત પરિગ્રહ-વિરમણ-વ્રત નામનું છે. તેનાથી એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે 'થોડી યા વધારે, નાની યા મોટી, સજીવ કે નિર્જીવ કોઈ પણ વસ્તુનો હું સ્વયં પરિગ્રહ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ કે કરતાને સારો માનીશ નહિ. આ મહાવ્રતને લીધે સાધુઓ કોઈ પણ મઠ કે મંદિરની માલીકી ધરાવી શકે નહિ, તેમજ ધન, માલ, ખેતર, પાધર, વાડી, વજીફા, હાટ, હવેલી કે ઢોરઢાંખર યા રોકડ નાણું કે ઝવેરાત પોતાના થકી રાખી શકે નહિ.

સાધુઓ પોતાના જીવનનિર્વાહ માટે જે વસ્ત્ર, પાત્ર વગેરે રાખે છે, તેની ગણના પરિગ્રહમાં થતી નથી, કારણ કે તે મમત્વબુદ્ધિથી નહિ, પણ સંયમના નિર્વાહ માટે જ રાખવામાં આવે છે.

છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત.

સર્વવિરતિચારિત્ર ગ્રહણ કરનારે પાંચ મહાવ્રતો ઉપરાંત છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત પણ અવશ્ય લેવાનું હોય છે. આ વ્રતથી યાવજ્જીવ સર્વ પ્રકારના રાત્રિભોજનનો ત્યાગ કરવામાં આવે છે. શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે 'ધરતી પર કેટલાક ત્રસ અને સ્થાવર સૂક્ષ્મ જીવો

નિશ્ચિત રૂપે હોય છે. એ જીવોનાં શરીર રાત્રે દેખી શકાતાં નથી, તો ઇર્યાસમિતિપૂર્વક રાત્રે ગોચરી માટે શી રીતે જઈ શકાય ? વળી પાણીને કારણે ધરતી ભીની રહે છે, તેના પર બીજ, કીડી, કીડા પણ પડેલા હોય છે. આ જીવોની હિંસામાંથી દિવસે બચવું પણ મુશ્કેલ હોય છે, ત્યારે રાત્રે તો બચાય જ કયાંથી ? એટલે રાત્રે ચલાય શી રીતે ? આ બધા દોષો જોઈને જ્ઞાતપુત્ર અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે કે નિર્ગ્રંથ સર્વ પ્રકારના આહારનો રાત્રે ભોગ ન કરે.'

અષ્ટ-પ્રવચન-માતા

ચારિત્રનાં પાલન તથા રક્ષણ માટે સાધુપુરુષે ઘણું કરવાનું હોય છે. તેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની મુખ્યતા છે. શાસ્ત્રોમાં તેને અષ્ટ-પ્રવચન-માતા કહેવામાં આવી છે, કારણ કે તે મહાવ્રતસ્વરૂપ પ્રવચનનું પાલન તથા રક્ષણ કરવામાં માતા જેવું કામ કરે છે.

સમિતિનો અર્થ છે સમ્યક્ક્રિયા અને ગુપ્તિનો અર્થ છે ગોપનક્રિયા અર્થાત્ નિગ્રહની ક્રિયા. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં નામો તો તમે જાણતા જ હશો.

પાંચ સમિતિમાં પહેલી ઇર્યાસમિતિ છે. તેનો અર્થ એ છે કે સાધુપુરુષે ખૂબ સાવધાનીથી ચાલવું. તેમાં નીચેના છ નિયમો પાળવાના હોય છે :

(૧) જ્ઞાન-દર્શન-ચારિત્રના હેતુથી ચાલવું, અન્ય હેતુથી નહિ.

(૨) દિવસ દરમિયાન ચાલવું, રાત દરમિયાન નહિ. માત્રા વગેરેનાં કારણે જવા આવવાની છૂટ.

(૩) સારી અવરજવરવાળા માર્ગ પર ચાલવું, પણ નવો માર્ગ કે જેમાં સજીવ માટી વગેરેનો સંભવ હોય ત્યાં ચાલવું નહિ.

(૪) સારી રીતે જોઈને ચાલવું.

(૫) નજર નીચી રાખીને ચાર હાથ જેટલી ભૂમિનું અવલોકન કરતાં ચાલવું. નજર ઊંચી રાખીને કે આડું-અવળું જોતાં ચાલવું નહિ.

(૬) ઉપયોગપૂર્વક ચાલવું, વગર ઉપયોગે ચાલવું નહિ. સાધુઓ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે કોઈ પણ વાહનનો ઉપયોગ કરતા નથી, કારણ કે તેથી ઈર્યા-સમિતિના ચોથા, પાંચમા અને છઠ્ઠા નિયમનો ભંગ થાય છે.

પાંચ સમિતિમાં બીજી ભાષાસમિતિ છે. તેનો અર્થ એ છે કે સાધુપુરુષે ખૂબ સાવધાનીથી બોલવું. તેમાં નીચેના આઠ નિયમો પાળવાના હોય છે :

(૧) ક્રોધથી બોલવું નહિ.
(૨) અભિમાનપૂર્વક બોલવું નહિ.
(૩) કપટથી બોલવું નહિ.
(૪) લોભથી બોલવું નહિ.
(૫) હાસ્યથી બોલવું નહિ.
(૬) ભયથી બોલવું નહિ.
(૭) વાક્‌ચાતુરીથી બોલવું નહિ.
(૮) વિકથા કરવી નહિ.

વળી સાધુને માટે એ સ્પષ્ટ આજ્ઞા છે કે તેણે અતિ કઠોર ભાષાનો ઉપયોગ કરવો નહિ. કોઈને બોલાવવા હોય તો મહાનુભાવ, મહાશય, દેવાનુપ્રિય આદિ મધુર શબ્દનો પ્રયોગ કરવો.

પાંચ સમિતિમાં ત્રીજી એષણાસમિતિ છે. તેનો અર્થ એ છે કે સાધુએ આહાર-પાણીની ગવેષણા કરતાં ખૂબ સાવધાની રાખવી. તે માટે ૪૨ દોષો વર્જવાના હોય છે.

સાધુ ક્ષત્રિય, વૈશ્ય, કૃષિકાર, ગોવાળ આદિ અતિ-રસ્કૃત અને અનિંદિત કુળમાં ગોચરી કરે, પણ ચક્રવર્તી, રાજા, ઠાકોર, રાજાના પાશવાન કે રાજાના સંબંધીઓને ત્યાં ગોચરી કરે નહિ. વળી કોઈ ગૃહસ્થનાં દ્વાર બંધ હોય તો ઉઘાડીને અંદર જાય નહિ કે જ્યાં ઘણા ભિક્ષુકો એકઠા થતા હોય ત્યાં પણ જાય નહિ. વર્ષા પડતી હોય, હિમ પડતું હોય, મહાવાયુ ચાલતો હોય કે સૂક્ષ્મ જંતુ ઉડી રહ્યા હોય, ત્યારે પણ સાધુ ગોચરી કરે નહિ, પણ પોતાનાં સ્થાનમાં બેસીને ધર્મધ્યાન તથા તપશ્ચર્યા કરે.

પાંચ સમિતિમાં ચોથી આદાન-નિક્ષેપ-સમિતિ છે. તેનો અર્થ એ છે કે સાધુ કોઈ પણ વસ્તુ લેતાં-મૂકતાં ખૂબ કાળજી રાખે અને જે વસ્તુનો નિત્ય ઉપયોગ હોય તેની વિધિસર પ્રમાર્જના કરે.

પાંચ સમિતિમાં છેલ્લી પારિષ્ઠાપનિકા-સમિતિ છે. તેનો અર્થ એ છે કે સાધુ મલ, મૂત્ર, શ્લેમ, થૂંક, કેશ કે બીજી પરઠવવા યોગ્ય વસ્તુ જીવજંતુરહિત, જ્યાં લીલોતરી

ન હોય એવી ભૂમિમાં, સાવધાનીપૂર્વક પરઠવે. ધર્મરુચિ અણગાર કડવી તુંબડીનું શાક પરઠવવા ગયા, ત્યાં પ્રથમ એક ટીપું નીચે નાખતાં તેની ગંધથી આકર્ષાઈને ઘણી કીડીઓ આવી અને તેમને મરતી જોઈ, એટલે પોતાનું ઉદર નિરવદ્ય સમજીને બધું શાક તેમાં પરઠવી દીધું અને પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.

ત્રણ ગુપ્તિમાં પ્રથમ મનોગુપ્તિ છે. તેનો અર્થ એ છે કે સાધુએ સંરંભ, સમારંભ અને આરંભમાં પોતાનાં મનને પ્રવૃત્ત થવા દેવું નહિ. જે ક્રિયામાં છકાયના જીવોની વિરાધના થતી હોય તેનો સંકલ્પ કરવો એ સંરંભ છે, તેને માટે સાધનો એકઠાં કરવાં એ સમારંભ છે અને પ્રયોગ કરવો એ આરંભ છે. આનો સાર એ છે કે સાધુએ કોઈ પણ હિંસક પ્રવૃત્તિ તરફ પોતાનાં મનને જવા દેવું નહિ.

ત્રણ ગુપ્તિમાં બીજી વચનગુપ્તિ છે. તેનો અર્થ એ છે કે સાધુએ સંરંભ, સમારંભ અને આરંભ માટે બોલવામાં આવતા શબ્દોનો ઉપયોગ રાખવો, એટલે કે કોઈ વચન-પ્રયોગ એવો ન કરવો કે જેથી સંરંભ, સમારંભ કે આરંભને ઉત્તેજન મળે.

ત્રણ ગુપ્તિમાં છેલ્લી કાયગુપ્તિ છે. તેનો અર્થ એ છે કે ઊભા રહેતાં, સૂતાં, બેસતાં પસાર કરતાં તથા પાંચે ઇન્દ્રિયોનો વ્યાપાર કરતાં કાયાને સાવદ્ય યોગમાં પ્રવર્તવા દેવી નહિ.

દશ પ્રકારનો યતિધર્મ

સાધુએ સર્વવિરતિચારિત્રનાં પાલન તથા વિકાસ માટે

દશ પ્રકારનો શ્રમણધર્મ કે યતિધર્મ પાળવાનો હોય છે. તે આ પ્રમાણે :

(૧) ક્ષાંતિ–ક્ષમા રાખવી. ક્રોધ કરવો નહિ.

(૨) માર્દવ–મૃદુતા રાખવી. અભિમાન કરવું નહિ.

(૩) આર્જવ–સરલતા રાખવી. કૂડકપટ કરવું નહિ.

(૪) મુક્તિ–સંતોષ રાખવો. લોભ કરવો નહિ.

(૫) તપ–યથાશક્તિ તપશ્ચર્યા કરવી. ખાસ કરીને ઇચ્છાઓનો નિરોધ કરવો.

(૬) સંયમ–ઇન્દ્રિયો પર પૂરેપૂરો કાબૂ મેળવવો.

(૭) સત્ય–વસ્તુનું યથાસ્થિત કથન કરવું. અસત્ય કહેવું નહિ.

(૮) શૌચ–હૃદય પવિત્ર રાખવું. બધા જીવો સાથે અનુકૂળ વ્યવહાર કરવો.

(૯) અકિંચનતા–પોતાના થકી કંઈ રાખવું નહિ. ફક્કડ રહેવું.

(૧૦) બ્રહ્મચર્ય–બ્રહ્મચર્યનું મન, વચન, કાયાથી સારી રીતે પાલન કરવું.

ષડાવશ્યક

સાધુએ સવાર અને સાંજ ષડાવશ્યકની ક્રિયા એટલે પ્રતિક્રમણ કરવું જરૂરી છે, કારણ કે તેથી વ્રતોનાં પાલનમાં કોઈ દોષ લાગ્યો હોય તો તેની શુદ્ધિ થાય છે અને તે માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત લઈ પાછા નિર્મળ બનાય છે. ષડા-વશ્યકમાં સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ,

કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યક હોય છે. આ આવશ્યકો આત્મશુદ્ધિ માટે ઘણા ઉપકારક છે અને તેથી તેને સર્વ ક્રિયાના સારરૂપ કહ્યા છે.

સર્વવિરતિચારિત્રને ધારણ કરનારની સમજણ તથા ક્રિયા કેવી હોય? તે મૃગાપુત્રની કથા દ્વારા કરીશું.

મૃગાપુત્રની કથા

સુગ્રીવ નામે રમણીય નગર હતું. તેમાં બલભદ્ર નામે રાજા હતો. તેને મૃગાવતી રાણીથી બલશ્રી નામનો એક કુમાર ઉત્પન્ન થયો હતો. પરંતુ લોકોમાં તે મૃગાપુત્ર તરીકે પ્રસિદ્ધ થયો હતો.

મૃગાપુત્ર મનોહર રમણીઓ સાથે પોતાના નંદન નામના મહેલમાં આનંદપૂર્વક ક્રીડા કરતો હતો. એક વખત તે મહેલના ગોખમાં બેસીને નગરનું નિરીક્ષણ કરી રહ્યો હતો, ત્યાં શાન્ત, દાન્ત અને નિરારંભી એવા એક સાધુપુરુષ તેના જોવામાં આવ્યા. તે ધારી ધારીને એમને જોવા લાગ્યો અને આંખનું એક પણ મટકું માર્યા વિના તેમની સામે તાકી રહ્યો. તેમ કરતાં તેને એવો અધ્યવસાય થયો કે 'આવું સ્વરૂપ મેં પહેલાં કયાંક જોયું છે.' અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આ જ્ઞાનને લીધે તેણે પોતાના પૂર્વભવો જોયા અને તેમાં આદરેલું સાધુપણું યાદ આવ્યું. તેથી ચારિત્ર પ્રત્યે પ્રેમ થયો અને વિષયો પ્રત્યે વૈરાગ્ય ઉદ્ભવ્યો.

પછી તેણે માતાપિતાની પાસે આવીને કહ્યું કે 'હે

માતાપિતા! પૂર્વકાળમાં મેં પાંચ મહાવ્રતરૂપ સંયમધર્મ પાળેલો તેનું સ્મરણ થયું છે અને તેથી હું નરક, તિર્યંચ આદિ ગતિનાં અનેક દુઃખોથી ભરેલા સંસારસમુદ્રમાંથી નિવૃત્ત થવાને ઇચ્છું છું, માટે મને આજ્ઞા આપો. હું સર્વવિરતિચારિત્રની દીક્ષા ગ્રહણ કરીશ.

હે માતાપિતા! કિંપાકફળની પેઠે નિરંતર કડવાં ફળ દેનારા અને એકાંત દુઃખની પરંપરાથી જ વીંટળાયેલા એવા ભોગો મેં ખૂબ ભોગવી લીધા છે. વળી આ શરીર અશુચિથી ઉત્પન્ન થયેલું હોઇ અપવિત્ર છે, તેમજ અનેક કષ્ટોનું કારણ અને ક્ષણભંગુર છે, તેથી તેમાં આસક્તિ રહી નથી. અહો! આખો સંસાર દુઃખમય છે અને તેમાં રહેલાં પ્રાણીઓ જન્મ-જરા-રોગ-મરણનાં દુઃખોથી પીલાઈ રહ્યાં છે!

હે માતાપિતા! ઘર બળતું હોય, ત્યારે તેનો માલીક અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુમૂલ્ય વાળી વસ્તુઓ જ કાઢી લે છે, તેમ આ આખો લોક જરા અને મરણથી બળી રહ્યો છે. આપ મને આજ્ઞા આપો તો તેમાંથી તુચ્છ એવા કામભોગોને ત્યજી, કેવળ મારા આત્માને જ ઉગારી લઉં.'

તરુણ પુત્રની આ વાત સાંભળી માતાપિતાએ કહ્યું: 'હે પુત્ર! સાધુપણું ઘણું કઠિન છે. સાધુપુરુષને જીવનપર્યંત પ્રાણી માત્ર પર સમભાવ રાખવો પડે છે, શત્રુ અને મિત્ર બંનેને સમાન દૃષ્ટિએ જોવાના હોય છે. વળી હાલતાં, ચાલતાં, ખાતાં, એમ પ્રત્યેક ક્રિયામાં થતી સૂક્ષ્મ હિંસાથી વિરમવું પડે છે. આ સ્થિતિ ખરેખર ઘણી દુર્લભ છે.

સાધુને જીવનપર્યંત ભૂલેચૂકે પણ અસત્ય બોલવાનું હોતું નથી. સતત સાવધાન રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ ઘણું કઠિન છે.

સાધુને દાંત ખોતરવાની સળી પણ રાજીખુશીથી દીધા વિના લઈ શકાતી નથી. તેવી રીતે દોષરહિત ભિક્ષા મેળવવી, એ પણ અતિ કઠિન છે.

કામભોગોના રસને જાણનારાએ મૈથુનથી સાવ વિરકત રહેવું, એ કંઈ સામાન્ય વાત નથી. વળી સાધુપુરુષે ધન, ધાન્ય, દાસદાસાદિ કોઈ પણ વસ્તુઓનો ત્યાગ કરી મમતા-રહિત થવું, એ પણ અતિ દુષ્કર છે.

સાધુથી રાત્રે કોઈપણ પ્રકારનું ભોજન કરી શકાતું નથી.

હે પુત્ર! તું સુકોમળ છે અને ભોગમાં ડૂબેલો છે, તેથી સાધુપણું પાળવાને સમર્થ નથી. વેળુનો કોળિયો જેટલો નીરસ છે, તેટલો જ સંયમ નીરસ છે. તરવારની ધાર પર ચાલવાનું જેટલું કઠિન છે, તેટલું જ તપશ્ચર્યાના માર્ગમાં પ્રયાણ કરવાનું કઠિન છે. માટે હાલ તો ભોગ ભોગવ અને પછી ચારિત્રધર્મને ખુશીથી સ્વીકારજે.'

માતાપિતાનાં આવાં વચનો સાંભળીને મૃગાપુત્રે કહ્યું: 'હે માતાપિતા! આપનું કહેવું સત્ય છે, પણ નિસ્પૃહીને આ લોકમાં કંઈ અશકય નથી. વળી આ સંસારચક્રમાં દુઃખ અને ભય ઉપજાવનારી શારીરિક અને માનસિક વેદ-નાઓ હું અનન્ત વાર સહન કરી ચૂકયો છું, માટે મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો.'

આ સાંભળીને માતાપિતાએ કહ્યું: 'હે પુત્ર! તારી

ઇચ્છા હોય તો ભલે દીક્ષા લે, પરન્તુ ચારિત્રધર્મમાં દુઃખ પડયે એની પ્રતિક્રિયા થઇ શકશે નહિ, અર્થાત્ તેને હઠા-વવાનો ઉપાય કરી શકાશે નહિ.'

મૃગાપુત્રે કહ્યું: 'આપનું કહેવું સત્ય છે, પણ જંગલમાં પશુપક્ષીઓ વિચરતા હોય છે, તેને કંઇપણ રોગ-આતંક આવતાં તેની પ્રતિક્રિયા કોણ કરે છે? જેમ જંગલમાં મૃગ એકલો સુખેથી વિહાર કરે છે, તેમ સંયમ અને તપશ્ચર્યા વડે હું એકાકી ચારિત્રધર્મમાં સુખપૂર્વક વિચરીશ.'

આ પ્રમાણે દૃઢ વૈરાગ્ય જોઈ માતાપિતાનાં હૃદય પીગળી ગયાં અને તેમણે કહ્યું: 'હે પુત્ર! તને જેમ સુખ ઉપજે તેમ કર.'

માતાપિતાની અનુજ્ઞા મળતાં મહાન હાથી જેમ બન્ધનને ભેદી નાખે, તેમ તેણે સર્વ મમત્વને ભેદી નાખ્યું અને સમૃદ્ધિ, ધન, મિત્રો, સ્ત્રી, પુત્રો અને સ્વજનોનો ત્યાગ કર્યો.

હવે મૃગાપુત્ર મુનિ પાંચ મહાવ્રતો, પાંસ સમિતિ અને ત્રણ ગુપ્તિ યુક્ત બનીને બાહ્ય તથા અભ્યંતર તપશ્ચર્યામાં ઉદ્યમવંત થયા તથા મમતા, અહંકાર અને આસક્તિને છોડીને સમભાવે રહેવા લાગ્યા, પછી ધ્યાનનાં બળથી કષાયોનો નાશ કરીને પ્રશસ્ત શાસનમાં સ્થિર થયા.

આ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરી, ઘણાં વર્ષો સુધી ચારિત્ર પાળી, પ્રાંતે એક માસનું અણસણ કરીને શ્રેષ્ઠ સિદ્ધિગતિ પામ્યા.

તાત્પર્ય કે આત્મા વૈરાગ્યથી પૂરેપૂરો રંગાયેલો હોય અને મહાવ્રતોનું ધારણ કર્યા પછી તેનું યથાર્થ પાલન કરે, તેમ જ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને દશવિધ યતિધર્મને અનુસરે, તેનું સાધુપણું સાર્થક છે અને તેજ આખરે આ સંસારસમુદ્રનો પાર પામી શકે છે.

ઉપસંહાર

મહાનુભાવો ! અહીં આત્મા, કર્મ અને ધર્મ આ ત્રણે વિષયોની વ્યાખ્યાનમાળા પૂર્ણ થાય છે. આ ત્રણે વિષયો ઘણા અગત્યના છે અને તે જાણવા–સમજવાની આસ જરૂર હતી તેથી અમે આ વ્યાખ્યાનમાળામાં તેની સંક્ષેપથી છણાવટ કરી છે.

જેણે ધર્મની શુદ્ધ મને આરાધના કરી, તે અનંત સુખ પામ્યા. તમે પણ ધર્મની આરાધના વડે અનંત સુખ પામો.

सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥

બીજો ભાગ–સંપૂર્ણ